ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૦

શુક્રવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૯
ફાલ્ગુન ૧, ૧૯૩૦ શાકે

થી

બુધવાર, તા : ૨૫મી ફેબ્રુઆરી , ૨૦૦૯
ફાલ્ગુન ૬, ૧૯૩૦ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**ત્રીજું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક મ ણિ કા




| વિષય | પાના નંબર |
|---|---|
| **શુક્રવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૯ / ફાલ્ગુન ૧, ૧૯૩૦ શાકે** | |
| વિરોધપક્ષના સભ્યશ્રીઓનું સસ્પૅન્શન રદ કરવા અંગે | ૧ - ૧ |
| તારાંકિત પ્રશ્નો | ૨ - ૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪ - ૭૩ |
| મહેસૂલ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ- ૪૪) | ૭૪ - ૭૪ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૭૫ - ૧૦૨ |
| **મંગળવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૯ / ફાલ્ગુન ૫, ૧૯૩૦ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૦૩ - ૧૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૩ - ૧૮૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૮૯ - ૧૮૯ |
| મુખ્યમંત્રીશ્રીનું નિવેદન | ૧૯૦ - ૧૯૩ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૧૯૪ - ૨૨૧ |
| **બુધવાર, તા : ૨૫મી ફેબ્રુઆરી , ૨૦૦૯ / ફાલ્ગુન ૬, ૧૯૩૦ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૨૨ - ૨૩૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૩ - ૪૯૩ |
| શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ- ૪૪) | ૪૯૪ - ૪૯૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૯૫ - ૪૯૭ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૪૯૮ - ૪૯૮ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૪૯૯ - ૫૨૫ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**ફાલ્ગુન ૧, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# વિરોધપક્ષના સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : ૧૨મી ગુજરાત વિધાનસભાની શરૂઆતથી જ આપણે ઉચ્ચતમ સંસદીય પ્રણાલિકાઓ શરૂ કરી હતી. ત્રીજા સત્રના પ્રથમ દિવસે જે ઘટનાઓ બની તે સંબંધમાં ગઈ કાલે વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે એક બેઠક થઈ હતી. તે અંગે માનનીય શકિતસિંહજી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા માટે આ વિધાનસભા ગૃહ સન્માનનીય રહ્યું છે. ભૂતકાળની પણ એ પરંપરાઓ રહી છે કે જ્યારે પણ ડેડલોક સર્જાયો છે, સંવાદ થયો છે અને સંવાદના અંતે લોકશાહી પરંપરાની રીતે આ ગૃહ આગળ ચાલ્યું છે. આપની મધ્યસ્થીથી ગઈ કાલે સંવાદ થયો તેને હું આવકારું છું. માનનીય નેક નામદાર રાજયપાલશ્રી અમારા અને આપણા સૌના માટે આદરણીય છે. પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવાની બાબતથી પણ તેમના માન-સન્માનને હાનિ થાય તે અમને પણ ઉચિત ન લાગે અને એ અમારા પક્ષે પણ વ્યાજબી નથી. ગઈ કાલે જે આપણો સંવાદ સર્જાયો અને બન્ને પક્ષે સંવાદના અંતે જે ચર્ચાઓ થઈ છે તેને અનુરૂપ હું માનનીય અધ્યક્ષશ્રી, એ પણ આ સભાગૃહમાં ખાતરી આપવા માગું છું કે સરકાર પક્ષે અને અમારા પક્ષે બન્ને પક્ષે મોટા ભાઈ અને નાના ભાઈ જેવી જવાબદારી પ્રજાકીય પ્રશ્નો માટે રહેલી છે. ક્યારેક પ્રજાકીય પ્રશ્નોમાં અમારા તરફથી રજૂઆત થાય તો પણ સામેથી મોટું મન રખાય એવી જે કાલની સારી બાબત અને અમારા તરફથી પણ એ પ્રયત્ન થાય અને આપની મધ્યસ્થી તેમાં બની રહે એ આવકારદાયક રહેવાનું. ભૂતકાળની જે પરંપરાઓ છે એ પણ એ જ રહી છે. ત્યારે હું માનનીય રાજયપાલશ્રીના પ્રવચન વખતે માનનીય રાજયપાલશ્રીની પ્રતિભામાં કંઈ પણ, સ્હેજ દાગ લાગે એવું થયું હોય તો તેના માટે મારા પક્ષ વતી અને અંગત રીતે દિલગીરી વ્યક્ત કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કાલે આપની ચેમ્બરમાં બન્ને પક્ષોના પ્રતિનિધિઓ વચ્ચે જે મિટિંગ થઈ અને તેમાં બન્ને પક્ષ તરફથી એવી ભાવના વ્યક્ત થઈ કે ગૃહની શોભા તેમાં છે કે તે બન્ને બાજુથી ભરેલું હોય અને બન્ને પક્ષ તરફથી વિધાનસભાના નિયમો અને બંધારણની મર્યાદામાં પ્રજાના પ્રશ્નોને વાચા મળે અને તેના માટે જે વાત નક્કી થઈ તે મુજબ વિપક્ષે પણ દિલસોજી વ્યક્ત કરવાની સંમતિ આપી, દિલસોજી વ્યક્ત કરી પણ ખરી અને માનનીય રાજયપાલશ્રીની ગરિમા, સમગ્ર ગૃહ સાથે રહીને જાળવે તે માટે સહિયારા પ્રયત્નોની પણ વાત થઈ તે વાત અમે પણ સ્વીકારીએ છીએ અને હવે હું તા. ૧૮-૨-૦૯ના રોજ ગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરેલા વિરોધપક્ષના ૧૬ સભ્યોનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે એવો પ્રસ્તાવ ગૃહ સમક્ષ મૂકું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**
**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

# તારાંકિત પ્રશ્નો

## ઈ-ગ્રામ યોજનામાં સર્વિસ સેન્ટરોની કનેકિટવિટી

***૪૯૨૪ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૨૭-૯-૨૦૦૯ની સ્થિતિએ ઈ-ગ્રામ યોજના અંતર્ગત રાજયમાં કેટલા સર્વિસ સેન્ટરોની કનેકટીવીટી કરવામાં આવી છે,

(૨) કેટલા સેન્ટરો બાકી છે, અને

(૩) આ યોજનાથી વિભાગને અને લોકોને શું લાભ થશે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) કુલ ૧૩,૪૯૦ સર્વિસ સેન્ટર્સને કનેકટીવીટી અપાઈ છે.

(૨) ૨૦૩.

(૩) (૧) વિભાગને વહીવટી રીતે કામગીરીમાં ઝડપ, ગામ સાથે સીધો સંપર્ક, સમય-નાણાનો બચાવ, સરકારી યોજનાઓનું સીધું માર્ગદર્શન અને કુદરતી આપત્તિ સમયે સીધો સંપર્ક બચાવ માટે ઉપયોગી થશે.

(૨) ગ્રામ્ય લોકોને જરૂરી પ્રમાણપત્ર, જમીન મહેસૂલના ઉતારા, ખેત ઉત્પાદનના ભાવ શૈક્ષણિક સુવિધા, અરજી પત્રોની ઉપલબ્ધિ વગેરે ઑન લાઈન મળી શકશે. વીજળીના બિલ ગામમાં ભરવાની સુવિધા, સ્વજનો સાથે ઈ-મેઈલ સંપર્ક, રાજયની કોઈ પણ ગ્રામ પંચાયત સાથે VoIP ની મદદથી વિના મૂલ્યે વાતચીત થઈ શકશે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું સૌ પ્રથમ તો ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે બ્રોડબેન્ડ કનેકટીવીટી ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામનું લોન્ચીંગ હરિપુરા ખાતે કર્યું અને ગુજરાતના આશરે ૧૩,૪૯૦ ગામોને ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામથી કનેકટેડ કર્યા તે માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ માટે માનનીય નરોત્તમભાઈ આ વિભાગના મંત્રીશ્રી છે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે, શિક્ષણ, આરોગ્ય અને ખેતી ક્ષેત્રે ગ્રામજનોને આ પ્રોજેકટથી શું ફાયદો થશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ખૂબ આનંદ થાય છે કે, ઈ-ગ્રામ વિશ્વ ગ્રામની યોજના આખા દેશમાંથી ફક્ત ગુજરાત રાજયમાં જ પ્રથમવાર અમલીકરણ થઈ છે અને એને પૂર્ણ રીતે અમલીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું છે કે, શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રે આનાથી શું ફાયદો થશે?

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મોટા શહેરોના બાળકોને શિક્ષણ ક્ષેત્રે મળતું તજજ્ઞોનું માર્ગદર્શન અને શિક્ષણનો લાભ ગ્રામ કક્ષાના બાળકોને મળશે. મને આનંદ થાય છે કે, આજે જ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી થોડા સમય બાદ લગભગ અગિયાર વાગ્યે રાષ્ટ્ર ઘડતરના પાયામાં મહત્ત્વના પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણ વિષયક આધુનિક સવલતો ધરાવતી રાજયના શ્રેષ્ઠ વિજ્ઞાન વિષયના શિક્ષકોની તાલીમનો શુભારંભ થવાનો છે. પ્રાથમિક શાળાના તમામ વર્ગના બાળકોને ટેલી શિક્ષણ આપવાનું આયોજન પણ ઈ-ગ્રામ માધ્યમથી આપવાનું છે. જેના ભાગરૂપે પ્રથમ ધોરણનો આજે શુભારંભ થશે. દેશની, આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ ધરાવતી હૉસ્પિટલોની માહિતી ગ્રામ કક્ષાએ ઉપલબ્ધ થશે. તેમજ જે તે રોગના નિષ્ણાત ડૉકટરોના ફોન નંબર, સરનામા પણ હશે. ખાનગી અને સરકારી એમ્બ્યુલન્સોના ફોન નંબરો પણ હશે. કૅન્સર, એઈડસ્, ડાયાબીટીસ, હૃદયરોગ જેવા ગંભીર રોગોનું ગ્રામ કક્ષાએ જ યોગ્ય નિદાન થાય અને સવલતો સરળતાથી મળી શકશે. જગતનો તાત ગણાતા ખેડૂતોને કૃષિ વિષયક પ્રશ્નોથી અવગત કરવા ઈ સેવાનો ઉપયોગ કરવામાં આવશે. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા કૃષિ વિષયક માર્ગદર્શન પણ એમને પૂરું પાડવામાં આવશે. ખેડૂતો ગામમાં બેસીને વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલા કૃષિ વૈજ્ઞાનિક સાથે પોતાના પ્રશ્નોનો ટેલી સંવાદ કરી માહિતી મેળવી શકશે. પશુ પાલકો પશુ વ્યવસાય અને ડેરી ઉદ્યોગ અને પશુ ચિકિત્સા અંગેની સેવાઓ મેળવી શકશે. આ વ્યવસ્થાથી ખેડૂતો ૭/૧૨, ૮-અ જેવા સર્ટિફિકેટ ગામની અંદર મેળવી શકશે. શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રની તમામ સુવિધાઓ આ માધ્યમથી ઈ-ગ્રામ વિકાસથી મેળવી શકાશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ માટે કેન્દ્ર સરકારના મોટા નાણાં સાથે એમના ફાળા સાથે આ યોજના શરૂ થઈ છે. મારો તો સવાલ એ છે કે, મંત્રીશ્રીઓના નિવાસસ્થાન અને વિધાનસભા સચિવાલય સુધી ઈ-ગ્રામ જીસ્વાન મારફતે કનૅક્શન આપવામાં આવેલ છે. મારે ત્યાં પણ અને અહીંયાં પણ કોઈપણ સાઈટ ખોલવી હોય તો એકસેસ કરવા જઈએ તો ચાલતું નથી અને જ્યારે એમને પૂછવામાં આવે છે ત્યારે એમ કહેવામાં આવે છે કે, જીસ્વાન મારફત ઈ-ગ્રામ બૅન્ડ વિથ ઓછી પડે છે અને વધારી શકાય તેમ નથી. અમારા ત્યાં ગ્રામ વિસ્તારમાં અને બીજા વિસ્તારોમાં મેં પ્રયત્ન કર્યો છે. આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ એમના વિસ્તારમાં જુએ તો સર્ચ એન્જિન પણ કામ ન કરી શકે એટલી ઓછી બૅન્ડ વિથ છે. ઈ-ગ્રામને ઈશ્વર ઇચ્છે તો મળે. ગામડામાં કનેકટીવીટી વધે એના માટે રાજય સરકાર કાંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાતનું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરું. ઈ-ગ્રામ અને જીસ્વાન કાર્યક્રમ છે એ અલગ પ્રકારના કાર્યક્રમ છે. એની બૅન્ડ વિથ અલગ કરવાના છીએ. જીસ્વાનની આખી કનેકટીવીટી ગ્રામીણ વિસ્તારમાં આપવાના છે. એનાથી વિવિધ વિભાગોને ગામડાઓ સાથે જોડવાના છીએ. જીસ્વાન અને ઈ-ગ્રામ આ બન્નેને ડાયરૅક્ટ સીધે સીધા જોડવાનો કોઈ અર્થ નથી. આટલો મોટો કાર્યક્રમ જયારે ગુજરાતમાં લૉન્ચીંગ થયો હરીપુરા ખાતે જયારે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આનું લોંચીંગ કર્યુ એકી સાથે ૧૩ હજાર કરતાં વધુ ગામડાઓની કનેકટીવીટી આપવાની જયારે શરૂ આત કરી, બ્રોડબેન્ડ કનેકટીવીટી આપવાનો જયારે આટલો મોટો પ્રયોગ થાય ત્યારે એની અંદર કોઈ જગ્યાએ કોમ્પ્યુટરોમાં વીજયુઅલ ન દેખાય એનો અર્થ એવો નથી કે આ સ્કીમ અને આ યોજના કોઈ જગ્યાએ નિષ્ફળ જવાની છે.

**અધ્યક્ષશ્રી** : કનેકટીવીટીમાં જે ક્ષતિ છે એની કેપેસીટી વધારવી છે કે નહીં એટલું જ કહે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જી, હા હું આપને કહું કે માનનીય અધ્યક્ષશ્રી, બ્રોડબેન્ડ કનેકટીવીટી એ એકી સાથે તમામ કોમ્પ્યુટરો એક સાથે ૧૩હજાર કોમ્પ્યુટરો કામ કરતા હોય એવું કોઈ દુનિયામાં આવું શકય નથી પરંતુ ૮ ટકા, ૧૦ ટકાથી ૩૦ ટકા સુધી એકી સાથે કોમ્પ્યુટરો કામ કરે આ એકી સાથે જયારે લોંચીંગ કર્યુ ત્યારે એ આપણને જોવા મળ્યું છે કે થોડાક કોમ્પ્યુટરો કામ નથી કરતા. એ વાત પણ ગૃહના ધ્યાને મૂકવા માગુ છું કે આ ૨૦૦૩થી અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ કોમ્પ્યુટરો દ્વારા ગામડાઓમાં સેવા આપવાની વ્યવસ્થા

ગોઠવતા હતા એ વખતે જે જૂના વખતના કોમ્પ્યુટરો હતા, જે આઉટડેટેડ થઈ ગયા હતા એની અંદર દેખાતી ક્ષતિઓને સુધારવાની કાર્યવાહી પણ વિભાગે હાથમાં લીધી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ વિશ્વગ્રામના માધ્યમથી ઈન્ફર્મેશન ટેકનોલોજીના યુગમાં ગામડાના માણસને પણ જોડવાના આ સરાહનીય પ્રયાસ બદલ હું રાજય સરકારને હૃદયપૂર્વકના હાર્દિક અભિનંદન આપુ છું. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે આ ઈ-ગ્રામ ગ્રામિણ સ્તરે આપણે વ્યવસ્થા ઉભી કરવાથી શું કોઈ રોજગારીની તકો આપણે ઉભી કરીશું? એક અને બીજું કે રાજય સરકારની અનેકવિધ યોજનામાં અરજદારોએ એના ફોર્મ લેવા માટે તાલુકા મથકે કે જિલ્લા મથકે જવું પડે છે તો શું ઈ-ગ્રામના માધ્યમથી આ પ્રમાણેના ફોર્મ્સ અરજદારને તે જ સ્થાનથી ઉપલબ્ધ થાય એવી કોઈ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો વેગ વધતો જાય છે. એટલી માગણી પણ વધતી જાય છે. માનનીય પ્રદિપસિંહભાઈનું ધ્યાન દોરું કે આ ગ્રામપંચાયત દીઠ જે આખી આ રોજગારની બાબત છે એમાં ગ્રામપંચાયત દીઠ આવક વહેચણીના ધોરણે ગામમાં જ રોજી ઉત્પન્ન થવાની છે. ગામના યુવાવર્ગને ઈ-ગ્રામપંચાયતની કામગીરી માટે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક તરીકે મૂકવામાં આવ્યા છે. વી.સી. એટલે ૧૩હજાર કરતાં વધારે ગામડામાં વી.સી. મૂકયા છે એટલે ૧૩ હજાર યુવાનોને ગામમાં રોજગારી મળવાની છે. દરેક તાલુકા જિલ્લા કક્ષાએ ટેકનિકલ મેનપાવર સપોર્ટ પૂરો પાડવામાં આવેલ છે. જિલ્લા પંચાયતો ખાતે એક એક આસીસ્ટ પ્રોગ્રામર અને
જિલ્લા અને તાલુકા કક્ષાએ એક એક ડેટા એન્ટ્રી ઓપરેટરની રોજગારી પણ પૂરી પાડવામાં આવશે. અન્ય કાર્યક્રમો દ્વારા પણ આની અંદર રોજગારી મેળવવા માટા લોકોને શકયતાઓ ઉભી થશે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ જે યોજના ઈ-ગ્રામની ગ્રામ્ય લેવલ પર સરકારે મૂકી છે એમાં આ યોજના હેઠળ જે ઈમેલ અને જીસ્વાનની જે સુવિધા ઉપલબ્ધ કરી છે એ સુવિધા ટોટલ એને ઓપરેટ નથી થતી અને અત્યાર સુધી જે સુવિધા ઉપલબ્ધ છે એમાં સ્પીડની પણ સુવિધા નથી તો આના માટે સરકાર કંઈ ખાસ સુવિધા કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ વિશ્વગ્રામનો હેતુ જે છે કે ઈમેલ અને બીજી બધી બાકી સર્વિસીસ ગ્રામપંચાયત દ્વારા આપી શકાય તે લક્ષ્ય છે.

**ધારી ગ્રામ પંચાયતને જકાત નાબુદીની ગ્રાન્ટ આપવા બાબત**

*** ૪૮૭૭ શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકારે સન ૨૦૦૧માં જકાત નાબુદ કરવામાં આવેલ ત્યારે ધારી ગ્રામ પંચાયતને જકાત અવેજની કેટલી ગ્રાન્ટ આપવાનું નકકી કરવામાં આવેલ

(૨) જે ગ્રાન્ટ નકકી કરવામાં આવેલ તેમાં દર વર્ષે કેટલા ટકા વધારો આપવાનું ઠરાવવામાં આવેલ હતું,

(૩) દર વર્ષે વધારો આપવાનો જે હુકમ થયેલ તેવો કોઈ વધારો આજ સુધીમાં ચૂકવવામાં આવેલ છે કે કેમ,

(૪) જો હા, તો કેટલી રકમ કયા વર્ષમાં કેટલા ટકા વધારા સાથે ફાળવવામાં આવેલ છે, અને

(૫) જો ના, તો કયા કારણોસર ફાળવવામાં આવેલ નથી?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ આવક આધારે માસિક રુ. ૪,૦૪,૬૯૬/- ની ગ્રાન્ટ આપવાનું નકકી કરવામાં આવેલ.

(૨) જકાત નાબૂદ થઈ ત્યારે દર વર્ષે વધારો આપવાના કોઈ સ્થાયી હુકમ થયેલ ન હતા. જો કે સરકારના તા:૨૧-૩-૦૭ના ઠરાવ ક્ર: નપફ-૨૦૦૪-૧૩૭૨-ચ થી વર્ષ ૨૦૦૪-૦૫ માટે ૩.૫ ટકા વર્ષ ૨૦૦૫-૦૬ માટે ૩.૫ ટકા તથા વર્ષ ૨૦૦૬-૦૭ માટે ૭ ટકા વાર્ષિક વધારો ચૂકવવાનો ઠરાવવામાં આવેલ હતું.

(૩) હા, જી.

(૧) નીચે મુજબ વધારો ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | વધારો ટકામાં | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૩.૫ | ૧,૬૯,૯૪૫/- |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૩.૫ | ૧,૬૯,૯૪૫/- |
| ૩ | ૨૦૦૬-૦૭ | ૭.૦ | ૩,૩૯,૮૯૦/- |
| | કુલ | | ૬,૭૯,૭૮૦/- |

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારે જકાત નાબૂદી કર્યા પછી જી.આર. કર્યો છે અને આ જી.આર. શું છે અને વર્ષ ૨૦૦૦ની સ્થિતિએ જે વસ્તી ધારી ગ્રામપંચાયતની હતી એમાં હાલના સમયે વધારો થયેલ છે આથી રાજય સરકાર આ જકાતના અવેજમાં મળતી ગ્રાન્ટમાં વધારો કરવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે ધારી ગ્રામપંચાયત હોવાના કારણે ધારી શહેરનો વિકાસ થયેલ નથી. અવેજમાં પણ ગ્રાન્ટ આપવા સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૧ની સ્થિતિએ પંચાયતોની અંદર ઓકટ્રોય જે લેવામાં આવતી હતી એને નાબૂદ કરવાનો વિચાર કર્યો હતો અને ૨૦૦૧ વખતે જકાત નાબૂદી વળતર રૂપે ગ્રામ પંચાયતોને રાજ્ય સરકારે અનુદાન આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. જ્યારે આ ઓકટ્રોય નાબૂદ કરી ત્યારે સરકારે એવો નિર્ણય કર્યો હતો કે પાછલા ત્રણ વર્ષની એવરેજ જે આવક હશે એટલી સરેરાશ આવક એને આપવામાં આવશે. એ પ્રમાણે દરેક ગામડાઓને જ્યાં ઓકટ્રોય નાકા હતા ત્યાં એ પ્રમાણે ઓકટ્રોય વળતર આપવામાં આવ્યું. પરંતુ તબક્કાવાર જ્યારે એવરેજ આપતા હતા ત્યારે લોકોની માગણી હતી કે એમને પણ ઉત્તરોત્તર વધારો મળવો જોઈએ. એ વખતે એક જી.આર. કરવામાં આવ્યો. તા. ૨૧-૩-૨૦૦૭ના રોજ લોકોની માગણીના આધારે સરકારે એક નવો જી.આર. કર્યો અને એમાં એવો ફેરફાર કર્યો કે ભૂતકાળમાં જે ઓકટ્રોયની રકમ આપવામાં આવતી હતી તે રકમ વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ૩.૫ ટકાનો પાછલી અસરથી વધારો કર્યો અને વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૭ ટકાનો વધારો આપવાનો નિર્ણય કર્યો અને આના કારણે જે ગ્રામ પંચાયતોને ઓકટ્રોય મળવાપાત્ર હતી એમાં વધારો પણ એમણે ચૂકવી દેવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીની માગણી એવી છે કે એમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને વિકાસ થતો જાય છે તો એમાં સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ? સરકારે ૭ ટકા સુધીનો વધારો કર્યો છે અને એ પણ ૨૦૦૬-૦૭ના વર્ષમાં જાહેર કર્યો છે એ પછી ફેર વિચારણા કરવામાં આવી છે અને એમની માગણીને સૂચન તરીકે લઈને ફેર વિચારણા કરીશું ત્યારે એમની માગણીને એમાં મૂકવામાં આવશે.

## ઈ-ગ્રામ યોજનામાં સર્વિસ સેન્ટરોની કનેકટીવીટી

* ૫૦૩૭ **પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ઈ-ગ્રામ યોજના અંતર્ગત રાજ્યમાં સર્વિસ સેન્ટરોની કનેકટીવીટી કરવામાં આવી છે,

(૨) કેટલા સેન્ટરો બાકી છે, અને

(૩) આ યોજનાથી વિભાગને અને લોકોને શું ફાયદો થશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ૨૫૧.

(૩) (૧) વિભાગને વહીવટી રીતે કામગીરીમાં ઝડપ, ગામ સાથે સીધો સંપર્ક, સમય-નાણાનો બચાવ, સરકારી યોજનાઓનું સીધું માર્ગદર્શન અને કુદરતી આપત્તિ સમયે બચાવ માટે સીધો સંપર્ક કરવાનું ઉપયોગી થશે.

(૨) ગ્રામ્ય લોકોને જરૂરી પ્રમાણપત્ર, જમીન મહેસુલના ઉતારા, ખેત ઉત્પાદનના ભાવ, શૈક્ષણિક સુવિધા, અરજી પત્રોની ઉપલબ્ધી વગેરે ઓન લાઈન મળી શકશે. વીજળીના બીલ ગામમાં ભરવાની સુવિધા, સ્વજનો સાથે ઈ-મેઈલ સંપર્ક, રાજ્યની કોઈપણ ગ્રામ પંચાયત સાથે VoIP ની મદદથી વિના મૂલ્યે વાતચીત થઈ શકશે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના સ્વર્ણિમ ગુજરાતના લક્ષનું મહત્ત્વનું પાસું ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામ બન્યું છે ત્યારે હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યમાં ૧૩૪૯૦ સર્વિસ સેન્ટરોની કનેકટીવીટી કરવામાં આવી છે ત્યારે આ ઈ-ગ્રામ ચલાવવાનું માળખું કયા પ્રકારનું છે? આ યોજનાના સફળતાપૂર્વકના અમલીકરણ માટે કોઈ ખાસ તાલીમ આપવામાં આવે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ પ્રોજેકટ ચલાવવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને એમનો પ્રશ્ન બહુ ઉચિત છે. માનનીય સભ્યશ્રીની ચિંતા એ છે કે પ્રોજેકટનું કોઈ માળખું ગોઠવાયેલું છે કે નહીં? મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની રચના આ ગુજરાત સરકારમાં થયેલ છે. આ પ્રોજેક્ટનો સફળતાપૂર્વક અમલ કરવા માટે ૫૮૮ ટેકનીકલ વ્યક્તિઓના મેનપાવરનો સપોર્ટ ઈ-ગ્રામ પ્રોજેક્ટ મારફતે પૂરો પાડવામાં આવ્યો છે. આની સફળતા માટે, ઈ-ગ્રામના સફળ સંચાલન માટે તલાટી-કમ-મંત્રીઓના સહાયક તરીકે ગામમાં ખાનગી વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર્સ એને તાલીમ આપવામાં આવી છે. જેટલા તલાટીઓ ગુજરાતમાં છે એમાં ૭૮૯૭ તલાટી-કમ-મંત્રીઓને આ પ્રોજેક્ટની તાલીમ આપવામાં આવી છે. તમામ ગામમાં કોમ્પ્યુટર સહાયકને, ગ્રામ મિત્રને તાલુકા કક્ષાએ કોમ્પ્યુટર વિષયક તાલીમ પૂરી પાડવામાં આવી છે. પંચાયતી રાજના ચૂંટાયેલા સદસ્યોને ઈ-ગવર્નન્સ કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામ હેઠળ તાલીમ આપવામાં આવે છે. આ રીતે ઈ-ગ્રામ પ્રોજેક્ટને ચલાવવા માટે શક્ય એટલી તાલીમ આપવામાં આવી રહી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બે બાબતો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. એક તો માનનીય મંત્રીશ્રીએ આ જ પ્રકારના પ્રશ્નમાં અગાઉ કહ્યું કે જીસ્વાન સાથે આને કોઈ લેવાદેવા નથી. તો પછી આને નેટ કનેકટીવીટી કોના માધ્યમથી ઈ-ગ્રામ માટે જોડેલ છે અને બીજું કે ૭/૧૨ અને ૮-અ દાખલાઓ ગ્રામ પંચાયતમાં મળતા હતા એમાં સરકારે જાહેરાત કરી છે કે ગ્રામ કક્ષાએ મળશે. આ કાર્યક્રમની શરૂઆતમાં ગામમાં જ ગામનો ૭/૧૨ અને ૮-અ ભૂતકાળની જેમ મળી શકે એ માટે આ કાર્યક્રમ ક્યારે ઉપયોગમાં આવી શકશે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ**: ગ્રામ્ય વિસ્તારોમાં છેક ગામ સુધી નેટવર્ક લાવવા માટે જી-શ્વાનની મદદ જરૂર લેવામાં આવે કારણ કે જી-શ્વાન એક (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારું એટલું જ કહેવાનું હતું કે connectivity જી-શ્વાન મારફતે જ છે. આપે કહ્યું કે જી-શ્વાન મારફત નથી એટલે મને eagerness થઈ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : નોટ-શો પણ જી-શ્વાન છે એટલે ઈ-ગ્રામ એ બંનેને જોડીને (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ઈ-ગામની connectivity (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જી-શ્વાન છે, એટલે ઈ-ગ્રામ છે. એ ટોટલી ગુજરાત સરકારનો કાર્યક્રમ છે. ઈ-ગ્રામ સી.એચ.સી. સેન્ટર આ બધું જોડાણ કરીને ઘણી વખતે માધ્યમો દ્વારા ગૂંચવણ કરવાનો પ્રયત્ન કરાય છે પણ અમારામાં કોઈ ગૂંચવણ નથી. જી-શ્વાન નેટવર્કનો ઉપયોગ કરીને ગ્રામીણ વિસ્તારને, એમ તો બધા સાથે connectivity હોઈ શકે. We will purchae broad band connectivity from anywhere. એનો અર્થ એવો નથી કે જોડાણ ના કરાય, પણ નેટવર્કનું આખું જોડાણ જે કરવામાં આવશે. જી-શ્વાનનો ઉપયોગ કરીશું એ ગુજરાત સરકારનો જ ભાગ છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારનો આવો યુનીક પ્રોજેકટ આપણા રાજ્યની અંદર જ્યારે અમલમાં આવ્યો છે ત્યારે આની રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ નોંધ લેવામાં આવી છે કે કેમ? અને એના સંદર્ભે અન્ય રાજ્યોના મહાનુભવોએ આ પ્રોજેકટમાં કેવો રસ બતાવ્યો છે અને અન્ય રાજ્યો પણ આ દિશામાં જવા રસ બતાવે છે કે કેમ? અને માનનીય અધ્યક્ષશ્રી, મારું એક આપના મારફત સૂચન છે કે આ પ્રોજેકટ potential ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ માટે એટલું મોટું વિશાળ છે કે ગ્રામ્ય કક્ષાએ ઝડપથી આની સાથે જોડી અને આનો ઉપયોગ વિદ્યાર્થીઓના સશસ્તીકરણ માટે કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ સારી વાત તરફ ધ્યાન દોર્યુ છે મને કહેતાં આનંદ થાય છે કે દિલ્હી એમની કેન્દ્રની સરકાર જ્યારે ગુજરાતના ઈ-ગ્રામ કાર્યક્રમને કેટલા રીતે નોંધ લે છે એનો અંદાજ આપવા માગું છું. મારી સામેના મિત્રો આના માટે માન અને ગૌરવ લે છે કે નહિ એની મને ખબર નથી પરંતુ (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** તમે તમારા પ્રશ્નના જવાબમાં રહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું ધ્યાન દોરવા માગું છું અમારા મિત્રોનું કે તારીખ ૧૫મી અને ૧૭ મી જાન્યુઆરીના રોજ વિજ્ઞાનભવન નવી દિલ્હી ખાતે એક રાષ્ટ્રીય પરિષદમાં રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આપણા ઈ-ગ્રામ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. એનાથી પ્રભાવિત થઈને કેન્દ્ર સરકારના અનેક નેતાઓએ including Prime Minister વડાપ્રધાન એ ત્યાં હાજર હતા અને દેશના અન્ય રાજ્યોની ઉપસ્થિતિમાં સચિવશ્રીઓને પણ ગુજરાત સરકારના આ પ્રોજેકટને મોડેલ પ્રોજેકટ તરીકે સ્વીકારવાનો અનુરોધ કર્યો હતો. આ ઈ-ગ્રામ પ્રોજકેટનો થયેલો પ્રચાર અને લોકોમાં જાણકારી આવવાના કારણે એમણે એ પણ સૂચના કરી હતી કે વિવિધ રાજ્યોના લોકો, એમના મહાનુભવો અહીંયા આવવા માંડ્યા અને એમણે પ્રશ્ન પૂછયો છે એટલે જવાબ તો મારે આપવો પડવાનો..

**અધ્યક્ષશ્રી :** તમે જવાબ આપો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહાનુભવો, અધિકારીઓ આ પ્રોજકેટનો સ્થળ ઉપર અભ્યાસ કરવા માટે ગુજરાતમાં આવે છે. બી. કે. જૈની સહિત સંયુકત સચિવ ભારત સરકારના અહીંયા મુલાકાતે આવ્યા. અહીંયા એમના ઓફિસરો આવ્યા. પશ્ચિમ બંગાળ રાજ્યના પ્રતિનિધિની ટીમ અહીંયા આવી. રાજસ્થાન રાજ્યના પ્રતિનિધિઓની ટીમ ઈ-ગ્રામનો અભ્યાસ કરવા માટે આવી. કેરળ રાજ્યના પ્રતિનિધિઓ પણ અહીંયા ગુજરાતમાં ઈ-ગ્રામ, વિશ્વગ્રામનો અભ્યાસ કરવા આવી. મધ્યપ્રદેશ રાજ્યની પ્રતિનિધિઓની ટીમ આવી. ઓરિસ્સા રાજ્યના પ્રતિનિધિઓની ટીમ પણ ગુજરાતમાં આવી. આ પ્રમાણે બીજા રાજ્યોને ખ્યાલ છે કે ગુજરાતમાં ચાલતો ઈ-ગ્રામ, વિશ્વગ્રામ કાર્યક્રમ અને સમગ્ર દેશ અને દુનિયામાં પ્રખ્યાત થતો જાય છે ત્યારે આપણે સૌ એને ગૌરવંત બનાવીએ એ આપણા સૌની જવાબદારી છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામની જે વાત થઈ એમાં મારો મૂળ સવાલ એ છે કે, ઈ-ધારા તાલુકા મથકે જે ડેટા એન્ટ્રી ફીટ કરવામાં આવી છે એમાં મોટાભાગની ડેટા એન્ટ્રી ખોટી હોવાના કારણે ૧૨ હેકટર જમીનની જગ્યાએ ૨ હેકટર અને ૧૫ ગૂંઠા ૫ પ્રતિ આરે, એમ માનાભાઈની જગ્યાએ મગનભાઈ, એવા સાહેબ મારા ગોધરા તાલુકામાં ૬૫૧ સુધારાના ઓર્ડર થયા છે. એમાં માનનીય મંત્રીશ્રી પાસે એ પુછવા માગું છું કે દરેક જિલ્લાની અંદર આ જે ખોટી ડેટા એન્ટ્રી ફીટ થઈ છે એ ડેટા એન્ટ્રીમાં promulgation ઓર્ડર

કરવા માગો છો કે કેમ? બીજી વસ્તુ એ કે, જે ઓપરેટરો છે એની કોઈ જવાબદારી ફીક્સ નથી, એ કોઈ સરકારી કર્મચારી નથી અને એના કારણે એ જે કોઈ ઓપરેટરો છે એ અને કર્મચારી આ ભેગા મળીને ખાતેદારો જે હેરાન થયા છે તો એના માટે પ્રમોલગેશનના ઓર્ડર કરવા માગો છો કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વસ્તુ, ઈ-ધારા ગ્રામથી એસ.આઈ.ટી.ના બેઈઝ ઉપર કોઈ ફાયદો થશે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : પહેલા તો મારા મિત્રનું એટલું ધ્યાન દોરું કે, આ ઈ-ધારાનો જે પ્રોજેક્ટ છે એ રેકર્ડ પ્રમોલગેશન એ અન્ય વિભાગનો પ્રશ્ન છે એટલે એનો જવાબ હું અહીંયા આપી ન શકું એના માટે એ અમારા મહેસૂલ મંત્રીશ્રીને અલગ રીતે ઈ-ધારાનો પ્રશ્ન પૂછી શકે છે.(અંતરાય)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગ્રામ પંચાયતો ખાતે પૂરી પાડવામાં આવેલી બ્રોડ બૅન્ડ કનેકટીવીટીથી અત્યાર સુધીમાં કેટલા અને કયા પ્રકારના પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી પ્રાગજીભાઈનો જે પ્રશ્ન છે એમાં કેટલું કામ થયું છે એના વિષેનો રિપોર્ટ માંગ્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, ઈ-ગ્રામ પંચાયતો દ્વારા આજ સુધીમાં જે સર્ટિફિકેટસો ઈસ્યુ કર્યા છે એમાં જન્મ-મરણના ૧૦,૫૧,૦૬૮/-દાખલાઓ ઈસ્યુ કર્યા છે, ચારિત્રયને લગતા દાખલાઓ ૫,૦૨,૮૦૮/- પ્રમાણપત્રો આપ્યા, ટેક્સ કલેકશનના ૯૪,૮૮૧/- પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા, અન્ય વિભાગોના ૨,૬૦,૨૭૭/- પ્રમાણપત્રો આપ્યા છે, ૭x૧૨ અને ૮-અ ના ઉતારા જે છે એ ૪,૬૯,૯૦૯/- પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા છે ઈ-ગ્રામના લોન્ચીંગ પછી. ઈ-ગ્રામ પંચાયત ખાતે વીજળી, ટેલિફોનના બિલો, વીમો અને ટેલિફોન સેવાઓ પૂરી પાડવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આ રાજયની ૩૦૦ ગ્રામ પંચાયતોમાં જીઈબીના વીજ બીલ કનેકશનો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, ઊંડાણ વિસ્તારમાં હજુ પણ, મારા જ વિસ્તારની વાત કરું તો બે ગ્રામ પંચાયતો આજે પણ લાઈટથી વંચિત છે તો આના માટે આ ઈ-ધારાની જે યોજના છે એમાંથી આવી ગ્રામ પંચાયતોને સરકાર કોઈ નક્કર કાર્યક્રમ કરી અને આવી જે બાકી રહેલી ગ્રામ પંચાયતોને વહેલી તકે વીજળી મળે એ માટે કોઈ આયોજન કરવા માગે છે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કોઈ જગ્યાએ વીજ જોડાણ અને એના કોઈ ડીફેકટના લીધે હશે તો એનું કોઈ સ્પેસિફિક નામ આપશે તો અમે ચોક્કસ ચેક કરાવી લઈશું.

### રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ

*** ૫૭૫૧શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગૅરન્ટી યોજના અન્વયે રાજયને કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત રકમ પૈકી રાજય સરકારે કરેલ ખર્ચની વિગતો શી છે, અને

(૩) ઉક્ત યોજના હેઠળ રાજય સરકારનો કેટલો હિસ્સો હોય છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૫૭૮૬.૦૫ લાખ અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૮૩૩૨.૪૨ લાખ મળી કુલ રૂા. ૧૪૧૧૮.૪૭ લાખની રકમ ફાળવવામાં આવી.

(૨) વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૮૧૮૩.૭૦ લાખ અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૧૦૦૭૧.૩૪ લાખ મળી કુલ રૂા. ૧૮૨૫૫.૦૪ લાખનો ખર્ચ કરેલ છે.

(૩) ૧૦ ટકા.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાષ્ટ્રીય રોજગાર ગૅરન્ટી યોજના હેઠળ લાભ આપવા માટે કેટલા કુટુંબોને ગુજરાતમાં જોબ કાર્ડ અપાયા અને એની સરખામણીમાં કેટલા કુટુંબોને રોજગારી મળી ?

મારો બીજો સવાલ છે કે, રોજગારી મેળવનાર કુટુંબોને ફાયદો થાય એ દૃષ્ટિએ લઘુત્તમ વેતનમાં સરકાર વધારો કરવા માગે છે કે કેમ ?

મારો ત્રીજો સવાલ કે અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતનું ઇમ્પ્લીમેન્ટેશન ઓછું રહ્યું છે, અન્ય રાજયોએ આ યોજનાનો ઘણા મોટા પાયા ઉપર લાભ લીધો છે તો એમ થવાના કારણો શું ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો રાજયમાં ગ્રામીણ કુટુંબોને જોબ કાર્ડ આપવા માટેની કાર્યવિધિ છે એમાં મારે મિત્રનું ધ્યાન દોરવું છે કે, ગઈ સાલ સુધીમાં આઠ લાખ કરતાં વધારે અમે જોબ કાર્ડ ઇસ્યુ કર્યા હતા. સરકારનો પ્રયત્ન એવો છે કે, લોકોને વધુમાં વધુ જોબ કાર્ડ ઈસ્યુ કરીને રોજગારી માટે આવે એટલા માટે ૨૬,૫૮,૬૩૨/- જોબ કાર્ડ અમે ઈસ્યુ કર્યા છે. ડિસેમ્બર સુધીમાં. એનો અર્થ એ છે કે ત્રણ ગણા જોબ કાર્ડ ઈસ્યુ કરીને આ સરકારે કાર્યવાહીને હાથમાં લેવા પ્રયત્ન કર્યો છે. મારે એમનું ધ્યાન દોરવું છે કે આ સરકાર એ બાબતમાં ખૂબ ચિંતિત છે કે ગુજરાતની આખી સામાજિક વ્યવસ્થા, અર્થકારણ, લોકોની રોજગારીની ડિમાન્ડ

આ બધી બાબતમાં આપણે થોડાક બીજા અવિકસિત રાજય કરતા જુદા પડીએ છીએ અને એટલા માટે ગુજરાતમાં જે રોજગારી મેળવવાની છે એમાં ડિમાન્ડ આધારિત આ યોજના છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના એ ડિમાન્ડ આધારિત છે. લોકો માગણી કરે તો એને રોજગારી આપવાની પણ આપણા તરફથી એની આખી પ્રિપરેશન્સ, ગામેગામની અંદર કામોને વહિવટી મંજૂરી આપીને અમે ગોઠવી દીધું છે. ડિપાર્ટમેન્ટોના અલગ અલગ વિભાગો સાથે અને લાઈન ડિપાર્ટમેન્ટોની સાથે અમે કામગીરી ગોઠવી છે. ગઈસાલ સુધીમાં જે કામગીરી ચાલતી હતી એના કરતાં લગભગ ડબલ કામગીરી આપણે આ સાલ કરી શકયા છીએ. હજુપણ અમારું લક્ષ્યાંક છે કે બીજા જે વિકસિત રાજયો છે એની સરખામણીમાં આપણે પાછળ નથી પણ અવિકસિત રાજયોની સરખામણીમાં આપણે હજુ કામગીરીને વધારવાની જરૂર છે અને આ સરકાર એ દિશામાં પ્રયત્ન કરી રહી છે. એમની ચિંતા સાથે હું સંમત છું પણ મારે મારા મિત્રોને એ પણ કહેવું છે કે આપ પણ વિવિધ વિભાગોમાં વિધાનસભ્યો છો, પોતાના ક્ષેત્રમાંથી જે લોકોને જોબ જોઈતી હોય એવા લોકોને અમારા સુધી અગર તો ડિપાર્ટમેન્ટના જવાબદાર અધિકારીઓ સુધી આપ લાવો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા કુટુંબોને રોજગારી આપી એ મારો પ્રશ્ન હતો અને બીજો મારો પ્રશ્ન હતો કે લઘુત્તમ વેતનમાં આ સંદર્ભમાં આપ વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૧૫૮૬૮ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવી છે આજ સુધીમાં અને રોજગારી વધારવા માટે લઘુત્તમ વેતન ધારા હેઠળ ખેતમજૂરોનું જે લઘુત્તમ વેતન હતું એમાં પણ આ સરકારે ૫૦ રૂપિયામાંથી ૧૦૦ રૂપિયાનો વધારો કર્યો છે. એના કારણે પણ એ લોકોને રોજી મળે એના આધારે સરકારમાં જે એસઓઆર છે શીડયુલ ઓફ રેટ એને પણ રીવાઈઝ કરીને સુધાર્યા કે જેથી લોકોને એને લીધે આકર્ષણ થાય. અમે પણ ઈચ્છીએ છીએ કે કેન્દ્ર સરકારમાંથી આવતી આ યોજના અને ગુજરાત સરકારનો સહયોગ ભેગો થાય તો ગુજરાતના કોઈપણ અનએમ્પ્લોઈડ વ્યકિતઓને આનો લાભ મળી શકે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લામાં આ રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ કેટલા તાલુકામાં કેટલી રોજગારી આપવામાં આવી?

**અધ્યક્ષશ્રી** : અભેસિંહભાઈ, આ ખાસ પ્રશ્નમાંથી જિલ્લા અને તાલુકા સુધી જવું, વિગતો હોય તો આપો.(અંતરાય) દરેક પ્રશ્ન જે પૂછાય છે એ પોતાનો જ ગણાય.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાની તાલુકાવાર એમને માહિતી જોઈએ છે કે શું કામગીરી કરી છે એ હું આપવા માગું છું. વડોદરાના જે ૧૨ તાલુકા છે એ ૧૨ તાલુકામાં વડોદરા તાલુકામાં જોબ કાર્ડ ૧૭૪૦૦ ઈસ્યુ કર્યા છે. સાવલીમાં ૨૪૩૭૭, વાઘોડીયામાં ૧૨૪૭૫, પાદરામાં ૧૮૨૫૦, કરજણમાં જોબ કાર્ડ ૧૨૦૭૬, સિનોલમાં ૪૯૬૪, ડભોઈમાં ૧૪૮૫૦, સંખેડામાં ૧૫૪૫૦, નસવાડીમાં ૧૭૩૫૦, જેતપુર-પાવીમાં ૨૧૯૦૦, છોટાઉદેપુરમાં ૨૯૭૦૦ જોબ કાર્ડ ઈસ્યુ થયા છે. કવાંટમાં ૨૨૨૦૦ કુલ ૨૧૦૯૯૨ જોબ કાર્ડ ફકત વડોદરા જિલ્લામાં ઈસ્યુ થયા છે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે બાબત છે કે કેન્દ્ર સરકારની આ યોજનાને કારણે ગુજરાતને ૧૮૨૫૫૦૦૦૦૦ પ્રાપ્ત થયા છે. હું એ જાણવા માગું છું કે ૨૫૫૮૬૩૨ જોબ કાર્ડ ઈસ્યુ થયા પછી આપણે માત્ર પાંચ લાખને જ કામ આપી શકયા છીએ.૫૦ રૂપિયામાંથી ૧૦૦ રૂપિયા નહીં. કેરાલા જેવા રાજ્યે ૧૨૦ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. વિકસિત છે. આપણે જે ૧૦૦ રૂપિયા મીનીમમ વેજીસથી વધારે આગળ વધીએ, કારણ કે ડેવલપ સ્ટેટ હોય ત્યાં મીનીમમ વેજીસ વધારે હોય તો તે સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : દરેક રાજ્યની મટીરિયલની કિંમત, મજૂરીની કિંમત ખ્યાલમાં રાખીને એસ.ઓ.આર. બનાવવામાં આવે છે. એટ રેન્ડમ કે ગમે તે રીતે એસ.ઓ.આર.ના રેટ બનતા નથી. સરકારનો ઈરાદો રાજય સરકારે વધુમાં વધુ આપવા માટે ૫૦ રૂપિયામાંથી ૧૦૦ રૂપિયા કર્યો. એસ.ઓ.આર. સુધાર્યો. આ સાલમાં ૨૦૦૮-૨૦૦૯ માં પણ મોંઘવારીને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ શું જવાબ આપવો, એ એમણે નકકી કરવાનું છે (અંતરાય) એમનો જવાબ પૂરો થવા દો. મંત્રીશ્રી આપ આપનો જવાબ પૂરો કરો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એસ.ઓ.આર. ૨૦૦૮-૦૯ નો રિવાઈઝ કરીને મોંઘવારી વધી છે. મોંઘવારી શાના લીધે વધી છે, એને ખ્યાલમાં રાખીને પણ એસ.ઓ.આર. રિવાઈઝ કરવાનું આ સરકાર ચોક્કસ વિચારશે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : આપના દ્વારા હું જાણવા માગું છું કે રોજગારીની સાથે સાથે જે ગ્રામ્ય કક્ષાએ ખાસ કરીને જળસંચયનાં અને નૉન પ્લાન રસ્તાનાં કામ જેવા અતિ ઉપયોગી કામ છે, તો આ યોજનામાં કામદીઠ ૬૦:૪૦ નો રેશિયો જાળવવાનો છે કે જિલ્લાને મળતી જે કુલ ગ્રાન્ટ છે, એમાં ૬૦:૪૦ નો રેશિયો જાળવવાનો છે કે કે રાજયને મળતી કુલ ગ્રાન્ટમાંથી ૬૦:૪૦ નો રેશિયો જાળવવાનો છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ યોજનામાં ૬૦:૪૦ નો રેશિયો મેઈન્ટેઈન કરવા માટેનું સૂચન છે, એની ગાઈડ લાઈન છે. અમુક કામમાં ૧૦ ટકા, ૯૦ ટકાનો પણ રેશિયો છે. માટી કામ કરવામાં ૧૦૦ ટકા કેન્દ્ર

સરકાર દ્વારા મળે છે. મટીરિયલમાં ૬૦:૪૦ નો રેશિયો સાચવવાનો હોય છે. એ પ્રમાણે ગુજરાતના બધાં કામોને સંકલિત કરીને ૬૦:૪૦ ના રેશિયામાં કામ હાથ ધરી શકાય છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે રાષ્ટ્રીય રોજગાર ગૅરન્ટી યોજના નીચે જે પરિવારે જોબકાર્ડ લીધા હોય છે અને કામ કરવા માટે આવતા હોય છે, એને લગભગ ત્રણ-ત્રણ, ચાર-ચાર મહિના સુધી રોજગારીના પૈસા મળતા નથી, જે પરિવારને ખરેખર જરૂરિયાત હોય, એમને ઓછામાં ઓછા બે-ત્રણ અઠવાડિયામાં મજૂરીના પૈસા ચૂકવાઈ જાય એવી વ્યવસ્થા માનનીય મંત્રીશ્રી આપના મારફત કરવા માગો છો કે કેમ? અને બીજું અમારા ધ્યાન ઉપર વાત આવી છે કે સામાન્ય રીતે જે તે પરિવારની જરૂરિયાત હોય, જોબ કાર્ડ હોય એને આની મારફત રોજગારી મળે. તો ઘણી જગ્યાએ ગ્રામ્ય વિસ્તારમાં ફક્ત કામગીરી બતાવવાના બહાના હેઠળ એજન્સીને કામ આપી દેવામાં આવે છે, એ કુટુંબોને કામ આપી દીધું છે. અને આવી એજન્સી મારફત કામ આપવામાં આવે છે તેવું કહેવામાં આવે છે, તો તેને અટકાવીને જરૂરિયાતવાળા કુટુંબોને કામગીરી મળે, રોજગારી મળે એવી વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એ બાબતમાં ગુજરાત સરકાર બહુ વાકેફ છે. કોઈ એજન્સી દ્વારા હજુ સુધી કામ સોંપવામાં આવ્યા નથી. કોઈને પેમેન્ટ ન મળતું હોય, એની પાછળનું કારણ જાણવા માગો છો તો વલસાડ જિલ્લાનો એક દાખલો હતો. ડાંગ જિલ્લામાંથી, તાપી જિલ્લામાંથી એ બાબતે ફરિયાદ આવી હતી કે સમયસર પેમેન્ટ થયું નહોતું, પરંતુ મેં તપાસ કરી તો કેન્દ્રમાંથી ડાયરેકટ સીધી જિલ્લા પંચાયતના ડી.ડી.આર.ડી.ને પેમેન્ટ મોકલવામાં આવે છે, પરંતુ દિલ્હીમાંથી પેમેન્ટ ન આવી શકવાના કારણે વિલંબ દેખાયા છે. તો પણ ગુજરાત સરકારે સૂચના આપી છે કે કોઈ બીજા હેડમાંથી પણ ખર્ચ કરીને આમાં પેમેન્ટ રોકાવું ન જોઈએ. આપને ઇચ્છા થાય તો તાપી જિલ્લાનો દાખલો આપને આપીશ. રોજગારી સમયસર મળે એની વ્યવસ્થા કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો**

*** ૫૦૨૩ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીને સોંપ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ નીચે મુજબ મકાનો બનાવવામાં આવ્યા.

| **વર્ષ** | **આવાસોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૧૭૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૧૫૧ |
| ૨૦૦૮-૦૯ (૩૧-૧૨-૨૦૦૮ અંતિત) | ૮૮૬ |
| કુલ: | ૪૨૧૧ |

(૨) તમામ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવેલ છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનામાં ૪૨૧૧ મકાનો થયા તો આ મકાનો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ કરોડ ૮૫ લાખ ૫૮ હજાર જેટલો ખર્ચ ઈન્દિરા આવાસ યોજનામાં મકાન બન્યા છે તેની અંદર કરવામાં આવેલ છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એક ઈન્દિરા આવાસ યોજનામાં રાજય સરકારનો કેટલો ફાળો હોય છે? બીજું કે લાભાર્થીની મર્યાદામાં આવતી પોતાની ખેતીની જમીન હોય તેમાં આવાસ બનાવી શકે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭,૯૫૦ રૂપિયા રાજય સરકારનો ફાળો હોય છે અને લાભાર્થી પોતાની જમીનમાં આવાસ બનાવી શકે છે.

**રાજયમાં ગીધ પક્ષીની સંખ્યા**

*** ૫૮૦૮ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયમાં ગીધ પક્ષીની સંખ્યામાં ઘટાડો થઈ રહેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો ગીધ પક્ષીના સંરક્ષણ માટે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજયમાં ગીધ પક્ષીની સંખ્યા કેટલી છે?

**પર્યાવરણ મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(૨) ગીધ પક્ષીના સંરક્ષણ માટે અને તેની વસ્તી વધે તે માટે જે પગલાં ભરવામાં આવ્યા તે નીચે મુજબ છે.

૧. વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૭માં રાજયવ્યાપી ગીધ સર્વેક્ષણ કરવામાં આવ્યું.

૨. કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષદ નિયમન તંત્ર, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા પશુચિકિત્સકો અને દવાના વેપારીઓને પ્રાણીઓને અપાતી સારવારમાં ડાયકલોફેનાક દવા ન વાપરવા તથા વેચાણ ન કરવા અનુરોધ કરેલ છે.

૩. પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા તા. ૩૧-૮-૨૦૦૪ના પત્રથી પશુચિકિત્સકોને ડાયકલોફેનાક દવા ન વાપરવા અને તેના બદલે મેલોકઝીકેમ વાપરવા અનુરોધ કરેલ હતો.

૪. એન.જી.ઓ. દ્વારા ડાયકલોફેનાક દવાનો વપરાશ અટકાવવા તથા તેના સ્થાને અન્ય દવાના ઉપયોગ માટેના કાર્યક્રમો તથા અન્ય દવા સસ્તા દરે વહેંચવા માટેની વ્યવસ્થા કરવામાં આવી.

૫. વલ્ચર કન્ઝર્વેશન કાર્યક્રમ હેઠળ ગીધના માળાને રક્ષણ મળે તે સારું મોનિટરીંગ તથા રક્ષણ હાથ ધરવામાં આવે છે. જેમાં લોક જાગૃત્તિ, માળા સંરક્ષણ બદલ વળતર આપવું વગેરે છે.

૬. બિમાર-ઈજાગ્રસ્ત વલ્ચરની સારવાર માટે ઉત્તરાયણના તહેવારમાં અમદાવાદ મુકામે હંગામી રેસ્કયુ સેન્ટર ઉભું કરવામાં આવે છે.

૭. જુનાગઢ ખાતે ગીધ સંવર્ધન અને ઉછેર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.

૮. ગુજરાત રાજયની પાંજળાપોળ સાથે પરામર્શ કરી "ડાયકલોફેનાક" દવા સારવારમાં ન વાપરવા જણાવવામાં આવેલ.

૯. બર્ડ કન્ઝર્વેશન સોસાયટી તથા નેચર કલબ સુરત દ્વારા ગીધને "ડાયકલોફેનાક" ફ્રી મૃત જાનવરના શબ મળે તે માટે વલ્ચર ફીડીંગ સાઈટ ખોલી.

(૩) મે-૨૦૦૭ની ગણતરી દરમ્યાન રાજયમાં ૧૪૩૧ ગીધ નોંધાયેલ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં જે પક્ષીની સંખ્યા ઘટી રહી છે તેવા ગીધ પક્ષીની ખાસિયતો શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે તો ગીધને સફાઈ કામદાર કહેવામાં આવે છે. જયાં જયાં પ્રાણીઓના મડદા હોય છે તેનો આહાર કરી સફાઈ કરવાનું કામ કરે છે. કોઈપણ જીવતા પ્રાણીનો આહાર કરતા નથી. તેની આંખો ખૂબ જ શકિતશાળી હોય છે. તેથી ઘણે દૂર સુધી જોઈ શકે છે. સામાન્યરીતે તે આકાશમાં ખૂબ જ ઉંચે સુધી કલાકો સુધી ઉડાણ કરી દૂર દૂર સુધીના વિસ્તારોનું અવલોકન કરે છે અને જયાં પણ પ્રાણીઓના મડદાં જે ખાસ કરીને પાંજળાપોળોની આસપાસ જોવા મળતા હોય છે તે દેખાય કે તરત જ ઉતરીને નીચે આવે છે અને તેમાંથી પોતાનો આહાર કરે છે. ગીધને માળા બનાવવા ખૂબ જ ઉંચા વૃક્ષોની જરૂર પડે છે. માળા ખાસ કરીને માર્ચ મહિનામાં બનાવી મોટાભાગે એક ઈંડું મૂકે છે. ગુજરાતમાં મોટાભાગે સર્વસામાન્ય સફેદ ગીધ ઉંચા વૃક્ષો ઉપર માળા કરે છે. જયારે ગીરનારી, પહાડી ગીધ પહાડની બખોલોમાં માળા કરે છે. સફેદ ગીધ ઘણીવાર મોટી સંખ્યામાં નજીક નજીક માળા કરે છે. નર અને માદા બંને ઈંડાને સેવે છે. વારાફરતી દૂર સુધી બચ્ચા માટે ખોરાક લેવા ઉડાણ કરે છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગુજરાતમાં ગીધ ઉછેર માટે કોઈ યોજના છે અને જો હોય તો માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢમાં ગીધ સંરક્ષણ અને ઉછેર કેન્દ્ર વન્ય પ્રાણી સંરક્ષણ જુનાગઢની દેરખેર હેઠળ સ્થાપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગીધની ઘટતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને તેના સંવર્ધન અને ઉછેર માટે દેશવ્યાપી પ્રયાસોના ભાગરૂપે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી દ્વારા દેશમાં પાંચ સ્થળે ગીધ ઉછેર કેન્દ્રો સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી દેશના પશ્ચિમ ઝોનમાં જુનાગઢ ખાતે સકકરબાગ ઝૂમાં આવું કેન્દ્ર સ્થાપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે અને તેમાં ગીધનો ઉછેર કરવામાં આવે છે અને ઈજાગ્રસ્ત અને બીમાર ગીધને તેના આવાસ સ્થાનોમાંથી બચાવી લાવી ઘનિષ્ઠ સારવાર માટે અદ્યતન સાધન સામગ્રીવાળું સારવાર કેન્દ્ર ઉભુ કરવામાં આવેલ છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીધ પક્ષીના સંરક્ષણ માટે જે વિભાગ દ્વારા પગલાં લેવામાં આવ્યા છે તેમાં અગાઉની વિધાનસભામાં એવો જવાબ આપવામાં આવેલો કે ડાયકલોફેનાક દવા રાજયની અંદર સંપૂર્ણ બાન છે. અત્યારે એવો જવાબ આપવામાં આવેલ

છે કે તમામે તમામ સેવાભાવી સંસ્થાઓ, ડોકટરો અને જે પક્ષીવીદો છે તેના દ્વારા પ્રચાર કરવામાં આવે છે કે ડાયકલોફેનાક દવા વાપરવી નહીં. અગાઉ એવો જવાબ આપવામાં આવેલો ગઈ વિધાનસભામાં કે ડાયકલોફેનાક દવા સંપૂર્ણ રાજયની અંદર બંધ છે તો આ ડાયકલોફેનાક દવા રાજયની અંદર સંપૂર્ણ તમામે તમામ મેડીકલ સ્ટોરોમાં વપરાવવા માટે બંધ થઈ જાય અને ડોકટરો બંધ કરે તેવું કઈ કરવા માગો છો કે નહીં.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કહે છે પણ બંનેમાં પશુમાં અને માણસમાં પણ આ દવા વાપરવામાં આવે છે. એટલા માટે પશુ પક્ષીમાં ન વપરાય તે માટે સંપૂર્ણ ના છે. બાકી વપરાય છે એટલે તેના માટે બીજું શું કરી શકાય.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ગીધની ગણતરી ક્યારથી ચાલુ થઈ અને એનું પરિણામ શું આવ્યું ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં ગીધની વસતી ગણતરી સૌ પ્રથમ ગુજરાતમાં કરવામાં આવી છે, ગીધની વસતી ગણતરી ગુજરાતમાં સૌ પ્રથમ માર્ચ થી મે ૨૦૦૫માં અને ત્યાર બાદ જાન્યુઆરીથી માર્ચ ૨૦૦૭માં કરવામાં આવી છે, વર્ષ ૨૦૦૫માં કરવામાં આવેલી ગણતરી દરમિયાન ગીધની વસતિ ૨૬૪૭ હોવાનું માલૂમ પડેલ હતું, વર્ષ ૨૦૦૭માં કરવામાં આવેલી ગણતરી દરમિયાન ગીધની વસતિ ૧૪૩૧ હોવાનું માલૂમ પડેલ હતી. જે પૈકી ૧૧૪૭ સફેદ ગીધ , ૨૧૭ ગીરનારી ગીધ અને ૬૭ ગીધ અન્ય ઓળખવામાં આવેલ છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, જુનાગઢ ખાતે ગીધ સંવર્ધન કેન્દ્ર ક્યારે શરૂ કરવામાં આવ્યું, અને કેટલા ગીધોની સારવાર કરવામાં આવી, અને કેટલા ગીધો ઉછેરવામાં આવ્યાં?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સારવાર અંગે મેં હમણાં જ જવાબમાં કહ્યું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ પ્રમાણે અને જે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે જે ડાયકલોફેનાક દવા માણસની અંદર વપરાય છે, અને દર્દને દબાવી રાખવા માટે વપરાય છે, અને જો ગીધને એ જીવલેણ નુકસાન કરતી હોય તો માણસને નુકસાન ન કરે એવું નથી, માણસને પણ નુકસાન કરે જ, પરંતુ એને હજી રીસર્ચ થયે અને હજી એટલે સુધી બહાર આવ્યું નથી તો એ દિશામાં આ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી કરી ઝડપથી એ દવાની અંદર એ દવાને તદ્દન બંધ કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન મારો એ છે કે, ગીધનો મુખ્યત્વે ખોરાક શું છે અને એની વસતિ ઘટવાનું કારણ એ છે જ એ તો જવાબની અંદર આવી ગયું છે પણ મારે સાથેસાથે કહેવું છે કે, આ એક ઉમદા પક્ષી છે, તો એના ઘટાડાની આપણે ચિંતા કરીએ એ વાજબી છે તો માણસ જેટલું ઉમદા પ્રાણી દુનિયામાં બીજું કોઈ નથી, તો આના ઘટાડા માટે આપણે શું કરવા માગીએ છીએ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, દવા અંગેનું તો એમનું સૂચન છે, અને ગીધ સામાન્ય રીતે અન્ય પ્રાણીઓના મૃત શરીરમાંથી માંસ અને અન્ય ભાગોના આહાર કરે છે, વૈજ્ઞાનિક, તજજ્ઞો, વિષેજ્ઞનો અને ખાસ કરીને ડોકટર વોક અને તેમની ટીમ દ્વારા એવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે ગીધના મૃત્યુ કિડનીમાં ડાઉડ નામનો રોગ થવાથી થાય છે, તેનું મુખ્ય કારણ તેઓ જેનો આહારમાં ઉપયોગ કરે છે, તે ઢોરના મૃત શરીરમાંથી ઢોરને સામાન્ય રીતે આપવામાં આવતી દવા ડાયકલોફેનાક છે આ દવા ઢોરના મૃત શરીરમાં હોવાથી તે ગીધ દ્વારા આરોગવાથી તે ગીધ માટે ઝેર સમાન પુરવાર થાય છે,

## ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવા બાબત

***૫૦૨૦ શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકાર દ્વારા એપ્રિલ- ૨૦૦૮ થી ૩૧ ડિસૅમ્બર-૨૦૦૮ સુધીમાં કેટલા ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યાં, અને

(૨) તેનાથી રાજયને શું ફાયદો થયો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) સરકાર દ્વારા એપ્રિલ- ૨૦૦૮ થી ૩૧ ડિસૅમ્બર-૨૦૦૮ સુધીમાં ૬,૭૩,૭૪૦ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યાં.

(૨) તેનાથી રાજયને જાહેર વિતરણ યોજના હેઠળ વિતરણ થતી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની બચત થઈ અને સબસિડીના દરે વિતરણ થતા જથ્થા સામે થતી સબસિડી બચાવી શકાઈ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એપ્રિલ ૨૦૦૮ થી ડિસૅમ્બર ૨૦૦૮ દરમિયાન જિલ્લાવાઇઝ ભૂતિયા રૅશનકાર્ડ કેટલા નાબૂદ થયા?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં એક અઘરું કામ અમારી સરકારે હાથમાં લીધું હતું અને તે ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવાનું, મને લાગે છે કે ઘણાઓની લાગણી દુભાઈ હશે,ઘ ણાઓને તકલીફ થઈ હશે, પરંતુ સરકાર નિષ્ઠાવાન રીતે આ ભૂતિયા રૅશનકાર્ડની નાબૂદીનો કાર્યક્રમ હાથમાં

લીધો હતો, અને મને કહેતાં આનંદ થાય છે કે અમારા આ આખા કાર્યક્રમના લીધે આ સરકારે ૬,૭૩, ૭૪૦ ભૂતિયા કાર્ડ આખા જથ્થામાંથી કાઢ્યા છે, કયા જિલ્લામાં કેટલા ભૂતિયા કાર્ડ છૂપાઈ રહ્યા હતા, અને અમે કેટલા શોધી કાઢ્યા એનો એક અડસટ્ટો મારી પાસે હિસાબ છે, અમદાવાદ શહેરમાં ૮૯૪૯૭ ભૂતિયા કાર્ડ નાબૂદ કર્યા, અમદાવાદ જિલ્લામાં ૧૪૯૨૬ ભૂતિયા કાર્ડ નાબૂદ કર્યા, અમરેલીમાં ૨૬૭૧૦, આણંદમાં ૨૬૬૯૯,બનાસકાંઠામાં ૨૩૧૭૧, ભરૂચ જિલ્લામાં ૧૪૬૭૫, ભાવનગર જિલ્લામાં ૫૮૪૦૪, દાહોદમાં ૧૦૦૪૯, ડાંગમાં ૧૮૬૯, ગાંધીનગરમાં ૧૩૬૨૦ ભૂતિયા કાર્ડ હતા. જામનગરમાં ૨૦૬૩૧, જુનાગઢમાં ૨૫૬૮૪, ખેડા જિલ્લામાં ૧૮૦૭૫, કચ્છમાં ૪૫૫૫૪ મહેસાણામાં ૨૦૧૨૮, નર્મદા જિલ્લામાં ૪૮૪૧, નવસારીમાં ૧૪૧૬૫, પંચમહાલમાં ૧૮૮૬૮, પાટણમાં ૧૬૦૦૧, પોરબંદરમાં ૫૯૦૪, રાજકોટમાં ૫૪૩૫૪, સાબરકાંઠામાં ૨૦૫૬૦, સુરેન્દ્રનગરમાં ૧૮૧૯૪, સુરતમાં ૪૬૯૭૪, તાપીમાં ૮૫૪૨, વડોદરામાં ૪૨૨૫૨, વલસાડ જિલ્લામાં ૧૪૩૯૬ આમ ૬ લાખ ૭૩ હજાર કરતા વધારે ભૂતિયા કાર્ડ નાબૂદ કરવામાં આવ્યા છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભૂતિયા રૅશન કાર્ડ રદ કરવા માટેની કાર્યવાહી વાજબી છે પરંતુ ટ્રાઈબલ વિસ્તારમાં કે જ્યાં શહેરી વિસ્તાર નથી ત્યાં મામલતદારોને સૂચના આપવામાં આવે છે કે પાંચ ટકા કાર્ડ ઘટાડી દો પણ જ્યાં ભૂતિયા રૅશન કાર્ડ ન હોય તો ત્યાં એ મામલતદાર એના વિસ્તારના સસ્તા અનાજની દુકાનવાળાને ફરજ પાડે છે કે ત્રણ કે પાંચ ટકા કાર્ડ ઘટાડી દો તો જ્યાં ભૂતિયા રૅશન કાર્ડ ન હોય ત્યાં કેવી રીતે એ ભૂતિયા રૅશન કાર્ડ રદ કરી શકે?

**શ્રી નરોત્તમ ભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષ શ્રી, માનનીય સભ્યશ્રીની એવી ગણતરી છે કે, મામલતદારો દ્વારા જોર કરીને ભૂતિયા કાર્ડ કાઢવામાં નાંખવામાં આવે છે તો એ વાત બરાબર નથી. ભૂતિયા રૅશન કાર્ડ એ રીયલી ભૂતિયા કાર્ડ હતા જેનું ધડ-માથું અને કોઈ માણસનો જન્મ ન હતો એવા ભૂતિયા કાર્ડ હતા. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જ્યારે કહે છે કે, જવાબદારીપૂર્વક ત્યારે પરંપરા એ રહી છે કે, મંત્રીશ્રી એવો જવાબ આપે કે, તંત્રને હું ચકાસી લઈશ, આ રીતનું કંઈ હશે તો હું રોકીશ. સભ્યશ્રી ખોટા છે એવી વાત કરવી એ બરાબર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી ખોટા છે એવું એમણે નથી કહ્યું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ ચકાસી લેશો કે એનો અર્થ શું થાય છે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી ખોટા છે એવું એમણે નથી કહ્યું. પણ જ્યારે સભ્યએ એમ કહ્યું કે પાંચ ટકા ઘટાડી દેવાનો મામલતદારને ઑર્ડર કરવામાં આવે છે. એ એમની વાત છે. પણ માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે આવા કોઈ ઑર્ડર કરવામાં આવ્યા નથી.પણ જે ખરેખર છે એની વાત કહે છે. માનનીય મંત્રીશ્રી આપ જવાબ ચાલુ રાખો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ કહું છું કે આ ભૂતિયા કાર્ડ નાબૂદ થયા એના માટે તો આપણે આ ગુજરાતમાં આ ગડગુંમડ હતા એ ગડગુંમડ માટે નસ્તર અને અસ્તર કરીને એને નાબૂદ કરવાની કોશીશ કરી રહ્યા છીએ ત્યારે એના માટે ખુશી વ્યક્ત કરવી જોઈએ. હજુ પણ માનનીય વિપક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરું છું કે, આવા ભૂતિયા કાર્ડને સંશોધન કરીને નાબૂદ કરવાનું કામ આ સરકારે ડાયનેમીક પ્રક્રિયા બનાવી છે અને રોજબરોજ એને શોધીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે ગરીબ લોકોને કેટલો ફાયદો થયો છે? જે લોકોને ૯૪ ટકા પણ કેરોસીન નહોતું મળતું ત્યાં આજે અમે ૧૦૦ ટકા કેરોસીન આપી શકીએ છીએ અને બધો પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ભૂતિયા કાર્ડ ૬ લાખ ૭૩ હજાર પકડયા એ બદલ નાગરિક પુરવઠા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. પરંતુ આ ભૂતિયા કાર્ડ માટે વેપારીઓ - સસ્તા અનાજની દુકાનવાળા છે એ એક કરતાં વધારે અનેક દુકાનો ધરાવે છે તો પુરવઠા વિભાગ એને નાબૂદ કરવા માગે છે કે કેમ? અને બીજું પેટ્રોલ પંપ પણ જે કેરોસીન જાય છે એમાં સાહેબ શું છે કે જે કાયદો છે એ બહુ લૂલો છે ત્યારે એમાં શું કરવા માગે છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય યોગેશભાઈ, આ પ્રશ્ન છે એ બહુ મર્યાદિત છે ત્યારે પૂરક પ્રશ્નમાં ભૂતિયા કાર્ડ વિશે જવાબ મળશે પેટ્રોલ પંપ અને કેરોસીન માટે અલગથી નોટિસ આપવી પડે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે દુકાનદારો એક કરતાં વધારે દુકાનો ધારણ કરે છે એની પણ સ્ક્રૂટીનીટી શરૂ કરી છે અમે એ પણ શરૂ કર્યું છે કે, જેને લાયસન્સ આપવામાં આવ્યું હોય સસ્તા અનાજની દુકાનનું એમાં એ ચલાવનારનો ફોટો એ દુકાન ઉપર મૂકવાનું ફરજિયાત કર્યું છે અને એના માટે પણ ઘણા વિરોધો આવે છે કારણ કે એક કરતાં વધારે દુકાનો ચલાવનારને મુશ્કેલી પડે છે પણ અમારી આ પ્રક્રિયા ચાલુ છે.

**શ્રી ઈશ્વરભાઈ વહિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતિયા કાર્ડ જે ધારણ કરે છે એની ઉપર ઓથોરાઈઝ સહી મામલતદારની છે કે કેમ? જો એ હોય તો જવાબદાર કોણ? ત્રીજું કે અધિકારીઓ ઉપર પગલાં ભરવામાં આવે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : અધિકારી ઉપર પગલાં ભરવામાં આવે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** :ઝોનલ ઓફિસર અને મામલતદારો દ્વારા જ રેશનકાર્ડ કાઢવામાં આવે છે અને અધિકૃત અધિકારીઓ જ રેશનકાર્ડ આપે છે, પરંતુ એની અંદર થયેલી છેતરપીંડી બાબતમાં પણ અમે આ કાર્યવાહી શરૂ કરવાના છીએ.

### કચ્છ જિલ્લામાં ગેસ કાર્ડ સ્ટેમ્પીંગ

*** ૫૧૫૫ શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગેસ કાર્ડ સ્ટેમ્પીંગ ઝુંબેશ અંતર્ગત કેટલા કાર્ડનું સ્ટેમ્પીંગ કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલા બી.પી.એલ. કાર્ડ હતા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ગેસ કાર્ડ સ્ટેમ્પીંગ ઝુંબેશ અંતર્ગત કુલ ૨૧૯૧૩ કાર્ડનું સ્ટેમ્પીંગ કરવામાં આવ્યું.

(૨) તે પૈકી ૭૪૫૫ બી.પી.એલ. કાર્ડ હતા.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ગેસ કાર્ડ સ્ટેમ્પીંગ ઝુંબેશ અંતર્ગત કેટલા કાર્ડનું સ્ટેમ્પીંગ કરવામાં આવ્યું અને તે પૈકી કેટલા બી.પી.એલ. કાર્ડ હતા?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગે આ એક બીજા પ્રકારનો કાર્યક્રમ હાથ પર લીધેલો છે જે ભૂતિયા કાર્ડ છે એ સિવાય નોન ગેસ કાર્ડનું સ્ટેમ્પીંગ કરવાનો છે. જે લોકો ગેસ કનેકશન ધારણ કરે છે છતાં એ લોકો દ્વારા કેરોસીનની માંગણી કરીને એનો દુરૂપયોગ કરતા હતા, એટલે જેની પાસે ગેસ કનેકશન હોય એનું સ્ટેમ્પીંગ કરવાનો કાર્યક્રમ અમે હાથ પર લીધો હતો એમાં કચ્છનો જે કાર્યક્રમ છે એમાં ૧,૦૯,૧૩૫ ગ્રાહકોની સંખ્યા છે એનું અમે સ્ટેમ્પીંગ કર્યુ છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ડિસેમ્બર, ૨૦૦૮ અંતિત છેલ્લાં એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલું સ્ટેમ્પીંગ કર્યુ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર, ૨૦૦૮ અંતિત છેલ્લાં એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ૨૧૯૧૩ રેશનકાર્ડ ઉપર સ્ટેમ્પીંગ થયું છે. એમાં તાલુકાવાર પણ હું વિગત આપી શકું તેમ છું. ભુજમાં ૮૬૭૦, ખાવડામાં ૪, માંડવીમાં ૧૩૮૦, મુંદ્રામાં ૨૬૦, અંજારમાં ૨૦૮૧, ગાંધીધામમાં ૮૦૭૬, ભચાઉમાં ૪૭૧, રાપરમાં ૮૭, નખત્રાણામાં ૨૯૪, અબડાસામાં ૫૪૬, લખપતમાં ૪૪ એમ કુલ ૨૧૯૧૩ ગેસ કનેકશનોનું સ્ટેમ્પીંગ કરીને કેરોસીન જે ગેરવલ્લે થતું હતું તે બચાવ્યું છે.

### જામનગર જિલ્લામાં ઈ-ગ્રામ યોજનામાં બ્રોડ બેન્ડ કનેક્ટીવીટી

***૫૭૮૪ શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેક્ટીવીટીથી જોડવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડ બેન્ડ કનેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તે ક્યારે જોડવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) જામનગર જિલ્લાની તમામ ૬૬૪ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૨) શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવી છે અને અત્યાર સુધીમાં કેટલા પ્રકારના પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યાં છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની તમામ ૬૬૪ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવેલી છે, એવા દસ તાલુકા છે, મતલબ કે આખા જિલ્લાને કનેક્ટીવીટી પૂરી પાડી છે કોઈ ગામની કનેક્ટીવીટી બાકી નથી, પણ જામનગર જિલ્લામાં અત્યારસુધીમાં ઈ-ગ્રામ પંચાયત ખાતેથી જન્મ-મરણના ૯૪૭૦ દાખલા આપ્યા છે, ચારિત્રના પ્રમાણપત્રોના ૬૦, ૭/૧૨ અને ૮/અ ના ૧૩૪૦ ઉતારા ઈસ્યુ કરવામાં આવ્યા છે. વિવિધ પ્રકારના અન્ય પ્રમાણપત્રો ૧૦૮૭૦ ઈસ્યુ કરવામાં આવ્યાં છે. જિલ્લાની એક ઈ-ગ્રામ પંચાયત દ્વારા વીજળી બિલ કલેક્શન કરવાનું શરૂ કરેલ છે. મારે માનનીય ધારાસભ્યશ્રીઓનું એ ધ્યાન દોરવું છે, આપણા વિદ્યુત બોર્ડ અને ઉર્જા વિભાગે પણ ગ્રામીણ વિસ્તારોમાં વીજ બિલો કલેક્શન કરવાની મંજૂરી આપી છે, એટલે એનો લાભ પણ તાત્કાલિક લઈ શકાય તેવો છે.

**દેવગઢ બારીયા તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીઓની યાદી**

***૫૧૪૬ શ્રી તુષારસિંહ ક. મહારાઉલ(દેવગઢબારીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) દેવગઢ બારીયા તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળના કેટલા લાભાર્થીઓના નામ બી.પી.એલ. લાભાર્થીઓની યાદીમાં રહી જવા પામેલ છે,

(૨) આવા પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવશે કે કેમ, અને

(૩) જો હા, તો આવા પરિવારોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી**

(૧) દેવગઢ બારીયા તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળ ૨૦૨૬ કુટુંબો દ્વારા ગરીબી રેખા હેઠળ નામ નોંધવા અંગે રજૂઆત મળેલ છે.

(૨) નિયમોનુસારની પાત્રતા ધરાવતા હશે તો સમાવેશ કરવામાં આવશે.

(૩) બી.પી.એલ. યાદીની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઈને બનતી ત્વરાએ નિર્ણય કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. માનનીય ભાવસિંહભાઈ, આપનો પ્રશ્ન અગિયારમો હતો, આપ એક બે મિનિટ મોડા આવ્યા નહિ તો આપ આપનો પ્રશ્ન પૂછી શક્યા હોત. નેક્સ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનામાં મળેલ એવોર્ડ**

૪૯૯૫ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજ્ય સરકારને કોઇ એવોર્ડ મળ્યો છે કે કેમ, અને | (૧) હા, જી. કુલ ૩ એવોર્ડ મળેલ છે. |
| (૨) જો હા, તો કેવા પ્રકારનો એવોર્ડ મળ્યો છે ? | (૨) (૧) ગ્રામ કક્ષાના કોમ્પ્યુટરાઈઝેશન અંગે **""સ્કોચ ચેલેન્જર એવોર્ડ-૨૦૦૮""** (SKOCH CHALLENGER AWARD-૨૦૦૮), (૨) ગ્રામ્ય કક્ષાના કોમ્પ્યુટરાઈઝેશનથી ગ્રામ જીવનમાં થયેલ સંચારક્રાંતિના સંદર્ભમાં **""કાપામ-સર્ટીફીકેટ ઓફ એચીવમેન્ટ-૨૦૦૮""** (CAPAM-Certificate of Achievment-૨૦૦૮), તથા (૩) રાષ્ટ્રીય કક્ષાની કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા દ્વારા આઉટસ્ટેન્ડીંગ પ્રોજેક્ટ તરીકે **""સી.એસ.આઈ.નીહીલેન્ટ એવોર્ડ-૨૦૦૮""** (CSI-NIHILENT AWARD-૨૦૦૮ for Best e-Governance Project from Computer Society of India) મળ્યા છે. |

**આણંદ જિલ્લામાં ૧૨મા નાણાપંચની રકમનું આયોજન**

૬૪૫૫ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લા પંચાયત દ્વારા ૧૨મા નાણાપંચની ગ્રાન્ટમાં વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષ માટે વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે, | (૧) વર્ષ ૨૦૦૬-૦૭માં ૫૨૦.૪૯ લાખ<br>વર્ષ ૨૦૦૭-૦૮માં ૫૨૦.૪૯ લાખ |
| (૨) તેના અનુસંધાને વર્ષવાર કેટલા કામને વહીવટી મંજૂરી આપી, અને | (૨) વર્ષ ૨૦૦૬-૦૭માં ૫૨૪ કામો<br>વર્ષ ૨૦૦૭-૦૮માં ૭૯૦ કામો |
| (૩) તે પેટે કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૬-૦૭માં ૩૩૭.૮૦ લાખ<br>વર્ષ ૨૦૦૭-૦૮માં ૩૧૫.૮૦ લાખ<br>**કુલ ૬૫૩.૬૦** |

-----------

## પાટણ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ

૬૦૩૦ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ**(સમી) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડ મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

**રાજ્યમાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૫૦૧૨ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે

કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં કેટલા પંચાયત ઘરો સરકારે બનાવ્યા, અને

(૨) જર્જરીત પંચાયત ઘરોને નવા બનાવવા માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧) ૬૦૪.

(૨) બિલકુલ બેસવા લાયક ન હોય તેવા જર્જરીત પંચાયત ઘરોને સ્થાને નવા પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવાનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે.

--------------

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ**

૫૧૫૬ **શ્રી** બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ કેટલાં જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) કેટલા માનવદિનની રોજગારી ઉભી કરવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ ૧૬૮૨૯૨ જોબકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ૧૩૦૨૩૩૦ માનવદિનની રોજગારી ઉભી કરવામાં આવી.

--------------

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો**

૫૦૪૧ **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ નીચે મુજબ મકાનો બનાવવામાં આવ્યા.

| વર્ષ | આવાસોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૧૭૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૧૫૧ |

| | |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૧૫૧ |
| ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૦૮ અંતિત) | ૮૮૬ |
| કુલ : | ૪૨૧૧ |

(૨) તે પૈકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીને મળ્યો ?

(૨) તમામ આવાસોનો કબજો લાભાર્થીને મળેલ છે.

--------------

**ગારીયાધાર તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં આપેલ રોજગારી**

૬૨૮૩ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા. ૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ગારીયાધાર તાલુકામાં કેટલા શ્રમિકોને રોજગારી આપેલ છે, અને | (૧) ૯૯. |
| (૨) આ યોજના હેઠળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૮૮,૫૦૬/-. |

--------------

**રાજ્યમાં ઈકો ટુરીઝમ યોજના**

૫૮૩૭ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઈકો ટુરીઝમ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ઈકો ટુરીઝમ યોજના હેઠળ રાજ્યમાં કુલ-૪૨ પર્યાવરણીય પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવી ર?ા છે. જેમાં પ્રવાસન સ્થળોની જરૂરીયાત મુજબ ઈન્ટરપ્રિટેશન સેન્ટર, કેમ્પીંગ સુવિધા, ગાઈડ સુવિધા, નેચર ટ્રેઈલ્સ, સેનીટેશન અને પીવાના પાણીની સુવિધાઓ વગેરેનો વિકાસ કરવામાં આવી ર?ા છે. |

--------------

**વન અધિકાર કાયદા નીચે આદિવાસી ખેડૂતોને જંગલની જમીનો આપવા બાબત**

૬૨૯૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન અધિકાર કાયદા અન્વયે આદિવાસી ખેડૂતોને જંગલની જમીનો આપવાનું ઠરાવવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) રાજ્ય સરકાર આ જમીનોની સનદો વનબંધુ કલ્યાણ યોજના હેઠળના નામે આપે છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વલસાડ તથા નવસારી જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે તાલુકાવાર કુલ કેટલા આદિવાસી ખેડૂતોને જંગલની જમીનોની સનદ આપવામાં આવી ? | (૩) વન અધિકાર કાયદા અન્વયે આદિવાસી ખેડૂતોને જંગલની જમીનોની સનદો આપવાની થતી નથી પરંતુ અધિકારપત્ર આદેશ આપવાના થાય છે. તે મુજબ એકપણ અધિકાર પત્ર આપવામાં આવેલ નથી. |

--------------

**આણંદ જિલ્લામાં ભૂતિયા રેશનીંગ કાર્ડ નાબૂદ કરવા બાબત**

૫૭૭૬ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) નાબૂદ કરાયેલા ઉક્ત ભૂતિયા રેશનકાર્ડ પૈકી બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય યોજના હેઠળના કેટલા કાર્ડ હતા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ ૨૬૪૭૬ ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવામાં આવેલ છે.

(૨)

| | |
|---|---|
| બી. પી. એલ. | ૫૬૮૬ |
| એ. પી. એલ. | ૧૯૭૫૯ |
| અંત્યોદય | ૧૦૩૧ |
| **કુલ** | **૨૬૪૭૬** |

--------------

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોના પોતાના મકાનો**

૪૭૯૩ **શ્રી રામસિંહભાઈ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી, અને

(૨) તે ગ્રામ પંચાયતોને પોતાના મકાનો પૂરા પાડવા માટે સરકારે શી કાર્યવાહી કરી અથવા કરવા માગે છે ?

**જવાબ**

(૧) દરેક ગ્રામ પંચાયતોને પોતાના મકાનો છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૫૧૫૯ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ એન.આર.ઈ.જી.એ. યોજના હેઠળ કેટલા જોબ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) કેટલા માનવદિનની રોજગારી ઉભી કરવામાં આવી ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ એન.આર.ઈ.જી.એ. યોજના હેઠળ ૭૯૮૪૬ જોબકાર્ડ આપવામાં આવ્યા છે.

(૨) કચ્છ જિલ્લામાં એન.આર.ઈ.જી.એ. યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ૧૯૦૪૫૭ માનવદિનની રોજગારી ઉભી કરવામાં આવી છે.

--------------

**રાજ્યમાં પંચાયત ઘર બનાવવા બાબત**

૫૦૩૨ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં કેટલા પંચાયત ઘરો સરકારે બનાવ્યાં, અને

(૨) જર્જરીત પંચાયત ઘરોને નવા બનાવવા સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) ૬૦૪.

(૨) બિલકુલ બેસવા લાયક ન હોય તેવા જર્જરીત પંચાયત ઘરોને સ્થાને નવા પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવાનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે.

--------------

**વેડા-ગોવિંદપુરા-ગ્રામ પંચાયત અલગ કરવા બાબત**

૬૪૨૮ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વેડા-ગોવિંદપુરા, તા. કલોલ, જિ. ગાંધીનગરના વેડા ગામથી ગોવિંદપુરાની અલગ પંચાયત કરવા માટે વેડા ગ્રામ પંચાયતે કરેલા ઠરાવ ઉપર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતે ઠરાવ કરેલા છે કે કેમ, અને

(૨) જો ઠરાવ નથી થયો તો કઈ જોગવાઈ હેઠળ ગોવિંદપુરા પંચાયત અલગ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**આણંદ જિલ્લામાં ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં આપેલ માનવદિનની રોજગારી**

૪૮૩૬ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ સુધીમાં તાલુકાદીઠ ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ છે. સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાદીઠ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ નીચેની વિગતે માનવદિનની રોજગારી આપવામાં આવેલ છે જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | તા. ૩૧-૧૨-૦૮ સુધી આપવામાં આવેલ માનવદિનની રોજગારી |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૪૮૦ |
| ૨ | ઉમરેઠ | ૪૦૩૬ |
| ૩ | બોરસદ | ૨૧૧૩૬ |
| ૪ | આંકલાવ | ૧૮૯૧ |
| ૫ | પેટલાદ | ૨૯૭૦ |
| ૬ | સોજીત્રા | ૪૪૧૮ |
| ૭ | ખંભાત | ૩૫૮૦૩ |
| ૮ | તારાપુર | ૧૬૪૪૨ |
| | **કુલ...** | **૯૦૧૭૬** |

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૮ સુધી રૂા. ૩૫.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

--------------

**બારડોલી તાલુકામાં આવેલ મુરલીધર ગેસ એજન્સીમાંથી બાટલા મોડા મળવા બાબત**

૬૨૯૩ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં આવેલ મુરલીધર ગેસ એજન્સી ધ્વારા ગ્રાહકોને ૩૦ દિવસ પછી જ ખાલી બાટલાને બદલે ભરેલા બાટલા આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી.

સુરત જીલ્લાના બારડોલી તાલુકામાં આવેલ મુરલીધર ગેસ એજન્સી ધ્વારા ગ્રાહકોને રીફીલની નોંધણી નિયમ મુજબ અગાઉ મળેલ રીફીલ ડીલીવરીના ૨૧ દિવસ બાદ બુકીંગ કરવામાં આવે છે અને બુકીંગ થયા બાદ સ્ટોક

(૨) જો હા, તો તે અંગે સરકાર તપાસ કરીને પગલાં લેવા માંગે છે કે કેમ ?

મુજબ નોંધણીની પ્રાયોરીટી પ્રમાણે ૭ દિવસ સુધીમાં સામાન્ય રીતે ડીલીવરી આપવામાં આવે છે.

(૨) ઉપરોક્ત (૧) મુજબની હકીકત હોઈ પ્રશ્ન નથી.

--------------

**પંચમહાલ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ પકડવા બાબત**

૫૦૫૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ પકડવામાં આવ્યા, અને

(૨) આવા ભૂતિયા કાર્ડ બનાવનાર અધિકારી / કર્મચારી સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૧૮૮૬૮ ભૂતિયા રેશનકાર્ડ પકડવામાં આવ્યા.

(૨) રેશનકાર્ડ ઈસ્યુ કરે ઘણા વર્ષો થયા હોઈ તેમજ કાર્ડ ઈસ્યુ થયા તે વખતના રેકર્ડ અને કર્મચારીઓની જવાબદારી નક્કી કરી શકાય તેવી સ્થિતિ નથી.

--------------

**સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો**

૫૭૬૩ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા આવાસો વર્ષવાર પૂર્ણ થયા છે, અને

(૩) કેટલા આવાસો પૂર્ણ કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં ૪૪૪૨,
વર્ષ ૨૦૦૮-૦૯માં ૪૮૫૪

(૨) વર્ષ ૨૦૦૭-૦૮માં ૪૩૯૭,
વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૨૧૭

(૩) ૨૬૮૨

--------------

**આદિજાતિ વિસ્તારોમાં રાંધણ ગેસ આપવા બાબત**

૫૦૩૪ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ કુટુંબોને રાંધણ ગેસ આપવાની કોઈ વિચારણા છે કે કેમ ?

**જવાબ**

હા, જી.

--------------

**રાજ્યમાં સમરસ ગ્રામ પંચાયતો**

૪૯૮૭ **શ્રી હનુભાઈ ધોરાજીયા(લાઠી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૮ થી ડિસેમ્બર-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થઈ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

(૩) તે માટે સરકારે કોઈ વિશિષ્ટ અનુદાન આપવાની જોગવાઈ કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૬૦૬.

(૨) ૪૫૭.

(૩) હા, જી. નીચે મુજબ વિશિષ્ટ અનુદાન આપવાની જોગવાઈ કરી છે.

(૧) ૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રા.પં. ને રૂા. ૧.૦૦ લાખ અને ૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતી ગ્રા.પં. ને રૂા. ૧.૫૦ લાખનું પ્રોત્સાહક અનુદાન આપી શકાય છે.

(૨) સતત બીજીવાર સમરસ થતી ગ્રા.પં.ને ઉપર (૧)

ના ધોરણ ઉપરાંત ૨૫ ટકા વધારાનું પ્રોત્સાહક અનુદાન આપી શકાય છે.

(૩) જો સંપૂર્ણ મહિલા સમરસ ગ્રા.પં. થાય તો ઉપર ક્રમ (૧) અને (૨) ના ધોરણોથી બમણું રકમ પ્રોત્સાહક અનુદાન આપી શકાય છે.

-------------

**રાજકોટ જિલ્લામાં ૧૦૦ ચોરસવાર પ્લોટની અરજીઓ બાબત**

૬૦૬૯ **શ્રી મોહંમદજાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર જમીન મેળવવા કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલા અરજદારોને ૧૦૦ ચોરસવાર પ્લોટ મંજૂર કરવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) કેટલા સમયમાં આ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | લોધીકા | ૩૭ |
| ૨ | ઉપલેટા | ૧૬૦ |
| ૩ | રાજકોટ | ૯૮૧ |
| ૪ | પડધરી | ૩૪૭ |
| ૫ | વાંકાનેર | ૧૭૫ |
| ૬ | મોરબી | ૧૮૨ |
| ૭ | માળીયા મી. | ૦ |
| ૮ | ટંકારા | ૨૫૭ |
| ૯ | જસદણ | ૧૫૭ |
| ૧૦ | જેતપુર | ૨૦૯ |
| ૧૧ | ગોંડલ | ૦ |
| ૧૨ | કોટડા સાંગાણી | ૧૩૭ |
| ૧૩ | ધોરાજી | ૧૬૯ |
| ૧૪ | જામકંડોરણા | ૧૭૦ |
| | **કુલ...** | **૨૯૮૧** |

(૨) ૧૪૮૯.

(૩) ૫૩૮ (નામંજૂર - ૯૫૪ થયેલ છે)

(૪) માર્ચ-૨૦૦૯ સુધીમાં જુદા જુદા તાલુકામાં લેન્ડ કમીટી બોલાવી નિર્ણય કરવામાં આવશે.

-------------

**૪૩/page>ટોટલ સેનીટેશન પ્રોગ્રામ નીચે આંગણવાડી, બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓને મળેલ લાભ**

૫૦૦૨ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

-

**પ્રશ્ન**

ટોટલ સેનીટેશન પ્રોગ્રામ નીચે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આંગણવાડીઓને તથા કેટલા એ.પી.એલ. અને બી.પી.એલ. લાભાર્થીઓને લાભ મળ્યો છે ?

**જવાબ**

ટોટલ સેનીટેશન પ્રોગ્રામ નીચે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં ૪૫૦૫ આંગણવાડીઓમાં શૌચાલય સંકુલો બનાવવામાં આવેલ છે તથા ૫,૪૭,૮૮૪ એ.પી.એલ. કુટુંબો તેમજ ૫,૧૪,૨૨૭ બી.પી.એલ. લાભાર્થીઓએ વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે આ યોજના અંતર્ગત લાભ મેળવેલ છે.

-------------

**હજીરા ખાતે એસ્સાર કંપનીએ પચાવી પાડેલ જમીન અંગે નાયબ વન સરંક્ષણ અધિકારીની ફરીયાદ**

૬૧૫૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત ખાતેના હજીરા (સુવાલી) ખાતેની એસ્સાર કંપનીએ સર્વે નં. ૪૩૪/અ/૧/૧ની રૂપિયા ૨૫૦ કરોડની જમીન પચાવી પાડી તે અંગેની વ્યારાના નાયબ વન સરંક્ષણ અધિકારીએ કરેલ ફરિયાદ અંગે સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

નાયબ વન સંરક્ષક, વ્યારા વન વિભાગના અહેવાલ મુજબ સુરત નજીક હજીરા (સુવાલી)ના સર્વે નં. ૪૩૪/અ/૧/૧ના વન વિસ્તારમાં એસ્સાર કંપની ધ્વારા દબાણ થયેલ છે. સદરહુ બાબતે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ અન્વયે કાર્યવાહી હાથ ધરાયેલ છે.

--------------

**ઈ-ગ્રામ યોજનામાં સર્વિસ સેન્ટરોની કનેકટીવીટી**

૪૯૯૭ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ઈ-ગ્રામ યોજના અંતર્ગત રાજ્યમાં સર્વિસ સેન્ટરોની કનેકટીવીટી કરવામાં આવી છે, અને

(૨) આ યોજનાથી વિભાગને અને લોકોને શું લાભ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) વિભાગને વહીવટી રીતે કામગીરીમાં ઝડપ, ગામ સાથે સીધો સંપર્ક, સમય-નાણાનો બચાવ, સરકારી યોજનાઓનું સીધું માર્ગદર્શન અને કુદરતી આપત્તિ સમયે સીધો સંપર્ક બચાવ માટે ઉપયોગી થશે.
(૨) ગ્રામ્ય લોકોને જરૂરી પ્રમાણપત્ર, જમીન મહેસુલના ઉતારા, ખેત ઉત્પાદનના ભાવ, શૈક્ષણિક સુવિધા, અરજી પત્રોની ઉપલબ્ધી વગેરે ઓનલાઈન મળી શકશે. વીજળીના બીલ ગામમાં ભરવાની સુવિધા, સ્વજનો સાથે ઈ-મેઈલ સંપર્ક, રાજ્યની કોઈ પણ ગ્રામ પંચાયત સાથે VoIP ની મદદથી વિના મૂલ્યે વાતચીત થઈ શકશે.

--------------

**આદિવાસી લોકોની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે જોગવાઈ**

૬૦૬૧ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૮-૦૯ના વર્ષના બજેટમાં રાજ્યના આદિવાસી લોકોની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જાળવી રાખવા માટે સરકારે કોઈ જોગવાઈ કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી જોગવાઈ કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૧૩.૨૫ લાખ.

--------------

**ટંકારા ખાતે પંચાયત હસ્તકના બાલમંદિરોની સંખ્યા**

૪૮૩૮ **શ્રી હરિલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ટંકારા ખાતે પંચાયત હસ્તકના કેટલા બાલમંદિરો કાર્યરત છે,

(૨) આવા બાલમંદિરોમાં દબાણો થયા છે કે કેમ, અને

(૩) તે દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ટંકારા ગ્રામ પંચાયત હસ્તક બાલમંદિરનું મકાન છે, પરંતુ કાર્યરત નથી.

(૨) હા,

(૩) દબાણ દૂર કરવા ગ્રામ પંચાયતને જણાવવામાં આવેલ છે.

--------------

**આદિજાતિ વિસ્તારોમાં રાંધણગેસ આપવા બાબત**

૪૯૯૪ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ કુટુંબોને રાંધણગેસ આપવાની કોઈ વિચારણા છે કે કેમ ? | હા, જી. |

**આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા થયેલ એમ.ઓ.યુ.**

૬૯૩૦ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે

કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારના આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા ક્યા ક્યા પ્રકારની તાલીમ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, | (૧) ૧. ઓટોમોબાઈલ<br>૨. બી.પી.ઓ. અને રીટેઈલ<br>૩. બાંધકામ<br>૪. હોસ્પીટાલીટી |
| (૨) તેમાં ઉદ્યોગ વાઈઝ કેટલા આદિવાસી બાળકોને તાલીમ આપી, અને | (૨)<br>૧. ઓટોમોબાઈલ ૪૦<br>૨. બી.પી.ઓ. અને રીટેઈલ ૨૬૩<br>૩. બાંધકામ ૭૫૦<br>૪. હોસ્પીટાલીટી ૨૨૧ |
| (૩) તેમાં કેટલાને સદરહુ ઉદ્યોગોએ નોકરી આપી | (૩)<br>૧. ઓટોમોબાઈલ ૧૭<br>૨. બી.પી.ઓ. અને રીટેઈલ ટ્રેનીંગચાલુ છે.<br>૩. બાંધકામ ૪૭૦<br>૪. હોસ્પીટાલીટી ૧૨૪ |

------------

**ઈ-ગ્રામ યોજનામાં સર્વિસ સેન્ટરોની ક્નેક્ટીવીટી કરવા બાબત**

૫૦૧૭ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ઈ-ગ્રામ યોજના અંતર્ગત રાજ્યમાં કેટલા સર્વિસ સેન્ટરોની ક્નેક્ટીવીટી કરવામાં આવી છે, | (૧) કુલ : ૧૩૪૪૨ સર્વિસ સેન્ટર્સને ક્નેક્ટીવીટી અપાઈ છે. |
| (૨) કેટલા સેન્ટરો બાકી છે, અને | (૨) ૨૫૧ |
| (૩) આ યોજનાથી વિભાગને અને લોકોને શું લાભ થશે ? | (૩) (૧) વિભાગને વહીવટી રીતે કામગીરીમાં ઝડપ, ગામ સાથે સીધો સંપર્ક, સમય-નાણાનો બચાવ, સરકારી યોજનાઓનું સીધું માર્ગદર્શન અને કુદરતી આપત્તિ સમયે સીધો સંપર્ક બચાવ માટે ઉપયોગી થશે.<br>(૨) ગ્રામ્ય લોકોને જરૂરી પ્રમાણપત્ર, જમીન મહેસૂલના ઉતારા, ખેત ઉત્પાદનના ભાવ, શૈક્ષણિક સુવિધા, અરજીપત્રોની ઉપલબ્ધિ વગેરે ઓનલાઈન મળી શકશે. વીજળીના બીલ ગામમાં ભરવાની સુવિધા, સ્વજનો સાથે ઈ-મેઈલ સંપર્ક, રાજ્યની કોઈપણ ગ્રામ પંચાયત સાથે VoIP ની મદદથી વિના મુલ્યે વાતચીત થઈ શકશે. |

## તાપી જિલ્લામાં વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ

૫૧૪૮ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવરચિત તાપી જિલ્લા પંચાયતમાં વર્ગ-૧ અને ૨ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) બાકી રહેતી ખાલી જગ્યાઓ ઉપર કેટલા સમયમાં નિમણૂંક કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની તેવી -ચાર વર્ગ-૧ અને ચાર વર્ગ-૨ની જગ્યાઓ મંજુર થયેલ છે.

(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની તેવી -બે વર્ગ-૧ અને બે વર્ગ-૨ની જગ્યાઓ ભરાયેલ છે.

(૩) સંબંધિત સંવર્ગમાં અધિકારીશ્રીઓ ઉપલબ્ધ થતા સત્વરે.

## આણંદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યાઓ

૪૯૧૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯ |
| ૨ | ઉમરેઠ | ૦૩ |
| ૩ | બોરસદ | ૧૮ |
| ૪ | આંકલાવ | ૦૮ |
| ૫ | પેટલાદ | ૧૪ |
| ૬ | સોજીત્રા | ૦૬ |
| ૭ | ખંભાત | ૧૭ |
| ૮ | તારાપુર | ૦૮ |
| | **કુલ :** | **૯૩** |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) મહેસૂલ વિભાગ હસ્તક મહેસૂલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત થતાં તલાટી-કમ-મંત્રી પાસે મહેસૂલી કાર્યો કરવાના રહેતા ન હોઈ તલાટી-કમ-મંત્રીની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

--------------

## આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો

૪૬/page> ૫૭૬૫ **શ્રીમતી જયોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા

કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ થયા છે, અને

(૩) કેટલા આવાસો પૂર્ણ થવાના બાકી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૯૦૧
વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૩૧૭

(૨) વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૪૭૭
વર્ષ ૨૦૦૮-૦૯માં ૭૭૨

(૩) ૨૫૪૫

--------------

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો**

૫૦૦૧ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીને સોંપ્યો ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ નીચે મુજબ મકાનો બનાવવામાં આવ્યા.

| વર્ષ | આવાસોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૧૭૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૧૫૧ |
| ૨૦૦૮-૦૯<br>(તા. ૩૧-૧૨-૨૦૦૮ અંતિત) | ૮૮૬ |
| **કુલ :** | **૪૨૧૧** |

(૨) તમામ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવેલ છે.

**નર્મદા જિલ્લામાં વન તલાવડીઓ**

૫૮૧૨ **શ્રી હર્ષદભાઈ વસાવા(રાજપીપળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં વન વિભાગ દ્વારા નર્મદા જિલ્લામાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કોઈ વન તલાવડી બનાવવામાં આવી નથી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ગીર અભ્યારણ્યમાં આમરડી ખાતેથી પ્રવેશ આપવા બાબત**

૫૩૧૨ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર અભ્યારણમાં જવા માટે અમરેલી જિલ્લામાં આમરડી ખાતેથી પ્રવેશ મળે તે રીતે પ્રવાસીઓને આકર્ષવા માટેની યોજનાની વિગતો શું છે, અને

(૨) આ યોજના અંતર્ગત કામગીરી તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ગીર અભ્યારણ્યમાં જવા માટે આમરડી ખાતેથી પ્રવેશ આપવા હાલમાં કોઈ યોજના/આયોજન નથી. આમરડી ખાતે દેવળીયાની જેમ વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રિટેશન સેન્ટર બનાવવાની યોજના છે.

(૨) આ યોજના માટે કાયદાકીય પરવાનગી મેળવવામાં આવેલ છે. જેથી આ યોજનાનું કાર્ય ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

-------------

**વડોદરા જિલ્લામાં તલાટીઓની ઘટ**

૫૭૮૯ **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ તલાટીઓની કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૭૭

(૨) મહેસૂલ વિભાગ હસ્તક મહેસૂલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત થતાં તલાટી-કમ-મંત્રી પાસે મહેસૂલી કાર્યો કરવાના રહેતાં ન હોઈ તલાટી-કમ-મંત્રીની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

-------------

**બી.પી.એલ. કુટુંબો માટે પામોલીન તેલનો બફર સ્ટોક**

૫૭૮૩ **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯ માટે બી.પી.એલ. કુટુંબોને સસ્તા દરે પામોલીન તેલ મળી રહે તે માટે બફર સ્ટોક કરવાનું આયોજન કર્યુ હતું કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા મેટ્રીક ટન જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો હતો ?

**જવાબ**

(૧) અને (૨)

સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯ માટે અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને સસ્તા દરે પામોલીન તેલ મળી રહે તે માટે ૨૦,૦૦૦ મે. ટન પામોલીન તેલનું વિતરણ કરવામાં આવેલ હતું.

--------------

**સમી અને હારીજ તાલુકામાં ખેડૂતોના પાકને નીલગાય ધ્વારા થતું નુક્સાન**

૬૦૩૧ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ**(સમી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ દરમ્યાન પાટણ જિલ્લાના સમી અને હારીજ તાલુકામાં નીલગાયો ધ્વારા ખેડૂતોના ઊભા પાકને ખૂબ મોટું નુક્સાન થાય છે તે બાબત સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર ધ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાંટાળા તારની ૫૦ ટકા સહાયની યોજના અમલમાં છે. ખેડૂતોના પાકને મોટું નુક્સાન કરતી રંજાડગ્રસ્ત રોઝનો નિકાલ કરવા માટે નીચે દર્શાવેલ સંખ્યા મુજબના ગામોના સરપંચશ્રીઓને માનદ્ વન્ય પ્રાણી સંરક્ષક તરીકે તા. ૬-૭-૨૦૦૬ તથા તા. ૨૭-૧-૦૯ના જાહેરનામાથી સત્તા આપવામાં આવેલ છે.

| | સમી તાલુકાના ગામોની સંખ્યા | હારીજ તાલુકાના ગામોની સંખ્યા |
|---|---|---|
| તા. ૯-૭-૦૬ના જાહેરનામાથી | ૧૨ | ૯ |
| ૨૭-૧-૦૯ના જાહેરનામાથી | ૬૫ | ૩૫ |
| **કુલ :** | ૭૭ | ૪૪ |

-------------

**વન વિભાગ ધ્વારા બનાવેલ હરિહર વન**

૫૮૪૪ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (જામ ખંભાળીયા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ ધ્વારા હરિહર વન ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૨) આ વન કેટલા હેકટર જમીનમાં બનાવેલ છે, અને

(૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હરિહર વન જુનાગઢ જિલ્લાના સોમનાથ મુકામે ત્રિવેણી ઘાટ ખાતે બનાવવામાં આવેલ છે.

(૨) આ વન ૧.૭૩ હેકટર જમીનમાં બનાવવામાં આવેલ છે.

(૩) આ વનમાં મુખ્યત્વે બીલી, પીંપળો, વડ, કદમ, બોરસલ્લી, અર્જુન સાદડ, અશોક, ગરમાળો, ખેર, પારસપીપળો વગેરે વૃક્ષો વાવવામાં આવ્યા છે.

-------------

**દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા ગામની જમીનનો કબજો આપવા બાબત**

૫૧૪૭ **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા ગામની સર્વે નં. ૯૮ વાળી જમીન સરકારી પડતર હેડે દાખલ કરેલ જમીનનો હજુ વન વિભાગ તરફથી રેવન્યુ વિભાગને કબજો ક્યા કારણોસર સોંપવામાં આવેલ નથી, અને

(૨) સર્વે નં. ૯૮ પેકીની એ ૨૭૧.૦૩ ગુંઠા વાળી જમીનની માપણી કરાવી જમીન રેવન્યુ ખાતાને ક્યાં સુધી સોંપવામાં આવશે ?

**જવાબ**

(૧) સર્વે નંબર ૯૮ પેકીની જમીનને ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ની કલમ-૪ હેઠળથી કલમ-૨૦ હેઠળ જાહેર કરવાની પ્રક્રિયા દરમ્યાન રેકર્ડ ઉપરનો વિસ્તાર અને ખરેખર માપણી મુજબના વિસ્તારમાં ૨૭૧.૦૩ એ.ગુ. નો તફાવત આવેલ. વાસ્તવિક રીતે આ જમીન ડીલીટ થઈ નથી. પરંતુ રેકર્ડ પરની ભુલને કલમ-૨૦ના જાહેરનામામાં સુધારી લેવામાં આવેલ હોઈ, તે જમીન રેવન્યુ ખાતાને સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સુરત જિલ્લામાં સખી મંડળોની રચના**

૫૧૫૭ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) આ સખી મંડળોને સરકાર ધ્વારા શું શું સવલતો આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૨૧૯૭.

(૨) સખી મંડળોને સરકાર દ્વારા વિવિધ પ્રકારની તાલીમ રૂા. ૫૦૦૦/-રિવોલ્વીંગ ફંડ અને બેંક સાથે લીકેંજ દ્વારા આર્થિક પ્રવૃત્તિ માટે પ્રોત્સાહનની સુવિધા આપવામાં આવે છે.

-------------

**ભાવનગર જિલ્લામાં વોટરશેડ યોજનાના કામ**

૬૧૨૯ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળના કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પેકી કેટલાં પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧મી ડીસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળના કોઈ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

-------------

**અમદાવાદ શહેરમાં જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનોની ઘટ**

૫૭૮૭ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં વસ્તીના પ્રમાણમાં જાહેર વિતરણ વ્યવસ્થાની કેટલી દુકાનોની ઘટ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

શહેરી વિસ્તારમાં ૫૦૦૦ની વસ્તીએ એક દુકાન મંજૂર કરવાની નીતિ પ્રમાણે અમદાવાદ શહેરમાં રેશનકાર્ડની

(૨) આ ઘટ દૂર કરવા સરકારે શાં પગલાં લીધા ?

વસ્તી પ્રમાણે ખોલવાપાત્ર દુકાનોની સંખ્યા સામે ૨૩૭ દુકાનોની ઘટ છે. પરંતુ તા. ૫-૧૦-૦૬ના ઠરાવની નીતિ મુજબ વસ્તીના પ્રમાણ ઉપરાંત ૪૦ ટકા બી.પી.એલ. રેશનકાર્ડ ધ્યાને લઈ નવી દુકાન ખોલવાનું નક્કી થયેલ છે. આમ કરવાનું કારણ એ છે કે બી.પી.એલ. કાર્ડમાં જથ્થાનો ઉપાડ થતાં સંચાલકને કમિશન મળે છે. એ.પી.એલ.માં જથ્થાનો ઉપાડ નહિવત હોય છે. તેથી દુકાનની પોષણક્ષમતા જાળવવાના હેતુથી બી.પી.એલ. વસ્તીનું ધોરણ ચકાસવાનું નક્કી થયેલ છે. આ પ્રમાણે જોતા દુકાનોની ઘટ હોવા છતાં કોઈ નવી દુકાન ખોલવાપાત્ર થતી નથી આથી કોઈ પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

--------------

## વિજાપુર તાલુકા પંચાયતનું મહેકમ

૫૨૧૫ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં તાલુકા પંચાયતનું મંજૂર થયેલું મહેકમ કેટલું છે, | (૧) ૧૦૪. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) ૧૫. |
| (૩) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

--------------

## ખેડા જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રોજગારી

૪૭૪૯ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ખેડા જિલ્લામાં તાલુકા દીઠ ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં એન.આર.ઈ.જી. એ યોજનાનો અમલ તા. ૧-૪-૦૮થી થયેલ છે. તેથી સને ૨૦૦૭-૦૮ની માહિતી શુન્ય છે.

સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૨૫૫૨૯૯ માનવદિત રોજગારી આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | માનવદિન |
|---|---|
| બાલાસિનોર | ૧૮૫૫૯ |
| ઠાસરા | ૩૦૩૮૪ |
| માતર | ૧૦૦૩૪ |
| વિરપુર | ૧૪૦૯૫૫ |
| ખેડા | ૬૫૯ |
| મહેમદાવાદ | ૧૩૬૩૦ |
| કઠલાલ | ૧૮૩૦૫ |
| મહુધા | ૯૧૬૦ |
| કપડવંજ | ૪૪૬૬ |
| નડીયાદ | ૯૧૪૭ |
| કુલ : | ૨૫૫૨૯૯ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ખેડા જિલ્લામાં એન.આર.ઈ.જી. એ યોજનાનો અમલ તા. ૧-૪-૦૮થી થયેલ છે. તેથી સને ૨૦૦૭-૦૮ની માહિતી શુન્ય છે.

સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૧,૬૧,૪૯,૮૮૫/- ખર્ચ કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **ખર્ચ (રૂા.)** |
|---|---|
| બાલાસિનોર | ૨૪૧૩૦૦૦ |
| ઠાસરા | ૩૨૨૫૬૨૨ |
| માતર | ૬૩૯૮૦૪ |
| વિરપુર | ૩૬૦૮૪૫૮ |
| ખેડા | ૩૩૫૦૧ |
| મહેમદાવાદ | ૧૬૪૩૦૦૦ |
| કઠલાલ | ૨૦૮૮૦૦૦ |
| મહુધા | ૧૩૩૪૦૦૦ |
| કપડવંજ | ૩૧૮૫૦૦ |
| નડીયાદ | ૮૪૬૦૦૦ |
| કુલ : | ૧૬૧૪૯૮૮૫ |

--------------

**ખેડા જિલ્લામાં ગ્રામ વિકાસ હેઠળ ચાલતી યોજનાઓમાં બહારની એન. જી. ઓ. સંસ્થાઓ**

૫૧૫૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ગ્રામ વિકાસ હેઠળ ચાલતી યોજનાઓમાં જિલ્લા બહારની કેટલી એન.જી.ઓ. સંસ્થાઓ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કામ કરે છે, અને | (૧) ૯ (નવ) |
| (૨) જિલ્લાની સ્થાનિક એન. જી. ઓ. ને આવા કામો નહી આપવાના કારણો શાં છે ? | (૨) ગ્રામ વિકાસની વિવિધ યોજનાની માર્ગદર્શિકા અને સ્થાયી સૂચના મુજબ ચકાસણી કરી નિયમાનુસાર પાત્રતા ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓને કામ આપવામાં આવેલ છે. |

--------------

૫૭૭૪ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવામાં આવી, અને | (૧) ૧૫ |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર કરવામાં આવી ? | (૨) ૧૧ |

--------------

**સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ગ્રાન્ટની ફાળવણી**

૬૩૨૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અન્વયે સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા કામો માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ-૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૨૦૦૮ અંતિત) તાલુકાવાર કુલ ગ્રાન્ટ નીચે મુજબ ફાળવેલ છે.

| તાલુકા | ગ્રાન્ટ રૂા. (લાખમાં) |
|---|---|
| ખેડબ્રહ્મા | ૧૨૬૪.૮૭ |
| વિજયનગર | ૬૦૩.૩૦ |
| ભિલોડા | ૧૨૪૮.૧૭ |
| મેઘરજ | ૬૨૭.૧૩ |
| ઈડર | ૯૪.૩૧ |

ફાળવેલ ગ્રાન્ટની કામવાર/તાલુકાવાર કુલ ફાળવણીની વિગતો *પરિશિષ્ટ-૧ના કોલમ-૮ મુજબ છે.

(૨) ક્યા ક્યા કામો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કામવાર ખર્ચની વિગતો *પરિશિષ્ટ-૧ના કોલમ-૯ મુજબ છે.

* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

--------------

**ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત**

૪૯૨૭**શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા એપ્રિલ-૨૦૦૮ થી ૩૧ ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી રાજ્યને શું ફાયદો થયો ?

**જવાબ**

(૧) સરકાર ધ્વારા એપ્રિલ-૨૦૦૮થી ૩૧ ડિસેમ્બર-૨૦૦૮ સુધીમાં ૬,૭૩,૭૪૦/- ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવામાં આવ્યા.

(૨) તેનાથી રાજ્યને જાહેર વિતરણ યોજના હેઠળ વિતરણ થતી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની બચત થઈ અને સબસીડીના દરે વિતરણ થતા જથ્થા સામે થતી સબસીડી બચાવી શકાય.

--------------

**કેન્દ્ર સરકાર તરફથી મળતા ઘઉં અને ચોખા**

૫૦૧૧**શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને શું ભાવે ઘઉં અને ચોખા મળે છે,

(૨) રાજ્ય સરકાર શા ભાવે લાભાર્થીઓને વિતરણ કરે છે, અને

(૩) રાજ્ય સરકાર દર વર્ષે કેટલા કરોડની સબસીડી ભોગવે છે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને યોજનાવાર નીચે મુજબના ભાવે ઘઉં અને ચોખા મળે છે.

(ભાવ પ્રતિ કિલોગ્રામ રૂા. પૈ.)

| યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|
| અંત્યોદય અન્ન યોજના | ૨.૦૦/- | ૩.૦૦/- |
| બી.પી.એલ. | ૪.૧૫/- | ૫.૬૫/- |
| એ.પી.એલ. | ૬.૧૦/- | ૮.૩૦/- |

(૨) રાજ્ય સરકાર યોજનાવાર હાલમાં નીચે મુજબના ભાવે ઘઉં-ચોખાનું વિતરણ કરે છે.

(ભાવ પ્રતિ કિલોગ્રામ રૂા. પૈ.)

| યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|
| અંત્યોદય અન્ન યોજના | ૨.૦૦/- | ૩.૦૦/- |
| બી.પી.એલ. | ૨.૦૦/- | ૩.૦૦/- |
| એ.પી.એલ. | ૭.૦૦/- | ૧૦.૦૦/- |

(૩) રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭-૦૮માં યોજનાવાર નીચે મુજબની સબસીડી ભોગવેલ છે.

| યોજના | સબસીડીની રકમ (રૂા.કરોડમાં) |
|---|---|
| એ.એ.વાય. | ૨૩ |
| બી.પી.એલ. | ૧૧૦ |
| એ.પી.એલ. | સબસીડી ભોગવવામાં આવતી નથી. |

--------------

**પંચમહાલ જિલ્લામાં ગ્રામમિત્રોની નિમણૂક**

૫૭૫૯**શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગ્રામમિત્રોની નિમણૂક

**જવાબ**

(૧) ૩૩૨૫

કરવામાં આવી,

(૨) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ૪૫

(૩) ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

--------------

**દાહોદ જિલ્લામાં નવા પંચાયત ઘર બનાવવા બાબત**

૬૪૦૩ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં પંચાયત ઘર નથી,

(૨) આ ગામોમાં પંચાયત ઘર બનાવવા રાજ્ય સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં આ કામ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૧૫ ગ્રામ પંચાયતો કે જે ગ્રામ વિભાજનથી નવી અસ્તિત્વમાં આવેલ છે. તેઓના પંચાયત ઘર નથી જેની વિગતો મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **બાકી પંચાયત ઘરની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧ |
| ૨ | ગરબાડા | ૫ |
| ૩ | ઝાલોદ | ૫ |
| ૪ | ફતેપુરા | ૧ |
| ૫ | લીમખેડા | ૩ |
| | **કુલ :** | **૧૫** |

(૨) આયોજન મંડળ, વિકાસશીલ તાલુકા, નાણાપંચ તેમજ સીડીપી-૫ યોજના હેઠળ પંચાયત ઘર બનાવવાનું આયોજન છે.

(૩) આયોજનમાં મંજૂર થયેથી.

--------------

**૫૩/page>વન વિભાગ ધ્વારા બનાવેલ માંગલ્ય વન**

૫૮૪૨ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ ધ્વારા માંગલ્ય વન ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૨) આ વન કેટલા હેકટર જમીનમાં બનાવેલ છે, અને

(૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા માંગલ્ય વન બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે કેલાસ ટેકરી ખાતે બનાવવામાં આવેલ છે.

(૨) આ વન ૩.૦૬ હેકટર જમીનમાં બનાવેલ છે.

(૩) આ વનમાં ટેકોમા, કદમ, ખાટી આમલી, વાંસ, બીલી, બોરસલ્લી, આસોપાલવ, વડ, પારસ પીપળો, ખેર, બહેડા, અરીઠા, લીમડો, આંબા, ગુગળ, મહુડો, અશોક, જાંબુ, કરંજ, પેલ્ટોફાર્મ, કડાયા, ગરમાળો, કૃષ્ણાર્જુન, સીમળો, અર્જુન સાદડ, ખીજડો, ફણસ, ઉબરો વગેરે જાતના વૃક્ષોના રોપા વાવવામાં આવેલ છે.

--------------

**વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો**

૫૭૬૭ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લા માટે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બાંધવાનું આયોજન હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વર્ષવાર કેટલા આવાસો પૂર્ણ થયા છે, અને

(૩) કેટલા આવાસો પૂર્ણ કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં ૮૭૩૩ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૭૯૮૫.

(૨) વર્ષ ૨૦૦૭-૦૮માં ૮૭૩૩ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૭૯૦.

(૩) ૫૧૯૫

------------

**૫૪/page>ખેડા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ આપવા બાબત**

૪૮૭૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કેટલા પરિવારોને બી.પી.એલ. કાર્ડ પૂરા પાડવામાં આવ્યા, અને

(૨) કેટલા પરિવારોને બી.પી.એલ. કાર્ડ આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા નીચે જણાવ્યા મુજબના પરિવારોને બી.પી.એલ. કાર્ડ પુરા પાડવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકો | રેશનકાર્ડ ધારકો |
|---|---|---|
| ૧ | નડીયાદ શહેર | -- |
| ૨ | નડીયાદ ગ્રામ્ય | -- |
| ૩ | માતર | -- |
| ૪ | ખેડા | -- |
| ૫ | મહેમદાવાદ | -- |
| ૬ | મહુધા | -- |
| ૭ | કઠલાલ | ૨ |
| ૮ | કપડવંજ | -- |
| ૯ | ઠાસરા | -- |
| ૧૦ | બાલાશિનોર | -- |
| ૧૧ | વિરપુર | -- |
| | કુલ :- | ૨ |

(૨) તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ કોઈપણ પરિવારને બી.પી.એલ. કાર્ડ આપવાની અરજી બાકીમાં નથી.

------------

**અમદાવાદ શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો**

૪૭૪૮**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સમયગાળામાં કેટલા કુટુંબોના નામો રદ કરવામાં આવ્યા, અને

(૩) આવા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને રેશનીંગ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા છે કે કેમ ?

**જવાબ**

(૧) બી.પી.એલ. રેશનકાર્ડ આધારીત વર્ષ ૨૦૦૭માં ૧,૦૪,૬૩૧ અને તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ ૧,૦૪,૦૨૯ બી.પી.એલ. કાર્ડ ધરાવતાં કુટુંબો છે.

(૨) ૧૬,૨૭૩ કુટુંબોના બી.પી.એલ. રેશનકાર્ડ રદ કરવામાં આવેલ છે.

(૩) હા. જી, પાત્રતા ધરાવતા કુટુંબોને ૧૨,૦૭૧ બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવેલ છે.

**વન વિભાગ દ્વારા પુનિત વન બનાવવા બાબત**

૫૮૧૫ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલ પુનિત વન પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) પુનિત વન કેટલા હેકટર જમીનમાં બનાવવામાં આવ્યું, અને

(૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ગાંધીનગર ખાતે બનાવેલ પુનિત વન પાછળ રૂા. ૭૩.૯૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) પુનિત વન ૬(છ) હેકટર વિસ્તારમાં બનાવવામાં આવેલ છે.

(૩) આ વનમાં આંબળા, જાંબુ, ખેર, સીસુ, વાંસ, પીપળો, વડ, ખાખરો, બીલી, અર્જુનસાદડ, બોરસલ્લી, સીમળો, ગરમાળા, ફણસ, ખીજડો, કદંબ, આંબા, લીમડા, મહુડા વગેરે વૃક્ષો વાવવામાં આવેલ છે.

------------

**અમદાવાદ શહેરમાં ગ્રાહક તકરાર નિવારણના કેસ**

૫૭૫૮ **શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો મળ્યા, અને

(૨) તે પેકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ-૨૪૨૮ કેસો મળ્યા

(૨) તે પેકી ૬૮૫ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારોને ફેરપ્રાઈઝ શોપ્સ જાહેર કરવા બાબત**

૫૧૫૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર પેકી કેટલા ગ્રાહક ભંડારોને મોડલ ફેરપ્રાઈઝ શોપ્સ તરીકે જાહેર કરવામાં આવ્યા ?

**જવાબ**

૭૬૦ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર પેકી ૪૨૪ ગ્રાહક ભંડારોને મોડલ ફેર પ્રાઈસ શોપ્સ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

------------

**રાજ્યમાં ઈકો ટુરીઝમ**

૫૮૨૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઈકો ટુરીઝમ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઈકો ટુરીઝમ યોજના હેઠળ રાજ્યમાં કુલ-૪૨ પર્યાવરણીય પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવી ર?ો છે. જેમાં પ્રવાસન સ્થળોની જરૂરીયાત મુજબ ઈન્ટરપ્રિટેશન સેન્ટર, કેમ્પીંગ સુવિધા, ગાઈડ સુવિધા, નેચર ટ્રેઈલ્સ, સેનીટેશન અને પીવાના પાણીની સુવિધાઓ વગેરેનો વિકાસ કરવામાં આવી ર?ો છે.

------------

**દાહોદ જિલ્લામાં એ.પી.એલ. કાર્ડ ધારકો માટે અનાજ**

૬૨૮૮ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર એ.પી.એલ. કાર્ડ ધારકો માટે કેટલા અનાજનો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ફાળવેલ જથ્થો (મે.ટન)

| તાલુકાનું નામ | ૨૦૦૭ | ૨૦૦૮ |
|---|---|---|
| દાહોદ | ૫૫૬ | ૩૪૦૫ |
| ગરબાડા | ૧૯૨ | ૯૦૫ |
| ઝાલોદ | ૫૧૦ | ૨૫૮૦ |
| ફતેપુરા | ૨૭૨ | ૧૩૩૦ |
| લીમખેડા | ૩૨૦ | ૧૬૮૫ |
| ધાનપુર | ૧૩૨ | ૬૪૫ |
| દેવગઢબારીયા | ૩૧૮ | ૧૫૮૦ |
| | ૨૩૦૦ | ૧૨૧૩૦ |

(૨) તાલુકાવાર એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી ?

(૨)

| તાલુકાનું નામ | ડીસેમ્બર ૨૦૦૮ અંતિત |
|---|---|
| દાહોદ | ૪૧૧૬૫ |
| ગરબાડા | ૧૦૨૨૨ |
| ઝાલોદ | ૩૧૦૪૪ |
| ફતેપરા | ૧૬૭૮૪ |
| લીમખેડા | ૧૮૫૨૬ |
| ધાનપુર | ૭૧૫૯ |
| દેવગઢબારીયા | ૧૮૪૪૪ |
| કુલ :-- | ૧૪૩૩૪૪ |

------------

**પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી રોજગાર યોજનામાં થયેલ કામ**

૫૭૭૦**શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂરું કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૮૧૮ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) ૧૨૮૯ કામો પ્રગતિ હેઠળ છે.

(૩) એન.આર.ઈ.જી.એ. ની જોગવાઈઓ અનુસાર પ્રગતિ હેઠળના કામો રોજગારીની માંગણીના સંદર્ભે પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે.

------------

**ભરૂચ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન નીચે ફાળવવામાં આવેલ રકમ**

૪૯૭૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કેટલી રકમ ક્યા ક્યા કામો માટે ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ રકમ પેકી કેટલા કામો પૂર્ણ થયા,

**જવાબ**

(૧)

- સને ૨૦૦૭-૦૮ માં ૯૭૨ કામો માટે રૂા. ૨૨૪૫.૩૭ લાખ
- સને ૨૦૦૮-૦૯ માં ૯૧૨ કામો માટે રૂા. ૮૦૫.૪૫ લાખ
  *** પત્રક--૧** સામેલ છે.

(૨)

- સને ૨૦૦૭-૦૮ માં ૭૮૦ કામો
- સને ૨૦૦૮-૦૯ માં ૫૮ કામો

(૩) કેટલા કામો પ્રગતિમાં છે અને કેટલા કામો હજુ શરૂ થયા નથી, અને

(૩)

| અ.નં. | વર્ષ | પ્રગતિ હેઠળના કામો | શરૂ ન થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૧૯૦ | ૦૨ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૯૩ | ૪૬૧ |

(૪) તે અન્વયે કુલ ખર્ચ કેટલો થયો ?

(૪)

- સને ૨૦૦૭-૦૮ માં ૯૭૨ કામો માટે રૂા. ૧૬૯૫.૧૯ લાખ
- સને ૨૦૦૮-૦૯ માં ૬૧૨ કામો માટે રૂા. ૧૩૨.૪૨ લાખ

**પત્રક--૧**

| અ.નં. | યોજના/કામનું નામ | વર્ષ-૨૦૦૭-૦૮ | | વર્ષ-૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | કામની સંખ્યા | ફાળવવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | કામની સંખ્યા | ફાળવવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) |
| ૧ | પાક અને કૃષિ વ્યવસ્થાના કામો | ૧૪ | ૫૦.૩૦ | ૨૬ | ૭૭.૯૮ |
| ૨ | ભુમી અને ભેજ સંરક્ષણના કામો | ૨૬ | ૩૯.૧૭ | ૧૧ | ૪.૯૫ |
| ૩ | પશુપાલનના કામો | ૧૪ | ૧૭.૫૫ | ૨૪ | ૧૪.૨૮ |
| ૪ | ડેરી વિકાસના કામો | ૨૫ | ૮૬.૨૧ | ૨ | ૧.૫૭ |
| ૫ | મત્સ્યોદ્યોગના કામો | ૧૦ | ૪.૫૯ | ૮ | ૨.૯૬ |
| ૬ | વન વિકાસના કામો | ૬ | ૪.૨૦ | ૫ | ૩.૬૪ |
| ૭ | સહકારના કામો | ૧ | ૦.૦૮ | ૦ | ૦.૦૦ |
| ૮ | ગ્રામ વિકાસના કામો | ૧૮ | ૩૫.૭૧ | ૨૮ | ૩૦.૪૭ |
| ૯ | નાનીસિંચાઈના કામો | ૧૮૦ | ૭૮૦.૫૦ | ૩૧ | ૧૫૫.૦૬ |
| ૧૦ | વિસ્તાર વિકાસના કામો | ૬ | ૧૦.૦૦ | ૫ | ૧૦.૫૦ |
| ૧૧ | નાનીસિંચાઈ કેપીટલ આઉટલના કામો | ૧૫ | ૪૪.૧૦ | ૦ | ૦.૦૦ |
| ૧૨ | વિજળીકરણના કામો | ૨૩ | ૨૩.૫૬ | ૧૮ | ૯.૯૮ |
| ૧૩ | ગ્રામ અને લઘુ ઉદ્યોગના કામો | ૨૮ | ૩૭.૦૪ | ૫ | ૪.૧૧ |
| ૧૪ | રસ્તા અને પુલોના કામો | ૧૩૯ | ૪૩૭.૨૬ | ૨૭ | ૭૯.૧૯ |
| ૧૫ | નાગરીક પુરવઠાના કામો | ૧ | ૦.૨૭ | ૦ | ૦.૦૦ |
| ૧૬ | સામાન્ય શિક્ષણના કામો | ૬૦ | ૧૧૨.૩૯ | ૩૬ | ૬૮.૨૪ |
| ૧૭ | તાંત્રિક શિક્ષણના કામો | ૨ | ૪.૩૫ | ૦ | ૦.૫૫ |
| ૧૮ | તબીબી અને જાહેર આરોગ્યના કામો | ૩૨ | ૧૪૨.૧૪ | ૪૪ | ૭૨.૯૫ |
| ૧૯ | પાણી પુરવઠાના કામો | ૧૨૨ | ૧૩૭.૪૬ | ૧૦૩ | ૭૨.૩૨ |
| ૨૦ | પાણી પુરવઠા કેપીટલ આઉટલેના કામો | ૪૫ | ૧૦૪.૮૦ | ૯૪ | ૭૬.૮૬ |
| ૨૧ | આવાસનના કામો | ૯૨ | ૩૬.૮૦ | ૧૦૫ | ૩૭.૯૨ |
| ૨૨ | આદિજાતિ કલ્યાણના કામો | ૨૧ | ૩૩.૩૨ | ૧૧ | ૧૯.૩૭ |
| ૨૩ | શ્રમ અને રોજગારના કામો | ૧૧ | ૧૩.૧૭ | ૦ | ૦.૩૬ |
| ૨૪ | પોષણના કામો | ૧૯ | ૪૮.૩૧ | ૧૦ | ૩૦.૫૨ |
| ૨૫ | મધ્યાહન ભોજનના કામો | ૬૨ | ૪૨.૦૯ | ૧૯ | ૩૧.૬૭ |
| | **કુલ :--** | **૯૭૨** | **૨૨૪૫.૩૭** | **૬૧૨** | **૮૦૫.૪૫** |

**ગાંધીનગર જિલ્લામાં વનીકરણ**

૫૮૧૧**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન તા.૩૧-૧-૦૯ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કેટલું વનીકરણ કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન તા. ૩૧-૦૧-૨૦૦૯ સુધીમાં ગાંધીનગર જિલ્લા ૫૨૦.૧૭૧૨ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) આ વનીકરણમાં કેવા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે ? | (૨) પેલ્ટોફોર્મ, દેશી બાવળ, કણજી, લીમડા, બોગનવેલ, ગુલમહોર, બોહનીયા, ગરમાળો, અરડુસા, કાઇજેલીયા, કરંજ, ગુંદા, કાસીદ, સીસુ, સેવન, સરગવો, નીલગિરી, વાંસ વગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |

------------

**આણંદ જિલ્લામાં જંગલ વિસ્તાર**

૬૩૧૨**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેક્ટર વિસ્તારમાં જંગલ વિસ્તાર આવેલ છે, | (૧) ગુજરાતમાં આવેલા વન વિસ્તારના અહેવાલ મુજબ આણંદ જિલ્લામાં જંગલ વિસ્તાર આવેલ નથી. |
| (૨) તાલુકાવાર કેટલા વિસ્તારમાં વન વિસ્તાર હોવો જરૂરી છે, અને | (૨) તાલુકાવાર વન વિસ્તાર માટે કોઇ મર્યાદા હોતી નથી. રાષ્ટ્રીય વન નિતી મુજબ ૩૩ ટકા ભૌગોલિક વિસ્તારમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર હોવો જોઇએ. |
| (૩) આણંદ જિલ્લામાં વન વિસ્તારનો વિકાસ કરવા માટે સરકારની શી યોજના છે ? | (૩) આણંદ જિલ્લામાં વૃક્ષ આચ્છાદિત વિસ્તારના વિકાસ માટે સામાજીક વનીકરણ વિભાગ હેઠળ ગ્રામ વન, પટ્ટી વાવેતર, (રોડ સાઇડ, કેનાલસાઇડ), આર.ડી.એફ.એલ. વગેરે તેમજ વન મહોત્સવ હેઠળ રોપ વિતરણ કરવામાં આવે છે. |

------------

**ગીરમાં સિંહોના રક્ષણ માટેની ગ્રાન્ટ**

૬૩૬૮**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર ફોરેસ્ટ એરીયા માટે સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સિંહોના રક્ષણ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી, | (૧) ગીર ફોરેસ્ટ એરીયા માટે સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સિંહોના રક્ષણ માટે કૂલ રૂપિયા ૧૬૯૨.૪૨ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે તા.૩૧-૧-૦૯ સુધીમાં કેટલી રકમ ફાળવી, અને | (૨) તા. ૩૧-૧-૦૯ સુધીમાં રૂ. ૧૬૧૮.૭૩ લાખની રકમ ફાળવવામાં આવેલ છે. |
| (૩) કેટલો ખર્ચ કઈ કઈ જ્યાએ કરવામાં આવ્યો? | (૩) પગાર માટે રૂ. ૫૯૭.૭૨ લાખ અને કામગીરી માટે રૂ. ૬૦૭.૨૧ લાખ મળી કુલ રૂ. ૧૨૦૪.૯૩ લાખનો ખર્ચ નીચેની ૧૭ રેન્જોમાં થયેલ છે.<br>વીસાવદર, ડેડકડી, દેવળીયા, સાસણ, તાલાલા, આંકોલવાડી, જામવાળા, બાબરીયા, છોડવડી, દલખાણિયા, પાણિયા, સરસિયા, સાવરકુંડલા, જસાધાર, હડાળા, તુલસીશ્યામ, સાસણ (અભ્યારણ્ય રેન્જ) |

**વન વિભાગ દ્વારા બનાવેલ માંગલ્ય વન**

૫૮૧૭ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન વિભાગ દ્વારા માંગલ્ય વન ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે, | (૧) વન વિભાગ દ્વારા માંગલ્ય વન બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે કેલાસ ટેકરી ખાતે બનાવવામાં આવેલ છે. |
| (૨) આ વન કેટલા હેક્ટર જમીનમાં બનાવેલ છે, અને | (૨) આ વન ૩.૦૬ હેક્ટર જમીનમાં બનાવેલ છે. |
| (૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ? | (૩) આ વનમાં ટેકોમા, કદમ, ખાટી આમલી, વાંસ, બીલી, બોરસલ્લી, આસોપાલવ, વડ, પારસ પીપળો, ખેર, બહેડા, અરીઠા, લીમડો, આંબા, ગુગળ, મહુડો, અશોક, જાંબુ, કરંજ, પેલ્ટોફોર્મ, કડાયા, ગરમાળો, કૃષ્ણાર્જુન, સીમળો, અર્જુન સાદડ, ખીજડો, ઉંબરો, ફણસ વગેરે જાતના વૃક્ષોના રોપા વાવવામાં આવેલ છે. |

------------

**પંચાયત ઘરો બનાવવા બાબત**

૪૯૧૯ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન રાજ્યમાં કેટલા પંચાયત ઘરો સરકારે બનાવ્યા, અને | (૧) ૬૦૪ |
| (૨) જર્જરીત પંચાયત ઘરોને નવા બનાવવા માટે સરકારે શું આયોજન કર્યુ છે ? | (૨) બીલકુલ બેસવા લાયક ન હોય તેવા જર્જરીત પંચાયત ઘરોના સ્થાને નવા પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવાનું રાજ્ય સરકાર આયોજન કરેલ છે. |

------------

**દાહોદ જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજનામાં એકલવ્ય મોડેલ સ્કૂલો**

૬૪૫૧ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં દાહોદ જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના અન્વયે કેટલી એકલવ્ય મોડેલ સ્કૂલો શરૂ કરવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આવી શાળાઓ જિલ્લાના ક્યા ક્યા સ્થળોએ શરૂ કરવામાં આવી ? | (૨) ભારતના બંધારણની કલમ-૨૭૫(૧) હેઠળની ગ્રાન્ટથી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-દાહોદ ખાતે વર્ષ ૨૦૦૭-૦૮થી શરૂ કરેલ છે. |

------------

**જામનગર જિલ્લામાં ભૂતિયા રેશનીંગકાર્ડ પકડવા બાબત**

૬૫૪૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે

કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાંથી તાલુકાવાર કેટલા ભૂતિયા રેશનકાર્ડ પકડવામાં આવ્યા, અને | (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર પકડવામાં આવેલ ભૂતિયા રેશનકાર્ડ નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | રદ કરેલ |
|---|---|---|

| | | કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૫૨૯૭ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૨૭૦૫ |
| ૩ | ધ્રોલ | ૧૩૧૪ |
| ૪ | જોડીયા | ૯૨૮ |
| ૫ | કાલાવાડ | ૧૬૪૬ |
| ૬ | લાલપુર | ૧૧૩૩ |
| ૭ | ખંભાળીયા | ૨૩૦૧ |
| ૮ | ભાણવડ | ૧૬૬૩ |
| ૯ | જામજોધપુર | ૧૫૫૫ |
| ૧૦ | કલ્યાણપુર | ૧૮૭૧ |
| ૧૧ | ધ્વારકા | ૧૧૭૯ |

(૨) આવા ભૂતિયા કાર્ડ બનાવનાર અધિકારી/ કર્મચારી સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) રેશનકાર્ડ ઈસ્યુ કરેલ ઘણા વર્ષો થયા હોઈ તેમજ કાર્ડ ઈસ્યુ થયા તે વખતના રેકર્ડ અને કર્મચારીઓની જવાબદારી નક્કી કરી શકાય તેવી સ્થિતિ નથી.

------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં રેશનકાર્ડ માટેની અરજીઓ**

૬૪૪૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકાઓમાં નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી,

(૨) કેટલા નવા રેશનીંગ કાર્ડ કાઢી આપવામાં આવ્યા, અને કેટલા બાકી ર?ા, અને

(૩) નવા રેશનીંગ કાર્ડ કાઢી ન આપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા, ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકાઓમાં નવા રેશનકાર્ડ માટે નીચે મુજબ અરજીઓ આવી.

સાયલા : ૨૧૩૨
ચોટીલા : ૩૧૫૧

(૨) આવેલ અરજીઓ પૈકી કાઢી આપવામાં આવેલ કાર્ડ તથા બાકી રહેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | આપેલ કાર્ડ | નામંજૂર અરજી | બાકી અરજીઓ |
|---|---|---|---|
| સાયલા | ૧૭૫૧ | ૨૭૭ | ૧૦૪ |
| ચોટીલા | ૩૦૨૩ | ૦૯૭ | ૦૩૧ |

(૩) આધાર પુરાવા રજુ કરેલ ન હોવાને કારણે અરજદારો અલગ રહેતા ન હોવાને કારણે રહેણાંક્નો આધાર રજુ કરેલ ન હોવાને કારણે

------------

**ગીર જંગલમાં ફોરેસ્ટ ક્વાર્ટર અને પોઈન્ટ ઉપર મૂકેલ સોલાર લાઈટ**

૬૧૦૩ **શ્રી બાવકુભાઈ ઉધાડ (બાબરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગીર જંગલમાં ફોરેસ્ટ ક્વાટર્સ અને પોઈન્ટ ઉપર મુકેલા સોલાર લાઈટમાં કેટલી સોલાર લાઈટ ચાલુ છે,

(૨) આ સોલાર લાઈટ પૈકી કેટલીક લાઈટો ઘણા સમયથી બંધ છે તે સરકાર જાણે છે કે કેમ, અને

(૩) ઉક્ત બંધ સોલાર લાઈટની બેટરીનું રીપેરીંગ કામ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૮૮ સોલાર લાઈટ ચાલુ છે.

(૨) હા, જી.

(૩) બંધ પડેલ ઉપકરણોના રીપેરીંગની કામગીરી માટે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (જેડા)ને, નાયબ વન સંરક્ષકશ્રી-ગીર (પશ્ચિમ) વિભાગ, જુનાગઢ તથા ગીર (પૂર્વ) વિભાગ, ધારી દ્વારા સંકલન કરવામાં આવી રહેલ છે.

------------

**કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજનામાં મળેલ અનાજનો જથ્થો**

૪૭૯૭ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજના હેઠળ તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલો અનાજનો જથ્થો રાજ્ય સરકારને ફાળવ્યો,

(૨) તે અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેટલા જથ્થાનો ક્યારે ક્યારે ઉપાડ કરવામાં આવ્યો, અને

(૩) કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ અનાજનો પૂરેપૂરો જથ્થો નહીં ઉપાડવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૬,૮૦,૧૬૦ મે. ટન

(૨) **પત્રક-મુજબ** (સામેલ છે)

(૩) રાજ્યના અંત્યોદય યોજનાના લાભાર્થીઓ માટે કેન્દ્ર સરકાર ધ્વારા ફાળવવામાં આવેલ અનાજના જથ્થા પેકી સરેરાશ ૯૦ ટકા જેટલા જથ્થાનું વિતરણ થતુ હોવાથી રાજ્ય સરકાર ધ્વારા વિતરણ માટે જરૂરીયાત મુજબ અનાજનો જથ્થો ભારતીય ખાધ નિગમમાંથી ઉપાડવામાં આવે છે.

**પત્રક**

**કેન્દ્ર સરકાર ધ્વારા અંત્યોદય અન્ન યોજના હેઠળ ફાળવવામાં આવેલ જથ્થામાંથી માહે જાન્યુઆરી-૦૭ થી ડીસેમ્બર-૦૮ દરમિયાન ભારતીય ખાદ્ય નિગમમાંથી ઘઉં-ચોખાના જથ્થાની માસવાર ઉપાડની વિગત નીચે મુજબ છે.**

ઉપાડેલ જથ્થો મે. ટનમાં

| ક્રમ | માસ | ઘઉં | ચોખા | મકાઈ | બાજરી |
|---|---|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી-૦૭ | ૯૧૯૮ | ૬૫૦૭ | | |
| ૨ | ફેબ્રુઆરી-૦૭ | ૧૫૩૭૩ | ૧૨૧૮૨ | | |
| ૩ | માર્ચ-૦૭ | ૮૮૬૦ | ૭૫૨૪ | | |
| ૪ | એપ્રિલ-૦૭ | ૧૪૯૭૩ | ૧૨૯૬૭ | | |
| ૫ | મે-૦૭ | ૧૨૦૩૭ | ૧૧૯૭૧ | | |
| ૬ | જુન-૦૭ | ૧૨૧૨૫ | ૯૩૮૪ | | |
| ૭ | જુલાઈ-૦૭ | ૧૫૩૭૩ | ૧૨૯૬૭ | | |
| ૮ | ઓગષ્ટ-૦૭ | ૧૩૧૦૫ | ૧૧૦૫૦ | | |
| ૯ | સપ્ટેમ્બર-૦૭ | ૧૨૨૩૩ | ૧૧૦૫૫ | | |
| ૧૦ | ઓકટોબર-૦૭ | ૧૪૬૩૨ | ૧૧૮૦૬ | | |
| ૧૧ | નવેમ્બર-૦૭ | ૧૫૩૫૪ | ૧૨૯૩૪ | | |
| ૧૨ | ડીસેમ્બર-૦૭ | ૧૧૬૧૭ | ૧૧૨૦૦ | | |
| ૧૩ | જાન્યુઆરી-૦૮ | ૧૦૩૩૪ | ૧૦૭૪૩ | | |
| ૧૪ | ફેબ્રુઆરી-૦૮ | ૧૫૩૭૩ | ૧૨૯૬૭ | | |
| ૧૫ | માર્ચ-૦૮ | ૭૫૮૮ | ૯૦૪૭ | ૨૪૦૦ | ૧૫૫૦ |
| ૧૬ | એપ્રિલ-૦૮ | ૧૫૩૭૩ | ૧૨૯૬૭ | | |
| ૧૭ | મે-૦૮ | ૧૫૩૨૯ | ૯૯૩૩ | | |
| ૧૮ | જુન-૦૮ | ૧૫૩૭૩ | ૧૨૪૩૮ | | |
| ૧૯ | જુલાઈ-૦૮ | ૧૫૩૭૩ | ૧૧૬૩૧ | | |
| ૨૦ | ઓગષ્ટ-૦૮ | ૧૫૩૭૩ | ૧૨૯૬૭ | | |
| ૨૧ | સપ્ટેમ્બર-૦૮ | ૧૫૩૭૩ | ૧૨૮૭૧ | | |
| ૨૨ | ઓકટોબર-૦૮ | ૧૪૫૮૦ | ૧૧૧૭૫ | | |
| ૨૩ | નવેમ્બર-૦૮ | ૧૫૩૭૩ | ૧૧૪૮૭ | | |
| ૨૪ | ડીસેમ્બર-૦૮ | ૧૪૮૪૧ | ૧૧૬૪૧ | | |
| | કુલ :- | ૩૨૫૧૬૩ | ૨૭૧૪૧૪ | ૨૪૦૦ | ૧૫૫૦ |
| કુલ ઘઉ, ચોખા તથા મકાઈ, બાજરી--૬૦૦૫૨૭ | | | | | |

------------

**૧૪૬**

**જામનગર જિલ્લામાં ભૂતિયા રેશનીંગ કાર્ડ નાબૂદ કરવા બાબત**

૫૭૭૮ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) નાબૂદ કરાયેલા ઉક્ત ભૂતિયા રેશનકાર્ડ પેકી બી.પી.એલ., એ.પી.એલ. અને કેટલા અંત્યોદય યોજના હેઠળના કેટલા કાર્ડ હતા ?

**જવાબ**

(૧) ૨૧૫૯૨ ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવામાં આવેલ છે.

(૨) બી.પી.એલ. -- ૧૨૫૬
એ.પી.એલ. -- ૨૦૦૬૩
અંત્યોદય -- ૨૭૩

------------

**ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ**

૬૨૮૪ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાનું વાવેતર થયેલ છે,

(૨) તેમાંથી તાલુકાદીઠ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ વાવેતર પેકી કેટલા રોપા નાશ પામેલ છે અને કેટલા રોપા ઉછરેલ જીવંત છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૭,૦૭,૦૦૩ રોપાઓનું વાવેતર થયેલ છે.

(૨) તાલુકા દીઠ નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|
| ઘોઘા | ૧૨,૫૫,૦૧૮ |
| પાલીતાણા | ૮,૪૧,૩૩૫ |
| બોટાદ | ૧૦,૭૧,૩૪૦ |
| મહુવા | ૧૧,૩૦,૯૮૩ |
| ભાવનગર | ૧૬,૬૦,૮૭૮ |
| વલ્લભીપુર | ૭,૫૬,૪૭૯ |
| ઉમરાળા | ૯,૧૦,૮૩૮ |
| તળાજા | ૧૭,૭૭,૨૭૦ |
| ગઢડા | ૯,૬૨,૬૨૯ |
| શિહોર | ૧૮,૧૨,૫૭૫ |
| ગારીયાધાર | ૬,૫૨,૩૪૪ |
| કુલ : | ૧,૨૮,૩૧,૬૮૯ |

(૩) આ વાવેતરો પેકી ૧,૭૦,૭૯૪ રોપાઓ નાશ પામેલ છે અને ૫,૩૬,૨૦૯ રોપાઓ જીવંત છે.

------------

**વલસાડ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૬૨૯૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૮ સુધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા જોબ કાર્ડ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તાલુકાવાર આપવામાં આવેલ જોબકાર્ડની વિગતો દર્શાવતું **પત્રક-૧** સામેલ છે.

**પત્રક-૧**

| તાલુકાનું નામ | આપેલ જોબકાર્ડની વિગત | | |
|---|---|---|---|
| | તા. ૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮ | તા.૧-૪-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ | કુલ |
| ધરમપુર | ૧૨૭૩૦ | ૫૫૩૦ | ૧૮૨૬૦ |
| કપરાડા | ૧૧૮૦૮ | ૭૭૯૧ | ૧૯૫૯૯ |
| પારડી | ૫૦૬૪ | ૯૪૬૧ | ૧૪૫૨૫ |
| ઉમરગામ | ૩૭૭૦ | ૨૩૫૭ | ૬૧૨૭ |

| | | | |
|---|---|---|---|
| વલસાડ | ૬૬૫૮ | ૧૪૮૯૬ | ૨૧૫૫૪ |
| કુલ :- | ૪૦૦૩૦ | ૪૦૦૩૫ | ૮૦૦૬૫ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૨) તાલુકાવાર આપવામાં આવેલ રોજગારીની વિગતો દર્શાવતું **પત્રક-૨** સામેલ છે.

**પત્રક-૨**

| તાલુકાનું નામ | આપેલ રોજગારીની વિગત (માનવદિન) | | | રોજગાર આપેલ કુટુંબોની વિગત | | |
|---|---|---|---|---|---|---|
| | તારીખ ૧-૪-૦૭ થી તારીખ ૩૧-૩-૦૮ | તારીખ ૧-૪૦૮ થી તારીખ ૩૧-૧૨૦૮ | કુલ | તારીખ ૧-૪-૦૭ થી તારીખ ૩૧-૩-૦૮ | તારીખ ૧-૪-૦૮ થી તારીખ ૩૧-૧૨-૦૮ | કુલ |
| **ધરમપુર** | **૫૨૮૯૮** | **૪૭૫૬૪** | **૧૦૦૪૬૨** | **૬૪૮૨** | **૧૪૧૭** | **૭૮૯૯** |
| **કપરાડા** | **૪૭૫૫૦** | **૩૬૧૦૦** | **૮૩૬૫૦** | **૪૪૭૫** | **૨૫૭૧** | **૭૦૪૬** |
| **પારડી** | **૧૮૮૪** | **૧૨૩૯** | **૩૧૨૩** | **૩૦૮** | **૧૫૪** | **૪૬૨** |
| **ઉંમરગામ** | **૦** | **૭૦૧** | **૭૦૧** | **૦** | **૧૦૬** | **૧૦૬** |
| **વલસાડ** | **૦** | **૬૫૦** | **૬૫૦** | **૦** | **૫૧** | **૫૧** |
| **કુલ :-** | **૧૦૨૩૩૨** | **૮૬૨૫૪** | **૧૮૮૫૮૬** | **૧૧૨૬૫** | **૪૨૯૯** | **૧૫૫૬૪** |

(૩) તાલુકાવાર અને વર્ષવાર આ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તાલુકાવાર અને વર્ષવાર કુલ ખર્ચની વિગતો દર્શાવતું **પત્રક-૩** સામેલ છે.

**પત્રક-૩**

| તાલુકાનું નામ | કરેલ ખર્ચની વિગત (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | તા. ૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮ | તા.૧-૪-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ | કુલ |
| ધરમપુર | ૩૦.૫૭ | ૩૯.૩૫ | ૬૯.૯૨ |
| કપરાડા | ૬૭.૬૧ | ૩૦.૯૬ | ૯૮.૫૭ |
| પારડી | ૧.૦૮ | ૧.૧૪ | ૨.૨૨ |
| ઉંમરગામ | ૦ | ૦.૪૫ | ૦.૪૫ |
| વલસાડ | ૦ | ૦.૩૫ | ૦.૩૫ |
| કુલ :- | ૯૯.૨૬ | ૭૨.૨૫ | ૧૭૧.૫૧ |

## પંચાયત વિભાગમાં મંજૂર થયેલ મહેકમ

૪૭૯૪ **શ્રી રામસિંહભાઈ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સચિવાલયના પંચાયત વિભાગમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ નું કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) વર્ગ-૧ ૧૫
વર્ગ-૨ ૨૨
વર્ગ-૩ ૯૭
વર્ગ-૪ ૨૫

(૨) આ મંજૂર થયેલ મહેકમ પૈકી તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

(૨) વર્ગ-૧ ૦૦
વર્ગ-૨ ૦૭
વર્ગ-૩ ૨૦
વર્ગ-૪ ૦૯

ઉપરોક્ત જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

## ૬૩/page>આણંદ જિલ્લામાં સરદાર આવાસ યોજના અંગે

૪૯૪૭ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સરદાર આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા મકાનો બનાવી અરજદારોને સોંપવામાં આવ્યાં ?

**જવાબ**

તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સરદાર આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મકાનો બનાવી અરજદારોને સોંપવામાં આવ્યા.

સને ૨૦૦૬-૦૭ ૭૧૯
સને ૨૦૦૭-૦૮ ૭૧૭
સને ૨૦૦૮-૦૯ ૧૩૦
કુલ ૧૫૬૬ (તા.૩૧-૧૨-૦૮ અંતિત)

------------

**પંચમહાલ જિલ્લામાં તલાટીઓની ઘટ**

૫૦૫૫ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ કેટલા તલાટીઓની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૧ |
| ૨ | શહેરા | ૧૦ |
| ૩ | લુણાવાડા | ૧૪ |
| ૪ | કાલોલ | ૨૦ |
| ૫ | હાલોલ | ૧૮ |
| ૬ | જાંબુઘોડા | ૦૭ |
| ૭ | સંતરામપુર | ૦૭ |
| ૮ | કડાણા | ૦૫ |
| ૯ | ઘોઘંબા | ૦૬ |
| ૧૦ | મોરવા(હ) | ૦૨ |
| ૧૧ | ખાનપુર | ૦૬ |
| | **કુલ** | **૧૦૬** |

(૨) આ ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

(૨) મહેસુલ વિભાગ હસ્તક મહેસુલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત થતાં તલાટી-કમ-મંત્રી પાસે મહેસુલી કાર્યો કરવાના રહેતા ન હોઈ તલાટી-કમ-મંત્રીની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

------------

**ડાંગ જિલ્લામાં દવ લાગવાના બનાવો**

૫૮૧૦ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં જંગલમાં દવ લાગવાના કેટલા બનાવો બન્યા, અને

(૨) દવથી થયેલ નુકસાનીની વિગતો શું છે ?

**જવાબ**

(૧) દવ લાગવાના કુલ ૨૦૦ બનાવો બન્યા.

(૨) ૧૨૦૮.૯૮ હેક્ટરમાં આશરે રૂા.૬૭૦૦૩/-નું નુકસાન થયેલ છે.

------------

**રાજ્યમાં ઈકો ટુરીઝમ યોજના**

૫૮૩૮ **શ્રી હનુભાઈ ધોરાજીયા(લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઈકો ટુરીઝમ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઈકો ટુરીઝમ યોજના હેઠળ રાજ્યમાં કુલ-૪૨ પર્યાવરણીય પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવી ર?ાો છે. જેમાં પ્રવાસન સ્થળોની જરૂરીયાત મુજબ ઈન્ટરપ્રિટેશન સેન્ટર, કેમ્પીંગ સુવિધા, ગાઈડ સુવિધા,

નેચર ટ્રેઈલ્સ, સેનીટેશન અને પીવાના પાણીની સુવિધાઓ વગેરેનો વિકાસ કરવામાં આવી ર?ાો છે.

------------

**રાજકોટ જિલ્લામાં પંચાયત ઘર ન હોવા બાબત**

૬૦૭૧ **શ્રી મોહંમદજાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં પંચાયત ઘર નથી, | (૧) દરેક તાલુકામાં પંચાયત ઘર છે. |
| (૨) પંચાયત ઘર બનાવવા સરકારનું શું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં પંચાયત ઘર બનાવવાનું શરૂ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કો. ઓપરેશને વન વિભાગને આપેલ લોન**

૬૯૫૫ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કો.ઓપરેશને રાજ્યના વન વિકાસ માટે ૮૩૦ કરોડની જંગી લોન સહાય ક્યારે મંજૂર કરી, | (૧) જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કો. ઓપરેશન (જેબીઆઈસી) હવે પછી જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કો. ઓપરેશન એજન્સી (જાયકા) દ્વારા જીએફડીપી ફેઝ-૨ માટે રૂ. ૮૩૦.૨૭ કરોડની લોન સહાય તા. ૩૦-૩-૦૭ના એગ્રીમેન્ટથી મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ બેંક દ્વારા રાજ્ય સરકારને ક્યારે ક્યારે કેટલી રકમ વન વિકાસ માટે ફાળવવામાં આવી, અને | (૨) આ બેંક દ્વારા રાજ્ય સરકારને સીધી લોનની રકમ ફાળવવામાં આવતી નથી. રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક વિકાસ યોજના હેઠળ કામગીરી પૂર્ણ કરી બેંક પાસેથી ભારત સરકાર મારફત રીએમ્બર્સમેન્ટ મેળવવામાં આવે છે. |
| (૩) ફાળવેલ રકમ પેકી કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વન વિકાસ માટે ખર્ચ કરવામાં આવી ? | (૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ જીએફડીપી પ્રોજેક્ટ હેઠળ એકંદરે રૂ. ૨૮૩૪.૯૬ લાખનો ખર્ચ થવા પામેલ છે. |

------------

**વન વિભાગ દ્વારા માંગલ્ય વન બનાવવા બાબત**

૫૮૩૬ **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વન વિભાગ દ્વારા માંગલ્ય વન ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે, | (૧) વન વિભાગ દ્વારા માંગલ્ય વન બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે કેલાસ ટેકરી ખાતે બનાવવામાં આવેલ છે. |
| (૨) આ વન કેટલા હેકટર જમીનમાં બનાવેલ છે, અને | (૨) આ વન ૩.૦૬ હેક્ટર જમીનમાં બનાવેલ છે. |
| (૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ? | (૩) આ વનમાં ટેકોમા કદમ, ખાટી આમલી, વાંસ, બોરસલ્લી, આસોપાલવ, વડ, પારસ પીપળો, ખેર, બહેડા, અરીઠા, લીમડો, આંબા, ગુગળ, મગહુડો, અશોક, જાંબુ, કરંજ, પ્લેટોફાર્મ, કડાયા, ગરમાળો, કૃષ્ણાર્જુન, સીમળો, અર્જુન સાદડ, ખીજડો, ઉબરો, ફણસ વગેરે જાતના વૃક્ષોના રોપા વાવવામાં આવેલ છે. |

------------

**ભાવનગર જિલ્લામાં પંચાયત કચેરી કમ તલાટી મંત્રી આવાસ ઘર મંજૂર કરવા બાબત**

૬૧૩૦ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ ગામોમાં | (૧) ૪૧ |

તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત ક્ચેરી કમ તલાટી મંત્રી આવાસ ઘર મંજૂર કરવામાં આવ્યા,

તાલુકાવાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૫ |
| ૨ | ઘોઘા | ૧ |
| ૩ | તળાજા | ૮ |
| ૪ | મહુવા | ૪ |
| ૫ | ગારીયાધાર | ૫ |
| ૬ | પાલીતાણા | ૬ |
| ૭ | શીહોર | ૩ |
| ૮ | ઉમરાળા | ૨ |
| ૯ | ગઢડા | ૪ |
| ૧૦ | બોટાદ | ૩ |
| | **કુલ :-** | **૪૧** |

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને

(૨) ૮

(૩) તેના માટે કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ?

(૩) રૂા. ૩૩.૧૭ લાખ.

------------

**વન વિભાગ દ્વારા બનાવેલ તીર્થન્કર વન**

૫૮૧૮ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા તીર્થન્કર વન ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૨) આ વન કેટલા હેક્ટર જમીનમાં બનાવેલ છે, અને

(૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તીર્થન્કર વન મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના તપોવન તારંગા ખાતે બનાવવામાં આવેલ છે.

(૨) આ વન ૫.૪૦ હેક્ટર જમીનમાં આવેલ છે.

(૩) આ વનમાં ટેકોમા ખાખરો, બોરસલ્લી, કદમ, સ્પેથોડીયા, સપ્તપર્ણી, કેલાસપતિ, અશોક, શરૂ પીન્કેસીયા, પીપળો, ખેર, ખીજડો, ચંદન, ઉમરો, આમળા, જાંબુ, સીસુ, વાંસ, સીમળો, વડ, બીલી, ગુગળ, ફણસ, આંબા, મહુડા, લીમડો, અર્જુન, સાદડ વગેરે વૃક્ષો વાવવામાં આવેલ છે.

------------

**ગાંધીનગર સેકટર-૭ માં આદર્શ નિવાસી શાળામાં રહેઠાણની વ્યવસ્થા**

૬૩૨૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે સેકટર-૭ માં ચાલતી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની આદર્શ નિવાસી શાળામાં રહેઠાણની વ્યવસ્થામાં તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ ક્યા ક્યા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને

(૨) એક રૂમમાં કેટલા વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે ?

**જવાબ**

(૧) સરકારી વસાહતના જ-ટાઇપના રૂમોમાં વિદ્યાર્થીઓના રહેઠાણની વ્યવસ્થા છે. આ ઉપરાંત પથારી પાંગરણ, થાળી-વાટકી, ગ્લાસ, ટ્રંક્સ તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવે છે.

(૨) ૬ (છ)

------------

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો**

૪૯૨૮ **શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ નીચે મુજબ મકાનો બનાવવામાં આવ્યા.

| વર્ષ | આવાસોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૧૭૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૧૫૧ |
| ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૦૮ અંતિત) | ૮૮૬ |
| **કુલ :-** | **૪૨૧૧** |

(૨) તે પૈકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીને સોંપ્યો ?

(૨) તમામ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવેલ છે.

------------

**નર્મદા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૫૮૧૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા.૩૧-૧૨-૦૮ સુધીમાં કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં સામાજીક વનીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં ૩૪.૬૦ લાખ રોપા ઉછેરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ રૂા. ૫૨.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

**પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબ કાર્ડ**

૫૭૭૧ **શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કેટલા જોબકાર્ડ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ આપવામાં આવ્યા, અને

(૨) આ સમય દરમ્યાન કેટલા માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ ૨૮૩૭૧ જોબકાર્ડ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ આપવામાં આવ્યા.

(૨) આ સમય દરમિયાન ૩૨.૫૮૪ લાખ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવી.

------------

**દાહોદ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ**

૬૪૦૪ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચોરસ વાર જમીન મેળવવા કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલા અરજદારોના ૧૦૦ ચોરસ વારના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચો.વાર જમીન મેળવવા કોઇ અરજીઓ મળેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

(૪) પ્રશ્ન નથી.

------------

**રાજ્યમાં સિંહોની વસ્તી**

૫૮૦૫ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સિંહોની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને

**જવાબ**

(૧) રાજ્યમાં પ્રાકૃતિક રીતે વસતા સિંહોની અંદાજીત વસતી ગણતરી માહે એપ્રિલ-૨૦૦૫ માં કરેલ હતી.

(૨) તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ સિંહોની સંખ્યા કેટલી છે ?

(૨) માહે એપ્રિલ-૨૦૦૫ માં અંદાજીત સિંહોની સંખ્યા ૩૫૯ ± ૧૦ હોવાનું નોંધાયેલ છે. ત્યારબાદ કોઇ ગણતરી હાથ ધરાયેલ નથી.

------------

**ખેડા જિલ્લામાં તાલુકાવાર કેરોસીનનો માસિક વપરાશ**

૪૮૭૪**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર કેરોસીનનો માસિક વપરાશ કેટલો છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર માહે જાન્યુઆરી-૨૦૦૯ ની સ્થિતિએ કેરોસીનનો માસિક વપરાશ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | માસિક વપરાશ (કિ.લી.માં) |
|---|---|---|
| ૧ | નડીયાદ શહેર | ૧૯૩ |
| ૨ | નડીયાદ ગ્રામ્ય | ૪૦૭ |
| ૩ | માતર | ૨૩૭ |
| ૪ | ખેડા | ૧૯૨ |
| ૫ | મહેમદાવાદ | ૩૮૩ |
| ૬ | મહુધા | ૧૯૭ |
| ૭ | કઠલાલ | ૨૫૯ |
| ૮ | કપડવંજ | ૩૨૮ |
| ૯ | ઠાસરા | ૪૨૪ |
| ૧૦ | બાલાશિનોર | ૧૮૩ |
| ૧૧ | વીરપુર | ૧૫૫ |
| | **કુલ :-** | **૨૯૫૮** |

(૨) તે સામે દરમાસે સરકાર તરફથી કેરોસીનનો કેટલો પુરવઠો પૂરો પાડવામાં આવે છે ?

(૨) તે સામે દર માસે સરકાર તરફથી પૂરો પાડવામાં આવેલ કેરોસીનના જથ્થાની વિગતો નીચે મુજબ છે.

(જાન્યુઆરી-૨૦૦૯ ની સ્થિતિએ)

| ક્રમ | તાલુકાનું નામ | સરકારશ્રી તરફથી ફાળવેલ જથ્થો (કિ.લી.માં) |
|---|---|---|
| ૧ | નડીયાદ શહેર | ૧૯૩ |
| ૨ | નડીયાદ ગ્રામ્ય | ૪૦૭ |
| ૩ | માતર | ૨૩૭ |
| ૪ | ખેડા | ૧૯૨ |
| ૫ | મહેમદાવાદ | ૩૮૩ |
| ૬ | મહુધા | ૧૯૭ |
| ૭ | કઠલાલ | ૨૫૯ |
| ૮ | કપડવંજ | ૩૨૮ |
| ૯ | ઠાસરા | ૪૨૪ |
| ૧૦ | બાલાશિનોર | ૧૮૩ |
| ૧૧ | વીરપુર | ૧૫૫ |
| | **કુલ :-** | **૨૯૫૮** |

------------

**અમદાવાદ શહેરમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા**

૫૧૩૦ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ બી.પી.એલ. ૧,૦૦,૪૨૯ અને એ.પી.એલ. ૧૦,૦૯,૫૫૧ કાર્ડ ધારકોની સંખ્યા છે.

(૨) બી.પી.એલ. કાર્ડ ધારકો પેકી વિભાજીત થતાં કુટુંબોને એ.પી.એલ.ના કાર્ડ આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે ?

(૨) હા. જી, બી.પી.એલ. કાર્ડ ધારક કાર્ડ મેળવવા અરજી કરે અને તેની ધોરણો/નીતિ મુજબ ચકાસણી કરવામાં આવે છે. આમ કરતાં જો બીપીએલ કાર્ડ ધારક બીપીએલનું કાર્ડ મેળવવા પાત્ર ન હોય તો એ.પી.એલ. કાર્ડ નિયમોનુસાર આપવામાં આવે છે.

------------

**વન વિભાગ દ્વારા બનાવેલ હરિહર વન**

૫૮૧૯ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા હરિહર વન ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૨) આ વન કેટલા હેકટર જમીનમાં બનાવેલ છે, અને

(૩) આ વનમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હરિહર વન જુનાગઢ જિલ્લાના સોમનાથ મુકામે ત્રિવેણી ઘાટ ખાતે બનાવવામાં આવેલ છે.

(૨) આ વન ૧.૭૩ હેક્ટર જમીનમાં બનાવવામાં આવેલ છે.

(૩) આ વનમાં મુખ્યત્વે બીલી, પીપળો, વડ, કદમ, બોરસલ્લી, અર્જુન સાદડ, અશોક, ગરમાળો, ખેર, પારસ પીપળો વગેરે વૃક્ષો વાવવામાં આવ્યા છે.

------------

**દાહોદ જિલ્લામાં જૂથ સિંચાઈ કૂવાઓ**

૬૨૮૯ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે વર્ષવાર અને તાલુકાવાર કુલ કેટલા જૂથ સિંચાઈ કૂવા મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| | | **વર્ષ ૨૦૦૭-૦૮ સંખ્યા** | **વર્ષ ૨૦૦૮-૦૯ સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૪ | ૨૩ |
| ૨ | ગરબાડા | ૬ | ૧૦ |
| ૩ | ઝાલોદ | ૧૪ | ૨૪ |
| ૪ | ફતેપુરા | ૮ | ૧૩ |
| ૫ | લીમખેડા | ૮ | ૧૪ |
| ૬ | ધાનપુર | ૫ | ૦૮ |
| ૭ | દેવગઢબારીયા | ૫ | ૦૮ |
| | **કુલ :-** | **૬૦** | **૧૦૦** |

(૨) આ પેકી કોઇ જૂથ સિંચાઇ કૂવો પૂર્ણ કરવામાં આવેલ નથી.

------------

**ભરૂચ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રોજગારી**

૪૯૭૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેટલા લોકોને રોજગારીની તકો આપવામાં આવી,

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૩૦૬૯૫ અને સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ અંતિત ૫૭૨૬૧ શ્રમિકોને રોજગારી આપવામાં આવી જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **રોજગારી આપેલ શ્રમિકોની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **૨૦૦૭-૦૮** | **૨૦૦૮-૦૯** | **કુલ** |
| જંબુસર | ૪૨૪૫ | ૧૯૪૦૨ | ૨૩૬૪૭ |
| આમોદ | ૨૬૭૬ | ૮૪૩ | ૩૫૧૯ |
| વાગરા | ૧૦૬૨ | ૭૪૦ | ૧૮૦૨ |
| ભરૂચ | ૫૪ | ૬૦૧ | ૬૫૫ |
| અંકલેશ્વર | ૭૨૭ | ૧૬૧૯ | ૨૩૪૬ |
| હાંસોટ | ૩૮૧ | ૩૩૨ | ૭૧૩ |

| | | | |
|---|---|---|---|
| વાલીયા | ૧૨૦૦૬ | ૨૦૭૦૦ | ૩૨૭૦૬ |
| ઝઘડીયા | ૯૫૪૪ | ૧૩૦૨૪ | ૨૨૫૬૮ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ભરૂચ જિલ્લાને ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં રૂા. ૯૫૦.૨૭ લાખની રકમ ફાળવવામાં આવી અને સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રૂા. ૭૬.૮૮ લાખની રકમ ફાળવવામાં આવી. કુલ રૂા. ૧૦૨૭.૧૫ લાખની રકમ ફાળવવામાં આવી.

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ રૂા. ૧૩૩.૮૬ લાખ અને સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં (તા. ૩૧-૧૨-૦૮ અંતિત) રૂા. ૨૭૫.૮૯ લાખ મળી કુલ રૂા. ૪૦૯.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

**જૂનાગઢ જિલ્લામાં જંગલ વિસ્તારમાં રહેતા રબારી માલધારીને આદિજાતિના સર્ટિફિકેટ આપવા બાબત**

૫૧૦૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં રબારી માલધારીને ૧૯૫૬ પહેલા જંગલ વિસ્તારમાં રહેતા હોય તેને આદિજાતિના સર્ટિફિકેટ આપવાની જોગવાઈ છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં આવા પ્રમાણપત્રો આપવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) **પત્રક** ૧ કોલમ ૪ મુજબ.

(૩) મળેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) ૩૦૭૦

(૪) કેટલી પડતર છે ?

(૪) ૧૭૯૬.

**પત્રક - ૧**

| ક્રમ | તાલુકાનું નામ | ૧-૧-૦૭ ના રોજ બાકી અરજીની સંખ્યા | ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૮ સુધીમાં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જુનાગઢ | ૯૭ | ૭૮૫ |
| ૨ | વંથલી | ૯૩ | ૫૨૬ |
| ૩ | ભેંસાણ | ૦ | ૦ |
| ૪ | માણાવદર | ૦ | ૮૩૯ |
| ૫ | વિસાવદર | ૦ | ૭૯૫ |
| ૬ | કેશોદ | ૮૧ | ૧૨૨૪ |
| ૭ | માંગરોળ | ૪૯૯ | ૮૩૭ |
| ૮ | માળીયા હા. | ૯૦ | ૪૯૮ |
| ૯ | મેંદરડા | ૨૪ | ૪૪૧ |
| ૧૦ | વેરાવળ | ૭૯ | ૯૩ |
| ૧૧ | તાલાલા | ૧૯૪ | ૧૬૭૨ |
| ૧૨ | સુત્રાપાડા | ૦ | ૨૧૪ |
| ૧૩ | કોડીનાર | ૪ | ૨ |
| ૧૪ | ઉના | ૮૭ | ૩૧૨ |
| | કુલ :- | ૧૨૪૮ | ૮૨૩૮ |

------------

**અમદાવાદ જિલ્લામાં ઈ-ગ્રામ યોજનામાં બ્રોડ બેન્ડ કનેકટીવીટી**

૫૧૬૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા ગામોને બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવામાં આવ્યા છે,

(૨) કેટલા ગામો બાકી છે, અને

(૩) આ બાકી રહેલ ગામોને ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૪૪.

(૨) ૧૭૨.

(૩) બાકી રહેલ ૧૭૨ ગ્રામ પંચાયતોને બનતી ત્વરાએ કાર્યરત કરવામાં આવશે.

------------

**ન્યુ ગુજરાત પેટર્ન નીચે દાહોદ- પંચમહાલ અને વડોદરા જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ**

૬૪૫૯ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ, પંચમહાલ અને વડોદરા જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ક્યા ક્યા તાલુકામાં કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) તે અન્વયે કેટલી ગ્રાન્ટ વપરાયા વિનાની છે?

**જવાબ**

(૧) તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટ

(રકમ રૂા. લાખમાં)

| **ક્રમ** | **જીલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **૨૦૦૭-૦૮માં ફાળવેલ ગ્રાન્ટ** | **૨૦૦૮-૦૯ (૩૧-૧૨-૦૮ની સ્થિતિએ) ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ જિલ્લા કક્ષા | ૫૬૭.૪૮ | ૦.૦૦ |
| | | દાહોદ | ૧૨૫૩.૭૪ | ૬૯૩.૪૩ |
| | | ગરબાડા | ૫૫૭.૩૫ | ૩૧૬.૦૦ |
| | | ઝાલોદ | ૧૨૯૫.૧૬ | ૬૧૬.૬૧ |
| | | ફતેપુરા | ૬૪૭.૭૦ | ૩૩૩.૮૯ |
| | | લીમખેડા | ૮૧૮.૪૦ | ૪૫૨.૧૩ |
| | | ધાનપુર | ૪૭૪.૦૩ | ૨૩૪.૦૩ |
| | | દેવગઢબારિયા | ૪૪૦.૮૬ | ૨૩૮.૩૯ |
| ૨ | પંચમહાલ | શહેરા | ૬૨.૬૫૪ | ૪૪.૬૨૩ |
| | | મોરવાહડફ | ૨૮૭.૫૧૧ | ૧૩૫.૨૧ |
| | | ગોધરા | ૧૫૩.૦૫૧ | ૮૨.૯૫ |
| | | કાલોલ | ૫૦.૩૩૪ | ૨૫.૪૭ |
| | | જાંબુઘોડા | ૪૫.૨૭૭ | ૨૮.૯૭ |
| | | ઘોઘંબા | ૪૧૭.૭૯ | ૧૬૨.૨૬ |
| | | કડાણા | ૪૧૯.૪૯ | ૧૯૫.૮૮ |
| | | સંતરામપુર | ૮૩૭.૯૪ | ૫૨૯.૧૭ |
| | | ખાનપુર | ૭.૪૪ | ૩.૦૪ |
| | | હાલોલ | ૧૯૬.૩૪૨ | ૧૧૨.૦૧ |
| | | લુણાવાડા | ૪.૭૫૧ | ૬.૬૩ |
| ૩ | વડોદરા | છોટાઉદેપુર | ૮૫૯.૦૦ | ૪૮૧.૧૬ |
| | | ક્વાંટ | ૮૫૯.૦૦ | ૪૮૧.૧૬ |
| | | જેતપુરપાવી | ૧૦૯૩.૦૦ | ૬૧૨.૩૮ |
| | | નસવાડી | ૬૨૫.૦૦ | ૩૪૯.૯૪ |
| | | સંખેડા | ૪૬૯.૦૦ | ૨૬૨.૪૬ |

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ વડોદરા જીલ્લામાં રૂા.૧૫૦.૪૨ લાખ.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ મિત્રોની નિમણૂંક

૬૪૪૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા ગ્રામ મિત્રોની નિમણૂંક કરવામાં આવી હતી, અને

(૨) આ ગ્રામ મિત્રો દ્વારા શું કામગીરી કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) ચોટીલા-૪૬૫
સાયલા-૩૦૯

(૨) ગ્રામમિત્રો દ્વારા સરકારી નીતિઓ, કાર્યક્રમો, વિવિધ યોજનાઓના સંદર્ભમાં ગ્રામજનોને જરૂરી માર્ગદર્શન તથા મદદરૂપ થવાની કામગીરી કરવામાં આવે છે.

------------

## ગીધના સરંક્ષણ માટેની ડાયક્લોફેનાક દવાનું વેચાણ બંધ કરવા

૬૧૦૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીધના સરંક્ષણ માટે સરકાર દ્વારા ડાયક્લોફેનાક દવાનું વેચાણ રાજ્યમાં સંપૂર્ણ બંધ કરાવેલ છે કે નહીં, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા આ દવા નહિ વાપરવા માટે વર્તમાન પત્રોમાં કોઈ જાહેરાત આપેલ છે કે નહિં ?

**જવાબ**

(૧) ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ, ભારત સરકાર દ્વારા તેમના તા.૧૧-૫-૨૦૦૬ના પરિપત્રથી ડાયક્લોફેનાક દવાનો વપરાશ તબક્કાવાર બંધ કરવાનું સૂચન કરવામાં આવેલ અને તા.૪-૭-૦૮ના પરિપત્રથી ડાયક્લોફેનાક્નો ઉપયોગ પશુ સારવારમાં સદંતર બંધ કરવાનું અને મનુષ્ય માટે વપરાતી દવા ઉપરના લેબલ પર *"પશુ સારવાર માટે નથી"* નો સિક્કો લગાડવાનું જણાવેલ છે.

(૨) હા, જી.

------------

## ભાવનગર જિલ્લામાં નવી સસ્તા અનાજની દુકાનની જરૂરિયાત

૬૨૮૫ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વસ્તીની સંખ્યા અને કિલોમીટરની સ્થિતિએ કેટલી સસ્તા અનાજની નવી દુકાનની જરૂરીયાત છે, અને

(૨) જ્યાં નિયમસર નવી સસ્તા અનાજની દુકાન મંજૂર કરવાની થતી હોય તેવા વિસ્તારમાં કુલ રેશનકાર્ડના ૪૦ ટકા બી.પી.એલ. કાર્ડ ધારકો હોય તો જ નવી સસ્તા અનાજની દુકાન મંજૂરી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વસ્તીની સંખ્યા અને કિલોમીટરના ધોરણ મુજબ કોઇપણ સસ્તા અનાજની દુકાનની જરૂરીયાત નથી.

(૨) હા, જી.

## આણંદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ આપવા બાબત

૪૯૪૮ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળ જીવતા કેટલા પરિવારોને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળ જીવતા કેટલા પરિવારોને આપવામાં આવેલ બી.પી.એલ. કાર્ડની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ કાર્ડની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | આણંદ(શ) | ૪૬૯૭ |
| ૨ | આણંદ(ગ્રા) | ૨૪૬૦૫ |
| ૩ | ઉમરેઠ | ૧૧૮૯૧ |
| ૪ | આંક્લાવ | ૯૧૯૬ |
| ૫ | બોરસદ | ૨૨૭૦૮ |
| ૬ | પેટલાદ | ૧૫૧૮૫ |
| ૭ | સોજીત્રા | ૫૭૫૨ |
| ૮ | ખંભાત | ૧૮૭૪૮ |
| ૯ | તારાપુર | ૪૯૩૯ |
| | **કુલ** | **૧,૧૭,૭૨૧** |

(૨) કેટલા પરિવારોને કાર્ડ આપવાના બાકી છે ?

(૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નીચે મુજબ તાલુકાવાર પરિવારોને બી.પી.એલ. કાર્ડ આપવાના બાકી છે.

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ(શ) | ૦૧ |
| ૨ | આણંદ(ગ્રા) | ૦૪ |
| ૩ | ઉમરેઠ | ૦૦ |
| ૪ | આંક્લાવ | ૦૦ |
| ૫ | બોરસદ | ૦૦ |
| ૬ | પેટલાદ | ૦૦ |
| ૭ | સોજીત્રા | ૦૦ |
| ૮ | ખંભાત | ૦૦ |
| ૯ | તારાપુર | ૦૦ |
| | **કુલ** | **૦૫** |

------------

**પંચમહાલ જિલ્લામાં ગોચરની જમીનના દબાણો દૂર કરવા બાબત**

૫૦૫૭ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ ગોચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો સરકારમાં પડતર છે,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ પડતર છે.

| અ.નં. | તાલુકો | મળેલ ફરિયાદો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૨૩ |
| ૨ | મોરવા(હ) | ૪૨ |
| ૩ | લુણાવાડા | ૦૩ |
| ૪ | ખાનપુર | ૩૭ |
| ૫ | સંતરામપુર | ૦૨ |
| ૬ | કાલોલ | ૦૨ |
| ૭ | હાલોલ | ૦૧ |
| | કુલ | ૧૧૦ |

(૨) આ દબાણો દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૦૫ અન્વયે અધિકાર પરત્વે સંબંધિત ગ્રામ પંચાયત ધ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

(૩) કસુરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) કસુરવારોને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ અન્વયે નોટીસ આપી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-----------

# મહેસૂલ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## ગુજરાત હાઉસિંગ બોર્ડના રહીશોને સ્ટેમ્પડ્યૂટીમાંથી મૂકિત આપવા અંગે

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૪૪ અન્વયે નીચે જણાવેલી જાહેર અગત્યની બાબત પર નિવેદન કરું છું.

રાજયમાં મધ્યમ તથા ઓછી આવક ધરાવતા વર્ગોના પ્રજાજનોને મકાન/ફ્લેટના માલિક બની શકે તે માટે ગુજરાત હાઉસિંગ બોર્ડે મકાનો/ફ્લેટો બનાવીને લાભાર્થીઓને ફાળવણી કરેલ છે. ત્યારબાદ, મકાનની કિંમત પૂરી ભરપાઈ થયેથી હાઉસિંગ બોર્ડ મકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપે છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મૂળ લાભાર્થીઓને જે કિંમતે દસ્તાવેજ કરી આપે તે કિંમતને સ્ટેમ્પ ડયૂટીના હેતુ માટે ખરી બજાર કિંમત તરીકે માન્ય રાખવામાં આવેલ છે. હાઉસિંગ બોર્ડ દ્વારા જાન્યુઆરી-૨૦૦૮માં લાભાર્થીઓને દસ્તાવેજો કરી આપવાની ઝૂંબેશ હાથ ધરેલ છે, જેની મુદત નીચે જણાવેલ તબકકાવાર વધારી છેલ્લે તા. ૩૧.૭.૨૦૦૮ સુધી લંબાવવામાં આવેલ.

૧) તા.૧૩.૩.૨૦૦૮થી તા.૧૫.૪.૨૦૦૮
૨) તા.૧૬.૪.૨૦૦૮થી તા.૧૫.૫.૨૦૦૮
૩) તા.૧૬.૫.૨૦૦૮થી તા.૩૧.૫.૨૦૦૮
૪) તા.૧.૬.૨૦૦૮ થી તા.૩૦.૬.૨૦૦૮
૫) તા.૧.૭.૨૦૦૮ થી તા.૩૧.૭.૨૦૦૮

દસ્તાવેજ નોંધણી ઝૂંબેશની શરૂઆતથી અંત સુધીમાં હાઉસિંગ બોર્ડની જાગીર વ્યવસ્થાપક, અમદાવાદની કચેરીમાં ૨૩૨૦૭, વડોદરાની કચેરીમાં ૪૭૫૬, સુરતની કચેરીમાં ૧૬૯૩, રાજકોટની કચેરીમાં ૧૭૯૩ અને ભાવનગરની કચેરીમાં ૨૩૧૩ એમ મળીને કુલ ૩૩૭૬૨ અરજીઓ દસ્તાવેજ માટે મળેલ. તે પૈકી ૧૦૯૯૬ અરજીઓમાં દસ્તાવેજ કરી નિકાલ કરવામાં આવેલ છે. જયારે ૨૨૭૬૬ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે. જેમાં બોર્ડે લીધેલ અવેજ પ્રમાણે દસ્તાવેજ કરી આપવામાં આવે તો આશરે રૂપિયા ૭ કરોડની આવક સરકારશ્રીને પ્રાપ્ત થાય. જયારે નવી જંત્રી મુજબ ગણતાં સ્ટેમ્પ ડયૂટીની રકમ આશરે રૂા. ૧૬ કરોડ જેટલી થાય.

ગુજરાત હાઉસિંગ બોર્ડના કિસ્સામાં મૂળ લાભાર્થી દ્વારા મકાન પાવર ઓફ એટર્નીથી હાઉસિંગ બોર્ડમાં ટ્રાન્સફર ફી ભરીને અન્ય વ્યકિતને તબદિલ કરવામાં આવતા હતા. આથી મૂળ લાભાર્થી સિવાયના મકાન ધારકના કિસ્સામાં દસ્તાવેજમાં જણાવેલ મિલકતની ખરી બજાર કિંમત મુજબ સ્ટેમ્પ ડયૂટી ભરવાની થાય છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મૂળ લાભાર્થી દ્વારા પાવર ઓફ એટર્નીના આધારે અન્ય વ્યકિતને તબદિલ કરેલ કિસ્સાઓમાં પણ સામાન્ય રીતે નબળા કે મધ્યમ વર્ગના લોકો જ હોય છે. આવા સામાન્ય વર્ગના લોકો ઉપર હાઉસિંગ બોર્ડની ટ્રાન્સફર ફી ઉપરાંત બજાર કિંમત મુજબની સ્ટેમ્પ ડયૂટીનો બોજો ઉભો થતો હતો. આ બાબતે હાઉસિંગ બોર્ડ દ્વારા પાવર ઓફ એટર્નીના આધારે મિલકતમાં કબજેદાર તરીકેના વ્યવહારો અટકે તથા આવા કબજેદારના નામે દસ્તાવેજ થઈ શકે તે માટે હાઉસિંગ બોર્ડ મૂળ લાભાર્થી સિવાયના કિસ્સામાં પણ વેચાણ દસ્તાવેજ કરી આપે. તેમાં પણ દસ્તાવેજમાં જણાવેલ કિંમતનો ખરી બજાર કિંમત તરીકે ગણવાની રજૂઆત સરકારશ્રીને મળેલ.

ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોમાં મૂળ લાભાર્થી સિવાયના કિસ્સામાં પણ કબજેદારો સામાન્ય વર્ગના હોય છે. આ સંજોગોમાં હાઉસિંગ બોર્ડ દ્વારા દસ્તાવેજમાં જણાવેલ કિંમત અને ખરી બજાર કિંમતના તફાવતની રકમ ઉપર સ્ટેમ્પ ડયૂટી માફ કરવાનું વાજબી જણાયેલ છે. સાથોસાથ પાવર ઓફ એટર્નીના આધારે ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ટ્રાન્સફર ફી ભરેલ હોય તેવા પાવર ઓફ એટર્નીના દસ્તાવેજોમાં પણ આવા દસ્તાવેજો પર ભરેલ ડયૂટી ઉપરાંતની કાયદા મુજબ ભરવાપાત્ર થતી ડયૂટી માફ કરવાનું યોગ્ય જણાય છે. રાજય સરકારે તા. ૨૧-૭-૨૦૦૮ થી સ્થાવર મિલકતોને લગતા પાવર ઓફ એટર્નીના દસ્તાવેજોને ફરજીયાત નોંધણીને પાત્ર બનાવેલ છે. જેથી હવે તેના આધારે તબદિલીના કિસ્સાઓ થશે નહીં. આથી હાઉસિંગ બોર્ડ દ્વારા મૂળ લાભાર્થીઓ સિવાયના કિસ્સામાં વેચાણ દસ્તાવેજ કરાવનારે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અમલમાં મૂકવામાં આવેલ ખાસ દસ્તાવેજ ઝૂંબેશની વધારેલ મુદત તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં હાઉસિંગ બોર્ડને અરજી રજૂ કરેલ હોય તેવા કિસ્સાઓમાં હાઉસિગ બોર્ડ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી છ માસ એટલે કે, તા. ૧૫-૮-૨૦૦૯ સુધીની સમય મર્યાદામાં વેચાણ દસ્તાવેજ કરી આપે તેમાં તથા પાવર ઓફ એટર્નીના આધારે ટ્રાન્સફર ફી ભરેલ હોય તેવા તા. ૩૧-૭-૨૦૦૯ સુધી કરવામાં આવેલ પાવર ઓફ એટર્નીના લેખોમાં પણ સ્ટેમ્પ ડયુટીમાં માફી આપવાનું ઠરાવેલ છે.

આ અંગે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ ની કલમ ૯ હેઠળ રાજય સરકારને પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે હુકમ કરવામાંઆવેલ છે. આથી સમાજના મધ્યમ તથા ઓછી આવક જૂથના લોકોને દસ્તાવેજ પૂર્ણ કરવામાં રાહત અને સરળતા પ્રાપ્ત થશે અને તેઓએ ધારણ કરેલ મકાનના હક્કો સુરક્ષિત થતાં તેને લગતા વ્યવહારો કરવામાં પણ સરળતા રહેશે.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે તા. ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૯ ના રોજ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ થયો છે અને માનનીય સભ્યશ્રી હર્ષદભાઈ વસાવાએ જેને અનુમોદન આપ્યું છે એ નીચે મુજબ છે:-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે માનનીય સભ્યશ્રીઓ પોત પોતાના સુધારાઓ એકપછી એક રજૂ કરે.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારા ક્રમાંક: ૧ રજૂ કરું છું.

પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા:-

"પરંતુ દિલગીર છીએ કે-

"રાજયમાં પોલીસ સ્ટેશનોમાં પોલીસ વિરુધ્ધ જે ફરિયાદો નોંધાય છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારા ક્રમાંક:૩ રજૂ કરું છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"સુવર્ણજયંતિ ઉજવણી પ્રસંગે સંકલ્પ જ્યોત રથયાત્રા રાજ્યભરમાં ફરે છેઘ તે માટે સરકારી તંત્રનો ઉપયોગ થાય છે અને વહીવટી કામગીરી પણ ગંભીર અસરો પડે છે, તેબાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૪ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"ગ્રામ સભાઓમાં રજૂ થયેલા પ્રશ્નોનો અનેકવાર રજૂઆતો છતાં નિકાલ થતો નથી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૫ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"સબસિડીવાળા રાંધણગેસના રાજયમાં થતા વ્યાપક દૂરપયોગને કારણે આમજનતાને સરળતાથી ગેસ સિલિન્ડરો મળતાં નથી, તેવી થતી વ્યાપક ફરિયાદોનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૬ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"ગુજરાત રાજયમાં માથાદીઠ વીજવપરાશ ૧૪૨૪ યુનિટ છે, પરંતુ માથાદીઠ વીજ ઉત્પાદન કેટલું છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૭ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"રાજયમાં વધતા જતા શહેરીકરણ અને ઔદ્યોગિક વપરાશને ધ્યાને રાખીને નવા ચાર વીજ મથકોની કામગીરી શરૂ કરેલ છે, પરંતુ આ ચાર વીજ મથકોમાં કેટલું ઉત્પાદન, કયારથી શરૂ થશે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૯ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત કેમિકલયુકત પાણીવાળા અને ગંદા વિસ્તારોની સમસ્યા દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૦ રજૂ કરું છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ શહેરી વિસ્તારોના વિકાસ માટેના નાણાંના કરેલા ઉપયાગનો પ્રવચનમાં કોઈ ઉલલેખ નથી."

**સુધારા ક્રમાક:૧૦ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૧ રજૂ કરું છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"રાજયમાં લોકોને અપાતી વીજળીના દરમાં અને તેના ઉપર લેવાતા જુદા જુદા વેરામાં વધારો કરી લોકો ઉપર નાંખવામાં આવતા આર્થિક ભારણને દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૧૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૨ રજૂ કરું છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"નર્મદા યોજનાની ૧૮,૭૮૩ કિ.મિ.ની નહેરોનું બાંધકમ પૂર્ણ થયેલ છે, પરંતુ ખેતરો સુધી પણી પહોંચાડવા માટે નાની સબ કેનાલો બની શકી નથી, તેનો પવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૧૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૪ રજૂ કરું છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"વિધવા બહેનોની પેન્શન યોજનાની બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૧૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૬ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

રાજયમાં સને ૨૦૦૩ થી મૂડીરોકાણ સમજૂતી કરારો કર્યા પછી કેટલા ઉદ્યોગો તેમાંથી ખસી ગયા, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાક:૧૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૭ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"ઔદ્યોગિક મૂડીરોકાણને આકર્ષવા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ આયોજીત કરવાની પરંપરા ઉભી કરી છે, પરંતુ રાજયના હજારો નાના-મોટા ઉદ્યોગો માંદા એકમો છે અને બંધ હાલતમાં છે, તેમને પંનઃ ધમધમતા કરવા માટે સરકારે કરેલ આયોજબ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્ખ નથી."

**સુધારા ક્રમાક:૧૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૯ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત રાજય દેશમાં અગ્રિમ હરોળમાં છે, પરંતુ રાજયમાં વારંવાર દૂધના ભાવમાં વધારો કરી દેવાય છે અને દૂધ ઉત્પાદકોને તેનો લાભ મળતો નથી, તેબાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૧૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૦ રજૂ કરુ છું:-

પરંતુ દિલગીર છીએ કે:-

"નર્મદા કેનાલના ૧૮,૭૪૨૭૩ કિલોમિટર લંબાઈનાં નહેરોનાં કામ પૂણ થયેલ છે, પરંતુ કુલ કેટલા કિલોમિટર લંબાઈનાં નહેરોનાં કામો બાકી છે અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાક:૨૦ રજૂ કરવામાં આવ્યો.**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સુધારા સુધારાની એકત્રિત યાદી

| અ.નં | સુધારો | રજૂ કરનાર સભ્યશ્રી |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| | પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા :- "પરંતુ દિલગીર છીએ કે - | |
| ૧. | રાજયમાં પોલીસ સ્ટેશનોમાં પોલીસ વિરુધ્ધ જે ફરિયાદો નોંધાય છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી દીતાભાઈ મછાર |
| ૨. * | સુવર્ણજયંતિ ઉજવણી પ્રસંગે સંકલ્પ જયોત રથયાત્રા રાજયભરમાં ફરે છે, તે માટે સરકારી તંત્રનો ઉપયોગ થાય છે અને વહીવટી કામગીરી પર ગંભીર અસરો પડે છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૩. | રાજય સરકારે વીજ સુધારા સફળતાપૂર્વક અમલમાં મૂકેલ છે, પરંતુ વારંવાર ઘરવપરાશ, ખેતી અને ઉદ્યોગો માં વીજકાપ મૂકાય છે, જેથી ખેતી ઉદ્યોગને ભારે નુકશાન થાય છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪. | ગ્રામ સભાઓમાં રજૂ થયેલા પ્રશ્નોનો અનેકવાર રજૂઆતો છતાં નિકાલ થતો નથી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી સુરેશકુમાર પટેલ |
| ૫. | સબસિડીવાળા રાંધણ ગેસના રાજયમાં થતા વ્યાપક દૂરપયોગને કારણે આમ જનતાને સરળતાથી ગેસ સિલેન્ડરો મળતા નથી, તેવી થતી વ્યાપક ફરિયાદોનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૬. | ગુજરાત રાજયમાં માથાદીઠ વીજ વપરાશ ૧૪૨૪ યુનિટ છે, પરંતુ માથાદીઠ વીજ ઉત્પાદન કેટલું છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૭. | રાજયમાં વધતા જતા શહેરીકરણ અને ઔદ્યોગિક વપરાશને ધ્યાને રાખીને નવા ચાર વીજ મથકોની કામગીરી શરૂ કરેલ છે, પરંતુ આ ચાર વીજ મથકોમાં કેટલું ઉત્પાદન, કયારથી શરૂ થશે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૮. * | રાજયમાં બાળકોના થતા અપહરણના કિસ્સા અટકાવવા લીધેલા અસરકારક પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૯. | નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત કેમિકલયુકત પાણીવાળા અને ગંદા વિસ્તારોની સમસ્યા દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૧૦. | જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ શહેરી વિસ્તારોના વિકાસ માટેના નાણાંના કરેલા ઉપયોગનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૧. | રાજયમાં લોકોને અપાતી વિજળીના દરમાં અને તેના ઉપર લેવાતા જુદા જુદા વેરામાં વધારો કરી લોકો ઉપર નાખવામાં આવતા આર્થિક ભારણને દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૨. | નર્મદા યોજનાની ૧૮,૭૮૩ કિ.મી. ની નહેરોનું બાંધકામ પૂર્ણ થયેલ છે, પરંતુ ખેતરો સુધી પાણી પહોંચાડવા માટે નાની સબ કેનાલો બની શકી નથી, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૩. * | કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડિઝલના ભાવો ઘટાડેલ છે, પરંતુ રાજય સરકાર ધ્વારા પેટ્રોલ-ડિઝલ પર લેવાતા ઉંચા કરોમાં ઘટાડો કરી લોકોને રાહત આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૧૪. | વિધવા બહેનોની પેન્શન યોજનાની બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૧૫. * | વર્ષ ૨૦૦૮માં ૨,૬૬,૦૦૦ બેરોજગારોને રોજગારી અપાઈ છે, પરંતુ રાજયમાં કેટલા બેરોજગારો નોંધાયા છે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૧૬. | રાજયમાં સને ૨૦૦૩ થી મૂડીરોકાણ સમજૂતિ કરારો કર્યા પછી કેટલા ઉદ્યોગો તેમાંથી ખસી ગયા, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૧૭. | ઔદ્યોગિક મૂડીરોકાણને આકર્ષવા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ આયોજિત કરવાની પરંપરા ઉભી કરી છે, પરંતુ રાજયના હજારો નાના-મોટા ઉદ્યોગો માંદા એકમો છે અને બંધ હાલતમાં છે, તેમને પુન: ધમધમતા કરવા માટે સરકારે કરેલ આયોજન બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૧૮. * | જાન્યુઆરી-૨૦૦૯માં ચોથી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ આયોજિત કરી, પરંતુ અગાઉની ત્રણ વાયબ્રન્ટ સમિટમાં થયેલા કરારો પૈકી ખરેખર કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૧૯. | દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત રાજય દેશમાં અગ્રિમ હરોળમાં છે, પરંતુ રાજયમાં વારંવાર દૂધના ભાવમાં વધારો કરી દેવાય છે અને દૂધ ઉત્પાદકોને તેનો લાભ મળતો નથી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ભાવસિંહભાઈ રાઠોડ |
| ૨૦. | નર્મદા કેનાલના ૧૮,૭૮૩ કિલોમીટર લંબાઈના નહેરોના કામ પૂર્ણ થયેલ છે, પરંતુ કુલ કેટલા કિલોમીટર લંબાઈના નહેરોના કામો બાકી છે અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી હરીલાલ પટેલ |
| ૨૧ * | નર્મદા યોજનામાં નવેમ્બર-૨૦૦૮ સુધીમાં રુા.૨૬,૯૮૫.૫૦ કરોડ જેટલું મૂડીરોકાણ થયેલ છે, પરંતુ ભાગીદાર સાથી રાજયો પાસેથી લેવાની થતી રકમ વસુલ થઈ શકી નથી, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |

*** આ સુધારા સભાગૃહમાં રજૂ થયા નથી.**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી તરીકે પ્રથમવાર ચૂંટાયેલ હોવા છતાં આ ગૃહના સન્માનનીય નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કરવાની મને જેતક આપી છે એ બદલ હું ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રીનો અંત:કરણપૂર્વક આભાર માનું છું અને સાથે સાથે વ્યકિતગત રીતે હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત રહી કરેલ સંબોધન દ્વારા એક ઉચ્ચ પરંપરા અને પ્રણાલિકાનું જતન પણ કરેલ છે. નામદાર રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં ગુજરાતના વિકાસ મોડેલને આદર્શ મોડેલ તરીકે સમગ્ર દેશે સ્વીકાર કરવાની જે વાત કરી છે તે ગુજરાત માટે અત્યંત ગૌરવ અને આનંદની બાબત છે.સાથે સાથે ગુજરાતને હિન્દુસ્તાનના નકશા ઉપર પોતાની આગવી ઓળખ ઉભી કરી આપી છે. રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રીના કુશળ નેતૃત્વમાં ગુજરાતે ઔદ્યોગિક વિકાસમાં, સામાજિક વિકાસમાં, વ્યકિતગત વિકાસમાં, કૃષિ વિકાસમાં અને શિક્ષણ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. રાજયે કરેલા સર્વાંગી વિકાસના કારણે આદરણીય મુખ્ય મંત્રીશ્રીને તેમજ રાજય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા

તેમજ પ્રમાણિત કરેલ સંસ્થાઓ દ્વારા ૮૫ જેટલા પ્રોત્સાહક એવોડર્સ, સન્માન અને પ્રસશતીપત્રો પ્રાપ્ત થયેલા છે. આ વિકાસનો સબળ અને સશકત દસ્તાવેજી પુરાવો છે. રાજય પોતાની સ્થાપનાનાં પાંચ દાયકા પૂરા કરવા જઈ રહયું છે, રાજયની સ્થાપના થયા પછી લગભગ ત્રણેક દાયકા સુધી રાજયે પોતાનો વિકાસ નિશ્ચિતપણે કર્યો છે તેને નકારી શકાય તેમ નથી. પણ છેલ્લા બે દાયકામાં અને ખાસ કરીને આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજયે જે વિકાસ કર્યો છે તેની ગતિ અને ગુણવત્તાની આ તબકકે તુલના કરવી અનિવાર્ય બની જાય છે. રાજયે છેલ્લા સાત વર્ષમાં કરેલ વિકાસની હરણફાળના કારણે સમૃદ્ધ ગુજરાત, સશકત ગુજરાત, સલામત ગુજરાત, શાંત અને પ્રગતિશીલ ગુજરાત અને વિકસતા ગુજરાતના દર્શન કરાવવામાં આ રાજયે પહેલ કરી છે. રાજયના પ્રત્યેક નાગરિકને વિકાસનો અહેસાસ થયો છે. અને વાસ્તવિક વિકાસની વ્યાખ્યાની પાકી સમજણ પણ મળેલી છે. વિશ્વ અને દેશ જયારે મંદીના દોરમાંથી પસાર થઈ રહ્યો છે સમગ્ર દેશમાં અને વિશ્વમાં મંદીનો માહોલ બન્યો છે ત્યારે આમહોલમાં રાજય સરકારે ચોથી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટનું સફળ આયોજન કરી અને વિશ્વમાં એક ઐતિહાસિક ઘટનાને આકાર આપ્યો છે. આ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં વિશ્વના ૪૬ દેશોના ૬૦૦ જેટલા પ્રતિનિધિઓ અને ૨૦ હજાર ડેલીગેટસ સહભાગી થયા અને આ સમિટને ખૂબ સુંદર રીતે સફળ બનાવી છે. વિશેષ કરીને આનંદની બાબત એ છે કે આ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં જાપાન જેવા વિકસીત દેશે વિકાસશીલ દેશના ગુજરાત રાજય સાથે ઔદ્યોગિક ભાગીદારી કરી અને ગુજરાતને વિશ્વના નકશામાં ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે. આ ગુજરાતની ગણના વિકસીતદેશો સાથે આવનારા દિવસોમાં થવાની છે. અને તેની આપણે સૌએ નોંધ લેવી પડશે. આ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ૮૫૦ જેટલા એમ.ઓ.યુ. થયા છે. અને લગભગ સાડા બાર લાખ કરોડ રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટની સંભાવના ઉભી થઈ છે. ૨૫લાખ જેટલા યુવાનોને રોજગારીની તકો સાંપડવાની છે. આ જે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટની સફળતા છે તે રાજયના મુખ્ય મંત્રીશ્રીએ આ રાજયના યુવાનોને સમર્પિત કરી છે. આ ગુજરાતના યુવાનોની આવતી કાલ ઉજળી બનાવવા માટેના ભગીરથ પ્રયાસ કર્યા છે.

નર્મદા યોજના એ ગુજરાત રાજયની જીવાદોરી છે. નર્મદા યોજના છેલ્લા કેટલાંયે વખતથી ખોરંભે પડેલી હતી. છેલ્લા પાંચ-સાત વર્ષમાં મુખ્ય મંત્રીશ્રીએ જે ભગીરથ પ્રયાસો કર્યા છે...જરૂર પડે ગાંધી ચીંધ્યા માર્ગે ૭૨ કલાકના અનશન કરીને આ નર્મદા બંધનું કામ તેઓએ પૂર્ણ કરાવેલ છે એટલે લગભગ ૧૨૧ મીટરની હાઈટ સુધી કામ લઈ જવામાં આ રાજય સરકારને સફળતા પ્રાપ્ત થઈ છે. ૧૨૧ મીટરની બંધની હાઈટ થવાને લીધે લાખો હેકટર જમીનમાં સિંચાઇ પ્રાપ્ત થઈ છે. સાથે સાથે ૧૪૫૦ મેગાવોટ વીજળી પેદા કરનાર પાવર પ્લાન્ટનું કામ પણ પૂર્ણ થયું છે. નર્મદા યોજનાની મુખ્ય કેનાલનું જે કામ બાકી હતું એ કામ પણ પૂર્ણ થયું છે. જ્યારે યોજનાના માઈનોર અને ડિસ્ટ્રીબ્યુશન કેનાલોના કામો પૂર્ણ કરવા રાજય કટિબદ્ધ છે. આ રીતે રાજયમાં એક બીજી હરિયાળી ક્રાંતિના દર્શન થયા છે.

ઉત્તર ગુજરાતના લોકો જે કેટલાય વરસોથી લગભગ દુષ્કાળના ઓછાયામાં જીવતા હતા, આ ઉત્તર ગુજરાતને દુષ્કાળમાંથી મુક્ત કરવા માટે એન.ડી.એ. ની સરકારમાં લગભગ છ હજાર કરોડ કરતાં વધારે રૂપિયાની સુજલામ સુફલામ યોજના આ રાજય સરકાર લઈને આવી હતી અને એને મંજૂરી આપી હતી પરંતુ દુર્ભાગ્ય પૂર્ણ ઘટના એ છે કે સત્તા પરિવર્તન થવાને કારણે આ યોજનાને કેન્દ્ર સરકારની સહાય મળવાની હતી એ બંધ થઈ તેમ છતાં રાજય સરકારે પોતાના શંસાધનો અને પોતાના નાણાકીય સ્ત્રોત્ર મારફતે આ યોજનાને આગળ વધારી છે. આ સુજલામ સુફલામ યોજના અંતર્ગત લગભગ ૩૩૫ કિલોમીટરની સ્પ્રીન્ડિંગ કેનાલ લગભગ દોઢ બે વર્ષના ટૂંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લગભગ ૧૨૫૮૫ જેટલા તળાવો ઊંડા કરવાનું કામ હાથ ધરેલ હતું જે પૂર્ણ કરવામાં આવેલ છે.

નર્મદા અને સરસ્વતીનો મહાસંગમ આ યોજના અંતર્ગત પૂર્ણ કરવામાં આવેલ છે. સાથે સાથે લગભગ ૧,૧૩,૭૩૮ જેટલા ચેકડેમોના કામો પણ પૂર્ણ કરવામાં આવેલ છે. આ તળાવો અને ચેકડેમોના કામો પૂર્ણ થવાને લીધે રાજયના ભૂગર્ભ જળની સપાટીમાં ત્રણ થી ચાર મીટર જેટલો વધારો થયો છે. આ રાજયના આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ એક વાત લોકોને સમજાવવા પ્રયત્ન કર્યો છે કે " પાણી એ પરમાત્માનો પ્રસાદ છે " તેથી એનો જેટલો વધારે સંચય થાય એ જરૂરી છે. એના એકે એક ટીપાંને બચાવવાનો રાજયના પ્રત્યેક નાગરિકે પ્રયત્ન કરવો જોઈએ. એના ભાગરૂપે આજે ગુજરાતની સ્થિતિમાં બદલાવ આવ્યો છે.

સુજલામ સુફલામ પાનમ હાઈ લેવલ કેનાલનું લોકાપર્ણ તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ જેની લંબાઈ આશરે ૩૩૬૦ મીટર જેટલી છે જેમાં શહેરા, લુણાવાડા અને ગોધરાના ૭૫ ગામોની ૧૮ હજાર હેકટર જમીનમાં સિંચાઇનું પાણી આપવાનો પ્રયાસ કર્યો છે. આ જળ સંચયની સફળતાને કારણે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના કેટલાક ભાગોને દુષ્કાળના ખપ્પરમાંથી ઉગારવાનું ભગીરથ કાર્ય પૂર્ણ થયેલ છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ફ્લોરાઇડ અને નાઈટ્રેટયુકત પાણીના કારણે ગુજરાતનો સામાન્ય નાગરિક શુદ્ધ પીવાના પાણીથી વંચિત રહેતો હતો. વિશેષ કરીને યુવાનો અકાળે વૃદ્ધાવસ્થા તરફ ધકેલાતા હતા એવા સંજોગોમાં રાજય સરકારે નર્મદા યોજના આધારિત પીવાના પાણીની શ્રેષ્ઠ સુવિધા ઊભી કરીને રાજયના યુવાનો અકાળે વૃદ્ધાવસ્થા તરફ ધકેલાતા હતા એમાંથી મુક્ત કરાવ્યા છે.

સાથે સાથે છેલ્લા થોડા વરસો પહેલાં બિહામણા દૃશ્યો જોવા મળતા હતા. ગુજરાતમાં પીવાના પાણીની સુવિધા ટૅન્કરો મારફતે હાથ ધરવામાં આવતી હતી. એવું ચોક્કસ કહી શકાય કે દુષ્કાળના વરસોમાં ટૅન્કરો મારફતે પીવાનું પાણી પુરું પાડવામાં આવતું હતું અને એનો જે વહીવટ થતો હતો. તે વાતથી આ સન્માનનીય સભાગૃહના સભ્યો વાકેફ જ છે. આ રાજયને ટૅન્કર મુક્ત કરવાનો પ્રયાસ કર્યો હોય તો રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે અને ટૅન્કર મુક્ત રાજય બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં બીજી હરિયાળી ક્રાંતિના દર્શન કરાવ્યા છે. સતત છેલ્લા ચાર વર્ષોથી કૃષિ મહોત્સવના કાર્યક્રમો મારફત રાજયમાં કૃષિ ક્ષેત્રે એક ક્રાંતિ સર્જાઈ છે. રાજયના લગભગ એક લાખ જેટલા કર્મયોગીઓ અને કૃષિ વિભાગના વૈજ્ઞાનિકો મારફત રાજયના ૧૮,૦૦૦ ગામોમાં પ્રવાસ કરીને લોકોને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી કેવી રીતે કરી શકાય તે દિશામાં સાચી અને પાકી સમજણ આપીને રાજયના ખેડૂતોની સ્થિતિમાં બદલાવ લાવવા માટેનો એક ભગીરથ પ્રયાસ કર્યો છે. રાજયના ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ, સ્પીંકલર પદ્ધતિની સાચી અને પાકી સમજણ આપીને રાજયના ખેત ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. પાંચ-સાત વર્ષ પહેલાં રાજયનું કૃષિ ઉત્પાદન લગભગ ૯,૦૦૦ કરોડ જેટલું હતું એ આજે ૪૮,૦૦૦ કરોડ સુધી પહોંચાડવામાં આ કૃષિ મહોત્સવના કાર્યક્રમ મારફત ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. ગુજરાતના ખેડૂતોને હાઉસમાંથી ફાર્મ હાઉસ અને ગ્રીન હાઉસ સુધી લઈ જવાનો જો કોઈને યશ આપી શકાય તો આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આપી શકાય તેમાં કોઈ શંકા વગરની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ પડોશી રાજય મહારાષ્ટ્રમાં હજારોની સંખ્યામાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે ગુજરાતનો ખેડૂત ખુશખુશાલ રહી અને ખેતીના ક્ષેત્રે આગવી પ્રગતિ કરી રહ્યો છે. રાજય સરકારે પોતાની રાજકીય જવાબદારીઓની સાથે સાથે સામાજીક જવાબદારીઓનો પણ નિભાવ કર્યો છે. એ સામાજીક જવાબદારીઓ ' બેટી બચાવો ' આંદોલન મારફત, સ્ત્રી ભૃણ હત્યા રોકવા અને ચિરંજીવી યોજનાઓ જેવા કાર્યક્રમો આપીને જન ભાગીદારી સાથે રાજયમાં એક સામાજીક આંદોલન ઉભું કર્યું અને તેના એક ભાગ રૂપે ગત વર્ષને ' નિરોગી બાળ વર્ષ ' તરીકે જાહેર કરીને રાજયના બાળકોને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધા મળે તે માટે આ રાજય સરકારે સવિશેષ ચિંતા કરી છે. સાથે સાથે આ રાજયની બહેનો પગભર બને તે માટે સખી મંડળોની રચના કરી છે. આંગણવાડી કાર્યકર્તા બહેનોને માતા જશોદાનું બિરુદ આપીને, તેમનું માન-સન્માન કરીને આ બહેનોને બે સાડીનો ગણવેશ આપીને સાથે સાથે વીમા સુરક્ષા કવચ પણ પૂરું પાડેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની સેવાઓને કારણે રાજયમાં અકસ્માતના સમયે અને તેની સાથે કોઈ પણ પ્રકારની ઈમરજન્સીમાં સેવાઓ પૂરી પાડવા માટે રાજય સરકારે રાજયમાં લગભગ ૪૦૦ જેટલી એમ્બ્યુલન્સ વાનોની સુવિધા પૂરી પાડેલી છે.

શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમો દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રાજય સરકારના સચિવશ્રીઓ, રાજય સરકારના વર્ગ-૧-૨ના અધિકારીઓ, રાજય સરકારના તમામ સરકારી કર્મચારીઓ-કર્મયોગીઓને આ શાળા પ્રવેશ ઉત્સવમાં જોડીને એક જબરજસ્ત જન આંદોલન કર્યું છે. મને યાદ છે કે વર્ષો પહેલાં શાળાએ જવાની વાત આવે ત્યારે બાળકને ધમકાવી-ડરાવીને શાળાએ લઈ જવા પડતા હતા, તેની જગ્યાએ આજે શાળામાં બાળકો જ્યારે પ્રવેશ કરતા હોય ત્યારે ઉત્સવનું વાતાવરણ આપણે સૌએ જોયું છે. તેના કારણે લગભગ ૧૦૦ ટકા બાળકો શિક્ષિત બને તે દિશામાં પ્રયાસ કર્યો છે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ મારફતે ડ્રોપ આઉટ રેશિયો ૩ ટકાથી પણ નીચે લાવવામાં આપણને સફળતા મળી છે. રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી પ્રત્યે સવિશેષ ચિંતા કરી છે અને એના કારણે લગભગ રાજયના મુખ્યમંત્રીશ્રીને મળેલી ભેટ સોગાદોની જાહેર હરાજી કરીને ૧૯થી ૨૦ કરોડ રૂપિયાની રકમ કન્યા કેળવણીના શ્રેષ્ઠ આશય માટે સમર્પિત કરી દીધેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજયના ૧૮૦૦૦ જેટલા ગામડાઓમાં ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી મળી રહે એ દિશામાં રાજય સરકારે સવિશેષ પ્રયાસો કર્યા છે. હિંદુસ્તાનનું સૌથી પ્રથમ રાજય એવું છે કે, જેના તમામે તમામ ગામોમાં થ્રી ફેઈઝ વીજળી મળી હોય. ગ્લોબલ વોર્મીંગના આ સમયમાં સોલર પાવર એનર્જીની ચિંતા કરી એક નવી ઊર્જા નીતિ જાહેર કરી, સોલર પાવર આધારિત ઊર્જા ઉત્પાદનમાં લોકોને આકર્ષિત પણ કર્યા છે. સમરસ ગામ હોય કે ગ્રામ સભાના માધ્યમથી રાજયમાં જન જાગૃતિના સવિશેષ પ્રયાસો આ રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત વિકાસના શ્રેષ્ઠ ઉપાય તરીકે રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજયની સ્થાપના દિન એવા પહેલી મેના દિવસે સંકલ્પ જ્યોતિ યાત્રાનું આયોજન કરી રાજયમાં પ્રત્યેક વ્યકિતમાં રહેલા સામર્થ્યને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. સાથોસાથ એનામાં રહેલા વ્યકિતગત ત્રુટિઓને દૂર કરવાનું એક સરસ મજાનું આયોજન કરીને મૂળભૂત મંત્ર છે કે, વ્યકિત નિર્માણ દ્વારા સમાજ નિર્માણ, સમાજ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણનો ઉદ્દેશ ઉજાગર કરવાના સવિશેષ પ્રયાસો કર્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સતત ત્રીજી વખતે રાજયમાં ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરી પ્રજાનો ભરોસો પણ જીતેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ કરેલા ઉદ્‍બોધન બદલ હું માનનીય રાજયપાલશ્રીનો અંત:કરણપૂર્વક આભાર માનું છું. સાથોસાથ સન્માનનીય સભાગૃહના સૌ સદસ્યોને આ આભાર પ્રસ્તાવ સંમત થાય તેવી અપેક્ષા રાખું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના ઉદ્‍બોધનના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના ઉદ્‍બોધનમાં ગુજરાત રાજયના વિકાસ અને સરકારની યશસ્વી કામગીરીનો એક સંદેશો આ સન્માનનીય સભાગૃહના માધ્યમ થકી ગુજરાત રાજયની પ્રજા સુધી પહોંચાડવા માટે આ ગૃહની અંદર કર્યો છે. મહામહિમ રાજયપાલશ્રીએ જે સરકારની વહિવટી કામગીરીઓની વાતો કરી છે એમાં સરદાર સરોવર એ મારા વિસ્તારની અંદર આવે છે. સરદાર સરોવર યોજના એ ગુજરાત રાજયની વિકાસની ગાથા છે. સરદાર સરોવરની ઊંચાઈ ૧૨૧ મીટર થવાના કારણે જે ૫૭૦૦૦ કરોડ પાણીનો જથ્થો ઉપલબ્ધ થશે. આ સમગ્ર પાણીના જથ્થાના કારણે આ રાજયના વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હોય, સિંચાઇ માટેની સમસ્યા હોય,ઉદ્યોગ માટેની હોય કે વીજ ઉત્પાદન કરવા માટેની હોય આ તમામ બાબતોને આ પાણીની ક્ષમતાથી ગુજરાતની જનતાને લાભ થશે. આ યોજનામાં ૧૪૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે અને આ યોજનામાં પાવર હાઉસમાંથી લગભગ ૧૨૨૦ કરોડ વીજ યુનિટ આ રાષ્ટ્રના માટે જેની કિંમત ૪૮૮૦ કરોડ થઈ છે. આ આવક આ રાષ્ટ્રને થઈ છે. સરદાર સરોવરની તમામ કેનાલોનું કામ પણ પૂર્ણ થયું છે. આ યોજના પાછળ ૨૬,૯૬૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે એટલું જ નહીં પણ આ રાજયની જે ગરીબ આદિવાસી પ્રજા છે જે આ રાજયની ૧૫ ટકા વસ્તી આદિવાસી સમાજની છે આ દેશમાં એક માત્ર રાજય ગુજરાત એવું છે કે આદિવાસીઓના વસ્તીના ધોરણે આદિવાસીઓના વિકાસ કરવા માટે જે વસ્તીના ધોરણ બજેટનું આયોજન કર્યુ છે. આ દેશનું આ એક પ્રથમ રાજય છે, આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના આ રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આ ગરીબ આદિવાસીઓની સંવેદનાઓ જોઈને જે બજેટની પ્રાવધાન કરીને આ સમાજના વિકાસ માટે જે ગુજરાતના આદિવાસીઓ માટે મૂક્યું છે એ કદાપી પણ ભૂલી શકાય તેમ છે નહીં. વનબંધુ કલ્યાણ યોજનાથી જે ડેરી વિકાસની બાબતમાં પણ ૧૨હજાર કરતાં વધુ કુટુંબોને ડેરી વિકાસ સાથે જોડયા છે. વાડી પ્રોજેકટને ખેતી ક્ષેત્રે વધુ ૨૦હજાર કરતાં પણ વધુ ખેડૂતો જોડ્યા છે. દૂધ સંજીવ યોજના જે ૨ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને દૂધ આપવાની યોજના આ રાજયની અંદર જે બાળકો પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે એવા આદિવાસી બાળકોને દૂધ આપવાની યોજના પણ આ વનબંધુ કલ્યાણ યોજનાની અંદર કરી છે. ખાસ કરીને ડુંગરાળ વિસ્તારની અંદર આદિવાસી સમાજ વસેલો છે, કેટલીક એમની સમસ્યાઓ હતી કે ડુંગરાળમાંથી પીવાના પાણીની કેટલીક તકલીફો પડતી હતી એ તકલીફ દૂર કરવા માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ વાસ્મો સાથે જોડાણ કરીને જનભાગીદારી થકી ગામડાના એક એક ઘર સુધી પાણી પહોંચાડવાની યોજના આ રાજયમાં કરવામાં આવી છે. ૧૩હજાર કરતાં પણ વધુ ગામડાઓની અંદર આ યોજના લાગુ પડે છે. એટલું જ નહીં પણ ગ્રામ્ય વિસ્તારની અંદર ડુંગરાળ વિસ્તારની અંદર રસ્તાઓ નહોતા, ૫૦૦ની વસ્તી ધરાવતા અને એના કરતા પણ ઓછી વસ્તી ધરાવતા ગામડાઓને પાકા રસ્તાથી જોડવાનું કામ પણ આ વનબંધુ યોજનાની અંદર કરવામાં આવ્યું છે, એટલું જ નહીં પણ શિક્ષણની બાબતમાં પણ કેટલીક વાત હું કરવા માગુ છું. કન્યા કેળવણીને વેગ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ૨૦૦૩માં કન્યા કેળવણી રથયાત્રા દ્વારા અમારા જિલ્લામાં ડેડીયાપાડા ખાતે ત્રણ દિવસ રહીને આદિવાસી બાળાઓને શિક્ષણ આપવાનું કામ કર્યું છે. શિક્ષણ એ જીવનનું ખૂબ અગત્યનું પાસું છે. સામે બેઠેલા અમારા સભ્યશ્રીઓ કંઈક * ( xxxx) મારે એમને કહેવું છે કે,

**અધ્યક્ષશ્રી** : ( xxxx) એ શબ્દ કાઢી નાખું છું. હર્ષદભાઈ, સભાગૃહની કાર્યવાહી સરસ રીતે ચાલતી હોય ત્યારે આવા શબ્દો આવે એ યોગ્ય નથી.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : હું શબ્દો પાછા ખેંચી લઉ છું. હું વાત એ કરતો હતો કે સામા પક્ષે બેઠેલા અમારા સાથી મિત્રોએ અગાઉ શાસનમાં ખૂબ લાંબી મજલ કાપી છે. એમણે આદિવાસી સમાજની વાતો ખૂબ સારી કરી છે પણ આદિવાસી સમાજને જો શિક્ષણ આપ્યું હોત તો આજે સ્થિતિ એમણે નિર્માણ કરી હતી એ સ્થિતિ નિર્માણ ન થઈ હોત. એમણે આ સમાજને, આ સમાજ ગરીબ સમાજ છે. આ ગરીબ સમાજ ગરીબ રહે એવા પ્રકારની યોજનાઓ ખૂબ લાંબો સમય ચલાવી છે. આમ પણ કહેવાય છે અને કર્મનો સિદ્ધાંત છે કે કરેલ કર્મોને ભોગવવાં પડે છે. આ ગુજરાતની જનતા સામે કરેલા કર્મો ભોગવવા માટેનું આપને જે સુકાન સોંપ્યું છે એના સંદર્ભે મારી વાત એ હતી કે....

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન એટલે સરકારની નીતિઓનું પ્રતિબિંબ. અપેક્ષાઓ હતી કે આ રાજ્યની જનતાના પ્રશ્નો માટે રાજ્ય સરકારની

---

* ( xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

નીતિઓનો કંઈક પ્રતિઘોષ એ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં હશે. પરંતુ મને દુ:ખ છે કે આ રાજ્યની જનતાની જે મુશ્કેલીઓ છે, રત્ન કલાકારોની સમસ્યા હોય, વિધવા બહેનોના પેન્શનની મુશ્કેલીઓ હોય, ફીક્સ પગારવાળા કર્મચારીઓના પગાર-ધોરણમાં સમાવવાની બાબત હોય, ખેડૂતોને સીંગલ ફેઝ વીજ પુરવઠો બંધ થયો હોય, ૬૨ હજાર જેટલા નાના અને મધ્યમ ઉદ્યોગો માંદા અને બંધ હોય એના માટેની કોઈ ચિંતા રાજ્ય સરકારે એમની નીતિમાં જાહેર કરી નથી. હું આશા રાખું છું કે મારા સભ્યશ્રીઓએ જે આભાર પ્રસ્તાવ પરના સુધારાઓ આપ્યા છે એ સુધારા સાથે જો આ પ્રસ્તાવને મંજૂર કરવામાં આવે તો અમારા સુધારા સાથે મંજૂર થયેલ પ્રસ્તાવ રાજ્ય સરકારની નીતિઓને એક નવી દિશા આપશે અને એ દિશા એક આમ ગુજરાતની, એક આમ આદમીની દિશા હશે. સામાન્ય માણસના કલ્યાણની વાત હશે. ખૂબ કહેવાયું, ,ચડી-ધડીને કહેવાયું કે અમે કરોડોના રોકાણો લાવ્યા. એમ.ઓ.યુ. થયાં. ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯ના ઉત્સવો થયા. કોઈ જગ્યાએ નવું રોકાણ આવે એટલે પહેલી અસર કયાં થાય? રાજ્યની સરકારની આવક વધે. કારણ કે નવું રોકાણ આવે છે, એની સાથે ટેક્સમાં આવકમાં વધારો થાય છે અને જો ટેક્સની આવકમાં વધારો થયો હોય તો એ રાજ્યની સરકારની તિજોરીનું તળિયું ના દેખાય. એ રાજ્યની તિજોરી છલકતી હોવી જોઈએ અને ગરીબ કલ્યાણની યોજનાઓની મહેંક આવતી હોવી જોઈએ. અહીંયા શું થયું? માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં આટલા રોકાણો આવવાની વાત કર્યા પછી સરકાર પર ૩૧મી ડિસેમ્બર ૨૦૦૮ ના રોજ કેટલું દેવું હતું? ૮૩૨૧૨.૭૬ કરોડ રૂપિયાનું દેવું. છેલ્લા બે વર્ષના આંકડા જોઈએ તો આ દેવું ઘટયું નહિ. આ ૨૦૦૬-૦૭ માં ૫૨૨૮.૧૨ કરોડ દેવું વધ્યું. ૨૦૦૭-૦૮ માં ૬૭૧૨.૭૬ કરોડ રૂપિયાનું દેવું રાજ્ય સરકારના પર વધ્યું. જો આપણે વાયબ્રન્ટ હોય તો આ દેવું ઘટવું જોઈએને. આ દેવું ઘ ટતું નથી. જ્યારે કોંગ્રેસ પક્ષ આ સરકારની તિજોરી મૂકીને ગયા હતા ત્યારે ક્યાંક આંકડા તો ચકાસોજો. ક્યારેક ટૂંકાગાળાનો ઓવર ડ્રાફ્ટ આપણે લેતા હતા તો દેકારો બોલતો હતો અને આજે ૮૩૦૦૦ કરોડ રૂપિયાનું દેવું એ ગુજરાતની તિજોરી પર આવે છે અને આપણા "પેટનું પાણી પણ હાલતું નથી"

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અંગે નીતિ હોવી જોઈએ. હું એનો હિમાયતી છું. આ રાજ્યમાં નવા રોકાણો આવે, નવા ઉદ્યોગો થાય અને ગુજરાતીઓને રોજી-રોટી મળે તો ગુજરાતના કલ્યાણના હિતેચ્છું અમે સૌ તમારાં કરતા પણ કદાચ ચઢિયાતા હશું. એક સમય હતો જ્યારે ઔદ્યોગિક નીતિ આવી ૧૯૯૨ માં. માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક નીતિ કેવી હોય? સૌના માટે ખુલ્લી હોય કે આવો આ અમારી નીતિ છે, જેને રોકાણ કરવું હોય એ આવીને રોકાણ કરે. ચોક્કસ ઉદ્યોગો માટે ચોક્કસ ઔદ્યોગિક નીતિ આવું કયાંય ભાળ્યું છે ખરું? એ સમયની ઔદ્યોગિક નીતિના કારણે અને ઔદ્યોગિક નીતિનો આધાર પણ કેવો કે બેલેન્સ ડેવલપ કરવાનું છે અને એટલા માટે કહ્યું કે ઔદ્યોગિક નીતિનો લાભ લેવો હોય તો જામનગર જિલ્લામાં જાવ મારો પછાત જિલ્લો છે ત્યાં જશે એમને જ લાભ મળશે. પરિણામ શું થયું? ધંધાર્થી બે હરીફ જુથો રિલાયન્સ અને એસ્સાર બન્નેએ ત્યાં રિફાનરી નાંખી. કારણ કે ઔદ્યોગિક નીતિ એ બધા માટે એક સરખી છે. આપણે કહ્યું કે આદિવાસી જે વિસ્તારમાં વસતા હોય એ વિસ્તારમાં જનરલ મોટર્સની સ્થાપના થાય. મોટર ઉદ્યોગ આવે ઓટોમોબાઈલ્સનો તો પંચમહાલ જિલ્લામાં સ્થપાય તો આજુબાજુના આદિવાસી ભાઈઓને કામ મળે. ઔદ્યોગિક નીતિમાં શરત આવી કે તમારે કોઈ પણ કામદારની ભરતી કરવી હશે તો ૮૦ ટકા અમારા ગુજરાતી યુવાનોને રોજગારી આપવી પડશે. તમારે સુપરવાઈઝર અને મેનેજરમાં ભરતી કરવી હશે તો ૬૦ ટકા ગુજરાતી ભાઈઓને તમારે રોજગારી આપવી પડશે. હવે આ સરકારની ઉદ્યોગ નીતિ જુઓ. ટાટાને બોલાવ્યો. એના માટે સ્પેશ્યલ ઔદ્યોગિક નીતિ. ટાટાની નેનોકાર આવે સ્વાગત છે. પણ શું આ રીતે લાવવાની? ટાટાની નેનો કાર માટે સ્પેશ્યલ ઔદ્યોગિક નીતિ કેવી? ટાટાએ એમ કહ્યું કે હું પહેલા ફેઈઝમાં ૨૨૫૦ કરોડનું ધિરાણ કરીશ. મારો શિંગોર પ્લાન્ટ છે એને હું અહીંયા ખેસવીસ તો મારે ૬૫૦ કરોડ લાગશે. એટલે કેટલો ખર્ચ? ૨૯૦૦ કરોડનો. ટોટલ રોકાણ કેટલું? ૨૯૦૦ કરોડનું. આ સરકારે શું કહ્યું? તમને લોન આપીશું. કેટલી લોન આપીશું? ૩૩૦ ટકા વધારે. રોકાણ ૨૯૦૦ કરોડનું અને રાજ્ય એને લોન આપી ૯૫૭૦ કરોડની. અને વ્યાજ કેટલું? વ્યાજ એનું છે ૦.૧ ટકા.અને આ લોનના હપતા ક્યારે ભરવાના? વીસ વર્ષ પૂરા થશે ત્યારે એનો પહેલો હપતો ટાટા આપણને પાછો ભરશે. આ જ પૅકૅજ આપો મારા હીરા ઉદ્યોગના કારીગરોને, આ જ પૅકૅજ આપો મારા ખેડૂત ભાઈઓને, આ જ પૅકૅજ આપો મારા નાના ઉદ્યોગકારોને, આ જ પૅકૅજ આપો મારા ગુજરાતીઓને તો હું સ્વાગત કરીશ કે આ નીતિ તમારી સૌના માટે સમાન હતી. પણ આ તો એક માટે ઉદ્યોગ નીતિ આવી આવી અને એ પછી શું કર્યુ આપે, અગિયાર સો એકર જમીન, જે જમીન લીધી હતી એનીમલ હસબન્ડરી યુનિવર્સિટીની સ્થાપના માટે, આપણે તો ગૌ ભક્ત છીએ, આપણે તો ગાયને માતા કહીએ છીએ એના માટેની યુનિવર્સિટી સ્થાપવાની જગ્યા હતી એ અગિયાર સો એકર જમીન ટાટાને તથાસ્તું, એટલાથી સંતોષ ન થયો એમ કહ્યું કે, મને તો અમદાવાદની પેરીફેરીમાં ટાઉન શીપ માટે પણ સો એકર જોઈશે, સો એકર તથાસ્તું, આગળ વધીને કહ્યું કે મને ૨૨૦ કે.વી.નું સબ સ્ટેશન જોઈશે, મને ૧૧ કિલોવોટના ૧૫ સબ સ્ટેશનો જોઈશે, મને ૧૪૦૦૦ ક્યુબિક મીટર પાણી દરરોજ જોઈશે, મને મારી જગ્યાએ આવવા જવા માટે ફૉર લેનના બે રસ્તાઓ જોઈશે આ બધું જ રાજય સરકાર તથાસ્તું કરે અને એ પછી ટાટા શું કહે કે તમારા રાજયમાં નીતિ છે કે, ગુજરાતીઓને ૮૦ ટકા નોકરી આપવાની મારી શરત છે કે હું ગુજરાતીઓને નોકરી નહીં આપું આમાંથી મને મુકિત આપો અને આ રાજય સરકારે કહ્યું તથાસ્તું, એનો વિરોધ છે. શું આ નીતિ

લઈને આપણે બેઠા છીએ ? (અંતરાય) આપ જાણો છો એટલે કારણ કે, આપની વ્યવસ્થા છે અને અમારી ચિંતા એટલા માટે છે કે, પ્રજાની તિજોરી લૂંટાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એ કહેવું છે કે, આ દેશના બંધારણમાં ડૉ. બાબાસાહેબે સરસ વ્યવસ્થા આપી છે અને એક તટસ્થ એજન્સી આપી છે કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ. માનનીય અધ્યક્ષશ્રી, આ એજન્સી ભારત સરકારની નીચે નથી, આ એજન્સી કોઈના કન્ટ્રોલમાં નથી. આ એજન્સી એ કોન્ટીટયુશનલ ઈનડીપેન્ડન્ટ એજન્સી છે. જે આ રાજય સરકારના વહીવટનું ઑડિટ કરે છે અને એ ઑડિટમાં કહેવાયું છે કે, કરોડોથી ઓછું કંઈ હું ખાતો નથી અને બીજાને સુખનો રોટલો ખાવા દેતો નથી, એ સ્થિતિ છે. માનનીય અધ્યક્ષશ્રી એ અહેવાલમાં અહીં સુજલાફ સુફલામનો ઉલ્લેખ થયો, મારે ભારતના નિયંત્રક અને મહાલેખ પરીક્ષક કેગના અહેવાલના પાના-૩૭ને ટાંકવું છે. માનનીય અધ્યક્ષશ્રી, કહેવાયું છે કે, ઘણા કિસ્સાઓમાં અંદાજો અવાસ્તવિક હતા જેના પરિણામે કોન્ટ્રાકટરોને મોટા અણધારા, અયોગ્ય લાભો મળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ટેન્ડર વગર જો મારો સરપંચ દસ હજારનું કામ પણ આપે ને તો આ સરકાર એને કહે છે કે, વગર ટેન્ડરે કામ આપ્યું તે ગેર ઉપયોગ કર્યો સરપંચના હોદ્દા ઉપરથી રવાના થઈ જા અને અહીંયા કરોડોના કામો વગર ટેન્ડરે અપાયા અને એટલું જ નહીં, કેગ નોંધે છે કે, યુનિટ દરના ખોટા નિર્ધારણના કારણે એકવીસ કરોડ રૂપિયા રાજય સરકારને નુકસાન થયું, ૧૬ જણાને જુદી જુદી રીતે કામ આપીને, એક ટેન્ડરથી જો મંગાવીને કોન્ટ્રાકટરને કામ નહીં અપાયું એના કારણે ૩૯૬.૩૦ કરોડનું નુકસાન એ ગુજરાતની તિજોરી ઉપર આવ્યું છે એ કેગ નોંધે છે. માનનીય અધ્યક્ષશ્રી હાર્ડ રોક ખોદયો એમ કહ્યું છે અને કેગ શું કહે છે કે, ૬૬ કરોડ રૂપિયાના ખોદાયેલા હાર્ડ રોકનો કોઈ હિસાબ જ નથી. સુજલામ સુફલામ ખિસ્સા કાતરમ્. આ કયાં ગયા આ પૈસા? કોણ જવાબદાર હતું આના માટે? મારે અભિનંદન આપવાં જોઈએ આ વિધાનસભાના એ ધારાસભ્યશ્રીઓ જે આપણા પહેલાની ટર્મમાં બેસતા હતા એમને, આ પક્ષના કે તે પક્ષ જોયા વગર એમણે આમાં ઊંડા ઊતરવાનો પ્રયત્ન કરીને ભ્રષ્ટાચારમાં ૫૦૦ કરોડ જેવી વાત કરી હતી, આ પક્ષના પણ હતા અને આ પક્ષના પણ હતા એજ વાત આજે ભારતના કેગના રિપૉર્ટમાં જ્યારે આવી છે ત્યારે એ ધારાસભ્યશ્રીઓની કાર્યવાહીને સલામ કરવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની વાત થઈ. નર્મદા યોજનાની પર્યાવરણની મુશ્કેલીઓ કોણે દૂર કરી? આ યોજનાને આટલી આગળ કોણે વધારી? કયારેક ઈતિહાસ તો જોજો. આ પક્ષ કે તે પક્ષ નહોતો જોયો. નર્મદામાં કોઈ રાજકારણ નહોતું લાવ્યા કારણકે નર્મદા યોજના આ રાજયની જીવાદોરી છે. સાથે મળીને ગયા હતા. કયા પક્ષની સરકાર મહારાષ્ટ્રમાં છે, કયા પક્ષની મધ્યપ્રદેશમાં છે, કયા પક્ષની રાજસ્થાનમાં છે. એ સમય આવ્યો હતો કે નાણા નહોતા આપતા તો પણ એ પક્ષ ઉપર આક્ષેપ નહોતો કર્યો કારણકે ગુજરાતમાં આપણે સૌ એક છીએ નર્મદા માટે એ વાત લઈને આપણે આગળ ચાલતા હતા. એ પરંપરા કોણે તોડી? ૧૧૦ મીટરની ઊંચાઈ નર્મદા યોજનાની થાય. આપણી પાસે બાયપાસ ટનલ છે. જોઈએ તેટલું પાણી આજે ઊંચાઈ ૧૨૧ મીટર થયા પછી બાયપાસ ટનલ અને ડેમના માધ્યમથી આપણને મળી શકે તેમ છે. હવે તમે ઊંચાઈ વધારશો અને વિદ્યુત વધશે એમાં આપણો હિસ્સો તો નહીંવત છે. આપણા હિતનું કામ હવે કરવું હોય તો શું કરવું પડે. આપણે કામ એ કરવું પડે કે માઈનોર અને સબમાઈનોરના કામ પૂરા કરવા જોઈશે. એમાં કોઈ સ્ટે નથી. કોઈ કેન્દ્રની મંજૂરીની જરૂર નથી. કોઈ રાજય આડું આવી શકે તેમ નથી. કોઈ કોર્ટનો સ્ટે નથી અને એ નર્મદાની કેનાલના કામ જો આપણે કરી બતાવીશું ને તો સાચા અર્થમાં નર્મદા યોજના સફળ થઈ ગણાશે. સાબરમતી નદીમાં નર્મદાનું પાણી મૂકીને, એમાં દિવડા તરાવીને ફોટા પડાવવાથી નમામિ દેવી નર્મદેનો હેતુ સિદ્ધ ન થાય. હેતુ સિદ્ધ કરવો હશે તો આપણે જે કામો પૂરા કરવાના છે એની હું વાત કરું છું અને મને આ રાજય સરકારે ગઈ કાલે અને પરમ દિવસે પ્રશ્નોત્તરીમાં આપેલા જવાબના આંકડા ઉપર હું આ કહેવા માગું છું. નર્મદા યોજનાની માઈનોર કેનાલની બાકી રહેલાની લંબાઈ કેટલી છે? ૧૩૪૬૦કિલોમીટર માઈનોર કેનાલનું કામ કરવાનું બાકી છે. આપે કેટલું કર્યું છે? ભૂતકાળની સરકારે કર્યું હતું એ જ. આપણે તો માઈનોરમાં આગળ વધ્યા જ નથી. એ કામ કેટલું હતું? ૪૯૪૭ અને બાકી રહેતું કામ છે ૧૩૪૬૦ કિલોમીટર આજે પૂરું કરવાનો નિર્ધાર કેમ નથી કરતા? એ પૂરું કરશો તો માનનીય સૌરભભાઈનો વિસ્તાર હશે કે મારો જિલ્લો હશે ત્યાંના ખેડૂતના ખેતરમાં પાણી આવશે તો નર્મદા યોજનાનું હિત સિદ્ધ થયેલું ગણાશે. આપણે સબમાઈનોર કેનાલના કામો કરવાના છે. સબમાઈનોર કેનાલના કેટલા કામો બાકી છે? ૩૮૦૨૪ કિલોમીટર લંબાઈના સબમાઈનોરના કામો બાકી છે. કોણ કરતા રોકે છે આને પૂરતો પાણીનો જથ્થો છે. હમણાં જ પ્રસ્તાવ રજૂ કરનાર માનનીય સભ્યશ્રીએ કહ્યું કે કેટલો જથ્થો મળે છે. એ જથ્થો ખેડૂતના ખેતર સુધી પહોંચાડવાની જવાબદારી શું આપણી નથી? આપણને કોણ નડે છે? કારણકે ખેડૂતનું હિત થાય છે એમાં પ્રસિદ્ધિ નથી મળતી અને પૈસા વાપરવા પડે છે એ નડે છે. માત્ર ૧૦૦૩૪ કિલોમીટરના કામો થયા છે અને એ પણ ૯૦ટકા કામો ભૂતકાળની સરકારે કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર અડધી મિનિટમાં મારી વાત એ રીતે પૂરી કરવા માગું છું કે આપણે, મને કોઈ વિરોધ નથી આ સરકારના ગળા સુધી વિદેશી કન્યાના હાથ પહોંચે એનો મને વિરોધ નથી પરંતુ આ રાજયની વિધવા બહેનના આંસુ એ રાજયની નજર સુધી પહોંચવા જોઈએ એ વાતની મને ચિંતા છે. માનનીય શંકરસિંહજી વાઘેલા હતા ગૃહમાં મુખ્યમંત્રી તરીકે ત્યારે એમણે વિધવા બહેનના પેન્શનમાં વધારો કર્યો. આપણે શું કર્યું? અભિમન્યુને તો સાત કોઠા હતા. આપણે ૧૫ કોઠા

કરી દીધા છે. આવકમર્યાદા બાંધી દીધી છે. આવક માટે ધારાસભ્યનો દાખલો ન ચાલે. મામલતદારનો જ દાખલો જોઈએ અને મામલતદારને સૂચના છે કે ઓછી આવકના દાખલા આપશો તો તમે ફીકસમાં મુકાશો. પરિણામે વિધવા બહેનને પેન્શન મળતું નથી. અરે, એણે વૃક્ષો વાવવાના, ફોરેસ્ટ ઓફિસરનું સર્ટીફીકેટ લાવવાનું કે મેં આ વૃક્ષો ઉગાડયા છે તો મને હવે વિધવા બહેનનું પેન્શન મળે. આ કોઈ નીતિ છે? આપણે તો સાદગીમાં માનનારા કહેવાઈએ. આર.એસ.એસ.ના પ્રચારક કહેવાઈએ. આપણે તો સ્વદેશીના હિમાયતી કહેવાઈએ અને એક વર્ષમાં ૭૬લાખ રૂપિયા સરકારી હેલીકોપ્ટરમાં આપણા હવાઈ ખર્ચ માટે વપરાય તો આપણી સાદગી અને સરળતા કયાં રહી અને એ પણ પ્રજાની તિજોરી ઉપર ૭૬લાખ રૂપિયા. હેલીકોપ્ટરના, હવાઈ મુસાફરીના અને બીજી તરફ મારા રત્નકલાકારભાઈ માટે આપણે નાનું પેકેજ પણ ન આપી શકીએ. નીતિનો વિરોધ છે. હું આશા રાખું છું કે મારા માનનીય સભ્યશ્રીઓએ જે સુધારા આપ્યા છે, તે સુધારા રાજય સરકારની આંખ ઉઘાડવા માટે છે. પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ છે. એવા આ સુધારાનો સ્વીકાર કરવામાં આવે અને એ સ્વીકાર સાથે જ માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવે એ શબ્દો સાથે વિરમું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર મારા વિચારો વ્યક્ત કરું છું. આઝાદીના ૬૦ વર્ષ જેટલા સમયમાં ગુજરાતનો જે વિકાસ છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં થયો છે અને ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં સર્વાંગી વિકાસમાં પ્રથમ નંબરે આવ્યું છે, એનો સંદેશો માનનીય રાજ્યપાલશ્રી દ્વારા ગુજરાતની જનતાને અપાયો છે.

ગુજરાતમાં અને રાષ્ટ્રમાં સમાજના વિકાસમાં, રાજયના વિકાસમાં સમાજનો ગરીબ વર્ગ એ એસ.સી., એસ.ટી. કે ઓ.બી.સી. હોય કે વંચિત હોય એવાની સંખ્યા ભરપુર છે, મોટા પ્રમાણમાં છે. આ મોટા પ્રમાણમાં જે ગરીબોની સંખ્યા સમાજની અંદર છે, એનો યોગ્ય રીતે જો વિકાસ કરાયો હોત તો આજે ગુજરાતના અને રાજયના અનેક પ્રશ્નો હલ થયા હોત, પણ ભૂતકાળની સરકારોએ માત્રને માત્ર આ ગરીબોના વિકાસને બદલે એમને મત બૅન્ક બનાવીને રાખી. તમને આટલા ટકા, તમને આટલા ટકા એ ટકાવારીના ધોરણે એમને ત્યાંને ત્યાં રાખ્યા અને પરિણામ એ આવ્યું કે આજે પણ અપેક્ષિત વિકાસ એમનો થયો નથી. (અંતરાય) માનનીય શકિતસિંહભાઈ આ સમજે છે, જાણે છે અને તેમ છતાંય મારા તરફ આંગળી ચીંધીને વાત કરે છે, પણ મારે કહેવાનું છે કે (અંતરાય) એ પાપનો ભાગીદાર હું પણ હતો શકિતસિંહ ભાઈ અને એનું પ્રાયશ્ચિત કરવા માટે અહીયા આવ્યો છું અને એટલા માટે ગુજરાતની અંદર ગરીબોના વિકાસ માટે આપણે ભૂતકાળની અંદર જે જાતની પરિસ્થિતિનું નિર્માણ કર્યુ, જેના પરિણામે આજે પણ સમાજના ગરીબોનો અપેક્ષિત વિકાસ થઈ શક્યો નથી. ગુજરાતની સરકારે અને અમારા દીર્ઘદ્રષ્ટા રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગરીબોના વિકાસ માટે નવતર અભિગમ અપનાવ્યો છે. જેવી રીતે આદિવાસીઓને માટે વનબંધુ યોજના કરીને, એને નાની નાની યોજનાઓનું સંકલન કરીને વનબંધુ યોજના દ્વારા એમનો સાચી દિશામાં વિકાસ થાય એ દિશામાં પગલાં લેવામાં આવી રહ્યાં છે અને એ જ રીતે સમાજના ગરીબોને જુદા જુદા ટુકડા નાખવાના બદલે એમના માટેની એક સંકલિત યોજના કરીને એમનો વિકાસ કરવામાં આવે એ દિશામાં આજે રાજયની સરકારે અભિગમ અપનાવ્યો છે અને એનાં સારાં પરિણામ પણ આવી રહ્યાં છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે. સભાગૃહ ૧૧-૦૦ વાગ્યે મળશે.

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષ સ્થાને**

**શ્રી લીલાધરભાઈ વાઘેલા (ક્રમશ):** માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, કોઈપણ રાજયના સર્વાંગી વિકાસમાં સમાજનો વિશાળ વર્ગ જે ગરીબોનો છે તે ગરીબોનો સહયોગ અનિવાર્ય બને છે. તે સહયોગ ક્યારે મળે કે જ્યારે તેઓનો પણ સાચી દિશામાં વિકાસ થાય. ભૂતકાળમાં આ વંચિતો રહી ગયા. તેમનો જે વિકાસ થવો જોઈતો હતો તે દિશા તરફ ગંભીરતાપૂર્વક ભૂતકાળના શાસકોએ કાળજી ન લીધી તેનું આ પરિણામ છે. પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીના દીર્ઘદષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને આ વાત દેખાઈ કે સમાજનો આટલો મોટો વર્ગ જે જીવવા માટે ફાંફા મારે તો સાચી દિશાનો વિકાસ ન થાય અને તે કોઈપણ રાજયમાં પરવડે નહીં. એટલા માટે વનબંધુ યોજના દ્વારા ૧૫ હજાર કરોડની યોજના મૂકીને તેમનો સમુચિત વિકાસ થાય અને તે સમાજના પ્રવાહમાં આવીને જીવતા થાય, સ્વમાનભેર જીવતા થાય તે જાતની પરિસ્થિતિ લાવવાના પ્રયાસો કર્યા છે અને આજે તેના ફળ દેખાઈ રહ્યા છે. તે રીતે આજે આપણે જાઈએ છીએ કે સાગરખેડૂની યોજના, માછીમાર ભાઈઓ કે જેઓ જન્મે ત્યાંથી મરે ત્યાં સુધી દરિયામાં જ રહેવાનું. તેમના બાળકોને ભણાવીને આગળ વધવાની કોઈ તક ન હતી. ભૂતકાળના શાસકોને આનો વિચાર ન આવ્યો. આ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની નીચે, તેમના માર્ગદર્શન તળે આ દિશામાં પણ વિચાર કરવામાં આવ્યા અને ૧૧ હજાર કરોડ જેટલી રકમની ફાળવણી કરીને સાગરની સાથે રહીને જીવતા, સમગ્ર સાગરકાંઠા ઉપર આવનારા અન્ય વર્ગોના વિકાસ માટે આ રકમનો ઉપયોગ કરીને તેમને પણ સમાજના પ્રવાહમાં લઈ જવાનો પ્રયાસ થયો છે. આ રીતે સમાજના શહેરી વિકાસની અંદર જે ગરીબો છે તે ગરીબોના વિકાસમાં પણ ૧૩ હજાર કરોડ જેટલી મોટી રકમની ફાળવણી કરી તેમને પણ સમાજના પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. આમ ગરીબોના વિકાસની સાથે તેમણે આ કામ કર્યુ છે ત્યારે કહું છું કે કોઈપણ સમાજના, કોઈપણ ગરીબ સમાજના વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય છે અને તે જે બાળકો છે તે આવતીકાલનું ભાવિ છે તેમની કાળજી લઈને તેવા

બાળકો માટે છાત્રાલયો, નિવાસી શાળાઓ અને તેના દ્વારા તેમનું ઘડતર થાય તે દિશામાં પ્રયાસ કર્યા છે. એટલા માટે એસ.સી., એસ.ટી., બક્ષીપંચ તમામ માટે નિવાસી શાળાઓ મારફતે પ્રયાસો કર્યા છે. તે રીતે જોઈએ તો સમગ્ર ગુજરાતમાં આજે પછાત વર્ગો માથું ઉંચુ કરીને જીવતા થવા માંડયા છે અને હું માનું છું કે તે દિશામાં અમારા સામે બેઠેલા મારા મિત્રો તેમાં સહયોગ આપીને ચાલશે તો આ કામ આપણા સૌના માટે સારું થશે અને સારું કહેવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ એક ટકોર કરી નર્મદા અંગે. નર્મદા આપણા સૌની છે. એ કોઈ પક્ષીય નથી, એનો વિકાસ થાય અને એના મીઠા ફળ આપણને સૌને મળે એ અનિવાર્ય છે, એની ચિંતા એમને થાય એ હું માનું છું કે એ સાચી દિશાની ચિંતા હતી, પણ મારે એટલું એમને કહેવું છે કે, જો માનનીય શકિતસિંહ અને સામે બેઠેલા મિત્રોનું કેન્દ્રની અંદર કંઈ ઉપજતું હોય તો નર્મદાને રાષ્ટ્રીય યોજના બનાવવા માટે એમની વગનો ઉપયોગ કરે, અને જો એ થાય તો હું માનીશ કે નર્મદા અંગેની તમારી ચિંતા વાજબી છે, અને આપણે એ રીતે ગુજરાતના તમાર વિસ્તારોને નર્મદાના મીઠા ફળ આપી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે ગરીબોની વિકાસ અને એના દ્વારા ગુજરાતનો વિકાસ થાય એ જાતની સરકારની પ્રવૃત્તિને માનનીય રાજયપાલશ્રી દ્વારા જે સંદેશો પહોંચ્યો છે, એને આવકારીને વિરમું છું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયના વિકાસનું પ્રતિબિંબ પાડે એવું પ્રવચન માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ વાંચ્યું અને એ સર્વાંગી વિકાસ ઊડીને આંખે વળગે એવો જે વિકાસ છે, એની પાછળ માનનીય મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને સર્વગ્રાહી સૂઝ એને ખૂબ મોટું કાર્ય કરવામાં ખૂબ જ ભાગ ભજવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માણસના જીવનના બહુજ મહત્ત્વના ત્રણ અંગો અથવા ત્રણ જે બાબતો એ હવા, પાણી અને ખોરાક છે. એ ત્રણેય વસ્તુ પૂરતા પ્રમાણમાં અને શુદ્ધ રીતે મળી રહે તો જ જીવન સારી રીતે જીવી શકાય. એ ત્રણેય પૂરતા પ્રમાણમાં મળે અને શુદ્ધ મળે એના માટે સતત કાર્ય આ સરકાર દ્વારા થયું છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીના માધ્યમથી એ ખરેખર અગાઉ કયારેય થયું હોય એવું ઈતિહાસ વાંચીને પણ જાણવા મળતું નથી, અને કલ્પનામાં પણ આવતું નથી કે આવું કાર્ય અગાઉ થઈ શક્યું હોય. માનનીય અધ્યક્ષશ્રી, આપણે પ્રદૂષણની વાત કરીએ તો ગુજરાતને નિર્મળ વર્ષ દરમિયાન સમગ્ર ગુજરાતને હવા,પાણી અને ખોરાક પ્રદૂષણ મુક્ત બને અને એ રીતે આખું ગુજરાત નિર્મળ બને એ દિશામાં લોકોને જોડવા માટે નિર્મળ ગુજરાત જેવો કાર્યક્રમ આપ્યો, લોકોની ભાગીદારી વગર આ શકય જ નથી. લોકો આની અંદર દિલથી ન જોડાય તો સરકારી કાર્યક્રમો આપણે જાણીએ છીએ કે એ ખાલી કાગળ ઉપર રહી જાય પણ આપણે સૌ જાણીએ છીએ એમ દરેકને છેક છેવાડાના માણસ સુધી આ બાબતે જાગૃતિ લાવવા માટે નિર્મળ ગુજરાત વર્ષ દરમિયાન ખૂબ સારું કામ થયું છે.

શુધ્ધ પીવાનું પાણી, પાણી વગર દરિયા કાંઠાના જે ગામડાઓ છે, એ ગામડા વધારે પીડાતા હતા અને હું પણ દરિયા કાંઠાનું જે મહૂવા નગર છે અને એ જે ગામડાઓ વિસ્તાર છે એમાંથી આવું છું એટલે મને ખબર છે, કે માણસ તો ન પી શકે પણ ઢોર પણ એ પાણી પીને માંદા પડે એવું જીવન આજથી એક દસકા પહેલાં પસાર થતું હતું, ત્યાર બાદ સરકાર જે પાણી પુરવઠાની યોજના અને આગળ પાઈપલાઈન દ્વારા છેક સુધી પહોંચાડી તો આજે આપણે સૌ જાણીએ છીએ અને એ વાત હવે જૂની થઈ ચૂકી છે કે વૃદ્ધ લોકો અને બીમાર લોકો એ સામેથી એમ કહે છે કે, હવે અમારે દવા નથી લેવી પડતી સાંધા ન દુઃખે એનું શું કારણ હશે કનુભાઈ, ત્યારે હું કહું છું કે તમારું જે પાણી બદલાયું અને એના કારણે તમારા શરીરની જે તંદૂરસ્તી સારી થઈ અને શકિત વધી એના કારણે નાની મોટી જે તકલીફો છે એ દૂર થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, એ પહેલાં બહુ દુઃખમાં જીવતા હતા, ખરેખર એ પીડામાં જીવતા હતા અને પાણીની જે બહુ જ અનિવાર્ય જરૂરિયાત હતી એ આ સરકારે પૂરી પાડી છે, અને ગામેગામ સુધી એ નૅટવર્ક પૂરું થવા આવ્યું છે. આ જ રીતે લોકભાગીદારીથી વાસ્મો દ્વારા જે દ રેઘરે પાણી પહોંચાડવા માટેનું કાર્ય થઈ રહ્યું છે, એ કાર્યને ખરેખર બિરદાવવું જોઈએ એના માટે એ બિરદાવવું જોઈએ કે એ યોજના દ્વારા લોકભાગીદારીને પણ આ સરકારે આમાં જોડી છે અને સખીમંડળો બનાવ્યાં છે અને એનાથી વાસ્મોને પ્રધાનમંત્રી તરફથી રાષ્ટ્રીય કક્ષાનો એક પ્રતિષ્ઠિત એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. કે આ કાર્ય છે એ દરેકે દરેક ગામડામાં સમગ્ર દેશમાં કરવા જેવું કાર્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર વિશે પણ મારે થોડી વાત કરવી છે. કલ્પસર યોજના છે એ સમગ્ર ભાલ પ્રદેશ અને સૌરાષ્ટ્ર માટે ખૂબ જ મહત્વકાંક્ષી યોજના છે આ યોજનાનો બેન્કેબલ અહેવાલ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં પૂર્ણ કરીને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા આગળ ધપાવવા માટે આ સરકાર સતત કાર્ય કરી રહી છે ત્યારે એને પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવોની વાત કરીએ તો ઉત્સવોનું મહાતમ્ય પછી તે મકરસંક્રાતિનો ઉત્સવ હોય, દિવાળીનો કે નવરાત્રીનો ઉત્સવ હોય એ બધા ઉત્સવોનું લોકોના હ્રદયમાં સ્થાન હતું જ પણ આ સરકારે એને વધારે ઉજાગર કરવાનું કામ કર્યું છે અને એ દ્વારા લોકોને વિકાસની ચેતનામાં જોડવાનું કામ આ સરકારે કર્યું છે.

આ બાબતને પણ હું બિરદાવું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જમાનો આમ તો ખરાબ કહેવાય છે, જમાનો સારો નથી પણ આ ખરાબ જમાનામાં પણ સારું જીવન જીવવા માટે વધુમાં વધુ શકયતાઓ આ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે ઊભી કરી છે. સારા રસ્તાઓ, સારું પાણી, સારો ખોરાક, સારું આરોગ્ય આ બધાની જરૂરિયાત છે એમાં પહેલા એવું માનવામાં આવતું હતું કે, પશ્વિમના દેશો, અમેરિકા અને યુરોપના દેશોમાં જે સગવડો છે એ આપણે ત્યાં નથી. એના કારણે માણસ અહીંયા પીડાતો હતો અને અહીંયા પોતાની સગવડોને ઓછી આંકતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, એને સતત એવું થતું હતું કે ઠીક છે આપણા દેશમાં, આપણા રાજયમાં ઠીક છે પણ બીજા દેશોમાં તો કેટલી સગવડો છે? તો ત્યાં જે જે સગવડો છે એ બધી જ સુવિધાઓ અહીંયા પૂરી પાડવા માટે આપણી સરકાર કટિબદ્ધ છે અને એનું એક છેલ્લું સોપાન એ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ જે માનનીય મુખ્યમંત્રીશ્રીની ઈચ્છા શકિતનું પરિણામ છે. હમણા જ ગયા અઠવાડિયે હું મારા મત વિસ્તારમાં હતો, મારી એક દીકરી નેબ્રાસ્કામાં છે એને એક સવા વર્ષનો દીકરો છે, અમારે ત્યાં નાનું એવું મહુવાને અડીને વડલી ગામ છે ત્યાંથી વિડિઓ દ્વારા એ બાળકને જોયું, અમે એની સાથે વાતો કરી અને એની સાથે અડધો કલાક સુધી બહુ જ આનંદ માણ્યો આ વસ્તુ અમેરિકા અને આપણા રાજય વચ્ચેનો આવો વ્યવહાર આ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામની સગવડને કારણે થઈ શકયો છે. આ માત્ર મહુવાની નજીકના ગામ માટે જ નહીં, આ બધા ૧૮ હજાર ગામડાઓ માટે શકય બની રહ્યું છે એ ખરેખર ગૌરવ અને આનંદની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જે વાત કરવી છે તે એ છે કે આજ સુધી આપણે સૌ અન્ય દેશોની સરખામણીએ પછાતપણાની ભાવના અનુભવતા હતા અને હવે જે બધી સગવડો વિજ્ઞાનને કારણે યુરોપ અને અમેરિકા ભોગવે છે એ આપણે બધા ભોગવી શકીએ એવી સ્થિતિ આપણે ત્યાં અહીંયા ગુજરાતમાં ઊભી થઈ છે ત્યારે મેં કહ્યું તેમ હવા, પાણી, ખોરાક, સારા રસ્તા, નિયમિત વીજળી, જયોતિગ્રામ અને શિક્ષણની પણ બધા જ પ્રકારની સગવડવાળું જીવન અહીંયા મેળવી શક્યા છીએ. જ્યારે હવે આપણી સંસ્કૃતિને ઉજાગર કરવાનો સમય પાક્યો છે ત્યારે મારે કહેવું છે કે, સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, ' જ્યાં સુધી પેટનો ખાડો ન પુરાય ત્યાં સુધી ધર્મની વાતો નકામી છે.' માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધી સ્થિતિ એવી હતી કે, ભૌતિક સગવડો માટે જૂજતા લોકો કહેતા કે મારે આ નથી, મારે તે નથી અને પેલા બધા લોકો ખૂબ સગવડવાળું જીવન જીવે છે. એવી જાતની ભૌતિક સગવડો પૂરી ન થાય ત્યાં સુધી એને ધર્મ સૂઝે નહીં અને ધર્મની વાત એને વાતો લાગે. આપણે એને વાત કરીએ તો એ કહે કે એ બધું જવા દો પેલા રોટલાનું કરો, અમારી સગવડોનું કરો પણ હવે જ્યારે આ પ્રમાણેની બધી જ સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી છે અથવા તો ઉપલબ્ધ થઈ જવાની છે એ આપણે જોઈ શકીએ છીએ એવા સંજોગોમાં આપણી સંસ્કૃતિને હવે આખા વિશ્વમાં પહોંચાડવાનો અને સમગ્ર માનવ જાતનું કલ્યાણ કરવાનો આ વખત છે એમાં પણ હું માનું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીની આગવી સૂઝ અને એની આગવી શકિત દ્વારા આપણે સૌથી આગળ રહીશું, ગુજરાત આખા વિશ્વને માર્ગ ચીંધશે એમાં મને કોઈ જ શંકા નથી. એના માટેનું એક જ ઉદાહરણ એ છે કે હમણા જ જે વિધેયક લાવવામાં આવ્યું એ શિક્ષણ નવીનીકરણ આયોગ વિધેયક. એટલે શિક્ષણ જે મેકોલો પદ્ધતિ છે એણે એ વખતે આપ્યું હતું એ એટલા માટે કે આપણને પછાત રાખવાની દ્રષ્ટિએ આપેલી પદ્ધતિ હતી. આ પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર કરીને આપણે એક નવી પદ્ધતિ એવી વિકસાવીએ જેની અંદર આપણી સંસ્કૃતિ છે, આપણા જે સંસ્કારો છે એના માટેમાનનીય અધ્યક્ષશ્રી, વેદનું એક વાક્ય હું ગુજરાતીમાં કહીશ. 'અમને સર્વ દિશાઓમાંથી શ્રેષ્ઠ વિચારો પ્રાપ્ત થાઓ.' આખરે તો સારું વર્તન કરવા માટે શ્રેષ્ઠ વિચારો આવવા મહત્ત્વના છે. આ વસ્તુ છે એ આજસુધી આપણે કહી શકતા નહોતા. કારણકે આપણી ભૌતિક જરૂરિયાતો નહોતી પૂરી થઈ ત્યાંસુધી શ્રેષ્ઠ વિચારોનું શું કામ. હવે જ્યારે ભૌતિક સગડતાઓમાં આપણે પરાકાષ્ઠાએ પહોંચવા આવ્યા છીએ, ત્યારે આપણા ઋષિઓએ જે આપણને વેદ અને ઉપનિષદો દ્વારા જ્ઞાન આપ્યું છે એ જ્ઞાન સમગ્ર વિશ્વને આપી અને સમગ્ર વિશ્વને સુખી બનાવવા તરફ ગુજરાત પહેલ કરશે માનનીય મુખ્યમંત્રીશ્રી આપણને માર્ગદર્શન આપશે એમાં મને કોઈ શંકા નથી. હું આભાર પ્રસ્તાવને આવકારી અને અભિનંદન સાથે મારી વાત પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ, મહામહિમ્ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. મને એમ લાગતું હતું કે, રાજયપાલશ્રીના પ્રવચનમાં સમતુલિત વિકાસના દર્શન દેખાશે પરંતુ જે ભાષણ થયું, અને એ અમે વાંચી ગયા તો એમાં અમને એમ લાગ્યું કે ગુજરાતનો વિકાસ અસમતુલિત થઈ રહ્યો છે ફક્ત ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને વિકાસ થઈ રહ્યો છે, ઉદ્યોગોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિકાસ થઈ રહ્યો છે નહિ કે ગુજરાતની જનતાને ધ્યાનમાં રાખીને, એના લીધે,.. ગુજરાતમાં ઉદ્યોગો આવે એ સારું જ છે પણ એમને ધ્યાનમાં રાખીને જ્યારે વિકાસ થતો હોય, ત્યારે એમને જાણે કે બી.પી.એલ. યાદીમાં આવતા હોય એ રીતે એમને જમીનોની લહાણી, એમને વ્યાજમાં લહાણી, એમને વીજળીમાં પણ લહાણી, આવી રીતે દરેક બાબતમાં એમને ફાયદો કરાવવામાં આવતો હોય છે, ત્યારે આ પણ એક વિચારવાની બાબત છે, આજે ગુજરાતનો ખેડૂત વીજળી માટે તરફડી રહ્યો છે, ગુજરાત સરકાર જ્યોતિગ્રામ યોજના લાવી અને સંતોષ માણી રહી છે, એના જે એવોર્ડ

મેળવે છે પણ મારે તો એમને એમ કહેવું છે કે, ગુજરાતના ખેડૂતો જે વીજળીનો વપરાશ કરે છે એમની પાસેથી કોઈક એવોર્ડ લો, જો ગુજરાતનો ખેડૂત એમ કહે કે, આ સરકારને અમે એવોર્ડ આપીએ છીએ તો બરાબર છે, એમને પહેલાં ૧૪ કલાક લાઈટ મળતી હતી આજે આઠ કલાક પણ પૂરતી લાઈટ મળતી નથી, ગુજરાતમાં જે સિંચાઇ વગરના વિસ્તારો છે, નર્મદાનું પાણી અમુક વિસ્તારમાં જરૂર મળતું હશે, પણ જે વિસ્તારમાં નથી મળતું એના માટે સરકાર પાસે કોઈ યોજના નથી. હમણાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ઉત્તર ગુજરાતમાં હિંમતનગર મુકામે આવીને ગયા, હાથમતી-ગુહાઈમાં પાણી નાંખવાનું ઉદ્ઘાટન- લોકાર્પણ કરી ગયા, સાહેબ આજે ત્યાં જૂઓ તો પરિસ્થિતિ એની એ જ છે, હજી કોઈ સુધારો એમાં થયો નથી, મારે તો એમ કહેવું છે કે, અત્યારે નર્મદામાં જે ખર્ચો થયો છે, ૨૬૯૮૫ કરોડનો અને સુજલામ્-સુફલામ્ યોજનામાં જે ૬૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો થયો છે, એના સિવાયની બીજી ઘણી યોજનાઓ છે જેમાં કરોડો રૂપિયાનો ખર્ચો થયો છે તો આટલો બધો ખર્ચો જે આ યોજનામાં થયો છે એની અવેજીમાં ગુજરાતના ખેડૂતોને માટે પાણી નથી મળતું ઈરીગેશનથી, એવા લોકો માટેની કોઈ યોજના સરકારે બનાવી છે ખરી? એમના માટે કોઈ યોજના સરકાર પાસે છે? છેલ્લાં ઘણા સમયથી સરકારનો અભિગમ ખાનગીકરણ તરફ હોય તેમ દેખાય છે, શિક્ષણનું ખાનગીકરણ, દવાખાનાઓનું ખાનગીકરણ, વાહન વ્યવહારનું ખાનગીકરણ, દરેક ક્ષેત્રે જૂઓ તો ખાનગીકરણ, ખાનગીકરણ, ખાનગીકરણ દેખાય છે. આજે ગુજરાતની બાવન લાખ જેટલી વસતિ બક્ષીપંચની છે અને પંદર ટકા વસતિ આદિવાસીઓની છે, ઉચ્ચ શિક્ષણમાં આ વર્ગોના જે વિદ્યાર્થીઓ ભણતા હશે એની ફી કોણ ભરતું હશે એનો સરકારે કોઈ વિચાર કર્યો છે ખરો? મારી જાણમાં છે ત્યાંસુધી અનુસૂચિત જાતિ માટે ઉચ્ચ શિક્ષણની ફી જરૂર સરકાર ભરે છે પણ આ બે વર્ગો માટેની કોઈ વ્યવસ્થા આ સરકારે કરી નથી, મારી વિનંતી છે કે આમાં પણ કંઈક પ્રતિભાવ એમનો હોવો જોઈતો હતો, દવાખાનાઓમાં પણ આ જ પરિસ્થિતિ છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાયાની સુવિધાઓ જે મળવી જોઈએ એ પણ મળી શકતી નથી, એનું પણ ખાનગીકરણ. અત્યારે ગામડામાં જ્યારે દર્દી જાય છે ત્યારે એની પાસે બી.પી.એલ. કાર્ડ માંગવામાં આવે છે અને એના સિવાય દવા મળતી નથી, કોઈપણ માણસ બીમાર પડે ત્યારે બી.પી.એલ. કાર્ડ લઈને ફરતો નથી હોતો, ગામડામાં પણ જે કંઈ સુવિધાઓ છે એમાં પણ કંઈકને કંઈક રાહત કરવી જોઈતી હતી. ગામડાઓના વિકાસમાં લોકભાગીદારીની વાત સરકારે કરી છે ઘણા સમયથી એના લીધે, મારું તો ચોક્કસ માનવું છે કે એનાથી વિકાસ અટકી ગયો છે, કારણકે લોકભાગીદારી, જે ગામડાના લોકો ગરીબ છે બિચારા એમને ખાવાના ફાંફા છે, પૈસા નથી ભરી શકતા એવા લોકોને તમે લોકફાળાના ૧૦ ટકા, ૨૦ ટકા ભરો તો એ કયાંથી ગામડાનો માણસ ભરી શકવાનો છે.અને એના લીધે આ વિકાસના કામો, કદાચ એ સરકારનું આયોજન પણ હોઈ શકે આ વિસ્તારનો વિકાસ ન થવા દેવા માટે.

એવી જ રીતે પીવાનું પાણી એ એક પાયાની જરૂરિયાત છે. શહેરનો કોઈ માણસ હેન્ડપંપથી પાણી મેળવતો નથી. ગામડાનો માણસ હેન્ડ પંપથી પાણી મેળવે છે. ગામડામાં હેન્ડ પંપ બગડે તો તેને રીપેર કરાવવાની જવાબદારી સરપંચને આપવામાં આવી છે. જે માણસ પાસે બે પાઈપ બગડે તો કાઢવાની તાકાત નથી, પણ સરકારે જવાબદારી ઠોકી દીધી. ગામના લોકો હેરાન થાય અને કંઈ રજૂઆત કરે તો કહે કે તમારા સરપંચને કહો. આ રીતે સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી રહી હોય તેમ દેખાય છે.

એવી જ રીતે એસ.ટી. બસોના રૂટ ઘટાડી નાંખવામાં આવ્યા છે. ગ્રામ્ય કન્યાઓ માટે મફત બસની સુવિધા. પણ બસ આવે તો ને? બસ ક્યાં છે? સરકારી પ્રોગ્રામો જ એટલા બધા હોય છે કે રોજેરોજ સરકારી પ્રોગ્રામો માટે બસ એકવાયર કરી લેવામાં આવે છે. એના લીધે વિદ્યાર્થીઓને સમયસર શિક્ષણ મળી શકતું નથી. કન્યાઓ સમયસર સ્કૂલે જઈ શકતી નથી. કર્મચારીઓ સમયસર નોકરી પર જઈ શકતા નથી. આ માટે પણ સરકારે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની જરૂર છે. કમસેકમ બસો ન લેવી જોઈએ.

કેન્દ્ર સરકારે જંગલની જમીન આપવાનો કાયદો કર્યો. તારીખ ૧૩/૧૨/૨૦૦૫ સુધીની મુદત માટે જે આદિવાસી રહેતા હોય તેના માટે છે, પણ આ સરકારે નિયમ એવો કર્યો કે જંગલની જમીન ન આપવી પડે. એના માટેના નિયમો કર્યા છે. જયારે કાયદાકીય રીતે રક્ષણ મળતું હોય ત્યારે સરકારે આવી જંગલની જમીન વહેલી તકે આપવી જોઈએ. બે વર્ષ થયા છતાં એકપણ માણસને આપી શકાઈ નથી. (અંતરાય) અમલ કરવાની જવાબદારી તમારી છે. કેન્દ્રએ કાયદો બનાવી દીધો, હવે કેન્દ્રની નહીં, તમારી અમલ કરવાની જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના વિકાસ માટે સરકારે વનબંધુ કલ્યાણ યોજના આ ગૃહમાં ૨૭/૨/૦૭ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિયમ ૪૪ હેઠળ નિવેદન કર્યુ હતું. વન બંધુ કલ્યાણ યોજના નીચે ૧૫ હજાર કરોડના વિકાસ કાર્યોની જાહેરાત કરી હતી. મને એમ લાગ્યું કે આ પંચવર્ષીય યોજના નહીં હોય. આ કોઈ અલગ પેકેજ હશે. પરંતુ મારી વાત ખોટી ઠરી. બજેટમાં કોઈ સ્પેશ્યલ પેકેજ નહોતું, ફકત પંચવર્ષીય યોજના જ હતી. એની એ જ યોજનાઓનું બીજી રીતે નામકરણ કરીને આ યોજના ચાલુ કરવાની વાત કરી. એના અમલીકરણની વાત પણ કેવી? જે યોજનાની જાહેરાત ૨૭/૨/૨૦૦૭ના રોજ કરી, તેનો અમલ કોણ કરશે અને કેવી રીતે કરશે એની કઈ કમિટી હશે એનો પરિપત્ર ૨૩/૭/૨૦૦૮ના રોજ કર્યો. મુખ્યમંત્રીના પ્રોગ્રામ તરીકે સ્વીકારવામાં આવેલો અને અને એના અમલીકરણની જાહેરાત દોઢ વર્ષ પછી થાય. આ કઈ જાતનો વહીવટ થાય છે? આના લીધે જે છેલ્લા બે વર્ષથી સરકારે જાહેરાત કરેલી કે ૨૫૦થી ઓછી વસતિવાળા ગામડાને બારમાસી

રસ્તા આપવાની વાત, તે આમાં આવી નથી. છેલ્લે તપાસ કરી તો ખબર પડી કે સરકારે મંજૂરી આપી નથી અને રસ્તા શરૂ થઈ શકયા નથી. ૨૦૦૭-૦૮ની ગ્રાન્ટ લેપ્સ ગઈ. હવે ૨૦૦૮-૦૯માં પણ ફેબ્રુઆરી મહિનો તો પૂરો થવા આવ્યો. જાહેરાત કરી પણ એના માટેનું આયોજન ન હોવાને લીધે આવી રીતે મુશ્કેલી પડતી હોય છે.

આવી જ રીતે ગામડાના રસ્તા અને આદિવાસી વિસ્તારના લોકો માટે સિંચાઈની કોઈ સગવડ દેખાતી નથી. ખૂબ મોટું બજેટ એમાં જોવા મળે છે. બીજું ગુજરાત પેટર્નમાં ૨૦૦૭-૦૮માં બજેટ ૪૧૦ કરોડનું હતું. આ પહેલો એવો વિભાગ છે કે ગુજરાત પેટર્નમાં બજેટમાં ઘટાડો કરવામાં આવ્યો હોય. આવાસ યોજનામાં ઈન્દિરા આવાસ યોજનામાં દર વર્ષે પૈસા વધારવામાં આવતા હોય છે. એમાં કેન્દ્રના ૭૫ ટકા અને રાજયના ૨૫ ટકા હોય છે. કેન્દ્રએ પોતાના ૭૫ ટકામાંથી ૨૫ હજારના ૩૫ હજાર અને હીલી એરિયામાં સાડા સત્યાવીસમાંથી સાડાસાડત્રીસ હજાર કર્યા, પણ રાજય સરકારે પોતાના ૨૫ ટકાના હિસ્સામાં ઘટાડો કર્યો છે. મારી સરકારને વિનંતી છે કે ગુજરાત સરકારે પણ એમાં વધારો કરવો જોઈતો હતો. રોજગાર ગેરન્ટી યોજનાની વાત કરું તો એમાં મીનીમમ વેઈઝ જે ૧૦૦ રૂપિયા મળવા જોઈએ એમાં એસ.ઓ.આર. મુજબ પૈસા ચૂકવવામાં આવે છે એના લીધે પૈસા પૂરતા મળી શકતા નથી. માણસો એમનું પેટીયું રળવા માટે આવે છે, એને એનો રોટલો રળવો છે, એ સખત તડકામાં મજૂરી કરે છે તો કમસે કમ એને મજૂરીના ૧૦૦ રૂપિયા જેમળવા જોઈએ એ મળી શકતા નથી. તો એમાં એ.ઓ.આર. પ્રમાણે કરવાથસ કેન્દ્ર સરકાર તરફથી જે પૈસા મળતા હતા એ પણ પૂરેપૂરા ચૂકવી શકાતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આવી ઘણીબધી યોજનાઓ જે રાજય સરકારની છે એમાં એવું કોઈ ચોકકસ પ્રતિબિંબ દેખાતું નથી. એટલે આ જે નામદાર રાજયપાલશ્રીનું પ્રવચન છે એને હું મારું સમર્થન આપી શકતો નથી.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ માનનસય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ લઈને આવ્યા છે તે અંતર્ગત શિક્ષણ વિષય ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણ વિષય ઉપર વાત કરવી છે એટલે હું શિક્ષણ પૂરતી જ વાત કરીશ. જૂન, ૨૦૦૮ માં કુલ ૨,૯૯,૨૧૯ કન્યા અને ૩,૨૨,૯૦૪ કુમારો મળીને કુલ ૬,૨૨,૦૨૬ બાળકોએ શાળા પ્રવેશોત્સવ કર્યો હતો. આ સમય દરમ્યાન કુલ રૂા. ૭,૨૭,૬૬,૬૪૭ નું દાન લોકફાળા દ્વારા સરકારને પ્રાપ્ત થયું હતું. એવી જ રીતે આંગણવાડીઓમાં ૩.૬૯,૮૧૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો અને ૨૯૧૪૩ મહાનુભાવો દ્વારા ૨૦૪૮૪ ગામોમાં ૨૮૩૮૬ શાળાઓની મુલાકાત આ મહાનુભાવોએ લીધી હતી.

માનનીય અધ્યક્ષશ્રી,એટલું જ નહીં, પરંતુ ઉચ્ચ કેળવણીના સંદર્ભમાં આપણે જોઈએ તો વિદ્યાર્થીઓની જોબ ઓર્પોચ્યુનિટી મળી રહે એવી ટેકનીકલ યુનિવર્સિટીઓ શરૂ કરી એમાં ૨૦૦૭-૦૮ ૧૨૬ જેટલી સંસ્થાઓની સામે ૨૦૦૮-૦૯ માં ૨૧૮ સંસ્થાઓએ નેટનું પ્રમાણપત્ર આ સરકારના સમય દરમ્યાન મેળવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રના અભ્યાસક્રમોમાં ૨૦૦૩ માં કુલ ૧૪૪ સ્થાઓમાં ૩૧૮૪૦ બેઠકો હતી, ૨૦૦૯ માં ૩૩૭ સંસ્થાઓમાં ૬૯૮૮૨ જેટલી બેઠકો વધી, ૨૦૦૮-૦૯ ની હયાત ૨૨ સરકારી તથા ૧૧ સેલ્ફ ફાઈનાન્સ પોલિટેકનીકમાં વિવિધ ડિપ્લોમાં એન્જિનિયરિંગના અભ્યાસો ઉપરાંત સેકન્ડ શિફટથી શરૂ કરવામાં આવ્યા. આનાથી ઉપર જઈને વાત કરીએ તો. ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા અત્યારસુધીમાં ૭૮૮૫ તાલીમ કેન્દ્રો નકકી કર્યા હતા અને લગભગ ત્યાં પ્રથમ વર્ષે અંદાજે ૧ લાખ જેટલા વિદ્યાર્થીઓને જોબ ઓર્પોચ્યુનિટી મળી રહે એ પ્રમાણેની તાલીમ આપવાની વ્યવસ્થા પણ રાજય સરકારે કરી છે. આઈ.આઈ.ટી. બોમ્બેનું ગુજરાત ખાતે વિસ્તરણ એકમ ૭ મી ફેબ્રુઆરીથી વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ, ચાંદખેડા ખાતે શરૂ કરવાનું એક અભૂતપૂર્વ કાર્ય આ સરકાર દ્વારા થયું છે અને એના માટે હું માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને મારા હૃદયપૂર્વકના અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાતનો કન્સેપ્ટ લઈને સમગ્ર ગુજરાત નિર્મળ બને એના માટેનો એક સારો અભિગમ લોકફાળાથી ઉભો કરવાનો એક સારો વ્યુહ અપનાવ્યો અને એ અંતર્ગત ટેકનો સેવા પ્રોગ્રામ અંતર્ગત ૩૨૭ વિદ્યાર્થીઓને વિવિધ નગરપાલિકાઓની સાથે ૬ માસ માટે સાંકળીને કોલેજ કેરીયર પ્રોગ્રામ અંતર્ગત જોબ ફેર એટલે કે ભરતી મેળા કર્યા અને અંદાજે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને ૨૨ જેટલી બહુ રાષ્ટ્રીય કંપનીઓમાં નોકરી મળી છે.

માનનીય અનિલભાઈ જોષીયારા હમણાં વાત કરી રહ્યા હતા, એ તો વિદ્વાન છે, ડોકટર છે. તો જોષીયારા સાહેબ, મારે એક આ વાત કરવી હતી. એક માનનીય ધારાસભ્યશ્રીએ એમ કહયું કે આ તો રાજય સરકારે અમલવારી કરવાની હોય. તો એના અતર્ગત એક વિષય જે માર ધ્યાન ઉપર આવ્યો એ હું આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકૃત ૧૯૮૬ ની શિક્ષણ નીતિ એમાં અનુચ્છેદ ૫.૩૩ માં આ બાબતે નીચે પ્રમાણેનું એક મંતવ્ય રજૂ કરવામાં આવ્યું છે.

"ભારતીય વિદ્યા માનવી અને સામાજીક વિજ્ઞાનમાં શોધપૂર્વક અધ્યનને પર્યાપ્ત સમર્થન મળશે. જ્ઞાનના સંશ્લેષણની આવશ્યકતા પૂર્તિ માટે આંતર વિષય શોધકાર્યને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.ડૂબકી લગાવવાનો

પ્રયત્ન કરવામાં આવશે, અને તેને આજની વાસ્તવિકતા સાથે એટલે વર્તમાન પરિસ્થિતિ સાથે સાંકળવાનો પ્રયત્ન પણ કરવામાં આવશે. કેન્દ્ર સરકારની ૧૯૮૬ ની આ શિક્ષણ નીતિની અમલવારી જો આઝાદી પછીના આટલા વર્ષોની અંદર કરવામાં આવી હોત તો શિક્ષણની આજે આ અવદશા થઈ છે તે થઈ હોત ખરી? કેન્દ્ર સરકારે કર્યુ હતું રાજય સરકારો કોંગ્રેસની હતી જો એ સમયગાળા દરમિયાન શિક્ષણ નીતિની અમલવારી થઈ હોત તો આજે શિક્ષણની ચિંતા કરવાનો વિષય ન બન્યો હોત. મેકોલો સિસ્ટમ ઓફ એજયુકેશનને કારણે આજે દેશની જે દશા થઈ છે, યુવાનો રાષ્ટ્રવાદના સિધ્ધાંતોથી દૂર થઈ રહયા છે અને આંતરરાષ્ટ્રીયકરણ આપણા સમાજ ઉપર એકદમ ખૂબ ઝડપથી હાવી થવા માંડયું છે. આને કારણે જોખમકારક પરિણામો આવી રહયાં છે. સાંસ્કૃતિક પ્રદૂષણ વધી રહયું છે. અને આપણે એવા નીચા ઢાળ ઉપર જઈ રહયા છીએ, આપણે કયાં ઉભા છીએ તેની ચિંતા કરવી પડે તેવો વિષય બને છે. વિદ્યાર્થીઆએ રાષ્ટ્રીય ગૌરવને સ્થાને વૈશ્વીકરણની સ્પર્ધાને અપનાવ્યું છે અને સમગ્ર સમાજના ઉત્થાનને બદલે વ્યકિતલક્ષી હિત ઉપર વધારે ઝોક વિદ્યાર્થી મુકતો થયો છે. મેકોલોની સિસ્ટમમાં મેકોલોએ એક વાત પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું કે ભારતની સંસ્કૃતિને નષ્ટ કરવી હોય તો તેના શિક્ષણ ઉપર હાવી થવું જોઈએ, અને તેના માટે સાંસ્કૃતિક પ્રદૂષણ ફેલાવનારી શિક્ષણ પધ્ધતિને મેકોલો શિક્ષણનું જે લક્ષ્ય હતું તે પૂર્ણ કરાવી શકાય તેટલા માટે બ્રીટીશરોની સત્તા રહે કે ન રહે ભારતની અંદર કાળા માથાનો બ્રીટીશર બનીને રહયો. દેશનું સત્વ નષ્ટ થાય પ્રત્યેક વ્યકિતમાં આત્મ ગૌરવ ન રહે આ પ્રકારની શિક્ષણ પધ્ધતિ પર હાવી થવું પડે અને તે થઈને રહયું અને આજ સુધી આ પરંપરા ચાલુ રહી અને તેના પરિણામો આપણે સૌ ભોગવી રહયા છીએ. ૨૧મી સદી એ તો જ્ઞાનની સદી છે આખા વિશ્વની નજર ગુજરાત ઉપર છે. અને ગુજરાતનું શિક્ષણ એનામાં જે વિકાસ થઈ રહયો છે તેના કારણે વિશ્વના દેશોના વિદ્યાર્થીઓ આપણે ત્યાં જ્ઞાન લેવા માટે આવવા તત્પર બન્યા છે. જામનગરમાં આયુર્વેદ યુનિવર્સિટી વિશ્વની એક માત્ર યુનિવર્સિટી છે કે જેમાં લગભગ ૨૨ દેશોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે અને મેરીટની લાઈનમાં ઉભા રહેવું પડે છે અને કેટલાકને એડમીશન પણ મળતા નથી. આ રાજય સરકારે વિદ્યાર્થીની તમામ માંગને પહોંચી વળવા માટે અથાગ પ્રયત્નો કરી શિક્ષણમાં આમૂલ પરિવર્તન કરવાનો પરિશ્રમ કર્યો છે. ૨૦૧૦ સ્વર્ણીમ ગુજરાત બને અને આ સ્વર્ણીમ ગુજરાત બને ત્યારે શૈક્ષણિક ક્ષેત્રે અનેક વીધ યોજનાઓ પણ મુકવી પડે અને એ યોજનાઓની અમલવારી રાજયની સરકારે કરી છે. જે કહયું છે તે કરીને બતાવ્યું છે. શૈક્ષણિક ક્ષેત્રે ગુજરાત આજે ખૂબ મોટી હરણફાળ ભરી રહયું છે. માત્ર ઉદ્યોગો પર જ લક્ષ્ય સેવ્યું નથી, અને ઉદ્યોગોનો વિકાસ કર્યો છે તો ઉદ્યોગોની માંગને પહોંચી વળવા માટે ગુજરાતનો વિદ્યાર્થી સમર્થ બને. ગુજરાતનો યુવાન વિશ્વના દેશોની હરોળમાં ઉભો રહી શકે તે માટે સ્કોપ જેવા અભ્યાસક્રમોનું આયોજન કરીને અભ્યાસક્રમો લાવીને આ વિદ્યાર્થીઓને વિશ્વની સમકક્ષ બનાવવાનો પ્રયત્ન આપણી સરકાર કરી રહી છે. માનવ મૂલ્યોની સમજ, ચારીત્ર્યનું ઘડતર અને સંસ્કાર નિર્માણ માટેના અનેક પ્રયોગો આ રાજય સરકાર દ્વારા થઈ રહયા છે. રાષ્ટ્ર ઉન્નતી કરી શકે તેવો શકિતશાળી સમાજ બને તે માટે શિક્ષણના ક્ષેત્રને માધ્યમ બનાવવાનો આ સરકારનો સરાહનીય પ્રયત્ન રહયો છે. દેશના શિક્ષણ જગતમાં સૌ પ્રથમ એક ઐતિહાસિક અભિગમ, ઐતિહાસિક પ્રયોગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૨૫ હજાર વિદ્યાર્થીઓની સમક્ષ હમણાં થોડા દિવસ પહેલા કરવામાં આવ્યો. પુજય મોરારીબાપુ અને મુખ્ય મંત્રીશ્રીએ સમાજ ધર્મ, શિક્ષણ ધર્મ, વ્યકિત ધર્મ અને રાષ્ટ્ર ધર્મના દિક્ષા ધર્મથી ૨૫ હજાર વિદ્યાર્થીઓને દિક્ષિત કર્યા છે. આ નાની સુની ઘટના નથી. આજના યુવાનને કઈ દિશામાં લઈ જવો છે તેની દિક્ષા ૨૫ હજાર વિદ્યાર્થીઓને આપવામાં આવી. સરકારના જે પ્રયત્નો છે અને તેના આધારે જે પરિણામો મળી રહયા છે ત્યારે મને લાગે છે કે કોંગ્રેસની આટલા વર્ષો સુધીની સરકારોએ આઝાદી પછી શૈક્ષણિક ક્ષેત્રે ભારતીય પરંપરાને ઉજાગર કરનારી ભારતીય મૂલ્ય આધારીત શૈક્ષણિક નીતિઓ ઘડી હોત તો વિદ્યાર્થીઓની આજે આ દશા ન થઈ હોત. રાજયની સરકારે શૈક્ષણિક આમૂલ પરિવર્તનને કારણે જે પરિણામો મેળવ્યા છે તેનાથી મને લાગે છે કે રાષ્ટ્ર જીવનના ચરિત્રની સાથે બાળકના જીવન જોડી તેના વ્યકિતત્વનું નિર્માણ આ શિક્ષણ દ્વારા થઈ શકશે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પુરુ કરુ છું. બાળકોની કલ્પના નિહાળવી જબરી તાકાત હોય એ તાકાતને પ્રેરણા આપવાનું કામ આંગણવાડી જેવા ક્ષેત્રમાં કરવામાં આવી રહ્યું છે. દેશ, ધર્મ, સંસ્કૃતિના રક્ષણ માટે પ્રાણની આહુતિ આપનાર સ્વાભિમાની વીર પુરુષોને આ શિક્ષણની પદ્ધતિ દ્વારા સમાજને આપણે આપી શકવાના છીએ. ભારતીય વેદકાલીન, ઉપદેશકાલીન પરંપરાને ઉજાગર બનાવી શકાશે. સમગ્ર સમાજ, સમગ્ર વિશ્વનો સમાજ આ પરંપરાઓને સન્માનથી જોતો થશે એ પ્રકારનું શિક્ષણ આ રાજયમાં અપાઈ રહ્યું છે. શ્રી કાકા સાહેબ કાલેલકરે સંસ્કૃતિની વ્યાખ્યા આપતા એમ કહ્યું છે કે

" પશુમાંથી મનુષ્ય અને મનુષ્યમાંથી દેવત્ય તરફ ઉર્ધ્વગતિને સંસ્કૃતિ કહેવામાં આવે છે."

સંસ્કૃતિ પરનું આક્રમણ આના કારણે આ શિક્ષણ નીતિના કારણે અટકાવી શકાશે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : મહામહિમ રાજયપાલશ્રીના ઉદ્‌બોધન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ લઈને આવ્યા છે એમાં હું મારો શૂર પુરાવું છું.

પારદર્શક વહીવટના વાચન વખતે રાજયપાલશ્રી રાજય સરકારની વાસ્તવિકતા સમાજ વચ્ચે ખડી કરવાનો પ્રયત્ન કરતા હતા એમાં કેટલાક લોકોને એવું હતું કે આ સત્ય વસ્તુ અમારી સામે આવશે તો સહન નહિ થાય એટલા માટે કંઈક * ( xxxx) થયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહભાઈ, આપે જે * ( xxxx) શબ્દ વાપર્યો એ હું રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : કાઢી નાખો.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહભાઈ, આવા શબ્દો ન વાપરો તો સારું, આ સભાગૃહની આમન્યા જાળવવી પડે. હું કહું છું કે આ શબ્દ દૂર કરું છું તો તમે કહો છો કે કાઢી નાખો, તો તમારો આ જાતનો વર્તાવ બરાબર નથી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : આ રાજયમાં ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી અને એમાં પણ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની નજર આદિવાસીઓ ઉપર પડી. તેઓની પાણીની સમસ્યા હોય કે શિક્ષણની સમસ્યા હોય કે વન વિભાગની સમસ્યા હોય કે આદિવાસી સમાજની સમસ્યા હોય એ બધી જ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે પહેલીવાર નજર ફેરવી. આઝાદી મળ્યાને ૬૦ વર્ષ થયા એમાં કેટલીય સરકારો આવીને ગઈ તેમ છતાં આદિવાસીને પોતાના શિક્ષણ માટે પૂરતી સવલત ન મળી એનાથી લઈને અમારી સરકારે વહેલામાં વહેલા શિક્ષણ વિભાગમાં સુધારા લાવી અને સુધારા મૂકીને દાહોદ હોય કે વલસાડ હોય એ સમગ્ર આદિવાસી વિસ્તારનો આદિવાસી કેવી રીતે શિક્ષણમાં આગળ આવે એની કેટલીય યોજનાઓ રાજય સરકારે મૂકી અને એ સરકારની યોજનાઓ થકી આજે એમ કહી શકાય કે દાહોદથી માંડીને તમામ આદિવાસી વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયો ઘણો નીચે આવી ગયો છે. પહેલા આ આદિવાસી સમાજમાં એવી છાપ હતી કે આપણે દાહોદના આદિવાસીઓએ તો ફક્ત મજૂરી જ કરવી પડે એવું જે પૂર્ણ કાળથી ચાલતી આવતી પ્રથાને ભારતીય જનતા પાર્ટીની સરકારે ત્યાંના આદિવાસીભાઈઓને એ પુરવાર કરી બતાવ્યું કે આ સરકારનો એક પણ રૂપિયો એ ગરીબ આદિવાસીઓ માટેનો છે અને તે વેડફાઈ ન જાય તેના માટેની પૂરતી કાળજી લીધી છે. પહેલાની સરકાર ઉપર અમારા આદિવાસી મિત્રોને વિશ્વાસ નહોતો પરંતુ અમારી સરકારે અહીંના આદિવાસીઓને કોઈપણ જાતની રોકટોક વગર એ વખતના શિક્ષણમાં જે ઊણપ હતી એ દૂર કરીને દાહોદથી માંડીને વલસાડ સુધી ભૂતકાળમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હતું આ તમામ પાસાઓનો મજબૂત રીતે અભ્યાસ કરીને એની તમામ ઊણપો દૂર કરીને આદિવાસી વિસ્તારનો આદિવાસી આ યાંત્રિક યુગમાં શિક્ષણ સાથે જોડાયો છે ત્યારે વનબંધુ યોજના મારફતે અમારી સરકારે આદિવાસી વિસ્તારમાં કૉલેજથી માંડીને સ્કૂલો, પીવાના પાણીથી લઈને જે કંઈ સુવિધાઓ નહોતી એ અમારી સરકારે ખૂબ ટૂંકા સમયમાં આ માનનીય મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ આજે પૂર્ણ કરી છે. અમારા વિસ્તારમાં પાણીનો પ્રશ્ન હતો એના જેવો કોઈ કાળો વિસ્તાર નહોતો. કોંગ્રેસ ટૅન્કરીયા શાસનથી તંત્ર ચલાવતી હતી .શિયાળો શરૂ થાય, ટૅન્કરના ટેન્ડર બહાર પડે એ પણ કેવા પડે એક તાલુકામાં બોગસ ટૅન્કરો ઊભા કરે. ૧૨૦૦ ગામો હોય અને ફક્ત ૧૦૦ ટૅન્કર મૂકે. પાંચ ટૅન્કરો મૂકે. કરોડો રૂપિયાના કૌભાંડ ઉભા થાય. તેમાં કોઈ તપાસ ન થાય. તેના ભૂતકાળના ઈતિહાસના અમે સાક્ષી છીએ. મને કહેતાં આનંદ થાય છે કે આ રાજય સરકારે, રાજયના મુખ્યમંત્રીશ્રીએ દાહોદ, પંચમહાલ જિલ્લાને છોટા ઉદેપુર હોય કે રાજપીપળા હોય, સમગ્ર વિસ્તારની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે, કોંગ્રેસમાં આ નીતિ હતી, કોંગ્રેસે નીતિ ઘડેલી. એક ગામમાં એક હેન્ડપંપ મૂકવાનો અને એ હેન્ડ પંપ કઈ જગ્યાએ મૂકાય? માથાભારે વેપારીઓના ઘર આગળ મૂકાય.

**અધ્યક્ષશ્રી** : શ્રી શૈલેષભાઈ, ગૃહમાં પુસ્તકનું વાંચન ન થાય અને મુકેશભાઈ, આપને પણ કહું છું કે આપ જગ્યા બદલો તેનો મને વાંધો નથી પણ ત્યાં બેઠાં બેઠાં વારે ઘડીએ કોમેન્ટ ન કરતાં. મેં જોયેલું છે. હું અડધા કલાકથી જોઉં છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ માથાભારે વેપારીના ઘર પાસે હેન્ડપંપ મૂકીને એ લોકો સંતોષ માનતા. અમારી રાજય સરકારે આ આદિવાસી વિસ્તારમાં ૫૦ માણસે એક હેન્ડપંપ અને એ ૫૦ માણસે એક હેન્ડપંપ આજે પૂર્ણતાના આરે છે. હજારોની સંખ્યામાં, મને કહેતા આનંદ થાય છે કે મારા તાલુકામાં ગત વર્ષે ૫૫૦ હેન્ડપંપ પૂર્ણ કર્યા કે જ્યાં ગાડી ન જઈ શકે કે જ્યાં રસ્તો ન હોઈ શકે. જે.સી.બી. જેવા મશીનો લાવીને ગાડીઓ પહોંચાડી. જે રાજય સરકારનો દ્રઢ નિર્ધાર હતો. આ આદિવાસી વિસ્તારમાં લોકો આજે યાદ કરે છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ મળ્યો છે. તેનાથી આગળ જઈને કહું કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જળ સંચય યોજના દાખલ કરી, જળ સંચય યોજના દાખલ કરવાના કારણે, કોઈને જોવું હોય તો અમારા વિસ્તારમાં આવે અમે પ્રત્યક્ષ સાક્ષી છીએ. અમારે ઉનાળામાં બે-પાંચ ગૂંઠા પિયત કરવું હોય તો કોઈ કાળે ન થાય. એ આજે સેંકડો એકરમાં માત્ર ચેકડેમ આધારિત ખેતી ઉનાળાની ખેતી કરી રહ્યા છીએ. તેના કારણે ૩૦૦ ફૂટ નીચે ગયેલા પાણી આ જે પંચમહાલ-દાહોદની ધરતીમાં જે હેન્ડપંપ નહોતા ચાલતા, જે અધૂરા પડ્યા હતા એ હેન્ડપંપ આજે

* ( xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

૧૦૦ ફૂટના પાણીના લેવલ ઉપર તમામ હેન્ડપંપો ચાલી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પાણીની જે ક્રાંતિ કીધી. હમણાં પાણી પુરવઠા મંત્રીશ્રીએ પણ અમારા દેવગઢ બારિયાના ધારાસભ્યને કહ્યું કે બારિયા સીટીમાં હું જ્યારે મોટો થયો એ સીટીમાં ત્રણ-ત્રણ, ચાર-ચાર દહાડે પાણી આવતું હતું. ચાર દહાડા પછી લોકોને ગંદું પાણી મળતું. આ રાજયના મુખ્યમંત્રીના કહેવાથી એ પોતે ત્રણ ચેકડેમ, કરોડો રૂપિયાની કિંમતના ત્રણ ચેકડેમ, ભૂગર્ભ ચેકડેમની રચના કરીને બારિયા શહેરની પાણીની સમસ્યા કાયમી હલ કરી છે. આવા કેટલાય ચેકડેમો, લાખો ચેકડેમની રચના કરનારા આ ભારતીય જનતા પાર્ટીના ઉદ્ધારક માનનીય મુખ્યમંત્રીશ્રીએ પંચમહાલ-દાહોદની કાયમી પાણીની સમસ્યા હતી, માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં દુ:ખ થાય, એ જમાનો હતો, હોળી જાય એટલે અમારે ત્યાંના વિસ્તારના આદિવાસીના ઢોરને પીવાના પાણીનો મોટામાં મોટો પ્રશ્ન આવીને ઉભો રહે. એ પાણી પીવા માટે આ ગામથી પેલે ગામ તળાવો ખોળવા જતા. આજે કોઈ પણ કોતરમાં પાણી નહીં હોય એવો ઈતિહાસ નહીં, તેનું કારણ જળ સંચય યોજના રાજયના મુખ્યમંત્રીએ દાખલ કરી એનું મોટામાં મોટું પરિણામ મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં જે સ્થિતિ કોંગ્રેસના સમયમાં ચાલી આવતી તે સ્થિતિને નેસ્ત નાબૂદ કરવા માટે આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પગલાં લીધા છે, પાણીની ક્રાંતિ, શિક્ષણની ક્રાંતિ, અમારે વન વિભાગ આવે. એક સમયનો જે કાશ્મીર જેવો એરિયા અમારો હતો તેને ધોળે દહાડે લૂંટીને એ આદિવાસીઓનો જે સહારો હતો, જે વન ઔષધિ હતી તેનો નાશ કરનારા લોકો જે આજ બેઠા, તેમાં આપણે એમ કહી શકીએ કે એ વખતે સરકારના તંત્ર હતા, એ વખતે સરકારી કાયદા હતા. તે વખતે આ જ અધિકારી હતા પણ..

**અધ્યક્ષશ્રી** : માનનીય કુંવરજીભાઈ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપો. મારો એક મુદ્દો..

**અધ્યક્ષશ્રી** : મારી પાસે નિશ્ચિત મિનિટો છે. આપનો સમય પૂરો થાય છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલ જેઓએ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેને હર્ષદભાઈએ અનુમોદન આપ્યું છે તેના ઉપર હું મારા થોડા વિચારો વ્યક્ત કરવા માટે અને જે ગાંધી વિચારસરણીવાળા અને પવિત્ર આત્મા પાસે જે આ સરકારે બોલાવવા માટેનો પ્રયત્ન કર્યો હતો પણ પૂરું વક્તવ્ય ન થઈ શક્યું એવા માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આખી બુક જોઈ ગયો છું. તેમાં એક-બે વાત, જે જાહેરાતો થાય અને પછી તેની અમલવારી કેટલી થાય છે. એક-બે વાત હું આપના મારફત સરકારશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮ના વર્ષની અંદર સાગર ખેડૂતના નામે અને જે વિસ્તારો શિક્ષણથી વંચિત રહ્યા છે એવા વિસ્તારોની અંદર આશરે ૨૦૦ જેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટેની જાહેરાતો થયેલી. એમાંથી કેટલી શરૂ થઈ એની મને ખબર નથી. પણ જે વિસ્તારોમાં શરૂ થઈ નથી અને બાકી રહી ગઈ છે એ વિસ્તારોમાં આ વર્ષે શરૂ કરવાનો ઉલ્લેખ ક્યાંક હોત તો ગયા વર્ષે ભૂલ થઈ છે એ આ વખતના રાજયપાલશ્રીના પ્રવચનમાં એનો સમાવેશ કરીને સુધારી શક્યા હોત. બીજી વાત મારે એ ધ્યાને મૂકવી છે કે, નવી યુનિવર્સિટીઓ સ્થાપવા માટેની વાત થઈ હતી એમાંથી કેટલી સ્થપાઈ અને એમાંથી કેટલી કાર્યરત થઈ એનો પણ ઉલ્લેખ નથી અને જે બાકી છે અને હજુ સુધી શરૂ થઈ નથી એ યુનિવર્સિટીઓને વહેલામાં વહેલી તકે શરૂ કરવામાં આવશે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મારી પહેલાંના પૂર્વ સાથીદાર સભ્યશ્રીઓએ કન્યા કેળવણીની વાત કરી ગયા. કન્યા કેળવણીની વાત કેન્દ્ર સરકારે પણ કરી છે એનો ઉલ્લેખ નહીં કરું. કેન્દ્ર સરકારે જે કોઈ નિર્ણય કર્યો છે એમાં એટલું કહીશ કે, કન્યા કેળવણીની વાત દરેક વખતે થાય. છેલ્લા વર્ષોમાં મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોની અંદર નૉન ગ્રાન્ટેડ ઉચ્ચતર અને માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. મારે સરકારનું આપના મારફતે ધ્યાન દોરવું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં આ નૉન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે ત્યાં પણ કન્યા કેળવણી માટે પછાવર્ગની હોય, આર્થિક રીતે નબળા વર્ગની હોય એવી કન્યાઓને પણ ત્યાંથી ગ્રાન્ટના ભાગરૂપે આ સંસ્થાઓને જે રીતે વ્યવસ્થા થાય એ રીતે કરીને પછાતવર્ગની કન્યાઓને આવી શાળાઓમાં મફત શિક્ષણ મળે એવી કોઈ જોગવાઈ હોત તો ચોક્કસ અહીં મારી પહેલાંના મિત્રોએ ઉલ્લેખ કર્યો છે એમાં સમર્થન કરી શક્યો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે એનો વિશે એક-બે વાતનું ધ્યાન દોરવું છે. પછાત તાલુકાઓના પછાત વિસ્તારોમાં ખાસ કરીને જ્યાં જે બાળકોને વિવિધ પ્રકારની સહાય આપવામાં આવે છે પણ એ બધા બાળકોને એવું લાગે છે કે, આપણે એમને ધીમે ધીમે યાચક બનાવતા જઈએ છીએ. કાયમી જે યોજનાઓ છે એમાંય ખાસ કરીને આશ્રમશાળાઓ છે, પછાતવર્ગને લગતી જે વધારાની નિવાસી શાળાઓ છે એ વધારે ઊભી થાય, એનો વ્યાપ વધે તો શિક્ષણ વધારવાના ધોરણનો કાયમી ધોરણે ઉકેલ આવી શકે. ફક્ત એમને સહાયરૂપે કે શિષ્યવૃત્તિના સ્વરૂપે આપીએ એ તો સમજ્યા એક વર્ષના ધોરણ પૂરતું છે. આની અંદર કાયમી ધોરણની યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો હોત તો સારું થાત. જેથી કરીને પછાવર્ગના અને વિકસતી જાતિના બાળકો છે અથવા એમને જીવનમાં આગળ વધવાની કાયમી યોજનાઓ છે એનો બીજો કોઈ ખાસ ઉલ્લેખ કરવામાં

આવ્યો નથી. ખાસકરીને ઓ.બી.સી., એસ.સી., એસ.ટી.ની નોકરીઓમાં અનામત જગ્યાઓ છે. એ સમયસર ભરાવી જોઈએ એ ભરાતી નથી. એનો પણ કોઈ ઉલ્લેખ કર્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કેન્દ્ર સરકારનો એટલા માટે ઉલ્લેખ કરવો છે કે, કેન્દ્ર સરકારે એક વાત સ્વીકારી છે અને એમણે નિર્ણય કર્યો છે કે, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ હોય, ખાનગી પેઢીઓ હોય અથવા ખાનગી ઔદ્યોગિક સંસ્થાઓ હોય એની અંદર અનામતનો રેશિયો લાગુ કરવો. મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાને એક વાત મૂકવી છે કે, આપણે ત્યાં જે ખાનગીકરણ થાય છે અને એમાં જે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ છે, આરોગ્યની ખાનગી સંસ્થાઓ છે એમનું ખાનગીકરણ થઈ રહ્યું છે. એ ખાનગી સંસ્થાઓ ઊભી થયેલ હોય એ ખાનગી સંસ્થાઓમાં અનામતનો રેશિયો જળવાય અને એમની ભરતી થાય એવો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ વગેરે સંસ્થાઓમાં અનામતનો રેશિયો છે એ જળવાવો જોઈએ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ખાસ કરીને આરોગ્યની જ્યારે વાત થતી હોય છે ત્યારે મારા પૂર્વ સભ્ય વાત કરી ગયા એમાં દરેક વખતે ૧૦૮ મોબાઈલવાનની વાત થતી હોય છે. કેન્દ્ર સરકાર સહાયિત યોજનાઓ પણ રાજય સરકાર એમના નામે ઉધારે છે. એટલાથી એ પૂરતું નથી. ગ્રામ્ય વિસ્તારની અંદર આરોગ્યની સુવિધા પ્રથમ હતી, જ્યારે કોંગ્રેસની સરકારો હતી એ ધીમે ધીમે ગ્રામ કક્ષાની અંદર ઝૂંટવાતી જાય છે. જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, (અંતરાય) તમે શહેરમાં રહેતા હશો. ગ્રામ કક્ષાની અંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જે સુવિધાઓ હતી એ સુવિધાઓ આજે ઘટતી જાય છે. એ જ પ્રમાણે સામૂહિક આરોગ્ય કેન્દ્રની અંદર જે સુવિધાઓ ભૂતકાળમાં હતી એટલી જળવાઈ રહે તો પણ ઘણું, એના બદલે એનું ખાનગીકરણ થાય છે અને એ સુવિધાઓ ઘટતી જાય છે. એની અંદર જે એકસરે ટેકનિશન, લેબોરેટરી ટેકનિશીયનો હોય વગેરે જે સુવિધાઓ પૂરતી હોય, દવાઓ હોય, ડાંકટરો હોય એ સુવિધાઓ આજે વધવી જોઈએ, એ વધવાને બદલે જે ગ્રામ્ય કક્ષાની આરોગ્યની સુવિધાઓ છે એ ઘટતી જાય છે એ સુવિધાઓ પણ પૂરી ગ્રામ્ય કક્ષાએથી નબળા, ગરીબ વર્ગોને પૂરતી મળી રહે, ગ્રામ્ય કક્ષાના બાળકોને, ગ્રામ્યપ્રજાને મળી રહે એ માટેનો આમાં ખાસ કોઈ વિશેષ ઉલ્લેખ નથી એટલે મારે માનનીય મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવું છે કે જે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં જે ઉલ્લેખ છે એમાં ગ્રામ્યકક્ષાની આરોગ્યની સુવિધાઓ છે એને પ્રાધાન્ય અપાય એ પણ ખૂબ જરૂરી છે. આજે તો સ્થિતિ એવી ઉભી થઈ છે કે સામાન્ય રીતે ગ્રામ્ય કક્ષાની અંદર પણ જયાં આરોગ્યની સુવિધાઓ છે, પી. એસ. સી. કે સી.એચ.સી.માં એમાં ખાસ કરીને સી.એચ.સી.નું પણ આજે ખાનગીકરણનો એક પ્રકારનો વાયરો ઉભો થયો છે અને ત્યાં જે લોકો આવી ખાનગી સંસ્થાઓ છે, એનું સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલન કરવા આવે છે એ સંસ્થાઓ પણ આની અંદર કમાવાની વૃત્તિથી જ દવાખાનાઓની સુવિધા સંભાળતા હોય છે.

વાહન વ્યવહારની એક બે વાત કરું તો પેટ્રોલ, ડીઝલ વગેરેના જે ભાવો ઘટયા પણ એની સાથેસાથે વાહન વ્યવહારની અંદર એસ.ટી.ના જે ભાડા ઘટવા જોઈએ એનો ઉલ્લેખ આની અંદર કોઈ પ્રકારનો કરવામાં આવ્યો નથી. સાથેસાથે ૧૦૦૦ જેટલી નવી એસ.ટી. બસો ખરીદીને વાહન વ્યવહાર વિભાગ રોડ ઉપર મૂકવા માગતા હતા હવે એમાંથી કેટલી ખરીદાણી એની ખબર નથી. આ વખતે પણ ૧૦૦૨ જેટલી નવી એસ.ટી. બસો ખરીદીને આ સુવિધા વધારે વિસ્તૃત બને એના માટેની જોગવાઈ કરવામાં આવી છે. મારે આપના મારફત એમ કહેવું છે ગ્રામ્ય વિસ્તારની અંદર જે એસ.ટી. બસોની સુવિધા હતી એમાંથી લગભગ ૬૦ થી ૭૦ ટકા જેટલી રહી છે બાકીની મોટાભાગની ગ્રામ્ય વિસ્તારની એસ.ટી.ની સુવિધા ઝુંટવાઈ ગઈ છે. અથવા તો બંધ થઈ ગઈ છે. ભૂતકાળની અંદર જે વખતે કોંગ્રેસની સરકારો હતી એ વખતે ૧૦૦ ટકા ગ્રામ્ય વિસ્તારને એસ.ટી.ની સુવિધા આપવી, એને કવર્ડ કરવી, સમાવેશ કરવો એ પ્રકારની જોગવાઈ હતી ઉર્જાને લગતો એક પ્રશ્ન છે. ખેડૂતોને જે નવા વીજ જોડાણ જે ભૂતકાળની અંદર અપાતા હતા એને બદલે કોઈ નવા વીજ જોડાણનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય જેઠાભાઈ.. .

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર શ્રી પ્રફુલભાઈ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો ટેકો આપવા માટે ઉપસ્થિત થયો છું. રાજયપાલશ્રીના સંબોધનમાં રાજયને સમૃધ્ધ શકિતશાળી, પ્રગતિશીલ રાજય બનાવવા માટે રાજયમાં શાંતિ, સલામતિ જળવાઈ રહે અને સમૃદ્ધિનો અનુભવ થાય તે માટે રાજય સરકાર અનેકવિધ પગલાં દ્વારા અથાગ પ્રયત્ન કરી રહેલ છે ત્યારે તેનું સ્પષ્ટ ચિત્ર રાજયપાલશ્રીના સંબોધન દ્વારા ફલિત થઈ રહયું છે. છેલ્લા કેટલાક સમયથી દેશમાં આતંકવાદી હુમલાઓ થતા ભયનું વાતાવરણ થયું છે ત્યારે વિશ્વલેવલે મંદીનું વાતાવરણ ચાલી રહયું છે, આમ છતાં રાજય સરકારે ચોથી વાઈબ્રંટ ગુજરાત ગ્લોબલ સમીટ થઈ એનું આયોજન કર્યુ અને એમાં વિદેશમાંથી ૧૨લાખ કરોડથી વધુ મૂડીરોકાણ થાય એની સમજૂતીના કરારો કરવામાં આવ્યા છે. આ દેશની અંદર, જગતના ઈતિહાસમાં રાજય સરકારના અતિશય પ્રયાસોના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓમાં રહેલી સુસુપ્તશકિતઓ બહાર લાવવા માટે જે પ્રયત્નો થઈ રહયા છે એ વિશ્વગ્રામ માટે સેતુરુપ બન્યા, છેવાડાના માનવીઓને ગ્રામસભાના માધ્યમથી સત્તામાં ભાગીદાર બનાવ્યા, સંસદીય લોકશાહી પ્રત્યે હવે ગ્રામવાસીઓ જાગૃત થયા, લોકભાગીદારી થઈ, ગુજરાતના ગામડાઓનો વિકાસ થયો, ફાળો આપી રહયા છે. રાજય સરકાર સમાજ સુરક્ષા ધ્યાનમાં રાખી,

અનાથ, નિરાધાર ત્યજાયેલા બાળકો, મહિલાઓ, વિકલાંગો, વૃધ્ધો સશકિતકરણ માટેના તેમજ અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લોકોના કલ્યાણ માટેના, એ લોકોનો સામાજીક આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય તેના માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રયત્ન કરી રહી છે. નર્મદા યોજના સિંચાઈ માટે હાલના ઉપલબ્ધ પાણીનો અનેકવિધ રીતે ઉપયોગ થાય અને વધુમાં વધુ વિસ્તારને આ યોજનાનો લાભ મળે તેવા પ્રયત્નો કરી રહયા છે. મને કહેતાં ખૂબ આનંદ થાય છે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સિંચાઈ મંત્રી વડીલ નરોત્તમભાઈ અને માનનીય નીતિનભાઈ પટેલને આજના દિવસે હું ખૂબખૂબ અભિનંદન આપું છું કારણ કે મારા મતવિસ્તારની અંદર આ એશીયામાં સિંચાઈ માટે જો કોઈ ટનલ કેનાલ બની હોય તો ફકત શહેરા તાલુકામાં બની છે અને ૧૬૫ કરોડ રૂપિયાનું બજેટ આ શહેરા તાલુકાની પ્રજાને ૨૭ હજાર હેકટર જમીનને સિચાઈના પાણીનો લાભ મળે એના માટે જ્યારે આ કામ થયું છે ત્યારે આપણે દરેક વખતે જોઈએ છીએ કે મારા સાથી મિત્રો સુજલામ્ સુફલામ્ યોજનાની એક જ વાત કરે છે. મારે કહેવું છે કે સુજલામ્ સુફલામ્ યોજનાની જે ટીકાઓ થાય છે એનું કારણ છે કે આ કોંગ્રેસના મિત્રોથી સહન થતું નથી. *(એમના પેટમાં તેલ રેડાય છે.)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : શબ્દો પાછા ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી** : હું ઊભો છું આપ બેસી જાવ. જ્યારે શબ્દો પાછા ખેંચવાનું કહેવામાં આવે છે ત્યારે સભ્યશ્રીઓએ એ માટેની ગંભીરતા જાળવવી જોઈએ એ જળવાતી નથી. ખરેખર તો આપણી ભાષાની અંદર એવું સૌજન્ય હોવું જોઈએ અને ગુજરાતી ભાષામાં ખૂબ પ્રભાવ છે એવા શબ્દો વાપરો. આ શબ્દો વાપરવાથી એની શોભા નથી વધતી. આપશ્રી પાછા ખેંચી લો છો એ આટલી સરળતાથી ન હોવું જોઈએ એવી સૌ સભ્યોને વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપની ગંભીર વાત સાથે સંમત છું. આજે જેઠાભાઈ સભ્ય ભાષામાં વાત કરે છે.

**અધ્યક્ષશ્રી** : અહીંયા બેઠેલા બધા લોકો સભ્ય ભાષામાં વાત કરે છે. વર્તન કોઈકવાર.......

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કામ થયું છે એ હકીકત છે. આપને પણ મારી વિનંતી છે કે ગુજરાતની અંદર એશિયામાં પહેલી જે ચાર કિલોમિટરની ટનલ બની છે તે જોવા હાઉસના તમામ ધારાસભ્યોને મારું આમંત્રણ છે. સુજલામ્ સુફલામ્ની ટીકાઓ થાય છે તો એક વખત આવો અને જુઓ તો સુજલામ્ સુફલામ્ શું છે એનો અહેસાસ થશે, એનો અંદાજ આવશે કે આઝાદી પછીના આટલા વર્ષો ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું છે, આદિવાસી પ્રજાને લાભો આપવાના જે કામો થયા નથી એ ગુજરાતના ઝાંબાઝ મુખ્યમંત્રીએ કર્યું છે. લાખ લાખ અભિનંદન આપું છું. મારે એટલા માટે કહેવું છે કે પંચમહાલ અને દાહોદ વિસ્તારની ગરીબ પ્રજાને અત્યાર સુધી લાભ મળ્યો ન હતો. અમારે ત્યાં મહી, પાનમ અને કડાણા ડેમ. ત્રણ ત્રણ ડેમો બન્યા અને છતાં પાણી અમારી નજર સામે જાય પણ અમને પાણીનો લાભ ન મળે. એનો લાભ કોઈએ અમને આપ્યો ન હતો. પણ આજે ગુજરાતના મુખ્યમંત્રી અને સિંચાઈ મંત્રીને અભિનંદન આપું છું. કારણ કે એમના આવ્યા પછી એમની દીર્ઘદ્રષ્ટિના કારણે ગુજરાતના પછાત અને આદિવાસી લોકો હતા એને લાભ આપવા માટેના કામો કર્યા છે. એ આજ સુધી 'ન ભૂતો ન ભવિષ્યન્તિ.' આજ સુધી કોઈ કામો થયા જ નથી અને જે થયા છે એ કહ્યા વગર ચાલશે નહીં. આપને પણ વિનંતી કરું છું કે બધા સભ્યશ્રીઓને આપના તરફથી કોઈ આયોજન થાય અને અમારી હાઈ કેનાલ જોવા માટેનું આમંત્રણ આપું છું. એવી વ્યવસ્થા કરજો કે સુજલામ્ સુફલામ્ની રોજ બૂમો પાડે છે, ખોટું થયું છે, ખરાબ થયું છે, સુજલામ્ સુફલામ્નું શું કામ છે? ટી.વી. અને મિડિયામાં બતાવવામાં આવતું હતું કે સુજલામ્ સુફલામ્ ફેઈલ ગઈ છે. અરે, આ તો અતિ સુંદર યોજના છે. મારા મિત્રોને તકલીફ પડતી હોય તો એ જોવા આવે કે સુજલામ્ સુફલામ્ યોજનામાં પંચમહાલ જિલ્લામાં કેવું કામ થયું છે. મારા ખર્ચે પણ લઈ જવા તૈયાર છું. અનિલભાઈ કહેતા હતા કે સાબરકાંઠામાં કડાણા યોજનાથી વધુ ફાયદો થયો નથી. કડાણાના પાણી છેક કચ્છ અને પાટણ સુધી ગયા છે અને જે આદિવાસી પટ્ટી છે એને એનો લાભ મળવાનો છે. આથી જે રીતે મિત્રો ટીકાઓ કરે છે કે સુજલામ્ સુફલામ્ યોજનામાં ભ્રષ્ટાચાર થયો છે એ તદ્દન ખોટી વાત છે. સુજલામ્ સુફલામ્ યોજનાથી ગુજરાતના નરેન્દ્ર મોદીએ જે અમલ કરાવ્યો છે એનાથી ગુજરાતની પ્રજા અને ગુજરાતના ખેડૂતો અને ગુજરાતની જીવાદોરી સુધરવાની છે. ગુજરાતના ખેડૂતોની આવક વધવાની છે ત્યારે માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને મારો સંપૂર્ણ ટેકો છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર હું મારાં સલાહ-સૂચનો કરવા માટે ઊભો થયો છું.

---

* (          ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખું પ્રવચન હું જોઈ ગયો છું. સરકારના જુદા જુદા ખાતાઓની જે કામગીરી કરી હોય તેની ટૂંકી નોંધ દર્શાવીને તેનું આખું પ્રવચન તૈયાર કરેલું છે. મારી ઈચ્છા હતી કે પ્રવચનની અંદર સમતુલા જો જળવાઈ હોત તો હું અભિનંદન આપી શક્યો હોત પણ આ કારણે હું અભિનંદન આપી શકતો નથી. સૌ પ્રથમ તો મારા વિરોધપક્ષના નેતા જ્યારે બોલવા ઊભા થયા ત્યારે હું એમને અભિનંદન આપું છું કે એમણે રાજ્યની અંદર રત્ન કલાકારોની ચિંતા કરી. રત્નકલાકારોની જે અત્યારે પરિસ્થિતિ છે એની કોઈ ચિંતા આ પ્રવચનમાં કરવામાં આવી નથી. મહારાષ્ટ્રની અંદર જઈને આપણે બ્લાસ્ટિંગ થાય અને ત્યાં આપણે પેકેજ બહાર પાડીએ અને ગુજરાતની અંદર ઘર આંગણે જે રત્નકારોની અત્યારે પરિસ્થિતિ થઈ છે અને દરરોજ આપઘાત થાય છે. કુટુંબની અંદર બાળકોને ભણવાનું બંધ થઈ ગયું. સુરત, અમદાવાદ છોડીને પોતાના વિસ્તારની અંદર કોઈ ધંધો થઈ શકતો નથી. બીજો ધંધા કરવા માટે પ્રયત્નો કરે છે પણ એને કોઈ સાથ-સહકાર મળતો નથી. મારા વિસ્તારની અંદર પણ ગઈ કાલે રત્નકારોએ એની દુકાન બંધ કરીને, દૂધના ધંધામાં જવા માટે પ્રયત્ન કરે છે તો આ ગુજરાત બીજા વિસ્તારની અંદર જો પેકેજ બહાર પાડતું હોય તો રત્નકારો માટે શા માટે પેકેજ બહાર પાડીને એને બચાવવા માટે પ્રયત્ન નથી કરતા? પરિસ્થિતિ જોવો તો આપણને ખ્યાલ આવે કે શું પરિસ્થિતિ છે રત્નકારોની? બીજો કોઈ ધંધો કરી શકતા નથી એવા સંજોગોમાં મારું પણ સૂચન છે કે રત્ન કલાકારો માટે ગુજરાત સરકાર વહેલામાં વહેલું કોઈ પેકેજ બહાર પાડીને એમને બચાવવા માટે પ્રયત્ન કરે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર માટે તો બે મિત્રો બોલ્યા છે એટલે વધારે કાંઈ કહેતો નથી. વાહન વ્યવહાર નિગમની અંદર ૧૦૦૨ નવી બસો ખરીદી. હું પણ વાહન વ્યવહાર મંત્રી તરીકે હતો. આખા રાજ્યની અંદર ૯૯ ટકા કવરેજ કરીને ગ્રામ્ય લેવલે જે બાળકોને ભણવા માટે, ટેકનિકલ શિક્ષણ લેવા માટે શહેરમાં જવું પડે. એને આવવા-જવા માટે સરકારે એસ.ટી.ની સુવિધા કરેલી છે. ૬ મહિનાથી હું જોતો આવ્યો છું કે કોઈ પણ જગ્યાએ મંત્રી અને મુખ્યમંત્રીની મિટિંગ થાય તો બધી જ એસ.ટી. હાઈઝેક કરીને બધા રૂટો કેન્સલ કરી નાંખવાના, એની કોઈ જાહેરાત નહિ કરવાની. બાળકો બિચારા રોડ પર ઊભા રહ્યાં હોય, રીક્ષા, છકડા અને જીપની અંદર જાય તોય ટાઈમસર સ્કુલ સુધી પહોંચી શકતા નથી. રાજકીય પક્ષો મિટિંગો કરે એમાં મને કોઈ વાંધો નથી, પણ સરકારના વાહન વ્યવહારનો શા માટે ઉપયોગ કરે છે? વાહન વ્યવહારના કારણે વિદ્યાર્થીઓને, ખેડૂતોને જે મુશ્કેલીઓ પડે છે એને કારણે હું માનું છું કે વાહન વ્યવહારનો ઉપયોગ નહિ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જ આપણે શિક્ષણની બાબતમાં એક બિલ પસાર કર્યુ. શિક્ષણની અંદર ફેરફાર કરવા માટે, ટેકનિકલ કરવા માટે, ઉચ્ચ શિક્ષણ લાવવા માટે બિલ પસાર કર્યુ. ગ્રામ્ય લેવલના બાળકોને ભણવું છે. એમને જ્યારે શિક્ષણની ભૂખ ઉપડી છે ત્યારે વાહન વ્યવહારની સગવડ ના હોવાના કારણે એમનું શિક્ષણ દહાડે દહાડે બગડતું જાય છે. એના કારણે ગ્રામ્ય લેવલના બાળકો શિક્ષણથી વંચિત રહેતા હોય તેવું લાગે છે. ગઈ કાલે બીજું પણ એક બિલ ગણોત ધારાનું પસાર કર્યુ. ગણોતધારાનું જે બિલ પસાર કર્યુ એમાં કોને ફાયદો થવાનો છે? એમાં કહેવામાં આવ્યું કે જમીન બે વર્ષ સુધી પડી રહે છે અને ખેતી થતી નથી એના કારણે આવક જાય છે. બીજી રીતે જો આપણે જોવા જઈએ તો બિલ્ડરો માટે આ બિલ લાવ્યા હોય એવું મને લાગે છે. અગાઉના વર્ષોની અંદર મહેસૂલ મંત્રી તરીકે જે ફરજ બજાવતા હતા ત્યારે ૮ કિલોમિટરનો કાયદો કાઢી નાંખ્યો. એ ૮ કિલોમિટર કાયદો કાઢ્યો એના કારણે નાના અને સીમાંત ખેડૂતોની શી પરિસ્થિતિ થઈ? જે ગણોતધારામાં નાના માણસો હતા એની શી પરિસ્થિતિ થઈ? જમીન જતી રહી. મોટા બિલ્ડરો ગામડામાં આવીને એ જમીનો પૈસા આપીને ખરીદી લીધી, એના કારણે જમીન ખેડૂત હતો એ બિનખેડૂત બની ગયો. ગઈ કાલનું બિલ ઉપર પણ હું નારાજગી બતાવું છું, એ પણ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈની વાત, અહીંયા નર્મદાનીવાત કરવામાં આવી, કડાણાની વાત કરવામાં આવી અમારા વિસ્તારની અંદર હમણાં એવી પરિસ્થિતિ થઈ.ભાઈ શ્રી નીતિનભાઈની અમારા મંત્રીશ્રીની સાથે મિટિંગ થઈ હતી, પરામર્શ મિટિંગ થઈ હતી એમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, ચાલુ સાલે પાણી ઓછું છે કડાણા, મહી અને નર્મદામાં ઓછું પાણી છે માટે આ વખતે આપણે પાણી આપવાના નથી, કેનાલો રિપેર કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એવી થઈ કે પાણી છે, પાણી છોડાયું, પણ છોડ્યા પછીથી એક પ્રશ્ન એવો લાવીને મૂક્યો કે કેન્દ્રના એક મંત્રીએ ઉપવાસ ઉપર બેઠેલા માણસને ઉપવાસ છોડાવ્યા પછી બીજે દિવસે પાણી બંધ કરી દીધું. ખેડા જિલ્લામાં અમદાવાદ સુધી જે ઘઉં ઉગાડ્યા હતા, ખાતર નાખ્યું હતું મોંઘા ભાવનું બિયારણ નાખ્યું હતું માનનીય અધ્યક્ષશ્રી, એક પાણી માટે હજ્જારો ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન આ સરકારે કર્યુ અને મેં પૂછ્યું કે આ ભાઈ આ પાણી બંધ કોણે કરાવ્યું તો માનનીય મંત્રીશ્રીનું નામ આવ્યું કે શ્રી નીતિનભાઈએ પાણી બંધ કરાવ્યું છે. કોઈપણ મંત્રીએ ઉપવાસ છોડાવ્યા એમાં કાંઈ કોંગ્રેસવાળાને પાણી લેવાનું હતું એવું નહતું, બધાને એનો લાભ મળવાનો હતો છતાં પણ ગુજરાતને અને ખેડા જિલ્લાના ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ રથ, ગ્રામ સભાઓ કરે એમાં અમારો કોઈ વાંધો નથી પણ અહીંયા જે આંકડા આપવામાં આવ્યા છે કે, ગ્રામ સભાઓમાં બારમા તબક્કા દરમિયાન ૧૪,૦૬૪ ગ્રામ સભાઓ થઈ અને ૫૧,૦૪૫ ગામ લોકોએ ભાગ લીધો, ૮૭,૯૮૪ લોકપ્રશ્નો રજૂ કર્યા તે પૈકી એમાંથી ૩૫,૦૦૦/- પ્રશ્નોનો નિકાલ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભામાં તો આપણે ગામડામાં જોઈએ તો એક તલાટી હોય, એક સરપંચ હોય અને બે-

ચાર અધિકારીઓ જે મૂક્યા હોય એ પાંચથી છ જણાથી વધારે કોઈ દિવસ ગ્રામ સભા થઈ જ નથી અને જેટલા પ્રશ્નો રજૂ કર્યા છે એ પ્રશ્નોમાં ગઈ વખતે જે પ્રશ્નો રજૂ કર્યા છે એમાંથી એક પણ પ્રશ્નનો નિકાલ થયો નથી. ગ્રામ સભામાં જે પ્રશ્નો રજૂ કરે છે એ ધારાસભ્યને ટપાલ લખે છે કે, આ પ્રશ્નમાં તમારી ગ્રાન્ટમાંથી પૈસા આપવાના, લોકસભાના સભ્યને ટપાલ લખે છે કે, તમારી ગ્રાન્ટમાંથી પૈસા આપવાના છે? તો ૩૫,૦૦૦/- પ્રશ્નોનો નિકાલ કેવી રીતે થયો? હજુ તો ૫૦,૦૦૦/- પ્રશ્નો બાકી છે. પાંચ-દસ વર્ષની યોજના છે મને કાંઈ ખબર પડતી નથી પણ ગ્રામ્ય લેવલમાં જે ગ્રામ સભાઓ થાય છે સરકારના પૈસાનો ખોટો વ્યર્થ થઈ રહ્યો છે એવું હું માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર, એમાં પણ એવું કહેવામાં આવ્યું કે, ૧૩ સંઘોમાં ૩૪ લાખ લિટર દૂધ આ વખતે રાજયમાં ઉત્પન્ન થયું, વાત સાચી છે. પણ હું માનું છું ત્યાં સુધી સહકારી સંઘોએ પોતાની જાતે જ સ્કીમો બનાવીને પશુપાલનમાં ધીરાણ આપીને, સબસિડી આપીને એ દૂધનો વધારો કર્યો છે. ગ્રામ્ય લેવલે ખેડૂતને જો જીવવાનો એક આધાર હોય તો એ દૂધ ઉપર આધાર છે. સારા ભાવ મળે, એની મંડળી ચાલે, એને સારું બોનસ મળે પણ સરકાર એમાં કેમ સળીઓ કર્યા કરે છે, કેમ એમાં ડિસ્ટર્બ કર્યા કર્યા કરે છે? માનનીય અધ્યક્ષશ્રી, સરકારના નીતિ નિયમો છે એ સમયસર ચૂંટણીઓ કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, સમયસર ચૂંટણીઓ કરતા નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલજીભાઈ સોલંકી.(અંતરાય) શ્રી રામસિંહભાઈ આપનો સમય પૂરો થાય છે, શ્રી લાલજીભાઈ સોલંકી.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય રાજયપાલશ્રીએ ગૃહમાં આપેલા પ્રવચન માટેના આભાર પ્રસ્તાવમાં હું મારી વાત રજૂ કરવા ઊભો થયો છું અને મારા સાથી સદસ્ય પ્રફુલભાઈએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે એમના ટેકામાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ વિધાનસભામાં હું પહેલી વખત ચૂંટાઈને આવ્યો છું. પહેલી વખત વિધાનસભામાં જ્યારે પહેલું સત્ર મળ્યું અને આદરણીય રાજયપાલશ્રી જ્યારે પોતાનું પ્રવચન આપવા માટે આ સન્નમાનીય ગૃહમાં પધાર્યા એ વખતનું દૃશ્ય મેં જોયું ત્યારે મારી જાતને હું ગૌરવ અનુભવતો હતો. મને એમની પ્રણાલિકા, ગૃહનું ગૌરવ અને જે વિષયો મેં મારી દૃષ્ટિ સમક્ષ જોયા ત્યારે ખૂબ મારી જાતને ગૌરવ થયું અને માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસ પહેલા જ ફરી વખત વિધાનસભાના ત્રીજા સત્રમાં જ્યારે વિધાનસભામાં માનનીય રાજયપાલશ્રી પોતાનું જ્યારે પ્રવચન આપવા માટે પધાર્યા એ વખતે બુજર્ગ, ગાંધીવાદી વિચારસરણીના અને બંધારણીય વડા જ્યારે વિધાનસભા ગૃહમાં પોતાનું પ્રવચન આપવા માટે ઊભા થયા ત્યારે એમને રોકવામાં આવ્યા, એ જોઈને મને દુ:ખની લાગણી થઈ. માનનીય અધ્યક્ષશ્રી, સાથી સદસ્ય તરફથી પોતાના વિચારો રજૂ કરાતા હોય છે એમાં હમણાં જ મારા પૂર્વ સાથી વરિષ્ઠ સદસ્યશ્રીએ ગ્રામસભાની વાત રજૂ કરી.ગ્રામસભા એ ગુજરાત સરકારનો ખૂબ મોટો પ્રોજેકટ છે. ગુજરાત સરકારની ગ્રામસભામાં હું ઘણી જગ્યાએ મારી જાતે ગયો છું. બસ્સો, પાંચસો અને હજારની સંખ્યામાં ગ્રામસભામાં લોકો હાજર રહ્યા હતા. ખૂબ સારા પ્રશ્નો રજૂ થતા હતા અને પ્રશ્નોનો ઉકેલ પણ ત્યાં આવ્યો હતો. ફકત ગ્રાન્ટ માટેના પત્ર નથી લખાયા પણ ગુજરાત રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજી જ આવો પ્રકલ્પ કાર્યક્રમ લઈ શકે બાકી તો સામાન્ય રીતે અત્યાર સુધીમાં એવું થયું છે કે ચૂંટણી સમય આવે ત્યારે જ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય છે એ પ્રજા સામે જતા હોય છે ત્યારે આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીના આદેશ અનુસાર ગુજરાતમાંથી પ્રતિનિધિઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ દરેક ગામડાંઓ સુધી એક જ સમયે જઈને ગ્રામજનોના સુખદુ:ખના વિષયો પૂછતા હતા અને અમને પણ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી અને અમારા સાથી સદસ્યો તરફથી એવી સૂચના હતી કે ગામડાંઓમાંથી ખૂબ વિકટમાં વિકટ પ્રશ્ન શોધીને તમારી કક્ષાએ એને ઉકેલવા પ્રયત્ન કરો. રાજય સરકાર સુધી આવવાના હોય તો ત્યાં સુધી લઈ આવીને પણ એને ઉકેલ વાના પ્રયત્નો કરો. આવા અનેક પ્રયત્નો રાજય સરકાર તરફથી થઈ રહ્યા છે એટલા માટે હું રાજય સરકારને અને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબને ખૂબ ખૂબ અભિંદન આપું છું. આમ તો ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ જયારે શાસન સંભાળ્યું એ વખતથી જ ગુજરાતનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. વિકાસ નથી થયો એવી વાતો સાથી સદસ્યો કરી રહ્યા છે પણ મને એમ કહેવાનું મન થાય છે કે ગુજરાતના વિકાસમાં ખૂબ લાંબાગાળા સુધી શાસનમાં રહ્યા હોવા છતાં અમુક વસ્તુ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી જે વસ્તુઓ લઈ આવ્યા, આવી વસ્તુઓ અગાઉ શું કામ ન આવી? આના માટે હું ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબને હું ધન્યવાદ આપું છું. એટલા માટે કે આમ સમાજની ચિંતા તો ખૂબ કરી છે. અનેક પ્રયત્નો કરીને સર્વાંગી વિકાસ માટે પણ પ્રયત્નો કર્યા છે પણ સાથેસાથે અતિ પછાત વ્યકિત છે એનો શૈક્ષણિક અભ્યાસ પૂરતો થાય, એમાં એમને તુટ ન આવે અને વિદેશ સુધી જયારે અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે આવો પ્રયત્ન છે એ કદાચ ગુજરાતમાં નરેન્દ્ર મોદીજીની સરકારમાં જ થઈ શકે. આ વાત વર્ષો પહેલાના રાજા રજવાડા તરફ પણ દોરી જઈ શકાય તેમ છે. ભારતીય બંધારણના પ્રમુખ ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર જયારે અભ્યાસ કરતા હતા.

આર્થિક સ્થિતિ નબળી હતી અને નબળી હોવાને કારણે ત્યારે તેઓ અભ્યાસમાં મુશ્કેલી અનુભવતા હતા ત્યારે વડોદરાના મહારાજાજી સયાજીરાવ ગાયકવાડ સાહેબે એમને આર્થિક મદદ કરીને વિદેશમાં અભ્યાસ કરવા માટે એમને મોકલ્યા હતા અને એના ભાગરૂપે ડો. બાબાસાહેબ આંબેડકર એક વિશ્વવિભૂતિ થયા. ભારતીય બંધારણના પ્રમુખ ઘડવૈયા થયા અને વિશ્વના સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે સ્થાપિત થયા. મારા સાથી મિત્રોને મારે એ પ્રશ્ન કરવો છે કે આટલા વર્ષો પછી રાજા રજવાડા પછી લોકશાહી આવી અને આપ શાસનમાં બેઠા હતા ત્યારે આવો વિચાર કેમ તમને ન આવ્યો અને ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી વિદ્યાર્થીઓને પોતાનો વિદ્યાભ્યાસ અધુરો નહીં રહી જાય એટલા માટે વિદેશમાં વિદ્યાર્થીઓને મૂકવા માટેના પ્રયત્નો શરૂ થયા. અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારે પાંચ લાખ સુધીની લોન આપતા હતા એને વધારીને ૧૦લાખ સુધીની લોન કરી છે અને અત્યારે હું કહેતાં ગૌરવ અનુભવું છું કે અનુસુચિત જાતિના દીકરી અને દીકરાઓ કુલ ૯ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ વિદેશમાં કરી રહ્યા છે આનું શ્રેય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી અને ગુજરાતના ગૌરવવંતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ફાળે જાય છે. અત્યાર સુધીમાં ૩૩૦ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો છે. આમ જોવા જઈએ તો સામાન્ય દ્રષ્ટિએ કોમર્શિયલ પાઈલોટ માટે આ પણ એક ઉચ્ચ શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ માટેનો વ્યવસાય છે. આ વ્યવસાય માટે પણ ગુજરાત સરકારે ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર્યું છે અને આ કોમર્શિયલ પાઈલોટો પણ પોતાનું કોમર્શિયલ લાઈસન્સ મળી રહે એ માટે સરકારે એમને પણ લોનની વ્યવસ્થા કરી. અગાઉના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૮લાખની લોન હતી એને વધારીને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૫લાખ સુધીની લોન કરી છે અને અત્યારે કોમર્શિયલ પાઈલોટમાં પણ આઠ વિદ્યાર્થીઓ કોમર્શિયલ પાઈલોટની તાલીમ લઈ રહ્યા છે. રાજયની ૧૮ આદર્શ નિવાસી શાળાઓમાં રહેવા જમવા અને અભ્યાસની સગવડતાઓ સાથે નબળા વર્ગના કુટુંબોની મુશ્કેલી દૂર થાય ત્યારે અનેક વિદ્યાર્થીઓ આમાં વિદ્યાભ્યાસ કરી રહ્યા છે. અનુસૂચિત જાતિના ગરીબ વ્યક્તિઓ માણસ જીવનમાં પોતાનું મકાન એક વખત જ બનાવી શકતો હોય છે. મકાન બનાવવું તે ગરીબો માટે ખૂબ દોહ્યલુ હોય છે. પોતાના આર્થિક પોષણ માટે પણ જ્યારે ખેંચ અનુભવતો હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાત સરકાર તરફથી ખૂબ મોટાં મકાનો અને આવાસો બનાવાઈ રહ્યાં છે. વામ્બે આવાસ યોજના, સરદાર વલ્લભભાઈ પટેલ આવાસ યોજના આવી અનેક યોજનાઓ આપણી સમક્ષ આવી રહી છે. હું કહેતાં ગૌરવ અનુભવીશ કે મારા જામનગર ગ્રામ્ય વિધાનસભા ક્ષેત્રમાં ૫૦૪ વામ્બે આવાસ યોજના હમણાં પૂરાં થયાં અને ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે એનું લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે. એટલે ખૂબ સર્વપક્ષીય, ગૌરવવંતો વિકાસ થઈ રહ્યો છે, એટલે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા સાથી સદસ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપી મારા વિષયને વિરામ આપું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ લઈને પ્રફુલભાઈ આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતનો જે વિકાસ થઈ રહ્યો છે. ગુજરાતની એક પૂરા દેશમાં છબી ઊભી થઈ છે. એ છબી આપણા બધાને માટે ગૌરવ લઈ શકીએ તેવી છે. આપણે બધા જ એમાં સહભાગી છીએ. એ વિકાસનો એ આનંદનો વિષય છે. ભારતના બંધારણે જે વ્યવસ્થા નક્કી કરી છે, તે વ્યવસ્થાના એક ભાગરૂપે રાજયપાલશ્રીએ જ્યારે આ સન્માનનીય ગૃહને સંબોધન કરવા માટે આવતા હોય ત્યારે એ પરંપરાનું જતન કરવું, એ પરંપરાનો આદર કરવો એ તમામ સભ્યની ફરજ હોય છે, પરંતુ કમનસીબ જે દ્રશ્ય આપણે જોયું એ ખરેખર દુ:ખદ છે. એવું દ્રશ્ય ફરીથી ન ભજવાય એ માટે તમામ સભ્યે સંકલ્પ લેવો જોઈએ. નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની અંદર જે રીતે કાર્ય કરી રહ્યા છે અને એમનો જે સંકલ્પ છે, એના કારણે સાચા અર્થમાં ગુજરાત એક વાઈબ્રન્ટ ગુજરાત બની રહ્યું છે. કૃષિની વાત હોય, ઉદ્યોગની વાત હોય, શિક્ષણની વાત હોય કે સિંચાઈની વાત હોય તમામ ક્ષેત્રોની અંદર કઈક નવીન દ્રષ્ટિ લઈને નરેન્દ્રભાઈ મોદી કામ કરી રહ્યાં છે અને એના પરિણામો આપણને મળી રહ્યાં છે, ત્યારે એને નકારવા એ મને લાગે છે કે સૂર્ય ઉગી ગયો હોય અને એમ કહેવું કે હજુ રાત છે એના જેવી વાત છે. જ્યારે આપણને પરિણામ મળી રહ્યાં છે. ગુજરાતના વિકાસ દરની વાત કરીએ તો ગુજરાતની ઔદ્યોગિક જે કાયાપલટ થઈ રહી છે. ગુજરાતની અંદર જે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થઈ રહ્યું છે, તે ખરેખર ભારતના બીજા રાજયમાંથી આવીને અહી જુએ છે ત્યારે તેઓ પોતે ખરેખર અભિભૂત થાય છે. ભારત વિકસિત રાષ્ટ્ર બનવાનું છે. એ વિશ્વની મહાસત્તા બનવાનું છે. એવો વિશ્વાસ આપણે કયા રાજ્યમાં જોઈએ તો આપણને મળવાનો છે? બંગાળમાં જઈશું, ઉત્તર પ્રદેશમાં જઈશું તો આપણને આવો વિશ્વાસ ઊભો નહિ થાય. ગુજરાતની અંદર આવીશું અને ગુજરાતની અંદર આપણે અહીના કામકાજને જોઈશું ત્યારે વિશ્વાસ થશે કે ના ખરેખર ભારત વિશ્વની મહાસત્તા બનવાનું છે. તો આટલું સુંદર કામ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે, ત્યારે એ કામને આપણે બધાએ વધાવવું જોઈએ. વિરોધ પક્ષના નેતા શ્રી શક્તિસિંહજી એમણે જે રાજકીય અવલોકન અહીયા રજૂ કર્યું. એની અંદર એમણે કહ્યું કે ટાટાએ એમ કહ્યું કે હું ગુજરાતીઓને નોકરી નહિ આપું.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર એ વાત સાચી છે કે કેમ? મને તેના તરફ શંકા જાય છે. આ જ નેનો પ્રોજેકટને પોતાના રાજ્યમાં લઈ જવા માટે ૧૩-૧૩ રાજયો લાલ જાજમ બિછાવીને બેઠા હતા. તેમાં મહારાષ્ટ્ર પણ સામેલ હતું. ત્યારે ટાટાએ વિચાર કર્યો કે મારા ઉદ્યોગના વિકાસ માટે, મારા ઉદ્યોગની શાંતિ માટે અને તેના

માટે કયું રાજય અનુકૂળ રહેશે તો તેમણે ગુજરાતને જ પોતાની પસંદગી આપી. તેનું કારણ એ હતું કે આપણા મરદ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પોતે જે ઔદ્યોગિક ક્રાંતિ માટે કામ કરી રહયા છે તેમાં બધા ઉદ્યોગપતિઓને વિશ્વાસ આવ્યો અને ૧૨.૫૦ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા. તે એમને એમ નથી થયું. તેની પાછળ નિષ્ઠા અને કાર્ય છે. આપણી રાજય સરકારનું આ કામ છે તેના કારણે તે થયું છે. આપણા વિકાસની જે ગતિ છે તે ખરેખર આપણને બધાને ગૌરવ અપાવે તેવી છે. આમઆદમીના ગુજરાતની વાત કરી છે. વિરોધપક્ષના નેતાશ્રીને એમ કહું છું કે આપને કોણ રોકતું હતુ? તમને ગામડામાં વીજળી આપતાં કોણ રોકતું હતું? નર્મદા યોજના પૂરી કરવામાં કોણ રોકતું હતું. ગુજરાતના દેવાની ચિંતા કરો છો. ભાઈ દેવાની ચિંતા કરતા હોવ તો તેની સાથે સાથે ગુજરાતનો જે વિકાસદર છે તેની પણ વાત કરવી જોઈએ. બીજા રાજયોનો વિકાસદર ૭ અને ૮ ટકાએ આવીને અટકી ગયો છે ત્યારે ગુજરાત આજે ૧૧ ટકા ઉપર તેનો વિકાસદર છે અને તેની નોંધ વિશ્વ બેંકે લીધી છે. કોઈ કંગાળ માણસને પૈસા આપતું નથી. આપણો વહીવટ સારો છે એટલા માટે થઈને વિશ્વ બેંક કે કેન્દ્ર સરકાર આપણને પૈસા આપે છે. કેન્દ્રની વાત કરીએ તો આ યોજના કેન્દ્રની છે તે યોજના કેન્દ્રની છે, મિત્રો તમને એ પણ ખબર હશે કે છેલ્લા અઢી વર્ષમાં ગુજરાત પાસેથી ત્રણ વર્ષની અંદર અઢી લાખ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર લઈ ગઈ છે અને અઢી લાખ કરોડ રૂપિયામાંથી ૬૦ હજાર કરોડ રૂપિયા ગુજરાતને આપ્યા છે. તેમાં શું નવાઈ કરી? શા માટે એટલી વાત કરવી જોઈએ. આપણી પરંપરાઓને નિભાવવાની વાત કરી છે. પરંપરાના નામે એક બંધીયારપણું ઉભું કરી દેવામાં આવ્યું હતું. માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્મયોગ દ્વારા જે અધિકારીઓને પણ આ સમાજ પ્રત્યેનું મારું જે કર્તવ્ય છે, આ સમાજ મારો છે અને સમાજ માટે હું કામ કરું એવી ભાવના જે નિર્માણ કરી છે. એના પરિણામો દેખાવવા માંડયા છે. શિક્ષણ ક્ષેત્રે લગભગ ૬૦ હજાર ઓરડાઓ નવા બનાવ્યા છે. એક લાખ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરી છે. શિક્ષણની અંદર ડ્રોપ રેટ ઘટયો છે. શિક્ષણ દ્વારા જે શાળા પ્રવેશોત્સવ થયો અને શિક્ષણને મહત્વ રાજય સરકારે આપ્યું તેના કારણે ગામડાની અંદર પણ શિક્ષણ પ્રત્યેની જાગૃત્તિ વધી છે. સિંચાઈ બાબતની વાત મારે કરવાની છે. મારું ઉત્તર ગુજરાત પાણી વગરનું છે ત્યાં જે બે હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. રાજય સરકારે કર્યા છે તે માટે તેમનો આભાર માનું છું. તે એમ.ઓ.યુ.ના કારણે તેની કાયાપલટ થવાની છે. રાજય સરકારનો આભાર માની વિરમું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી પ્રફુલ્લભાઈ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે. તે અંગે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાંધણગેસનો અત્યારે બજારની અંદર કાળા બજાર ચાલે છે. પુરવઠા ખાતા દ્વારા ખરેખર રસોઈની અંદર જ આ ગેસ વપરાય અને બીજા ઉપયોગોની અંદર, વાહનોની અંદર, હોટલોની અંદર, ઉદ્યોગોની અંદર જે વપરાય છે તે બંધ કરાવી અને બહેનોનો રસોઈ માટે જ ઉપયોગમાં આવે તે અંગેની જો વ્યવસ્થા થાય તો એ વધારે સારું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળી ૧૧૪૦ યુનિટ આપણે વાપરીએ છીએ એવી વાત કરી છે, પરંતુ કેટલી ઉત્પાદન કરીએ છીએ એનો કોઈ ઉલ્લેખ થયો નથી. તો ખરેખર જેટલા યુનિટનો વપરાશ આપણે કરીએ છીએ એટલા યુનિટ વીજળી આપણું ગુજરાત પેદા કરે એવું જો પણ પગલું ભરવામાં આવે તો વધારે યોગ્ય ગણાશે. સાથે સાથે સિંચાઈમાં અત્યારે નર્મદાની અંદર જે વીજળી પેદા કરવા માટે હાઈડ્રો પાવર સ્ટેશન બનાવ્યું છે, એ હાઈડ્રો પાવર સ્ટેશન માત્ર એફએસએલથી વધારે પાણી નદીમાં વહેતું હોય તો જ ચાલે છે જો રિસાયકલીંગ પદ્ધતિ લાવી ડાઉન સ્ટ્રીમની અંદર આડબંધ બાંધી અને જે યોજના છે એને વહેલી પૂરી કરવામાં આવે અને ટનલમાંથી પસાર થતું પાણી ફરીથી ડેમમાં લાવી અને સતત વીજળી પેદા થાય એવી જો પ્રક્રિયા વહેલી શરૂ કરવામાં તો કદાચ બહારથી જે વીજળી લાવવાનો પ્રશ્ન છે એની અંદર પણ આપણને રાહત મળે. સિંચાઈની અંદર નર્મદાનું પાણી અમારા જિલ્લાને જે મળતું હતું, એ દોઢ બે મહિનાથી બંધ પણ કરી દેવામાં આવ્યું છે. એટલે જે કરકસર રીતે ખેડૂતોને પાણી મળે એ માટેનો જે પ્રયત્ન થવો જોઈએ એ હજુ સુધી સરકાર દ્વારા જો વધારે અસરકારકતાથી થાય તો એ વધારે યોગ્ય ગણાશે.

જે ચોવીસ કલાક વીજળીની વાત કરવામાં આવે છે પણ અમારા ત્યાં સીંગલ ફેઈઝ વીજળી ૨૪ કલાક ગામડાઓને મળે છે, થ્રી ફેઈઝ વીજળી ગામડાઓને ૨૪ કલાક મળતી નથી અને જે સીંગલ ફેઇઝ વીજળી ગામડાઓને મળે છે એની અંદર પણ બે હોર્સપાવરની પીવાના પાણી માટેની મોટર મૂકવાની જો કોઈ અરજી કરે છે તો માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સૌરભભાઈને કહેવું છે કે, અમારા ત્યાં સબડિવિઝનની ઉપર અરજી લેતા નથી કે ભાઈ, આ તમારે પાણી પીવા માટે લેવાનું હોય પણ મોટર મૂકવી હોય તો નહીં મળે. તરત ટ્રીપીંગ થઈ જાય છે, લાઈટ બંધ થઈ જાય છે, તો સતત જે વીજળીનો પ્રવાહ મળવો જોઈએ એ માટેની પણ જો વ્યવસ્થા થાય તો વધારે સારું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાની અંદર તાલુકાની અંદર એક જ સમયે બધી જગ્યાએ એ દિવસે ગ્રામ સભાઓ યોજવામાં આવે છે. ધારાસભ્ય તરીકે ધારોકે દરેક ગ્રામ સભાની અંદર આપણને હાજર રહેવાની ઇચ્છા હોય તો નથી રહી શકાતું. દરેક જગ્યાએ ચાર વાગ્યાનો સમય આપી દીધો તો રોજની એક જ ગ્રામસભાની ધારાસભ્ય હાજર રહી શકે છે તો એમાં પણ જો ફેરફાર કરી બબે કલાકનો ગાળો રાખીને જો ગ્રામ સભા

રાખવામાં આવે તો દરેક જગ્યાએ પ્રજાની પ્રતિનિધિ પણ હાજર રહી શકે. એવી વ્યવસ્થા કરવી પણ મને જરૂરી લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનની અંદર પરાં વિસ્તારની અંદર પણ રસ્તા કરી દીધા એવી વાત કરવામાં આવે છે, પણ અમારા જિલ્લામાં જુદી જુદી પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અને ધારાસભ્ય તરીકે મેં પણ જુદા જુદા રસ્તા કરવા માટે લેખિત રજૂઆતો કરી છે પણ આજદિન સુધી એનો એકેય રસ્તો બનાવવા માટેના કોઈ પગલાં જે ભરાવાં જોઈએ એ પગલાં ભરાયાં નથી. ઘણી બધી જગ્યાએથી વારંવાર રજૂઆતો થાય છે કે ભાઈ, ચૂંટાયા પછી આટલું તો કરી આપો. તો આજે પરાં વિસ્તારથી મુખ્ય રસ્તા સુધીના જોડવા માટેના જે રસ્તા અને માનનીય ફકીરભાઈ તો અમારા પ્રભારી મંત્રીશ્રી છે, તો એ જો પણ આમાં મદદ કરશે તો અમને આનંદ થશે પણ એ રસ્તા હજુ નથી થયા કે જે રસ્તાની અંદર બાળકોને સ્કૂલે જવા આવવા માટે તકલીફ પડે છે, ચોમાસાની અંદર બીમાર માણસોને દવાખાને લઈ જવા માટે તકલીફ પડે છે તો આ પ્રકારે જે જે સુવિધાઓ મેળવવા માટે રસ્તાનો ઉપયોગ કરવાનો હોય છે એની અંદર ઈન્ટીરીયર જે રસ્તા નથી બન્યા એની અંદર પણ જો સરકાર ધ્યાન આપી અને એ વહેલીતકે બનાવવાનો પ્રયત્ન કરે તો આ માનનીય રાજયપાલશ્રીના પ્રસ્તાવને કદાચ અમને પણ અનુમોદન આપવાની ઇચ્છા થાય, આ સુધારાઓનો અમલ થાય એવું પણ જો કરે તો વધારે યોગ્ય ગણાશે.

હીરા ઉદ્યોગમાં ખૂબ જ મંદીના કારણે લાખોની સંખ્યામાં લોકો બેરોજગાર બન્યા છે એને કારણે ઘણા લોકો શહેરો છોડીને પોતાના ગામડાં તરફ જવા લાગ્યા છે.મારા સાથી સભ્યશ્રી રામસિંહભાઈએ કહ્યું તેમ હીરા સિવાયનું કામ ન આવડતું હોય એવા લોકોને રોજગારીના અભાવે આપઘાત કરવાની ફરજ પડી છે તો એ માટે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પણ વિનંતી કરું છું અને માનનીય અમિતભાઈ શાહ હમણા જ ગૃહમાં આવ્યા છે ત્યારે એમને સંબોધીને મારે એ પણ ઉમેરવું છે કે, જ્યારે જ્યારે મોટા નેતા અમારા જિલ્લામાં આવે છે ત્યારે એની સભામાં લોકોને લઈ જવા માટે એસ.ટી.ની બસોનો ઉપયોગ કરવામાં આવે છે એના કારણે રોજી કમાવવા માટે જતા આવતા લોકોને અને સ્કૂલે વિદ્યાર્થીઓને એ દિવસે એસ.ટી.ની બસો નથી મળતી અને એ કાયમી રૂટની બસોને રદ કરીને વધારે એસ.ટી.ની બસો જે તે પ્રોગ્રામ માટે રાખી દેવામાં આવે છે. એ ભલે કરે પણ નિયમિત જતા પ્રવાસીઓ માટેની બસો ચાલુ રહે એવી વ્યવસ્થા કરવામાં આવે તો વધારે યોગ્ય ગણાશે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના સંબોધન પરનો આભાર પ્રસ્તાવ જે માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ લઈને આવ્યા છે એમની તરફેણમાં, એમના ટેકામાં હું મારી વાત આપની સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભાવનગરના પ્રજા વત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી એમના પત્નિશ્રીએ એમનું કવિતામાં એક ધ્યાન દોરેલું કે, પ્રજા વત્સલ રાજાનો ધર્મ શું છે અને એમણે શું કરવું જોઈએ? એમણે એવું કહેલું કે

દુ:ખી કે દર્દી કે ભૂલેલા માર્ગ વાળાને
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી,
અવરના દુ:ખને હરવા, અવરના દુ:ખ સાંભળવા
તમારા નેત્ર પટલોની ઉઘાડી રાખજો બારી.

આ કૃષ્ણકુમારસિંહજીએ પોતાના જીવનની અંદર ઉતારેલું. એવા જ પ્રજા વત્સલ મુખ્યમંત્રીશ્રીએ માત્ર બારી નહીં પણ, દરવાજાઓ ઉઘાડા રાખેલા છે. દુ:ખી લોકોના દુ:ખ સાંભળવા માટે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ પોતાના રાજયના અને પોતાના તમામ દરવાજાઓ ઉઘાડા રાખી તમામ લોકોની સેવા કરવાનો ભેખ ધર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મારી વાત એ કરવા માગું છું કે, આજે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ જે હ્યુમન ડૅવલપમૅન્ટ ઈન્ડેક્ષને ધ્યાનમાં રાખીને ગુજરાતનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. હ્યુમન ડૅવલપમૅન્ટ ઈન્ડેક્ષને વિકાસના બેઝમાં ગણવામાં આવે છે અને એના આધારે આરોગ્ય વિષય ઉપર હું મારી વાત રજૂ કરીશ અને સભાગૃહ સમક્ષ હું મારી વાત મૂકીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયે છેલ્લા વર્ષ દરમ્યાન શાળા આરોગ્ય તપાસણીનો એક કાર્યક્રમ શરૂ કર્યો છે એમાં ઝીરોથી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકો શાળાએ જતા હોય, ન જતા હોય આંગણવાડીમાં જતા હોય, પ્રાથમિક શાળામાં જતા હોય કે માધ્યમિક શાળામાં જતા હોય આવા એક કરોડથી વધારે બાળકોની આરોગ્ય તપાસણી કરી. આ આરોગ્ય તપાસણી વિનામૂલ્યે જે તે સ્થળે કરવામાં આવી અને આમાં જ્યારે જણાયું કે વધારે સારા સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરની જરૂર છે તો એ માટે હૃદય, કીડની, કૅન્સરના રોગી બાળકોને પણ આ બાબતમાં સગવડ આપવામાં આવી. ગુજરાત રાજયની સરકાર દ્વારા ગુજરાત રાજયના ૩૩૨૫ હૃદય રોગવાળા બાળકો, ૯૭૪ કીડની રોગવાળા બાળકો અને ૫૫૫ કૅન્સર રોગવાળા બાળકોને વિનામૂલ્યે સંપૂર્ણ સારવાર, ઑપરેશન સહિતની સંપૂણ સારવાર આ સરકારે આપી છે અને આ સરકાર આવું કાર્ય કરવામાં ગુજરાતની પ્રથમ

સરકાર છે. એટલું જ નહીં, પરંતુ હઠીલા જે દર્દો છે એવા રોગો માટે દર્દીને ગુજરાત બહાર સારવાર માટે અન્ય રાજયોમાં પણ લઈ જવા પડતા હોય છે એવા દર્દો માટે પણ બાળકોને સારવાર લઈ જવા લાવવા સાથેના તમામ ખર્ચ સાથેની સંપૂર્ણ સારવાર આવા ૧૨૦ બાળકોને એક વર્ષમાં આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય મેળાઓની જો વાત કરીએ તો ગરીબ અને પછાત વર્ગના લોકો જ્યાં રહેતા હોય છે એ પછાત વસતિની અંદર સામાન્ય રીતે આખો દિવસ એ લોકો કામ કરવા જતા હોવાના કારણે દર્દી પોતે દવાખાને જઈ ન શકે એના માટે થઈને સરકારે જે તે વસતિમાં કેમ્પ કર્યા છે, આરોગ્ય મેળાઓ કર્યા છે. આ આરોગ્ય મેળાઓમાં જે વિસ્તારની અંદર જે લોકોને દવાની, સારવાર, ઑપરેશનની જે જરૂર હતી, એ તમામ ઑપરેશનો, સારવારો વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે, એટલે માત્રને માત્ર બાળકો માટે નહિ પરંતુ તમામ વર્ગના લોકો માટે આ સારવાર પૂરી પાડવામાં આવી છે. અત્યારસુધી સરકારી હૉસ્પિટલની અંદર અગાઉના વર્ષોમાં સામાન્ય રીતે એવું થતું હતું કે સામાન્યમાં સામાન્ય એક્સ-રે જેવો રિપૉર્ટ પણ બહાર કરાવવાનો થતો હતો, બ્લડ ટેસ્ટ પણ બહાર કરાવવા પડતા હતા, આજની આ સરકારે આ તમામ ટેસ્ટ તેમજ સીટી સ્કેન તેમજ એમઆરઆઈ જેવા ટેસ્ટની પણ શરૂઆત કરનાર છે, અત્યારે આ સરકાર દ્વારા જે ટેસ્ટ થઈ રહ્યા છે એના ઉપર સીટી સ્કેન અને એમઆરઆઈ માટે આઉટસોર્સીંગ દ્વારા એમ.ઓ.યુ. કરી અને આવતા દિવસોમાં ગુજરાતના તમામ દર્દીઓને આ ટેસ્ટ પણ સરકારી હૉસ્પિટલો દ્વારા પૂરા પાડવામાં આવનાર છે.

સામાન્ય રીતે બધા જ લોકો સરકારી હૉસ્પિટલોને ગુણવત્તાયુક્ત નથી ગણતા હોતા, પરંતુ પ્રાઇવેટ હૉસ્પિટલોને ગુણવત્તાયુક્ત ગણતા હોય છે, આ ગુણવત્તાયુક્ત હૉસ્પિટલો કેવી રીતે નક્કી થતી હોય છે, એન.એ.બી.એચ. ના સર્ટિફિકેટ આધારિત આ ગુણવત્તા નક્કી થતી હોય છે. મને ગર્વ છે એ બાબતનો કે ગુજરાત સરકારે એન.એ.બી.એચ.નું સર્ટિફિકેટ પ્રાપ્ત કરવા માટે ગુજરાતની ૧૬ હૉસ્પિટલોને નક્કી કરી છે અને એમાં પ્રથમ તબક્કામાં આઠ હૉસ્પિટલોને ૨૫૦૦ લાખનું અનુદાન આપી અને એન.એ.બી.એચ.નું સર્ટિફિકેટ અપાવવા માટે મહેનત કરી છે.

મને એ બાબતનો પણ આનંદ છે કે, આજે આપણે બધા જો જાણીએ તો બધાના હ્રદયમાં એક વાત છે, સૌથી વધુ ઉપયોગી સેવા કઈ, સૌથી વધુ અસરકારક સેવા કઈ, સૌથી વધુ લોકભોગ્ય સેવા કઈ, સૌથી વધુ આવકારદાયી સેવા કઈ, સૌથી વધુ આશિર્વાદરૂપ સેવા કઈ, આ તમામ બાબતનો એકજ જવાબ આપવામાં આવે તો બધાના હ્રદયમાંથી એક અવાજ નીકળશે તો ૧૦૮ની સેવા આ તમામ બાબતોને સંપૂર્ણ કરે છે. આ ૧૦૮ની સેવા ૫૪માંથી ૪૦૦ સુધી સંખ્યા વધારી અને માત્ર બાર મિનિટની અંદર .. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એકજ મિનિટ,

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમય નથી, બીજા ત્રણ ચાર વક્તાઓ હજી બાકી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માત્ર બાર મિનિટની અંદર જ ઘટના સ્થળ ઉપર પહોંચવાની જે શકિત દર્શાવી છે એ ખરેખર આશિર્વાદરૂપ છે.

**અધ્યક્ષશ્રી** : વિભાવરીબેન આપનું પ્રવચન પૂરું થાય છે, કુંવરજીભાઈ..

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર હું મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઈ-ગ્રામની વાતો ઘણી કરવામાં આવી. મારે દુઃખ સાથે કહેવું છે કે, સરદારનું કર્મભૂમિ હરિપુરામાંથી જ્યારે ઈ-ગ્રામની શરૂઆત થતી હોય અને મારા સાથી ધારાસભ્ય હર્ષદભાઈ એમ કહેતા હોય કે, આ આદિવાસીઓને કોંગ્રેસે અન્યાય કર્યો છે, આદિવાસીઓ માટે કોંગ્રેસે શું કર્યુ છે, ત્યારે મારે એ કહેવાનું છે કે, આ ઈ-ગ્રામના ઉદ્‌ઘાટનમાં મારો આદિવાસી સાંસદ ભાઈ, સ્થાનિક સાંસદ, એનું આમંત્રણ કાર્ડમાં નામ સુદ્ધા ન લખવામાં આવે એનાથી મોટું ક્યું અપમાન આદિવાસીઓ માટે હોઈ શકે એ આપ સૌ જોઈ શકો છો.

બીજી એક વાત કહું તો અહીંયા જ્યારે આદિવાસીઓના હિતની વાત કરવામાં આવે ત્યારે આ સન્માનનીય ગૃહમાં કોંગ્રેસે મુખ્યમંત્રી આદિવાસીને બનાવ્યા છે, સ્વ. શ્રી અમરસિંહ ચૌધરીને મુખ્યમંત્રી તરીકે બિરાજમાન કર્યા છે, એ નાની સુની વાત નથી, એ આદિવાસીનું હિત કોંગ્રેસ જ કરી શકે. ઈ-ગ્રામની અહીંયા વાત કરવામાં આવી છે હરિપુરામાં ઈ-ગ્રામના ઉદ્‌ઘાટનના પ્રસંગે મુખ્યમંત્રીશ્રી આવવાના હતા ત્યારે આ ગામના વડલાઓ હતા ત્રણ, એ ઐતિહાસિક વડ હતા છે વડ નીચે છાંયડામાં બેસીને સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલે નાસ્તો કર્યો હતો તે વડનું કોઈપણ પ્રકારની મંજૂરી વગર છેદન કરી નાંખવામાં આવે ખરેખર તો વૃક્ષનું છેદન કરતાં પહેલાં આપણે એક વૃક્ષની વાવણી કરવી જોઈએ એના બદલે આ ઐતિહાસિક વડનો નાશ કરવામાં આવ્યો છે.

હું એક બીજી વાત કરવા માગું છું અહીંયા કન્યા કેળવણીની વાત થઈ, માંગરોળ તાલુકાની અંદર કંટવા ગામ છે, આ કંટવા ગામની અંદર આદિવાસી બાળા ઉપર બળાત્કાર થાય, એના ઉપર કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવે, ગુનેગારની ધરપકડ કરવામાં ન આવે, ગુનેગારની સામે એફ.આઈ.આર. ફાડવામાં ન આવે, આ તે કેવી આદિવાસીઓની વાહ વાહ.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હર્ષદભાઈ બેઠા નથી, પણ આદિવાસીઓની જે વાત કરીને તેઓ ગયા છે, ત્યારે હું એમને મારા મત વિસ્તારની બાજુમાં આવેલ માંગરોળ તાલુકાની અંદરની એક વાત કરું. • ( xxxx) ( xxxx)
( xxxx) ( xxxx) ( xxxx) ( xxxx) ભા.જ.પ. એ આદિવાસીના હિતની સરકાર નથી. (સતત અંતરાય)

**કાર્યવાહીમાંથી શબ્દો દૂર કરવા અંગે**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં જેઓ ઉપસ્થિત નથી, તેમનું નામ લઈ શકાતું નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય કુંવરજીભાઈ, જેઓ આ સભાગૃહમાં ઉપસ્થિત ન હોય, તેમના નામનો ઉલ્લેખ ન થાય. બીજું કે આપણે જે મર્યાદા નકકી કરી છે. એકવાર આપ ભાજપ ( xxxx) ( xxxx) કહેશો તો આ બાજુથી કોંગ્રેસ ( xxxx) ( xxxx) કહેવાશે. આપણે ચર્ચાને કયા સ્તરે લઈ જવી છે એ આપણે નકકી કરવું પડશે. તમારી કહેલી વાર્તાને હું કાર્યવાહીમાંથી રદ કરું છું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બીજી પણ વાત થઈ. ગુજરાતમાં શિક્ષણના નવીનીકરણનું બિલ લઈને ગુજરાત રાજયના શિક્ષણમંત્રીશ્રી આવ્યા, ત્યારે તે બાબતમાં પણ હું થોડું કહેવા માગું છું. એકબાજુ શિક્ષણનું નવું આયોગ બનાવ્યું, બીજી બાજુ આ પહેલા ગુજરાત કમાન્ડ એકટ અને ગુજરાત યુનિવર્સિટી એકટના બિલ પણ આ ગૃહમાં રજૂ થયા છે, પરંતુ તે કાગળ ઉપર જ રહ્યાં છે અને તેનો વાસ્તવિક અમલ થઈ શકયો નથી. ત્યારે આ જે બિલ આવેલ છે તેનો અમલ થશે ખરો કે કેમ? તે અંગે પણ મને શંકા છે.

બીજું કે આ આયોગના અધ્યક્ષ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી છે. વાસ્તવમાં અધ્યક્ષ તરીકે ગુજરાત રાજયના મુખ્યમંત્રીને બદલે ગુજરાત રાજયના શિક્ષણમંત્રીશ્રી તેના અધ્યક્ષ હોવા જોઈએ. આ પણ શિક્ષણમંત્રીશ્રીનું એક અપમાન છે એમ કહું તો ખોટું નથી.

કન્યાઓની વાત કરવામાં આવી. આ ગુહમાં સ્વીકારવામાં આવેલ છે કે ૨૦૦૮ની અંદર કન્યાઓને ટયૂશનમાંથી મૂકિત આપવી જોઈએ. એના બે ઠરાવ કરવામાં આવેલ છે, એ ઠરાવનો પણ હજુ સુધી અમલ કરવામાં આવતો નથી. ત્યારે એ ઠરાવનો અમલ થાય તો હું માનું કે ખરેખર આ આયોગ સફળ નીવડશે.

બીજી વાત કે કેન્દ્ર સરકારે ઈન્દિરા આવાસમાં અગિયાર હજારનો વધારો આદિવાસીઓ માટે કર્યો. આ ગુજરાત સરકાર જે અગિયાર હજાર ફાળો આપતી હતી તેમાં અઢી હજાર રૂપિયા ઓછા કરી નાંખવામાં આવ્યા છે. આ આપણે કયા આદિવાસીઓની વાત કરીએ છીએ?

કાયદો અને વ્યવસ્થાની વાત કરવામાં આવી. ગુજરાત રાજયમાં ખાસ કરીને સુરત જિલ્લામાં સખી મંડળો ગામે ગામ ઝંડો લઈને દારૂ બંધ કરાવવા માટે નીકળે છે. તો આ દારૂબંધી કરાવવાનું કામ આ સખી મંડળોનું છે કે પોલીસનું છે? આ બતાવે છે કાયદો અને વ્યવસ્થા કેટલાં કથળેલાં છે?

તળાવ અને સિંચાઈની વાત થઈ છે. તળાવો ગામે ગામ કરવામાં આવે છે. એમાં મોટો ભ્રષ્ટાચાર થાય છે. ચેકડેમો જે બનાવવામાં આવે છે, તે પહેલા જ વરસાદમાં ચેકડેમો ધોવાઈને સદંતર નાશ પામે છે. ફતેસિંહભાઈ કહે છે કે ગુજરાતના નાના નાના ગામડામાં પણ અને નાની કોટડીમાં પણ પાણી જોવા મળે છે. મારી એમને ચેલેન્જ છે કે મારા વિસ્તારમાં આવે અને હું એમને બતાવું કે કેવા ચેકડેમ અને કેવા તળાવો બનાવ્યા છે, એ હું તેમને બતાવું. માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત એ કરવા માગું છું કે અમારી સોનગઢની ઉકાઈ ડેમમાંથી જમણા કાંઠાની નહેરમાંથી પાણી આપવા માટેની વર્ષો જૂની લાગણી અને માગણી છે એ જો અમને જમણા કાંઠાની નહેરમાંથી પાણી આપવામાં આવે તો મારા વિસ્તારમાં તડકેશ્વર થઈને મોટાભાગનાં ગામડાંમાં પાણીની સુવિધા મળી શકે તેમ છે. તો આજ દિવસ સુધી અમારી આ લાગણી અને માગણી સરકાર સંતોષતી નથી ત્યારે મારી માનનીય નીતિનભાઈને વિનંતી છે કે મારા મત વિસ્તારમાં અને આદિવાસી વિસ્તારમાં આ સુવિધા મળે અને એનું આપના હસ્તક ઉદ્‌ઘાટન થાય અને અમને પાણી મળે એવી અપેક્ષા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હીરાઘસુ એટલે કે રત્ન કલાકારોની વાત થઈ, એમના માટે પેકેજની વાત થઈ. તો આ સૂરત જિલ્લાના જે ઉદ્યોગો છે એ ઉદ્યોગોમાં જો સૌથી મોખરાનો ઉદ્યોગ હોય તો આ રત્ન કલાકારીનો ઉદ્યોગ છે. તો આ ઉદ્યોગ માટે આ સરકારે પેકેજ જાહેર કરવું જોઈએ એના બદલે નૈનોને પેકેજ જાહેર કર્યુ અને ૧૦૦ ચોરસ વારની જમીન પણ આદિવાસીઓને આપતા નથી. મને બોલવાની જે તક મળી એ બદલ આભાર માની વિરમું છું.

**શ્રી ૯૯/page>રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત વર્ષના શકિતશાળી, સમર્થ અને પ્રગતિશીલ એવા આ ગુજરાત રાજયના સન્માનનીય સભાગૃહમાં સભ્ય તરીકે તથા ગુજરાત રાજયના લોકહૃદયમાં વસેલા એવા માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ સભાગૃહના સભ્ય તરીકે માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

• ( xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિકસીત યુગના વિકસીત રાષ્ટ્રોની હરોળમાં જેની ગણના થઈ રહી છે અને આગામી ૧૪ માસ પછી જે સવર્ણીમ ગુજરાતનું સ્વર્ણીમ જયંતી વર્ષ ઉજવાઈ રહયું છે તેવા ગુજરાત રાજયની હું વાત કરવા માગું છું. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા ૮ વર્ષથી આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસના નવા આયોમો સર કર્યા છે.ગુજરાત એ આધુનિક વિકાસમાં શિલ્પી આદરણીય મુખ્યમંત્રીશ્રીના સબળ નેતૃત્વ અને કુશળ માર્ગદર્શન હેઠળ આજે ગજરાત દરેક ક્ષેત્રમાં પ્રગતિની હરણફાળ ભરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસને પોતાનો જીવનમંત્ર બનાવનાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી સૂઝબુઝને કારણે ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, આરોગ્ય ને પ્રવાસન ક્ષેત્રે ઉડીને આંખે વળગેએવાં કાર્યો કર્યા છે. સર્વાંગી વિકાસમાં ગુજરાત એ સમગ્ર દેશ માટે મોડેલ રાજય બની રહયું છે. આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર વિશ્વ અત્યારે જયારે ભયંકર મંદીમાં સપડાયેલું છે ત્યારે આ ભયંકર મંદીના વાતાવરણ વચ્ચે પણ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ એ સમગ્ર વિશ્વએ નિહળ્યું છે અને ગુજરાતના વિકાસ માટે આ વિરાટ છલાગ છે એ પણ સમગ્ર વિશ્વ જયારે અભૂતપૂર્વ મંદીમાં સપડાયું છે તેવા સમયે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટનું સફળતાપૂર્વક આયોજન કરી રાજયની ઔદ્યોગિક નીતિ અને પારદર્શક વહીવટીતંત્રનો દેશ અને દુનિયાના લોકોને સ્વીકાર કરાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સર્વેક્ષણમાં સૌથી વધારે મૂડીરોકાણ મેળવનાર કદાચ હિન્દુસ્તાનમાં પહેલું રાજય હોય તો એ નંબર ગુજરાતને ફાળે જાય છે. જાપાન જેવા દેશે પણ સમિટમાં ભાગીદાર તરીકે જોડાઈ આપણી સિધ્ધિઓને સ્વીકારી છે. આ સમિટમાં જે કરારો થયા નાના મોટા એમાં ઉર્જા ક્ષેત્રે મુખ્યત્વે અને મહત્વના કરારો થયા છે. જયોતિગ્રામ યોજનાની સફળતા તથા રાજયમાં માથાદીઠ જે વીજ વપરાશ ૧૪૨૪ યુનિટ છે કે જે દેશનો માથાદીઠ વીજ વપરાશ છે એના કરતાં પણ ડબલ છે છતાં પણ આ રાજયમાં કયાંય પણ ઉર્જાની કોઈ અછત નથી અને એનું શ્રેય રાજય સરકારની શ્રેષ્ઠ કામગીરીને જાય છે રાજય સરકારની બિન પરંપરાગત ઉર્જાના ક્ષેત્રે પુનઃપ્રાપ્ય ઉર્જાવાળી નવી સોલર નીતિ અન્વયે સૂર્ય પ્રકાશ અને સોલરથી થતી એ પીબી હોય કે નવી નીતિ જાહેર કરી છે એ પી.બી.ની હોય, સોલરની હોય કે થર્મલની હોય પણ વિશ્વના અગ્રગણ્ય દેશોએ આ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમા ખૂબ મોટા પાયા ઉપર એમ.ઓ.યુ. કર્યા છે. પી.પી. એટલે કે પબ્લિક પરચેઈઝ એગ્રીમેન્ટ સુધી પણ એમની પરિસ્થિતિ પહોંચી ગઈ છે. આ સમિટમાં ૧૦૩૨૧ થી વધારે મેગાવોટના ઉત્પાદન માટે ૧૦૮ થી પણ વધારે એમ.ઓ.યુ. થયાં છે. આ એમ.ઓ.યુ. કરનારાઓની સંખ્યા એટલી વધારે છે કે એમને જે સગવડો જોઈએ એના કરતાં પણ ઓછી જરૂરિયાતો આપણે પૂરી પાડી શકીશું. સરકાર તથા વિભાગની યોજના પ્રમાણે ગાંધીનગર ટૂંકમાં આ દેશનું પ્રથમ સોલર સીટી બની શકે એવું છે અને ગુજરાત આ દેશનું સોલર કેપિટલ બની શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા ક્ષેત્રે એનર્જી ઓડિટની પણ એક સિસ્ટમ દાખલ કરી છે. ગુજરાત કદાચ હિન્દુસ્તાનમાં પ્રથમ રાજય હશે કે જેણે ઓડિટની સીસ્ટમ દાખલ કરી જે બિન પરંપરાગત ઉર્જા હતી, જે વેડફાતી ઉર્જા હતી તેને બચાવવાના પ્રયત્નો કર્યા છે અને ઘણા બધા ક્ષેત્રોમાં ૨૦ ટકા થી પણ વધુ સિધ્ધી મેળવી છે. ગુજરાત રાજયના વિકાની સાથે એ રાજયના મુખ્ય મંત્રી વિકસિત દેશોની સમસ્યા અંગે પણ ચિંતીત છે. મને કહેતાં આનંદ થાય છે કે વિશ્વના વિકસીત દેશો પણ છેલ્લા ૧૯૯૭ થી ૨૦૧૨ ની ચિંતા કરતા રહયા છે કલાઈમેટ ચેન્જ, ગ્લોબલ વોર્નિંગ એ વિશ્વના દેશો માટે આવનારી ભયંકર સમસ્યાઓ છે. હું આનંદ સાથે કહું છે કે ગુજરાતના મુખ્યમંત્રી આ દેશના પહેલા મુખ્ય મંત્રી છે કે જેમણે કાર્બન ક્રેડીટ, ગ્રીન એનવાયરમેન્ટની સમગ્ર દેશમાં ન થઈ હોય એટલી શીબીરો અને તેના અંગે જાગૃતિના સેમિનારો ગુજરાત રાજયે કર્યા છે. આપણે કાર્બન ક્રેડીટના ક્ષેત્રમાં જે હરણફાળ ભરી છે તે કદાચ ગુજરાત સિવાય કોઈ રાજય આ ક્ષેત્રમાં પહોંચી નથી શકયું કાર્બન ક્રેડીટ ગ્રીન ગુજરાત અંગેના પ્રોજેકટો માટે જે જી.યુડી.સી. એક નોડલ એજન્સી તરીકે બનાવી છે આનવારા સમયમાં આ સમગ્ર રાજયની મહાનગરપાલિકાઓ કે નગરપાલિકાઓ હોય પોતે પોતાના જી.યુ.ડી.સી.દ્વારા કાર્બન ક્રેડીટ સેલની રચના કરે છે. અને ગ્રીન એનવાયરમેન્ટ ઉભું કરશે. માત્ર ચિંતામાં જયારે મુખ્ય મંત્રીએ જી.યુડી.સી. સેલની રચના કરી છે તો એન્વાયરમેન્ટ પ્લાનર એન્વાયરમેન્ટ એન્જીનીયરો બધાનો સમાવેશ કરી આવનારા દિવસોમાં આ કાર્બન ક્રેડીટ માટે કેટલું કરી શકીએ એ બાબતમાં ખૂબ ગંભીર વિચાર કરે છે. મને કહેતા ગર્વ થાય છે કે અમદાવાદ, રાજકોટ, સુરત અને જુનાગઢ જેવા નાના શહેરો પણ અને મહાનગર પાલિકાઓએ પણ વિશ્વના દેશો જે કાર્બન ક્રેડીટ અર્ન કરે છે તેના પ્રોજેકટો મૂકી અને કાર્બન ક્રેડીટ એમને લઈ શકે ત્યાં સુધીની સ્થિતિએ પહોંચી શકયા છીએ. સમગ્ર વિશ્વ ૨૦૧૨ની ચિંતા કરે છે તો આપણે ૨૦૧૨ સુધીના લગભગ તમામ પ્રોજેકટો પૂર્ણતાના આરે મૂકી દીધા છે. જી.યુડી.સી.ને ઈર્પા એમ્યુનેશન રીડકશન એગ્રીમેન્ટ કરવાની સત્તા આપી છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી પ્રફુલભાઈ પટેલ મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમને હું મારું

સમર્થન કરવા માટે અહીં ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં આ રાજય કઈ દિશા તરફ જઈ રહયું છે તેનું દિશા દર્શન આપ્યું છે. આ રાજય વિવિધ ક્ષેત્રે, વિવિધ દિશાઓમા જે પ્રગતિ કરી રહયું છે તેનો તાદશ ચિતાર આપ્યો છે. આ ગૃહના મારા સાથી સન્માનનીય સભ્યોએ વિવિધ ક્ષેત્રનો ચિતાર આપ્યો છે અને તેનું નિરૂપણ કર્યુ છે. એટલે તમામ વિષયોમાં નહીં જતાં હું માત્ર ઉદ્યોગના વિષયને સ્પર્ષ કરી અને મારી વાત મૂકવાનો પ્રયત્ન કરું છું. ગુજરાત એ આ દેશનું એક ગ્રોથ એન્જિન છે. તે હવે સર્વ સ્વીકૃત બાબત બની ગઈ છે. આ દેશના વિકાસદર ને પુરો કરવા માટે ગુજરાત એક અનિવાર્ય સ્ટેટ બની ગયું છે. એટલે જ આ રાજયનું જે ઔદ્યોગિક વાતાવરણ છે તે વાતાવરણને કારણે આખા દેશના ઉદ્યોગપતિઓ ગુજરાતની અંદર પોતાના ઉદ્યોગો શરૂ કરવા માટે થનગની રહયા છે. બહાર એમ કહેવામાં આવ્યું અને અંદર પણ એમ કહેવામાં આવ્યું કે આ જે અહીં ઉદ્યોગો નાખવા આવે છે તે તો અહીં મોજ-મજા કરવા માટે આવે છે. અને એમને જેમ કહેવામાં આવે છે તેમ એ બોલે છે. મારે આવું કહેનારા સભ્યોને પૂછવું છે, કે એક સામાન્ય પ્રજા પણ આપણે જેમ કહીએ તેમ કહેતી નથી. ગત વિધાનસભાની ચૂંટણીમાં આપણે ઘણુ બધુ કહ્યું હતું, લોકોને ઘણી વાતો કરી હતી. જો સામાન્ય પ્રજા આવી ખોટી વાત ન માનતી હોય તો દેશ અને દુનિયાની અંદર પથરાયેલા ઉદ્યોગપતિઓ કોઈ બીજાની વાતમાં દોરાઈને વાત કરે એવી વાત કોઈ સ્વીકારતું નથી.

ગુજરાત રાજયે હમણાં નવી ઔદ્યોગિક નીતિ લોન્જ કરી છે, એમાં જે વાતાવરણ હતું એ વાતાવરણ વધારે ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. ઔદ્યોગિક નીતિની જે વિભાવનાઓ છે એ રાજયના સર્વાંગી વિકાસ તરીકે વધારે દિશા આપવાનો મૂળ સ્ત્રોત છે. ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગોને સારું વાતાવરણ મળે, સલામતી મળે, ઈન્ફ્રાસ્ટ્રકચર મળે એ બધી બાબતોનો ખૂબ ખ્યાલ રાખવામાં આવ્યો છે. મને કહેતા પણ આનંદ થાય છે અને જણાવતાં પણ આનંદ થાય છે કે આ દેશની અંદર જે એસ.ઈ.ઝેડ.નું ડૅવલપમેન્ટ થયું એમાંથી સૌથી વધારે એસ.ઈ.ઝેડ ગુજરાતમાં થયા છે. હું પણ એસ.ઈ.ઝેડનો ડેવલપર છું, જેમાં જેમ્સ એન્ડ જવેલરીનું એસ.ઈ.ઝેડમાં ડૅવલપમેન્ટ કરી રહ્યો છું. મારા ઉદ્યોગ વતી મને ખ્યાલ છે મને અનુભવ છે કે દિલ્હીની અંદર એસ.ઈ.ઝેડની અસંખ્ય મિટિંગોમાં જવાનું થાય છે ત્યારે કેન્દ્રના અધિકારીઓ અમને એમ કહે છે કે ગુજરાતની અંદર સમગ્ર એસ.ઈ.ઝેડ.નું વાતાવરણ છે તેવું બીજા રાજયમાં નથી તેથી અમને ગૌરવ થાય છે, અમને કહે છે કે ગુજરાતની અંદર એસ.ઈ.ઝેડ. જે રીતે પ્રગતિ કરી રહ્યા છે એનાથી અમને પણ અચરજ થાય છે એ બાબત સર્વવિદિત છે કે આજે દેશની અંદર જે જે વિસ્તારમાં એસ.ઈ.ઝેડ. ડેવલપ થાય છે ત્યાં ખૂબ જ વિવાદો થયા છે માત્ર ગુજરાત જ એક એવું રાજય છે કે જ્યાં ૫૦ કરતાં પણ વધારે એસ.ઈ.ઝેડ. ડૅવલપમેન્ટ થઈ રહ્યા છે છતાંય એક પણ વિવાદ ઊભો થયો નથી આ ગુજરાત સરકારની ઔદ્યોગિક પૉલિસીને આધીન છે.

આ સભાગૃહે રત્ન કલાકાર અને હીરા ઉદ્યોગની ચિંતા કરી છે. હું એ ઉદ્યોગ સાથે સંકળાયેલો છું. ૪૦ વર્ષથી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલો છું. છેલ્લા ૧૫ વર્ષથી હીરા ઉદ્યોગની આગેવાની એની લીડરશીપ લેવાની તક મને મળી છે ત્યારે મારે આ સન્માનનીય ગૃહને જણાવવાનું છે કે ખરેખર આપણને હીરા ઉદ્યોગની ચિંતા છે ખરી? જો હીરા ઉદ્યોગની ચિંતા હોય તો આ હીરા ઉદ્યોગની સૌથી વધારે જવાબદારી કોની છે? હું આ સન્માનનીય ગૃહને આપના માધ્યમ દ્વારા જણાવવા માગું છું કે હીરા ઉદ્યોગ સો એ સો ટકા એકસપોર્ટ ઓરીએન્ટેડ

ઇન્ડસ્ટ્રીઝ છે અને એની તમામ કામગીરી તથા જવાબદારી કેન્દ્ર સરકારની છે. જો ખરેખર હીરા ઉદ્યોગની ચિંતા હોય તો આપણે ચાલો સાથે મળીને જેની જવાબદારી હોય તેની સમક્ષ રજૂઆત કરીએ. હું અહીંયા આકડા સાથે કહેવા માગું છું કે ૭૦ હજાર કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ આ હીરા ઉદ્યોગ આ દેશને કમાવી આપે છે. એ ૭૦ હજાર કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ આ દેશની તિજોરીમાં જમા થાય છે. એક હીરા ઉદ્યોગના કાર્યકર્તા તરીકે એનું મને ગૌરવ છે. આ દેશની તિજોરીની અંદર કરોડો રૂપિયાનો ઇન્કમટૅક્સ હીરા ઉદ્યોગ જમા કરાવે છે. હીરા ઉદ્યોગમાં નવી ટૅક્નૉલૉજી આવે છે એની મશીનરી ખરીદવામાં કસ્ટમ ડ્યૂટી છે અને લોકલ ઉદ્યોગમાં મશીનરી બની રહી છે એની એકસાઈઝ ડ્યૂટીની આવક પણ કેન્દ્ર સરકારની તિજોરીમાં જમા થાય છે. તેમ છતાં રાજય સરકારની જવાબદારી છે, હું રાજય સરકારની જવાબદારી અને કેન્દ્ર સરકારની જવાબદારી અલગ ન કરુ, રાજય સરકારની જવાબદારી છે એ ઉદ્યોગોને સલામતી આપવાની. મારે ગૌરવ સાથે કહેવું પડે છે કે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય પૂરો થાય છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**ફાલ્ગુન ૫, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**માનનીય અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ.**

*** ૫૩૬૧ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૦૯ દરમિયાન કૃષિક્ષેત્રને સંલગ્ન કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને

(૨) આ એમ.ઓ.યુ. થકી રાજયમાં કેટલી રોજગારી ઊભી થશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) રૂ.૩૫,૧૪૩/- કરોડ

(૨) અંદાજિત ૪,૦૯,૩૯૪.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક મંદીના વાવાઝોડાની સામે વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટથી વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ભારતના રાજ માર્ગનું નિર્માણ કરી રહ્યું છે અને કૃષિમાં રૂ.૩૫,૪૧૩/- કરોડનું રોકાણ અને ચાર લાખ જેટલી રોજગારીનું નિર્માણ થવાનું છે. તો આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને સાથોસાથ મારે જણાવું છે કે, વિશ્વના કુલ કેટલા દેશોના કેટલા મહાનુભાવો અને કેટલા પ્રતિનિધિઓ આમાં ઉપસ્થિત રહ્યા હતા? અને તેમાંય કૃષિના કયા ક્ષેત્રની અંદર આ ઈન્વેસ્ટમેન્ટ આવવાનું છે? મારે બીજું એ જાણવું છે કે, ૨૦૦૨માં કૃષિ આવક રૂ.૯૦૦૦ કરોડની હતી અને આજે રૂ.૪૮,૦૦૦/- કરોડ જેટલી થઈ છે. તો આ સમિટના કારણે કૃષિ આવકમાં કેટલો વધારો થશે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કૃષિ ક્ષેત્રે વાઈબ્રન્ટ ગુજરાતમાં જે મૂડી રોકાણ માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન તળે આવ્યા છે, એમાં ૪૦ જેટલા રાષ્ટ્રના લોકોએ વાઈબ્રન્ટ ગુજરાતમાં ભાગ લીધો હતો. કૃષિ ક્ષેત્રે યુ.કે., ઇટાલી અને અમૅરિકા જેવા વિવિધ દેશોની ઉચ્ચ કંપનીઓએ ભાગ લીધો હતો અને કૃષિના વિવિધ ઉત્પાદનોમાં મૂડી રોકાણ કરવા ઇચ્છા દર્શાવી છે. એના કારણે ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે વિવિધ પ્રકારની ટૅક્નૉલૉજી સાથે અહીંયાં મૂડી રોકાણ આવશે એના કારણે ઘણી રોજગારીની તકો રાજયમાં વધશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, કૃષિ ઉદ્યોગ ક્ષેત્રે જે નવા ઉદ્યોગકારો રાજયમાં આવવા માગે છે એમને રાજય સરકાર કોઈ વિશિષ્ટ સહાય આપવા માગે છે કે કેમ? અને આ ઉદ્યોગો માટે રાજય સરકારે જેમ ઉદ્યોગ નીતિ બનાવી છે એમ કૃષિના જે ઉદ્યોગો છે એના માટે કોઈ ઉદ્યોગ નીતિની માનનીય મંત્રીશ્રી જાહેરાત કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કૃષિ નીતિ ૨૦૦૦ના આધારે કૃષિ ક્ષેત્રના રોકારણકારોને વિવિધ ક્ષેત્રમાં મદદ કરવામાં આવે છે. રાજય સરકાર આ નીતિને આગળ લઈ જવા માટે હાલ પણ સક્રિય વિચારણા કરી રહી છે. એમાં ઉમેરો કરવા માટે કૃષિ નીતિના આધારે જેમ અગાઉ કહ્યું તેમ ૯૦૦૦ કરોડમાંથી ૪૮૦૦૦ કરોડ સુધીનું ઉત્પાદન કૃષિ ક્ષેત્રે થયેલ છે. જે દેશમાં સામાન્ય રીતે ૨.૫ ટકા કૃષિ વિકાસ દર છે. એમાં આપણા રાજયે ૧૪ ટકાના દરથી રાષ્ટ્રના દરમાં ગુજરાતે યોગદાન આપ્યું છે. કૃષિ નીતિના આધારે વિવિધ પ્રોજૅક્ટો થકી જે ખેડૂતોને આજ દિન સુધી પ્રોત્સાહન નહોતું મળ્યું એમને પ્રોત્સાહન આજ દિન સુધી ચાલુ છે અને આ કૃષિ ઉદ્યોગ નીતિના નામથી ઓળખાય છે. ૨૦૦૯ની નીતિ અંગે રાજય સરકાર સક્રિય રીતે વિચારી રહી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહયું તેમ આ કૃષિ ઉદ્યોગના ક્ષેત્રમાં એમ.ઓ.યુ. થયા એના કારણે જૂદાજૂદા પ્રકારની રોજગારીઓ ઉભી થશે તો હું એ જાણવા માગું છું કે જે આ એમ.ઓ.યુ. થયા એના મારફતે જે નવા કૃષિ ઉદ્યોગ ક્ષેત્રો આવી રહયા છે એમાં કયા કયા પ્રકારની રોજગારીઓ અને કઈ રીતે આપવા માગે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે જે investment આવવાનું છે એમાં અલગઅલગ સેકટરમાં રોકાણકારો આવશે એમાં આ વાઈબ્રંટ ગુજરાતમાં જે એમ.ઓ.યુ. થયા એ મુજબ food processing માટે આવવાના છે. Capsicum ઈન નેટ હાઉસ પ્રોજેકટ માટે મૂડીરોકાણ કરવા માટે આવવાના છે. એગ્રો ફુડ પ્રોજેકટ માટે આવવાના છે, horticulture માટે આવવાના છે, વિવિધ કૃષિક્ષેત્રના અલગ અલગ વિસ્તાર વાઈજ સેકટરમાં આવશે અને દરેક સેકટરની રોજગારીની તકો એમના આધારીત processing unitwise કરતી હશે

તો એમના માટે અલગ ગ્રીનહાઉસ માટેની પણ અલગ રોજગારી મળશે એટલે એક સેકટરમાં ચોકકસ નિર્ધારીત એકરે આટલી જ રોજગારી મળશે એમ નહીં પ્રોસેસીંગ વાઈઝ રોજગારીની તકો સાંપડશે એમ કુલ ૪ લાખ જેટલી રોજગારી આ એમ.ઓ.યુ.ના આધારે પ્રાપ્ત થશે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વાઈબ્રંટ ગુજરાતમાં હવે જયારે ગુજરાત વિશ્વમાં વિદેશો સાથે ખૂબ આગળ વધી રહયું છે ત્યારે મારે જાણવું છે કે આ સમીટમાં વિદેશની કોઈ કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કર્યા છે, જો કર્યા છે તો કયા દેશ સાથે, કેટલી કંપની સાથે કર્યા છે અને કેટલી સંખ્યામાં કરવામાં આવ્યા છે, અને આ કંપનીઓથી આ ગુજરાતને કેટલો ફાયદો થવાનો છે એ આપની મારફત જાણવા માગું છું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૦૦૯ની સમીટમાં કૃષિ ક્ષેત્રે એક તો ઓરાક ગ્રીન પોર્ટ પ્રાઈવેટ લીમીટેડ, દ્વારા પાટણ જિલ્લામાં એગ્રો ફુડ પ્રોજેકટ માટે ૯૮૦૦ કરોડના એમ.ઓ.યુ. થયેલ છે. કૃષિક્ષેત્રના વિવિધ ક્ષેત્રોમાં આશરે કુલ ૨૩૩ એમ.ઓ.યુ. થયા છે એમાં કૃષિમાળખાગત ૨૦ એમ.ઓ.યુ. થયા છે અને એમાં ૧૯,૩૩૬ કરોડમાં એમ.ઓ.યુ. છે. આશરે ૨,૪૯,૮૫૦ રોજગારી મળવાની શકયતા છે. એમ બાયોગેસ ઈંધણમાં ૨૨ જેટલા એમ.ઓ.યુ. થયેલ છે એમાં ૮૨૦૦ જેટલા કરોડનું મૂડીરોકાણ અને ૭૧૯૯૪ રોજગારી પ્રાપ્ત થશે. ફુડ પ્રોસેસીંગ માટે ૫૭ એમ.ઓ.યુ. થયા છે એમાં ૧૯૮૬ કરોડના મૂડીરોકાણના એમ.ઓ.યુ. છે અને ૧૧૨૯૫ જેટલી રોજગારીની તકો સાંપડશે. હાઈટેક કૃષિક્ષેત્રમાં ૯૦ જેટલા એમ.ઓ.યુ. થયા છે એમાં ૧,૨૦૨ કરોડના એમ.ઓ.યુ. છે અને ૯૪૦૦ જેટલી રોજગારી પ્રાપ્ત થશે. એગ્રો પ્રોસેસીંગ ઓઈલમાં ૧૮ જેટલા એમ.ઓ.યુ. થયા છે અને ૧૨૯૫ કરોડ મૂડીરોકાણ આવવાની શકયતા છે. ૩૩૨૨ જેટલી રોજગારી પ્રાપ્ત થવાની શકયતા છે. ડેરી અને આઈસ્ક્રીમ ક્ષેત્રે ૫ જેટલા એમ.ઓ.યુ. આરાજ્યમાં ફરી વખત રાજ્યના ડેરી ક્ષેત્રની સુવાસ વિશ્વમાં ફેલાઈ એના કારણે એમ.ઓ.યુ. થયા છે. એમાં ૧૩૩ કરોડના મૂડીરોકાણ સાથે ૧૩૯૦ને રોજગારી પ્રાપ્ત થશે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ૯ જેટલા એમ.ઓ.યુ. થયા છે અને ૧૭૦૮ કરોડના એમ.ઓ.યુ. થકી ૫૧ હજાર જેટલી રોજગારી પ્રાપ્ત થશે. અન્ય ૧૨ એમ કૃષિ ક્ષેત્રમાં આ તમામ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે આંકડાઓ આપ્યા છે, જો ૩૫૧૪૩ કરોડના મૂડીરોકાણથી ૪,૦૯,૩૯૪ને રોજગારી મળી જવાની હોય તો unemployed youth નોંધાયેલ છે એના લગભગ ૪૦ ટકા તો આટલામાં જ થયા. તો આપના આંકડાઓ છે એ મુજબ મને લાગે છે કે ગુજરાતના જ નહીં આખા હિન્દુસ્તાનના યુવાનોને રોજી મળી જાય એ પ્રકારના આંકડા છે. કાં આ આંકડાઓ ખોટા છે, કાં આપનું પ્લાનીંગ. ૨૦૦૩ પછી કેટલા યુવાનોને રોજી મળી? રોજગારી મળી હોત તો આત્મહત્યા કરવાનો વારો ન આવે. ૨૦૦૯ના મૂડી રોકાણની વાતો કરીએ છીએ. ૨૦૦૩થી શરૂ કર્યું છે તો અત્યાર સુધીમાં જે પરિસ્થિતિ બેરોજગાર યુવાનોની છે એ આંકડાઓ કરતાં વટી ગયા હોય. તો શું આપણે બહારથી યુવાનોને લાવી રહ્યા છીએ?

**અધ્યક્ષશ્રી** : માનનીય શક્તિસિંહજી, એક વસ્તુ એવી છે કે આપ આંકડાઓ ખોટા છે એવું કહો એ......

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ખોટા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : * (xxxx) આંકડાઓ છે.

**અધ્યક્ષશ્રી** : એ કાઢી નાખું છું. અર્જુનભાઈના વિધાનો હું કાઢી નાખું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : My question is based on the reply of the Minister. I take it as a correct answer and that is why I raised the question.

**શ્રી દિલીપ સંઘાણી** : કૃષિ નીતિ અંગે મારા મિત્ર માનનીય શક્તિસિંહજીએ બહુ જ યોગ્ય સમયે અને યોગ્ય સવાલ પૂછ્યો છે. ગુજરાત કૃષિ ક્ષેત્રના માધ્યમથી સમગ્ર દેશને લીડ આપવા માગે છે. આ એ ટકાવારી ઉપરથી એમને ખ્યાલ આવશે કે ૧૦મી પંચવર્ષીય યોજનામાં કૃષિ ક્ષેત્રે જે ૨ ટકા વૃદ્ધિ દર હતો એ ૪ ટકા પહોંચવાનો લક્ષ્યાંક સેવ્યો હતો અને એ ૨.૫ ટકા પૂર્ણ થયો. જ્યારે ગુજરાતે ગયા વર્ષે ૧૨ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો અને ચાલુ વર્ષે ૧૪ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન એકદમ ટૂંકો છે. (અંતરાય) આપ માત્ર ઉદ્યોગ અને એની સામે રોજગારીના આંકડા કેટલા છે એ આપ્યા છે એની અંદર કોઈ સુધારો કરવાનો હોય તો કહો અથવા આંકડા આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : જે લક્ષ્યાંક રાજ્ય સરકારે આ એમ.ઓ.યુ.ના પૂર્ણતાના અંતે સેવ્યો છે એ સાયન્ટીફિક રીતે અભ્યાસ કરીને સેવ્યો છે. એટલે રાજ્ય સરકાર આ એમ.ઓ.યુ. પૂરા થશે ત્યારે રોજગારી આપીને રહેશે.

---

*(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

## ભરૂચ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ખર્ચ

*૬૯૪૭**શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : તા. ૨૫-૩-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૦૭ (અગ્રતા-૭૬) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ અન્વયે ભરૂચ જિલ્લામાં ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૧૦૭૯.૨૪ લાખનો તેમજ ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૦૮ સુધીમાં ૭૧૫.૦૦ લાખનો ખર્ચ કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં વર્ષવાર ભરૂચ જિલ્લામાં તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવેલ હતી?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે જણાવ્યા મુજબ છે.

**રૂા. લાખમાં.**

| વર્ષ | આગળના વર્ષની બચત રકમ | ફાળવેલ ગ્રાન્ટ | મળેલ વ્યાજ અને અન્ય આવક | કુલ |
|---|---|---|---|---|
| | | એસ.એસ.એ. | | |
| ૨૦૦૬-૦૭ | ૪૭.૫૬ | ૧૧૫૪.૭૮ | ૩.૧૦ | ૧૨૦૫.૪૪ |
| ૨૦૦૭-૦૮ | ૧૨૬.૨૦ | ૭૬૩.૫૨ | ૧.૯૯ | ૮૯૧.૭૧ |

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સને ૨૦૦૭-૦૮માં જંબુસર તાલુકામાં સર્વ શિક્ષા અભિયાનની ગ્રાન્ટ અને ઓ.એન.જી.સી.એ આપેલ દાન એ એક જ કામ માટે વાપરવામાં આવી છે એવી કોઈ ફરિયાદ આવી છે? અને આવી હોય તો શું કાર્યવાહી કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જે કાંઈ ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં આચાર્યશ્રીને એની પાછળ જ લગાવવામાં આવે છે અને એના કારણે શિક્ષણનું સ્તર દિવસે દિવસે નીચું થતું જાય છે. તો આચાર્યશ્રીને આમાંથી મુક્તિ આપવા માગો છો કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : આપના માધ્યમથી હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે જંબુસર તાલુકામાં આ પ્રકારની ભૂતકાળમાં કોઈ ફરિયાદ મળી નથી. અને છતાં પણ આપની જોડે કોઈ ફરિયાદ હોય તો ચોક્કસ અમારું ધ્યાન દોરજો. બીજો નંબર, સર્વ શિક્ષા અભિયાન યોજનાએ ૨૦૦૧થી શરૂ થયેલી છે અને એની અંદર પ્રાથમિક શાળાઓની અંદર વી.ઈ.સી., વી.ઈ.ડબલ્યુ. નામની કમિટી બનાવવામાં આવતી હોય છે, ત્યાં આચાર્ય આખી કમિટીની અંદર હોય છે. સરપંચ એના અધ્યક્ષ હોય છે. આવી એક કમિટી બનાવેલ હોય છે. અને એમના વી.ઈ.સી. મારફતે બી.આર.સી.ભવન, વી.ઈ.સી. મારફતે ત્યાં ગ્રાન્ટ મોકલવામાં આવતી હોય છે અને એ પણ એનું કામ સારી રીતે થતું હોય છે અને કહ્યું એ પ્રમાણે આવી કોઈ ગેર રીતિ થયેલી હોય તો આપ ચોક્કસ ધ્યાન દોરજો.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સર્વ શિક્ષા અભિયાનમાં ફાળવણી કરેલ ગ્રાન્ટ પૈકી વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ આપી?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે ૨૦૦૬-૦૭ની અંદર કેન્દ્ર સરકારે ૧૪૫૦૪.૭૨ લાખ, ૨૦૦૭-૦૮માં ૨૧૬૦૭.૩૬ લાખ આવી ગ્રાન્ટ ફાળવેલ છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સર્વ શિક્ષા અભિયાન હેઠળ હાથ ધરવામાં આવતા કામો અંગે ભારત સરકાર તરફથી સારી કામગીરીની કોઈ નોંધ લેવામાં આવેલ છે કે કેમ? જો હા, તો તેની વિગત શું છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો એવો પ્રશ્ન પૂછયો છે. સર્વ શિક્ષા અભિયાન નીચે જે કાંઈ કામગીરી કરવામાં આવે છે એની ભારત સરકારે ચોક્કસ નોંધ લીધી છે. હું આપને જણાવવા માગું છું કે સમગ્ર ભારતની અંદર ગુજરાતની શાળાઓમાં જે કાંઈ કામગીરી થઈ છે એને અનુલક્ષીને જે કાંઈ સુવિધા ઊભી કરવામાં આવી છે એ માટે ૨૦૦૫-૦૬ની અંદર સમગ્ર ભારતની અંદર ગુજરાતને પ્રથમ નંબર આપેલો છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય સિવિલ કામોનું થર્ડ પાર્ટી દ્વારા મુલ્યાંકન કરવાની પદ્ધતિ પણ આ ગુજરાત સરકારે અપનાવેલી છે. ગુજરાત મોડેલ એ અન્ય રાજ્યો અપનાવે એવી ભારત

સરકારશ્રીના માનવ સંશાધનના વિકાસ મંત્રાલયે પણ ભલામણ કરેલ છે. ભારત સરકારે તમામ રાજ્યોને લેખિત પત્ર પાઠવી ગુજરાત રાજ્યની મુલાકાત લેવાની પણ સૂચના ભારત સરકારે કરેલી છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પુછવા માગું છું કે ભારત સરકારે તમામ રાજ્યોને ગુજરાત રાજ્યની મુલાકાત લેવાનું ક્યારે જણાવેલ છે અને અત્યાર સુધીમાં કેટલા રાજયના લોકોએ ગુજરાતની મુલાકાત લીધેલ છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવા માગું છું કે મેં કહ્યું એ પ્રમાણે ભારત સરકારે રાજ્યોને પત્ર લખી સૂચના કરેલી છે. ભારત સરકારે તા.૨૯-૮-૨૦૦૬ અને ૧૧-૧૨-૨૦૦૬ના પત્રોથી તમામ રાજ્યોને ગુજરાતની મુલાકાત લેવાનું જણાવેલ છે. અત્યાર સુધીમાં ઓરિસ્સા, આંધ્ર પ્રદેશ, છત્રીસગઢ, હરિયાણા, દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક રાજ્ય તથા દિવ દમણ અને કેન્દ્ર શાસિત જેવા પ્રદેશોના પ્રતિનિધિઓએ પણ ગુજરાતની મુલાકાત લીધેલી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે સર્વ શિક્ષા અભિયાન હેઠળ જે ગ્રાન્ટ ફળવાયેલી છે એમાં ૨૦૦૬-૦૭માં ૪૭.૫૬ લાખની રકમ વપરાયા વગર રહી છે. ૨૦૦૭-૦૮માં ૧૨૬.૨૦ લાખની રકમ વપરાયા વગરની રહી છે. જે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ મળે છે એમાં સમગ્ર રાજ્યનો જે વપરાયા વગરની ગ્રાન્ટનો આંકડા તો ખૂબ મોટા છે. પરંતુ આ એક  જિલ્લાની અંદર આટલી રકમ એ વપરાયા વગર રહી છે તો એના કારણો શું છે અને એ ભવિષ્યમાં આ પ્રકારે વપરાયા વગર ગ્રાન્ટ ના રહે એના માટે શું શું પગલા લીધા છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી,  કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર આ પ્રમાણે સંયુકત રીતે આ ચાલતી આની અંદર ગ્રાન્ટ આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ઘણી બધી ગ્રાન્ટ વપરાયા વગર રહી છે.  ગ્રાન્ટ મંજૂર થાય અને ગ્રાન્ટ ફળવાય એની અંદર એક સ્લીપ ઓવર થતી હોય છે.  આગલા વર્ષની ખેંચાતી ગ્રાન્ટ હોય છે.એના ઘણા બધા કારણો હોય છે અને કેમ આ પ્રમાણે વણવપરાયેલી પડેલી હોય છે એનું કારણ પણ આપને હું જણાવું છું. જે તે વર્ષેમાં કેટલાક સી.આર.સી. અને બી.આર.સી. કો-ઓર્ડિનેટરોની જગ્યાઓ ભરાઈ ન હોવાથી અથવા તો મોડી ભરાઈ હોવાના કારણે તેમજ સાધન સામગ્રી ખરીદવામાં વિલંબ થયેલો હોય છે, રકમ સ્પીલ ઓવર થવાના કારણે, શાળાઓ પ્રવેશ ઝૂંબેશ દરમિયાન શાળા બહારના બાળકોએ શાળાઓમાં સીધો પ્રવેશ મેળવી લેવાથી તથા વૈલ્પિક શિક્ષણ વર્ગ મોડા શરૂ થવાથી, સંકલિત બાળ વિકાસ યોજના, આઈ.સી.ડી.એસ. દ્વારા આંગણવાડીઓ શરૂ થતા અંદાજ પ્રમાણે ઈ.સી.ઈ. સેન્ટર શરૂ થયેલ ન હોય તો વિકલાંગ બાળકોના ઓછા પ્રમાણમાં શાળા પ્રવેશ હોય, અંદાજોના ખાનગી તેમજ ભાડાના મકાનોમાં બેસતી શાળાઓનો સમાવેશ થયેલો હતો પાછળથી ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ આવી શાળાઓ આ ગ્રાન્ટ માટે પાત્ર ન ઠરતાં, કેટલીક શિક્ષકોની જગ્યાઓ ખાલી રહેવાથી અથવા તો નિવૃત્તિના કારણે ગ્રાન્ટ ચૂકવી શકાઈ નથી, તાલીમ અંગેનું સાહિત્ય કેન્દ્રિયકૃત રીતે મુદ્રિત કરી વિતરણ કરવાના કરકસરભર્યા પ્રયાસથી અંદાજ પ્રમાણે રકમ ખર્ચાઈ નથી, પંચાયતો અને વિધાનસભાની ચૂંટણીના પરિણામે આચાર સંહિતા અમલમાં હોવાના લીધે, ગ્રામિણકક્ષાએ સરપંચશ્રીઓ માતૃ શિક્ષક મંડળ એટલે કે  એમ.ટી.એ., પિતા શિક્ષક મંડળ પી.ટી.એ.ના સભ્યોની મિટિંગ બોલાવી શકાઈ નહતી, વિધાનસભાની ચૂંટણીના કારણે સંબંધિત શાળાઓમાં બુથ ગોઠવણ થયેલ હોવાથી રિપેરીંગનું કામ ખોરંભે પડેલ આ પ્રવૃત્તિ પછીના વર્ષમાં સ્પીલ ઓવર કરી પૂર્ણ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ કાર્યક્રમ ૨૦૦૧થી શરૂ થયેલો છે અને એ પણ હું જણાવવા માગું છું કે, કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર વખતે આ યોજના આવેલી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો એક પ્રશ્ન રહી ગયો હતો, માનનીય મંત્રીશ્રીએ કારણો તો આપ્યા કે સી.આર.સી.માં નિમણૂંકો નથી થઈ, બીજી વૈકિલ્પક શાળાઓ જે શરૂ કરવી જોઈએ રાજય સરકારે એ શરૂ નથી થઈ, આઈ.સી.ડી.એસ.ની યોજનામાં બાળકો ત્યાં ગયા એના કારણે, તાલીમ અંગેનું સાહિત્ય કેન્દ્રીયકૃત હોવાના કારણે એ વહેંચી શકાયું નહીં એના કારણે માનનીય અધ્યક્ષશ્રી આ બધા જે કારણો છે એ કારણો વહીવટી પ્રક્રિયા જે રાજય સરકારે સમયસર કરવી જોઈએ એ ન થઈ એના એ નથી વપરાયા અને જે આગલા વર્ષની બચત રહે એમાં તો કોઈ નાણાકીય વ્યવસ્થાનો તો પ્રશ્ન હતો જ નહીં એટલે ઉલટાના વધારે વાપરી શકાયા હોત પણ આ જે કારણો દૂર કરવા માટેના જે વહિવટી પગલાઓ શું શું લીધા એ વહિવટી પગલાઓ ન લેવાના કારણે થયું છે તો એ વહિવટી પગલાઓ લેવા માગે છે કે કેમ ? બીજું આ શિક્ષકો પાસે અનેક પ્રકારના સંમેલનો સહિતની બીજી કામગીરીઓ કરાવવામાં આવે છે એના કારણે આ શિક્ષકો છે એ વિકાસમાં ધ્યાન આપી શક્યતા નથી તો એમને રાજય સરકારના જે સંમેલનો અને આવી પ્રવૃત્તિઓમાં રોકાય છે એને અટકાવવા માગે છે કે કેમ ?

**શ્રી રમણલાલ  વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે જેટલી પણ ગ્રાન્ટ કેન્દ્ર સરકારમાંથી આવવી જોઈએ તેટલી ગ્રાન્ટ સમયસર આવતી નથી અને જેટલી ગ્રાન્ટ સમયસર આવી છે (અંતરાય) પૂરું સાંભળો, આપણે સાંભળવાની તકલીફ લઈએ, સાહેબ જે વણવપરાયેલી ગ્રાન્ટ છે એમણે જે કહ્યું છે, માનનીય મંત્રીશ્રીએ જે આંકડા આપ્યા છે એમાં થોડીક વધારે માહિતી આપવા માગું છું આમાનું એક કારણ છે સાહેબ બી.આર.સી, સી.આર.સી.ની પૂરતી ભરતી અને સમયાંતરે એ ન થાય તો એનો પગાર કાંઈ ઉધારી ન શકાય, અને એજ પ્રમાણે વિકલાંગ બાળકોની સંખ્યાના અમે અંદાજ કર્યા હોય કદાચ એટલા વિકલાંગ બાળકો ન પણ આવ્યા

હોય એના કરતાં પણ વધારે, અમે નક્કી કર્યુ કે ખાનગી શાળાઓ અથવા જે સરકારની ગાઈડ લાઈન પ્રમાણેની શાળાઓ છે એને પણ આપણે આપવા, ભારત સરકારે એના પછી પત્ર લખીને ના પાડી કે આ ગ્રાન્ટ તમે વાપરી શકશો નહીં એટલે અમે તો અંદાજો મોકલ્યા પણ કેન્દ્ર સરકારની ના પાડવાના કારણે એ ગ્રાન્ટ એઝ ઈટ ઈઝ રહી અને એના કરતાં સૌથી વધારે સ્પીલ ઓવર છે એ દર વર્ષે આપણે બધા જ જાણીએ છીએ કે, બધા જ ક્ષેત્રોમાં સ્પીલ ઓવર થતું હોય છે, એટલે આ જે ગ્રાન્ટ વધી હોય એ બીજા વર્ષે હોય છે, આગળના વર્ષની ગ્રાન્ટ જેમ આ વખતે વપરાશે એમ આ વખતની ગ્રાન્ટ પણ સ્પીલ ઓવરની ગ્રાન્ટ પણ આગળના દિવસોમાં વપરાશે એટલે ગ્રાન્ટ ઓછી વપરાઈ નથી અને એમણે જે કહ્યું એ પ્રમાણે શિક્ષકોને જે કામગીરી આપવામાં આવે છે તો પહેલા જેટલી કામગીરી અને સંમેલનોમાં લઈ જવામાં આવતા હતા એના કરતાં કદાચ દસમા ભાગની નથી એ શિક્ષણ મંત્રી તરીકે કહેવાનું મને ગર્વ છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે.**

*** ૫૩૬૯ શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શું લાભ આપવામાં આવે છે ?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૩૧,૯૪૭ કેટલા કાર્ડ આપવામાં આવ્યા,

(૨) સોઈલ હેલ્થ કાર્ડ વિના મૂલ્યે ખેડૂતોને આપીએ તે તેને લાભ છે, અને સોઈલ હેલ્થ કાર્ડના આધારે ખેતી કરવાથી બીજા ઘણા લાભ ખેડૂત પ્રાપ્ત કરી શકે છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જો આ સોઈલ હેલ્થ કાર્ડ ખોવાઈ જાય તો એ ખેડૂતોને આપવાની યોજના શું છે? આ યોજના થકી સોઈલ હેલ્થ કાર્ડ પૂરા પાડવામાં આવે છે તેથી રાજય સરકારને કેટલો ખર્ચ થાય છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જીસ્વાન માટે હરીપુરાથી સમગ્ર રાજયને જોડી આપ્યું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મહેસાણા જિલ્લાના સોઈલ કાર્ડનો ટૂંકમાં જવાબ આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ વાત કરું છું. કાર્ડ ખોવાઈ જાય તો શું થાય એની વિગતો આપું છું. આપના માધ્યમથી રાજયભરના ખેડૂતોને યોગ્ય માહિતી આપી શકાય તો એમને લાભ મળે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, યોગ્ય માહિતી તમે એમને સીધી મોકલજો. પ્રસિદ્ધ સાહિત્યમાં પણ છે. સોઈલ હેલ્થ કાર્ડ ખોવાઈ જાય તો શું, એના ઉપર કહો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ કોઈ ખેડૂતનું ખોવાઈ જાય તો જીસ્વાન ઉપર ઈન્ટરનેટ ઉપરથી બધી માહિતી મૂકવામાં આવેલી છે. વિનામુલ્યે કોઈપણ ખેડૂતને સોઈલ હેલ્થ કાર્ડની કોપી કાઢી આપવામાં આવે છે. બીજો પ્રશ્ન એ છે કે સોઈલ હેલ્થ કાર્ડનો ખર્ચ કેટલો છે તો છપામણી માટેનો ખર્ચ દસ રૂપિયા છે પરંતુ એ છપાવવા સાથેનો સરવે અને જમીનના નમુના લેવા લેબોરેટરીમાં ચકાસણી એ બધો જ ખર્ચ મળીને સો રૂપિયા જેવો ખર્ચ રાજય સરકાર ખેડૂતોના હિતાર્થે ભોગવે છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ઉપયોગી અને સુંદર યોજના માટે મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા છે અને સો ટકા સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કેટલા કાર્ડ આપવાની જરૂર છે અને આ કાર્ડ ઇશ્યુ કરવા માટે મહેસાણા જિલ્લાની વિજ્ઞાન કોલેજ કે વિજ્ઞાન હાઈસ્કૂલની લેબોરેટરીનો ઉપયોગ કરીને માનનીય મંત્રીશ્રી આ કામ ઝડપથી પૂરું કરવા માગો છો કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૩૧૯૪૭ જેટલા સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. રાજય સરકાર સમગ્ર રાજયમાં મહેસાણા સહિત સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી ગુજરાત અને સમગ્ર દેશ કરતો હશે એ દિવસોમાં એની પૂર્ણાહુતિ થાય ત્યાં સુધીમાં ગુજરાતના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ ૨૦૧૦ સુધીમાં આપવાનો સંકલ્પ લઈને ચાલે છે. ઝડપથી આ સોઈલ હેલ્થ કાર્ડ આપી શકાય એ માટે સાયન્સ કોલેજ, હાઈસ્કૂલના લેબોરેટરીનો ઉપયોગ કરવા માગો છો કે કેમ? રાજય સરકારની જે સંસ્થા દ્વારા શૈક્ષણિક સંસ્થા દ્વારા સાયન્સ સ્કીમમાં લેબોરેટરી હશે ત્યાં આ સોઈલ હેલ્થ કાર્ડ બનાવવા માટે જે વેકેશનનો પિરિયડ હશે અથવા તો રાતના સમયે જે વિદ્યાર્થીઓ આ સોઈલ હેલ્થ કાર્ડ કરશે એને એક કાર્ડના ૧૫ રૂપિયાની સહાય આપીને કાર્ડ બનાવવાનો નિર્ણય કર્યો છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સોઈલ હેલ્થ કાર્ડ કેવી રીતે નુમનો લઈને તૈયાર કરવામાં આવે છે અને સોઈલ હેલ્થ કાર્ડ કેટલા સમય સુધી અસરકારક પોષક તત્વોને દર્શાવી શકે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ બે પ્રકારે બનાવવામાં આવે છે.એક તો વ્યકિતગત ખેડૂત ખાતેદારનું સોઈલ હેલ્થ કાર્ડ એની જમીનના નમુના લઈને લેબોરેટરીમાં વિવિધ પાસાઓથી ચકાસીને એમાં કયા પ્રકારનું ખાતર અને કયા પાકને ઉપયોગી થાય એ રીતનું પૂરું માર્ગદર્શન મેળવી શકાય છે અને એક સોઈલ હેલ્થ કાર્ડ સમગ્ર ગામનું સોઈલ હેલ્થ કાર્ડ બનાવવામાં આવે છે.આજની તારીખે સરેરાશ એક ગામમાંથી ૮૫ જેટલા વિવિધ ગામોની ફરતે નમૂનાઓ લઈને એની સરેરાશ કાઢીને ગામને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે. એના આધારે ખેડૂતો પોતાના ખેતરમાં કેટલું ખાતર કયા સમયે અને કયા પાકવાળું એનું સરળતાથી માર્ગદર્શન મેળવી શકે છે. વ્યક્તિગત સોઈલ હેલ્થ કાર્ડથી પ્રત્યક્ષરૂપમાં માહિતી મેળવી શકે છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા કેટલા ખેડૂતોએ લાભ લીધો અને કયા પ્રકારનો લાભ લીધો એ મંત્રીશ્રી જણાવે. બીજો પ્રશ્ન સોઈલ હેલ્થ કાર્ડ ઘરાવતા ખેડૂતો કયા કયા પ્રકારનો લાભ લઈ શકે છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં મહેસાણા તાલુકામાં ૩૯૦૨, કડી તાલુકામાં ૪૪૨૬, બેચરાજીમાં ૨૮૧૫, વિજાપુરમાં ૩૭૮૩, ખેરાલુમાં ૩૮૧૯, વડનગરમાં ૨૩૦૫, સતલાસણામાં ૪૫૬૪, વિસનગરમાં ૩૨૯૫, ઉંઝામાં ૩૦૩૮ એમ ૩૧૯૪૭ જેટલા સોઈલ હેલ્થ કાર્ડનો લાભ મહેસાણા જિલ્લાના ખેડૂતોએ લીધો છે. એ ખેડૂતોને કેવા પ્રકારનો લાભ અને ફાયદો થાય તો એક તો જમીનની ફળદ્રુપતાની વિગત જાણી શકાય છે.

**અધ્યક્ષશ્રી** : લિસ્ટ લાંબુ હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી દિલીપ સંઘાણી** : ટૂંકુ કરી નાખીશ. ટૂંકમાં માહિતી આપું છું. જમીનમાં કયા પ્રકારનું અને કેટલા પ્રમાણમાં ખાતર વાપરવું તે અંગેની જાણકારી મેળવી શકાય છે. ખાતરનો સમતોલ ઉપયોગ કરી શકાય એના કારણે જમીનમાં વધુ ખાતર નાખવાથી સામાન્ય રીતે વધારે ઉત્પાદન થાય એવી ખેડૂતોની માન્યતા છે, તેમાંથી બહાર આવીને યોગ્ય પ્રમાણમાં ખાતર નાખવામાં આવે તો જમીનની ફળદ્રુપતા જળવાય અને ખાતરના ઓછા વપરાશના કારણે ખેડૂતોના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય. એ રીતે પણ ફાયદો મેળવી શકાય છે. જ્યારે પાક લેવાનું આયોજન કરવામાં આવે, ત્યારે કયો પાક વાવવો એમાં કયા પાકમાં વધારે ઉત્પાદન મેળવી શકાય છે એની માહિતી પણ આ સોઈલ હેલ્થ કાર્ડમાં જે વિગતો દર્શાવી હોય તેનો અભ્યાસ કરીને ખેતી કરે તો લાભ લઈ શકાય છે.

### વાયબ્રન્ટ ગુજરાતમાં ખેતી ઉદ્યોગના એમ.ઓ.યુ.

***૫૨૦૭ શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સન ૨૦૦૭ થી ૨૦૦૮ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાતમાં ખેતીને ઉદ્યોગ ગણવામાં આવે છે કે કેમ?

(૨) જે જે ઉદ્યોગોના એમ.ઓ.યુ. થયા તેમાં ખેતીલક્ષી કેટલા ઉદ્યોગો છે અને

(૩) સરકાર ખેતી ઉદ્યોગોને કઈ રીતે મદદરૂપ થવા માગે છે?

**કૃષિ મંત્રીશ્રી**

(૧) ના જી.

( હાઈટૅક અને બાયોટેકનોલોજી આધારિત ખેતી સિવાય )

(૨) ૬૦.

(૩) તા. ૨-૧-૨૦૦૧ થી નક્કી થયેલ કૃષિ ઉદ્યોગ નીતિની જોગવાઈ અનુસાર સહાય આપવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેતીને ઉદ્યોગ તરીકે સ્વીકારવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન હાલમાં ગુજરાતમાં કોલ્ડ સ્ટોરેજનો ધંધો પડી ભાંગ્યો છે, તેને મદદ કરવા માગો છો કે કેમ? અને ત્રીજો પ્રશ્ન એ છે કે કૃષિ ઉદ્યોગની જોગવાઈ અનુસાર કઈ જોગવાઈ નીતિ ઘડી છે, જેથી ખેડૂતોને એની જાણ થઈ શકે?

**શ્રી દિલીપ સંઘાણી** : કૃષિ ક્ષેત્ર સમગ્ર ઉદ્યોગના ડાયરામાં આવતો નથી, પરંતુ કૃષિ ક્ષેત્ર કેટલાક હાઈટૅક અને બાયોલોજીકલ આધારિત ખેતી છે, જે તેના કૃષિ ઉદ્યોગના ડાયરામાં રહીને રાજય સરકાર ૨૦૦૧ કૃષિ નીતિના આધારે મદદરૂપ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિક્ષેત્રે જે કૃષિ ઉદ્યોગ નીતિ છે તેને આધારિત કૃષિ ક્ષેત્રના વિવિધ સેકટરોમાં પ્રોત્સાહન આપવા માટે રાજય સરકાર આજે પણ આ નીતિ ચાલુ રાખીને મદદ કરી રહી છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે કોલ્ડ સ્ટોરેજનો ધંધો જે પડી ભાંગયો છે તેને મદદ કરવા માગો છો કે કેમ? બીજું જે કૃષિ નીતિ નકકી કરી છે તે ખેડૂત જાણે તે માટે જાહેર કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ઉદ્યોગ નીતિમાં...

**અધ્યક્ષશ્રી** : તેમનો પ્રશ્ન છેકે કોલ્ડ સ્ટોરેજનો ધંધો જે પડી ભાંગ્યો છે તેને મદદ કરવા માગો છો કે કેમ? અને કૃષિ નીતિ ખેડૂતો સુધી પહોંચે તે અંગે વ્યવસ્થા કરવા માગો છો આ બે પ્રશ્નો છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ઉદ્યોગ નીતિ ખેડૂતો સુધી પહોંચે તેના માટે એક ચેઈન રાજય સરકારે ગોઠવી છે. ખેડૂતોના ખેતર સુધી આયોજન થાય તેની વ્યવસ્થા કરી છે. કોલ્ડ સ્ટોરેજ પડી ભાંગ્યા છે તે વાતમાં વિશ્વાસ રાખવો એક અલગ વિષય છે. એટલા માટે કે ગયા વર્ષે કોલ્ડ સ્ટોરેજની માંગ રાજયએ ખુદ ભાડે ગોતવા નીકળ્યા હતા ખાનગી કોલ્ડ સ્ટોરેજ તો પણ મળતા ન હતા. આમ છતાં બટાટાના ઉત્પાદન વખતે કોલ્ડ સ્ટોરેજની માંગ રહે છે. આમ છતાં કૃષિ નીતિમાં જે સહાય આપવાની જોગવાઈ છે તે મુજબ સહાય આજે ચાલુ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે ૬૦ એમ.ઓ.યુ. થયા તે કઈ તારીખે થયા? તેમાંથી કેટલા એમ.ઓ.યુ. ઉત્પાદનમાં ગયા અને તેમાંથી કેટલા લોકોને રોજગારી મળી છે. મારો બીજો પ્રશ્ન છે કે હાઈટેક અને બાયોટેકનોલોજી આધારિત કૃષિને ઉદ્યોગ ગણીએ છીએ તો આપણા રાજયમાં કોઈ જિલ્લા અથવા તાલુકામાં હાઈટેક એગ્રીકલ્ચર ઝોનની સ્થાપના કરવામાં આવી છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૦ એમ.ઓ.યુ. થયા છે તે અલગ અલગ સેકટરમાં થયા છે.

**અધ્યક્ષશ્રી** : તેમણે તારીખો માગી છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ૧૨મી જાન્યુઆરીએ થયા છે. આપને ખબર નથી? સમગ્ર વિશ્વ જાણે છે..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ તારીખ આપી દો. બાકીની વાત જવા દો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ અને ૧૩ જાન્યુઆરીએ થયા છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તારીખ માગી છે. કઈ તારીખથી ઉત્પાદનમાં ગયા છે અને કેટલા લોકોને રોજગારી મળી છે તે અને હાઈટેક એગ્રો ઝોનની સ્થાપના કરવામાં આવી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : બે પ્રશ્નો છે. એમ.ઓ.યુ. થયા છે તે અને તે ઉત્પાદનમાં ગયા છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જાન્યુઆરીમાં ચાલુ વર્ષે થયા છે. તમે વર્ષ નથી પૂછયુ. તમે ચાલુ વર્ષનું પૂછયું છે.

**અધ્યક્ષશ્રી** : વર્ષ ૨૦૦૭-૦૮માં જે એમ.ઓ.યુ. થયા છે તેની વાત છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮નું કહુ. હાઈટેક આધારિત ૧૬ પ્રોજેકટ રૂા.૧૩.૯૨ કરોડનું મૂડી રોકાણ કરવામાં આવ્યું તે પૈકી ૧૫ પ્રોજેકટનું અમલીકરણ થયુ. ૧૨.૦૧ કરોડનું મૂડી રોકાણ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : જે ઉદ્યોગો આવ્યા તેના ઉત્પાદન શરૂ થયા છે કે નહી તે પ્રશ્ન છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મૂડી રોકાણ કરવામાં આવ્યું છે. પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : ઉત્પાદન શરૂ થયું હોય તો તેની વિગતો આપો. જો વિગતો ન હોય તો એ પ્રમાણે જવાબ આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મૂડી રોકાણ કર્યા પછી રાજય સરકાર કેટલું ઉત્પાદન થયું..

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઈ જવાબ આપું છું

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ૨૦૦૭-૦૮ના જે એમ.ઓ.યુ થયા તે એમ.ઓ.યુ.માંથી પ્રોડકશનના સ્ટેજે કોઈ પહોંચ્યા છે? પહોંચ્યા હોય તો કેટલા? ન પહોંચ્યા હોય તો બાકીનાની શું વિગત છે અને ૧૫ ઉદ્યોગોના એમ.ઓ.યુ. થયા તેની વિગતો આપો. આ ૧૫નો બ્રેકઅપ તમારી પાસે હોય તો આપો ન હોય તો પછી ટેબલ ઉપર મૂકજો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પૈકી ૩૧ પ્રોજેકટોનું ઉત્પાદન શરૂ થઈ ચૂક્યું છે અને ૧૬ પ્રોજેકટોના અમલીકરણની પ્રક્રિયા ચાલુ છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૦ એમ.ઓ.યુ થયા છે તો આ ૬૦ એમ.ઓ.યુ ની સામે સરકારે કેટલી જમીન આપી, શા ભાવે આપી? અને જે એમ.ઓ.યુ થયા છે એ એમ.ઓ.યુ.નો અમલ ન થાય તો સરકારે એની સામે શું પગલાં લેવાનું નક્કી કર્યું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એમ.ઓ.યુ. અન્ડરસ્ટેન્ડીંગ છે.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે એનો અમલ ન કરે તો શું પગલાં લેવામાં આવશે? આ માનસીકતા અગાઉ હતી એટલે ગુજરાતમાં કોઈ એમ.ઓ.યુ. કરવા આવતું ન હતું અને કોઈ મૂડી રોકાણ આવતું ન હતું. આ માનસીકતા દૂર કરવી જોઈએ. કેમ કે જે મૂડી રોકાણ કરવા આવવાનું હોય એની સામે કોઈ પગલાં લેવાના ન હોય એને આવકારવાનું હોય, આ રાજય સરકાર આ એમ.ઓ.યુ. કરનારને પ્રોત્સાહિત કરવા માગે છે મૂડી રોકાણ

લાવવા માગે છે. આટલી જો સમજણ અગાઉ હોત આ ગુજરાતમાં ઘણાં ખરા ઉદ્યોગો કેટલાય વર્ષો પહેલા ચાલુ થઈ ગયા હોત.

**જામનગર જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

***૫૩૭૯ શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શું લાભ આપવામાં આવે છે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં ૪,૪૪૭ કાર્ડ આપવામાં આવ્યા.

(૨) સોઈલ હેલ્થ કાર્ડ વિના મૂલ્યે ખેડૂતોને આપીએ તે તેને લાભ છે, અને સોઈલ હેલ્થ કાર્ડના આધારે ખેતી કરવાથી ઘણા લાભ ખેડૂત પ્રાપ્ત કરી શકે છે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ છેલ્લા ત્રણ વર્ષમાં ૪,૪૪૭ આપવમાં આવ્યા છે, એમાંથી ભાણવડ, જામખંભાળિયા અને લાલપુર તાલુકામાં કેટલા સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા અને બાકી જે ખેડૂતો છે એને કેટલા સમયમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે? આ સોઈલ હેલ્થ કાર્ડ આપવાથી અને જમીનનું પૃથ્થકરણ થવાથી ખેડૂતોને ખૂબ જ ફાયદો થાય છે એટલે ખૂબ જ ઝડપથી જે બાકી રહેલા ખેડૂતો છે એને સોઈલ હેલ્થ કાર્ડ મળે એના માટે તાલુકા કક્ષાએ અથવા જિલ્લા કક્ષાએ વધારે લેબોરેટરી ખોલીને અથવા એ.પી.એમ.સી. મારફત આવા સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટેનું કોઈ આયોજન સરકારનું છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં અલગ અલગ તાલુકામાં જે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે એમાં જામનગર તાલુકામાં ૧૦૦, જોડિયામાં ૧૦૭૧, ધ્રોળમાં ૮૭૭, કાલાવાડમાં ૨૦૫૩, લાલપુરમાં ૭૨, જામજોધપુરમાં ૬૫, ભાણવડમાં ૫૩, ખંભાળિયામાં ૮૬, કલ્યાણપુરમાં ૬૧, દ્વારકામાં ૩૯ આમ ૪,૪૭૭ કાર્ડ આપવામાં આવ્યા છે પણ ૨૦૧૦ સુધીમાં જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ મળી રહે એના માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો સવાલ એમનો હતો કે, સોઈલ હેલ્થ કાર્ડ ઝડપથી મળે એટલા માટે એ.પી.એમ.સી.ના માધ્યમથી નવી લેબોરેટરીઓ થાય એના માટે રાજય સરકાર કંઈ કરવા માગે છે કે કેમ? માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં સોઈલો હેલ્થ કાર્ડ તમામ ખેડૂતોને મળી રહે એટલા માટે શૈક્ષણિક સંસ્થાઓને પણ આવરી લીધી છે, સહકારી ક્ષેત્રે એ.પી.એમ.સી. પોતાનું યોગદાન આપે અને જે એ.પી.એમ.સી. સક્ષમ છે એને પણ રાજય સરકારે અપીલ કરી છે કે એ પોતાના પ્રિમાઈસીસમાં લેબોરેટરી બનાવે અને ખેડૂતો જયારે પોતાનો માલ લઈને આવે ત્યારે એની ત્યાં જ ચકાસણી કરીને સોઈલ હેલ્થ કાર્ડ માટેની કામગીરી કરે એટલા માટે રાજય સરકારે તમામ એ.પી.એમ.સી.ને અપીલ કરી છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જામનગર જિલ્લામાં કુલ કેટલા ખેડૂત ખાતેદારો છે અને જામનગર જિલ્લામાં આટલા ઓછાં પ્રમાણમાં સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતોને આપવામાં આવ્યા એના કારણો શું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : જિલ્લામાં કુલ કેટલા ખેડૂત ખાતેદારો છે એનો આંકડો હાલ મારી પાસે નથી. રાજયમાં કુલ ૪૨ લાખ કરતાં વધારે ખેડૂત ખાતેદારો છે આ તમામને ૨૦૧૦ સુધીમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે એમ મેં અગાઉ કહ્યું છે એ જ પ્રમાણે (અંતરાય) જામનગર જિલ્લામાં કુલ ૧,૯૮,૯૩૨ ખેડૂત ખાતેદારો છે અને ૨૦૧૦ સુધીમાં તમામ ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ મળી રહે તેવી રાજય સરકાર વ્યવસ્થા કરશે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : આટલી બધી નબળી કામગીરી જામનગર જિલ્લામાં થઈ એનું કારણ શું?

**શ્રી દિલીપ સંઘાણી** : મારે રાઘવજીભાઈનો આભાર માનવાનો રહે..

**અધ્યક્ષશ્રી** : તમારે કોઈનો આભાર માનવાની જરૂર નથી,

**શ્રી દિલીપ સંઘાણી** : આટલી બધી નબળી કામગીરીનું કહ્યું એટલે કહું છું, ગુજરાતની રચના ૧૯૬૦માં થયા પછી, માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નેતૃત્વ સંભાળ્યું ત્યારે સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાત રાજય છે જેણે રાજયમાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનો નિર્ણય કર્યો, તાજેતરમાં અઠવાડિયા પહેલાં રાષ્ટ્રીય કક્ષાએ સોઈલ હેલ્થ કાર્ડને પ્રથમ કક્ષાનો નંબર આપવામાં આવ્યો છે, જયારે અમારી સરકાર નથી એમણે દેશભરમાં કેન્દ્ર સરકારે.

**અધ્યક્ષશ્રી** માનનીય મંત્રીશ્રી,

**શ્રી દિલીપ સંઘાણી** : (અંતરાય) એમનો જવાબ આપું છું નબળી કામગીરીનો જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, માનનીય મંત્રીશ્રી નિર્ધારિત જે સંખ્યા છે એ જામનગરમાં છે કે કેમ, કયા કારણોસર ઓછાં આપવામાં આવ્યા છે એના કારણો હોય તો આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : કારણ એ છે કે, ગુજરાત રાજય બન્યા પછી સતત જો આ પ્રક્રિયા ચાલતી હોત તો

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન જામનગર જિલ્લા પૂરતો મર્યાદિત છે, જામનગર જિલ્લામાં કામગીરી ઓછી થઈ છે, એના જો કોઈ કારણો આપની પાસે હોય તો એ આપો નહિ તો બાકીની વાત જવા દો,

**શ્રી દિલીપ સંઘાણી** : અગાઉ આ પ્રકારની પધ્ધતિ નહોતી એટલે સોઈલ હેલ્થ કાર્ડ નથી બન્યા, હવે આપવાનું શરૂ કર્યું છે તો અમારો જે નિર્ધારિત સમય છે એ સમયમાં કામગીરી પૂર્ણ કરવાનો પ્રયત્ન અમે કરીશું.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એમના જવાબમાં જણાવ્યા મુજબ સોઈલ હેલ્થ કાર્ડના આધારે ખેતી કરવાથી ઘણા બધા લાભ થાય છે તો હું જાણવા માગું છું કે, કયા કયા પ્રકારના લાભ થઈ શકે.

**શ્રી દિલીપ સંઘાણી** : સોઈલ હેલ્થ કાર્ડના કારણે ખેતીની જમીન કયા પ્રકારની છે, એ પ્રકારની ખેતીમાં કેવા પ્રકારનું ખાતર નાંખવાથી વધારે ખેતી થાય, કેવા પ્રકારનો પાક વાવવાથી એ પાકનું ઉત્પાદન વધે, પાણીનો ઉપયોગ કેટલા પ્રમાણમાં કરવો જોઈએ અને એ પાણીના આધારે પાકને ઉપયોગી  જે હોય આ સોઈલ હેલ્થ કાર્ડના કારણે કૃષિ ક્ષેત્રના ઉત્પાદનના ખર્ચમાં સત્વરે ઘટાડો થઈ શકે એ સ્થિતિનું નિર્માણ કરીને ખેડૂતોને આર્થિક લાભ થાય અને ખેડૂતોનું ઉત્પાદન વધે એ રીતેનું પૂરતું માર્ગદર્શન આ સોઈલ હેલ્થ કાર્ડમાંથી મેળવી શકાય છે.

### કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતો યુરિયા ખાતરનો જથ્થો

***૪૮૪૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તારીખ ૧-૧-૨૦૦૮ થી તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી રાજયની માગણી મુજબ કેટલા ટન યુરિયા ખાતર ફાળવવામાં આવ્યું, ક્યારે ક્યારે, અને

(૨) ફાળવેલ યુરિયા ખાતરનો કેટલો જથ્થો રાજય સરકારે ક્યારે ઉપાડ્યો?

**કૃષિમંત્રીશ્રી**

(૧) તારીખ ૧-૧-૨૦૦૮ થી તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી રાજયની માગણી મુજબ નીચે મુજબ યુરિયા ખાતર ફાળવવામાં આવ્યું.

| સમયગાળો | રાજયની માગણી (લાખ મે. ટન) | ફાળવેલ જથ્થો (લાખ મે. ટન) |
|---|---|---|
| ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૦મી જુન, ૨૦૦૮ સુધીમાં | ૬.૩૫ | ૭.૦૬ |
| ૧લી જુલાઈ, ૨૦૦૮થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૮ સુધીમાં | ૧૧.૮૦ | ૧૧.૫૮ |
| ... કુલ ... | ૧૮.૧૫ | ૧૮.૬૪ લાખ મે.ટન, |

(૨) ફાળવેલ યુરિયા ખાતરનો કુલ ૧૯.૦૪ લાખ મે. ટન જથ્થો ખાતર વિતરકો દ્વારા ઉપાડ્યો.

| સમયગાળો | ઉપાડેલ જથ્થો (લાખ મે. ટન) |
|---|---|
| ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૦મી જુન, ૨૦૦૮ સુધીમાં | ૬.૬૪ |
| ૧લી જુલાઈ, ૨૦૦૮થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૮ સુધીમાં | ૧૨.૪૦ |
| ... કુલ ... | ૧૯.૦૪ |

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૧-૧-૨૦૦૮થી ૩૧-૧૨-૨૦૦૮ સુધીની અંદર ૧૧.૮૦ રાજય સરકારે ખાતરની માગણી કરી  કેન્દ્ર સરકારે ૧૮.૬૪ જથ્થો ફાળવ્યો અને તેનો જથ્થો ઉપાડવા વિતરકો ૧૯.૦૪ લાખ ટન જથ્થો ઉપાડ્યો આ બધા આંકડા જોતાં અને તે સમયે જે ખાતરની તંગી પડી હતી એવા સંજોગોની અંદર રાજય સરકારે માગણી આથી વધારે નહીં મૂકવાનું કારણ શું ? અને ખેડૂતોને વધારે ખાતર આપવા માટેનો પ્રયત્ન કરવાની તેની અંદર ઢીલાશ લાગે છે સાથે સાથે મારો બીજો પ્રશ્ન એ છે કે, ૨૦૦૨-૦૩ની અંદર કેટલી માગણી મૂકી હતી અને કેટલું કેન્દ્ર સરકારે ખાતર ફાળવ્યું હતું ? અને ત્રીજો પ્રશ્ન એ છે કે, રાસાયણિક ખાતરો  ગુજરાતની અંદર વેટ લેવામાં આવે છે, માત્ર ગુજરાતમાં લેવામાં આવે છે ભારતમાં લેવામાં આવતા નથી  તો ખેડૂતોને ફાયદો થાય માટે વેટ માફ કરવા માગે છે કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : ૨૦૦૨-૦૩ની વિગતો આપવાની જરૂર નથી કારણકે તે વિગતો હોઈ નહીં શકે. આપણે દાખલ કરીએ છીએ ત્યારે ત્રણ વર્ષની મર્યાદા રાખીએ છીએ એટલે પૂરક પ્રશ્નની અંદર..

**શ્રી નિરંજન પટેલ** : હોય તો ?

**અધ્યક્ષશ્રી** : હોય તો પણ નહીં, કારણ કે તે પછી ટેવ પડી જાય.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નિરંજનભાઈએ જે ખાતરની ચિંતા કરી છે તે ખાતરની ચિંતામાં સમગ્ર રાજયના ખેડૂતો સાથે મારી અને મારા વિભાગની પણ પૂરી ચિંતા છે. રાજય સરકારના કૃષિ નિયામક તરફથી બે વખત, અગ્ર સચિવ તરફથી બે વખત અને મારી કક્ષાએથી બે વખત તેમ કુલ છ વખત કેન્દ્ર સરકાર સમક્ષ સમયસર વધુ ખાતર ફાળવવા માટેની માગણી કરવામાં આવેલી. તેના પત્રની નકલ મારી પાસે છે જોઈતી હશે તો પહોંચાડીશ. પરંતુ આમ છતાં પણ રાજય સરકારે જે તકેદારી રાખી જે ખાતરનો જથ્થો ફાળવવામાં આવ્યો તે ઉપરથી આપણને પૂરતો લાગે પરંતુ દર મહિને રિલિઝ કરવામાં આવે છે અને ગુજરાતમાં ખાતરની માંગ જૂન અને જુલાઈ, ઑગસ્ટમાં વધુમાં વધુ હોય છે ત્યારે જે ગુજરાતમાં જરૂરિયાત હતી ૧ લાખ ૭૫ હજાર ટનની તેની સામે માત્ર .૯૪ આપવામાં આવ્યા. જુલાઇમાં ૨ લાખ ૭૫ની જરૂરિયાત સામે માત્ર ૧ લાખ ૬૭ આપવામાં આવ્યા. ઓગસ્ટમાં ૨ લાખ ૪૫ હજાર ટનની જરૂરિયાત હતી તેની સામે માત્ર ૨ લાખ આપવામાં આવ્યું એટલે સમયસર ટોટલ આખા વર્ષનું ફાળવી દીધું પણ જ્યારે આપણે જરૂરિયાત હોય ત્યારે આપતાં નથી તેથી ગંભીર બાબત એ છે માનનીય અધ્યક્ષશ્રી, જેમાં હું મારા મિત્રની મદદ લેવા માંગુ છું એમાં આપણે સૌએ સાથે મળીને પ્રયત્ન કરવો જોઈએ. આ ખાતર જે ફાળવવામાં આવે છે ઈ.સી.એ તળે જે રાજયમાં ખાતર ઉત્પાદન થતું હોય તે રાજયને કેન્દ્ર સરકારની પૉલિસી મુજબ ૫૦ ટકા ઈ.સી.એ.નો જથ્થો જે તે રાજયમાં આપવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ દ્વારા સૌનો સહયોગ ઇચ્છું છું કે, આવતા દિવસોમાં આ પરિસ્થિતિ અને કેન્દ્ર સરકાર ગુજરાત સાથે અન્યાય ના કરે એટલા માટે સહયોગ ઇચ્છું છું. ગુજરાત સરકારને ૧૨ ટકા ફાળવવામાં આવ્યું જ્યારે બિહારને ૯૬ ટકા ફાળવવામાં આવ્યું, ઓરિસ્સાને ૩૨ ટકા ફાળવવામાં આવ્યું, બંગાળને ૯૫ ટકા ફાળવવામાં આવ્યું આના કારણે જે ઈ.સી.એ. ઉપર કન્ટ્રોલ રાજય સરકારનો હોવો જોઈએ તે રાજય સરકારનો કન્ટ્રોલ ઈ.સી.એ.ખાતર ઉપર હશે બાકીનો ૫૦ ટકા ખુલ્લું કંપનીઓ વેંચે છે. તો રાજય સરકારને ઈ.સી.એ.તળે જે ફાળવવું જોઈએ તે માત્ર ૧૨.૮ ટકા ફાળવ્યું છે જ્યારે મેં બાકીના આંકડાઓ કહ્યાં હિમાચલમાં ૧૦૦ ટકા, પંજાબમાં ૪૫ ટકા, મધ્યપ્રદેશમાં ૩૦ ટકા, છત્તીસગઢમાં ૫૧ ટકા, મહારાષ્ટ્રમાં ૩૨ ટકા, રાજસ્થામાં ૪૩ ટકા,

**અધ્યક્ષશ્રી** : આપે એક વખત આપી દીધા છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણને માત્ર ૧૨ ટકા ખાતર કેન્દ્ર સરકાર ફાળવે છે. તેના કારણે ગુજરાતને અન્યાય થાય છે. તેના માટે હું મદદ માગુ છું. આપણે સાથે મળીને..અંતરાય..

**શ્રી નિરંજન પટેલ** : મારા પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપી શકયા નથી. હું આપનું રક્ષણ માગું છું.

**અધ્યક્ષશ્રી** : તમને ચાન્સ આપું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સ્થાનિક કક્ષાએ ગુજરાતમાં યુરિયા ખાતરનું કેટલું ઉત્પાદન થાય છે અને ગુજરાતમાં ઉત્પન્ન થતું ખાતર ગુજરાતના ખેડૂતોને સમયસર ન મળવાને કારણે ખેડૂતોમાં ઉભો થતો અસંતોષ નિવારવા રાજય સરકાર કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : ગુજરાતમાં જે ખાતરનું ઉત્પાદન થાય છે તે કેન્દ્ર સરકારની એ.સી.ઈ.ની નીતિ પ્રમાણે ૫૦ ટકા ખાતર સ્થાનિક કંપની ઉત્પાદન કરે છે, એના તરફથી આપણને ફાળવાવું જોઈએ, જેથી કરીને રાજય સરકારનો કંટ્રોલ એના વિતરણ માટે રહે. માત્ર ૧૨.૮ ટકાની ફાળવણી થવાને લીધે રાજય સરકારનો પૂરતો કંટ્રોલ રહેતો નથી. ગુજરાત રાજયમાં યુરિયા ખાતરનું ઉત્પાદન ૩૨.૯૭ લાખ મેટ્રિક ટન થાય છે.

**શ્રી નિરંજન પટેલ** : મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે. વસતિનું ધોરણ, ખેડૂતોની સંખ્યા અને એ બધુ અલગ અલગ હોય. મારો પ્રશ્ન ગુજરાત રાજય માટે છે. આપણે માગીએ છીએ, એના કરતાં વધારે આપે છે. તો વધુ માગણી કરવા માગીએ છીએ કે કેમ અને વેટ માફ કરવા માગે છે કે કેમ? આ બે ચોખ્ખા પ્રશ્નો છે.

**શ્રી દિલીપ સંઘાણી**: મારા વિભાગને લગતો પ્રશ્ન નથી.

**શ્રી નિરંજન પટેલ** : ખેડૂતોના મંત્રી કહે કે ખાતરના ભાવમાં વેટનું મને લાગુ પડતું નથી?

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નમાં પણ એ બાબત નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય મંત્રીશ્રી પાસે આપના દ્વારા જાણવા માગું છું કે કૃષિની અંદર ચોમાસુ પાકમાં વધારેમાં વધારે યુરિયા ખાતરની જરૂરિયાત કયારે રહે છે અને એ મહિનામાં કેટલી માગણી સામે કેટલી ફાળવણી થઈ હતી? અને રવિ પાકમાં જાન્યુઆરીમાં વધારેમાં વધારે જરૂરિયાત હોય છે, તો એ મહિનામાં કેટલી ફાળવણી કરી? આ બે વખત. ચોમાસામાં જુલાઈ અને ઓગષ્ટ અને રવિ પાકમાં ડિસેમ્બર અને જાન્યુઆરી. આ સમયમાં આપણી માગણી કેટલી હતી અને કેન્દ્ર સરકારે કેટલી ફાળવણી કરી?

**શ્રી દિલીપ સંઘાણી**: માનનીય અધ્યક્ષશ્રી, યુરિયા ખાતર મેકિસમમ જૂન, જુલાઈ અને ઓગષ્ટમાં જરૂરિયાત ઉભી થાય છે. જૂનમાં રાજયની માગણી ૧ લાખ ૭૫ હજાર ટનની હતી, જેની સામે ૧,૦૯,૪૯૨ ફાળવણી થઈ. જુલાઈ મહિનામાં ૨ લાખ ૭૫ હજાર સામે ૧,૬૮,૪૮૩ ફાળવણી થઈ. ઓગષ્ટમાં ૨ લાખ ૪૫

હજાર સામે ૨,૦૬,૬૭૪ એવી રીતે ઓછી ફાળવણીને કારણે, ઓછું રીલીઝ થવાને કારણે ગુજરાતના ખેડૂતોને કેન્દ્ર સરકારની ઓછી ફાળવણીને કારણે આ મુશ્કેલી ઉભી થઈ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું તેમ કે કેન્દ્ર સરકારની ખાતરની ઓછી ફાળવણીને કારણે. હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે એમણે માગણી કરી હતી એ પહેલા જાન્યુઆરીમાં ૩૦ હજારની જુદી જે માગણી કરી હતી એનાથી વધારે ફાળવણી છે. કેન્દ્ર સરકારમાંથી ઓછી ફાળવણી થતી હોય તો રાજયમાં ઉત્પાદક કંપનીઓને પ્રોત્સાહન રૂપે જે કંઈ કરવાનું થતું હોય એ કરીને વધારે ઉત્પાદન થાય અને ખેડૂતોને સમયસર મળે એ માટે કંઈ વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ? બીજું કે રાજય સરકારની પડતર કિંમત અહીંયા છે અને બહારથી આયાત થાય છે, એના ઉપર જે સબસિડી આપવામાં આવે છે એમાં કેન્દ્ર સરકાર કેટલી આપે છે અને રાજય સરકાર થેલી દીઠ કેટલી સબસિડી આપે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો કેન્દ્ર સરકાર..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## ભરૂચ જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા અંગે

૪૯૭૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસૂલ વિભાગના તા. ૪-૭-૨૦૦૮ના ઠરાવ અન્વયે ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી ખેતી વિષયક હેતુ માટે જૂની શરતમાં ફેરવવા માટે કેટલા કિસ્સાઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં જમીન ફેરવવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | નવી શરત | નિ.સ. પ્રકાર | કુલ |
|---|---|---|---|
| જંબુસર | ૭૦૬ | ૩૭ | ૭૪૩ |
| આમોદ | ૧૦૪૨ | ૪૪૫૬ | ૫૪૯૮ |
| વાગરા | ૦ | ૧૪૬૮ | ૧૪૬૮ |
| ભરૂચ | ૧૪૮ | ૩૫૬ | ૫૦૪ |
| અંકલેશ્વર | ૯૧૭ | ૧૪૨૧ | ૨૩૩૮ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| હાંસોટ | ૪૭૩ | ૨૫૭૭ | ૩૦૫૦ |
| ઝઘડીયા | ૧૧૩૧ | ૩૭૧૩ | ૪૮૪૪ |
| વાલીયા | ૯૫ | ૧૦૨૯ | ૧૧૨૪ |
| **કુલ :-** | **૪૫૧૨** | **૧૫૦૫૭** | **૧૯૫૬૯** |

**પ્રશ્ન**

(૨) તાલુકાવાર કેટલી જમીનો નવી શરત અને નિયંત્રીત સત્તા પ્રકારે ચાલુ છે, અને

**જવાબ**

(૨)

| તાલુકાનું નામ | નવી શરત | નિ.સ. પ્રકાર | કુલ |
|---|---|---|---|
| જંબુસર | ૯૩ | ૨૪૭૧ | ૨૫૬૪ |
| આમોદ | ૭૬૦ | ૮૯૧ | ૧૬૫૧ |
| વાગરા | ૦ | ૭૦૨ | ૭૦૨ |
| ભરૂચ | ૧૭૯૬ | ૪૬૧૧ | ૬૪૦૭ |
| અંકલેશ્વર | ૨૯૬ | ૪૩૭ | ૭૩૩ |
| હાંસોટ | ૧૩૭૧ | ૧૦૬૨ | ૨૪૩૩ |
| ઝઘડીયા | ૧૪૧ | ૧૫૦૯ | ૧૬૫૦ |
| વાલીયા | ૧૭૬૦ | ૩૬૮૮ | ૫૪૪૮ |
| **કુલ :-** | **૬૨૧૭** | **૧૫૩૭૧** | **૨૧૫૮૮** |

**પ્રશ્ન**

(૩) આ જમીનો ક્યા સુધીમાં જૂની શરતમાં ફેરફાર કરવામાં આવશે?

**જવાબ**

(૩) સત્વરે

---------

## ભાવનગર જિલ્લામાં તાંત્રિક કર્મચારીઓનું મહેકમ

૬૧૩૧ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ ભાવનગર

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ ભાવનગર

જિલ્લામાં તાલુકાવાર માર્ગ-મકાન સ્ટેટ અને પંચાયતનાં તાંત્રિક કર્મચારીઓનું મહેકમ કેટલું છે,

જિલ્લામાં તાલુકાવાર માર્ગ, મકાન સ્ટેટ અને પંચાયતનાં તાંત્રિક કર્મચારીઓનું મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | મામ.વર્તુળ-૨ રાજકોટ (રાજ્ય) | | | મામ.વર્તુળ-૨ રાજકોટ (પંચાયત) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧,૨ | વર્ગ-૩ | કુલ | વર્ગ-૧,૨ | વર્ગ-૩ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ભાવનગર | ૭ | ૩૧ | ૩૮ | ૪ | ૮ | ૧૨ |
| ૨ | ઘોઘા | ૧ | ૫ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૩ | શિહોર | ૩ | ૫ | ૮ | ૫ | ૪ | ૯ |
| ૪ | ગઢડા | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૪ |
| ૫ | પાલીતાણા | ૩ | ૫ | ૮ | ૩ | ૪ | ૭ |
| ૬ | ગારીયાધાર | ૧ | ૨ | ૩ | ૧ | ૩ | ૪ |
| ૭ | મહુવા | ૩ | ૩ | ૬ | ૪ | ૫ | ૯ |
| ૮ | તળાજા | ૨ | ૩ | ૫ | ૩ | ૪ | ૭ |
| ૯ | બોટાદ | ૨ | ૪ | ૬ | ૩ | ૫ | ૮ |
| ૧૦ | વલ્લભીપુર | ૧ | ૧ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૧૧ | ઉમરાળા | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૪ |
| | કુલ :- | **૨૫** | **૬૧** | **૮૬** | **૩૦** | **૪૭** | **૭૭** |

(૨) તે પેકી કેટલી જગ્યા ખાલી છે, અને

(૨) મંજુર થયેલ મહેકમ પેકી નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| અ.નં. | તાલુકો | મામ.વર્તુળ-૨ રાજકોટ (રાજ્ય) | | | મામ.વર્તુળ-૨ રાજકોટ (પંચાયત) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧,૨ | વર્ગ-૩ | કુલ | વર્ગ-૧,૨ | વર્ગ-૩ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ભાવનગર | ૯ | ૧૧ | ૨૦ | ૩ | ૨ | ૫ |
| ૨ | ઘોઘા | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૩ | શિહોર | ૨ | ૩ | ૫ | ૧ | ૧ | ૨ |
| ૪ | ગઢડા | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ |
| ૫ | પાલીતાણા | ૩ | ૪ | ૭ | ૦ | ૧ | ૧ |
| ૬ | ગારીયાધાર | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૭ | મહુવા | ૧ | ૩ | ૪ | ૨ | ૨ | ૪ |
| ૮ | તળાજા | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૯ | બોટાદ | ૧ | ૩ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૧૦ | વલ્લભીપુર | ૦ | ૧ | ૧ | ૧ | ૨ | ૩ |
| ૧૧ | ઉમરાળા | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| | કુલ :- | **૧૬** | **૩૧** | **૪૭** | **૮** | **૧૪** | **૨૨** |

(૩) ખાલી જગ્યા ભરવા સરકારનું શું આયોજન છે ?

(૩) મદદનીશ ઈજનેર (વર્ગ-૨)ની જગ્યાઓ સીધી ભરતીથી જ ભરવાની રહે છે જે માટે આયોગને માંગણીપત્રક મોકલેલું છે. અને ભરતી માટેની જાહેરાત પણ પ્રસિદ્ધ થઈ છે. દરમ્યાનમાં વચગાળાની વ્યવસ્થા તરીકે ૧૧ માસ માટે કરારના ધોરણે સહાયક ઈજનેરોની પણ ભરતી કરાઈ છે, બિન ઈજનેરી તાંત્રિક ખાલી જગ્યાઓ બઢતી/સીધી ભરતીથી સત્વરે ભરવામાં આવશે.

---------

**રાજકોટ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૫૩૮૦ **શ્રી કાંતિભાઈ અમૃતિયા(મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોઈલ હેલ્થકાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) સોઈલ હેલ્થકાર્ડથી ખેડૂતોને શું લાભ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) સોઈલ હેલ્થકાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૨૩,૩૨૮ કાર્ડ આપવામાં આવ્યા.

(૨) સોઈલ હેલ્થ કાર્ડ વિના મુલ્યે ખેડૂતોને આપીએ તે તેને લાભ છે, અને સોઈલ હેલ્થ કાર્ડના આધારે ખેતી કરવાથી બીજા ઘણા લાભ ખેડૂત પ્રાપ્ત કરી શકે છે.

### સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે

૫૪૦૫ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૩૯,૩૬૬ કાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શું લાભ એચબી- ૮૧૯-૨ આપવામાં આવે છે? | (૨) સોઈલ હેલ્થ કાર્ડ વિના મુલ્યે ખેડૂતોને આપીએ તે તેને લાભ છે, અને સોઈલ હેલ્થ કાર્ડના આધારે ખેતી કરવાથી બીજા ઘણા લાભ ખેડૂત પ્રાપ્ત કરી શકે છે. |

---------

### રાજ્યમાં ધોરણ-૮ ના વર્ગો પ્રાથમિક શિક્ષણમાં ભેળવવા અંગે

૬૪૬૩ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ચાલતી શાળાઓના ધોરણ-૮ના વર્ગને પ્રાથમિક શિક્ષણમાં ભેળવી દેવાનો નિર્ણય રાજ્ય સરકારે તાજેતરમાં કર્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) આવા નિર્ણયને કારણે માધ્યમિક શાળામાં ફરજ બજાવતા કેટલા શિક્ષકો ફાજલ થવાનો અંદાજ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ નિર્ણયને કારણે પ્રાથમિક શાળાના પી.ટી.સી. શિક્ષકો ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ભણાવી શકશે કે કેમ તે બાબતે કોઈ વિચારણા કરી છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ધારી અને બગસરા તાલુકામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે

: ૪૮૮૩ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારી-બગસરા તાલકામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પેન્ડીંગ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બગસરા તાલુકામાં કોઈ કેસ પેન્ડીંગ નથી. ધારી તાલુકામાં ૬ (છ) કેસ બાકી છે. |
| (૨) ટેનન્સી એકટની કલમ-૩૨ એમના સર્ટીફીકેટના કારણે કેટલા કેસો બાકી છે, | (૨) ટેનન્સી એકટની કલમ-૩૨ એમના સર્ટીફીકેટના કારણે ધારી તાલુકામાં ૧૦૮ કેસો બાકી છે. બગસરા તાલુકામાં ગણોત ધારો લાગુ પડતો નથી. જેથી પ્રશ્ન નથી. |
| (૩) બાકી પડતર કેસો કલમ-૩૨ જી ની કાર્યવાહી કરી મુદત વધારવા સરકાર વિચારે છે કે કેમ, અને | (૩) બાબત વિચારણા હેઠળ છે. |
| (૪) પડતર કેસો કેટલા સમયમાં નિકાલ કરવા માંગો છો? | (૪) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### આણંદ જિલ્લામાં ગ્રામ્યકક્ષાએ કોમ્પ્યુટરાઈઝડ ૭-૧૨-ની નકલો માટે આયોજન

૬૪૬૭ **શ્રી અમીતકુમાર ચાવડા** (બોરસદ) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ | તાલુકાવાર નીચે મુજબઃ- |

જિલ્લામાં તાલુકાવાર કુલ ગામો પેકી કેટલા ગામોમાં ગ્રામ્ય કક્ષાએ કોમ્પ્યુટરાઈઝડ ૭-૧૨-ની નકલો મળે છે,

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગામ | ૭/૧૨ની નકલ મળતી હોય તેવા ગામની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ ગ્રામ્ય | ૪૪ | ૧૧ |
| ૨ | ઉમરેઠ | ૩૭ | ૧૪ |
| ૩ | આંક્લાવ | ૩૨ | ૦૧ |
| ૪ | બોરસદ | ૬૫ | ૦૪ |
| ૫ | પેટલાદ | ૫૭ | ૧૫ |
| ૬ | સોજિત્રા | ૨૫ | ૦૨ |
| ૭ | ખંભાત | ૬૧ | ૦૬ |
| ૮ | તારાપુર | ૪૨ | ૦૦ |
| ૯ | આણંદ સીટી | ૦૧ | ૦૦ |
| | કુલ :- | ૩૬૪ | ૫૩ |

(૨) જે ગામોમાં આ સુવિધા નથી મળતી તેના કારણો શાં છે, અને

(૨) ગામે ઈન્ટરનેટની સવલત ઉપલબ્ધ ન હોવાથી

(૩) તે અન્વયે સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ જે ગામે કમ્પ્યુટર, પ્રિન્ટર, યુ.પી.એસ. તથા ઈન્ટરનેટની સવલત ઉપલબ્ધ કરાયેલ હોય તે ગામોએ, ગ્રામ્યકક્ષાએથી કમ્પ્યુટરાઈઝડ નકલો મળી શકે છે.

**કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક/વ્યાપારિક હેતુ માટે સરકારી પડતર જમીન ફાળવણી**

૬૩૨૧ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક કે વ્યાપારિક એકમોએ માગણી કરાયેલ સરકારી પડતર જમીન ફાળવવામાં વિલંબ થાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષોમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કે રાજ્યમાં ઉદ્યોગ વિભાગ દ્વારા ચકાસણી કરી થયેલ ભલામણો પેકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષોમાં કચ્છ જિલ્લામાં ક્યા ઓદ્યોગિક એકમો કે વ્યાપારી પેઢી કે વ્યક્તિઓને કેટલી જમીન કઈ કિંમતે ક્યારે ક્યારે ફાળવામાં આવી?

**જવાબ**

(૧) ના, જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કે રાજ્યમાં ઉદ્યોગ વિભાગ દ્વારા ચકાસણી કરી ૧૫૫-કેસમાં ભલામણ થયેલ, તે પેકી ૯૭-અરજીઓનો નિકાલ થયો,

(૩) સામેલ **પત્રક** મુજબ.

**પત્રક**

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | જમીનની કબ્જા કિંમત | મંજુરીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | રીખવ જગદીશ શાહ | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૨૩૫ | ૧૧,૩૩,૧૬૦ | તા. ૧૮-૪-૦૬ |
| ૨ | શ્રી ઓમેગા એન્ટરપ્રાઈઝ | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૨૩૫ | ૧૨,૧૪,૧૦૦ | તા. ૧૮-૪-૦૬ |
| ૩ | શ્રી અનમોલ એન્ટરપ્રાઈઝ | નાના કપાયા, તા. મુંદરા | ૧૧,૫૦૦ | ૧૧,૫૦,૦૦૦ | તા. ૧૮-૪-૦૬ |
| ૪ | શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૨૩૫ | ૧૨,૧૪,૧૦૦ | તા. ૧૮-૪-૦૬ |
| ૫ | શ્રી બાલાજી ઈન્ડસ્ટ્રીઝ | ધ્રબ, તા. મુંદરા | ૧૫,૭૪૪ | ૧૧,૦૨,૦૮૦ | તા. ૧૮-૪-૦૬ |
| ૬ | શ્રી શ્રીજી ઈન્ડસ્ટ્રીઝ | ધ્રબ, તા. મુંદરા | ૧૫,૯૬૦ | ૧૧,૧૭,૨૦૦ | તા. ૧૮-૪-૦૬ |
| ૭ | શ્રી ગજરા શામજી લક્ષ્મીદાસ | ધ્રબ, તા. મુંદરા | ૩,૫૦૦ | ૪,૯૦,૦૦૦ | તા. ૨૦-૪-૦૬ |
| ૮ | શ્રી રાજદીપ એન્ટરપ્રાઈઝ | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | તા. ૧૨-૫-૦૬ |
| ૯ | શ્રી ઓમકાર મીનરલ્સ | નાડાપા, તા. ભુજ | ૧૮,૨૧૧ | ૧,૮૨,૧૧૦ | તા. ૨૪-૫-૦૬ |
| ૧૦ | શ્રી સ્વાતી એનર્જી એન્ડ | મુંદરા, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા. ૩૦-૫-૦૬ |

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | જમીનની કબ્જા કિંમત | મંજુરીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | પ્રોજેક્ટ પ્રા.લી. | | | | |
| ૧૧ | શ્રી સુજ્યોતી ફ્રી ઈન્વેસ્ટ પ્રા. લી. | મુંદરા, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા. ૩૦-૫-૦૬ |
| ૧૨ | શ્રી બ્લુ સી એન્ટરપ્રાઈઝ | મુંદરા, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા. ૩૦-૫-૦૬ |
| ૧૩ | શ્રી અબ્બાસ મોહસીન હજુરી | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૨૩૫ | ૧૧,૩૩,૧૬૦ | તા. ૩૧-૫-૦૬ |
| ૧૪ | શ્રી રવિરાજ જીનીંગ પ્રેસીંગ એન્ડ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ | મુંદરા, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા. ૩૧-૫-૦૬ |
| ૧૫ | શ્રી આશાપુરા ઈન્ડસ્ટ્રીઝ | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૨૩૫ | ૧૧,૩૩,૧૬૦ | તા. ૩૧-૫-૦૬ |
| ૧૬ | શ્રી જયશ્રીબેન પ્રવિણ કાપડી | ધ્રબ, તા. મુંદરા | ૫,૪૦૦ | ૨,૭૦,૦૦૦ | તા. ૭-૬-૦૬ |
| ૧૭ | શ્રી જય અંબે એન્ટરપ્રાઈઝ | મુંદરા, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા. ૨૪-૫-૦૬ |
| ૧૮ | શ્રી ક્રિષ્ના બ્લોક ઈન્ડસ્ટ્રીઝ | શિણાય, તા. ગાંધીધામ | ૧૦,૧૩૭ | ૭,૫૮,૭૭૫ | તા. ૨૦-૭-૦૬ |
| ૧૯ | શ્રી  નીકી એન્ટરપ્રાઈઝ | ધ્રબ, તા. મુંદરા | ૪,૦૦૦ | ૩,૩૬,૦૦૦ | તા. ૨૭-૭-૦૬ |
| ૨૦ | શ્રી તેરાપંથ ફુડસ લી., | ભારાપર, ગાંધીધામ | ૨૦,૨૩૪ | ૧૩,૧૫,૨૧૦ | તા. ૧૬-૯-૦૬ |
| ૨૧ | શ્રી દિપવિજય એન્ટરપ્રાઈઝ, | ધ્રબ, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | તા. ૨૫-૯-૦૬ |
| ૨૨ | નાનજી ભીનજી મહેશ્વરી, | નાના કપાયા, મુંદરા | ૨,૫૦૦ | ૩,૦૦,૦૦૦ | તા.૧૧-૧૦-૦૬ |
| ૨૩ | શ્રી લખમણ કરમણ બતા, | ભુજ, તા. ભુજ | ૪,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | તા.૨૩-૧૧-૦૬ |
| ૨૪ | શ્રી નરેન્દ્રભાઈ ગોરીશંકર ગોર, | મથલ, તા. નખત્રાણા | ૪૫૦ | ૩૬,૦૦૦ | તા.૨૩-૦૧-૦૭ |
| ૨૫ | શ્રી હરિજન લાલજી ખેંગાર, | મથલ, તા નખત્રાણા | ૪૫૦ | ૩૬,૦૦૦ | તા.૦૨-૦૨-૦૭ |
| ૨૬ | શ્રી મહાવીર ધનજી આહિર, | ડગાળા, તા. ભુજ | ૨૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | તા.૧૧-૦૪-૦૭ |
| ૨૭ | અશોક મેઘજી ભુડીયા, | નારાણપર, તા. ભુજ | ૨,૦૦૦ | ૨,૩૦,૦૦૦ | તા.૧૫-૦૫-૦૭ |
| ૨૮ | શ્રી પ્રીન્સ એન્ટરપ્રાઈઝ, | મુંદરા તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા.૧૭-૦૫-૦૭ |
| ૨૯ | શોર્ય એન્ટરપ્રાઈઝ, | મુંદરા તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા.૧૭-૦૫-૦૭ |
| ૩૦ | શ્રી રૂષભ એન્ટરપ્રાઈઝ, | ધ્રબ તા. મુંદરા | ૧૯,૦૦૦ | ૧૧,૪૦,૦૦૦ | તા.૨૨-૦૫-૦૭ |
| ૩૧ | શ્રી તેજસ પ્રભુલાલ શેઠ, | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૩,૯૬,૦૦૦ | તા. ૫-૦૬-૦૭ |
| ૩૨ | શ્રી સુરેશકુમાર ધનજીભાઈ પુંજ, | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૩,૯૬,૦૦૦ | તા. ૫-૦૬-૦૭ |
| ૩૩ | શ્રી અક્ષય એશોસીયેટસ, | ધ્રબ તા. મુંદરા | ૧૯,૦૦૦ | ૧૧,૪૦,૦૦૦ | તા.૧૫-૦૬-૦૭ |
| ૩૪ | શ્રી આદિનાથ એસોસીએટસ, | ધ્રબ તા. મુંદરા | ૧૯,૦૦૦ | ૧૧,૪૦,૦૦૦ | તા.૧૫-૦૬-૦૭ |
| ૩૫ | શ્રી સીલ્વર ઈન્ડસ્ટ્રીઝ, | ધ્રબ તા. મુંદરા | ૧૯,૦૦૦ | ૧૩,૪૦,૬૪૦ | તા.૧૫-૦૬-૦૭ |
| ૩૬ | શ્રી કચ્છ જીનીંગ એન્ડ સ્પીનીંગ પ્રા. લી., | લાખોદ, ભુજ | ૧,૫૭૮.૫૦ | ૧,૮૯,૩૫૩ | તા.૧૫-૦૬-૦૭ |
| ૩૭ | શ્રી અબ્દુલરહીમ કરીમમામદ, | નાના કપાયા તા. મુંદરા | ૮,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | તા.૬-૦૭-૦૭ |
| ૩૮ | શ્રી સોની હરીકાંત નાનાલાલ, | નાના કપાયા તા. મુંદરા | ૮,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | તા.૬-૦૭-૦૭ |
| ૩૯ | શ્રી જૈન એન્ટરપ્રાઈઝ, | કિડાણા, તા. ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા.૬-૦૭-૦૭ |
| ૪૦ | શ્રી વરૂણ એન્ટરપ્રાઈઝ, | કિડાણા, તા. ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા.૬-૦૭-૦૭ |
| ૪૧ | શ્રી સંઘવી ઈન્ડસ્ટ્રીઝ, | કિડાણા, તા. ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા.૬-૦૭-૦૭ |
| ૪૨ | શ્રી યશ એન્ટરપ્રાઈઝ, | કિડાણા, તા. ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા.૬-૦૭-૦૭ |

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | જમીનની કબ્જા કિંમત | મંજુરીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪૩ | શ્રી એમ. વી. ઈમ્પેક્ષ, | ધ્રબ તા. મુંદરા | ૧૯,૦૦૦ | ૧૩,૪૦,૬૪૦ | તા.૧૦-૦૭-૦૭ |
| ૪૪ | શ્રી હરશ્યામસિંહ આર. પરમાર, | નાના કપાયા તા. મુંદરા | ૮,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | તા.૩૦-૦૭-૦૭ |
| ૪૫ | શ્રીમતિ હની અશોક દરયાની, | નાના કપાયા તા. મુંદરા | ૮,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | તા.૩૦-૦૭-૦૭ |
| ૪૬ | શ્રી લીલીઝ લોજીસ્ટીક્સ, | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૩,૯૬,૦૦૦ | તા.૩૧-૦૮-૦૭ |
| ૪૭ | શ્રી લક્ષ્મણભાઈ તેજાભાઈ આહિર, | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૩,૯૬,૦૦૦ | તા. ૧૨-૧૦-૦૭ |
| ૪૮ | શ્રી માન ઈન્ડટ્રીઝ (ઈન્ડીયા)લી. | ખેડાઈ, તા. અંજાર | ૨,૪૨૮ | ૩,૬૪,૦૦૦ | તા. ૧૨-૧૦-૦૭ |
| ૪૯ | શ્રી આંનદ દિપચંદ લોદરીયા, | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૩,૯૬,૦૦૦ | તા.૧૫-૧૦-૦૭ |
| ૫૦ | શ્રી યશ એન્ટરપ્રાઈઝના પ્રો. તુર્ક મામદ સુલતાન જુસબ, | ધ્રબ, તા. મુંદરા | ૧૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ | તા.૧-૨-૦૮ |
| ૫૧ | શ્રી રતિબેન શામજી કાનગડ | કિડાણા, ગાંધીધામ | ૩,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | તા. ૫-૨-૦૮ |
| ૫૨ | શ્રી જીંદાલ શો. લી., | નાના કપાયા, તા. મુંદરા | ૯,૭૧૨ | ૧૦,૮૭,૭૪૪ | તા.૨૯-૨-૦૮ |
| ૫૩ | શ્રી સહજાનંદ માઈનકેમના ભાગીદારો, | મોટા કપાયા, તા. મુંદરા | ૧૦,૬૦૦ | ૭,૫૨,૬૦૦ | તા. ૧૨-૩-૦૮ |
| ૫૪ | શ્રીમતિ પ્રિયા મનોજ અભિચંદાણી, | નાના કપાયા, તા. મુંદરા | ૮,૦૦૦ | ૬,૩૨,૦૦૦ | તા.૮-૪-૦૮ |
| ૫૫ | શ્રી જૈન લોજીસ્ટીક, | શીરાચા, તા. મુંદરા | ૧૫,૪૨૮ | ૭,૭૧,૪૦૦ | તા. ૨૩-૪-૦૮ |
| ૫૬ | શ્રી શાલીભદ્ર એસોશીએટસ, | શીરાચા, તા. મુંદરા | ૧૧,૫૦૦ | ૫,૭૫,૦૦૦ | તા. ૨૩-૪-૦૮ |
| ૫૭ | શ્રી સ્વામીનારાયણ મીનરલ્સ, એચબી- ૮૧૯-૩ | મોટા કપાયા, તા. મુંદરા | ૧૨,૫૪૦ | ૮,૯૦,૩૪૦ | તા. ૩-૫-૦૮ |
| ૫૮ | શ્રી ઝુલેલાલ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, | મોટા કપાયા, તા. મુંદરા | ૧૪,૬૪૦ | ૧૦,૩૯,૪૪૦ | તા. ૩-૫-૦૮ |
| ૫૯ | શ્રી મૈત્રી એન્ટરપ્રાઈઝ, | મુંદરા, તા. મુંદરા | ૨૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | તા. ૨૧-૫-૦૮ |
| ૬૦ | શ્રી કર્મભુમિ એન્ટરપ્રાઈઝ, | ધ્રબ, તા. મુંદરા | ૧૭,૫૦૦ | ૧૪,૭૦,૦૦૦ | તા.૭-૬-૦૮ |
| ૬૧ | શ્રી સમય એન્ટરપ્રાઈઝ, | ધ્રબ, તા. મુંદરા | ૧૭,૫૨૦ | ૧૪,૭૧,૬૮૦ | તા.૭-૬-૦૮ |
| ૬૨ | શ્રી હાઈવે રીટ્રેડર્સ, | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા. ૧૦-૬-૦૮ |
| ૬૩ | શ્રી પેરેડાઈઝ એન્ટરપ્રાઈઝ | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા. ૧૦-૬-૦૮ |
| ૬૪ | શ્રી ગુરૂકૃપા જીનીંગ કું., | કુકમા, તા. ભુજ | ૧૬,૦૦૦ | ૧૨,૮૦,૦૦૦ | તા. ૧૦-૬-૦૮ |
| ૬૫ | શ્રી શિવમ એન્ટરપ્રાઈઝ, | કુકમા, તા. ભુજ | ૨૦,૦૦૦ | ૧૪,૦૦,૦૦૦ | તા. ૧૦-૬-૦૮ |
| ૬૬ | શ્રી મે. ગાંગજી રામજી, | ધુણઈ, માંડવી | ૧૫,૦૦૦ | ૩,૯૦,૦૦૦ | તા. ૧૯-૬-૦૮ |
| ૬૭ | શ્રી પશુપતિનાથ સોલ્ટ એન્ડ | કિડાણા, ગાંધીધામ | ૧૮,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | તા. ૨૯-૭-૦૮ |
| ૬૮ | શ્રી યશ્વી એન્ટરપ્રાઈઝ, | વરસામેડી, તા. અંજાર | ૨૦,૨૩૪ | ૧૧,૩૩,૧૦૪ | તા.૨૩-૯-૦૮ |
| ૬૯ | શ્રી પ્રેમીલાબેન કિશોરસિંહ રાઠોડ | ધ્રબ, તા. મુંદરા | ૧૬,૧૮૮ | ૩૬,૪૨,૩૦૦ | તા. ૨૯-૯-૦૮ |
**ઉદ્યોગો માટે ફાળવેલ સરકારી/ગોચરની જમીન**

૪૮૪૨ **શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જુદા જુદા ઉદ્યોગોને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સરકારી જમીન અને કેટલી ગોચરની જમીનો ઓદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી ?

**જવાબ**

સરકારી જમીન હે. ૭૮૨૪-૮૫-૬૮ ચો.મી.
ગોચર જમીન હે. ૯૦૪-૭૨-૫૫ ચો.મી.
ઓદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી.

-------------

**આણંદ જિલ્લાના ગામોને પાકા રસ્તાથી જોડવા અંગે**

**૧૬૭/page>** ૪૯૫૯ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષના તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતા કાચા રસ્તા પાકા બનાવવા તથા ગામથી ગામના પરા વિસ્તારને જોડતા કાચા રસ્તા પાકા બનાવવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) આણંદ જીલ્લામાં ગ્રામીણ કાચા રસ્તાઓને પાકા બનાવવા માટે તાલુકાવાર નીચે મુજબ રોડ બનાવવા માટે તા. ૩૧-૮-૦૮ સુધીમાં છેલ્લા ૨ વર્ષમાં અરજીઓ આવી.

| ક્રમ | તાલુકો | અરજી |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧ |
| ૨ | ઉમરેઠ | ૧૨ |
| ૩ | બોરસદ | ૬ |
| ૪ | આંક્લાવ | ૬ |
| ૫ | પેટલાદ | ૮ |
| ૬ | સોજીત્રા | ૩ |
| ૭ | ખંભાત | ૯ |
| ૮ | તારાપુર | ૩ |
| | **કુલ** | ૫૮ |

(૨) આવેલ અરજીઓના અનુસંધાનમાં કેટલા કાચા રસ્તા પાકા બનાવવાનું સરકાર ધ્વારા આયોજન કરી કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૩) અરજીઓ આપવા છતાં ઉક્ત સ્થિતિએ જે રસ્તાઓ કાચા છે તેને સરકાર પાકા રસ્તા બનાવવા માગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૨) કુલ ૫૮ આવેલ અરજીના અનુસંધાનમાં ૭૫ કાચા રસ્તા પાકા બનાવવાનું સરકાર ધ્વારા આયોજન કરી, ૬૧ કામ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) અને (૪) મંજુર કરેલ બાકીના ૧૪ કામો પુર્ણ કરવાનું આયોજન છે, બાકીના હાલ આયોજન નથી.

-------------

**અમદાવાદ જિલ્લાના કિસાન પથ યોજના હેઠળના રસ્તાઓ**

૫૮૬૨ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧-૦૯ સુધીમાં અમદાવાદ જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને

**જવાબ**

(૧) રૂા. ૫૦૦.૦૦ લાખની કિંમતના ૧૨ રસ્તાના કામો મંજુર કરવામાં આવ્યા.

(૨) આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે?

(૨) હાલમાં કામો પ્રગતિ હેઠળ છે. જે ટેન્ડરની નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવામાં આવશે.

**કન્યા કેળવણી નિધિમાંથી સહાય આપવાની જોગવાઇ**

૫૫૪૪ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કન્યા કેળવણી નિધિમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કેટલું ભંડોળ જમા થયેલ છે, અને | (૧) ૧૯,૯૬,૧૮,૩૮૨. |
| (૨) આ ભંડોળમાંથી ક્યા અભ્યાસક્રમો માટે કન્યાઓને સહાય આપવાની જોગવાઇ કરેલ છે ? | (૨) નિધિમાંથી વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે કન્યાઓને સહાય આપવા માટે નીચે મુજબની યોજનાઓ અમલમાં મુકી છે.<br>- ૩૦ આર્થિક પછાત તાલુકાની મેડીકલ/ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતી કન્યાઓને કોમ્પ્યુટર આપવું.<br>- સિવિલ સર્વિસીસની પરીક્ષા અંગેના અભ્યાસક્રમોમાં સ્પીપામાં એડમીશન લીધુ હોય તેવી કન્યાઓને રૂા. ૧૦,૦૦૦/-આર્થિક સહાય કરવી.<br>- ૩૦ આર્થિક પછાત તાલુકાની વ્યવસાયિક અભ્યાક્રમોમાં પ્રવેશ મેળવેલ હોય તેવી કન્યાઓને આર્થિક સહાય કરવી.<br>મેડીકલ/એન્જીનીયરીંગ, ફાર્મસી રૂા. ૨૦,૦૦૦/-<br>પીટીસી, સીપીએડ, એટીડી રૂા. ૧૦,૦૦૦/-<br>બીએડ, એમએડ, એમફીલ રૂા. ૫,૦૦૦/- |

-------------

**પાટણ જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા**

૫૮૬૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાબાર્ડ યોજના હેઠળ વર્ષ ૦૮-૦૯ માં તા. ૩૧-૧-૦૯ સુધીમાં પાટણ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી કિંમતના મંજૂર કર્યા, અને | (૧) ૪૬ કામોને રૂા. ૬૨૨૭.૭૬ લાખની રકમથી મંજૂરી મળેલ છે. |
| (૨) આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે? | (૨) જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવાનું આયોજન વિચારેલ છે. |

-------------

**તાપી જિલ્લાની વાલોડ વિજ્ઞાન કોલેજમાં વ્યાખ્યાતાની ખાલી જગ્યા**

૬૪૧૯ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાની વાલોડ વિજ્ઞાન કોલેજમાં કેટલા સમયથી વ્યાખ્યાતાની કેટલી જગ્યા ખાલી છે, અને | (૧) વ્યાખ્યાતાની ૦૨ જગ્યા ૨૦૦૩થી અને ૧ જગ્યા ૨૦૦૮થી, એમ કુલ -૩ જગ્યાઓ હાલમાં ખાલી છે. |
| (૨) એના કારણે શિક્ષણ ઉપર ઘેરી અસર થાય છે. આથી સરકાર આ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ? | (૨) હા જી, |

-------------

### કચ્છ જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે

૫૩૮૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) સોઇલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શું લાભ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ૧૫,૪૩૯ કાર્ડ આપવામાં આવ્યા.

(૨) સોઇલ હેલ્થ કાર્ડ વિના મુલ્યે ખેડૂતોને આપીએ તે તેને લાભ છે, અને સોઇલ હેલ્થકાર્ડના આધારે ખેતી કરવાથી બીજા ઘણા લાભ ખેડૂત પ્રાપ્ત કરી શકે છે.

-------------

### હળવદ અને મૂળી તાલુકામાં ખેડૂત ખાતેદારની નામફેર માટે અરજીઓ

૫૫૩૧ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં હળવદ અને મૂળી તાલુકામાંથી ખેડૂત ખાતેદારની નામફેરની કેટલી અરજીઓ આવી, | (૧) મૂળી - ૪૬૩૭<br>હળવદ - ૧૧૯૦૩ |
| (૨) કેટલી મંજૂર થઇ, | (૨) મૂળી - ૩૫૧૮<br>હળવદ - ૬૯૮૮ |
| (૩) કેટલી નામંજૂર થઇ, અને | (૩) મૂળી - ૬૧૯<br>હળવદ - ૫૭ |
| (૪) કાયદાકીય સમય મર્યાદા બાદ કેટલી અરજીનો નિકાલ થયો ? | (૪) મૂળી - ૧૫૮<br>હળવદ - ૧૦૮૨ |

-------------

### રાજકોટ જિલ્લામાં ઉર્જા સ્ત્રોત માટે જમીન

૬૪૯૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં બીન પરંપરાગત ઉર્જા સ્ત્રોત માટે વિન્ડ ફાર્મના હેતુ માટે તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જમીન ફાળવી, અને

(૨) આ જમીન ક્યારે ક્યારે ફાળવી ?

**જવાબ**

(૧) હે. ૪૨૪-૫૦-૦૦ ચો.મી. જમીન.

(૨) તા.૧૭-૬-૦૮ થી તા.૩૧-૧-૦૯ના સમય ગાળા દરમિયાન.

------------

### બનાસકાંઠા જિલ્લામાં સહકારી મંડળીને માન્યતા

૫૦૯૫ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ફળફળાદી તેમજ સહકારને સંલગ્ન કેટલી મંડળીઓને નવિન માન્યતા આપવામાં આવેલ છે,

(૨) આ વર્ષમાં કુલ કેટલી મંડળીઓએ માન્યતા પ્રાપ્તી માટે માંગણી કરવામાં આવેલ,

**જવાબ**

(૧)

| વર્ષ | ફળફળાદી મંડળીઓ | કુલ સહકારી મંડળીઓ |
| --- | --- | --- |
| સને ૨૦૦૭-૦૮ | ૧ | ૧૧૬ |
| સને ૨૦૦૮-૦૯ | ૧૦ | ૧૧૭ |

(૨)

| | |
| --- | --- |
| સને ૨૦૦૭-૦૮ | ૧૭૭ |

| | |
|---|---|
| સને ૨૦૦૮-૦૯ તા. ૩૧-૧૨-૦૮ સુધી | ૨૭૮ |

(૩) કેટલી મંડળીઓને માન્યતા આપવાની બાકી છે, અને

(૩) ૧૭૩

(૪) તેના શું કારણો છે ?

(૪) નીચે મુજબ કારણો છે.
૧. મંડળીઓની અરજીમાં વિગતો અધુરી હોવાથી/પુર્તતા માંગેલ હોવાથી
૨. ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની બેઠકમાં રજુ કરવાની બાકી હોવાથી.
૩. મંડળીઓની અરજી ચકાસણી હેઠળ હોવાથી.

------------

**જામનગર જિલ્લાના ધ્રાફ઼ ફુલઝર ડેમમાં ડુબમાં ગયેલ નંદાણા ગામનો બ્રિજ**

૪૭૩૧ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રાફ઼ ફુલઝર ડેમમાં ડૂબમાં ગયેલ રોડ અન્વયે નંદાણા ગામે બ્રિજ બનાવવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થવાનું છે, અને

(૩) કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રાફ઼ ફુલઝર ડેમમાં નંદાણા ગામે મા.મ. વિભાગનો કોઈ રસ્તો ડુબમાં જતો નથી. પરંતુ નંદાણા ગામે, નંદાણા ધ્રાફ઼ મુ.જી.મા. પર બે ખુટતા પુલના કામ મંજુર થયેલ છે.

(૨) ૧૮ માસ

(૩) રૂા. ૧૯૩.૭૭ લાખ

------------

**સાબરકાંઠા જિલ્લામાં સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મંજૂર કરવા અંગે**

૬૪૭૧ **શ્રી મહેન્દ્રસિહ વાઘેલા (મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સ્વનિર્ભર)ને વર્ગખંડ તેમજ મેદાનના જરૂરી ક્ષેત્રફળના અભાવે નામંજૂર કરવાના કેસો થયા,

(૨) તે પૈકી પાંચ સે.મી. નજીવા ક્ષેત્રફળના ફેરફારના કારણે કઈ-કઈ સંસ્થાઓની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી,

(૩) આ નિયમોનું રાજ્યના દરેક જિલ્લાઓમાં અમલીકરણ કરે છે, અને

(૪) પાંચ સે.મી.થી ઓછું ક્ષેત્રફળ ધરાવતી કેટલી સંસ્થાઓને શાળાના વર્ગોની માન્યતાઓ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બે માધ્યમિક શાળાઓ.

(૨) એક પણ નહિ.

(૩) હા.

(૪) એક પણ નહિ.

**ડભોઈ-ફેરકુવા રસ્તાને ચાર લેઈનવાળો કરવા અંગે**

૬૯૩૫ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ડભોઈથી ફેર કુવા રસ્તાને ટુ લેનની જગ્યાએ ફોર લેન કરવા માટે સરકારે નક્કી કર્યુ તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો કેટલી લંબાઈના રસ્તા માટે કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે,

(૩) કેટલા સમયમાં કાર્ય ચાલુ થશે, અને

(૪) આ કામ ક્યારે પૂરૂં થશે ?

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યા**

૪૯૩૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પ્રાથમિક શિક્ષકોની જગ્યાઓ એક માસથી ખાલી છે.

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૫ |
| ૨ | ઉમરેઠ | ૦૪ |
| ૩ | બોરસદ | ૦૫ |
| ૪ | આંકલાવ | ૦૫ |
| ૫ | પેટલાદ | ૦૪ |
| ૬ | સોજીત્રા | ૦૩ |
| ૭ | ખંભાત | ૦૭ |
| ૮ | તારાપુર | ૦૧ |
| | કુલ | ૩૪ |

(૨) ૦૭ જગ્યાઓ સંગીત વિષયના વિદ્યાસહાયકો માટે નામ. હાઈકોર્ટના આદેશ અન્વયે ખાલી છે ૦૨ જગ્યાઓ સી.પી.એડ. તથા ૦૧ જગ્યા પી.ટી.સી.ની ભરવાની પ્રક્રિયા ચાલુ છે. ૨૪ જગ્યાઓ આગામી ભરતીમાં ભરવામાં આવનાર છે.

------------

**વડોદરા જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા**

૫૮૬૬ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૦૮-૦૯માં તા.૩૧-૧-૦૯ સુધીમાં નાબાર્ડ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર ક્યાં,

(૨) આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૧૬૧ રસ્તાઓ, રૂા. ૯૪૯૦.૨૭ લાખના મંજુર ક્યાં.

(૨) ૧૬૧ રસ્તાઓ પેકી ૧૬ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે. ૧૧૧ કામો પ્રગતિ હેઠળ છે, ૩૪ કામ વિવિધ પ્રક્રિયા હેઠળ છે.

(૩) જેમ બને તેમ ઝડપથી.

------------

**દાહોદ જિલ્લામાં જોખમી અને ભયજનક પ્રાથમિક શાળાઓ**

૬૪૦૬ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના કેટલા મકાનો આવેલ છે,

(૨) તે પૈકીના ગરબાડા, લીમખેડા અને ધાનપુર તાલુકામાં ક્યા ક્યા ગામે આવા મકાનો આવેલ છે, અને

**જવાબ**

(૧) જોખમી અને ભયજનક મકાનો એકપણ નથી. પરંતુ ૯૨ શાળામાં ૧૪૯ ઓરડાઓ જર્જરીત છે.

(૨) ગરબાડા તાલુકામાં ૧૭, લીમખેડા તાલુકામાં ૧૮ અને ધાનપુર તાલુકામાં ૧૮ મળી કુલ ૫૩ ઓરડાઓ જર્જરીત છે. ગામવાર પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

**ગરબાડા, લીમખેડા અને ધાનપુર તાલુકામાં જોખમી ઓરડાઓની ગામવાર શાળાવાર વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકો | ગામનું નામ | પ્રાથમિક શાળાનું નામ | ઓરડાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગરબાડા | બોરીયાલા | બોરીયાલા | ૩ |
| ૨ | | ગરબાડા | તાલુકા કુમાર શાળા | ૨ |
| ૩ | | બોરીયાલા | બોરીયાલા બ્રાન્ચ | ૨ |
| ૪ | | પાંદડી મુખ્ય | પાંદડી મુખ્ય | ૧ |
| ૫ | | પટેલ ફ. પાંદડી | પટેલ ફ. પાંદડી | ૧ |
| ૬ | | કાકોલ ફ. વર્ગ | કાકોલ ફ. વર્ગ | ૨ |
| ૭ | | બારા ફ. નઢેલાવ | બારા ફ. નઢેલાવ | ૧ |
| ૮ | | વજેલાવ | વજેલાવ | ૧ |
| ૯ | | નેલસુર ઘાટી | નેલસુર ઘાટી | ૩ |
| ૧૦ | | માતવા | માતવા મુખ્ય | ૧ |
| **કુલ** | | | | **૧૭** |
| ૧ | લીમખેડા | ગુમણી (દુ) | ગુમણી (દુ) | ૧ |
| ૨ | | ચીલાકોટા | ચીલાકોટા | ૪ |
| ૩ | | જુનાગામ ચીલાકોટા | જુનાગામ ચીલાકોટા | ૧ |
| ૪ | | સીંગવડ | સીંગવડ | ૯ |
| ૫ | | ઢઢેલા | ઢઢેલા | ૧ |
| ૬ | | લુખાવાડા | લુખાવાડા | ૧ |
| ૭ | | હોળી ફ. લુખાવાડા | હોળી ફ. લુખાવાડા | ૧ |
| **કુલ** | | | | **૧૮** |
| ૧ | ધાનપુર | ધાનપુર | ધાનપુર તાલુકા શાળા | ૫ |
| ૨ | | પીપોદરા | પીપોદરા મુખ્ય | ૨ |
| ૩ | | આમલીમેનપુર | આમલીમેનપુર | ૩ |
| ૪ | | ભોરવા | ભોરવા મુખ્ય | ૨ |
| ૫ | | ઉમરીયા | ઉમરીયા | ૧ |
| ૮ | | ભીન્ડોલ | ભીન્ડોલ | ૧ |
| ૯ | | કોઠારીયા | કોઠારીયા | ૧ |
| ૧૦ | | ખોખબેડ | ખોખબેડ | ૧ |
| ૧૧ | | બોધડવા | બોઘડવા મુખ્ય | ૧ |
| ૧૨ | | ચોરબારીયા | ચોરબારીયા | ૧ |
| **કુલ** | | | | **૧૮** |

(૩) આવા જોખમી મકાનો માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

(૩) જર્જરીત ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી ચાલુ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળના રસ્તાઓ**

૫૮૭૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં

**જવાબ**

(૧) રૂા. ૫૦૦.૦૦ લાખની કિંમતના રસ્તાઓ મંજુર કર્યા.

અમદાવાદ જિલ્લા માટે કેટલી કિંમતના રસ્તા મંજૂર કર્યા, અને

(૨) આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે?

(૨) હાલમાં આ કામો પ્રગતિ હેઠળ છે. જે જેમ બને તેમ જલ્દી પુર્ણ કરવામાં આવશે.

------------

## કોલગી સમિતિએ જાહેર કરેલ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ

૪૮૦૪ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી)** : તા.૨૫-૩-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૩૫૭૬ (અગ્રતા-૬૭)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોલગી સમિતિએ જાહેર કરેલા ૩૦ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ કરવા કરેલ આયોજન મુજબ આ પછાત તાલુકાઓમાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલી શાળાઓમાં કેટલા કોમ્પ્યુટરો અને પ્રયોગશાળા અને લાયબ્રેરીની સુવિધા આપવામાં આવી, અને

(૨) અતિ પછાત એવા કેટલા તાલુકાઓમાં નવી શાળાઓ શરૂ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ આ સુવિધાઓ આપવામાં આવેલ નથી પરંતુ સને ૨૦૦૮-૦૯ના બજેટમાં કોલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિ પછાત તાલુકામાં માધ્યમિક શિક્ષણના વિકાસ માટે નીચે મુજબની સુવિધાઓ આપવાનું આયોજન છે.

| ક્રમ | શૈક્ષણિક સુવિધાની વિગત | અતિ પછાત તાલુકાની સંખ્યા | શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટરની સુવિધા | ૩૦ | ૬૨૦ |
| ૨ | પ્રયોગશાળા સુવિધા | ૨૫ | ૩૦૧ |
| ૩ | લાયબ્રેરી સુવિધા | ૨૩ | ૨૫૩ |

(૨) અતિ પછાત એવા ૧૬ તાલુકાઓમાં ૫૩ નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવાનું આયોજન છે.

------------

## બાલાસિનોર અને વિરપુર તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાના કામો

૪૭૫૪ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં વડાપ્રધાનશ્રીની ગ્રામ સડક યોજના અન્વયે કેટલા રસ્તાઓ મંજૂર થયા,

(૨) તે અન્વયે કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા, અને

(૩) બાકી રહેતા કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ૬ રસ્તા અને વિરપુર તાલુકામાં ૧૫ રસ્તા વડાપ્રધાનશ્રીની ગ્રામ સડક યોજના અન્વયે મંજૂર થયા છે.

(૨) ૧૩ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે.

(૩) બાકી રહેતા કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

------------

## જૂનાગઢ જિલ્લાના જામકા અને ઇટાળી રોડને ડામર સપાટી

૪૮૮૪ **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લા પંચાયત હસ્તકના જામકા-ઇટાળી રોડ ડામર સપાટીથી ક્યારે બનાવવામાં આવ્યો,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લા પંચાયત હસ્તકનો જામકા-ઇટાળી રોડ ડામર સપાટીથી વર્ષ ૨૦૦૧-૦૨માં બનાવવામાં આવ્યો.

(૨) આ રસ્તાને ફરીથી ડામર સપાટીનો બનાવવાની સમય મર્યાદા પૂરી થઇ ગયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ અંગેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૨) અને (૩) ખાસ મરામત હેઠળ મંજૂર થયેલ છે, જેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

------------

**જુનાગઢ જિલ્લાના બંદરો ઉપર બાંધવામાં આવેલ જેટી**

૬૯૬૯ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા)** : તા.૩૧-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૨(અગ્રતા-૭૨)ના અનુસંધાને **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં આવેલા બંદરો ઉપર આવેલ જેટી અન્વયે નવા બંદર (ઉના) અને સુત્રાપાડા ખાતે પૂર્ણ કક્ષાના મત્સ્ય બંદરના વિકાસ માટે મોડેલ સ્ટડીઝની કામગીરી સી.ડબલ્યુ.સી.આર.એસ. પુનાને ક્યારે સોંપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે આ તજજ્ઞ સંસ્થાએ રાજ્ય સરકારને તેનો રીપોર્ટ ક્યારે આપેલ છે ?

**જવાબ**

(૧) હા જી.
નવા બંદર (ઉના) :- તા.૧૫-૧૧-૨૦૦૬
સુત્રાપાડા :- તા.૧૫-૮-૨૦૦૬

(૨) નવા બંદર (ઉના) : તા.૨૪-૭-૨૦૦૮
સુત્રાપાડા :- બાકી છે.

------------

**પાટણ જિલ્લામાં જમીન ધોવાણની સહાય**

૬૦૩૫ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ**(સમી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન પાટણ જિલ્લાના સમી અને હારીજ તાલુકાના ખેડૂતોને તેમની જમીન ધોવાણની કેટલી સહાય આપવામાં આવી છે,

(૨) કેટલા ખેડૂતોને સહાય આપી છે, અને કેટલા ખેડૂતોને આપવાની બાકી છે ?

(૩) બાકી રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન પાટણ જિલ્લાના સમી તાલુકામાં રૂપિયા ૨૦૬.૭૪ લાખ અને હારીજ તાલુકામાં રૂપિયા ૬૦.૭૨ લાખની જમીન ધોવાણ સહાય આપવામાં આવી છે,

(૨) સમી તાલુકામાં ૧૧૭૦૭ ખેડૂતોને અને હારીજ તાલુકામાં ૫૦૭૬ ખેડૂતોને જમીન ધોવાણની સહાય આપવામાં આવી છે, કોઈ ખેડૂતને સહાય આપવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**હાલોલ તાલુકાની પ્રાથમિક શાળામાં શિક્ષકોનું મહેકમ**

૪૯૦૨ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ઉજેતી, ઢોલીમાર આંબાતલાવ, બેઠીયાપુરા, કુબેચીયા પ્રાથમિક શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓની સંખ્યા છે અને કેટલા ધોરણોની મંજૂરી મળેલ છે, અને

(૨) વિદ્યાર્થીઓની સંખ્યા અને ધોરણ પ્રમાણે પ્રાથમિક શિક્ષકોનું મહેકમ નકકી કરવામાં આવેલ છે કે કેમ અને કેટલા શિક્ષકોની ઘટ છે ?

**જવાબ**

(૧) **પત્રક-૧** મુજબ

(૨) હા, જી.
- ઉજેતીમાં એક જગ્યા ખાલી છે.
- ઢોલીમારમાં એક જગ્યા ખાલી છે.
- આંબાતલાવમાં એક પણ જગ્યા ખાલી નથી.
- બેઠીયાપુરામાં એક જગ્યા ખાલી છે.
- કુબેચીયામાં કોઇપણ જગ્યા ખાલી નથી.

પત્રક-૧

| ક્રમ | શાળાનું નામ | ધોરણ | | વિદ્યાર્થીઓની સંખ્યા (ધોરણવાર) | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | કુલ |
| ૧ | ઉજેતી | ૧ થી ૭ | ૩૫ | ૩૭ | ૩૬ | ૩૫ | ૨૫ | ૩૧ | ૩૩ | ૨૩૨ |
| ૨ | ઢોલીમાર | ૧ | ૨૩ | - | - | - | - | - | - | ૨૩ |
| ૩ | આંબાતલાવ | ૧ થી ૫ | ૨૦ | ૧૭ | ૧૫ | ૧૯ | ૧૬ | - | - | ૮૭ |
| ૪ | બેઠીયાપુરા | ૧ થી ૫ | ૧૪ | ૧૪ | ૨૬ | ૫ | ૧૮ | - | - | ૭૭ |
| ૫ | કુબેચીયા | ૧ થી ૨ | ૧૭ | ૨૩ | - | - | - | - | - | ૪૦ |

------------

**કઠલાલ તાલુકામાં વાત્રક નદી ઉપર પુલ બાંધવાનું કામ**

૫૧૭૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કઠલાલ તાલુકામાં અજમાવટ કોટ પાસે વાત્રક નદી ઉપર પુલ બાંધવાનું કામ ચાલુ છે તે કામ ક્યારે શરુ કરવામાં આવેલ, અને

(૨) તે કામ કેટલી મુદત સુધીમાં પુરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કઠલાલ તાલુકામાં અજમાવટ કોટ પાસે વાત્રક નદી પર પુલ બાંધવાનું કામ તા.૨૦-૫-૦૬એ શરૂ કરવામાં આવેલ છે.

(૨) તા.૧૯-૫-૦૯ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**વડોદરા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૫૧૬૬ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર કેટલા સોઈલ હેલ્થ કાર્ડ છેલ્લા ૨ વર્ષમાં આપવામાં આવ્યા, અને

(૨) ખેડૂતો આ કાર્ડનો ઉપયોગ કરે તે માટે તંત્ર ધ્વારા ક્યા ક્યા પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **સોઇલ હેલ્થ કાર્ડની સંખ્યા** |
|---|---|
| વડોદરા | ૧૨૧૧ |
| કરજણ | ૯૯૪ |
| પાદરા | ૧૧૫૯ |
| વાઘોડીયા | ૭૫૯ |
| સાવલી | ૧૩૨૫ |
| ડભોઇ | ૧૦૪૦ |
| સંખેડા | ૯૯૪ |
| સિનોર | ૫૨૦ |
| જેતપુર-પાવી | ૧૩૫૧ |
| ક્વાંટ | ૮૬૨ |
| નસવાડી | ૬૨૧ |
| છોટા ઉદેપુર | ૭૩૯ |
| **કુલ :-** | **૧૧૫૭૫** |

(૨) ખેડૂતો સોઇલ હેલ્થકાર્ડનો ઉપયોગ કરે તે માટે તંત્ર ધ્વારા નીચે મુજબના પગલાં લીધેલ છે.

- કૃષિ મહોત્સવ દરમિયાન સોઇલ હેલ્થકાર્ડ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.
- તાલુકા કક્ષાએ કૃષિ વૈજ્ઞાનિકો તથા કૃષિ ખાતાના અધિકારીઓની સંયુક્ત ટીમ નિયત સમયે ગ્રામ્ય કક્ષાએ મુલાકાત લઇ ખેડૂતોને

જમીન ફળદ્રુપતાની તેમજ સોઇલ હેલ્થકાર્ડ અંગે માર્ગદર્શન પૂરૂ પાડે છે.

- ખાતાના કૃષિ વિસ્તરણ તંત્ર મારફ્ત આ કાર્ડના ઉપયોગ હેતુસર પ્રચાર-પ્રસાર તથા વ્યક્તિગત માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે.
- ખાતાના તજજ્ઞો ધ્વારા ટી.વી. રેડીયો જેવા પ્રસાર માધ્યમો ધ્વારા ખેડૂતોને આ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.
- સોઇલ હેલ્થકાર્ડના વધુ કાર્યક્ષમ ઉપયોગ માટે **www.shc.gujarat.gov.in** વેબસાઇટ પર માહિતી મૂકવામાં આવેલ છે.

-----------
-

**મત્સ્યોદ્યોગ માટે તળાવોના ઈજારા આપવાની કાર્યવાહી**

૪૮૦૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ માટે વગર ટેન્ડરે તળાવોના ઈજારાઓ આપી લાખો રૂપીયાની ગેરરીતી થઈ છે તેવી કોના કોના તરફથી કેટલી રજૂઆતો રાજ્ય સરકારને ક્યારે ક્યારે મળી ? | (૧)<br>નીચે મુજબ રજૂઆતો મળેલ છે. | રજૂઆત મળ્યાની તારીખ |
| | (૧) બીપીએલ જનતા મહિલા વિવિધલક્ષી મત્સ્યોદ્યોગ મંડળ. **તા.૨૦-૭-૨૦૦૮.** | **૨૫-૭-૨૦૦૮** |
| | (૨) શ્રી કાલાવાડ આદિમ જુથ **તા.૨૧-૭-૨૦૦૮** | **તા.૨૯-૭-૨૦૦૮** |
| | (૩) શ્રી શક્તિસિંહ ગોહિલ માન. વિરોધપક્ષના નેતા<br>**તા.૨૫-૭-૨૦૦૮**<br>**તા.૧૭-૧૧-૨૦૦૮.** | <br>**તા.૬-૮-૨૦૦૮**<br>**તા.૧૮-૧૧-૨૦૦૮** |
| (૨) મળેલ ફરિયાદ અન્વયે રાજ્ય સરકાર ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨)<br>(૧) બીપીએલ જનતા મહિલા વિવિધલક્ષી મત્સ્યોદ્યોગ મંડળ. **તા.૨૦-૭-૦૮.** | બાબત સબજ્યુડીશ્યલ હોઇ કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |
| | (૨) શ્રી કાલાવાડ આદિમ જુથ **તા.૨૧-૭-૦૮** | બાબત સબજ્યુડીશ્યલ હોઇ કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |
| | (૩) શ્રી શક્તિસિંહ ગોહિલ માન. વિરોધપક્ષના નેતા **તા.૨૫-૭-૨૦૦૮** | સરકારશ્રી તરફથી કરવામાં આવેલી કાર્યવાહીની જાણ તા.૨૩-૧૦-૨૦૦૮ના પત્રથી કરવામાં આવેલ છે. |
| | **તા.૧૭-૧૧-૨૦૦૮.** | બાબત સબજ્યુડીશ્યલ હોઇ નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદાને આધિન કાર્યવાહી કરવામાં આવશે તેવી જાણ તા.૨૫-૧૧-૨૦૦૮ના પત્રથી કરવામાં આવી. |
| (૩) સરકારશ્રીના તા. ૨૫-૨-૨૦૦૪ ના પરીપત્રની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી વગર ટેન્ડરે આવા તળાવો ફાળવવામાં આવેલ તે માટે જવાબદાર અધિકારીઓ સામે સરકારે શા પગલાં લીધા ? | (૩) નિયમોની મર્યાદામાં કાર્યવાહી થયેલ હોય, જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |

------------

**રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગાંધીનગરની કચેરીમાં એક જ જગાએ કાર્યરત કર્મચારીઓ**

૬૯૫૬ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રજીસ્ટ્રાર, સહકારી મંડળી ગાંધીનગર ખાતે કેટલા અધિકારીઓ/કર્મચારીઓ છેલ્લા પાંચ વર્ષથી એક જ જગાએ ફરજ બજાવે છે, | (૧) ૮ (આઠ) કર્મચારીઓ |
| (૨) તેઓને બદલી અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો લાગુ પડે છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**રાજ્યમાં વિધવા બહેનોને પેન્શનની રકમમાં વધારો**

૪૯૫૦ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિધવા બહેનોને પેન્શન આપવા અંગેની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી, અને | (૧) રાજ્યમાં વિધવા બહેનોને આર્થિક સહાય આપવા અંગેની યોજના તા.૨૬-૬-૧૯૭૯થી શરૂ કરવામાં આવી, |
| (૨) આ યોજનામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલી વખત પેન્શનની રકમમાં વધારો કરવામાં આવ્યો, ક્યારે ક્યારે ? | (૨) આ યોજનામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૮ સુધીમાં આર્થિક સહાયમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી. |

------------

**ભરૂચ ખાતે મીઠા ઉદ્યોગની જમીનને લીઝ ઉપર આપવાની મુદતમાં વધારો**

૪૯૭૭ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલેકટર કચેરી ભરૂચ ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ જે મીઠા ઉદ્યોગોની જમીન લીઝ મુદ્દત પૂરી થઇ છે તેની મુદ્દત વધારી આપવા માટેની કેટલી માંગણીઓ કેટલા સમયથી પડતરમાં છે, | (૧) સને ૨૦૦૫ માં - ૪<br>સને ૨૦૦૬ માં - ૧૬<br>સને ૨૦૦૭ માં - શૂન્ય<br>સને ૨૦૦૮ માં - ૧૭<br><br>કુલ - ૩૭ |
| (૨) આવી લીઝ મીઠા ઉદ્યોગ માટે વધારી ન આપવા માટેના કારણો શા છે, | (૨) મ.વિ. ના તા. ૧૦-૧૦-૨૦૦૦ના ઠરાવ મુજબ ભાડા ઉપરાંત લોકલ ફંડ અને શેષની રકમ વસુલ લેવાની હોઇ આ પટ્ટેદારો એ ભરપાઇ કરેલી ન હોય તે ભરપાઇ કરવા જણાવેલ છે જેથી રીન્યુઅલ થયેલ નથી. |
| (૩) આવી જમીનની લીઝ મુદ્દત વધારી ન અપાતા મીઠા ઉદ્યોગોને થતા નુક્સાન માટે કોની જવાબદારી નક્કી કરવામાં આવી છે, અને | (૩) જમીનનો કબજો પટ્ટેધારકો પાસે છે જેથી કોઇ નુક્સાન થયેલ નથી જેથી જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન નથી. |
| (૪) તેમની સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મહુવા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડા**

૬૧૪૩ ડૉ. **કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં દરેક ગામ મુજબ પ્રાથમિક શાળાનાં કેટલા રૂમો મંજૂર થયેલા છે,

**જવાબ**

(૧) પત્રક ૧ મુજબ ૧૧૪ રૂમો.

**પત્રક-૧**

**મહુવા તાલુકામાં મંજૂર કરવામાં આવેલ રૂમોની ગામવાર/શાળાવાર વિગત પત્રક**

| ક્રમ | ગામનું નામ | પ્રાથમિક શાળાનું નામ | મંજૂર કરેલ રૂમો | પૂર્ણ કામો | ચાલુ કામો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ભાદ્રોડ | ભાદ્રોડ | ૧ | ૧ | ૦ |
| ૨ | ભાલીયાવાડી (જેસર) | ભાલીયાવાડી (જેસર) | ૧ | ૧ | ૦ |
| ૩ | ઉગલવાણ | ઉગલવાણ | ૧ | ૧ | ૦ |
| ૪ | વાધનગર | વાધનગર કન્યા શાળા | ૫ | ૦ | ૫ |
| ૫ | મહુવા | મહુવા શાળા નંબર : ૧૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૬ | મહુવા | મહુવા શાળા નંબર : ૧૩ | ૭ | ૭ | ૦ |
| ૭ | મહુવા | મહુવા શાળા નંબર : ૬ | ૫ | ૫ | ૦ |
| ૮ | મોટી વડાલ | મોટી વડાલ | ૩ | ૨ | ૧ |
| ૯ | નેપ | નેપ કન્યાશાળા | ૧ | ૦ | ૧ |
| ૧૦ | નેસડી ઢોરો | નેસડી ઢોરો | ૩ | ૦ | ૩ |
| ૧૧ | સાલોલી | સાલોલી | ૧ | ૦ | ૧ |
| ૧૨ | મોટી જાગધાર | મોટી જાગધાર | ૧૨ | ૦ | ૧૨ |
| ૧૩ | દેવળીયા | દેવળીયા | ૪ | ૦ | ૪ |
| ૧૪ | બેલમપર | બેલમપર | ૪ | ૪ | ૦ |
| ૧૫ | ભાટકડા | ભાટકડા | ૧ | ૧ | ૦ |
| ૧૬ | ગળથર | ગળથર | ૨ | ૨ | ૦ |
| ૧૭ | કરજાળા | કરજાળા | ૩ | ૩ | ૦ |
| ૧૮ | કરમદીયા | કરમદીયા | ૨ | ૨ | ૦ |
| ૧૯ | ખરેડ | ખરેડ | ૨ | ૨ | ૦ |
| ૨૦ | ખારી | ખારી | ૨ | ૨ | ૦ |
| ૨૧ | ખાડીયારનગર (નેસવડ) | ખાડીયારનગર (નેસવડ) | ૩ | ૩ | ૦ |
| ૨૨ | કોબાડીયા | કોબાડીયા | ૨ | ૨ | ૦ |
| ૨૩ | કોટીયા | કોટીયા | ૧ | ૧ | ૦ |
| ૨૪ | કોટામોઇ | કોટામોઇ | ૨ | ૨ | ૦ |
| ૨૫ | મારૂતીનગર (જેસર) | મારૂતીનગર (જેસર) | ૨ | ૨ | ૦ |
| ૨૬ | માતલપર | માતલપર | ૩ | ૩ | ૦ |
| ક્રમ | ગામનું નામ | પ્રાથમિક શાળાનું નામ | મંજૂર કરેલ રૂમો | પૂર્ણ કામો | ચાલુ કામો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૭ | માતલપર પરા | માતલપર પરા | ૨ | ૨ | ૦ |
| ૨૮ | મોટા માલપરા | મોટા માલપરા | ૧ | ૧ | ૦ |
| ૨૯ | નંદનવન | નંદનવન | ૨ | ૨ | ૦ |
| ૩૦ | નાની જાગધાર | નાની જાગધાર | ૧ | ૧ | ૦ |
| ૩૧ | નીકોલ | નીકોલ | ૧ | ૧ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | પઢીયારકા | પઢીયારકા | ૧ | ૧ | ૦ |
| ૩૩ | પ્લાન્ટેશન | પ્લાન્ટેશન | ૧ | ૧ | ૦ |
| ૩૪ | રામનગર (જેસર) | રામનગર (જેસર) | ૨ | ૨ | ૦ |
| ૩૫ | સરેરા | સરેરા | ૨ | ૨ | ૦ |
| ૩૬ | મોણપર કદવાડી | મોણપર કદવાડી | ૨ | ૨ | ૦ |
| ૩૭ | શેત્રાણા | શેત્રાણા | ૨ | ૨ | ૦ |
| ૩૮ | વાવડી | વાવડી | ૧ | ૧ | ૦ |
| ૩૯ | ભાટકડાકાદી | ભાટકડાકાદી | ૨ | ૦ | ૨ |
| ૪૦ | ગળથર બીડ વિસ્તાર | ગળથર બીડ વિસ્તાર | ૨ | ૦ | ૨ |
| ૪૧ | કળસાર તાડવાડી | કળસાર તાડવાડી | ૨ | ૦ | ૨ |
| ૪૨ | તાતણીયા વાડી વિસ્તાર | તાતણીયા વાડી વિસ્તાર | ૨ | ૦ | ૨ |
| ૪૩ | જાંબુડાધાર | જાંબુડાધાર | ૨ | ૦ | ૨ |
| ૪૪ | મેરપરા | મેરપરા | ૨ | ૦ | ૨ |
| ૪૫ | સેદરડા | સેદરડા | ૧ | ૦ | ૧ |
| | કુલ | | ૧૧૪ | ૭૪ | ૪૦ |

(૨) તે પેકી કેટલા ઓરડા પૂર્ણ થયા છે, અને — (૨) ૭૪.

(૩) કેટલા બાકી છે ? — (૩) ૪૦.

-------------

**રાજકોટ જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા**

૫૮૬૪ **શ્રી કાંતિભાઈ અમૃતિયા(મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ નાબાર્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં રાજકોટ જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને

(૨) આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે?

**જવાબ**

(૧) કુલ-૫૯ કામો - રૂા. ૨૫૮૯.૧૧ લાખના મંજૂર કર્યા.

(૨) જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**એકત્રિત ફંડમાં જમા થયેલ રકમના ખર્ચ અંગે**

૬૩૬૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના એકત્રિત ફંડમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેલીમીટી ફંડમાં કેન્દ્ર સરકાર દ્વારા જમા આવેલ રકમ વપરાઇ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેલીમીટી રીલીફ ફંડ અને એન. સી. સી. એફ. અન્વયે તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ વર્ષવાર કેટ કેટલી રકમ જમા કરવામાં આવી અને કેટ કેટલું ખર્ચ કરવા નાણાં વિભાગે કેટલી રકમ કોને કોને ફાળવી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | વર્ષ | જમા રકમ (રૂપિયા કરોડમાં) | ખર્ચ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૬-૨૦૦૭ | ૮૭૪.૮૫ | ૮૫૮.૬૨ |
| ૨ | ૨૦૦૭-૨૦૦૮ | ૬૪.૭૬ | ૨૯૩.૭૨ |
| ૩ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૭૭.૯૯ | ૧૬૩.૪૪ |

આમ, નાણાં વિભાગે કુલ રૂા. ૧૩૧૫.૭૮ ફાળવેલ હતા. તેમાંથી રૂા. ૧૨૧૭.૬૦ કરોડનો ખર્ચ

સીઆરએફમાંથી અને બાકી રહેતા ૯૮.૧૮ કરોડનો ખર્ચ રાજ્યના બજેટમાંથી કરેલ છે.

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સી. આર. એફમાં તથા નેશનલ કેલીમીટી ફંડ કે નેશનલ કેલીમીટી રીલીફ ફંડમાં કેટ કેટલી રકમ જમા સામે કેટલું ખર્ચ થયું ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ખેડા જિલ્લામાં માર્ગ સુધારણા માટે નાબાર્ડ તરફથી મળેલ રકમ**

૪૮૮૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાબાર્ડ તરફથી રાજ્ય સરકારને માર્ગ સુધારણા અન્વયે તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી, અને

(૨) તે અન્વયે ફાળવેલ રકમમાંથી ખેડા જિલ્લામાં તાલુકા દીઠ માર્ગ સુધારણા માટે કેટલી રકમ ફાળવી ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૫૧૨.૬૭ કરોડનું રીએમ્બર્સમેન્ટ ફાળવેલ છે.

(૨) તાલુકા દીઠ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ ખેડા જિલ્લામાં રૂા. ૧૬.૫૭ કરોડ ખર્ચ થયેલ છે.

-------------

**૧૮૦/page>ચોટીલા અને સાયલા તાલુકામાં માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળામાં શિક્ષકોની ઘટ**

૬૫૨૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે,

(૨) આ ઘટને પૂરી કરવા શું આયોજન કરાયું છે,

(૩) આ ઘટ ફાજલ શિક્ષકોથી સરકાર પૂરી કરવા માંગે છે કે કેમ, અને

(૪) બાકીની ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકો | માધ્યમિક | ઉચ્ચ માધ્યમિક | કુલ |
|---|---|---|---|
| ચોટીલા | ૦૫ | ૦૩ | ૦૮ |
| સાયલા | ૦૩ | ૦૧ | ૦૪ |
| કુલ | ૦૮ | ૦૪ | ૧૨ |

(૨) સાયલા તાલુકાની કુલ-૪ ખાલી જ્ગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

(૩) ના

(૪) જેમ બને તેમ જલ્દી

-------------

**રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર**

૬૩૩૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ગામડાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર ઘણું નીચું ગયું છે તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો શિક્ષણનું સ્તર સુધારવા સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) શિક્ષણનું સ્તર નીચું ગયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાના કામો**

૪૮૧૧**શ્રી જોધાજી ઠાકોર (વાગદોડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો બાકી છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબના કુલ-૫ રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા

| ક્રમ | તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાંતલપુર | ૧ |
| ૨ | સિધ્ધપુર | ૧ |
| ૩ | પાટણ | ૧ |
| ૪ | સમી | ૧ |
| ૫ | રાધનપુર | ૧ |
| | કુલ | ૫ |

(૨) બે રસ્તાના કામ પુર્ણ થયેલ છે.

(૩) ૩ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

-------------

**આંગણવાડી વર્કરને મળતું વેતન**

૫૧૩૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આંગણવાડી વર્કર તથા હેલ્પરોને કેટલું માનદ્‌વેતન આપવામાં આવે છે, અને

(૨) આ માનદ્‌વેતનમાં સરકાર દ્વારા કોઇ વધારો કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આંગણવાડી વર્કર તથા હેલ્પરોને નીચે મુજબ માસિક માનદ્ વેતન આપવામાં આવે છે.

| **અઃ-આંગણવાડી વર્કર** | | |
|---|---|---|
| **શૈક્ષણિક લાયકાત/અનુભવ** | **ભારત સરકાર તરફથી માનદ્ વેતન** | **રાજ્ય સરકાર તરફથી માનદ્ વેતન** |
| નોનમેટ્રીક | રૂા. ૧૪૩૮/- | ૫૦૦/- |
| નોનમેટ્રીક સાથે ૫ વર્ષનો અનુભવ | રૂા. ૧૪૬૯/- | ૫૦૦/- |
| નોનમેટ્રીક સાથે ૧૦ વર્ષનો અનુભવ | રૂા. ૧૫૦૦/- | ૫૦૦/- |
| મેટ્રીક | રૂા. ૧૫૦૦/- | ૫૦૦/- |
| મેટ્રીક સાથે ૫ વર્ષનો અનુભવ | રૂા. ૧૫૩૧/- | ૫૦૦/- |
| મેટ્રીક સાથે ૧૦ વર્ષનો અનુભવ | રૂા. ૧૫૬૩/- | ૫૦૦/- |
| **બઃ-હેલ્પર** | રૂા. ૭૫૦/- | ૨૫૦/- |

(૨) ના

-------------

**માનનીય મુખ્ય મંત્રીશ્રી તથા રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીના નિવાસ સ્થાનનો મરામત ખર્ચ**

૪૮૪૪ **શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માનનીય મુખ્ય મંત્રીશ્રીના નિવાસ સ્થાન અને માનનીય રાજ્ય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીના નિવાસ સ્થાન પાછળ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા

**જવાબ**

વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ (૩૧-૧૨-૨૦૦૮ સુધી) મરામત પ્રકારની કામગીરીમાં કુલ ખર્ચ રૂા. ૬,૭૩,૦૧૦/- થયેલ છે.

બે વર્ષમાં કેટલો મરામત ખર્ચ કરવામાં આવ્યો?

-------------

**આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ**

૪૯૬૦ **શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં વસ્તીના ધોરણને ધ્યાનમાં લઇ દરેક તાલુકામાં કેટલી પ્રાથમિક શાળા હોવી જરૂરી છે, અને તેની સામે કેટલી પ્રાથમિક શાળા કાર્યરત છે,

(૨) આણંદ અને ખેડા જિલ્લામાં વસ્તીને ધ્યાનમાં લઇ કેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા હોવી જરૂરી છે અને તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, અને

(૩) જ્યાં જ્યાં બન્ને જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક શાળાઓ વસ્તીના ધોરણે ઉપલબ્ધ ન હોય ત્યાં સરકાર શિક્ષણને ધ્યાનમાં લઇ શાળાની સગવડ આપવા માગે છે કે, કેમ અને

(૪) કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં વસ્તીના ધોરણે નહીં પરંતુ બાળકોની સંખ્યાને ધ્યાનમાં લઈ નિયમોનુસાર પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવે છે

ખેડા અને આણંદ જિલ્લામાં નીચે મુજબ પ્રાથમિક શાળાઓ કાર્યરત છે.

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૧૮૧૬ |
| ૨ | આણંદ | ૧૨૭૭ |

(૨) શિક્ષણ વિભાગના તા.૩૦-૬-૯૯ના ઠરાવની જોગવાઈ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળા શરૂ કરવા અંતરના ધોરણો લાગુ પડે છે.વસ્તીના ધોરણો લાગુ પડતા નથી.

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળા | ઉ.મા.શાળા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૩૪૯ | ૧૦૮ |
| ૨ | આણંદ | ૨૬૪ | ૧૨૦ |

(૩) બાળકોની સંખ્યાને ધ્યાનમાં લઈ જરૂરિયાત મુજબ પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. માધ્યમિક શાળાઓ માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મહેસાણા જિલ્લાના કિશાનપથ યોજના હેઠળના રસ્તાઓ**

૫૮૫૪ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિશાનપથ યોજના હેઠળ વર્ષ ૦૮-૦૯ ના આયોજનમાં મહેસાણા જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી કિંમતના મંજૂર કર્યા,

(૨) આ કામગીરી તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) કિશાનપથ યોજના હેઠળ વર્ષ ૦૮-૦૯ ના આયોજનમાં મહેસાણા જિલ્લા માટે ૯ રસ્તાઓ રૂા.૭૫૧ લાખની કિંમતના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજુર કરવામાં આવેલ ૯ કામો પેકી ૨ કામો પુર્ણ, ૭ કામો પ્રગતિમાં છે.

(૩) જેમ બને તેમ ઝડપથી કામો પુર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લાના તળાવો ઉંડા કરવા અંગે**

૫૬૧૧ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ સુધીમાં ક્યા ક્યા ગામોના કેટલા તળાવો ઉંડા કરવાનું કામ થયું,

(૨) કેટલા તળાવો ઉંડા કરવાનું કામ બાકી રહ્યું

**જવાબ**

(૧) * **પરિશિષ્ટ મુજબનાં ૨૦૪ ગામોનાં ૨૦૪ તળાવો.**

(૨) ૬૯ તળાવો.

અને

(૩) તળાવો ઉંડા કરવાનો કેટલો ખર્ચ થયો ?

(૩) રૂા.૯૭૮.૫૦ લાખ

* (પરિશિષ્ટ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં રસ્તાઓની દરખાસ્ત**

૬૭૦૬ **શ્રી મહેન્દ્રસિહ વાઘેલા (મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં પંચાયત અને રાજ્ય હસ્તક્ના કેટલા રસ્તાઓની દરખાસ્ત તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકો | દરખાસ્તની સંખ્યા | | |
|---|---|---|---|
| | પંચાયત | રાજ્ય | કુલ |
| માલપુર | ૧૫ | ૧૪ | ૨૯ |
| મેઘરજ | ૧૮ | ૩૪ | ૫૨ |
| ધનસુરા | ૨૨ | ૨૧ | ૪૩ |
| બાયડ | ૪૪ | ૪૦ | ૮૪ |

(૨) આ પેકીના કેટલા રસ્તાઓને નવિનીકરણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જોબ નંબર આપ્યા,

(૨) આ પેકીના ૭ રસ્તાઓને નવીનીકરણ (રીન્યુઅલ) માટે છેલ્લા એક વર્ષમાં ખાસ મરામત સદરે જોબનંબર આપ્યા.

(૩) તાલુકાવાર માર્ગો નવિનીકરણની દરખાસ્ત અન્વયે પ્રક્રિયા ક્યા તબક્કે છે, અને

(૩)

| તાલુકો | મંજુર કામોની સ્થિતિ | |
|---|---|---|
| | પ્રગતિ | ટેન્ડરની પ્રક્રિયામાં |
| માલપુર | ૧ | ૦ |
| મેઘરજ | ૨ | ૦ |
| ધનસુરા | ૧ | ૦ |
| બાયડ | ૨ | ૧ |

(૪) માર્ગો નવિનીકરણની દરખાસ્તો પૂર્ણ કરવાની સમય મર્યાદા શું છે ?

(૪) મંજુર થયેલ કામો જેમ બને તેમ ઝડપથી પુર્ણ કરવાનું આયોજન છે.

-----------

**દાહોદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ થયેલ કામગીરી**

૬૪૦૭ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ કઈ કઈ કામગીરી કરવામાં આવેલ,

**જવાબ**

(૧) માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર ધ્વારા નિયત થયેલ નાણાંકિય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે, અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ ભારત સરકાર ધ્વારા મંજૂર કરવામાં આવે છે અને તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો રાખવામાં આવે છે. આમ તાલુકાવાર હિસાબો નિભાવવામાં આવતા નથી. આથી સમગ્ર દાહોદ જિલ્લામાં સમાવેશ તમામ તાલુકાઓની મંજૂર થયેલ પ્રવૃતિ મુજબ થયેલ કામગીરીની એકત્રિત વિગતોનું **પત્રક-૧** સામેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કાર્યક્રમ હેઠળ કેટલી ગ્રાન્ટ દાહોદ જિલ્લાને મળી, કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨)

| વર્ષ | આગળના વર્ષની બચત રકમ | ફાળવેલ | | મળેલ વ્યાજ અને અન્ય આવક | કુલ |
|---|---|---|---|---|---|
| | | એસએસએ | એનપીઇજીઇએલ | | |
| ૨૦૦૭-૦૮ | ૨૧૪.૫૦ | ૧૩૧૩.૧૦ | ૬૩.૩૭ | ૧૦.૧૬ | ૧૬૦૧.૧૩ |
| ૨૦૦૮-૦૯ (૩૧.૧૨.૦૮) સુધી | ૧૦૯.૨૭ | ૯૦૦.૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦ | ૧૦૧૯.૨૭ |

સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લામાં

પ્રવૃતિવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | કુલ |
|---|---|---|---|
| | એસએસએ | એનપીઇજીઇએલ | રૂ.લાખમાં |
| ૨૦૦૭-૦૮ | ૧૪૨૫.૧૮ | ૬૬.૬૮ | ૧૪૯૧.૮૬ |
| ૨૦૦૮-૦૯ (૩૧.૧૨.૦૮) સુધી | ૯૨૨.૪૦ | ૬.૮૩ | ૯૨૯.૨૩ |

(૩) આ કાર્યક્રમમાં રાજ્ય સરકારનો કેટલો હિસ્સો છે ?

(૩) આ યોજનાના અમલ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો ૭૫:૨૫ ટકાનો ૧૦મી પંચવર્ષિય યોજના (તા.૩૧-૦૩-૦૭) સુધી હતો અને ત્યારબાદ ૧૧મી પંચવર્ષિય યોજનામાં (તા.૦૧-૦૪-૦૭) થી ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હીના તા.૨૫-૦૯-૦૭ ના પત્ર આધારે ભારત સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો નીચે મુજબ રહેશે.

| નાણાકીય વર્ષ | ભારત સરકારનો ફાળો (%) | રાજ્ય સરકારનો ફાળો (%) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૫ | ૩૫ |
| ૨૦૦૮-૦૯ | ૬૫ | ૩૫ |
| ૨૦૦૯-૧૦ | ૬૦ | ૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૫૫ | ૪૫ |
| ૨૦૧૧-૧૨ | ૫૦ | ૫૦ |

**પત્રક - ૧**

**દાહોદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ થયેલ કામગીરીની વિગત**

| ક્રમ | કામગીરી ઘટક | વર્ષ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| ૧ | જેન્ડર એજ્યુકેશન | ૨૦૦૭-૦૮ | ➢ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના નીચે ચાલતી નિવાસી શાળાઓની સંખ્યા : ૫<br>➢ ૪૦૨ શિક્ષકોને તાલીમ<br>➢ ૧૩ સમરકેમ્પના આયોજન<br>➢ ૨૮૧ શિશુ બાળ સંભાળ કેન્દ્રો (ઈસીસીઈ) ની સ્થાપના<br>➢ બાલિકાઓના શૈક્ષણિક વિકાસ અંગેના કાર્યક્રમો ૩૮૦ શાળાઓમાં હાથ ધરવામાં આવ્યા.<br>➢ ૨૮૫ લાયબ્રેરી કોર્નર (ક્ષિતિજ ભણી) ની સ્થાપના.<br>➢ ૪૫૦ શાળાઓમાં મીના કમ્પેઈન<br>➢ ૧૯૦ શાળાઓમાં વોકેશનલ તાલીમ<br>➢ ૯૫ શાળાઓમાં સ્ત્રી સશક્તિકરણના કેમ્પ કરવામાં આવ્યા.<br>➢ ૬૭૦૧ કોમ્યુનીટી મેમ્બર્સની એક્સપ્લોઝર વિઝિટ<br>➢ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની ૩૪૩ બાલિકાઓ માટે એક્સપ્લોજર વિઝિટનું આયોજન<br>➢ શિશુબાળ સંભાળ કેન્દ્ર (ઈસીસીઈ) ના ૨૮૧ સંચાલકોને તાલીમ. ૯૬૦૮૮ બાળાઓ તથા ૧૬૧૦ શાળાઓમાં ધોરણ-૨ થી ૫ ની બાલીકાઓનો લેખન ક્ષમતામાપન મૂલ્યાંક્ન<br>➢ ૯૫ કીશોરી મેળા અને ૭૯૮૦ બાળાઓએ ભાગ લીધો.<br>➢ ૨૮૧ ઈસીસીઈ વર્કર તથા ૫૭૧૭ ઈસીસીઈ સેન્ટરના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ<br>➢ ૯૫૪૯ શાળામાં ભણતી બાળાઓનો શૈક્ષણિક પ્રવાસ |
| | | ૨૦૦૮-૦૯ | ➢ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના નીચે ચાલતી નિવાસી શાળાઓની સંખ્યા : ૫<br>➢ ૧૯૦૦ શિક્ષકોને તાલીમ |

| ક્રમ | કામગીરી ઘટક | વર્ષ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| | | | ➢ ૧૭ સમરકેમ્પના આયોજન<br>➢ ૧૮૦ શિશુ બાળ સંભાળ કેન્દ્રો (ઈસીસીઈ) ની સ્થાપના<br>➢ બાલિકાઓના શૈક્ષણિક વિકાસ અંગેના કાર્યક્રમો ૯૫૦ શાળાઓમાં હાથ ધરવામાં આવ્યા.<br>➢ ૪૭૫ લાયબ્રેરી કોર્નર (ક્ષિતિજ ભણી) ની સ્થાપના.<br>➢ ૯૭૦ શાળાઓમાં મીના કમ્પેઈન<br>➢ ૨૮૫ શાળાઓમાં વોકેશનલ તાલીમ<br>➢ ૬ શાળાઓમાં સ્ત્રી સશક્તિકરણના કેમ્પ કરવામાં આવ્યા.<br>➢ ૪૫૬૪ કોમ્યુનીટી મેમ્બર્સની એક્સપ્લોજર વિઝિટ<br>➢ ૩૧૭ મેમ્બર્સને કોમ્યુનીટી મોબીલાઈઝેશન ટ્રેનીંગ<br>➢ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની ૩૨૨ બાલિકાઓ માટે એક્સપ્લોજર વિઝિટનું આયોજન<br>➢ શિશુબાળ સંભાળ કેન્દ્ર (ઈસીસીઈ) ના ૧૮૦ સંચાલકોને તાલીમ. |
| ૨ | વૈકલ્પિક શિક્ષણ | ૨૦૦૭-૦૮ | ➢ ૨૯૭ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રોમાં ૫૯૯૧ શાળા બહાર ના બાળકોને આવરી લેવામાં આવ્યા જેમા ૨૯૯૮ કન્યા અને ૨૯૯૩ કુમારનો સમાવેશ.<br>➢ ૩ એજ્યુકેશન કેમ્પમાં ૧૨ કન્યા ૯ કુમારો મળીને ૨૧ બાળકો આવરી લેવામાં આવ્યા.<br>➢ ઝાલોદ તાલુકામાં ૧૩ માઈગ્રેશન કાર્ડ આપવામાં આવ્યા.<br>➢ બ્રિજકોર્ષ નીચે ૩૦૬ કેન્દ્રોમાં ૩૨૧૧ કુમાર અને ૨૮૫૫ કન્યાઓ મળીને કુલ ૬૦૬૬ બાળકો આવરી લેવામાં આવ્યા.<br>➢ ૯૫૧ આઉટ ઓફ સ્કુલ બાળકોને નિયમિત શાળાઓમાં મેઈન સ્ટ્રીમ કર્યા જેમા ૫૨૧ કુમાર અને ૪૩૦ કન્યાઓનો સમાવેશ થાય છે.<br>➢ ૬ થી ૮ વર્ષના ૪૮૪ બાળકોને ધોરણ-૧ માં પ્રવેશ અપાવ્યો જેમાં ૨૯૨ કુમાર અને ૨૫૫ કન્યાઓનો સમાવેશ થાય છે.<br>➢ ૨૬૦ બાળકોને પુનઃ પ્રવેશ અપાવ્યો જેમાં ૧૪૩ કુમારો અને ૧૧૭ કન્યાઓનો સમાવેશ થાય છે. |
| ૨ | વૈકલ્પિક શિક્ષણ | ૨૦૦૮-૦૯ | ➢ ૨૧૭ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રોમાં ૪૩૬૯ શાળા બહાર ના બાળકોને આવરી લેવામાં આવ્યા જેમાં ૨૧૮૨ કન્યા અને ૨૧૮૭ કુમારનો સમાવેશ.<br>➢ પ્રાથમિક શાળાના ઉપલા ધોરણમાં અભ્યાસ કરતા બાળકો માટે ૧૨ લર્નિગ સેન્ટરની સ્થાપના જેમા ૭૪ કુમાર અને ૫૬ કન્યાઓ મળીને કુલ ૧૩૦ બાળકો આવરી લીધા.<br>➢ ૪ કેન્દ્રોમાં રેસીડેન્સલ કેમ્પ જેમા ૯૦ કુમાર અને ૮૪ કન્યાઓ મળીને કુલ ૧૭૪ બાળકો આવરી લીધા.<br>➢ ૫૩૩ બાળકોને માઈગ્રેશન કાર્ડ આપવામાં આવ્યા.<br>➢ બ્રિજકો, નીચે ૧૯૪ કેન્દ્રોમાં ૨૦૯૬ કુમાર અને ૧૮૨૧ કન્યાઓ મળીને કુલ ૩૯૧૭ બાળકો આવરી લેવામાં આવ્યા.<br>➢ ૧૦૯૩ આઉટ ઓફ સ્કુલ બાળકોને નિયમિત શાળાઓમાં મેઈન સ્ટ્રીમ કર્યા જેમાં ૫૭૭ કુમાર અને ૫૧૬ કન્યાઓનો સમાવેશ થાય છે.<br>➢ ૬ થી ૮ વર્ષના ૪૨૭ બાળકોને ધોરણ-૧ માં પ્રવેશ અપાવ્યો જેમા ૨૩૮ કુમાર અને ૧૮૯ કન્યાઓનો સમાવેશ થાય છે.<br>➢ ૩૬૯ બાળકોને પુનઃ પ્રવેશ અપાવ્યો જેમા ૨૧૪ કુમારો અને ૧૫૫ કન્યાઓનો સમાવેશ થાય છે. |

| ક્રમ | ક્રામગીરી ઘટક | વર્ષ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| ૩ | ટીચર ટ્રેનિગ | ૨૦૦૭-૦૮ | ➢ ૮૦૬૦ શિક્ષકોને, ૧૫૬૫૫૦ માનવ દિવસની તાલીમો.<br>➢ એડપ્સ કાર્યક્રમ : જિલ્લાના ૭ તાલુકાની પ્રતિ તાલુકા ૨ શાળાઓમાં પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવ્યો. |
| | | ૨૦૦૮-૦૯ | ➢ ૮૪૭૪ શિક્ષકોને, ૧૧૦૨૯૪ માનવ દિવસની તાલીમો.<br>➢ એડપ્સ કાર્યક્રમ : જિલ્લાના ૭ તાલુકાની ક્લસ્ટર દીઠ ૨ શાળાઓમાં પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવ્યો.<br>➢ ઓગષ્ટ ૨૦૦૯ થી જિલ્લાની ૧ થી ૪ ધોરણની તમામ શાળાઓમાં ""ચાલો વાંચીએ"" કાર્યક્રમ અમલમાં મુક્વામાં આવ્યા. |
| ૪ | આઈ.ઈ.ડી. (વિક્લાંગ બાળકો માટે સંકલિત શિક્ષણ યોજના) | ૨૦૦૭-૦૮ | ➢ સપ્ટેમ્બર ૨૦૦૭ની સ્થિતિએ ૨૫૪૮ વિક્લાંગ બાળકોએ સર્વેમાં ભાગ લીધો.<br>➢ ૪૨૫ વિક્લાંગ બાળકો માટે રિસોર્સ રૂમની સગવડ<br>➢ ૭ બીઆરસી અને ૯૫ સીઆરસી કો-ઓર્ડિનેટર્સની તાલીમ<br>➢ વિક્લાંગ બાળકોએ ફલેગ ડે ઉજવણીમાં ભાગ લીધો.<br>➢ ૧૫૦ આઉટ ઓફ સ્કુલ વિક્લાંગ બાળકો માટે સમરકેમ્પ<br>➢ વિક્લાંગ બાળકોના વર્ગ શિક્ષકોની તાલીમ<br>➢ ૩૦ શિક્ષકોને ફાઉન્ડેશન કોર્ષની તાલીમ<br>➢ વિશ્વ વિક્લાંગ દિનની ઉજવણીમાં વિક્લાંગ બાળકોને સામેલ કરાયા<br>➢ ઓકટોબર ૦૭ વિક્લાંગ બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમો<br>➢ ૯૯૯ ઓ.એચ. અને ૩૨૫ એચ. આઈ. ખામી ધરાવતા વિક્લાંગ બાળકો માટે એસેસમેન્ટ કેમ્પનુ આયોજન<br>➢ ૮૨૭ એમ.આર ૧૧૫ વી. આઈ. અને ૨૨૭ એલ.વી. ખામી ધરાવતા વિક્લાંગ બાળકો માટે એસેસમેન્ટ કેમ્પનુ આયોજન |
| | | ૨૦૦૮-૦૯ | ➢ ૨૮૦ વિક્લાંગ બાળકો માટે સમરકેમ્પ<br>➢ ૯૨ બીઆરસી/સીઆરસી કો-ઓર્ડિનેટરને તાલીમ<br>➢ ૪૫૪ વિક્લાંગ બાળકો માટે રિસોર્સ રૂમની સગવડ<br>➢ ૯૦ શિક્ષકોને સ્પેશિયલ ઓલિમ્પિક શિક્ષક તાલીમ<br>➢ ૧૮૧ વિક્લાંગ બાળકોને સ્પેશિયલ ઓલિમ્પિક તાલીમ<br>➢ ૯૬૫ વિક્લાંગ બાળકોએ ફલેગ ડે ઉજવણીમાં ભાગ લીધો<br>➢ ૧૦૨૫ વિક્લાંગ બાળકોએ વિશ્વ વિક્લાંગ દિન ઉજવણીમાં ભાગ લીધો<br>➢ ૪૨૫ વિક્લાંગ બાળકોએ લૂઈ બ્રેઈલ-ડે ઉજવણીમાં ભાગ લીધો.<br>➢ વી.ઈ.સી. એમ.ટી.એ.પી.ટી.એ.ના ૬૭૧ સભ્યોની મીટીંગો.<br>➢ ૨૭૮ વિક્લાંગ બાળકો માટે દિવાળી કેમ્પ.<br>➢ ૫૩૭ વિક્લાંગ બાળકો માટે સર્ટિફિકેટ કેમ્પ<br>➢ ૨૫ શિક્ષકોને ફાઉન્ડેશન કોર્ષની તાલીમ<br>➢ ૧૯૭ વી.આઈ. બાળકોના કેમ્પ, ૧૯૯ એમ.આર. બાળકોના કેમ્પ, ૨૫૮ ઓ.એચ. બાળકોના કેમ્પ અને ૫૦ એચ.આઈ. બાળકોના કેમ્પનુ આયોજન<br>➢ ૨૧૦ વિક્લાંગ બાળકોને વોકેશનલ તાલીમ<br>➢ ૩૦ વિક્લાંગ બાળકોને રેસિડેન્સલ બ્રિજકોર્ષ |
| ૫ | એમ.આઈ.એસ. | ૨૦૦૭-૦૮ | ➢ બીઆરસી/સીઆરસી કો-ઓર્ડિનેટરની ડાયસ ની તાલીમ<br>➢ ૭ બીઆરસી કો-ઓર્ડિનેટરર્સ અને ૯૨ સીઆરસી કે-ઓર્ડિનેટરર્સ ને રિફ્રેશર કોમ્પ્યુટર તાલીમ<br>➢ શાળાઓના ૨૦ શિક્ષકોને કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ પ્રોગ્રામ નીચે ૧૦ દિવસની તાલીમ |

| ક્રમ | કામગીરી ઘટક | વર્ષ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ➢ બીઆરસી/સીઆરસી કો-ઓર્ડિનેટરની ડાયસ ની તાલીમ<br>➢ ૭ બીઆરસી કો-ઓર્ડિનેટરર્સ અને ૯૨ સીઆરસી કો-ઓર્ડિનેટરર્સ ને રિફ્રેશર કોમ્પ્યુટર તાલીમ<br>➢ શાળાઓના ૨૦ શિક્ષકોને કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ પ્રોગ્રામ નીચે ૧૦ દિવસની તાલીમ |
| ૬ | સિવિલ વર્ક્સ (બાંધકામની વિગત) | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| | વર્ગખંડો | ૪૫ | ૧૦૦ |
| | હેડ માસ્ટર વર્ગ | ૫૦ | ૦ |
| | કમ્પાઉન્ડ વોલ | ૧૧૨ | ૮૯ |
| | રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ | ૧૭ | ૧૦ |
| | શાળા મકાનોના મોટા મરામતના કામો | ૪૭ | ૦ |
| | બાળકો માટે રમત ગમતના સાધનો | ૨૭ | ૦ |

-----------

**પાટણ જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા**

૫૮૭૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ નાબાર્ડ યોજના હેઠળ વર્ષ ૦૮-૦૯ ના આયોજનમાં પાટણ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી કિંમતના મંજૂર કર્યા,

(૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) નાબાર્ડ યોજના હેઠળ વર્ષ ૦૮-૦૯ ના આયોજનમાં ૪૬ રસ્તાઓ રૂા.૬૨૨૭.૭૬ લાખની કિંમતના મંજુર કર્યા.

| | મંજુર રસ્તાની સંખ્યા | અંદાજી રકમ રૂા.લાખમાં | પ્રગતિ હેઠળ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
|---|---|---|---|---|
| રાજ્ય વિભાગ | ૧૨ | ૬૫૮.૪૫ | ૧૦ | ૨ |
| પંચાયત વિભાગ | ૩૪ | ૫૫૬૯.૩૧ | ૩૩ | ૧ |
| **કુલ** | ૪૬ | ૬૨૨૭.૭૬ | ૪૩ | ૩ |

(૩) જેમ બને તેમ ઝડપથી કામ પુર્ણ કરવામાં આવશે.

-----------

**નસવાડી તાલુકામાં સરકારી આર્ટસ-કોમર્સ કોલેજનું પોતાનું મકાન**

૪૮૦૫ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નસવાડી તાલુકામાં સરકારી આર્ટસ-કોમર્સ કોલેજનું મકાન તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ પ્રાથમિક શાળાના મકાનમાં કાર્યરત છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ કોલેજ માટે પોતાનું મકાન બનાવવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) કેટલા સમયમાં આ કોલેજને પોતાનું મકાન મળશે ?

**જવાબ**

(૧) હાજી

(૨) અને (૩) કોલેજના મકાન માટે જમીનની ફાળવણી થઈ ગયેલ છે. સત્વરે જરૂરી અંદાજપત્રીય જોગવાઈ કરીને બાંધકામ શરૂ કરવામાં આવશે.

-----------

**જૂનાગઢ જિલ્લાના બીલખા ગામે પશુ દવાખાના**

૪૮૮૬ **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના બીલખા ગામે કાર્યરત પશુદવાખાનું ક્યારથી બંધ કરી દેવામાં આવેલ છે, અને

(૨) આના કારણે પશુઓની સારવારમાં મુશ્કેલી પડતી હોઈ આ દવાખાનું પુનઃ કાર્યરત કરવાની સરકારની વિચારણા છે કે કેમ ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના બીલખા ગામે પશુદવાખાનું બંધ કરી દેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ**

૬૦૩૬ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ**(સમી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ કેટલા બનાવવામાં આવેલ છે,

(૨) કેટલી શાળાઓની માંગણીઓ આવેલ છે, અને

(૩) કેટલી શાળાઓમાં માંગણી પ્રમાણે ઓરડાઓનું મકાન પૂર્ણ કરેલ છે અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) ૧૬ (સોળ) ઓરડાઓ મંજૂર કરવામાં આવેલ છે, તે પૈકી ૩ (ત્રણ) ઓરડાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) ૧૧

(૩) બે શાળાની માંગણી પ્રમાણે ૩ (ત્રણ) ઓરડાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, જ્યારે બાકી રહેતી ૯ શાળાના ૧૩ (તેર) ઓરડાઓનું કામ હાલ પ્રગતિમાં છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૫૩૭૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતગર્ત તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) સોઈલ હેલ્થકાર્ડથી ખેડૂતોને શું લાભ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૧૫,૮૪૮ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) સોઈલ હેલ્થ કાર્ડ વિના મુલ્યે ખેડૂતોને આપીએ તે તેને લાભ છે, અને સોઈલ હેલ્થકાર્ડના આધારે ખેતી કરવાથી બીજા ઘણા લાભ ખેડૂત પ્રાપ્ત કરી શકે છે.

**માલસર, અશા નર્મદા નદી પર બ્રિજની કામગીરી**

૫૧૬૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૦૮ ની સ્થિતિએ વડોદરા જિલ્લાની માલસર નદી ભરૂચ જિલ્લાની અશા નર્મદા નદી પર બ્રિજ ક્યારે મંજૂર કરવામાં આવ્યા, | (૧) વડોદરા અને ભરૂચ જિલ્લાને જોડતા ડભોઈ-શિનોર-માલસર માર્ગ પર નર્મદા નદી પર ના બ્રિજના કામને વહિવટી મંજુરી મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ બ્રિજ માટે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બ્રિજની કામગીરી અંગે ખર્ચ કરવામાં આવ્યો છે કે નહી, અને | (૩) -સદર- |
| (૪) જો હા, તો કેટલો ખર્ચ કર્યો છે ? | (૪) -સદર- |

-----------

સચિવશ્રી: **જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪).....**

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરીમાં ઓછા પ્રશ્નો ચર્ચાવવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : વિષય શું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્નોત્તરી ઉપર જ છે. આજની પ્રશ્નોત્તરી માટેનો એક કલાકનો સમય હતો તેમાં આપણે માત્ર ૬ઠ્ઠા પ્રશ્ન સુધી જ પહોંચી શકયા છીએ. (અંતરાય) માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર ન ઉભો કરી શકાય એમ આપ નહીં કહી શકો.

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી, પહેલાં એમને સાંભળી તો લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મંત્રીશ્રી, આપ જવાબ આપજો કે કેવી રીતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગૃહની પરંપરા એવી રહી છે કે સામાન્ય રીતે, હું અસામાન્ય સ્થિતિની વાત નથી કરતો, પરંતુ સામાન્ય રીતે એક પ્રશ્નમાં આપણે ૫ થી ૬ મિનિટ આપીએ છીએ અને એ એટલા માટે કે વધારેમાં વધારે પ્રશ્નોનો ચર્ચામાં સમાવેશ થઈ શકે. મંત્રીશ્રીઓ પ્રશ્નોના મૃદાસર જવાબ આપે તો પ્રશ્ન ૫ થી ૬ મિનિટમાં પૂરો થઈ શકે, પરંતુ મોટે ભાગે મંત્રીશ્રીઓ એ જાણે પ્રવચન કરતા હોય માગણીઓ ઉપર એ રીતે એનો એટલો લાંબો જવાબ આપે છે અને મોટે ભાગે સરકારની નીતિઓથી માંડીને આખા રાજયનો અને આખા દેશો પ્રશ્ન છે એ રીતે માહિતી મૂકાય છે. હું આજની પ્રશ્નોત્તરીની માહિતી આપું કે..

**અધ્યક્ષશ્રી** : માહિતીની જરૂર નથી, પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે એ જ કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પોઈન્ટ ઓફ ઓર્ડરની જ માહિતી આપું છું. પ્રશ્નની વિગતોમાં જતો નથી. પ્રશ્ન નંબર ૧ અને પ્રશ્ન નંબર ૪ છે એ એગ્રીકલ્ચર સેકટરના એમ.ઓ.યુ.નો પ્રશ્ન હતો. એમાં મોટે ભાગે બન્ને એક પ્રકારના પ્રશ્ન હતા. બીજુ પ્રશ્ન નંબર ૩ અને ૫ એ પણ સોઈલ હેલ્થ કાર્ડ અંગેના એક જ પ્રકારના પ્રશ્નો હતા. એટલે આજની તારીખમાં આપણે ગણીએ તો ૩ પ્રશ્ન કરતાં આપણે આગળ વધી શકયા નથી. આ પ્રકારની માહિતી ૩ પ્રશ્નમાં આપી શકાય એટલી માહિતીમાં આજે આટલો લાંબો સમય લેવાયો છે. પહેલા પ્રશ્નની શરૂઆત થઈ હતી ત્યારે વચ્ચે પણ મેં ધ્યાન દોર્યુ હતું કે ૧૧ મિનિટ કરતાં વધારે સમય થયો છે અને એના પછી પણ વધારાની ૩ મિનિટ એ પ્રશ્નમાં આપી અને ૧૪ મિનિટ પહેલા પ્રશ્નમાં થઈ અને એના પછી સોઈલ હેલ્થ કાર્ડનો પ્રશ્ન આવ્યો એમાં પણ એટલો સમય લેવાય. તો વધારેમાં વધારે પ્રશ્નો ચર્ચાય અને વધારેમાં વધારે સભ્યોના પ્રશ્નો ચર્ચા ઉપર આવી શકે એટલા માટે આપે મંત્રીશ્રીઓનું ધ્યાન દોરવું જોઈએ કે મુદ્દાસર જવાબ આપે અને એના આધારે જે માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ કે રાજયપાલશ્રીના પ્રવચન ઉપરની ચર્ચાનો જવાબ આપતા હોય એ રીતે જવાબ ના આપે એવો આદેશ આપો એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી અર્જુનભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે તેમાં એમણે કહ્યું કે આજે ૬ જ પ્રશ્નો ચર્ચાયા છે. તો એમની એ વાત સાથે હું સંમત છું કારણ કે હકીકત આપણી પાસે છે. પરંતુ પ્રશ્નોત્તરીમાં કેટલાક પ્રશ્નો પાંચ મિનિટથી આગળ ન ચલાવવા એવું મારું ધોરણ હોય છે અને એ નિયમ હંમેશાં હું પાળું છું. અહીંયાં પહેલા જે પ્રશ્નની માનનીય સભ્યશ્રીએ વાત કરી એની અંદર ૭ થી ૧૦ સભ્યોએ ભાગ લીધો હતો અને

એમાં બન્ને બાજુથી સરખા સભ્યશ્રીઓને ચર્ચામાં મેં ભાગ લેવા દીધો છે કારણ કે પ્રશ્ન સામાન્ય બાબત માટેનો હતો અને એ જ પ્રકારે ચોથા પ્રશ્નનું પણ એમણે વર્ગીકરણ કર્યુ અને એમાં પણ ૧૨ થી વધારે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. તો પ્રશ્નમાં પણ આપનો પૂરક પ્રશ્ન ટૂંકો અને પીન પોઈન્ટ હોવો જરૂરી છે, પરંતુ આપણી મોટી મુશ્કેલી એ છે કે સભ્યો મારફત ટૂંકા અને પીન પોઈન્ટ સવાલ પૂછાતા નથી અને પરિણામે માનનીય મંત્રીશ્રી એનો લાંબો જવાબ ના આપે તો સભ્યશ્રી એમ કહેતા હોય છે કે મારા પ્રશ્નનો જવાબ રહી ગયો છે એવી પરિસ્થિતિ પેદા થાય છે. એટલા માટે આવી પરિસ્થિતિ પેદા ના થાય એટલે માનનીય સભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે કે પ્રશ્ન ટૂકો હોય, પ્રશ્ન મૂળ પ્રશ્નમાંથી જ ઉભો થતો પૂરક પ્રશ્ન હોય અને મંત્રીશ્રી પણ આ રીતે પૂરક પ્રશ્નનો જયારે જવાબ આપે ત્યારે એટલા જ મુદ્દા ઉપર જવાબ આપે, પરંતુ આપનો પ્રશ્ન જ વિસ્તૃત માહિતી માંગતો પ્રશ્ન હોય તો પછી મંત્રીશ્રીએ જવાબ આપ્યો નથી એવી રીતની ભાવના ઉભી ન થાય એ જરૂરી છે. આપણે વધારે પ્રશ્નો ચર્ચવા છે. વધારે પ્રશ્નો ચર્ચવા માટે આપણે બે રીત અપનાવી છે. કે, આ ૧૨મી વિધાનસભામાં જે તે જિલ્લાના વધારે સભ્યો લાભ લઈ શકે એટલા માટે જિલ્લાના ધારાસભ્યો જિલ્લાના પ્રશ્નો હોય ત્યારે તેના ઉપર પ્રશ્ન પૂછે અને એ પ્રયોગ ખૂબ સરસ રહયો છે. હવે આપણે વધારે પ્રશ્નો તરફ જવું છે અને અગાઉ પણ ગયા છીએ અને આજના દિવસને બાદ કરતાં આપણે દસ થી બાર સુધી ગયા છીએ. અને ૧૨ થી પણ આગળ વધીને ૧૫ કે ૧૬ સુધી જવાનો મારો પ્રયત્ન રહે છે. પણ તે પ્રયત્નને સફળ બનાવવા માટે હું પ્રશ્ન કર્તા સભ્યોને વિનંતી કરું છું કે એમનો પ્રશ્ન પીન પોઈન્ટેડ હોય સમગ્ર રાજયની માહિતી માટેનો ન હોય અને પ્રાપ્ય પ્રસિધ્ધ સાહિત્ય જે અવેલેબલ છે એવા અવેલેબલ સાહિત્યને લગતા એટલે કે દા. ત. એક પ્રશ્ન આવે કે આ સોઈલ કાર્ડ થી ફાયદા શું થશે? આ પ્રશ્ન છે ને એ તમારી પાસે પ્રસિધ્ધ સાહિત્યની અંદર છે જ. એટલે પ્રસિધ્ધ સાહિત્યમાં હોય તેવો પ્રશ્ન અમે તારાંકિતમાં દાખલ નથી કરતા અને પૂરક પ્રશ્ન મારે દાખલ કરવો પડે છે. એટલે સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે પ્રસિધ્ધ સાહિત્યમા જે અવેલેબલ હોય, આ બાજુના પૂછે કે પેલી બાજુના પૂછે એ અગત્યનું નથી સભ્યની પ્રશ્ન પૂછવાની શૈલી, રીતિ એ જો ટૂંકી હોય અને પૂરક પ્રશ્ન એ મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો હોય તો તેમાં આ બાજુથી દા. ત. આવ્યું કે ર અને ૩ ની અંદર શું પરિસ્થિતિ હતી? હવે એ પ્રશ્ન ર અને ૩ ની માહિતી મંગાવે એ શકય નથી. એટલે દરેક પ્રશ્નનું વર્ગીકરણ કરીને તેનું મુલ્યાંકન હું નથી કરતો આપણે વધારે પ્રશ્નો તરફ જવું હોય તો આપણા પ્રશ્નો, પૂરક પ્રશ્નો ટૂંકા હોય એના જવાબ પણ ટૂંકા હોય, બધી માહિતી આપવાનો મંત્રીશ્રીએ આગ્રહ ન રાખવો જોઈએ કે બધી માહિતી હું આજે જ આપી દઉં જેટલો પ્રશ્ન છે એટલો જ જવાબ આપે તો મને લાગે છે કે પ્રશ્નો આપણે વધારે લઈ શકીશું અને તમારા જ પૂછાયેલા પ્રશ્નો અગાઉના પ્રશ્નોની અંદર આપણે આ પધ્ધતિ અપનાવેલી છે એટલે એ જ પધ્ધતિને આપણે વળગી રહીએ જો સભાગૃહના બધા સભ્યો અને મંત્રીશ્રી તે દિશા તરફ જશે તો. તો આજનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે તેનો હાર્દ સચવાશે.

# મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## કલાઈમેટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગ માટે નવા વિભાગની રચના બાબત

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાના વધી રહેલા પડકારો અને તેને પહોંચી વળવાની ક્ષમતાના સંદર્ભમાં હું, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ગુજરાત સરકારની એક વિશિષ્ઠ પહેલ અંગે વિધાનસભાના નિયમ-૪૪ હેઠળ આપશ્રીની અનુમતિ સાથે મહત્વનું નિવેદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેઈન્જનું નવું સંકટ વિશ્વ ઉપર ઘેરાયેલું છે. ગ્લોબલ વોર્મિંગની આપત્તિના ગંભીર અણસાર, આબોહવામાં થઈ રહેલા અકલ્પનિય ફેરફારોથી મળી રહયા છે.

પ્રાકૃતિક પ્રકોપ અને કુદરતી આફતોની વિપરીત અસરોનો ભોગ વિશ્વના વિકસીત અને સાધનસંપન્ન દેશો પણ બની રહ્યા છે. આર્થિક પ્રગતિ અને વિકાસ ઉપર પ્રતિકુળ અને અવરોધક અસરો વિશ્વમાં જોવા મળી છે. આ સંજોગોમાં, વિકાસને વરેલા અને વિકાસની ગતિને જાળવવા માટે પ્રતિબદ્ધ ગુજરાતને ઉદાસીન રહેવું પાલવે તેમ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનવંતા સભ્યોનું હું એ હકીકત તરફ ગંભીરપણે ધ્યાન દોરી રહ્યો છું કે આપણી ભારતીય સંસ્કૃતિની મહાન વિરાસતમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનું મૂળભૂત સમાધાન, આપણા ઋષિ-મૂનીઓએ દર્શાવેલું હતું.

જ્ઞાન- વિજ્ઞાનના પુરસ્કર્તા એવા, આપણા મહાન પૂર્વજોએ પર્યાવરણ અને વિકાસને આંતરવિરોધી ગણ્યા નથી. માનવજાતના શ્રેય માટે " પ્રકૃતિ સાથે સંઘર્ષ નહિ, સંવાદ" અને " પ્રકૃતિનું શોષણ નહિ દોહન"ની જીવનશૈલી આધારિત સમાજ વ્યવહારોને વણી લીધા છે. પ્રકૃતિ પ્રેમના આ ગુણ સંસ્કારથી, આપણે કલાઈમેટ ચેઈન્જની આફતો અને અસરોથી મુક્ત રહી શકીશું.ગુજરાત ઉપર પડનારી અસરો અને પ્રભાવને, આપણે વેળાસર પારખી લેવા પડે. આ પડકાર ઝીલી લેવા સાથે, કલાઈમેટ ચેઈન્જની આપત્તિને અવસરમાં પલટવાની, દીર્ઘકાલીન અને દૂરોગામી વ્યૂહરચના અમલમાં મૂકવી જ પડે.

ગુજરાતમાં વિશાળ દરિયાકાંઠો, રણવિસ્તાર અને ડુંગરાળ વનવાસી ક્ષેત્ર છે. આ પ્રાકૃતિક વૈવિધ્ય સાથે, વન્ય પ્રાણીસૃષ્ટિની વિરાસત પણ, વિવિધતા અને વિશિષ્ઠતા સભર છે.

ગુજરાતની આધુનિક વિકાસયાત્રા, ખૂબ ઝડપથી આપણે આગળ ધપાવવી છે. કલાઈમેટ ચેઈન્જની તીવ્ર અસરોને પ્રભાવિત થતી રોકવી છે. રાજયના સૂકા વિસ્તારો, રણપ્રદેશ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા જનસમૂદાયોની સુખાકારીની વિશેષ કાળજી લેવી છે. પશુ, પક્ષી અને વનસ્પતિ સૃષ્ટિ ઉપરની કલાઈમેટ ચેઈન્જની અસરોનું નિવારણ કરવું છે.

કલાઈમેટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા ગુજરાત સરકારે આગોતરા અનેક પગલાં લેવાની પહેલ કરી છે.

- વાયુ પ્રદૂષણ અટકાવવા સી.એન.જી.નો પરિવહન માટે ઉપયોગ કરવાનું નેટવર્ક વિકસાવ્યું છે.
- ગ્રેસગ્રીડની ૨૨૦૦ કિલોમીટરની પાઈપ લાઈનનું કામ પૂરવેગથી ચાલી રહ્યું છે. વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડના કારણે થતા પ્રદૂષણને નિયંત્રણમાં લેવાના આ પ્રોજેકટ છે.
- પાણી જન્ય રોગો, ક્ષાર-પ્રદૂષિત પીવાનું પાણી અને ફલોરાઈડવાળા દૂષિત પાણીની સમસ્યાથી જનતાને મૂકત કરી છે.
- નર્મદા અને સુજલામ સુફલામ યોજના સહિત જનભાગીદારીથી, ચેકડેમો દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરીને તથા ભૂગર્ભ પાણી રિચાર્જ કરીને જળવ્યવસ્થાપન કર્યુ છે.
- ખનીજ બળતણને આધારે રહેવાને બદલે, ગુજરાતે, અન્ય બિનપરંપરાગત સ્ત્રોતોમાંથી, ઊર્જા ઉત્પન્ન કરવાની શરૂઆત કરેલ છે.
- ગુજરાત કે જ્યાં સૂર્ય, વર્ષના ૩૦૦થી વધુ દિવસ પ્રકાશે છે તેનો લાભ, લઈ સૂર્ય ઊર્જામાંથી, પર્યાવરણીય રીતે સ્વચ્છ અને હરિત-ઊર્જા ઉત્પન્ન કરવા માટેની, સર્વને સાનુકૂળ નીતિ જાહેર કરી છે અને ગ્લોબલ વોર્મિંગના ગુણાંકમાં ઘટાડો કરવાની નેમ રાખી છે.
- બિન પરંપરાગત ઊર્જાના અન્ય સ્ત્રોતો જેવાં કે, પવન અને જૈવિક ઊર્જાથી, વીજળી ઉત્પન્ન કરવાની પ્રોત્સાહક નીતિ જાહેર કરી છે.
- સૂર્ય ઊર્જાને પ્રોત્સાહિત કરવા પાટનગર ગાંધીનગરને સૌર ઊર્જા નગરી બનાવવાનું સ્વપ્નું સેવ્યું છે.
- શુદ્ધ પીવાનું પાણી, શુદ્ધ હવા-પર્યાવરણ અને શુદ્ધ ખોરાકની, સર્વસમાવેશક અને સાર્વજનિક સુખાકારીની, સમગ્ર દેશમાં પ્રથમ એવી, સંકલિત વ્યૂહરચના અપનાવી છે.
- રાજયમાં "નિર્મળ ગુજરાત" અભિયાન અને "નિરોગી બાળ વર્ષ" ના સામાજિક આંદોલન પણ પર્યાવરણ અને સ્વાસ્થ્ય-રક્ષાના અભિગમને આવરી લે છે.
- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને પબ્લિક ટ્રાન્સપૉર્ટ સિસ્ટમમાં ગુણાત્મક પરિવર્તન લાવીને, કાર્બન ક્રેડિટ વધુમાં વધુ પ્રાપ્ત કરવા, રાજય સરકારે આખા દેશમાં પહેલ કરી છે. સમગ્ર દેશમાં કાર્બન ક્રેડિટ મેળવવામાં ગુજરાત પ્રથમ છે. આખા દેશમાં જેટલી કાર્બન ક્રેડિટ મેળવવામાં આવી છે તેમાં ૨૯ ટકા તો એકલા ગુજરાતે મેળવી છે.
- હવે અમારી સરકાર કાર્બન ક્રેડિટથી પણ એક કદમ આગળ વધવા માગે છે. એ છે, ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટ રાજયમાં જે નવા પ્રોજેકટ સ્થાપે તેણે વૃક્ષ આચ્છાદિત ભૂમિના વૈકલ્પિક રક્ષણની વ્યવસ્થા કરવાની રહેશે. ભારત સરકારે પણ ગુજરાતની ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.
    - ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટ માટે પણ ગુજરાત જ દેશને નવો રાહ બતાવશે.
- ગુજરાત પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર અને યુનિવર્સિટીઓ દ્વારા લોકશિક્ષણના નવા આયામો કલાઈમેટ ચેઈન્જ મેનેજમેન્ટ એજ્યુકેશન સૅન્ટર, કાર્યરત થયું છે.

સમગ્ર વિશ્વમાં કાર્બન ક્રેડિટનો કન્સેપ્ટ થયો છે અને કાર્બન ક્રેડિટના કન્સેપ્ટમાં આજે દુનિયાના કોઈ દેશમાં પર્યાવરણની બાબતમાં નૅગેટિવ કોઈનું કામ હોય તો એને દંડાત્મક રીતે દુનિયાના બીજા કોઈપણ દેશમાં સકારાત્મક કામ કરવું હોય તો રૂપિયે પૈસેથી કાર્બન ક્રેડિટ ખરીદવાની હોય છે. આપણે એક નવો કન્સેપ્ટ લાવ્યા છીએ કે કાર્બન ક્રેડિટ એ પાપ કર્યા પછી પાપ ધોવા માટેનો કાર્યક્રમ છે. ગ્રીન ક્રેડીટ તેણે ભવિષ્યમાં કોઈ કારખાનું કરવાનું હોય અને પર્યાવરણની દૃષ્ટિએ સમસ્યા થવાની સંભાવના હોય તો તેણે અત્યારથી જ ગ્રીન ક્રેડીટ માટે વૃક્ષોની પોતાની આખી બેંક તૈયાર કરવી જોઈએ અને એ સરકારમાં જમા કરે તેના આધારે તેને ક્રેડીટ મળે અને એ પછી નવા ઉદ્યોગો કરી શકે. આ નવા વિચારને ભારત સરકારે પણ પરવાનગી આપી છે. હું તેમનો આભાર માનું છું અને આ એક નવો કોન્સેપ્ટ કદાચ આખી દુનિયામાં, ગ્લોબલ વોર્મિંગમાં એક પૉઝિટીવ પ્રો-એકટીવ વિચારથી શરૂ થઈ રહ્યો છે. ગુજરાતમાં પર્યાવરણ, શિક્ષણ કેન્દ્ર અને યુનિવર્સિટીઓ દ્વારા લોકશિક્ષણના નવા આયામો માટે કલાઈમેટ ચેન્જ મેનેજમેન્ટ એજ્યુકેશન સૅન્ટર કાર્યરત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર કલાઈમેટ ચેન્જના પડકારનો સામનો કરવા પ્રો-એકટીવ ગવર્નન્સની પ્રતીતિ કરાવી રહી છે.

આ સરકારનો પ્રાથમિક એજન્ડા માનવ વિકાસ સૂચકાંક (હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્ષ)ને ઉંચે લઈ જવાનો છે અને એમાં કલાઈમેટ ચેન્જના પડકારો અને તે માટેની વિશેષ કાળજીપૂર્વકની વ્યુહરચના અપનાવવાની નેમ રાખી છે.

આ સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહ સમક્ષ કલાઈમેટ ચેન્જનો ગુજરાત સરકારમાં સ્વતંત્ર વિભાગ શરૂ કરવાના સૈદ્ધાંતિક નિર્ણયની જાહેરાત કરું છું.

મને જણાવતાં આનંદ થાય છે કે કલાઈમેટ ચેન્જ માટેનો અલગ સરકારી વિભાગ રચવાની આ પહેલ સમગ્ર ભારતમાં જ નહીં, એશિયામાં માત્ર ગુજરાત જ કરી રહ્યું છે.

આખી દુનિયામાં માત્ર છ જ દેશોમાં કલાઈમેટ ચેન્જના અલાયદા મંત્રાલયો છે. આમ વિશ્વમાં પણ, વિકસિત દેશો હોય કે વિકાસશીલ રાષ્ટ્રો હોય, કલાઈમેટ ચેન્જના વહીવટી માળખાની રચના હજુ પ્રાથમિક તબક્કામાં જ છે ત્યારે, ગુજરાત સરકારે કલાઈમેટ ચેન્જ માટે, અલગ વિભાગ રચવાનો કરેલો નિર્ણય એ ગુજરાતમાં ગ્લોબલ વોર્મીંગના સંકટ સામેની લડતમાં રાજય સરકારના પ્રો-એકટીવ ગુડ ગવર્નન્સની પ્રતીતિ કરાવશે એમ હું માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનો કલાઈમેટ ચેન્જનો અલગ વિભાગ રાજયમાં ગ્લોબલ વોર્મીંગના પડકારને ઝીલવા સરકાર અને સમાજ વચ્ચે સેતુરૂપ કાર્યવાહી કરશે.

- ગુજરાત રાજયની સર્વગ્રાહી કલાઈમેટ ચેન્જ સંબંધી નીતિ તૈયાર કરવી.
- સરકારના તમામ વિભાગો સાથે આ મુદ્દે સંકલન કરવું.
- ગુજરાત દેશનો સૌથી વિશાળ ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો ધરાવે છે. આ સમુદ્રકિનારે કલાઈમેટ ચેન્જની ભવિષ્યની અસરો વિશે વિસ્તૃત સંશોધન હાથ ધરાશે. દરિયાની સપાટીમાં વધઘટ, ખેતી ઉત્પાદકતામાં ફેરફારો, સાગરકાંઠાના જનસમુહોની સુખાકારી અને સુરક્ષા સામેના પડકારો અને દરિયાકાંઠે આંતરમાળખાકીય સુવિધાઓ તથા અસ્ક્યામતો ઉપર કલાઈમેટ ચેન્જની અસરો અંગે અભ્યાસ અને તેના નિવારણ અંગે માર્ગદર્શન અપાશે.
- કલાઈમેટ ચેન્જની આપત્તિને અવસરમાં પલટાવવાની વ્યૂહરચના ઘડાશે. ગ્રીન ટૅક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ અને તેમાં રોકાણ પ્રોત્સાહિત કરાશે. ગ્રીન ટૅક્નૉલૉજી નવું આર્થિક ચાલકબળ બને તે હેતુથી, નવી રોજગારીની તકોનું સર્જન કરવા માટે આ અલાયદો વિભાગ નોડલ એજન્સી બનશે.
- ગ્રીન ટૅક્નૉલૉજી માટેના સંશોધન અને વપરાશ ઉત્તેજન આપવા રિવોલ્વીંગ ફંડ ઉભું કરાશે.
- જળ, જમીન, વાયુના પર્યાવરણ સંવર્ધન માટેની વ્યૂહરચના પ્રેરિત કરશે.
- મહત્તમ કાર્બન ક્રેડિટ અર્જિત કરવાના આયામો હાથ ધરવા માર્ગદર્શન આપશે.
- કલાઈમેટ ચેન્જ અંગે શૈક્ષણિક હેતુસર વિવિધ પાઠયક્રમો તૈયાર કરાશે.
- વિશ્વવિદ્યાલયોમાં કલાઈમેટ ચેન્જ વિશે સંશોધન અને વિકાસ, વિવિધ અભ્યાસક્રમો અને અધ્યાપકોને પ્રશિક્ષિત કરવાનું આયોજન કરાશે.
- વિવિધ ઉદ્યોગો જેવા કે સિમેન્ટ આલ્કલીઝ, રાસાયણીક ખાતર, ટેક્ષટાઈલ્સ, કૅમિકલ્સ વગેરે ઉદ્યોગોમાં ગ્રીન હાઉસ ગેસ શમનની નવી ટૅક્નૉલૉજી માટેનું નિયમન અને નાણાકીય પ્રબંધ માટે આયોજન કરશે.
- લોકભાગીદારી અને લોકજાગૃતિનું ફલક સુનિશ્ચિત રીતે વિકસાવવા પ્રયત્નો કરાશે.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલન કરાશે. નેશનલ કલીન ડૅવલપમેન્ટ ઓથોરિટી, સંયુક્ત રાષ્ટ્રસંઘની સંલગ્ન સંસ્થાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સી સાથે સતત પરામર્શ કરાશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો, આજની પેઢી જ નહીં પરંતુ આવતીકાલની પેઢી માટે પણ મહત્ત્વના અને ગંભીર છે. ગુજરાત જ્યારે સમગ્ર વિશ્વમાં, માનવસુખાકારીના ક્ષેત્રોમાં પથદર્શક પહેલ કરી રહ્યું છે ત્યારે, કલાઈમેટ ચેન્જના પડકારો માટેની આ નવતર પહેલને, આપ સૌનું સમર્થન મળી રહેશે એવો મને પૂરો વિશ્વાસ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મુખ્યમંત્રીશ્રીને બે બાબત પૂછવી છે.

**અધ્યક્ષશ્રી** : એકાદ પ્રશ્ન કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિવેદન નથી વાંચતો. શબ્દોની સજાવટ અને વાસ્તવિકતા વચ્ચે અંતર છે. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીને બે બાબત પૂછવા માગું છું. એક, ગુજરાતમાં પર્યાવરણની જાળવણી માટે ગૌચરની જમીનો છે એ ખુલ્લી જ રહેતી, સિવાય કે, ગ્રામ પંચાયતના સરપંચની

મંજૂરી વગર ઉદ્યોગપતિઓને ન અપાતી. આ ફેરફાર થયો છે એના કારણે ઉદ્યોગપતિઓ સાથે એડજેસ્ટમેન્ટ કરીને ગુજરાતમાં છેલ્લા થોડા સમયમાં ગૌચરની પુષ્કળ જમીનો લઈ ગયા છે. આને આપણે બંધ કરવા માગીએ છીએ કે કેમ? અને સી.એન.જી.માં વચેટિયાઓ મલાઈ ખાય છે એટલે આ વચેટિયા પ્રથા બંધ કરીને સી.એન.જી. સસ્તો મળે, વેટ ઓછો કરીએ તો સી.એન.જી. સસ્તો મળે તો આ પ્રચારની પણ જરૂર નહીં પડે. માણસોને સસ્તુ જોઈએ છે એ સસ્તુ મળશે તો એ વાપરતો થશે. એ પરિસ્થિતિ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂરી આપો તો સી.એન.જી. વિશે વાત કરવા માગું છું.(અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક ઉમદા હેતુ માટેની એક પહેલ છે. એમાં મને આશ્ચર્ય થાય છે. આપણે કઈ દિશામાં જવા માગીએ છીએ. ગૌચરની જમીનો બાબતમાં આ સરકાર બહુ સ્પષ્ટ છે. આ એક જ સરકાર એવી છે કે, જેણે અને જેના માટે ભારત સરકારે આખા દેશને પત્રો લખ્યા છે. વર્તમાન ભારત સરકારે કહ્યું છે કે, SEZમાં જમીનો બાબતમાં ગુજરાતના મૉડલને અનુસરો. આ માહિતી આપના મિત્રોને હોય. બીજી વસ્તુ સી.એન.જી.ની બાબતમાં પણ દિલ્હી કરતાં ગુજરાતની સ્થિતિ વધારે સારી છે. આટલી માહિતી હોવી જોઈએ અને ગુજરાતમાં એવા કોઈપણ ખોટા લોકો હશે તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું હું સ્વાગત કરું છું કે, એ આવે, વિધાનસભામાં બધી રીતે માહિતી આપે અને આ દેશનું ભલું કરવાનો નિર્ણય કરનારી આ સરકાર છે. અમારે સુપ્રીમ કોર્ટની મદદ નથી લેવી પડી. એટલે મહેરબાની કરીને * (xxxx) અને મને બીજું હતું કે, કલાયમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગના ઉમદા હેતુને મારા સાથી મિત્રોએ વધાવ્યો હોત તો (અંતરાય) ભાઈ, હું બોલું છું, માનનીય વિપક્ષના નેતા હું બોલું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહ આપે પ્રશ્ન પૂછ્યો. આપ બેસી જાઓ. પ્લીઝ સીટ ડાઉન.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : વિપક્ષના નેતા બોલતા હતા ત્યારે મેં સાંભળ્યું છે અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ પણ સાંભળવાની તૈયારી રાખવી પડે. કલાયમેટ ચેન્જ માટેનો એક વિભાગ શરૂ કરવાનું દેશમાં પહેલીવાર બન્યું છે. એ સાચી અને સારી દિશાનો પ્રયાસ છે. એ મુખ્ય મુદ્દો છે. છતાંય આડા-તેડા કોઈપણ રસ્તે કોઈ કરે તો એ ભોગવે એનો મને વાંધો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ગૌચરની બાબત પણ આવી ગઈ છે. એ વિશે પણ કહી દીધું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.આઈ.માંથી મને માહિતી મળી છે. ગૌચરની જમીનો છે એ રાજયમાં પુષ્કળ અપાઈ છે. એની માહિતી હું મુખ્યમંત્રીશ્રીને આપીશ અને મને ચિંતા આ જ છે. સી.એન.જી.માં વચેટિયાઓને કેટલા પૈસા મળે છે એ આપણે જાહેર કર્યું છે. આ બન્ને વિગતો હું એમને મોકલી આપીશ.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ઉપસ્થિત થતો નહોતો એ ઉપસ્થિત કરવા માગો છો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વિરોધપક્ષના નેતાશ્રીને થોડીક માહિતી આપવી છે કે, અમદાવાદમાં સી.એન.જી.નો વપરાશ થાય છે. જી.એસ.પી.સી. પોતાનો ગેસ, ઈમ્પોર્ટેડ ગેસ આ બધા ગેસો દ્વારા પ્રજાને આપે છે. છેલ્લા ઘણા વખતથી અમે કેન્દ્રને રજૂઆત કરી છે કે, દિલ્હીની અંદર એ.પી.એમ. ગેસ આપવામાં આવે છે, બૉમ્બેની અંદર એ.પી.એમ. ગેસ આપવામાં આવે છે. એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈઝ મીકેનીઝમનો ગેસ ગુજરાતના જી.એસ.પી.સી. ખરીદે છે એનાથી ઘણો સસ્તો છે, અમે વારંવાર રજૂઆત કરી છે, કેન્દ્રના મંત્રીશ્રીઓને રજૂઆત કરી છે કે ગુજરાતમાં એકલું અમદાવાદને બાકાત કેમ રાખ્યું છે, દેશના બધા રાજયોની અંદર, બૉમ્બે હોય, દિલ્હી બધે એ.પી.એમ. ગેસ આપવામાં આવે છે. એ.પી.એમ. ગેસ ઘણો સસ્તો છે અને એના કારણે (સતત અંતરાય) તફાવત આટલા માટે છે. હું આ બધા જ કાગળ જે કેન્દ્રના પ્રધાનમંત્રીશ્રીને મોકલ્યા એ બધા જ કાગળ હું આપવા તૈયાર છું. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, માનનીય શકિતસિંહજી આપે જે પ્રશ્ન પૂછયો, આપના પ્રશ્નને મેં બરાબર સાંભળ્યો હતો, આપે એમ પૂછયું હતું કે સી.એન.જી. ગેસ સસ્તો મળે એ આપનો પ્રશ્ન હતો તો બધા વધારે ખરીદે, એ સસ્તો મળવા માટેના જે પ્રયાસો કર્યા છે એ પ્રયાસોમાં જો આપને ન ગમતો જવાબ આવે તો હું મદદ કયાંથી કરી શકું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વધારે માહિતી આપવી છે કે આપણે જે કાયદો બનાવવા માગીએ છીએ , (સતત અંતરાય ) એક બીજી માહિતી આપું કે કાયદો બનાવવા માગીએ છીએ એ કાયદાનો છેલ્લા બે વર્ષથી ડ્રાફટ કેન્દ્રમાં પડયો છે અને હજી પણ મંજૂર થયા વગર આવ્યું છે. (સતત અંતરાય)

---

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી** : હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલી સત્તાની રુએ, હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું. સમિતિની બેઠક શુક્રવાર, તા:૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિ નીચે મુજબની ભલામણો કરે છે.

(૧) ગુરુવાર, તા:૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ બીજી બેઠકમાં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાનો નિયમ-૧૦૧ અન્વયેનો પાંજરાપોળ, ઢોરવાડા માટે રાહતદરે જમીન ફાળવવા બાબતનો પ્રસ્તાવ હાથ ધરવો અને તેને એક કલાકનો સમય ફાળવવો.

(૨) શુક્રવાર, તા:૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલનો નિયમ-૧૨૦ અન્વયેનો રાજયમાં ઉત્પાદિત થતાં ક્રુડ ઓઈલ પર વળતર બાદની કિંમત પર રોયલ્ટી ચૂકવવાના ઓ.એન.જી.સી.ના વલણ પરત્વે કેન્દ્ર સરકારને અનુરોધ કરતો સરકારી સંકલ્પ હાથ દ ારવો અને તેને એક કલાકનો સમય ફાળવવો.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**પંચાયતી રાજ સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (સમિતિના પ્રમુખશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરુ છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈઘાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, નીતિનભાઈ, આપને કાયમ માટે હવે વિનંતી કરું છું કે આપ બેઠા બેઠા રીમાર્કો બંધ કરો. આઈ એમ સોરી ભાઈ, હું અહેવાલ વાંચતો હતો ત્યારે પણ આપની રીમાર્કો આવતી હતી. ત્યારે પણ આપના અવાજો હું સાંભળતો હતો. આઈ એમ સોરી ભાઈ. (સતત અંતરાય) પ્લીઝ .. તમારે જે કંઈ કહેવું હોય એ ઉભા થઈને મારી પાસે આવો હું મંજૂરી આપીશ. તમારે બેઠા બેઠા કોઈ રીમાર્કો કરવાનું બંધ કરો.

**શ્રી દિલીપ સંઘાણી** : એમનું કહેવાનું એ હતું કે કામકાજ સલાહકાર સમિતિ જે નકકી કરે એ વિપક્ષે અને બધાએ સાથે મળીને નકકી કર્યુ હોય એ રિપોર્ટમાં વિપક્ષવાળાએ ના પાડી એટલે વિપક્ષના સભ્યોનું ધ્યાન દોરતા હતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ના પાડવાનો એમનો અધિકાર છે. અને એમણે ના પાડવાની કે હા પાડવાની એ એમણે નકકી કરવાનું છે. એ વાતનું મેં કહી દીધુંને એટલા માટે કે બહુમતી છે. હું આ સભાગૃહના સંચાલનની અંદર કયાંક હું ચૂક કરતો હોઉ તો તમે મારું ધ્યાન ચોકકસ દોરો. પણ તમારા અવાજો અને તમારા બંને જણની વાતચીતો એના કારણે એના કારણે દખલ થાય છે અને કોઈકવાર કેટલીક બાબત ઉપર આપણા કાર્યમાં સભા સંચાલનમાં મુશ્કેલી પડે છે. એટલા માટે મેં માત્ર વિનંતી કરી છે. દિલીપભાઈ, મેં માત્ર વિનંતી કરી છે. મને ચોક્કસ ખબર હતી એટલે આપે કંઈ કહેવાની જરૂર ન હતી.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** :રાજયપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી હર્ષદભાઈ વસાવાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો."

" અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ અને તેના ઉપરના રજૂ થયેલા સુધારા ઉપરની ચર્ચા આગળ ચાલશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા પ્રવચન ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એ આભાર પ્રસ્તાવના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું.

**સભાપતિ શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વોર્મિંગ સિચ્યુએશન અને ક્લાઈમેટ ચેન્જની વાત કરી. આ એક નવતર અભિગમ બદલ આ સન્માનનીય સભાગૃહ વતી એમને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ ક્લાઈમેટ ચેન્જની વાત હતી પરંતુ સાથી પક્ષોને એમ થયું કે આ દિલ્હીમાં પોલિટિકલ ક્લાઈમેટ ચેન્જ થવાનું છે એની વાત છે? હમણાં જ ગુજરાતમાં જે નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ થઈ. એ જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં સૌથી વધારે ૧૦માંથી ૮ જેટલી બેઠકો ઉપર ભારતીય જનતા પક્ષનો ભગવો લહેરાયો. સાથી પક્ષમાં પણ કેટલાક મિત્રો એવા છે કે જેમને આ બદલાતા ક્લાઈમેટ ચેન્જનો પહેલેથી અહેસાસ થઈ ગયો છે અને એ અહેસાસમાં મારા સાથી પક્ષના સભ્ય શ્રી ભાવસિંહજીભાઈએ કહ્યું કે અમને ગુજરાતમાં ૨૬માંથી એક પણ બેઠક મળવાની નથી. આ ક્લાઈમેટ ચેન્જનો અહેસાસ આ સાથી પક્ષના મિત્રોને થઈ ગયો છે. માનનીય નરેન્દ્રભાઈ મોદી આ ગુજરાતની અંદર નેનો કાર લાવ્યા અને નેનોના માધ્યમથી ગુજરાતની પ્રજાની રોજગારી માટે પ્રયાસ કર્યો. પરંતુ એનાથી વ્યથિત થઈને તેઓએ સાણંદની અંદર સીંગુર જેવું પ્રજાને ઉશ્કેરવાનો નાકાબિયાબ પ્રયાસ કર્યો. પણ ગુજરાતની પ્રજા એમને સારી રીતે ઓળખે છે. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ એક વાત હું આપના માધ્યમથી ધ્યાન ઉપર મૂકવા માગું છું. થોડા સમય પહેલાં અબુ બસરે આઝમગઢમાં રહીને અમદાવાદ શહેરમાં બૉમ્બ બ્લાસ્ટ કરાવ્યા હતા. એ બૉમ્બ બ્લાસ્ટ માટે ત્યાંના મૌલવીઓએ એકત્રિત થઈને આ દેશના લોહપુરૂષ કે જેમણે ૫૦૦ જેટલા રજવાડાઓ એકત્રિત કરાવી અને દેશની એકતા અને અખંડિતતા બક્ષી છે એવા સરદાર વલ્લભભાઈ પટેલને આઝાદ ભારતના પ્રથમ આતંકવાદી જાહેર કર્યા. એના કરતાં શરમજનક ઘટના આ દેશમાં શું હોઈ શકે? આ દેશની અંદર સરદાર વલ્લભભાઈ પટેલ એક લોહપુરૂષ તરીકે આ દેશની ગાદી ઉપર બેસતા અને યુ.પી.એ.ના શાસનમાં ચાર વર્ષમાં સૌથી વધારે આતંકવાદી હુમલાઓ થયા છે એવા નબળા પુરૂષના નેતૃત્વ હેઠળ યુ.પી.એ.ની સરકારે આ દેશને સોંપ્યો હતો. જ્યારે કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે આ દેશની સીમાઓની સુરક્ષા કરવા માટે, આ દેશને આંતરિક ખોખલો બનાવવાની માનસિકતા ધરાવતા આતંકવાદી તત્ત્વોને જેર કરવા માટે પોટા નામનો કાયદો બનાવ્યો. આ પોટાના કાયદાને લશ્કરની ત્રણેય પાંખના વડાઓએ આવકાર્યો. જેવી યુ.પી.એ.ની સરકાર આવી એટલે સૌથી પહેલા પોટાના કાયદાને રદ કર્યો. મને ખબર પડતી નથી કે આ પોટાના કાયદાને રદ કરીને કોને મેસેજ આપવા માગો છો? ગુજરાતમાં જ્યારે ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો, ૫૧૨ કિલોમિટરની સીમા છે ત્યારે આપણે કહ્યું કે અમારી ગુજરાતની પ્રજાની સલામતી માટે, ગુજરાતમાં કોઈ આતંકવાદી ગુજરાતના નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરાને ભીંજવવા માટે આવે, એની સામે એ જ ભાષામાં વાત કરવા માટે અમને ગુજકોકનો કાયદો આપો, પણ શરમજનક વાત એ છે કે આજ દિન સુધી ગુજરાતની પ્રજાની સલામતી માટેનો ગુજકોકનો કાયદો કેન્દ્ર સરકારે આપણને આપ્યો નથી. આતંકવાદ એ વિચારધારાથી જન્મે છે અને આતંકવાદને ડામવો હોય તો પ્રબળ રાજકીય ઈચ્છાશકિત ધરાવતું નરેન્દ્ર મોદી જેવું સામર્થ્ય આ આતંકવાદ સામે રક્ષણ કરી શકે. જ્યારે ગાદી ઉપર કોઈ સિંહની સમક્ષ સિંહની જેમ ગર્જના કરતો માણસ હોય તો એ આતંકવાદને નાથી શકે છે. ગુજરાતની અંદર આતંકવાદની ઘટના કરવા માટેનો પ્રયાસ કર્યો. પરંતુ માત્ર ૨૦ દિવસની અંદર કેરળથી માંડીને આજમગઢ સુધી ગુજરાતની પોલીસે આખો દેશ ખુંદીને એ આતંકવાદીઓને પકડીને જેલના હવાલે કર્યા. આ રાજ્ય સરકારને અને પોલીસ તંત્રને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોસ્ટલ સિકયુરિટી સિસ્ટમ ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારા માટે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્ર સરકારને સ્કીમ આપી અને સ્કીમની અંદર એમણે કહ્યું કે અમારા ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારા માટે અમારી ૫૦૦ કરોડની માગણી છે. આ અતિ સંવેદનશીલ વાત હોવા છતાં એમણે માત્ર ૪૮ કરોડ જેટલા રૂપિયા આપ્યા. હજુ આપણે ભૂલ્યા નથી કે મુંબઈના દરિયા કાંઠે આતંકવાદી હુમલો થયો. રાષ્ટ્ર સામે યુદ્ધ છેડાયું. એ જવામર્દ શહીદ એ.ટી.એસ.ના ચીફ હેમંત કરકરે, અશોક કામટે, વિજય સાલસકર, ઉન્નીકૃષ્ણન અને ગજેન્દ્રસિંહ જેવા જવામર્દ ઓફિસરોએ શહાદત વહોરી. એ શહીદોની શહાદત સામે પ્રશ્નાર્થ ઊભો કરવામાં આવે. દલ સે બડા દેશ હોતા હૈ. અમે ભારતીય જનતા પાર્ટીની વિચારધારાવાળા લોકો છીએ. આ બાબતની અંદર દેશ એ સૌથી પ્રથમ છે, એવા સંજોગોમાં કભી સિમેન્ટ સે તુલે, બાદ મે પેસો સે તુલે એસે અનંત તુલેને આ શહીદોની શહાદત સામે પ્રશ્નાર્થ કર્યો, આથી વધારે શરમજનક ઘટના શું હોય? હજી સુધી અફઝલ ગુરુને ફાંસી નથી આપવામાં આવી. માત્ર અને માત્ર મતોની તૃષ્ટિ માટે, માત્ર અને માત્ર લઘુમતિ અને બહુમતિની દૃષ્ટિથી આ દેશને એ ચશ્માથી જોવાના કારણે અફઝલ ગુરુને ફાંસી નથી આપી. આ પકડાયેલા કસાબનું આ લોકો શું કરશે? મુંબઈમાં બનેલી ઘટનાના ફોટોગ્રાફ એ અમેરિકામાં જઈને ત્યાંના કોંડોલીડા રાઈસને બતાવે કે અમને આતંકવાદી મારે છે. આતંકવાદી મારે છે. આપણા દેશની આંતરિક ઘટના એ રીતે આપણે શાસન ચલાવવું જોઈએ કે આપણા દેશની આંતરિક સુરક્ષા સામે જ્યારે પ્રશ્ન ઊભા થાય તો આપણે જ એનું નિરાકરણ

લાવી શકીએ. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ વંચિતોના વિકાસની વાત કરે, સાગર ખેડુની વાત કરે, વનબંધુના વિકાસની વાત કરે નરેન્દ્રભાઈ મોદીએ કયારેય એવું નથી કહ્યું કે આ રાજ્યના સંસાધનો ઉપર લઘુમતિનો પહેલો અધિકાર છે. નરેન્દ્રભાઈ મોદીએ કયારેય એવુંય નથી કહ્યું કયારેય એમના બજેટની અંદર કોમ્યુનલ બજેટ નથી આપ્યું. માનનીય અધ્યક્ષશ્રી, એક ગામની અંદર મહંમદ રહેતો હોય, એજ ગામમાં મોહન રહેતો હોય. જો મહંમદને લોન મળે તો મોહનને લોન મળવી જોઈએ એ અમારી માગણી છે. આ દેશના લશ્કરની અંદર કેટલા હિન્દુ, કેટલા મુસ્લિમ? લશ્કરના વડાઓએ પણ કહ્યું કે આ પ્રમાણે રાષ્ટ્રને વિઘટન થતું અમે નહિ થવા દઈએ. પ્રવર્તમાન સંજોગોમાં આ રાષ્ટ્રની સામે સૌથી મોટી સમસ્યા હોય તો એ ધર્માન્તરણની સમસ્યા છે. દલિત સમાજમાંથી ધર્માન્તરિત દલિતને અનુસૂચિત જાતિના લાભ આપવાની એક ચેષ્ટા ચાલી રહી છે. આ વિકરાળ પ્રશ્ન છે. આજે તમે જેને ધર્માન્તરણ કરો છે એ આવતી કાલે રાષ્ટ્રાંન્તર થવાનું છે માટે એને આપણે નજર અંદાજ ના કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રની સરકાર એ બેવડા ધોરણો દર્શાવે છે. હમણાં સીમી દ્વારા જ્યારે અમદાવાદની ધરતી ઉપર જ્યારે બ્લાસ્ટ થયા. મારે એ કહેવું છે કે એ સીમી ઉપર મીઠી નજર રાખવામાં આવે છે. જ્યારે વી.એચ.પી. અને આર.એસ.એસ. જેવા સંગઠનો ઉપર પ્રતિબંધની આ દેશની અંદર ચર્ચા થાય એ શરમજનક ઘટના છે. અબુબસરના ઘરે કોંગ્રેસ અને સપાના આગેવાનો મળવા જાય. જામિયા મિલિયા યુનિવર્સિટીના એ વાઈસ ચાન્સેલર આતંકવાદીને બચાવવા માટે યુનિવર્સિટી એ લીગલ ખર્ચ પૂરો કરશે આનાથી વિશેષ કયા દૃશ્યો આપણને જોવા મળે? માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથ એ આ દેશની સંસ્કૃતિનું પ્રતિક છે. અયોધ્યામાં ભગવાન રામ લલ્લાનું મંદિર હોય, રામ સેતુ હોય કે અમરનાથનું શ્રાઈન બોર્ડ હોય, આ અમારા શ્રદ્ધા કેન્દ્રો છે આ શ્રદ્ધા કેન્દ્રો સાથે ખિલવાડ કરવાના પ્રયાસો એ અમે કયારેય સાંખી લેવાના નથી. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર મતોની રાજનીતિ માટે બહુમતીને અન્યાય. માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં પ્રર્વતતા આ આતંકવાદ સામે આ દેશને એવા શાસકો જોઈએ છે કે આતંકવાદી રાવણના ધોળ ઉપર નહીં પરંતુ આતંકવાદી રાવણની નાભિમાં તીર મારીને આતંકવાદનો સફાયો કરે. માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તંત્રએ આખા દેશમાં ઓળખ પૂરી પાડી છે, એટલા માટે પૂરી પાડી છે કે, ગુજરાતના નરેન્દ્રભાઈ મોદી અને એની સરકારે કયારેય પોલીસ ડિપાર્ટમૅન્ટમાં રાજકીય દખલગીરી નથી કરી એના કારણે આજે ગુજરાતમાં શાંતિ છે, સલામતી છે, સુરક્ષા છે, ઔદ્યોગિક ક્રાંતિ છે. પોલીસ તંત્રનું મોર્ડનાઈઝેશન કર્યુ અને કનેકટીવીટી અને વેલ ઈકવીપ્ટ હોવાના કારણે ગુનાની ટકાવારીમાં ઘટાડો થયો, જે ગુનાની જરૂરત હોય એને કુનેહપૂર્વક ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીની મદદથી ગુનેગારોને પકડીને જેલના હવાલે કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેવો સમય હતો? એક સમયે આપણે પોરબંદરની જેલ બંધ કરવી પડી, એક સમય એવો હતો કે લઠ્ઠાકાંડના દૃશ્યો આપણને છાશવારે જોવા મળે, માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો કે અનુસૂચિત જાતિ અને દલિત વર્ગના લોકોને એમને રંજાડવાના કારણે એમને હિજરત કરવી પડતી હતી, અસમાજિક તત્ત્વો અને ઓર્ગેનાઈઝડ ક્રાઇમ ગૅન્ગોના કારણે પ્રજા પારેવાની જેમ ફફડતી હતી, સરકારી કર્મચારીઓ ઉપરના હુમલા હોય કે ઔદ્યોગિક હડતાલોના પ્રશ્નો હોય આજે માનનીય અધ્યક્ષશ્રી, આજે અનુસૂચિત જાતિ પરના હુમલા ઘટ્યા, દલિતો પરના હુમલા ઘટ્યા, સરકારી કર્મચારીઓ પરના હુમલા ઘટ્યા, ઔદ્યોગિક હડતાલો બંધ થઈ માનનીય અધ્યક્ષશ્રી, કરફ્યુ આજે જો દસ વર્ષનો કોઈ નાનો બાળક હોય તો કરફયુ શું છે એની એને ખબર નથી. કરફ્યુ આજે ભૂતકાળ થઈ ગયો છે. ગુજરાતની પોલીસનું મોરલ તોડવા માટેનું ષડયંત્રપૂર્વકનો ક્યાંક ક્યાંક પ્રયાસ થઈ ગયો છે. આ ગુજરાતની સરકાર એ ગુજરાતની પોલીસની પડખે છે કે ગુજરાતની કાયદો અને સુરક્ષાની પરિસ્થિતિ માટે કયાંય અવરોધ ઊભો થાય તો ગુજરાતની પ્રજા અને ગુજરાતની સરકાર આપની પડખે છે. માનનીય અ(અધ્યક્ષશ્રી, આપણા સૌની યોજના નર્મદા યોજના, રાષ્ટ્રીય યોજના, સરદાર વલ્લભભાઈ પટેલ સાથે જેનું નામ જોડાયું છે એવી યોજના, માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાને હજુ સુધી રાષ્ટ્રીય યોજના જાહરે કરવામાં નથી આવી. માનનીય અધ્યક્ષશ્રી, આજ દિવસ સુધી આ નર્મદા યોજનામાં એક કાણી પાઈ પણ કેન્દ્ર સરકાર દ્વારા આપણને આપવામાં નથી આવી, અરે ત્યાં સુધી કે એના જે ગેટ નાખવાના છે, આપણે ૧૨૧ મીટરનું કામ પૂરું કર્યુ છે એ ગેટ નાખવાની મંજૂરી પણ આજ દિવસ સુધી આપણને નથી મળી. આપણે ચાર લાખ હેકટરમાં સિંચાઇ ઉપલબ્ધ કરાવીએ છીએ પણ આગામી દિવસોમાં ગુજરાતને હર્યુભર્યુ કરવું હોય, ગુજરાતને નંદનવન કરવું હોય તો આ નર્મદા સિંચાઇ યોજનામાં કેમ આપણને અવરોધ ઊભા કરે છે? માનનીય અધ્યક્ષશ્રી, દેશના ક્રૂડ ઑઈલમાં પચાસ ટકા ઉત્પાદનનો જો કોઈનો હિસ્સો હોય તો એ ક્રૂડ ઑઈલ એ ગુજરાતમાંથી ઊભું થાય છે. ૨૦૦૦- ૨૦૦૧માં ૫૦૮/- કરોડ આપણને મળતા, ૨૦૦૧-૨૦૦૨માં ૫૮૯/- કરોડ મળ્યા પણ કેન્દ્રમાં એન.ડી.એ.ની અટલ બિહારી બાજપાઈજીના નેતૃત્વની સરકાર સમક્ષ આપણે કહ્યું આ ગુજરાતને અન્યાય થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ફૉરમ્યુલા બદલાઈ અને એ ફૉરમ્યુલાના કારણે ૨૦૦૬- ૦૭માં આપણને ૧૦૦૦/- કરોડ મળ્યા અને ૨૦૦૭- ૦૮માં આપણને ૧૭૦૦/- કરોડ મળ્યા. યુ..પી.એ.. સરકારે ગુજરાતને અન્યાય કરવા માટે એ ફૉરમ્યુલા બદલી નાખી, ૨૦૦૮- ૦૯ એપ્રિલથી ડિસૅમ્બરમાં આપણને ૧૯૦૦/- કરોડ મળવા જોઈએ પણ આ યુ.પી.એ.ની કોગ્રેસની, કેન્દ્રની સરકારે ગુજરાતને અન્યાય કરવા માટે ૪૨૯/- કરોડ જેટલા જ રૂપિયા મળ્યા છે, ૧૫૦૦/- કરોડ રૂપિયાનું નુકસાન. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અત્યાર સુધી કેન્દ્રની યોજનાઓની ચર્ચા થતી હોય એમાં મને વાંધો નથી. નિર્ણયો એવા છે કે કેન્દ્ર સરકારની ટીકા ન થઈ શકે અને કરતા હોય તો પણ વાંધો નથી પણ પછી અમને રોકવામાં ન આવે એટલી જ વિનંતી છે. અમને પણ જવાબ દેતા આવડે છે.

**સભાપતિશ્રી:** આપનો સમય આવે ત્યારે આપ એમને જવાબ આપજો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બેવડા ધોરણો કેન્દ્રની સરકારના માનનીય અર્જુનભાઈ, મારે ધ્યાન દોરવું છે કે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર તમે બિહારમાં પેકેજ આપો, તમે મહારાષ્ટ્રના કિસાનો માટે પેકેજ આપો અમને કાંઈ વાંધો નથી. ગુજરાતમાંથી વાર્ષિક પચાસ હજાર કરોડ જેટલા કરની આવક કેન્દ્રને ગુજરાતમાં થતી હોય તો મારા રત્નકલાકારો આજે બેલ્ઝીયમ એન્ટ્રપની અંદર જયારે હીરાની ઝાંખપ થઈ છે તો રત્ન કલાકારો માટે કેન્દ્ર સરકાર દ્વારા કેમ પેકેજ આપવામાં આવતું નથી. રત્ન કલાકારોની વ્યથાને વાચા આપવા માટે એના કરતા તમે એને રાજકીય રીતે ઉપયોગ કરવાનું બંધ કરો. પશ્ચિમ રેલવેનો ૨/૩ હિસ્સો ગુજરાતમાં હોવા છતાં ગુજરાતની અંદર એનું વડુ મથક નહીં. મારા અમદાવાદ શહેરની અંદર રેલ્વેના બંને બાજુ બ્રીઝ બની ગયા છે પણ એનો વચ્ચેનો ભાગ જોડવા માટેની પરવાનગી આ કેન્દ્ર દ્વારા આપવામાં આવતી નથી. દેશના શેર બજારમાં ૩૦ટકા ગુજરાતનો અને ગુજરાતીઓનો હિસ્સો છે. સત્યમ નામની કંપની આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાને કરોડોનો ભ્રષ્ટાચાર કરીને એમાં એના કારણે આજે સત્યમ કંપનીના સાત હજાર કરોડના ફ્રોડના કારણે ગુજરાતનો શેર ધારક, એનો રોકાણકાર રાતાપાણીએ રુએ છે. મારો કહેવાનો આશય ત્યાં છે કે જયારે ગુજરાતની અંદર બોમ્બ ધડાકા થયા, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત આપી કે અમે મૃત સહાય આટલી અને ઈજાગ્રસ્ત સહાય આટલી આપીશું. મારે એ કહેવાનું છે કે ગુજરાત સરકારે આ સહાય ચુકવી દીધી પરંતુ કેન્દ્ર દ્વારા ઈજાગ્રસ્તોને હજીસુધી સહાય ચૂકવવામાં આવી નથી. વાઈબ્રન્ટ ગુજરાત ૪૬ જેટલા દેશોના ૫૦૦થી વધારે મહાનુભાવો એકત્રિત થઈને વીસ હજાર જેટલા ડેલીગેટો ઉપસ્થિત રહી વૈશ્વિક મંદીના પડકાર સામે ગુજરાત સરકારની પ્રોએકટીવ દ્રષ્ટિબિંદુ અને નરેન્દ્રભાઈ મોદીના પુરૂષાર્થના કારણે આજે ગ્લોબલ ગુજરાતે વિશ્વના નકશાની અંદર પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વાઈબ્રન્ટ ગ્લોબલ સમીટનું એક દ્રશ્ય આપના સૌની સમક્ષ મૂકવા માગું છું કે આઝાદી માટે આપણે દોઢ સો વર્ષ સુધી અંગ્રેજ સલ્તનત સામે લડયા. એક જમાનો હતો કે "વંદે માતરમ"નો નારો કહેવાવાળાને ગોળીએ દેવામાં આવતો પરંતુ એ બ્રિટિશ સલ્તનતના સેનેટર બેરી ગાર્ડનરે આ આખી વાઈબ્રન્ટ ગુજરાતની પ્રક્રિયાથી પ્રભાવિત થઈને "વંદે માતરમ" નો પાંચ પાંચ વાર નારો લગાવ્યો એ ગુજરાતના નાગરિક તરીકે આપણે ગૌરવ લેવા જેવી ઘટના છે. જે મંચ હતુ એ મંચની ઉપર આ દેશના જી.ડી.પી.માં ૪૫ટકા જેનો હિસ્સો છે કે ૪૫ ટકા જેનો પ્રભાવ છે એવા લોકો હતા. એમાં રતન ટાટા હતા. રતન ટાટા કે જે ઈન્ડસ્ટ્રીયલ એડવાઈઝર કાઉન્સિલ દિલ્હી, કેન્દ્ર સરકાર, ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા એના ચેરમેન હતા. જાપાન એનું પાર્ટનર, કેનીયા, યુગાન્ડા, ઈટાલી, ઈઝરાઈલ, શ્રીલંકા, મલેશીયા, સિંગાપુર જેવા દેશોએ આપણા ગુજરાતની બ્રાન્ડ ઈમેજની પ્રશંસા કરી છે. વાઈબ્રન્ટ ગુજરાત એ વાઈબ્રન્ટ ભારતના રાજમાર્ગનું નિર્માણ કરે છે અને ગુજરાત એ વર્લ્ડ કલાસ ઈન્વેસ્ટમેન્ટનું ડેસ્ટીનેશન બની ચુકયું છે. ગુજરાત એ બેસ્ટ છે કારણકે ગુજરાતમાં રોડ કનેકટીવીટી, રેલ કનેકટીવીટી, એર કનેકટીવીટી, પોર્ટ કનેકટીવીટી, જીસ્વાન, ઈગ્રામ એમાં ટેલેન્ટ છે, એમાં કમીટેડ ટીમ છે અને સરકારની નરેન્દ્રભાઈ મોદીની ક્રેડીબીલીટીના કારણે આજે ઉદ્યોગકારો અહીંયા આકર્ષાયા છે. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝલ્ટ અને એના માધ્યમથી વિશ્વ બજારમાં આપણને સ્થાન મળી રહેશે અને રોજગારી વધશે અને આર્થિક પ્રગતિ હાંસલ કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ કહેવા માગું છું કે જયારે કેરળના એક સામ્યવાદી સંસદ સભ્યએ ગુજરાત સરકારના વાઈબ્રન્ટ ગુજરાતની જયારે પ્રશંસા કરી.તો ત્યાંની સામ્યવાદી સરકારે એના ઉપર નોટિસ આપી અને એને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા. મારો કહેવાનો આશય એ છે કે કેરળવાળા આવું કહે છે તો આપ તો ગુજરાતમાં કઈક સારું બોલો. ( સમય સૂચક ઘંટડી) હું છેલ્લી વાત કહેવા માગું છું કે અસીમ અંધેરો કો મત કોશો, હો શકે તો એક દિયા ઔર જલાઓ. અને છેલ્લે આપણે મહાત્મા ગાંધીજીની આ પ્રતિમા નીચે બેઠા છીએ. મહાત્મા ગાંધીજીએ પોતાની જિંદગીનો સંદેશ ત્રણ વાંદરા દ્વારા આપણને આપ્યો: બૂરા મત દેખો, બીજું બૂરા મત સૂનો અને બૂરા મત બોલો. સમાજને માર્ગદર્શન આપવા માટે એમણે આ મૌલિક વિચારો રજૂ કર્યા, પણ આજની પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હું સન્માનનીય સભાગૃહના સાથી પક્ષના નેતા સિદ્ધાર્થભાઈ, અર્જુનભાઈ અને શક્તિસિંહભાઈને કહેવા માગું છું કે સારું સાંભળી નથી શકતા, સારું બોલી નથી શકતા, સારું જોઈ નથી શકતા. હું માનું છું કે આ જે બદલાયેલી પરિસ્થિતિમાં આમના વિચારને આપણે શું કરવું? આની ચિંતા છે.

છેલ્લે હું શિક્ષણ માટે એક વાત કરવા માગું છું કે ગુજરાતની અંદર જે એજ્યુકેશન ઈનોવેશન કમિશન બનાવ્યું.

**સભાપતિશ્રી :** એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : એક મિનિટમાં પૂરું કરું છું. એમાં હું મૂલ્યનીષ્ઠ શિક્ષણ અને ભારતીય સંસ્કૃતિના આધાર ઉપર આગામી દેશમાં શિક્ષણ રાજયમાં ચલાવવાનું છે. દિલ્હી યુનિવર્સિટીના લોગોની અંદર કમળનું પ્રતીક હતું અને કમળનું પ્રતીક એટલે ભારતીય સંસ્કૃતિનું પ્રતીક. આ લોકોને એમાં પણ તૃષ્ટીકરણની બૂ

આવી. દિલ્હી યુનિવર્સિટીના એ કમળનું પ્રતીક હટાવી નાખ્યું. અતિતના પ્રતીકને હટાવીને એનો જે વિકૃત પ્રયાસ કર્યો છે એ આ દેશની જનતા જોઈ રહી છે અને આવા અનેકવિધ ઉદાહરણોના કારણે આમને માત્રને માત્ર લઘુમતી અને બહુમતી અને માત્રને માત્ર મતોના તૃષ્ટીકરણની નીતિના આધારે આ યુ.પી.એ.ની સરકારે આ દેશની અંદર ચાર વર્ષમાં બહુમતી સમાજને અને આ દેશને પાયમાલ કર્યો છે.

**સભાપતિશ્રી :** માનનીય સભ્યશ્રી મૂળુભાઈ બેરા.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં નામદાર રાજ્યપાલશ્રી જ્યારે પ્રવચન કરતા હતા, ત્યારે પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવ આ સન્માનનીય ગૃહના સભ્ય પ્રફુલભાઈ પટેલ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રી જ્યારે આ સન્માનનીય ગૃહમાં જ્યારે પ્રવચન કરવા, સંબોધન કરવા માટે ઊભા થયા અને જ્યારે પ્રવચનની શરૂઆત કરી, ત્યારે વિપક્ષના મિત્રોએ આ સન્માનનીય ગૃહમાં જે રીતે પ્રદર્શન કર્યુ, પ્રવચનને અટકાવવામાં આવ્યું. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનને વાંચતા અટકાવવા પાછળનું જો કોઈ કારણ હોય તો આ રાજયની જે રીતે પ્રગતિ થઈ રહી છે. આ રાજય સરકાર જે રીતે કામ કરી રહી છે, ગુજરાતનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે એ મારા સામેના મિત્રો જોઈ ન શકતા હોય અને એને જોઈને અકળાઈ ગયા હોય તેવા ભાવથી રાજયપાલશ્રીના પ્રવચનને અટકાવ્યું હતું અને જે રીતે પ્રદર્શનો કર્યા હતા, એની સજા એમને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની પેટા ચૂંટણીમાં મળી ગઈ. આ ઉપરાંત એપ્રિલ અને મે મહિનામાં આગામી લોકસભામાં પણ એની સજા મળવાની છે. આ રાજય સરકારે રાજયના વિકાસ માટે ગુજરાતની પ્રગતિ, ગુજરાતમાં માળખાકીય વિકાસ, ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ, ગુજરાતમાં કૃષિ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે, ઊર્જા ક્ષેત્રે, જળ સંચય અને જળસિંચાઈ અને પીવાના પાણી માટે, ગ્રામીણ વિકાસ માટે જે રીતે કામ કર્યાં છે. તેના અનેક એવોર્ડ આ રાજય સરકારને મળ્યા છે. કેન્દ્ર સરકાર તરફથી અને અલગ અલગ એન.જી.ઓ. તરફથી અનેક એવોર્ડ મળ્યા છે. આ એવોર્ડની સંખ્યા યાદ પણ ન રાખી શકીએ એટલા એવોર્ડ આપણા રાજયના મુખ્યમંત્રી છે એની જે કામ કરવાની પદ્ધતિ છે, તેની જે દીર્ઘદૃષ્ટિ છે, દરેક વર્ગને સમતોલ વિકાસ મળે તેના માટે જે રીતે કામ કરી રહ્યા છે તેન કારણે આ એવોર્ડો મળ્યા છે. મારે રાજયના દરેક ક્ષેત્રમાં માર્ગ અને પુલ, રોજગારીના ક્ષેત્રે અનેક ક્ષેત્રે વિકાસ થયો છે પણ મારે પીવાના પાણી માટેની વાત એટલા માટે કરવી છે કે અમારો જામનગર જિલ્લો એ દુષ્કાળીયો જિલ્લો કહેવાતો હતો. અમારા જામનગર જિલ્લામાં દર ત્રણ વર્ષે એક દુષ્કાળનું વર્ષ હોય જ અને અમે જોયું છે કે અમારા જિલ્લામાં અમારી બેન દીકરીઓ બે બે કિલોમીટર, પાંચ પાંચ કિલોમીટર માથે પાણીનું બેડું લઈને ભટકતી હોય. ટૅન્કર રાજ જામનગર જિલ્લો સમગ્ર ગુજરાતમાં ટૅન્કર માટે એક ટૅન્કર માફીયાગીરી, ટૅન્કર રાજ કહીએ તો કહેવાય. તેમાં ભ્રષ્ટાચાર પણ એટલો. ૧૯૮૫ થી ૧૯૮૮ સુધીના દુષ્કાળના વર્ષો જે રીતે જોયા હતા. ૧૯૯૧ થી ૧૯૯૫ સુધીમાં જે રીતે આ ટૅન્કરોમાં ભ્રષ્ટાચાર થતા, કેવા ભ્રષ્ટાચાર? સોર્સ બે કિલોમીટર, ત્રણ કિલોમીટર હોય તો ૧૫ કિલોમીટર લખવામાં આવે. કોન્ટ્રાકટરો પણ કોઈને કોઈના સગાંવ્હાલા હોય. કોઈ અધિકારી તેમાં તપાસ ના કરી શકે. ટૅન્કરના ફેરાઓ જે ગામમાં મંજૂર થયા હોય તેના કરતાં ત્રીજા ભાગના લખાય, ૧૨ હોય તો ચાર પણ ન આવે. એ સ્થિતિ અમે જોઈ છે. એ વખતે એક બાહોશ અધિકારી અમારા જિલ્લામાં આવ્યા હતા અને જે વર્તમાન સરકાર હતી તે સરકારના પક્ષના તાલુકા પંચાયતના પ્રમુખને પાસા હેઠળ પૂર્યા હતા અને એટલા માટે પૂર્યા હતા કે આ ટૅન્કરમાં ભ્રષ્ટાચાર કરતા હતા તે સ્થિતિ હતી. ૧૯૮૨માં રાજય સરકારની જે વિકાસ ગાથા હતી તે માહિતી વિભાગે એક ચોપડી બહાર પાડી હતી. જામનગર જિલ્લામાં જે કામ કર્યા હતા તેની એ ચોપડી મેં જોઈ. તેમાં મને નવાઈ લાગી કે બે લાખ રૂપિયાની પાણીની ટાંકીનું ઉદ્દઘાટન મુખ્યમંત્રી કરતા હોય તેનો ફોટો પહેલા પાના ઉપર છે. એ મોટામાં મોટું કામ હતું. આજે સ્થિતિ કેવી છે. જામનગર જિલ્લાના ૧૫૦ ગામને નર્મદા ડેમ હજારો કિલોમીટર દૂર હોય તો પણ સરદાર સરોવર યોજનાની કેનાલ આધારિત પીવાના પાણીની સગવડતા આજથી ત્રણ વર્ષ પહેલાં મળી છે. જામનગર શહેર અને બે ત્રણ શહેરોને મળી છે. બાકી રહેતા ૪૯૮ ગામ અને લગભગ ૧૧ જેટલા શહેરો માટે ૩૫૦ કરોડ રૂપિયાની યોજના ૨૦૦૫ માં મંજૂર કરી અને એ યોજનામાં જે વર્લ્ડ બૅન્ક લોન આપવાની હતી તે લોન આપવાની જે તે સમયે ના પાડી. અમે વિનંતી કરી રાજયના મુખ્યમંત્રીશ્રી, પાણી પુરવઠા મંત્રીશ્રીને. તો રાજય સરકારના બજૅટમાંથી આ જામનગર જિલ્લો પીવાના પાણી માટે જે રીતે તકલીફ ભોગવે છે તે જોઈને ૩૫૦ કરોડ રૂપિયાની મુખ્ય પાઈપ લાઈન મંજૂર કરી દીધી અને આજે અમને જણાવતાં આનંદ છે કે મુખ્ય પાઈપલાઈનનું કામ સંપૂર્ણ પૂરું થઈ ગયું છે. તેની સાથે સાથે ડીસ્ટ્રીબ્યુશન લાઈન હોય, એક ગામથી બીજા ગામ પાણી લઈ જવા માટે, સંપ અને ફીલ્ટરના સાથે સાથે કામ કરવાના હોય તેના ૧૨૨ કરોડ રૂપિયા જેટલી રકમ એક જિલ્લા માટે ફાળવી શકે તો એ આ જ રાજય સરકાર ફાળી શકે. આ રીતે પાણી પુરવઠા વિભાગની જે કામગીરી છે તેને કારણે જામનગર જિલ્લો જે દુષ્કાળીયો જિલ્લો કહેવાતો હતો. જામનગર જિલ્લામાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલી તેવો જિલ્લો હતો તેમાં આજે ઉનાળામાં પણ અનેક નદીઓમાં પાણી હોય. સિંચાઈ ક્ષેત્રે એટલું જ કામ થયું છે. પહેલાં જામનગર જિલ્લામાં ૩૦ હજાર હેકટર જમીનને સિંચાઈની સગવડ મળી ન હતી. તાલુકાની એક કે બે સિંચાઈ યોજનાઓ હતી. એને બદલે હમણા થોડાં ટૂંકા સમયમાં ૨૧ જેટલી નાની અને મધ્યમ કક્ષાની સિંચાઈ યોજનાઓ, ચેકડેમો,

તળાવો ઊંડા કરવાનું કામ અને હરિયાળી ક્રાંતિના ચેકડેમો, વોટરશેડ યોજનાના ચેકડેમો, બોરી બંધ આ બધું જળ સંચાઈનું કામ થવાના કારણે અને તળાવો ઊંડા કરવાનું કામ અને પાણી જળ સંચયનું ખૂબ કામ થયું હોવાથી અને લોક ભાગીદારીથી ખૂબ કામ થયું હોવાના કારણે જામનગર જિલ્લામાં પાણીના તળ ઊંચાં આવ્યાં છે અને એને કારણે ખેડૂતો વર્ષમાં ત્રણ ત્રણ પાક લઈ શકે છે. ઉનાળું પાક, શિયાળું પાક અને ચોમાસું પાક લઈ શકે છે અને આજે સિંચાઈની સગવડના કારણે જામનગર જિલ્લામાં ખેતીનું ઉત્પાદન ખૂબ વધ્યું છે. આ પ્રકારની ખૂબ સારી કામગીરી થઈ રહી છે એને માટે આ સરકારને હું અભિનંદન આપું છું. પીવાના પાણી માટે આ વર્ષે પણ અમારા જામનગર જિલ્લાના એક તાલુકામાં તકલીફ છે જ્યાં વરસાદ ઓછો હતો ત્યાં પાણી પહોંચાડવા માટેનું આયોજન રાજય સરકારે કર્યું છે એ માટે પાણી પુરવઠા મંત્રીશ્રીનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે ગ્રામ્ય વિકાસ માટે પણ જે રીતે કામ થયું છે એમાં ઈન્દિરા આવાસ યોજનાનું કામ હોય, રોજગાર ગૅરન્ટી યોજનાને કારણે જે નૉન પ્લાન રસ્તાઓ હતા એ રસ્તાઓનું કામ, ચેકડેમનું કામ, સીમ રસ્તાઓ માટે હવે લોકો  રસ્તો બાંધે છે પણ કોઝ-વેનું કે પુલિયાનું કામ હોય તો એ યોજનામાંથી થતું ન હતું એ આ રોજગાર ગૅરન્ટીમાંથી થાય છે. હરિયાળી ક્રાંતિમાં જે જે ગામ છે એ દરેક ગામમાં ૨૫ થી ૩૦ જેટલા નાના નાના ચેકડેમો અને વનીકરણનું કામ થવાના કારણે રોજગારી મળતી થઈ છે અને ગામમાં જે જરૂરી છે એવા કામો પણ આજે એમાં થઈ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે શિક્ષણ અને આરોગ્ય સેવાઓમાં પણ આપણે જોઈએ છીએ કે પહેલા માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું સપૂર્ણ સમર્થન આપું છું અને મારા જિલ્લામાં રાજય સરકારની જે કામગીરી છે એમાં વાત કરીએ તો ઘણી બધી થઈ શકે એમ છે પણ વિશેષ વાત ન કરતા હું પાણી પુરવઠા મંત્રીશ્રી, જળ સિંચાઇ મંત્રીશ્રી અને જે ક્ષેત્રમાં ખૂબ કામ થયું છે એવા અલગ અલગ સંબંધિત મંત્રીશ્રીઓને અને રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપી અને મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે અને આ સભાગૃહના ૨૧ થી વધારે સભ્યશ્રીઓએ આ પ્રસ્તાવ ઉપર પોતાના સુધારા રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા એટલા માટે રજૂ કરવા પડયા, બંધારણની રીતે રાજયપાલશ્રીનું પ્રવચન સરકાર દ્વારા લખાય એમાં સરકારના વખાણ થાય એમાં વાંધો હોઈ શકે નહીં, પરંતુ રાજયના લોકોને જે મુશ્કેલીઓ પડી રહી છે, રાજયના જે પ્રશ્નો છે, રાજયની જે સમસ્યાઓ છે એનું પ્રતિબિંબ પણ રાજ્યપાલના આ પ્રવચનમાં પડવું જોઈએ. આજે ખૂબ ગંભીરતાથી નોંધવું પડે છે કે આ પ્રવચનમાં રાજયના પ્રશ્નો અને સમસ્યાઓનું પ્રતિબિંબ પાડવામાં આવ્યું નહીં અને  ઉલ્લેખ માત્ર પણ કરવામાં આવ્યા નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઈ રાજકીય અવલોકનો કરવા ન હતા પરંતુ માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજીએ જ્યારે શરૂઆત કરી અને રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવને બદલે જાણે આતંકવાદ ઉપર પ્રવચન આપતા હોય એવી પરિસ્થિતિ એમણે ઊભી કરી.માનનીય પ્રદીપભાઈ ભૂલી ગયા કે જ્યારે એન.ડી.એ. ની સરકાર હતી, તે વખતે એમના જ એક મંત્રી આતંકવાદીઓને કંદહાર મૂકી આવ્યા હતા, એ પરિસ્થિતિ ભૂલી ગયા. એમની સરકાર હતી અને સંસદ ઉપર હુમલો થયો, કંઈ ન કરી શકી સરકાર એ પરિસ્થિતિ પણ ભૂલી ગયા. એમની સરકાર હતી અને લાલ કિલ્લા ઉપર હુમલો થયો, જમ્મુના રઘુનાથ મંદિર ઉપર હુમલો થયો અને અમદાવાદના અક્ષરધામ ઉપર હુમલો થયો અને કંઈ કરી શક્યા નહિ અને આજે હવે આતંકવાદ સામે લડવાની વાતો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતના નામે જાન્યુઆરી મહિનામાં એક નાટક ભજવાઈ ગયું, લાખ્ખો કરોડો રૂપિયાના રોકાણો ગુજરાતમાં આવે એની વાતો કરવામાં આવી, માત્ર વાતો કરવાથી ગુજરાતમાં રોકાણ આવતું નથી, વાતો તો ગમે તેટલી થાય, એમ.ઓ.યુ. ગમે એટલા થાય પણ ગુજરાતમાં રોકાણ લાવવા માટે શું કરવું પડ્યું એ પરિસ્થિતિ તમે પણ જાણો છો, નેનો કારના ૨૨૦૦ કરોડ રૂપિયાના પ્રોજૅકટ માટે ૯૫.૭૦ કરોડ રૂપિયાની લોન આપવી પડી, એ પણ ૦.૧ ટકાના વ્યાજે અને એને ૨૦ વર્ષ પછી પાછી આપવાની એ સ્થિતિનું નિર્માણ આ પ્રોજૅકટ ગુજરાતમાં લાવવા માટે આ સરકારને કરવું પડ્યું છે. અને એમાં રોજગારી કેટલી મળવાની ગુજરાતીઓને, તો કંઈ નહિ, આજે ગુજરાતમાં સૌથી વધુ રોજગારી આપનારો જો કોઈ વ્યવસાય હોય તો એ રત્ન કલાકારોનો વ્યવસાય છે ગુજરાતના ૧૬ થી ૨૦ લાખ કુટુંબોને આજે જીવન નિર્વાહ આપી રહ્યો છે આ વ્યવસાય અને વૈશ્વિક મંદીના કારણે આ વ્યવસાય જ્યારે મુશ્કેલીમાં મુકાયો, કેન્દ્ર સરકારે તમામ ડ્યૂટી, ઈમ્પોર્ટ ડ્યૂટી રફ ડાયમંડ ઉપર માફ કરી દીધી આ ઉદ્યોગને ટેકો આપવા માટે, પણ ગુજરાત સરકાર કંઈ કરી શકી નહિ. ૭૪ જેટલા રત્ન કલાકારોને ગુજરાતમાં આત્મહત્યાના માર્ગે જવું પડ્યું અને એના માટે સંવેદનશીલ એપ્રોચ રાખવાના બદલે આ જ સરકારના એક મંત્રી એવું નિવેદન કરે કે આટલા મોટા સુરત શહેરની અંદર જો બે પાંચ લોકો આત્મહત્યા કરે તો એમાં મોટી વાત શું છે. શરમાવવું જોઈએ, શરમ આવવી જોઈએ આ સરકારને,

ગુજરાતના રત્નકલાકારોનું હિત સાચવવાની પ્રાથમિક જવાબદારી એ ગુજરાત સરકારની છે અને ગુજરાતની સરકાર આ જવાબદારી અદા કરવામાં સદંતર રીતે નિષ્ફળ ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોડાસામાં કમળાનો પ્રશ્ન ઊભો થયો, રાજયપાલશ્રીએ જ્યારે આ હાઉસની અંદર પ્રવચન રજૂ કર્યુ ત્યારે પણ ૨૦ લોકોના મૃત્યુ થયા હતા અને આજે એ આંકડો ૫૪ સુધી પહોંચ્યો છે. તો પણ સરકારની ઊંઘ નથી ઊડતી. ૫૪ જેટલા લોકો એક રોગના કારણે આ રાજયની અંદર મૃત્યુ પામે એટલું જ નહિ હવે એ રોગ બીજા જિલ્લાઓમાં પણ પ્રસરે એવી ભીતિ ઊભી થઈ હોય, વલસાડમાં કેસ નોંધાયા હોય, અમદાવાદ શહેરમાં કેસ નોંધાયા હોય અને એમ છતાંય ગુજરાત સરકારના આરોગ્ય વિભાગનું * (xxxx) એ સ્થિતિ આજે ગુજરાતમાં ઊભી થઈ છે. માનવતા મરી પરવારી છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ દૂર કરવા અંગે

**શ્રીમતીઉષાબેન ગી. પટેલ**: (દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, (xxx) એ શબ્દ અસંસદીય છે માટે એ શબ્દ દૂર કરવો જોઈએ.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : (xxx) હોય તો ચિંતા સરકારને થતી નથી એ વાત પણ મૂળ વાત એ છે કે, પણ આ રાજયના લોકોની ચિંતા કરવાનું સરકારે છોડી દીધું છે માનવતા મરી પરવારી છે. દલિતોના નામે પ્રદીપસિંહ વાત કરતા હતા કે આ સરકાર આવી ત્યારપછી અનુસૂચિત જાતિ ઉપરના અત્યાચારો બંધ થઈ ગયા છે. માનનીય પ્રદિપભાઈ ભૂલી ગયા કે પાટણની અંદર શું થયું હતું ? ત્યાં એક બાળા ઉપર બળાત્કારનો બનાવ બન્યો અને આપણે કંઈ ના કરી શક્યા.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આસારામ બાપુના આશ્રમમાં બે-બે બાળકોના બલિ ચડાવાયા અને આપણી સરકાર કંઈ ના કરી શકી. રાજકોટમાં ચાંદની પ્રકરણ થયું અને આ સરકાર કંઈ ના કરી શકી. વઢવાણ તાલુકાના ભદ્રેશી ગામમાં અનુસૂચિત જાતિના લોકોને ગામની બહાર કરી દેવામાં આવ્યા અને આપણું વહીવટી તંત્ર કાંઈ કરી શક્યું નહીં. દહેગામમાં ખાખરા ગામમાં અનુસૂચિત જાતિના લોકોને વરઘોડો કાઢતાં રોકવામાં આવ્યા અને આ સરકાર કંઈ ના કરી શકી. જુનાગઢમાં દલિતોની હત્યા થઈ, કાંઈ ના થયું અને કચ્છના ધોળાવીરાની અંદર તે દલિતો ઉપર ૧૫૦ જેટલાં સશસ્ત્ર લોકોએ હુમલો કર્યો અને આત્મારામભાઈ આ સરકાર કંઈ ના કરી શકી. કયા દલિતોની વાત કરવા માગીએ છીએ ? કેવું વાતાવરણ આ રાજયમાં ઉભું કરવા માગીએ છીએ ? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની સરકારમાંથી માનવતા મરી પરવારી છે અને મને કલાપીની એક પંકિત યાદ આવે છે. " રસહીન થઈ દ ારા, દયાહીન થયો નૃપ, નહીં તો ન બને આવું કહીને વૃદ્ધા રડી પડી "

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજયમાં રાજા દયાહીન થાય ત્યારે પ્રજા પાસે રડવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. અને આ પરિસ્થિતિ આજે ગુજરાતમાં ઉભી થઈ છે. દરેક બાબતોની જવાબદારી કેન્દ્ર સરકાર ઉપર નાંખવાની એક ફેશન થઈ ગઈ છે. પોતાની જવાબદારી પોતે અદા નહીં કરવાની પણ પોતે અદા કરવાનો વખત આવે ત્યારે કેન્દ્ર સરકાર તરફ આંગળી ચીંધી દેવાની પણ માનનીય અધ્યક્ષશ્રી, મારા વિદ્વાન મિત્રોને મારે અહીંયા યાદ કરાવવું છે કે જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી તે સાડા છ વર્ષના શાસનમાં ૯૯૬૪ કરોડ રૂપિયાની સહાય કેન્દ્ર તરફથી ગુજરાતને આપવામાં આવી હતી અને ત્યાર પછીના યુ.પી.એ. સરકારના છેલ્લાં સાડા ચાર વર્ષના શાસનમાં ૧૭ હજાર કરોડ રૂપિયાની સહાય કેન્દ્ર દ્વારા ગુજરાતને આપવામાં આવી છે. યુ.પી.એ. સરકારના તોલવાના અને બતાવવાના ત્રાજવા જુદા જુદા નથી ભલે અહીંયા વિરોધી પક્ષની સરકાર હોય પણ ગુજરાતના લોકોના હિતની વાત હોય ત્યાં યુ.પી.એ. સરકાર સદા ગુજરાતની બાજુમાં ઉભી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની યોજનાઓને પોતાની યોજનાઓ બનાવીને ખપાવવામાં આવે છે. ૧૦૮ની એમ્બ્યુલન્સની વાત હોય, કેન્દ્ર સરકાર નાણાં મોકલે ૬૦૦ ગાડીઓ આ રાજયમાં ફરતી થાય એવી પરિસ્થિતિ ઉભી કરવા માટે પૂરતા નાણાં કેન્દ્ર સરકાર તરફથી મોકલવામાં આવે પણ અહીંયા શું પરિસ્થિતિ ઉભી થાય એવા ઉંચા ભાવે ૧૦૮નું ટેન્ડર આપવામાં આવે કે ૬૦૦ના બદલે માત્ર ૪૫૦ ગાડીઓ આપણે ગુજરાતમાં ફેરવી શકીએ. કોનો દોષ ? કોણ જવાબદાર? કેવું શાસન આપણે ગુજરાતને આપવા માગીએ છીએ? માનવતા તો મરી પરવારી પણ મોરાલીટી પણ મરી પરવારી. આ સરકારમાં આપણી સરકારના એક મંત્રી કે જેમની સામે એસ.આઈ.ટી. દ્વારા આરોપ મૂકવામાં આવે

**અધ્યક્ષશ્રી** : માનનીય સિધ્ધાર્થભાઈ, આપ સિનિયર મેમ્બર છો. કોઈ પણ મંત્રીશ્રી વિશે આપને કંઈ કહેવું હોય તો આપે પહેલેથી મને જાણ કરવી જોઈએ, તે મંત્રીશ્રીને પહેલેથી જાણ કરવી જોઈએ.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : મેં કોઈ પણ મંત્રીશ્રીનું નામ નથી દીધું.

---

* (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીમંડળના કોઈપણ સભ્ય ઉપર તમારે આક્ષેપ કરવો હોય તો..(સતત અંતરાય) નહીં નહીં. મારું રૂલિંગ છે. એ સિવાય આગળ વધો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આક્ષેપ પણ કરતો નથી. હું તો માત્ર જે પરિસ્થિતિ છે, એનું નિરૂપણ કરી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી** : કોઈપણ જાતના આક્ષેપ મંત્રીશ્રી માટે (અંતરાય) આપણા નિયમો બહુ સ્પષ્ટ છે. (સતત અંતરાય) નહીં નહીં. જે વિષય તેઓ લે છે. ઓર્ડર ઓર્ડર. એ બે રીતે વાંધાજનક છે. ઓર્ડર ઓર્ડર.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે એફિડેવીટ કરેલી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી. માનનીય સિદ્ધાર્થભાઈ, મને સાંભળો. તમે જે વિષય લો છો, એ બે રીતે વાંધાજનક છે. એક..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપ હતા નહીં. માનનીય પ્રદિપસિંહજીએ કેન્દ્ર સરકારથી માંડીને, નામોથી લઈને કોમવાદીથી લઈને ઘણું બધું કહ્યું છે. આપ આખું પ્રવચન જોઈ લેજો. માનનીય સિદ્ધાર્થભાઈ તો હજુ ઉલ્લેખ કરવા જાય છે અને આખું ગુજરાત જે વસ્તુ જાણે છે, * (xxx)

**અધ્યક્ષશ્રી** : હું એ શબ્દો કાઢી નાંખું છું. આપ બેસી જાઓ. (સતત અંતરાય) શકિતસિંહજી, એ હું કાઢી નાંખું છું. આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. હું બહુ સ્પષ્ટ છું. આ વિષય બે રીતે વાંધાજનક છે. એક કે કોઈ માનનીય મંત્રીશ્રી વિશે આપને વાત કરવી હોય તો તે મંત્રીશ્રીને અગાઉથી જાણ કરવી જોઈએ. અને બીજું કે એ છે કે એ સમગ્ર કેસ કોર્ટની અંદર હોવાને કારણે સબજયુડિશ છે. માટે એ વિષય છોડીને આપ વાત કરો. આપે આગળ બોલવું હોય તો બોલી શકો છો.

**આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલ કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.**

**અધ્યક્ષશ્રી** : આપણા વિધાનસભાના નિયમો બહુ સ્પષ્ટ કહે છે. એક નિયમ એવો છે કે કોઈપણ મંત્રીશ્રી વિશે વાત કરવી હોય તો એ મંત્રીશ્રીને જાણ કરવી જોઈએ અને અધ્યક્ષની પરવાનગી વિના એ જાતની વાત કરી શકાતી નથી. બીજું એ છે કે સમગ્ર વિષય કોર્ટમાં પડયો હોય, કોર્ટમાં દાખલ થયો હોય ત્યારે આપણે એને સબજયુડિશ ગણીએ છીએ. માટે એ વિષય ઉપરની ચર્ચા અથવા તો એ વિષયનો ઉલ્લેખ અહીંયા કરી શકાતો નથી. આ બન્ને નિયમો માનનીય સિનિયર સભ્ય શ્રી સિદ્ધાર્થભાઈ જાણતા હતા. એટલા માટે મારે એમનું ધ્યાન નિયમો અંગે દોરવાની પણ જરૂર નહોતી. પરંતુ જયારે એ વિષય ઉપર તેઓ આગળ વધતા હતા ત્યારે અને ત્યારબાદ એ જ વિષય ઉપર સિદ્ધાર્થભાઈની વાતને સમર્થન કરતા માનનીય ગૃહના વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ પણ એ જ રીતે નામનો ઉલ્લેખ કર્યો. મને લાગે છે કે એમણે કરેલા નામનો ઉલ્લેખ હું કાઢી નાંખું છું અને આ પ્રકારે આપણે સૌએ જે વિધાનસભાના નિયમોમાં મર્યાદિત થાય, એની અંદર જ આપણે ચર્ચા કરવી જોઈએ. અને એ રીતે હું બન્ને બાજુથી ચર્ચા કરવાનો આગ્રહ રાખું છું અને ચર્ચા નિયમોને આધારિત જ રહેવી જોઈએ. નિયમ બહાર કોઈપણ ચર્ચા આ સભાગૃહની અંદર અથવા તો સંસદીય બાબતોની અંદર કયારેય શકય નથી અને એટલા માટે એ બન્ને વસ્તુ સચવાતી નહોતી, એટલે મેં માનનીય સિદ્ધાર્થભાઈને રોકયા હતા. અને એની પાછળનો હેતુ આ હતો. આ સભાગૃહની અંદર કોઈપણ વાત નિયમ વિના આપણે કરવા જઈશું તો સભાગૃહનું સંચાલન અઘરું પડશે. (અંતરાય) કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નહીં. માનનીય પ્રાગજીભાઈ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલ આ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની અંદર રાજયના વિકાસ માટે મહેસૂલ વિભાગની કામગીરીના અનેક ઉદાહરણ સાથે ઉલ્લેખ કર્યા છે. રાજયની અંદર મહેસૂલી વહીવટ વ્યવસ્થા એ કોઈપણ સરકાર માટે પાયાની વ્યવસ્થા છે. રાજાશાહીના સમયની અંદર પણ આવી મહેસૂલી વહીવટ વ્યવસ્થા ગોઠવાયેલી હતી..

એ જ પણ આજે ઈતિહાસમાં જોવા મળે છે. કોઈપણ રાજયના લોકકલ્યાણનો હેતુ સિધ્ધ કરવો હોય તો રાજયમાં મહેસૂલી વહીવટી માળખું સરળ હોવું જરૂરી છે. ગુજરાત રાજય જયારે વિકાસશીલ રાજય બની રહ્યું છે અને નવી આધુનિક ટેકનોલોજીનો આવકાર, ઈ-ગર્વનન્સ અને ઈ-ધરાનો ઉપયોગ અને એનો સ્વીકાર અને એની ઉપયોગિતાની વાતમાં ગુજરાત અગ્રેસર છે ત્યારે મારે કહેવું છે કે તેમના શાસનમાં ૫ મી વિધાનસભામાં તેમના મુખ્યમંત્રીશ્રીએ જાહેરમાં એવું કહ્યું હતું કે આ મહેસૂલી ખાતું નાબૂદ કરવાનું વિચારી રહ્યા છીએ. આવી કોંગ્રેસની પરિસ્થિતી પાંચમી વિધાનસભામાં હતી. હું આ સભાગૃહને જણાવવા માગું છું કે 'મન હોય તો માળવે જવાય' રાજયના કલ્યાણ માટેનો સંકલ્પ મનમાં હોવો જોઈએ અને એના માટે વેદમાં પણ કહ્યું છે કે તન્વે મન શિવ સંકલ્પ

* (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અસ્તુ એટલે કે મારું મન કલ્યાણકારી સંકલ્પોવાળું બનો. કોઈપણ રાજયનું કલ્યાણ કરવું હોય તો આપણામાં કલ્યાણકારી સંકલ્પો બનવા જોઈએ. એવા રાજયના મુખ્યમંત્રીશ્રી જયારે આવા કલ્યાણકારી સંકલ્પો લઈને રાજયનું ખરેખર કામ કરે છે ત્યારે તેમના માટે કહેવું છે કે કામ કરીને નહીં, પરંતુ કામ ન કરીને થાકનો અનુભવ કરતા હોય એવા મુખ્યમંત્રીશ્રી આ વહીવટ આગળ વધારી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી વહીવટી વ્યવસ્થાની વાત કરું તો આટલા પૂરતું રેકર્ડ અને જમીન પૂરતું સીમીત નથી, આપત્તિના સમયમાં કેવી વ્યવસ્થા ગોઠવવી અને એના માટે મહેસૂલી વહીવટમાં એનો સ્વીકાર થયો છે. પૂર રાહત હોય, વાવાઝોડા કે વીજળીનો બનાવ હોય, જયારે જયારે આવી આપત્તિ આવતી હોય ત્યારે આપણો આ વહીવટી વિભાગ એમાં સંકળાયેલ છે. મને ખ્યાલ છે કે ગયા ચોમાસામાં લખતરમાં પૂર આવ્યું ત્યારે નાની મજેઠી ગામના ૧૩ લોકોને હેલિકોપ્ટરથી રેસ્કયુ ઓપરેશન કરીને બચાવી લેવામાં આવ્યા હતા. એટલે આવી પ્રસંશનીય કામગીરી આ વિભાગ મારફતે થાય છે. કુદરતી આપત્તિની વાત કરું તો મૃત્યુ સહાયમાં તા. ૪-૭-૨૦૦૦ થી એની મર્યાદા ૫૦ હજારની હતી એની આ સરકારે ૧ લાખ કરી છે અને એમાં એક તો એવું સીમીત હતું કે વીજળી પડવાથી મૃત્યુ પામે તો ૧ લી મે થી ૩૦ નવેમ્બર સુધીમાં મૃત્યુ પામે વીજળી પડવાથી તો આ સહાય મળતી હતી, પરંતુ હવે તો વાવાઝોડું, કમોસમી વરસાદ કે વીજળી પડવાથી ગમે ત્યારે આખા વર્ષમાં મૃત્યુ પામે તો પણ એના વારસદારોને ૧ લાખ રૂપિયા આપવાની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. કોંગ્રેસના શાસનમાં આપણે સૌ જાણીએ છીએ કે આવી કોઈ વ્યવસ્થા નહોતી. એમના શાસનમાં તો કોઈ દારૂ કે લઠ્ઠો પીને મરી જાય તો સહાય ચૂકવાતી હતી જેથી એમના વારસદારો પણ પીવાનું ચાલુ રાખે. તો આવી વ્યવસ્થા તેમના વહીવટની હતી.

ઈન્સ્ટિટયુટ ઓફ સિસ્મોલોજી કે જે ધરતીકંપ માટેની સંસ્થા છે એના માટેનું પણ માળખું સુધારવા માટે ગાંધીનગરના રાયસણ ખાતે વિશ્વબેંકની સહાયથી અદ્યતન કામગીરી માટેની સંસ્થા સ્થાપવાની કામગીરી પૂર્ણતાને આરે છે. આપત્તિના સમયે ઈમરજન્સી ઓપરેશનની કામગીરી માટે પણ રાજય સરકારે ઘણીબધી કામગીરી પૂર્ણ કરી છે. એના માટે જિલ્લા કક્ષાએ ૨૧ ઈ.ઓ.સી. સંસ્થાની કામગીરી પૂર્ણ કરી છે. આપત્તિના સમયમાં જયારે દેશની અંદર પ્રથમ વખત વિધાનસભામાં પસાર કર્યો છે એ ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ૨૦૦૩ થી અમલમાં આવેલ કાયદો છે. આખા દેશમાં પ્રથમ આપણા રાજયે આ કાયદો પસાર કર્યો છે.

ગામડાંની વાત કરું તો રાજયમાં જયારે નાનામાં નાનું કામ હોય અને પ્રથમ મહેસૂલી વ્યવસ્થાનું કામ તલાટી પાસે ૭-૧૨ અને ૮-અ નો ઉતારાની નકલ મેળવવી હોય તો ૫-૧૦ દિવસ ખેતરનું અને ઘરનું કામ છોડીને તલાટીની રાહ જોઈને બેસી રહેવું પડતું હતું. આવા સમયે આ નકલો કોમ્પ્યુટરાઈઝ ખાતેદારને એક મિનિટમાં મળી જાય એના માટે ઈ-ગર્વનન્સ, ઈ-ધારાની વ્યવસ્થા કરી છે અને એના ૭-૧૨ ના ઉતારા અત્યારસુધીમાં ૯૮ લાખ જેટલા અપાયા છે અને ૮-અ ના ૫૬ લાખ જેટલા ઉતારા અપાયા છે અને મહેસૂલ વિભાગનો આ એક મહત્વનો પ્રોજેકટ છે અને સમગ્ર રાજયમાં આ પ્રથમ પ્રોજેકટ છે અને એની નોંધ આખા દેશમાં લેવાઈ છે. એની નકલ ફી શરૂઆતમાં ૧૫ રૂપિયા લેવાતી હતી. રાજયના ખેડૂતોએ માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી કે આ ૧૫ રૂપિયા વધારે છે ત્યારે મહેસૂલ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આ રકમ ઘટાડીને ૫ રૂપિયા કરી છે એ બદલ હું તેમનો આભાર માનું છું.ગામના નંબર, નમૂના નંબર ૬ ની નોંધ જયારે તલાટી હાથે પાડતા, કેટલીક બાબત જાણી બુઝી પૈસાના ભ્રષ્ટાચાર માટે થઈ અને કોઈના હકક અને હિતને નુકસાન થતું આજે આ તમામ નોંધ નંબર ૬ ની કોમ્પ્યુટરાઈઝ થવાથી કોઈ પણ જાતની ભૂલ ન થાય, આવી અઢી કરોડ નોંધો આજે ગતિમાં છે. એની કામગીરી પૂર્ણ થવા માટે. નકશાની વાત કરું, તો જમીનની માપણી કરવી હોય તો પહેલાના કોંગ્રેસના શાસનમાં ટેબલ માપણી થતી, સાદા દૂરબીનથી માપણી થતી, કયારેક ભૂલ કરે, વિવાદ થાય, પણ આજે અમારી સરકારે ડી.ટી.એમ. અને જી.પી.એસ. જેવી ટેકનોલોજીથી તમામ પ્રકારની માપણી સેટેલાઈટ મારફત સહાયથી કરવા માટે વ્યવસ્થા કરી છે. એનું પણ પરિણામ આવ્યું છે અને જમીનની માપણીના સંબંધમાં વાત કરું તો રાજયમાં પહેલાના સમયમાં ભરાવો થતો, માપણી માટે લેન્ડ રેકોર્ડમાં પૈસા જમા કરાવે એટલે ચાર મહિને છ મહિને ખેડૂતના ખેતરની માપણીનો વારો આવે, ચોમાસુ આવી ગયું હોય તો માપણી શકય ન બને. આ સરકારે ખાનગી સર્વેયરોની પ્રથા પ્રથમવાર અમલમાં લાવી અને વિલંબનું નિવારણ કરવા માટેનો પૂરો પ્રયત્ન કર્યો છે. દસ્તાવેજની વાત કરું તો દસ્તાવેજ કોઈ જમીનનો કે મકાનનો કરવો હોય તો તેના માટે ટોકન લેવા જવા પડે અગાઉથી, અને લાઈનો લાગે, લાઈનમાં ઉભા રહેવું પડે અને સ્ટેમ્પ ખરીદવો હોય તો પણ આ પરિસ્થિગતિ હતી. આજે ફ્રેન્કીંગ સ્ટેમ્પ વ્યવસ્થા, ટૂંકો દસ્તાવેજ, બે પાનાનો, સામાન્ય માણસને ઓછા ખર્ચે તેનો દસ્તાવેજ થઈ શકે તેના માટેઆ મહેસૂલ વિભાગે વ્યવસ્થા કરી છે. ખેડૂતનું પ્રમાણપત્ર લેવું હોય તો તે ખૂબ લાંબી પ્રક્રિયા હતી રાજય સરકારે તાજેતરમાં એક જી. આર. બહાર પાડી અને આ મુશ્કેલીમાંથી ખેડૂતોની મુશ્કલી દૂર કરી છે. કોઈ પણ ખેડૂતોએ બીજા તાલુકામાં કે જિલ્લામાં તેને ખેડૂત પ્રમાણપત્ર રજૂ કરવું હોય જમીન ખરીદવી હોય તો તે પ્રમાણપત્ર નહીં પરંતુ ૭/૧૨, ૮-અ અને સોંગદનામું આ ત્રણ રજૂ કરે તો એની એન્ટ્રી મંજૂર થાય છે. પરંતુ એમાં એ જી.આર.માં એ.ક શરત છે કે એ મૂળ તાલુકાની અંદર જયાં જમીન ધારણ કરતો હોય ત્યાં એની ખરાઈ કરવા

માટે મોકલવામાં આવે છે અને જો બરાબર હોય તો તેની મંજૂર એન્ટ્રી થાય છે અને જો બોગસ હોય તો તેના ઉપર પોલીસ ફરિયાદ કરવાની કાર્યવાહી આ સરકારે હાથ ઘરી છે.

મહિલાઓની તરફેણમાં રાજયના મુખ્ય મંત્રીશ્રીએ આ રાજયની મહિલાઓ માટે જો મોટું કામ કર્યુ હોય તો આ દસ્તાવેજો મહિલાઓના નામના દસ્તાવેજો અને જમીનો થાય છે તે કામ કર્યુ છે. આજે રાજયની મહિલાઓની તરફેણમાં જયારે દસ્તાવેજો થાય છે ત્યારે એપ્રિલ-૨૦૦૮ થી આજ દિન સુધીમા ૨૪,૦૨૮૪૫ જેટલા દસ્તાવેજો મહિલાઓના નામે નોંધાયા છે. એમાં રાજય સરકારે ૧૨૨ કરોડ રૂપિયા જેટલી નોંધણી માફી આપી અને આજે આ રાજયની અંદર આવી મહિલાઓની તરફેણમાં મહિલાઓ ઉચું જીવન જીવી શકે અને સન્માનનીય જીવન જીવી શકે તેના માટે વ્યવસ્થા કરી છે. મહેસૂલ વિભાગે કાયદામા જુદા જુદા સુધારા કર્યા છ`. રાજયના ખેડૂતોને જે કંઈ જયારે મુશ્કેલી પડી ત્યારે મુશ્કેલી દૂર કરવા માટે આ મહેસૂલ વિભાગે પગલાંલીધા છે. હમણાં તાજેતરમાં ગણોતધારાનો ઐતિહાસિક સુધારો હતો તેમાં કલમ ૬૫-૬૬ની ંઅદર ખેડૂતની જમીન બે વર્ષ સુધી પડતર રહે, દુષ્કાળ પડે. આપત્તી આવે ત્યારે આવા સમયે પડતર રહેવાના કારણે એની જમીન સરકારમાં દાખલ થતી હતી. આ સદંતર કલમ કાઢી નાખી અને ગુજરાતના ખેડૂતોના હિત માટેઆ રાજય સરકારે ઐતિહાસિક કદમ ઉઠાવયું તે બદલ હું પણ મહેસુલ મંત્રીનો આભાર માનું છું. આમ જોવા જઈએ તો રાજયના ખેડૂતોને જયારે જયારે મુશ્કેલી પડી, ૮ કિલો મિટરની મર્યાદાનો કાયદો હતો અને રાજયનો ખેડૂત ૮ કિલો મિટરની બહાર જમીન ન ખરીદી શકે, ઉદ્યોગપતિ ગમે એટલે કિલોમિટર દૂર કારખાનું અને ઉદ્યોગ સ્થાપી શકે. ખેડૂતો માટે કોંગ્રેસે પાબંદી કરેલી તેવો કાળો કાયદો અમારી સરકારે દૂર કરી અને રાજયનો ખેડૂત રાજયમાં ગમે ત્યાં ખેતી કરી શકે અને જમીન ખરીદી શકે તેવી વ્યવસ્થા ઉભી કરી. નવી જુની શરતની વાત કરું તો પહેલાના શાસનની અંદર જયારે નવી શરતમાંથી જુની શરતમાં જમીન કરવી હોય તો તેના તળિયા ઘસાઈ જતા, એ ખેડૂતના અને કલેકટરને છેક પાવર આપેલા હતા ભૂતકાળની સરકારોએ, આ સામાન્ય જેને કહેવાય તેવી બાબત નહોતી, અને સામાન્ય ઘરનો ખેડૂત આ નવી શરતમાંથી જુની શરત કરાવી પણ નહોતો શકતો આવા સમયે જયારે આ તમામ વ્યવસ્થા અને તમામ સત્તા તાલુકા લેવલે મામલતદરને આપી અને ખેડૂતોને આ મુશ્કેલીમાંથી બહાર કાઢ્યા છે. બીજી વાત કરું કે સેવા સદનનું નિર્માણ, રાજયમાં પ્રાંત અધિકારીની કચેરી હોય કે મામલતદારની કચેરી હોય કે અન્ય કચેરીઓ પણ આજે નવા નિર્માણ કરી એના માટે પુરતી ગ્રાન્ટ આપી અને એક જ જગ્યાએ બધી ઓફિસો થાય અને અરજદારોને એના માટે આની પૂરતી વ્યવસ્થા મળી રહે તેના માટે આજે સરકારે વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજયના મહેસુલ મંત્રીને આવી સુંદર વ્યવસ્થા ગોઠવવા બદલ અભિનંદન આપી અને પ્રફુલભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેની અંદર મારો સૂર પુરાવી હું મારી વાત પૂરી કરું છું.

વિરામ ૨-૩૦ થી ૩-૧૫

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપર શ્રી પ્રફુલભાઈ પટેલ આભાર પ્રસ્તાવ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન છે એ સરકારની સિદ્ધિઓ એની નીતિઓનું વર્ણન કરતો દસ્તાવેજ હોય છે. સામાન્ય રીતે આ ચર્ચા થાય એનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી આપતા હોય છે પરંતુ છેલ્લા ચાર વખતથી માનનીય મુખ્યમંત્રીશ્રી રાજયપાલશ્રીના પ્રવચનનો જવાબ આપવાનું સમજ્યા નથી કાં તો દૂર રહ્યા છે. સરકારમાંથી કોઈપણ મંત્રીશ્રી એનો જવાબ આપે છે એને અમે સ્વીકાર કરીએ છીએ, પરંતુ કમસેકમ જે સભ્યશ્રી બોલ્યા હોય એનો જવાબ આપવાને બદલે પોતાની સિદ્ધિઓના વર્ણનથી કોઈ સુધારો નહિ આવી શકે. રાજયપાલશ્રીના પ્રવચનમાં સિદ્ધિઓ વર્ણવી હોય એનાથી કોઈ વિપરીત વાત હોય એ વાત અમે સરકારશ્રીના ધ્યાને મૂકતા હોઈએ છીએ.

આજે રાજયનું કર્જ વધતું જાય છે. મેં એક વખત રાજયપાલશ્રીના પ્રવચન ઉપર કહ્યું હતું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજયમાં સત્તા ઉપર આવી છે ત્યારથી રોજનું દસ કરોડ રૂપિયાનું ડ્રેઈન આઉટ થાય છે, ત્યારે દેવું ૨૦ હજાર કરોડ રૂપિયા હતું આજે એમાં સુધારો કરીને આ આવ્યા પછી ૩૦ હજાર કરોડ રૂપિયા ડ્રેઈન આઉટ થયું છે. મેં ત્યારે માગણી કરી હતી કાં તો આ પૈસાનો ખર્ચ થયો છે એના લેખા જોખા માટે વિધાનસભાના વિરોધપક્ષના નેતાના અધ્યક્ષપદે એક સમિતિ નીમો કાં તો જાહેર હિસાબ સમિતિના ચેરમેન પદે, એમાં ૬૦ ટકા સત્તાધારી પક્ષના અને ૪૦ ટકા વિરોધપક્ષના સભ્યો હોય એ આ જે કર્જ વધ્યું છે એની તપાસ કરે. ૧૯૭૮માં ૧૪ હજાર કરોડ રૂપિયા અને છેલ્લે મહાલેખાકાર તરફથી આંકડા આપવામાં આવ્યા એમાં ૨૦૦૧માં ૪૫ હજાર કરોડ રૂપિયા કર્જ હતું અને આ ૩૧ માર્ચ, ૨૦૦૭માં ૮૭૯૭૧ કરોડનું કર્જ થયું છે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારે પોતાની સિદ્ધિઓ વર્ણવામાં કાંઈ બાકી રાખ્યું નથી. ૮૭૯૭૧ કરોડનું કર્જ ૨૦૦૭ના માર્ચ માસમાં હતું એ અંદાજે આજે જોઈએ તો એક લાખ કરોડ સુધી આંબી ગયું હશે. ૧૯૬૦માં ગુજરાત રાજયની રચના થઈ ત્યારે ફક્ત ૧૪ હજાર કરોડ રૂપિયાનું દેવું હતું જ્યારે આવતા વરસે સ્વમર્ણી ગુજરાત ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે એ ૧૪ હજાર કરોડથી વધીને એક લાખ કરોડ રૂપિયાનું કર્જ થઈ ગયું

હશે. આ કર્જ ભરવા માટે રાજયની પ્રજા સક્ષમ છે પરંતુ આ કર્જ શેના કારણે થયું એનો મુદ્દાસર જવાબ મળે એવું આપની મારફતે સરકારશ્રીનું ધ્યાન દોરું છું.

અહીંયા વર્ણવામાં આવ્યું એમાં રોજગારી ક્ષેત્રે આ રાજયને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ મળ્યો છે. હું તો મારા જિલ્લા પૂરતા આંકડા આ ગૃહની અંદર સન્માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ આપ્યા એમાં માંડવીના ધારાસભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં રોજગાર કચેરીમાં ૨૦૦૮માં કેટલી નોંધણી થઈ એમાં ૧૮ હજાર રોજગારલક્ષીની નોંધણી થઈ હતી એમાંથી કેટલાને કામ આપવામાં આવ્યું તો ફક્ત ૮૫ લોકોને રોજગારી અપાઈ છે. અડધો ટકો પણ નહિ, આજે લાખો લોકોને રોજગારી આપવાની વાત કરી છે. ઉદ્યોગો માટે આપણે મોકળું મેદાન આપીએ છીએ, જો ઉદ્યોગો આવતા હોય તો ગૌચરની જમીન પણ આપી દઈએ છીએ જેથી લોકોને રોજગારી મળે. ઓટોમાઈસેશનની રીતે આજે રોજગારી આપવાનું શકય નથી. તો કમસેકમ વાસ્તવિકતાનો સ્વીકાર તો કરીએ કે આપણે ત્યાં શિક્ષિત યુવાનોને રોજગારી આપવા માટે રોજગારલક્ષી ઉદ્યોગો આવે તો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજની વાત નથી કરતો, ૧૯૯૩માં હું જ્યારે ભારતીય જનતા પાર્ટીનો સભ્ય હતો ત્યારે આ ગૃહમાં પણ મેં કહ્યું હતું કે નાત નાતનું જમે અને કોઈકને વાને પાણી. આ રાજયમાં ઉદ્યોગો સબસિડી મેળવે, પણ રાજયના યુવાનોને રોજગારી આપવા માટેની તેમને કોઈ ચિંતા હોતી નથી. આપણે ૮૫ ટકા સ્થાનિક રોજગારીનો નિયમ કરેલો છે. તેનું પાલન કેટલું થાય છે તે જો માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું હોત તો હું વખાણત, પણ અહીં તો જે વાતો કહી હોય, સુજલામ્-સુફલામ્ યોજના માટે ખૂબ કહેવાયું. અગાઉના વખતે આ યોજનાના અમલીકરણ માટે થઈને અમે તેના ભયસ્થાનો, તેના અમલીકરણની ખોટી નીતિ-રીતિઓ સામે આ ગૃહમાં પણ કહેલું હતું. જે અહેવાલ પબ્લિક એકાઉન્ટ કમિટીએ તૈયાર કરેલો છે તે તો ગૃહમાં આપની અનુમતિથી જ્યારે રજૂ થાય ત્યારે પણ આજે સી.એ.જી.ના રિપૉર્ટમાં તેના માટેની કેટલીય હકીકતો આંખો ઉઘાડી દે તેવી રીતે આવી છે. તેમાં અમે આ સરકાર કયાં ભૂલો કરી રહી છે તેનું ધ્યાન દોરેલું. તે વખતે તેમણે કાન ઉપર લીધું નહીં પણ સી.એ.જી.માં એમણે કબૂલાત કરી કે ૧૩૦૯ કરોડ રૂપિયાના કૉન્ટ્રેક્ટમાંથી ૬૩૧ કરોડ રૂપિયાના કામો એક જ કોન્ટ્રાકટરને આપવામાં આવ્યા અને તેમણે આ કામો સમયસર પૂરા કર્યા નથી અને એક ટેન્ડર જે ૭૪ કરોડનું ટેન્ડર આવેલું તે રીટેન્ડર કરીને ૮૮ કરોડ રૂપિયામાં ટેન્ડર આવ્યું એ સુધારીને ૯૫ કરોડ રૂપિયામાં આ સરકારે એ પાર્ટી ઉપર ન્યાલ થઈ હોય તે રીતે તેમને કામ આપ્યું. સ્પ્રેડીંગ ચેનલ અને એ બધાના કામો જે રીતે મોડા થયા, ૯ માસથી ૩૦ માસ સુધીનો વિલંબ આ કામોમાં થયો અને ૬૩૭ કરોડ રૂપિયાના આ બધા જ ૨૨ કામો જે છે તેમાં આ થયું. આ સ્પ્રેડીંગ ચેનલના કામો કેટલા મોંઘા પડ્યા તેની સરખામણી કરીએ, આ સભાગૃહના હાલના સન્માનનીય સભ્ય આર.સી. ફળદુ સાહેબે એક સવાલ પૂછેલો. અતારાંકિત સવાલ હતો. તેમાં સરકાર તરફથી જે માહિતી આપવામાં આવી તે સ્પ્રેડીંગ ચેનલને કારણે ૬૪,૫૩૮ હેકટરની ઉદ્‌વહન સિંચાઈ યોજના સ્પ્રેડીંગ ચેનલમાં જે વરસાદી પાણી ભરાયું તેના કારણે થઈ શકી અને પાઈપલાઈનનો આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો રાજયપાલશ્રીના પ્રવચનમાં, તેના મારફત માત્ર ૯૦૦૦ હેકટરની સિંચાઈ થઈ શકે. આના માટેનું ખર્ચ કેટલું થયું, ૧૭૦૦ કરોડ રૂપિયા ઉપરનું ખર્ચ થયું. નર્મદા યોજના જે ઢાળિયા મારફતે ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાની વાત છે. લાઈનીંગવાળી ચેનલ્સ બનાવવાની છે, પાણીનો બચાવ થવાનો હતો તેના બદલે અહીં પાણીનો બચાવ થવાનો નથી, લિફ્ટ કરીને પાણી લઈ જવું પડે અને તેનો ખર્ચ એક હેકટરે ૨,૩૦,૦૦૦ રૂપિયાનો સરકારે કબૂલેલ છે. આ હિસાબે ગણીએ તો નર્મદા યોજનાનું ખર્ચ ૪૫ હજાર કરોડ રૂપિયા કરતાં આજના ભાવ વધી જાય. પાયાની અંદર આ જે સુજલામ્-સુફલામ્ યોજના છે તેમાં ખર્ચ કરવા માટેની જે • (xxxxx) કે જે કંઈ થયું હોય તેના માટેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી હોય, તેના માટેની કોઈ તપાસ કરવામાં આવી હોય એવું કયાંય આ પ્રવચનમાં પ્રતિબિંબિત થતું નથી. એટલા માટે..

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર, માનનીય બાબુભાઈ સિનિયર સભ્ય છે અને *(xxxx) શબ્દ પ્રયોગ જે કર્યો છે એ હું સમજું છું કે અસંસદીય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે, હું સ્વીકાર કરું છું કે એ * (xxxx) શબ્દ કદાચ નહીં હોય પરંતુ વણ સમજ્યું ખર્ચ કરવામાં આવ્યું અને એની જો મૂલવણી થઈ હોત તો..

**અધ્યક્ષશ્રી** : * (xxxxx) શબ્દ અસંસદીય ડીકલેર થયેલો છે. એ શબ્દ હું કાઢી નાખું છું. આપ આગળ વધો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખર્ચ થાય, ખોટું ખર્ચ થાય, તેને સમજવાની, તેને સુધારવા માટેની કોઈ તાલાવેલી સરકારમાં હોવી જરૂરી છે. એટલું મારે આપના મારફત માનનીય સરકારશ્રીમાં બેઠેલાંઓને, તેમના મંત્રીશ્રીઓને જણાવવું છે કે આ રીતે રાજયની પ્રજાના ટેક્સમાંથી આવેલા પૈસા છે. આ રીતે પૈસાનો વ્યય થતો હોય અને તેની ચેતવણી પણ આપવામાં આવે તો એને હળવાશભરી રીતે લેખવામાં આવે નહીં, (સમયસૂચક ઘંટડી) મેં હજી શરૂઆત કરી છે. મહેસૂલ વિભાગ તરફથી જમીનની ફાળવણી શું ભાવે ઉદ્યોગોને કરવામાં આવે છે,

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

એની સરખામણી મહેસૂલ મંત્રીશ્રી કરે તો ખ્યાલ આવશે, એની મુલવણી કરશે તો ખબર પડશે. સરકારે પાણીના ભાવે આ જમીનો બધાને આપી છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. શ્રી કાળુભાઈ વિરાણી..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હજી તો શરૂઆત કરી છે..

**શ્રી કાળુભાઈ વિરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજયપાલશ્રીએ ગૃહમાં ઉદ્‌બોધન કર્યું છે અને તેમનો આભાર પ્રસ્તાવ લઈને આ ગૃહના સભ્યશ્રી પ્રફૂલભાઈ આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં અને આજે પણ લોકો એમ કહે છે કે, આપણો ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે. આપણું રાજય ખેતીપ્રધાન રાજય છે અને વર્ષો સુધી આપણે પણ કહીએ છીએ કે આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. માનનીય રાજયપાલશ્રી એમનું સંબોધન કરવા ઊભા થયા ત્યારે આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ જે ગૃહને ન શોભે તેવું વાતાવરણ ઊભું કર્યું. વિરોધ લઈ શકાય, વાતો કરી શકાય પણ રાજયના રાજયપાલશ્રી એમનું ઉદ્‌બોધન કરતા હોય ત્યારે, મને એમ લાગે છે કે, આપણી કમનસીબી છે કે સભ્યો સાંભળી ન શક્યા અને મારે કહેવું છે કે, વર્ષો સુધી ખેતીની આપણે વાતો કરી, ખેતી પ્રધાન દેશની વાતો કરી. પણ વર્ષો સુધી સરકારમાં બેઠેલા લોકોએ ખેતીની ચિંતા નહોતી કરી. ઘણા સભ્યોએ ઉદ્યોગો માટેની વાતો કરી છે. મહેસૂલમાંથી જમીનો આપી દીધી એવી વાતો કરી છે. મારે કહેવું છે કે, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે ચિંતા કરી રહ્યા છે, ખેતીને વધારેમાં વધારે પ્રાધાન્ય આપી રહ્યા છે અને મને કહેતાં ગૌરવ થાય છે કે, પાંચ વર્ષમાં કૃષિનું જે ઉત્પાદન વધ્યું. આ બહુ સીધી સરળ વાત છે. આ રાજયની ૫.૫ કરોડની વસ્તી છે એ વસ્તીનો ઉદ્ધાર કરનાર કોઈ હોય તો ખેતી છે, ખેડૂત છે. પહેલાં ખેતીને કયારેય પ્રાધાન્ય આપવામાં આવ્યું નહોતું, પ્રોત્સાહન આપવામાં આવ્યું નહોતું. કૃષિ ઉત્પાદન બાબતમાં ૨૦૦૧ની સાલથી શરૂ કરીને જોઈએ તો આજે ૪૮૦૦૦ કરોડે પહોંચ્યું છે. આજે સામી પાટલી પર બેઠેલા લોકો સ્વીકારે કે ન સ્વીકારે પણ ૫.૫ કરોડની જનતા સ્વીકારે છે અને એનું પરિણામ આપણે ત્રણ ત્રણ વખત જોયું. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનને સાંભળી ન શકે, એમને બોલવા ન દે પણ ૫.૫ કરોડની જનતા એની નોંધ લેતી હોય છે. આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ ઈશ્વરને પ્રાર્થના કરીને, સાથે બેસીને ચિંતા કરશે તો ગુજરાતની પ્રજા એમનું માનતી થશે. જેમણે ૫૦ વર્ષ સુધી કાંઈ ન કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રસ્તાની વાત કરવી છે. હું ૧૯મા વર્ષે રાજકારણમાં પ્રવેશ્યો છું. ત્રણ-ત્રણ ટર્મ સુધી સરપંચ રહ્યો છું. ધારાસભ્યશ્રી તરીકે કોથળાઓ ઉપાડ્યા છે. પહેલાં કોઈ ગામમાં ૨૫-૫૦૦૦૦ નહોતા વપરાતા. ગામડામાં વહેતી નદીઓ સૂકી ભઠ્ઠ થઈ ગઈ હતી. પાણી માટે બહેનોને કપાળ ફોડવા પડતા હતા. ધન્યવાદ છે આ રાજયની સરકારને કે એને નદીઓને વહેતી કરી અને ધરતી પર લીલોતરી કરી હરિયાળી બનાવી. આ રાજયની ગામની નદીઓ વહેતી થઈ ગઈ. ૫૦ વર્ષમાં પાણી વહી ગયું હતું.  કે તમે રાજયપાલશ્રીના પ્રવચનને અટકાવો એ કરતા મનોમન એક મંથન કરો કે જે ભા.જ.પ.ની સરકાર અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી કામગીરી કરી રહ્યા છે એ મનોમન ઉતારીને એની પ્રેરણાથી ચાલશોને તો મને લાગે છે કે થોડી  દ ાણી સીટોનો આવતા દિવસોમાં વધારો થાય.  આજે પ્રજાજન ખૂબ હોશિયાર છે.

ખેતીપ્રધાન દેશમાં આજે ગૌરવ સાથે કહી શકું કે ગામડામાં જયોતિગ્રામ યોજના, વિચાર તો કરો, બહુ મને યાદ છે ૧૯૯૮માં હું પહેલી વખત ચૂંટાઈને આવ્યોને અને કામ કરવાની બહુ તાલાવેલી હતી, ખૂબ મહેનત કરતા હતા, ગૃહ પૂરું થાય, એટલે ગામડામાં જઈએ, પ્રવાસે જઈએ મતદારો અને ગામલોકોએ ખૂબ સહકાર આપ્યો, હોય, ઘરે બોલાવીને ચા-પાણી પાય, પછી એક બાજુ બોલાવીને કહે કે કાળુભાઈ તમને મત આપ્યા છે, સરકારમાં તમે છો પણ હવે આ લાઈટ વાળુ કરવા બેસીએ છીએ અને જતી રહે છે એનું કંઈક કરજો. એટલી વાત સાંભળીએને ત્યાં બાજુમાંથી રૂમાંથી બહેન નીકળે એ કહે કે વાળુ ટાઈમે આવે તો સારું પણ સવારે છાશ રેડીએ ત્યારે લાઈટ જતી રહે છે, આ પ્રશ્ન સાંભળ્યા પછી જ્યારે ગામની બહાર નીકળતા હોઈએને ત્યારે ગામનો યુવાન ધોમધખતા તાપમાંથી ગાડુ લઈને આવતો હોય, પડકારો મારીને કહે કે ઉભી રાખો ગાડી, તમે તો ગાડીમાં બેઠા બેઠા એ.સી. ગાડીમાં ફર્યા કરો પણ બપોરે વચ્ચે બે કલાક સુવું હોય તો માખીઓ હખ લેવા દેતી નથી આ પરિસ્થિતિ હતી, ગૌરવ સાથે અમે કહી શકીએ ગુજરાતમાં ૨૪ કલાક જયોતિગ્રામ યોજના આ કોણે પેદા કરી, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપવા પડે કે જયોતિગ્રામ યોજના લાવીને આ રાજયના ૧૮હજાર ગામોને જળહળતા કર્યા છે.  કૃષિ ઉત્પાદન વધાર્યુ છે.  સહકારી ક્ષેત્રે આજે સમગ્ર સૌરાષ્ટ્રમાં એ.પી.એમ.સી.માં નજર નાખો એમાં કોંગ્રેસના મિત્રો પણ બેઠા હશે.  જ્યારે ખેડૂતો માલ વેચવા આવતા હતા ધૂળની ડમરીઓ ચડતી હતી.  કોઈપણ વ્યવસ્થા નહોતી,  સરકારને કારણે આજે એ.પી.એમ.સી. ઓ પણ આજે ખૂબ સારામાં સારી બની રહી છે અને ખેડૂતને ખૂબ સારી સગવડતા મળે છે.  આજે ખેડૂત (અંતરાય) ૫૦ વર્ષમાં ટેક્નૉલૉજીમાં યાદ પણ નહોતું આવ્યું

**અધ્યક્ષશ્રી** :  નટવરસિંહજી દખલ ઉભી ના કરો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : હવે આજે આ બધું પ્રમાણપત્ર તો પ્રજા પાસે લેવા જવું પડે. સાડા પાંચ કરોડની વસ્તી પ્રમાણપત્ર આપતી હોય છે, આપણે પાટલીયો થપથપાવવાથી એનું પરિણામ નથી આવતું, આપણે ગૃહમાં ગેરહાજર રહીએ તો એનું પરિણામ આવતું નથી. પરસેવો પાડે તો ફળ મળે છે. સરદાર સરોવર, ક્યારે એનું ભૂમિપૂજન થયું હતું અને ક્યારે પૂર થયું એનો વિચાર તો કરો આજે આ સરદાર સરોવરનું પાણી આખા ગુજરાતમાં ઘૂમે છે.

સુજલામ સુફલામની અહીંથી વાત કરે છે પણ ઉત્તર ગુજરાતના ધારાસભ્યશ્રીને મારે પૂછવું છે , એમના હૃદયને પૂછે રાત્રે સૂતા હોય ત્યારે ઈશ્વરની પ્રાર્થના કરે, એને કયારેય પણ કોઈ આવી યોજના જોઈ હતી અને જોઈ હોય તો ઉત્તર ગુજરાતમાંથી તો વર્ષોથી ધારાસભ્ય ચૂંટાઈને આવતા હતા. અને એ આજે અમારું કરેલું તમે બતાવો. રસ્તાઓની વાત કરીએ આજે આ પ્રગતિપંથનો રસ્તો તમે જોવો, આજે મને કહેતાં ગૌરવ થાય છે, હું અમરેલી જિલ્લામાંથી આવુ છું, ત્રીજી ટમમાં ચૂંટાણાને એક વર્ષ થયું છે અને અમરેલી જિલ્લામાં ગુજરાતની સરકારે સાડા ત્રણસો કરોડ રુપિયા રસ્તા માટે ફાળવ્યા છે. ગામડાની જનતાને બ્રીજનું નામ નહોતું આવડતું આજે ગામના પાદરમાં નાનીમોટી નદી હોય તો એની ઉપર બ્રીજ બની જાય છે. કેન્દ્ર સરકારની વાત મારે અહીં નથી કરવી અને તમે કહેતા હોવ તો કરું, આ ખેતીપ્રદાન દેશને ખેડૂતોના નામે વાત કરે છે કેન્દ્ર સરકાર પણ અમારા ખેડૂતો આ ચેકડેમો બનાવ્યા પછી પાણીના તળ ઊંચા આવ્યા પછી ખેડૂતોનું જે ઉત્પાદન વધ્યું છે અને આજે ઘઉં એટલા બધા પેદા કરી શકે છે પણ કેન્દ્રની સરકાર બહારથી ઘઉ લાવીને આજે અહી વેચે છે. બહારના ઘઉં ખેડૂતની વાત કરનારા લોકો ખેડૂતને માટે મુશ્કેલી ઉભી કરે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર દ્વારા ૧૨ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા એની ખૂબ વાતો થઈ અને ખૂબ પ્રચાર થયો. પરંતુ રિઝર્વ બેંક દ્વારા ૧૭૪ લાખ કરોડ રૂપિયાનું સમગ્ર ભારત દેશમાં ધિરાણ થાય છે ત્યારે ૧૨ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા એના ૮૦ ટકા લેખે ૧૦ લાખ કરોડ રૂપિયાનું ધિરાણ જોઈશે. આટલા મોટા એમ.ઓ.યુ. કર્યા પછી આટલા પૈસા ક્યાંથી આવશે એ અમને ખબર પડતી નથી. રાજ્ય સરકાર દ્વારા અમને આર.ટી.આઈ.ના માધ્યમથી વિગતો જણાવવામાં આવેલ છે કે આગલા ત્રણ વર્ષના એમ.ઓ.યુ.માં ૧૫ ટકા ઉદ્યોગ કાર્યરત થયા છે એવો જવાબ આપેલ છે. સમગ્ર ભારત દેશમાં અત્યારે ૨૫ હજાર કરોડ રૂપિયાના કારખાનાઓ માંદા પડ્યા છે અથવા તો બંધ પડ્યા છે. એમાં ૨૫ હજાર કરોડના કારખાના અને ફેકટરીઓમાંથી ૨૩ હજાર કરોડ રૂપિયાની ફેરટરીઓ તો ફક્ત ગુજરાતની છે. *(ઘરના ઘંટી ચાટે અને બહારનાને આટો )એવી આ સરકારની વાત છે.

**અધ્યક્ષશ્રી** : આ શબ્દો અસંસદીય છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે એમ કહીએ કે, મારી બહેનો તમને તકલીફ હોય તો ગાંધીનગર તમારો ભાઈ બેઠો છે. પણ આજે હીરા ઉદ્યોગના કારીગરો અને એમના ઘરવાળા પણ આત્મહત્યા કરે છે પણ આ ભાઈ ક્યાં બેઠા છે એ એમને ખબર નથી. હમણાં કાળુભાઈ મારા સાથી સભ્યશ્રી જ્યોતિ ગ્રામ યોજનાની વાત કરતા હતા. એક વર્ષમાં ચાર વખત વીજળીના ભાવમાં વધારો કર્યો. સમગ્ર ભારત દેશમાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે વધારેમાં વધારે અને મોંઘામાં મોંઘી વીજળી ગુજરાત રાજ્યમાં છે. આજની તારીખે ગુજરાત કરતાં બિહારમાં ૫૦ ટકા ભાવથી વીજળી મળે છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ન બોલવા દેવાના હોય તો અમે પણ નહીં બોલવા દઈએ.

**અધ્યક્ષશ્રી** : દંડકશ્રી, આપના સભ્યોને કહી દો આ પ્રકારનો અવાજ કરશે તો હું નેઈમ કરીશ.

**શ્રી આર.સી. ફળદુ** : એ લોકો પણ અવાજ કરતા હોય છે.

**અધ્યક્ષશ્રી** : એ કરશે તો હું જોઈશ. અત્યારે આપના સભ્યોને કહો, નહીં તો મારે એમને નેઈમ કરવા પડશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ નર્મદા યોજનાનું કામ ખૂબ ઝડપથી અને એકદમ સ્પીડમાં થવું જોઈએ એના બદલે એકદમ ધીમું અને સાત વર્ષમાં ફક્ત ૧૦ ટકા કામ થયું છે. એમાં પણ એટલો બધો ભ્રષ્ટાચાર કે એના લીધે નબળું કામ થયું છે અને કેનાલના પાળાઓ તૂટી ગયા. ફરી મચ્છુ બંધ જેવો બનાવ ન બને એવી કાળજી પણ સરકાર દ્વારા લેવામાં આવી નથી. કહેવામાં આવે છે કે હું ખાતો નથી અને ખાવા દેતો પણ નથી. સુજલામ્ સુફલામ્માં હું નથી કહેતો પણ કેગ અને એમના ધારાસભ્ય કહે છે કે એમાં ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો છે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય કહે છે. નીરોગી બાળ વર્ષ ઉજવવાની સરકારે મોટા મોટા બૅનરો અને એક જ વ્યક્તિના ફોટા સાથે જાહેરાતો કરીને ઉજવણી કરી. રાજ્યમાં બાળ નિષ્ણાંત ડાંકટરો ૪૬ છે એમાં ૩૫ જગ્યા ખાલી છે અને ૧૧ ભરાયેલ છે. ૧૧ ડાંકટરો દ્વારા આખા રાજ્યને નીરોગી બનાવવાની આ

* ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

સરકારની યોજના છે. પ્રવાસન વર્ષ ઉજવવામાં અગાઉ સરકારે ખૂબ મહેનત કરી પણ સમગ્ર ભારત દેશમાં ગુજરાત રાજ્ય પ્રવાસનમાં ૧૦મા ક્રમે આવ્યું. જે રાજ્યમાં ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સોમનાથ, દ્વારકા અને ઘુડખર અભયારણ્ય અને ગીર જેવા સ્થળો હોય, અનેક ઐતિહાસિક સ્થળો હોવા છતાં એમાં દસમા ક્રમાંકે આવ્યું અને વિદેશના લોકો જે દેશની અંદર પ્રવાસ કરવા આવે છે એમાં ૧૭મા ક્રમાંકે ગુજરાત આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં એમ કહેવામાં આવે છે કે હું ખાતો નથી, ખાવા દેતો નથી. આદિવાસી મંડળીઓને ટેન્ડરથી માછીમારી માટે એમને ડેમની અંદર કોન્ટ્રાકટ આપવાના હોય પણ ૩૮-૩૮ ડેમના કોન્ટ્રાકટ એમને એમ બારોબાર અપાય જાય છતાં એમ કહેવામાં આવે કે હું ખાતો નથી ખાવા દેતો નથી. ગુજરાતમાં દરરોજ ૧૦ કરોડ રૂપિયાનો દારૂ કયાંથી આવે છે? આ રાજ્યની અંદર કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા. કઈ રીતે કર્મયોગી બનાવ્યા કે જે કર્મચારી દસ હજાર રૂપિયા લેતો હતો એ એક લાખ રૂપિયા લેતો થઈ ગયો. જે નહોતો લેતો એ લેતો થઈ ગયો.  ગરીબોની સહાય માટે જે મકાનો આપવામાં આવે છે એમાં સરકારને સહાય વધારવામાં તકલીફ છે પણ રણોત્સવ થાય એમાં એક વ્યકિતને એક રાત રોકાવા માટે પાંચ-પાંચ લાખ રૂપિયાના ટેન્ટ બનાવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા એ કહેવું છે કે સાબરમતી જેલ આજે માફિયા હાઉસ બની ગયું છે. પાંચ વર્ષમાં ૧૬૧ હુમલા થયા, ૩ ખૂન થયા રાજ્યની અંદર છતાં આ સરકાર એમ કહે છે કે આ રાજ્ય એ ખૂબ સલામત રાજ્ય છે.  જે વ્યકિત રામના નામની વાત કરતી હોય, મહંમદ ગજનીએ ૪૫ મંદિર તોડ્યા તોય આપણે હજુ એને ભૂલતા નથી પણ એક વર્ષમાં ૩૧૧ મંદિરો આ સરકારમાં તૂટ્યા.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહીમ રાજ્યપાલશ્રી દ્વારા આ સન્માનનીય સભાગૃહમાં જે પ્રવચન કરવામાં આવ્યું છે તેના ઉપર મારા સાથી મિત્ર પ્રફુલ્લભાઈ પટેલ દ્વારા આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીએ તેના પ્રવચનમાં સાચે જ ઉલ્લેખ્ કર્યો છે કે અભ્યાસ કરવાનું મળે, તમામ બાળકોને એનું પ્રાથમિક શિક્ષણ મળી રહે એ આ સરકારનું ધ્યેય છે. મે-જૂન દરમ્યાન શાળા પ્રવેશોત્સવનો એક ખૂબ મોટો કાર્યક્રમ સમગ્ર રાજ્યમાં તાલુકા, જિલ્લાથી માંડીને ગામડે ગામડે આ પ્રવેશોત્સવ આ રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતો હોય છે. આ ગુજરાત સરકાર એક માત્ર સરકાર છે કે સમગ્ર દેશની અંદર જે બાળકોના પ્રાથમિક શિક્ષણ માટેની આટલી ચિંતા સેવી રહી છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ રાજ્યના મંત્રીશ્રીઓ, આઈ.પી.એસ. અધિકારીશ્રીઓ, આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, કલેકટરશ્રીઓ, ડી.ડી.ઓ.થી માંડીને નાનામાં નાનો કર્મચારી, નાનામાં નાનો કાર્યકર્તા આ શિક્ષણ પ્રવેશોત્સવમાં સહભાગી બનીને પોતાનું યોગદાન આપતો હોય છે. હું શહેરી વિસ્તારમાંથી આવું છું. શહેરી વિસ્તારમાં તો એના નાગરિકો, એના વાલીઓ એટલા બધા જાગૃત હોય છે કે પ્લેગૃપ કે નર્સરીમાં પ્રવેશ અપાવવા માટે રાત્રીના ૨-૩-૪ વાગ્યા સુધી લાઈનોમાં ઊભા રહીને એના બાળકોને એડમિશન અપાવવા માટે જાગૃત રહે છે પણ એ જાગૃતિ ગામડાના વિસ્તારોમાં જોવા મળતી નથી. આ ગામડાના વિસ્તારની અંદર આ જાગૃતિ જોવા મળતી ના હોવાના કારણે આ જાગૃતિ ઊભી કરવા માટેનો કાર્યક્રમ એટલે આ શાળા પ્રવેશોત્સવ કરવામાં આવે છે. મે-જૂનની અંદર સુરત જિલ્લાનો માંગરોળ તાલુકો એ એક આદિવાસી તાલુકો છે એમાં ત્રણ દિવસ સુધી આ ગામડાની અંદર પ્રવેશોત્સવમાં આ શહેરના ધારાસભ્ય તરીકે જવાનો મને મોકો મળ્યો છે. જિલ્લા મથકેથી દોઢ સો કિલોમીટર દૂર આદિવાસીઓના નાના નાના ગામડાઓમાં બાળકોના પ્રવેશ માટે જે કાળજી લેવામાં આવી છે એ આ સરકાર તરફથી લેવામાં આવી છે. એવી કાળજી કયારેય અન્ય રાજયોમાં લેવામાં આવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, પોતાના બાળકને શાળામાં પ્રવેશ આપવા આવેલા મા-બાપની આંખમાં આર્શીવાદના આસું હતા, તે દિવસે મેં જોયા છે. એ મા-બાપ એવું ઈચ્છે કે અમે સાહેબ અમે અભણ રહી ગયા, એમનું કહેવું હતું કે, અમે અભણ રહી ગયા પરંતુ આ ગુજરાત સરકાર અમારા બાળકોની મા-બાપ બનીને આવી છે આ ગુજરાત સરકાર અમારા મા-બાપ નહીં પણ અમારા બાળકોની બાપ બનીને આવી છે અને અમારા બાળકોના પ્રવેશ માટે આટલી મોટી સંખ્યામાં આટલા મોટા અધિકારીશ્રીઓ આજે આવ્યા છે માટે અમે ધન્ય થઈ ગયા છીએ. સાહેબ એમનું કહેવું છે (અંતરાય) શાંતિથી સાંભળો, આમાં કેન્દ્ર સરકારની કોઈ ટીકા નથી થતી મારા ભાઈઓ સાંભળો. દુ:ખવું જોઈએ તમને પેટમાં ક્યારે કે જ્યારે હું તમારી કેન્દ્ર સરકારની કોઈ ટીકા કરતો હોઉં, આ તો રાજય સરકારની નીતિનો જે અમલ થાય છે એની હું વાત કરું છું એ પણ તમે સાંભળવા માગતા નથી.તા નથી Bad luck, bad luck on the part of the House. આ રાજય સરકાર નાના નાના બાળકોના પ્રવેશમાં જે કાળજી લે છે એની હું વાત કરતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, એ મા-બાપ સાથે વાત કરવાનું મને મન થયું અને એમણે કહ્યું કે, સાહેબ આ ખૂબ મોટી વાત તમે કરી રહ્યા છો, અમે ભલે ભણી ન શક્યા પણ અમે અમારા બાળકોને અમારું પેટ કાપી, પેટે પાટા બાંધીને પણ અવશ્ય ભણાવીશું એવી લાગણી જ્યારે એમણે મારી સમક્ષ રજૂ કરી ત્યારે મને પણ ખૂબ આનંદ થયો કે એક સરસ એવા કાર્યક્રમમાં શહેરી વિસ્તારના ધારાસભ્ય તરીકે મને જોડાવવાનો મોકો મળ્યો આ

જિંદગીમાં ખૂબ ઓછા લોકોને તક મળતી હોય છે એવી તક હું ઇચ્છું છું કે આ હાઉસમાં બેઠેલા તમામ મિત્રોને જ્યારે જ્યારે પણ મળે ત્યારે ત્યારે પણ આ તક અવશ્ય પ્રાપ્ત કરશે એવી મારી નમ્ર અપીલ છે.

મહામહિમ રાજયપાલશ્રીએ તેઓના પ્રવચનમાં ગ્રામ સભાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. વિવિધ સરકારી યોજનાઓનો પારદર્શક અમલ થાય એ માટે સરકારે ગ્રામ સભાની વ્યવસ્થાને વધારે કાર્યક્ષમ બનાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા આયોજીત અગિયારમા તબક્કાની આ તબક્કા દરમિયાન વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંતરિયાળ અને આદિવાસી ગામો વારોલી, તલાદ અને શીલધાની ગ્રામસભામાં મને જવાનો મોકો મળ્યો છે. શહેરી વિસ્તારના ધારાસભ્ય તરીકે ગ્રામ સભા હોઈ શકે એનો મને કયારેય ખ્યાલ નહતો. મારી કલ્પનામાં તે દિવસે જ્યારે હું કપરાડાની ગ્રામ સભામાં હું જતો હતો, ત્યારે મારી કલ્પનામાં પહેલાં એવું હતું કે, કાચા-પાકા રસ્તા હશે, અર્ધનગ્ન બાળકો ધૂળમાં રમતા હશે, ગામડું ગંદુ હશે, પરંપરાગત વસ્ત્રોમાં આ આદિવાસીઓ પરિધાન થયા હશે પણ જ્યારે ગામમાં પહોચ્યા પછી પાકી સડકો, ચોખ્ખું સ્વચ્છ ગામ અને શહેરી પહેરવેશ, ગ્રામજનોને મળીને હું આશ્ચર્યચકિત થઈ ગયો. સાહેબ મને એવું હતું કે, પેલા જે લંગોટીધારી આદિવાસીઓ હશે ગામની અંદર કપરાડાથી ૩૫-૪૦ કિલોમીટર દૂર અંતરિયાળ ગામડું મારી કલ્પનામાં આ ગ્રામવાસી હતો પણ જ્યારે મેં એને શહેરી પહેરવેશમાં જોયો ત્યારે હું પણ આનંદથી ચકિત થઈ ગયો કે ગુજરાતના ગામડામાં આ પ્રગતિ થઈ રહી છે. આ પ્રગતિ થઈ રહી છે એ જાણીને શહેરી વિસ્તારના ધારાસભ્ય તરીકે મને ખૂબ આનંદ થયો. વિશાળ સંખ્યામાં ગ્રામ સભામાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ભેગા થયા હતા સારા સ્વચ્છ કપડા પહેરીને ન ફક્ત પુરુષો પણ ગામની સ્ત્રીઓ પણ આ ગ્રામ સભામાં હાજર હતી. સભા શરૂ કરવામાં આવી અને ગામના એકે એક નાગરિક જે લોકોને એમની જરૂરિયાત  હતી તેવો એ નાગરિકો દ્વારા એમના પ્રશ્નો આ ગ્રામ સભામાં મૂકવામાં આવ્યા ત્યારે મને પણ એમ થયું, મને પણ સુરત મહાનગરપાલિકાના મારા કોરપોરેટરો યાદ આવ્યા કે આ ગ્રામ્ય લોકો આટલા જાગૃત થયા છે પોતાના હક્કો માટે સરકાર તરફથી જાહેર કરવામાં આવેલ વિવિધ યોજનાઓ વિશે આજે આ ગામનો એકે એક માણસ જાણે છે અને એ યોજનાનો જો તેમને લાભ ન મળે તો આ ગ્રામ સભાના મંચ ઉપરથી એ લોકોએ પ્રશ્ન કરી કરીને પોતાની જાગૃતિ બતાવી હતી. આ કામ આ સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં કરી રહી છે ત્યારે આ સરકાર એના માટે પણ અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, એક મિત્રએ, એક ગામના લોકોએ કહયું કે આ સડક આ મીટીંગ ચાલે છે ત્યાં સુધી આવી છે તેનાથી સો મીટર દુર હજુ પણ સડક બનાવવાની જરૂર છે. કારણકે એ ગામડું ચારેબાજુ આવેલા ડુંગરની વચ્ચે વસેલું ગામડું હતું અને કેટલાક પરિવારો ગામડાંમાં ડુંગરની ઉપર વસતા હતા. કહેવામાં આવ્યું કે સાહેબ કયારેક અમારા ઘરમાં કોઈ માંદુ પડે તો એ માંદા થયેલા નાગરિકને અમારે ટોળીઝોળી કરીને ઉપાડીને સો મીટર દુર લાવીને પછી અમારે એને ૧૦૮માં બેસાડવાના છે. આ સો મીટરનો અમારો રસ્તો બનાવી આપો. એવી જયારે માગણી અમારી સમક્ષ કરવામાં આવે છે ત્યારે આ ગ્રામસભાની જાગૃતિ લાવવાનો કાર્યક્રમ સાચે જ સફળ થયો હોય એવું મારું માનવું છે.

મહામહીમ રાજયપાલશ્રી દ્વારા દેશના કેટલાક ભાગોમાં છેલ્લા કેટલા સમયથી આતંકવાદી હુમલાઓને કારણે સર્જાયેલ ભયના ઓથારનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નજીકના ભુતકાળમાં મુંબઈ, જયપુર, હૈદ્રાબાદ અને અમદાવાદમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટનાં કારણે દેશ આખો જયારે થરથર ધ્રુજતો હતો. યાદ કરો તે દિવસો જયારે શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકા આ દેશની અંદર થતા હતા ત્યારે  (સમય સૂચક ઘંટડી) ગુજરાત એક માત્ર એવું રાજય હતું જેણે ૬૭ જેટલા ગુનેગારોને પકડીને ઝબ્બે કરવાની કામગીરી એક વિરલ કામગીરી ગુજરાત સરકારની ગુજરાત પોલીસે કરી બતાવી છે. આ પહેલા કોઈપણ રાજયમાં કોઈપણ ઘરપકડ નહોતી થઈ એ પહેલા ગુજરાતની પોલીસે આ કામ કર્યુ છે. ગુજરાત પોલીસને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.  (સમય સૂચક ઘંટડી)

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન પર સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના વિશે બોલવા ઉભો થયો છું. તાજેતરમાં હમણાં વાઈબ્રન્ટ ગુજરાત અન્વયે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દ્વારા સરકારે દેશ અને વિદેશમાંથી આશરે ૪૦ જેટલા દેશોના પ્રતિનિધિઓ આવ્યા અને બાર લાખ કરોડથી પણ વધારે એમ.ઓ.યુ. થયા અને મારા જેવા ૨૫લાખ યુવાનો, જયારે યુવાન ધારાસભ્ય છું ત્યારે ૨૫લાખ યુવાનોને રોજગારી આપવાની વાત માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહયા હોય ત્યારે સરકારને લાખલાખ અભિનંદન આપું છું. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં અમારે પહેલા નળ સરોવર હતું. નળસરોવર પછી નરેન્દ્રભાઈ આવ્યા અને નરેન્દ્રભાઈ પછી નેનો આવી એટલે અમારે ત્યાં તો એક વાત પ્રચલિત છે કે નળ સરોવર, નરેન્દ્રભાઈ અને નેનો આના કારણે મારા મત વિસ્તારનો ખૂબ જ વિકાસ થયો છે તે બદલ પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું ત્યાં નેનો કાર આવી અને એ નેનો કારને લેવા માટે, એ નેનો કારના પ્રોજેકટને લઈ જવા માટે સામે પક્ષેથી ઘણીબધી વાતો અમે સાંભળી પણ આ નેનો કારના પ્રોજેકટને લઈ જવા માટે ઘણા બધા રાજયો હરિફાઈમાં હતા. ઘણા બધા રાજયો હરિફાઈમાં હોવા છતાં અનેક રાજયોના મુખ્યમંત્રીશ્રીએ નેનો કારના પ્રોજેકટ માટે લાલ જાજમ બીછાવી હોવા છતાં આ રાજયના મુખ્યમંત્રીશ્રીમાં વિશ્વાસ મૂકીને નેનો કારનો વિશાળતમ પ્રોજેકટ આપણા ગુજરાતની અંદર લાવ્યા છે એ બદલ આ મુખ્યમંત્રીશ્રી અને રાજય સરકારને હું લાખ લાખ અભિનંદન આપું છું. હમણાં સામી પાટલીએથી એક આક્ષેપ થતો હતો કે જે

જમીન સંપાદન કરવામાં આવે છે એ જમીન સંપાદનની અંદર મહેસૂલ મંત્રીશ્રી ઉપર જે રીતે હમણા વાત થતી હતી એ રીતે હું એક વસ્તુનું ધ્યાન દોરવા માગું છું. નેનો કારની અંદર જે જમીન સંપાદન થઈ એ જમીનના ભાવો નેનો કારના પ્રોજેકટ આવ્યો તે પહેલા લાખોના હતા. જયારે નેનો કારનો પ્રોજેકટ આવ્યો ત્યારે આ રાજય સરકાર અને મંત્રીશ્રીએ ખેડૂતોના હિતમાં નિર્ણય લઈને નેનો કારનો જે રસ્તો છે એ રસ્તા માટે જમીન જે પસંદ કરી છે, સંપાદિત કરી છે એ જમીનના મીટર ઉપર હજારથી પણ વધારે રૂપિયા ચૂકવ્યા છે. એના સાહેબ અમે સાક્ષી છીએ. આવી વાતો થતી હોય ત્યારે, આક્ષેપોવાળી વાતો થતી હોય ત્યારે એનો જવાબ અમારે આપવો પડે. મને જણાવતાં આનંદ થાય છે કે તા. ૨૩મી જાન્યુઆરીએ આઝાદીના લડવૈયા સુભાષચંદ્ર બોઝ એમણે યુવાનોમાં સૂત્ર આપ્યું હતું. એ વખતે ૧૯૩૮ ની સાલમાં બારડોલી તાલુકાના હરિપુરા મુકામે કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા. એ વખતે એમણે એક સૂત્ર આપ્યું હતું. "તુમ મુઝે ખૂન દો. મૈં તુમ્હે આઝાદી દુંગા". એ સૂત્ર ચરિતાર્થ કરવા હિન્દુસ્તાનના એકેએક યુવાન શેરીઓમાં નીકળી પડ્યો હતો. હરિપુરા ગામના એ વખતના.( સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : વાક્ય પૂરું કરો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : સાહેબ એક મિનિટ. ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને દેશ અને દુનિયામાં આગવું સ્થાન અપાવ્યું છે, ત્યારે રાજય સરકારના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપીને વિરમું એ પહેલાં એક વાત ચોક્કસ કરીશ કે ;

" ગજબ હાથે ગુજારીને પછી કાશી જવાથી શું?
મળી દુનિયામાં બદનામી પછી નાસી જવાથી શું?
દુ:ખ વખતે નથી દીધું અને હવે ખોટી દયાથી શું?
સુકાયા મોલ સૃષ્ટિ તણા હવે વૃષ્ટિ કરવાથી શું? "

મિત્રો, એટલું વિચારજો અને માનનીય પ્રફુલભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારો ટેકો રજૂ કરું છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવ પરના માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

મારા પહેલાના સન્માનનીય સભ્યશ્રીના વ્યક્તવ્ય હું બહુ ધ્યાનથી સાંભળતો હતો. કહેવામાં આવ્યું કે કૃષિ ઉત્પાદન વધ્યું છે, ચોક્કસ વધ્યું છે, પણ કેમ વધ્યું છે? કુદરતે ઉપરાઉપરી વરસાદ સારો આપ્યો. ખેત ઉત્પાદન પેદાશોના ભાવ કેન્દ્ર સરકારની નીતિના કારણે સારા મળે છે. ખેડૂતો મહેનતુ છે. નવા બિયારણ, ખાતર, દવા આ બધી ટૅકનિકનો ઉપયોગ કરીને અને પુષ્કળ ઉત્પાદન મેળવે છે, પણ રાજય સરકાર એમાં જશ કયાં મેળવે છે એ મને સમજાતું નથી. એક મણ ટેકાના ભાવે કોઈ ચીજવસ્તુની ખરીદી આ રાજય સરકારે કરી હોય તો મને બતાવે? ઊલટાનું ખાતર ઉપર પણ વેટ નાખી ખેડૂતોનું ખાતર મોંઘું કર્યુ છે. વાયબ્રન્ટ ગુજરાતની ઘણી બધી વાતો થાય છે. અને છાપું વાંચીને હું અંજાઈ ગયો હતો. સુરતમાં અમારા સંબંધીઓ એના જે ફોન આવે છે. રત્નકલાકાર કારીગરો અને એમના કુટુંબની જે હાલત છે. ઉપરા ઉપરી આપઘાત કરે છે. એમાં જવાબદારી રાજય સરકારની પણ છે. હું તો એટલે સુધી કહીશ કે ગુજરાતમાં સત્તા ઉપર સામી પાટલીએ મારા મિત્રો પણ બેઠા છે. એમાં ૯૦ ટકા હિસ્સો રત્નકલાકારોનો છે. આજે જેમને તકલીફ છે. વિશ્વમાં મંદીના હિસાબે હીરા કારીગરો ઉપર માઠી અસર થઈ છે. એને રોજગારી મળે, એને આપઘાત કરવો ન પડે, એમનું ગુજરાન ચાલે, એના માટે આ રાજય સરકારે કંઈક કરવું જોઈએ. માત્ર વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત, ગ્લોબલ સમીટ આવું કરવાથી કાંઈ વળવાનું નથી. રોજીરોટી મળશે, પણ હજુ સુધી કઈ મળી નથી. માનનીય પ્રદીપસિંહભાઈએ ખૂબ સારી વાત કરી. એમની ભાષામાં વાત કરી. કેન્દ્ર સરકારની વાત કરતા હતા. હું એમ કહેવા માગું છું કે મંદિર વહી બનાએંગે, જહા રામકા જન્મ હુઆ થા. સમાન સિવિલ કોડ અમે લઈને આવીશું. ૩૭૦ મી કલમ અમે હટાવીશું. આમાનું કશું થયું? સાડા છ વર્ષ કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું. માનનીય અધ્યક્ષશ્રી, હવે એમ કહે છે કે, રામમંદિરનો મુદ્દો અમારા એજન્ડામાં નથી. માત્રને માત્ર લોકોની લાગણીને બહેકાવવા, ચૂંટણી જીતવા લોકોને કોમીરીતે ભડકાવવા જે * (xxxx) તો એને એમ કહેવામાં આવ્યું કે આ તો દેશદ્રોહી છે.

**અધ્યક્ષશ્રી** : આપણે (xxxx)વાત રહેવા દઈએ કે આપણા વિસ્તારની નથી અને માલેગાવની કયાં કહી છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : સાહેબ અહીંથી જે વાતો થઈ છે તેનો જવાબ દઉં છું.

**અધ્યક્ષશ્રી** : પ્રદિપસિંહજી બોલ્યા ત્યારે હું ન હતો. (xxxx) વાત કરી હતી? (અંતરાય) એક મિનિટ હું જોઈ લઈશ. સ્ક્રિપ્ટ જોઈ લઈશ. હું સ્ક્રિપ્ટ જોઈ લઈશ પણ જો મારી વાત સાંભળો, પ્રદિપસિંહજીએ (xxxx) વાત કરી હશે તો હું જોઈને કાઢી નાંખીશ. આપ (xxxx)વાતને અડશો નહીં.

---

* **(xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એને દેશદ્રોહી કીધા અને અઠવાડિયા પછી બોમ્બેનો જે બનાવ બન્યો અને તેમાં જે શહીદી વ્હોરી ત્યારે તેને એક કરોડ રૂપિયા દેવાની વાત કરવી. આ બે મોઢારી બોમ્બોઈ જેવી વાત છે. એકબાજુ તમે એને અવખોડો અને તરત તમે પાટલી બદલો. એકબાજ બોમ્બેના ધડાકા ચાલુ હતા અને બીજીબાજુ ચૂંટણી પ્રચારમાં એનો દુરુપયોગ માત્ર મતો મેળવવા માટે કરવામાં આવતો હતો. પણ હું અભિનંદન આપીશ આ દેશના શાણા મતદારોને. તેણે જડબેસલાક જવાબ આપ્યો. આવી ખોટી વાતો કરી અને માત્રને માત્ર ગુમરાહ કરવાના પ્રયત્નો કરનાર મારા મિત્રો વિકાસની વાતો કરે છે. સાહેબ વિકાસ થયો છે. સો ટકા રાજયમાં વિકાસ થાય છે. પણ કેવી રીતે થાય છે? સાહેબ, વાસ્મો યોજના કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી ચાલે, વોટરશેડ યોજના કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી ચાલે, વડાપ્રધાન ગ્રામ્ય માર્ગ યોજના કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી ચાલે, જવાહર રોજગાર યોજના કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી ચાલે, સર્વ શિક્ષા અભિયાન કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી ચાલે, ૧૦૮ની સેવાની યોજના કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી ચાલે. કેન્દ્ર સરકારની ગ્રાન્ટથી રાજય સરકાર કામો કરે છે પણ તેમાં કેન્દ્ર સરકારનો મોટો હિસ્સો છે એટલું જ નહી પણ રાજયના કપાસ પકવતા ખેડૂતોને ટકાવી રાખ્યા હોય તો કેન્દ્ર સરકારે જે કપાસના ભાવ ૫૭૦ કર્યા ૨૦ કિલોના અને તેની જે ખરીદી શરૂ કરી તેના માટે રાજયના ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો મળી રહયા છે અને તેના માટે કેન્દ્ર સરકારને અભિનંદન આપવા જોઈએ. અભિનંદન આપવા જોઈએ શંકરસિંહ વાઘેલાને કાપડ ખાતાના મંત્રીને, અભિનંદન આપવા જોઈએ કૃષિમંત્રી શરદ પવારને કે જેના કારણે ખેડૂતો ખુશ છે. રાજય સરકારનો એમાં કયાંય હિસ્સો છે નહીં અને એટલા માટે કે આ બધી યોજનાઓની વાત કરનાર મારા મિત્રોને હું કહેવા માગું છું કે માનનીય રાજયપાલશ્રીએ જે વાત કરી એમાં તમે ખોટા વખાણ ન કરો. માનનીય મુખ્યમંત્રીશ્રી હમણાં મારા જિલ્લામાં આવ્યા હતા. સ્વર્ણિમ ગુજરાત યોજનાના કાર્યક્રમમાં. ત્યારે તેમણે એમ કહયું કે મે-૨૦૦૯માં જામનગર જિલ્લાના તમામે તમામ ગામડા અને શહેરોને નર્મદાનું પીવાનું પાણી મળી શકશે. આજની તારીખે ૬૫ ગામડાંઓને પાણી મળે છે. ત્રણ મહિનામાં કઈ એવી જાદુઈ છડી છે કે આખા જિલ્લાના તમામ ગામડાંઓને નર્મદા યોજના દ્વારા પીવાનું પાણી મળી શકે. વાતો કરવી તે જુદી વાત છે અને અમલ કરવો તે જુદી વાત છે અને આ રીતે માત્રને માત્ર મોટી મોટી જાહેરાતો, મોટી મોટી વાતો અને તેના દ્વારા પ્રચાર કરવો આ જ રાજય સરકારનું કામ છે એટલા માટે હું રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવને ટેકો આપી શકતો નથી.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, બારમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રની અંદર મહામહિમ રાજયપાલશ્રીએ આ વિધાનસભાગૃહની અંદર જે સંબોધન કર્યુ તેનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલે રજૂ કર્યો છે તેને હું મારું સમર્થન આપું છું અને તેને અનુમોદન આપું છું. મારે કોઈ રાજકીય અવલોકનો કરવાં નથી. માનનીય રાઘવજીભાઈ બોલતા હતા ત્યારે મને એમ થતું હતું કે માનનીય રાઘ વજીભાઈ પણ એક સમયે આ બાજુ બેઠેલા હતા. મારે રાજકીય અવલોકનો નથી કરવા પણ તમે જ હમણા સ્વીકાર્યું કે રાજય સરકારે વિકાસના ઘણા બધા કામ કર્યા છે. કેન્દ્ર સરકારનો હિસ્સો હોય એમાં ના નથી પણ કેન્દ્ર સરકાર ગુજરાત રાજયમાંથી કેટલા રૂપિયા લઈ જાય છે અને એના ૨૫ ટકા રૂપિયા પણ ગુજરાતને વિકાસના કામ માટે પરત મળતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, જો ઈચ્છા શકિત હોય તો જ આ રાજયનો વિકાસ થાય. ગુજરાતના આદરણીય આપણા મુખ્યમંત્રીશ્રીએ આ રાજયમાં એક ઈચ્છા શકિતથી આ ગુજરાતનો વિકાસ કરવા માટે થઈને જે આગળ વધી રહ્યા છે, જે એમનો ધ્યેય છે એ ગુજરાતને એક વિકાસના માર્ગે લઈ જવું છે અને સાથે સાથે છેવાડાના માનવીની ચિંતા કરીને છેવાડાના માનવીને આ ગુજરાતના વિકાસથી સંતોષ થાય એના માટેના પણ આ રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની હું વાત કરવા માગુ છું. આજ સુધી ઘણી સરકાર આવી ગઈ, ઘણા કૃષિ મંત્રીઓ થયા પણ સાચી દિશામાં ખેડૂતોને કોઈ માર્ગદર્શન અત્યાર સુધી મળતું ન હતું. આપણે એમ કહીએ છીએ કે ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે. ખૂબ સાચી વાત છે કે આજે આર્થિક રીતે વિકાસ થયો હોય તો એ ખેતીને આધારી છે. ખેતી સમૃદ્ધ હશે, ખેડૂત સમૃદ્ધ હશે તો જ દેશનો અને રાજયનો વિકાસ થવાનો છે પરંતુ અત્યાર સુધી કોઈ ખેડૂતને સાચું માર્ગદર્શન મળતું ન હતું. આદરણીય દીર્ઘદૃષ્ટા આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો કરીને કૃષિના નિષ્ણાતો છે એને ગામડામાં મોકલીને ખેડૂતો સાચા અર્થમાં ખેતી કરે અને ખેડૂતો ખેતી પ્રત્યે લગાવ રાખે એની ચિંતા કોઈએ કરી હોય તો આ રાજય સરકારે કરી છે અને એના આધારે આજે ખેડૂત ખેતી કરતો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોઈએ છીએ કે ગુજરાતનું જે કૃષિ ઉત્પાદન છે એ ૨૦૦૮ અને ૨૦૦૯નું જે ૪૦ કરોડ ટન સુધી પહોંચાડયું છે એ સાબિત કરી દે છે કે ગુજરાતનો જે ખેડૂત છે એ સધ્ધર બન્યો છે. ગુજરાતના ખેડૂતો અગાઉ મોટરસાઈકલ વાપરતા એમાં કેરોસીન પૂરીને વાડીએ જતા પણ આજે ઘરે ઘરે ખેડૂતોને ત્યાં હોન્ડા મોટરસાઈકલ આવી ગઈ છે અને મારુતિ કાર આવી ગઈ છે અને ખેડૂતો મારુતિ કારમાં ફરતા થયા છે. કેમ કે સાચા અર્થમાં આજે ખેડૂત ખેતી કરવા માંડયા છે. અગાઉ આપણે કહેતા કે ગુજરાત વેપારી રાજય હતું અને ઔદ્યોગિક ધોરણે પણ વિકાસ આજે ઘણો થયો છે પણ સાથે સાથે કૃષિ ક્ષેત્રની ચિંતા કરીને ખેડૂતો કામ કરી રહ્યા છે.અને નબળા વર્ગના ખેડૂતોને ખાસ પ્રાધાન્ય આપ્યું છે. નબળા વર્ગના ખેડૂતોને બાગાયત અને પશુપાલન વ્યવસાય તરફ પણ એમને વાળવામાં આવ્યા છે. આજે જે નાના ખેડૂતો છે એ નાના ખેડૂતોને પણ કૃષિ મહોત્સવમાં કીટ આપીને બાગાયત ખેતી કરે અને સાથે

સાથે જે કાંઈ એમની પાસે ખેતી હોય એની અંદર સારો પાક મેળવે એનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત આજે મહિલાઓ અને બાળકો વિશે હું કહેવા માગુ છું કે, ગુજરાત સરકારે મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રે ખૂબ જ સારી કામગીરી કરી છે. હું અભિનંદન આપીશ માનનીય આનંદીબેનને કે તેમણે બહેનો માટે અને બાળકો માટે ખૂબ ચિંતા કરીને ગામડામાં આંગણવાડી કેન્દ્રો આજે ખૂબ સારી રીતે ચાલી રહ્યાં છે. ગામડાની અંદર જે આંગણવાડી કેન્દ્રો છે એ ખૂબ સારી રીતે ચાલે છે અને બાળકો ત્યાં ખૂબ સારો પોષણક્ષમ ખોરાક મેળવી રહ્યા છે. આંગણવાડીના મકાનો આપણી પાસે ગામડામાં ન હતા એ પણ આજે આપણને ઉપલબ્ધ થયાં છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને મારું અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું. જે હમણાં રાઘવજીભાઈ વાત કરી રહ્યા હતા, ખેતીનું ઉત્પાદન જે વધ્યું એ કુદરતની મહેરબાનીના કારણે, તો રાઘવજીભાઈ, ઘરનો મોભી વ્યવહાર કરતો હોયને, એની કુનીતિ હોયને તો..

**અધ્યક્ષશ્રી** : શ્રી મોહનભાઈ તમે મને કહો,

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : રાઘવજીભાઈ જે હમણાં વાત કરતા હતા કે આ દેશની અંદર ખેતીવાડીમાં વધુ ઉત્પાદન થવાના કારણો કુદરતની મહેરબાની છે, એમાં ૧૦૦ ટકા હું સંમત છું, પણ ઘરનો મોભી ઘરની અંદર જે વહીવટ કરતો હોયને એની કુનીતિ હોય તો ઘરની અંદરની લક્ષ્મી પણ બહાર જતી રહેતી હોય છે, આ ગુજરાતના મુખ્યમંત્રીની આ ગુજરાતને આગળ લઈ જવા માટેની જે ઇચ્છાશક્તિ છે એના કારણે કુદરત પણ જે દિવસથી તેઓ આવ્યા છે ત્યારથી રીઝી છે, આ ૯૦૦૦ કરોડ રૂપિયાના ઉત્પાદનમાંથી ૪૮૦૦૦ કરોડ ઉપર પહોંચ્યા છીએ, રાઘવજીભાઈ આ ને આ જમીન અને વીઘા હતા, તમે કહ્યું કે ખેડૂતો મહેનતું છે, તો ૧૯૬૦થી ખેડૂતો મહેનતુ નહોતા, આ જ ખેડૂતો છે અને આ જ ખેડૂતો ખેતી કરતા આવ્યા છે, આનું કારણ એ છે કે, ગુજરાત સરકારની કૃષિને લગતી જે નીતિ છે કે ગુજરાતના ગામડાની અંદર કૃષિ રથ લઈ ગયા, ગામડાના ખેડૂતોને માર્ગદર્શન આપ્યું, સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા કે ગામડાના ખેડૂતને ખબર પડે, ઉત્પાદનમાં આપણે ક્યુ ખાતર વાપરવું, કયું બિયારણ વાપરવું, કઈ દવાનો ઉપયોગ કરવો, કૃષિ ઉત્પાદનમાં ખર્ચ કેમ ઓછો આવે અને વધારેમાં વધારે ઉત્પાદન થાય, એના માટેના પ્રયત્ન આ ગુજરાત સરકારે અને એના મુખ્યમંત્રીશ્રીએ કર્યા છે અને એના કારણે ઉત્પાદન વધ્યું છે.

બીજા નંબરની અંદર આપણે ૧૯૬૦થી જોતા આવ્યા છીએ કે ગુજરાતમાં ૪૦-૪૫ વર્ષની અંદર કેટલા ચેકડેમ તમે બનાવ્યા? પાણી રોકવા માટેના કેટલા પ્રયત્નો તમે કર્યા હતા, અત્યારે જ સહભાગી જળસિંચાઈ યોજનાના અધ્યક્ષ મને મળ્યા, એમણે એમ કહ્યું કે સૌરાષ્ટ્રની અંદર ૧૯૫ મોટા ચેક ડૅમ આ વર્ષમાં પૂર્ણ થવા આવ્યા છે, ખાલી એક કચ્છમાં ૫૧ ચેકડેમના કામો પૂર્ણ થયાં અને બે દિવસની અંદર બીજા ૫૦ મોટા ચેકડેમના ભૂમિ પૂજન થવાના છે,

**અધ્યક્ષશ્રી** : રાઘવજીભાઈ તમે બોલતા હતા ત્યારે મોહનભાઈ નહોતા બોલતા,

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : રાઘવજીભાઈ, તમે જ્યારે રાજકોટથી જામનગર ધ્રોળ જાઓ ત્યારે આજી નદીની સ્થિતિ જૂઓ, ચોમાસાનું પાણી અને અત્યારનું પાણી બન્ને ભેગું થવા આવ્યું છે,

**અધ્યક્ષશ્રી** : મોહનભાઈ તમે રાઘવજીભાઈ બેઠા છે એવું માનો જ નહિ મને જ કહો જે કંઈ કહેવું હોય તે,

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આપને જ કહું, અમારા રાઘવજીભાઈનો નીકળવાનો રસ્તો જ્યારે તેઓ ધ્રોળ જતા હોયને

**અધ્યક્ષશ્રી** : એ તમે રસ્તામાં વાત કરી લેજો, અહીંયા તમે મારી સામે જોઈને મને ઉદ્દેશીને વાત કરો,

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : એમાં આજી નદી આડી આવે, આ આજી નદીની અંદર, ૧૯૯૫માં જ્યારે હું પહેલીવાર ધારાસભાની ચૂંટણી લડ્યો, ત્યારે આજી નદીની અંદર દિવાળીમાં પાણી ના હોય, એમાં તેઓ પણ સાક્ષી છે, અત્યારે આજી નદી જ્યાંથી ઉદ્ભવ થઈ છે ત્યાંથી દરિયામાં ભળે ત્યાંસુધી આજી નદીના ચેક ડેમ ફૂલ ભરેલા છે અને ચોમાસાનું પાણી, નવું જૂનું ભેગું થવાનું, ખરા અર્થમાં આ સરકારની નવી નીતિના કારણે અને કામ કરવાની ઇચ્છા શક્તિને કારણે આ કૃષિનું ઉત્પાદન પણ વધ્યું છે, જ્યારે પાણીની યોજનાની હમણાં વાત કરતા હતા કે જામનગર જિલ્લાના ૬૫ ગામોને પાણી નથી મળવાનું ૨૦૦૯માં આ યોજના પૂરી કરવાની છે અને પાણી કેવી રીતે જાદુથી આપવાના છે, જ્યારે નર્મદાના પાણીના પાઈપલાઈનના કામ ચાલતા હતાને ત્યારે સ્વ. અમરસિંહભાઈ હતા ત્યારે એમ કહેતા હતા કે આ પાણીની પાઈપલાઈનમાં હવા જવા દેવાના છો, હવે ૬ ફૂટની પાણીની પાઈપલાઈન, આપણે નજરે જોઈ શકીએ કે જામનગર સુધી પાણી પહોંચી ગયું છે, દરેક તાલુકાની યોજનાઓ તૈયાર થઈને પૂર્ણતાને આરે છે અને ૨૦૦૯માં જામનગર જિલ્લાને ૧૦૦ ટકા પાણી મળવાનું છે, ગઈસાલ પણ આપણે જામનગર જિલ્લાને નર્મદાનું પાણી આપ્યું છે અને અમારા પડધરીમાંથી જ પાઈપલાઈન નીકળી છે, તો જે પાણી પુરવઠાની દૃષ્ટિએ કે કૃષિની દૃષ્ટિએ કે સિંચાઇની દૃષ્ટિએ ગુજરાત સરકારે જે કામ કર્યા છેને એ અદ્ભુત કામ કર્યા છે અને ભવિષ્યમાં આવા કામ થવાના પણ નથી, હમણાં આપણે ભારત સરકારની

વાત કરતા હતા તો ભારત સરકારે કપાસના ટેકાના ભાવ આપ્યા પણ ૧૨૦૦ રૂપિયાના ક્વિન્ટલ ઘઉં અમેરિકાના સડેલા ઘઉં લઈ આવ્યા અને ગુજરાતના અને ભારતના ગરીબ લોકોને ખવડાવ્યા, જો ગુજરાતના અને ભારતના ખેડૂતોને ૧૧૦૦ રૂપિયા ભાવ ક્વિન્ટલના આપ્યા હોત તો ઘઉંનું મબલખ ઉત્પાદન થાત અને બહારથી ઘઉં ના મંગાવવા પડત. આ બહારથી મંગાવવાના કારણો શું છે એ આપણે બધા સમજીએ છીએ કે ગુજરાતના ખેડૂતોને આપણે ૮૦૦ રૂપિયા આપવા છે.અને બહારથી આપણે ૧૨૦૦ રૂપિયામાં મંગાવીએ છીએ. તો આપણે ૧૧૦૦ રૂપિયા ટેકાના ભાવ કેમ નો કાઢ્યાં ? કારણ કે મલાઈ તેમાં મળે, બહારથી મંગાવીએ તેમાં મલાઈ મળે નહીંતર મલાઈ ના મળે આ તેના કારણે આ બધું થાય છે. જો કેન્દ્ર સરકારની નીતિ શું છે તે આપણે બધા સમજીએ છીએ આજે આપણે કોરીડોર નીકળવાનો છે તેમોં ભારત સરકારે ગુજરાત સરકારને કહ્યું કે પહેલાં તમે તેનું માળખું તૈયાર કરો પછી અમે બીજા રાજયોને કહીએ કે ભાઈ તમે ગુજરાતનું માળખું લઈ આવો, તેના ઉપર તમે અમલવારી કરો. એક એક મુદ્દા ઉપર કેન્દ્ર સરકાર ગુજરાત સરકાર ઉપર મદાર રાખે છે અને બીજા રાજયોને કહે કે તમે ત્યાં શીખવા જાવ અને ત્યાં શીખીને પછી તેની અમલવારી કરો તો આના કારણો શું  તો ખરા અર્થમાં આ ગુજરાત સરકાર જે કામ કરી રહી છે અને વાત કરતા હતા કે આટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને આ થયું ને તે થયું અને ફલાણું થયું તે આપણે જ હમણાં હીરાઘસુની વાત કરતા હતા. હું પણ હીરાના ધંધા સાથે ૨૦ વર્ષ સુધી સંકળાયેલો હતો.  આ યુવાનોને રોજી રોટી આપવા માટે જો ખરા અર્થમાં આપણે ગુજરાતની અંદર વધારેમાં વધારે ઉદ્યોગો આવશે તો તેની અંદર આ યુવાનોને રોજી રોટી મળશે. અમારા મોરબીની અંદર આખા ગુજરાતમાં નહીં પણ ભારતમાં તાલુકા પ્લેસમાં મોરબી સૅન્ટર અમારૂં એવું છે કે આખા ભારત ભરના દરેક રાજયના કોઈ રાજય એવું ના હોય કે તેના વર્કરો મોરબીમાં ના હોય આવા લાખો વર્કરોને એક તાલુકો રોજી રોટી આપે છે. એવી જ રીતે ગુજરાતની અંદર જો વધારેમાં વધારે ઉદ્યોગો આવશે તો સો ટકા આ યુવાનોને રોજી રોટી મળવાની છે અને આ જે પ્રસ્તાવ લઈને આવ્યાં છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલના પ્રવચનના આભાર પ્રસ્તાવમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ગવર્નરશ્રીનું પ્રવચન અને એમાંય સરકારની સિદ્ધિઓ સ્વભાવિક છે કે સરકારે એ આપેલી જ હોય. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની ચર્ચાનું તાત્પર્ય એ છે કે, તેમાં રહેલી વહીવટી ત્રુટિએ અને તે વહીવટી ત્રુટિઓનો કેવી રીતે નિકાલ કરવો અને આગામી વર્ષોની અંદર તે ત્રુટિઓ ના રહે અને વધુને વધુ સવલતો છેવાડાના માનવીને મળે તે દિશામાં વિચારોનું મનોમંથન થાય તો આપણે સાચા અર્થમાં ગુજરાતની સેવા કરેલી ગણાશે. ચર્ચા ઘણાં બધા સભ્યોએ કરી છે, રાજકીય ચર્ચાઓ પણ ઘણી બધી કરી છે એક બીજાના પક્ષો વિપક્ષો ઉપર આક્ષેપો પણ કરવામાં આવ્યાં છે પણ તે વાતમાં હું પડવા માગતો નથી. કારણ કે જો આપણે જ આપણાં કપડાં ઉંચા કરીઓ તો આપણે કેવા દેખાઈએ તેની કલ્પના આપણે કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી આ ગૃહને એ કહેવું છે કે જ્યારે એક તરફ વખાણ થતાં હતા, હું સાંભળતો હતો રાજય સરકારે જે વાત કરી આદરણીય મફતભાઈએ તેના માટે ઘણાં લાંબા વખત પછી વિધાનસભામાં પ્રશ્ન પણ પૂછ્યો. આદરણીય લીલાધરભાઈએ પણ તેનું ખાતમુહૂર્ત પણ કર્યુ હતું જો રાજય સરકારે નેઈમ કરેલી હોય તો આજે અમીરગઢનું ગ્રોથ સેન્ટર હજુ સુધી ઉભું નથી થઈ શક્યું. માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંબાજીની અંદર દવાખાનાનું ખાતમુહૂર્ત કર્યુ, મોટી મોટી જાહેરાતો થઈ ૨૦૦ બેડની હૉસ્પિટલ આદિજાતિના વિસ્તારોને મળશે. કામગીરી શરૂં થઈ પણ તાંત્રિક ખામીનું કારણ આગળ ધરી અને લિંટલ લેવલ સુધી આવેલા દવાખાનાને ડિમોલેશન કરીને તોડી પાડવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના ગરીબમાં ગરીબ બાળક અને ગરીબમાં ગરીબ બાળક જમે અને ગરીબમાં ગરીબ માણસો બે કે ત્રણ તેમાં નોકરી કરે, તેના કુટુંબને રોજી રોટી મળે માનનીય અધ્યક્ષશ્રી, માતબર ટ્રસ્ટોને તે સોંપી દેવામાં આવી અને તે રોજી રોટી કમાનારા મધ્યાહ્ન ભોજન યોજનાના નાના નાના કુટુંબોને બી.પી.એલ.ની અંદર જીવતા કુટુંબોને આજે ઘરભેગાં કરી દેવામાં આવ્યાં. આ ત્રુટિઓને કેવી રીતે આપણે દૂર કરીશું? કેન્દ્ર સરકાર દ્વારા હમણા માનનીય કાળુભાઈ વિરાણી કહેતા હતા કે અમે મારકેટ યાર્ડમાં કામ કરીએ છીએ. હમણા અગિયાર ખેડૂતો મરી ગયા. ધાબું પડયું અને અગિયાર ખેડૂતો મરી ગયા. મારકેટ યાર્ડમાં. કોઈ પૂછવા સુદ્ધાં નથી ગયું. જમીન સંપાદનની વાત પ્રાઈમ મિનિસ્ટર..

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, તમને રનીંગ કોમેન્ટ્રી આપવાની ટેવ પડી ગઈ છે. કેટલીવાર બોલ્યા એ કહેવું નથી મારે, પણ મને ખબર છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : આભાર સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી સરકારના ધ્યાન ઉપર એ બાબત મૂકવી છે કે આપણે જે મોટા મોટા નેશનલ હાઈવે ઓથોરિટીએ રોડના વિસ્તરણ કર્યા, એમાં મોટા મોટા ઈજારદારો આવ્યા. કેટલાયે ઈજારદારોને ગુજરાત સરકારે એવોર્ડ પણ આપ્યા. એ રસ્તો બનાવવા માટે ગામડામાંથી માટી અને મેટલ લઈ આવ્યા અને વડાપ્રધાન યોજનામાં બનેલા રસ્તા તૂટી ગયા. હવે એ એલ.એન્ડ ટી. કે કોઈપણ કંપનીવાળાએ એ ડિપોઝીટ તરીકે એ પૈસા પણ જમા કરાવ્યા નથી. એના માટે કોણ જવાબદાર? ગામડાના કેટલાયે રસ્તા તૂટી ગયા. મોટા રસ્તા બનાવ્યા, પણ ગામડાના નાના રસ્તાને કોઈ જોતું નથી. રસ્તાના

રીપેરીંગના કામો થઈ શકતાં નથી. કેમ કે વડાપ્રધાન યોજનામાં બની ગયા છે. એસ.ઓ.આર. નથી. મેટલ રસ્તા છે, પણ એ કાગળ ઉપર છે. અમે રજૂઆત કરી કરીને થાકયા, પણ કોઈના ઉપર પગલાં લેવામાં આવતા નથી.

રાજીવગાંધી કુટિર જયોત યોજનાની વાત કરી. કરોડો રૂપિયા આ યોજના હેઠળ આવે છે. આંતરીયાળ વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં વીજળીના બલ્બની સુવિધા પ્રાપ્ત થાય એ દિશામાં આખી કેન્દ્ર સરકારની યોજના છે. તેનું અમલીકરણ રાજય સરકારે કરવાનું છે. રાજય સરકાર ૧૦ ટકા એનો કન્ટીજન્સી ચાર્જ પણ વસૂલ કરે છે. પણ રાજય સરકારનો અન્ય એક વિભાગ, વન વિભાગ મંજૂરી આપતો નથી અને સંકલનના અભાવે એ લાભ છેવાડાના માનવીને આપી શકાતો નથી. કયા મોઢે વિકાસની વાતો કરે છે, વિકાસ, વિકાસ, વિકાસ. એમ.ઓ.યુ., એમ.ઓ.યુ., એમ.ઓ.યુ. એની વાસ્તવિકતા શું છે? છેવાડાના માનવીઓને એનો લાભ શું?

ચેકડેમોથી ચોકકસ લાભ થયો છે. એ હું કબૂલ કરું છું. જળસંચયને લીધે કૂવાના પાણીના તળ ઉંચાં આવ્યાં છે, પણ વીજળીકરણ ડાર્ક ઝોનના નામે વીજળીના કનેકશન નહીં આપીને એ પાણી ફરીથી તળ નીચા જાય એ દિશામાં પ્રયત્નો છે.

જે વાત ગુજરાત સરકારે હાઈકોર્ટમાં એફિડેવિટ કરી કે બેંકિંગ સીસ્ટમ દ્વારા અને જેનું જજમેન્ટ પણ આવી ગયું કે ગુજરાતના નાના, મૃતઃપ્રાય અને બંધ થયેલા ઉદ્યોગોને બેંકોએ એન.પી.એ. ઘટાડી ખરીદી લીધા. એ સ્ટેમ્પ ડયૂટી પણ વસૂલ ન થઈ. એટલે એફિડેવિટ થઈ અને હાઈકોર્ટે જજમેન્ટ પણ આપ્યું કે બધા જ કરાર રદ કરો અને એટલા માટે થાય છે.* • (xxxxx)

**રેકર્ડ પરથી શબ્દો દૂર કરવા અંગે.**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટમાં પેન્ડિંગ જે વાત હોય..

**અધ્યક્ષશ્રી** : એ હું કાઢી નાંખું છું. સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. (અંતરાય) સુપ્રીમ કોર્ટ પણ કોર્ટ જ છે. જજમેન્ટ આવ્યું નથી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : હાઈકોર્ટમાં જજમેન્ટ આવી ગયું. હવે દાખલ કરવાનું છે.• (xxxxx)

**અધ્યક્ષશ્રી** : એ કાઢી નાંખું છું. કોણ વકીલ છે, એની વાત પણ ન થાય. કોર્ટ વિશેની વાત ન થાય. માનનીય મુકેશભાઈ, એ આખી વાતને હું કાઢી નાંખું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં જળ મહત્વની ભૂમિકા ભજવે છે. આર્થિક તેમજ ...પ્રગતિનો મુખ્ય આધાર એ જળશકિત ઉપર છે અને એના માટે દેશની અંદર સમગ્ર દેશમાં કોઈ રાજયમાં ના હોય તેવી ખેત તલાવડી, બોરીબંધ, ચેકડેમ આ સરકારે બનાવ્યા છે અને એના લીધે હમણાં આપણા માનનીય સભ્યશ્રી મુકેશભાઈ ગઢવીએ પણ સ્વીકાર કર્યો કે પાણીનાં તળ ઉંચાં આવ્યાં છે. તો મારે કહેવું છે કે ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી 'ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમા' એના માટેની કામગીરી કરી એ જો તમે ૪૦ વર્ષમાં કર્યુ હોત તો આજે પાણી ૧૦ ફૂટે હોત. મારા કુહા ગામની ગામસભામાં હું ગયો હતો અને મને કહેતાં આનંદ થાય છે કે એક બુઝૂર્ગ ખેડૂતે મને વાત કરી. તેમણે મને કહયું કે બાબુભાઈ, મને મોદી સાહેબ પાસે લઈ જાઓ તો ૫-૧૦ માણસો તેમને મળવા માગીએ છીએ. મેં કહયું કે કેમ મળવા માગો છો તો એમણે કહ્યું કે આ તો એક સંત માણસ છે. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સંત માણસ છે અને એમનાં પગલાં પછી ગુજરાતમાં દુષ્કાળ આવ્યો નથી. તો અમે તો ભાજપના છીએ અને અમે કહીએ કે દુષ્કાળને ભૂતકાળ કર્યો છે, પરંતુ આ ગામના ખેડૂત એમ કહે છે કે દુષ્કાળને ભૂતકાળ કરનાર મુખ્યમંત્રીશ્રી મળ્યા હોય તો એ નરેન્દ્ર મોદી છે. એકપણ મુખ્યમંત્રીશ્રીના સમયમાં ચાહે એ કેશુભાઈ પટેલ હોય, માધવસિંહ સોલંકી હોય કે ચીમનભાઈ પટેલ હોય એમના શાસનમાં એકપણ વર્ષમાં દુષ્કાળ ના પડયો હોય એવું બન્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે આ કોંગ્રેસે અત્યારસુધી વીજળી વીજળી કરે રાખ્યું. તો આ વીજળીનો કોઈ વિકલ્પ હોય તો એ પાણી છે એ આ ભાજપની સરકારે પુરવાર કર્યુ છે અને મારા વિસ્તારમાં એક ખારીકટ કેનાલ કે જે સો વર્ષ પહેલાં બ્રિટીશના વખતમાં બનેલી છે એના દ્વારા એ નર્મદા કમાન્ડ વિસ્તારમાં આવતી ના હોવા છતાં પણ અમને છેલ્લા ૫-૭ વર્ષથી પાણી આપવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે મારા વિસ્તારની વાત કરું તો જેતલપુર, બારેજા, અસલાલી, દેવડી અને લોયડા આ બધા ગામના ખેડૂતોએ મિટરો કાઢવા માટે ગોળીઓ ખાધી હતી એ આજે મિટરો આપવા માટેની સામેથી માગણી કરી છે કારણ કે કેનાલના પાણીના લીધે એ બોર ચાલુ કરતા નથી, એમને વાર્ષિક બોરનું મિટર પ્રમાણેનું ભાડું પરવડતું નથી તેઓ જેમણે એક વખત આ મિટર કાઢવા માટે ગોળીઓ ખાધી હતી એ સામેથી મિટર માટેની માગણી કરે છે. આ ભાજપની સરકારમાં એ મિટર માગીને લે છે.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

નર્મદાની વાત કરું તો નર્મદાની ઉંચાઈ વધારવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ યુપીએની સરકાર આડોડાઈ કરી હતી એની સામે સંઘર્ષ કરીને, જનજાગૃત્તિ લાવીને નર્મદાની નિર્ધારિત ઉંચાઈ મેળવવામાં સફળતા મળી, એના માટે તેમને ઉપવાસ કરવા પડયા. તો કોંગ્રસને આ માટે શરમ આવવી જોઈએ.

મારે બીજી પણ વાત કરવી છે ડાર્કઝોન અંગેની કે મારા મિસ્તારમાં પ્રેટ્રોલ મંત્રીશ્રી આવ્યા હતા તેમણે કહયું કે આ ડાર્કઝોન એ તો ગુજરાત સરકારે મૂકયો છે. મેં કહ્યું કે આ ડાર્ક ઝોનની કોઈ જરૂર અમને લાગતી નથી. અત્યારે ૩૦-૩૦ ફૂટ પાણીનાં તળ વધ્યાં છે તો આ ડાર્કઝોનને ઉઠાવી લો તો આ જગ્યા ઉપર જળ સિંચાઈ, જળ વ્યવસ્થા, જમીનની ફળદ્રુપતા, જળસંચય માટે વિકલ્પ ફેરફાર થઈ શકે તેમ છે. (અંતરાય) મારે બીજી વાત એ કરવી છે કે આ નદીઓ લીંકીંગ કરીને જળસંચય વ્યવસ્થા ઉભી કરી શકાય તેમ છે. મારે કોંગ્રેસના મિત્રોને બીજી પણ વાત કરવી છે કે આ નર્મદા યોજના સાથે બધી જ યોજનાઓ બે ત્રણ રાજયો સાથે કનેકટેડ હોય અને સરકારી રાષ્ટ્રીય યોજના જાહેર કરવામાં આવતી હોય તો કેમ ચૂંક આવે છે? એમને પેટમાં કેમ દુ:ખે છે. મને ગામડાંના લોકો કહે છે કે આ યોજનાને જો સરદાર પટેલનું નામ ન આપ્યું હોત તો આ યોજના એ લોકોએ સો ટકા રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર કરી દીધી હોત. પણ એમને સરદાર પટેલનું નામ આડું આવે છે. સરદાર પટેલ એને રાષ્ટ્રીય ન કરે તો કંઈ નહીં પણ મદદ પણ ન કરે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાની સરકારે ૩૦૦ થી ૪૦૦ ચેક ડેમો ૪૦ વર્ષમાં બનાવ્યા, અને આ સરકારે ૧,૧૩,૭૭૮ જેટલા ચેક ડેમો બનાવ્યા છે. અને જેના લીધે ૫,૦૭,૦૦૦ હેકટરમાં સિંચાઈ થઈ છૈ. અને ૧૫૩૨ મોટા ચેક ડેમના કામ પૂર્ણ કર્યા છે. એ જ રીતે સૂઝલામ સૂફલામની વાત કરું તો સૂઝલામ સૂફલામ મિત્રો તમને ખબર નથી. તમને તો બધી ખબર છે. આમાં દુષ્કાળમાં પંચમહલ, દાહોદ, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, બનાસકાંઠા મહેસાણા અને પાટનગર જેવા જિલ્લાની અંદર

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, આ બાજુથી અવાજ થાય તો તમને નડે, હવે તમે અવાજ કરો તો ?

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : હું એ વાત કરતો હતો કે આ ૧૦ જિલ્લાઓ એમના સમયમાં દૂષ્કાળગ્રસ્ત હતા, અને અમારી ભાષામાં ધોળકાની ભાગોળ જેવા આ દસ જિલ્લાઓ હતા. આજે બધા જિલ્લાઓ ખેડા જિલ્લા જેવા લીલા છમ થઈ ગયા છે. આ કામને અભિનંદન આપવાની વાત નથી કરતા અને પાણીમાંથી પોરા કાઢી અને બદનામ કરવા સિવાય કોઈ રસ્તો સૂઝતો નથી. એ જ રીતે દરિયાકાંઠાના વિસ્તારોમાં ખારાશની અસર હતી તેને આ સરકારે અટકાવી, તળાવો ઉંડા કર્યા અને પાણી માટે ખૂબ કામ કર્યા છે. બીજી વાત કરું તો ગામડાંમાં હમણાં વાત થતી હતી કે પરમેશ્વર કેમ મુખ્ય મંત્રીશ્રી સાથે છે? મહાત્મા ગાંધી જેવા તેઓ સત્યના આગ્રહી છે, નરેન્દ્ર મોદી એ બીજા સરદાર પટેલ જેવા પોલાદી નિર્ણય શકિત વાળા છે, સુભાષચંદ્ર બોઝ જવી ખમીરવંતી રાષ્ટ્રીય ભાવના છે, અને સ્વામિ વિવેકાનંદ જેવી એમનાંમાં ધર્મનિષ્ઠા છે. આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

ગુજરાત રાજયના સ્વપ્ન દૃષ્ટા, નિડર અને કુશળ વહીવટકર્તા અને સાડા પાંચ કરોડની જનતાના હૃદય સમ્રાટ એવા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રગતિશીલ સરકાર આજે સર્વ ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે. દુનિયામાં ગુજરાતીને ગુજરાતી હોવાનું ગર્વ થાય તે પ્રકારની કામગીરી આ સરકાર કરી રહી છે. આજે હું બાળ કલ્યાણ અને મહિલા વિકાસની વાત લઈને આ સભાગૃહ સમક્ષ આવી છું. બાળકોનો વિકાસ અને મહિલાઓના હિત માટેની અનેકવિધ યોજનાઓ ગુજરાત રાજયમાં માનનીય મુખ્ય મંત્રીત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સાકાર થઈ રહી છે. હું બાળકોની વાત કરું તો પ્રથમ વાર ગુજરાત રાજયમાં ચીલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપનાનું આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ૨૦૦૮-૦૯ ના વર્ષને ગુજરાત સરકારે બાળ નિરોગી વર્ષ તરીકે ઉજવ્યું છે. તેની પાછળનો કોઈ મહત્વનો હેતુ હોય તો તે ગુજરાત રાજયના બાળકનું આરોગ્ય તંદુરસ્તીભર્યુ બને, તેમને પોષણયુકત આહાર મળે, તેમજ જન્મનાર બાળક અને માતા બન્નેનું આરોગ્ય તંદુરસ્તીભર્યુ બને તે મહત્વનો ધ્યેય રહેલો છે. સમાજમાં મહિલાઓના વિકાસની વાત કરીએ તો મહિલાઓને સમાન હકક મળે, અને સર્વ ક્ષેત્રે પ્રગતિ કરે તે બંધારણમાં પૂજય બાબા સાહેબ આંબેડકરે ભાવ વ્યકત કરેલ હતો, પરંતુ કમનસિબે આજે ભારતના આઝાદીના ૬૦ વર્ષ થયા હોવા છતાં મહિલાઓ માટે વિશેષ કામગીરી દેશમાં કોઈએ હાથ ઘરી નહોતી. જે દેશનું દુર્ભાય છે. એની સામે કુદરતી મહિલાને શકિત આપવામાં કોઈ ભેદભાવ રાખ્યો નથી. ત્યારે મને કહેતાં ગર્વ થાય છે કે ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલતી સરકાર મહિલાઓના હિત માટે અનેકવીધ યોજનાઓ સાકાર કરી રહી છે. મહિલાઓના હિતમાં અનેકવિધ યોજનાઓ સાકાર કરી રહી છે તેમાં હું વાત કરું તો સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા, કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, સ્ત્રી ભૃણ હત્યા અટકાવી બેટી બચાવો, ચિરંજીવ યોજના છે આવી અનેકવિધ યોજનાઓ ગુજરાત રાજયમાં મહિલાના હિત માટે સાકાર થઈ છે. સ્ત્રી ભૃણ હત્યાની વાત કરું તો સ્ત્રી ભૃણ હત્યા અટકાવી બેટી બચાવવાનો જો ગુજરાત રાજયમાં પ્રથમ કોઈ હોય હું તો એથી આગળ વધીને કહીશ કે દેશમાં કોઈ પ્રથમ વિચાર કર્યો હોય તો તે માત્રને માત્ર ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધનની દેવી મહાલક્ષ્મી, અન્નની દેવી મહા અન્નપૂર્ણા અને જે ધરતી ઉપર શ્વાસ લઈ રહ્યા છીએ એ ધરતી માતા અને જ્ઞાનની દેવી મા સરસ્વતી એમાંથી એકય વગર આપણને નથી ચાલતું તો દીકરી વગર આપણને કેમ ચાલે? આવો જો ગુજરાત રાજયમાં પ્રથમ કોઈએ વિચાર કર્યો હોય તો એ માત્રને માત્ર નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે. તેઓએ રાજયકક્ષાએ ઝુંબેશ ઉપાડી સ્ત્રી ભૃણ હત્યા અટકાવી બેટી બચાવવાનું આંદોલન ચાલુ કર્યુ અને જેનું પરિણામ આપણે બધા જોઈ રહ્યા છીએ.

હું અહીંયા શાળા પ્રવેશોત્સવની વાત કરવા માગું છું. શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણીના માધ્યમથી ગુજરાત રાજયમાં સોએ સો ટકા સાક્ષરતા પ્રાપ્ત થાય શિક્ષણનો દર ઊંચો આવે તે માટે થઈને કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. ધોમ ધખતા તાપમાં અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, માનનીય મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અને અધિકારીશ્રીઓ બાળકોના વાલીઓના ઘેર જાય છે અને બાળકોને વાજતે ગાજતે શાળામાં પ્રવેશ કરાવે છે.

કોઈપણ બાળકના વિકાસમાં પ્રાથમિક શિક્ષણ ખૂબ જ જરૂરી છે. દીકરાને તો ભણાવે પરંતુ દીકરીને ભણાવવા માટે થઈને ઘણા લોકોની માનસિકતા અલગ હોય છે અને આપણા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તો સંકલ્પ કરેલો છે કે મારે મારા ગુજરાત રાજયમાંથી દીકરા દીકરીના ભેદભાવ મિટાવવા છે અને તેમણે કન્યા કેળવણીને વિશેષ મહત્ત્વ આપ્યું છે. મહાત્મા ગાંધીજીએ ખૂબ સરસ વાત કહેલી કે જ્યારે દીકરો ભણે છે ત્યારે એક વ્યકિત ભણે છે અને જ્યારે દીકરી ભણે છે ત્યારે સારોયે પરિવાર ભણે છે. આજે જ્યારે શિક્ષણની વાત નીકળી છે ત્યારે મારે આપના માધ્યમથી એક જવાબ આપવો છે. ગઈ વખતે જ્યારે શિક્ષણની ચર્ચા થતી હતી ત્યારે વિરોધપક્ષના એક સભ્યશ્રી એવી વાત કહેતા હતા કે તમે ધારાસભ્ય બન્યા, મુખ્યમંત્રીશ્રી બન્યા, મંત્રીશ્રી બન્યા, આઈ.એ. એસ. અધિકારી બન્યા જે પણ બન્યા પણ એમને શાળામાં પ્રવેશ કરાવવા કોઈ મુખ્યમંત્રીશ્રી નહોતા આવ્યા, એમને શાળામાં પ્રવેશ કરાવવા માટે માતા પિતા આવ્યા હતા અને જે બાળકોને આજે અમે શાળામાં પ્રવેશ કરાવીએ છીએ તે બાળકો ભવિષ્યમાં ગૌરવથી કહેશે કે મને શાળામાં પ્રવેશ કરાવવા માટે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા હતા. કોઈ દીકરી ભવિષ્યમાં કહેશે કે મને શાળામાં પ્રવેશ કરાવવા માટે માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ આવ્યાં હતાં. નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા આવ્યા હતા, પ્રદેશ અધ્યક્ષ પરસોત્તમભાઈ રૂપાલા આવ્યા હતા, શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરા આવ્યા હતા. આમાંથી કોઈને કોઈનું નામ ગૌરવથી લેશે એ વાત ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

જ્યારે ૨૦૧૦માં ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થવાના છે ત્યારે ગુજરાત રાજયે ૨૦૧૦ના વર્ષને સુવર્ણ જયોતિ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે અને કોઈને કોઈ જનહિતના કાર્યો કરીને જ્યારે ખરેખર ૨૦૧૦નું વર્ષ આવે ત્યારે બધાને લાગણી થાય કે આ મારી સુવર્ણ જયોતિ છે, આ મારા રાજયની સુવર્ણ જયોતિ છે અને હું એનો ભાગીદાર છું એવી લાગણી બધાને થાય એ માટે થઈને ૨૦૧૦ના વર્ષને સુવર્ણ જયોતિ વર્ષ જાહેર કરેલ છે.

માનનીય રાજયપાલશ્રીએ જે વિધાનસભા ગૃહને સંબોધન રજૂ કરેલ તે અંગે માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નામદાર રાજયપાલ શ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ લઈને આવ્યા છે, ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

અહીંયા વાયબ્રન્ટ ગુજરાતની ઘણી વાતો થઈ, ગુજરાતનો વિકાસ થવો જોઈએ એ આપણે બધા ઇચ્છીએ છીએ.

અહીં જે ઉદ્યોગોની વાત કરવામાં આવી, અગાઉના વર્ષોમાં પણ ગુજરાતમાં ઘણાં બધા એમ.ઓ.યુ. થયા હતા પણ આમાં કેટલા બેરોજગારોને રોજગારી મળી, અહીં ગુજરાતમાં ઉદ્યોગો આવે, ઘણી સારી બાબત છે. નેનો કારની વાત કરવામાં આવી, આ નેનો પ્રોજૅકટ સીંગુરમાં હતો પણ સીંગુરથી કેટલાક કર્મચારીઓ પણ સાથે લાવવામાં આવ્યા છે. હમણાં જ આપણે જોઈશું તો ગુજરાતમાં ઘણાં બધા બેકાર યુવાનો છે. કેટલા બધા રોજગાર કચેરીમાં નોંધાય છે. તાજેતરમાં ગૌણ સેવાની પરીક્ષાઓ થઈ. તેમાં ૪ લાખ જેટલા બેરોજગાર ઉમેદવારોએ પરીક્ષા આપી અને તેમાં ફક્ત ૧૭૦૦ની ભરતી કરવામાં આવી. આજે ગુજરાતમાં એટલી બધી બેકારી છે, આવા ઉદ્યોગો ગુજરાતમાં આવે એ સારી બાબત છે. અગાઉ એમ.ઓ.યુ. થયા તેમાં કેટલા લેવામાં આવ્યા? ગૌણ સેવામાં ૪ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી અને ૧૭૦૦ જ લેવામાં આવ્યા. ૩,૯૮,૩૦૦ જેટલા બેકાર યુવાનો ગૌણ સેવામાં દેખાતા હોય આ ગૌણ સેવાની પરીક્ષામાં ઘણા બધા હોંશિયાર વિદ્યાર્થીઓ બેઠેલા એ આજે રહી ગયા છે. આમાં મારી નજર સામે ઘણા બધા સારા છોકરાઓ..

**અધ્યક્ષશ્રી** : માનસિંહભાઈ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન અને ગૌણ સેવાની ચર્ચાઓ અહીં કરતા નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : બેરોજગારીની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : બેરોજગારીની વાત કરો, એની કયાં ના પાડી છે? એના વહીવટ બાબતની વાત ન થાય.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : અહીં ગુજરાતમાં અનેક યોજનાઓ ખેડૂતોના વિકાસ માટે ભૂતકાળમાં પણ થઈ છે. કડાણા યોજના હોય, મહી યોજના હોય આવી અનેક સિંચાઈ યોજનાઓ ગુજરાતમાં કોંગ્રેસ સરકારે ભૂતકાળમાં કરેલી છે. અહીં રાજયની સરકારે ૨૦૦૪માં સુજલામ્-સુફલામ્ યોજના કરી અને શું કારણ હશે કે બે વર્ષમાં આ યોજના પૂર્ણ કરવામાં આવી. એવી શું ઉતાવળ હતી? કોઈ ટેકનિકલ અધિકારીઓ દ્વારા વ્યવસ્થિત સરવે કરવામાં આવ્યો નહીં અને આ યોજનામાં કરોડો રૂપિયા ખર્ચાયા. આ યોજના થાય, અમારા વિસ્તારમાંથી પસાર થાય છે. ઘણી સારી યોજના કહેવાય પણ ત્યાં એવું નબળું કામ કરવામાં આવ્યું છે. કારણ કે એટલા બધા ઝાઝા કોન્ટ્રાકટરોને કામ સોંપવામાં આવ્યું અને કહેવત છે કે ઝાઝા રસોયા રસોઈ કરવા બેસે તો રસોઈ બગડી જાય. એમ આજે આ યોજના બિલકૂલ કામ વગરની બની ગઈ છે. એમાં પાણી પૂરું છોડવામાં આવતું નથી અને પાણી છોડવાની બાબત હોય તો તેમાં વધારાનું પાણી હોય તો જ ખેડૂતોને મળે. મારા વિસ્તાર લુણાવાડા, પંચમહાલ, ખેડા અને બાયડ સુધીના ખેડૂતોની મેં મુલાકાત લીધી છે. આમાં ખેડૂતોને એટલો બધો આનંદ હતો કે ઘ ઉંની ખેતી કરીશું, રાયડાની ખેતી કરીશું. સુખી બનીશું. ઓછો વરસાદ પડે તો પંચમહાલ અને ખેડામાં અનાજ વેચીને મશીનો અને એન્જિન લાવ્યા. આજે એક-બે પાણી માટે આ વિસ્તારના ખેડૂતોના ઘઉં સુકાઈ ગયા છે. આજે ખેડૂતો બેહાલ બન્યા છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જે સુજલામ્-સુફલામ્ યોજના છે તેનું બાંધકામ સારું થાય, કારણ કે હલકી માટી નાખવાથી ખેડૂતોના ખેતરો ચોમાસામાં ધોવાઈ જાય છે અને આમાં જેમ ઉત્તર ગુજરાતમાં નર્મદાનું પાણી નાખીને ખેડૂતોને ઉત્તર ગુજરાતમાં પાણી આપવામાં આવ્યું છે તેમ સુજલામ્-સુફલામ્ યોજનામાં કડાણા અથવા તો નર્મદા યોજનાનું પાણી નાખવામાં આવે અને ખેડૂતોને ચાલુ સાલે જે ઘઉં સુકાઈ ગયા છે તેમ ન થાય તેના માટે નમ્ર અપીલ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે આવાસ યોજના છે, ગુજરાતમાં એવા ઘણા બધા ગરીબ માણસો છે કે એક સામાન્ય ઘરમાં ચાર-ચાર ભાઈઓ એક કુટુંબમાં રહેતા હોય છે. આ યોજનાનો સરળ રીતે લાભાર્થીઓને લાભ મળે અને કચેરીએ ધક્કા ન ખાવા પડે અથવા તો ભ્રષ્ટાચાર ન થાય એ પણ ખાસ નમ્ર અપીલ છે.

અહીં પાણી પુરવઠાની વાત કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં, બીજે બધે એટલું બધું પાણી છે, પીવાનું પાણી, વહેતું પાણી ગામમાં જોવા મળે. અમારા પંચમહાલ, ખેડામાં મારા ધ્યાન મુજબ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આજથી સાત વર્ષ પહેલાં મારા વિસ્તારમાં પાણી પુરવઠા યોજનાનું ઉદ્‌ઘાટન કર્યું, આજે એક પણ પાણી પુરવઠાની ટાંકી ઉપર પાણી ચડાવવામાં આવતું નથી અને સીધું પાણી આપવામાં આવે અને પાણી કદાચ અઠવાડિયે-પંદર દિવસે મળતું હોય છે. હેન્ડપંપ જે છે પાણી પુરવઠાના એ હેન્ડપંપ રિપેર કરવામાં આવે. બીજી કોઈ પણ યોજનાના હેન્ડપંપ હોય તો હેન્ડપંપ રિપેર કરવામાં આવતા નથી. અથવા તો એનું મટિરિયલ છે એ રિપેર કરનાર ટીમ છે એ પૂરી પાડવામાં આવતી નથી એટલે પીવાના પાણી માટે મુશ્કેલીઓ પડે છે તો એના માટે પણ માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહારની વાત કરું છું. ગામડાની અંદર પહેલાંના વખતમાં ૯૦૦૦ જેટલી બસો હતી અને ૧૦૦૦ બસો ખરીદવાની રાજય સરકાર વાતો કરે છે. ગામડાની અંદર મારા મત વિસ્તારની વાત કરું છું. બસના છાપરાઓ ઉપર બેસીને નાના વિદ્યાર્થીઓને શાળાએ જવું પડે છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં આમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. એટલે ગામડાની અંદર હજારો રૂટો હતા એ આજે બંધ કરી દેવામાં આવ્યા છે. ખાનગી ટ્રાન્સપોર્ટરો પોતાનો ધંધો કરે છે અને સરકાર વિદ્યાર્થીઓને મફત પાસની વાતો કરે છે પણ બસો ચાલુ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને અથવા તો બહેનોને લાભ મળી શકે. તો બસોની વ્યવસ્થા થાય તો શાળા, સ્કૂલો, કૉલેજોમાં જતા વિદ્યાર્થીઓને લાભ મળે એવી અપીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પ્રવાસનની વાત કરી છે. ઘણી જગ્યાએ પ્રવાસન સ્થળ વિકસાવવાની રાજય સરકારે વાત કરી કરી છે. પરંતુ મારા વિસ્તારની અંદર એશિયામાં ન હોય એવા ડાયનાસોર મળી આવ્યા છે. એ સ્થળને વિકસાવવા માટે મે વાત કરી છે. પણ તેને વિકસાવવામાં આવતું નથી. તેનું મને દુ:ખ થાય છે. આ ડાયનાસોરના પ્લેસને ડેવલપ કરવામાં આવે તો દેશ વિદેશથી અથવા તો ગુજરાતમાંથી ઘણા પ્રવાસીઓ લાભ લે. અને ચોક્કસ સરકારને એનો આર્થિક ઘણો બધો ફાયદો થાય. એટલે આવા સ્થળોને પ્રવાસન ધામ તરીકે ડેવલપ કરવા જોઈએ એવી મારી અપીલ છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય રાજયપાલશ્રીના ઉદ્‌બોધન બદલ માનનીય સભ્યશ્રી પ્રફૂલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપનાના પહેલી મે ૨૦૧૦ના રોજ ૫૦ વર્ષ પૂરાં થશે, ત્યારે આ રાજય સરકારે અને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનું આયોજન કરેલ છે. સંકલ્પ જ્યોતિ રથયાત્રાના કારણે આ ગુજરાતની અંદર વિશાળ જન સમુદાયમાં જાગૃતિનો નવો પવન ફૂંકાયો છે અને જેમાં અત્યાર સુધીમાં લગભગ ૪૫ લાખ જેટલા લોકોએ આ યાત્રામાં ભાગ લીધો છે. આ રાજયના કર્મનિષ્ઠ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સમૃદ્ધ, શકિતશાળી અને પ્રગતિશીલ રાજય બનાવવાનો મહાયજ્ઞ કરી રહ્યા છે. ગુજરાત રાજયના વિકાસને હવે કોઈ અટકાવી શકવાનું નથી. આ ગુજરાત રાજયમાં

આદિવાસી સમાજની વાત કરીએ તો અંબાજીથી લઈને ઉમરગામ સુધીના ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં લગભગ ૭૫ લાખ જેટલા આદિવાસી સમાજની વસ્તી છે. જે રાજયની કુલ વસ્તીના ૧૫ ટકા જેટલી થાય છે. આ રાજય સરકારે વસ્તીના આધારે આદિવાસીઓના કલ્યાણ માટે રકમની ફાળવણી કરી દેશભરમાં નવી શરૂઆત કરી છે. વર્ષોથી જુદી જુદી નાની નાની યોજનાઓ વેર-વિખેર પડેલી હતી. એ યોજનાઓને સંકલિત કરી, વ્યકિતગત ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ કરીને આદિવાસી સમાજના વિકાસ માટે રૂ.૧૫,૦૦૦/- કરોડની વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી છે. ડેરી વિકાસ યોજના હેઠળ લગભગ ૧૨૦૦૦ જેટલા કુટુંબોને આવરી લેવાયા છે. એ જ રીતે વાડી યોજના હોય, ખેતીવાડીની અન્ય યોજનાઓને લગભગ સાથે મળીને ૨૦,૦૦૦ જેટલા કુટુંબોને આવરી લેવાયા છે. એ જ રીતે દૂધ સંજીવની યોજના હેઠળ ૨.૧૨ લાખ જેટલા બાળકોને આવરી લેવાયા છે. ઔદ્યોગિક વિકાસની વાત ઘણા બધા સભ્યશ્રીઓએ કરી છે કે જ્યારે વિશ્વ અભૂતપૂર્વ મંદીમાં સપડાયું છે ત્યારે આ ગુજરાતની અંદર જાન્યુઆરી મહીનામાં ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટમાં લગભગ ૪૬ દેશો અને સમગ્ર ભારતમાંથી આવેલા મૂડીરોકાણકારોએ ૧૨લાખ કરોડ જેવી મૂડીરોકાણની સમજૂતીના કરારો થયા છે. ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આર્થિક સર્વેક્ષણમાં પણ સૌથી વધુ મૂડીરોકાણ મેળવનાર રાજય તરીકે ગુજરાત રાજયે પ્રથમ સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે. ઉદ્યોગોની સાથેસાથે આ રાજયમાં કૃષિમાં પણ ૧૪ ટકા જેટલો ઊંચો વિકાસદર હાંસલ કરી હરણફાળ ભરી છે. કૃષિ મહોત્સવના કારણે ૨૦૦૧માં કૃષિની આવક ૧૪હજાર જેટલી થતી હતી તે વધીને ૨૦૦૭-૦૮માં લગભગ ૪૮હજાર કરોડ જેટલું કૃષિનું ઉત્પાદન વધ્યું છે. આ રાજયની સરકારે ગામડાઓની પણ ચિંતા કરી છે. ભૂતકાળની સરકારોમાં માત્ર શહેરોનો વિકાસ થતો હતો. ગામડાઓના ખરા વિકાસની શરૂઆત એ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ શરૂ થઈ છે. ગામડાઓને આધુનિક ટૅક્નૉલૉજી સાથે જોડવા ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના, અમારા સુરત જિલ્લાના બારડોલી તાલુકાના હરીપુરા ગામ જેવા ઐતિહાસિક સ્થળે મહાન રાષ્ટ્રીય નેતા સુભાષચંદ્ર બોઝે ૧૯૩૮ ની સાલમાં તા. ૨૩મી જાન્યુઆરીએ કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા. એ વખતે એમણે યુવાનોમાં સૂત્ર આપ્યું હતું. એક સૂત્ર આપ્યું હતું. "તુમ મુઝે ખૂન દો. મૈં તુમ્હે આઝાદી દુંગા". એવા હરિપુરા ગામમાંથી આ યોજનાનું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું અને બ્રોડબેન્ડ કનેકટીવીટીથી સમગ્ર ગુજરાતના લગભગ ૧૩૬૯૩ ગ્રામપંચાયતોને કૉમ્પ્યુટર મારફતે ઈ -સેવા આપતું દેશનું પ્રથમ એકમાત્ર રાજય ગુજરાત બન્યું છે. આ નૅટવર્ક નાગરિક સેવાઓ માટે વપરાતું વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે. આ રાજયની સરકારે પ્રાથમિક શિક્ષણને પણ ખૂબ મહત્વ આપ્યું છે અને એમાં આદિવાસી વિસ્તારોમાં ખાસ અને આ રાજયના ઈતિહાસમાં પહેલી વખત કોઈ મુખ્યમંત્રી પોતે ૩ દિવસ અતિપછાત ગામડાઓનો પ્રવાસ કરે અને ગરીબ લોકોના બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવે અવી ગુજરાતની એક અનોખી ઘટના બની છે એમાં પણ દીકરીઓના શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે અને આ રાજયના મુખ્યમંત્રીને જે ભેટસોગાદો મળે છે એ પોતાના ઘરે લઈ જવાને બદલે આ રાજયના મુખ્યમંત્રી એની હરાજી કરાવીને જે રકમ ઉભી થાય છે, આ વર્ષે પણ લગભગ ૧૯કરોડ જેટલી મોટી રકમ વિદ્યાલક્ષ્મી બૉન્ડમાં જમા કરાવવામાં આવી છે. આરોગ્યની બાબતમાં પણ પ્રાથમિક શાળાના બાળકોનું મફતમાં આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ વિશે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સરકારશ્રી અને સરકારશ્રીના પ્રતિનિધિઓ દ્વારા એક નાના મુદ્દાનો એવી રીતે એનો પ્રચાર કરવામાં આવે છે, કે પ્રજાનું ખેડૂતોનું ખૂબ મોટું કલ્યાણ કરીએ છીએ. આજની પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં જે જમીન ચકાસણી અંગેનો જે પ્રશ્ન હતો સોઈલ હેલ્થ કાર્ડનો એમાં ૩૧ સભ્યોએ એકનો એક પ્રશ્ન પૂછયો છે કે સરકારની પ્રશંસા કરવા માટે ૩૧ સભ્યોએ જુદા જુદા .. ...

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### સરકારની પ્રસંશા કરતા પ્રશ્નો પૂછવા અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર, કોઈપણ માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો હોય, આપે દાખલ કર્યો હોય પછી એ કેવા ઈરાદાથી હતો કે કેવી રીતે હતો એની કોઈ ટીકા ટિપ્પણ ના થઈ શકે.

**શ્રી જગદીશ ઠાકોર** : પ્રશ્નોત્તરીમાં જે વિગત આવી છે એનો ઉલ્લેખ કર્યો છે એટલે એમાં હું એવું માનું છું કે પ્રશ્નોતરી દ્વારા સરકાર જે કરાવવા માગે છે એ જ વાત કરીએ છીએ અને સભ્યશ્રીએ કરી છે કે સરકાર આ કરાવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી મણીભાઈ જે વાત કરતા હતા અને એના ઉપર નીતિનભાઈનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આપ એની વાત કરો છો પણ ૩૧ સભ્યોએ એકનો એક પ્રશ્ન પૂછયો છે અને એમાં પછી એમણે એમ કીધું કે પ્રસંશા કરાવવા માટે, પહેલી વસ્તુ એ છે કે કોઈપણ સભ્ય પૂછે એ કે આ સભ્યે આ પ્રશ્ન પૂછ્યો છે એટલે ૩૧ સભ્યોએ પૂછ્યો છે. સભ્યને મળેલ અધિકારના આધારે પ્રશ્ન પૂછેલ છે. (સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર બેઠા બેઠા કંઈ બોલતાં) આપ કંઈ કહેવા માગતા હોય તો ઊભા થાવ. બેઠા બેઠા વચ્ચે બોલો

નહીં. આપ વર્ષોથી ચૂંટાઈને આવતા સભ્યો છે. આટલા વરિષ્ઠ સભ્ય છો અને હજી પણ તમે મજાક કરો છો એમાંથી આપની જાતને મુક્ત કરો તો આપનું માન વધશે.

માનનીય નીતિનભાઈના પૉઈન્ટ ઑફ ઑર્ડર પર કહેતો હતો કે સભ્ય પ્રશ્ન પૂછે છે ત્યારે એને બીજાની ખબર હોતી નથી. એટલે ૩૩ કરતાં પણ વધારે થાય. એટલે એ સરકારે કે શાસક પક્ષે, કાલ સવારે તમારા પણ પાંચ-દસ પ્રશ્નો નીકળશે તો એવા પ્રશ્નને આ હેતુસર પૂછ્યો છે એવું કહેવું એ સભ્ય અને સભાગૃહનું અવમાન જેવું છે. બીજી વસ્તુ એવી છે કે આજે કોઈપણ પ્રશ્ન આવે, જવાબ તો સરકારમાંથી એક જ આવશે એટલે એનો હેતુ સરતો નથી. આપ પણ સિનિયર સભ્ય છો. સભ્યની પ્રશ્ન પૂછવાના અધિકારની ટીકા કરવી તે યોગ્ય નથી.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : સભ્યશ્રીઓને મનદુઃખ થયું હોય તો...

**અધ્યક્ષશ્રી** : મનદુઃખનો પ્રશ્ન નથી. આપ એનાથી આગળ ચાલો. આપનું વક્તવ્ય એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય કૃષિ મંત્રીશ્રીને કહેવા માગું છું કે જ્યારે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે ત્યારે એક ખેડૂતને જેટલા ખેતરો હોય એ દરેક ખેતરની અલગ અલગ ચકાસણી કરી અને પછી બધા જ ખેતરોના અલગ અલગ નમૂના લઈને અલગ અલગ સોઈલ હેલ્થ કાર્ડ આપવાના હોય છે. પરંતુ જ્યારે આ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે ત્યારે ઘણી જગ્યાએ જોવામાં આવ્યું છે કે આખા ગામમાંથી આઠ-દસ જગ્યાએ નમૂના લઈને આખા ગામના સોઈલ હેલ્થ કાર્ડ દરેક ખેડૂતને એ જ પ્રકારના આપી દેવામાં આવે છે. એક જ ગામના લગભગ દરેક ખેડૂતને એક જ પ્રકારના સોઈલ હેલ્થ કાર્ડ હોય છે. એટલે દરેક ખેડૂતની જમીન એક જ પ્રકારની હોતી નથી. પોષક તત્ત્વો એક જ પ્રકારના હોતા નથી. બીજી વાત એ કરવા માગું છું કે જ્યારે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે ત્યારે એમાં રહેલા પોષક તત્ત્વો, એમાં એક પાક લીધો હોય તો ત્રણ મહિનાનો પાક હોય કે છ મહિનાનો પાક હોય એ પાક લીધા પછી એમાં. (સમયસૂચક ઘંટડી)

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય પ્રફુલ્લભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ચર્ચાઓ અહીંયા થઈ એ મુજબ અહીંયા હું સાંભળતી હતી. સિદ્ધાર્થભાઈ કહેતા હતા કે આ સરકારમાં સંવેદનશીલતા નથી. મને એ શબ્દો પર બહુ દુઃખ થયું કે આવા સરસ નિર્ણયો સરકારની અંદર લોકોને સાથે રાખીને કરેલા નિર્ણયો, માત્ર ચિરંજીવી યોજનાનો દાખલો લો. ચિરંજીવી યોજનાનો જે અભિગમ મૂકવામાં આવ્યો છે એના લીધે સિંગાપુરનો એશિયન એવલ્યુશન એવોર્ડ પ્રાપ્ત થયો. બીજા રાજ્યના લોકો એનો અભ્યાસ કરવા અહીંયા આવ્યા. ચિરંજીવી યોજના દ્વારા જે ગરીબ સગર્ભા સ્ત્રીઓને જે લાભ પ્રાપ્ત થયો, ગરીબ બહેનોની પ્રસૂતિનો વિચાર આ સરકાર કરતી હોય અને એની સારી જગ્યાએ ડિલિવરી થાય, નિષ્ણાત ડૉકટરોની સારવાર મળે અને એના માટે રાજ્ય સરકાર આટલું મોટું બજૅટ ફાળવતી હોય, માતા મૃત્યુદર ઘટાડવા માટેના તમામ પ્રયત્નો કરવામાં આવતા હોય, સ્વૈચ્છિક સંસ્થાઓના ડૉકટરો અને બધાને સાથે રાખીને જ્યારે આ કાર્ય થતું હોય, અને એના પરિણામરૂપે માતૃ મૃત્યુ દર ઘટ્યો, બાળ મૃત્યુ દર ઘટયો અને આપણે જે દર દ ટાડવાનો છે એનું ઘણું સારું પરિણામ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. એટલે સંવેદનશીલતા ના હોય તો સરકારમાં આવી યોજનાઓ કોઈ દિવસ આવી શકે નહિ. એની સાથે બીજી પણ વાત કરવી છે કે હમણાં નીરોગી બાળ વર્ષની વાત કરવામાં આવી. નીરોગી બાળ વર્ષની જે વાત છે લોકોને સાથે રાખીને બાળકના સ્વાસ્થ્યની ચિંતા કરી છે અને એની અંદર જે યોજનાઓ મૂકવામાં આવી અને એના પરિણામો જે આપણને પ્રાપ્ત થયેલા છે, જે જનજાગૃતિ આવેલી છે એના પરિણામરૂપે જે ફાયદો થઈ રહ્યો છે એ ખરેખર અદ્‌ભુત છે અને આવી સંવેદનશીલ સરકાર મેં તો ભૂતકાળમાં ક્યારેય જોઈ નથી. પ્રજાનો આવો વિચાર કરતી હોય, ગરીબ માતાનો વિચાર કરતી હોય, બાળકોના ભવિષ્યનો વિચાર કરતી હોય અને આપણે એમ કહીએ કે આ સરકારમાં સંવેદનશીલતા નથી. એનાથી આગળ વધીને શાળાઓમાં આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું. એક કરોડથી પણ વધારે બાળકોનું શાળા આરોગ્ય પરીક્ષણ કરી અને એમાં ૪૮૦૦૦ બાળકોને મફત ચશ્માં આપવામાં આવ્યા. જે બાળકો વાંચી નહોતા શકતા, ભણવામાં નબળા હતા એ આજે સારા માર્ક લઈને સારી રીતે ભણતા થયા. એની સાથે જે ગંભીર બીમારીઓ હતી એ બાળકોના મા-બાપને પણ ખબર નહોતી કે આવી ગંભીર બીમારી છે એવા હૃદયના દર્દીઓ, ચાર હજારથી પણ વધારે કિડનીના દર્દીઓ કે જેને કિડનીની તકલીફ છે એવા દર્દીઓ અને એની સાથે સાથે કેન્સરથી પિડાતા બાળકો આ તમામ લોકોને સારમાં સારી સુપર સ્પેશ્યાલીટી મફત સારવાર આપવામાં આવી અને તેથી આગળ વધીને રાજ્યની બહાર ચૈનાઈ મોકલાવીને ૧૨૦ જેટલા બાળકોના હૃદયના ઓપરેશન કરવામાં આવ્યા અને એનો તમામ ખર્ચ એ રાજ્ય સરકારે દસ લાખ રૂપિયા હોય કે વીસ લાખ રૂપિયા આ સરકારે ભોગવ્યા અને એના મા-બાપને પણ જવા-આવવાની વ્યવસ્થા કરીને, પૈસા આપીને આધાર કરવામાં આવ્યો. આવી યોજના એ હું નથી માનતી કે સંવેદનશીલતા વગર આવી શકે. તે ઉપરાંત આગળ વધીને કેટલા બધા ગરીબ લોકો જેને બીમારી હોય છે, પોતાને સારવાર માટે પૈસા નથી એવા લોકોને પણ જે ગવર્નમેન્ટ હોસ્પિટલની અંદર દાખલ થયા હોય અને એ હોસ્પિટલમાંથી જે એસ્ટીમેન્ટ આપવામાં આવે તેની ૩૦ ટકા રકમ એક ધારાસભ્યનો કાગળ, એક હોસ્પિટલનો એસ્ટીમેન્ટ એ પહોંચે એટલે હોસ્પિટલના એકાઉન્ટમાં જમા થઈ જાય એને કોઈને ધકા નહિ

ખાવાના, એને ગાંધીનગર આવવાનું પણ નહિ અને હોસ્પિટલમાં દાખલ થયેલો દર્દી એક કમ્પ્લીટ સારવાર વગર પૈસે મફત પ્રાપ્ત કરે અને. સારામાં સારી સારવાર પ્રાપ્ત કરે. એટલે આવા તો અનેક દાખલાઓ એ આપણે આરોગ્ય વિભાગની અંદર જે યોજનાઓ બનાવવામાં આવી છે એની અંદર આપણે આપી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, તે ઉપરાંત હમણાં એક ખૂબ સારી યોજના ચિરંજીવ યોજનાની સફળતા પછી બાળસખા યોજના મૂકવામાં આવી. આ યોજના પણ ચિરંજીવ યોજના જેટલી સંવેદનશીલ યોજના છે. ગરીબ બાળકોનું ભવિષ્ય સુધરે, એનો મૃત્યુ દર ઘટે. એક વર્ષની અંદર ૭૦૦૦૦ બાળકો એક વર્ષ પૂરું કરી શકતા નથી કે પોતાનો જન્મ દિવસ નથી મનાવી શકતા એવા ૭૦ ટકા બાળકો પહેલા અઠવાડિયામાં મૃત્યુ પામે, ૨/૩ બાળકો એક મહિનામાં મૃત્યુ પામે  આ બાળ મૃત્યુ દર ઘટાડવા માટે નિષ્ણાંત ડૉકટરો, પિડિયાટ્રીશનોને સાથે રાખીને, સામાજિક સંસ્થાઓને સાથે રાખીને, આરોગ્ય ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓને સાથે રાખીને જે સંકલન કરીને બાળ મૃત્યુદર ઘટાડવાની જે કોશિશ કરવામાં આવી છે આવા બાળકોને મફત સારવાર આપી એમાં બે પેકેજ આપવામાં આવ્યા. એક કરોડ પંચોતેર લાખનું પેકેજ નંબર વન જેમાં ચિરંજીવ યોજના જે બાળકો હોસ્પિટમાં જન્મ પામે છે એ નવજાત શિશુઓની સારવાર માટેનું પેકેજ. સો બાળકો માટે આટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો અને પેકેજ નંબર-૨માં જે બાળકો જે હોસ્પિટલમાં ના જન્મતા હોય કે એ બાળકો ચિરંજીવ યોજનામાં ના હોય પણ અન્ય હોસ્પિટલમાં એમનો જન્મ થતો હોય એવા બાળકો માટે એક કરોડ સડસઠ લાખનું પેકેજ આપવામાં આવ્યું. ખરેખર અદ્દભૂત યોજના છે, આના ખૂબ સારા પરિણામો આપણે પ્રાપ્ત કરી શકીશું. ૫૦નો બાળ મૃત્યુ દર છે એને આપણે ૩૦ ઉપર લઈ આવવાનો છે. ઘણા સમયથી આપણે સિદ્ધિ હાંસલ નથી કરી આ બાળ સખા યોજનામાંથી આપણે એ સિદ્ધિ હાંસલ કરી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, મારે માર્ગ અને મકાનની પણ વાત કરવી છે કે માર્ગ અને મકાનમાં જે કામગીરી થઈ છે એ પણ અદ્દભુત છે. આજે જ્યાં ગામડામાં જઈએ છીએ તો લોકો એટલા ખુશ છે, સારામાં સારા રસ્તા એ લોકોને પ્રાપ્ત થયા છે. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, મને એક જ મિનિટ સમય આપવામાં આવે, મારે એક ઝલક આપવી છે કે, બી.ઓ.ટી. યોજનાના આધારે જે પૅકૅજ બનાવવામાં આવ્યું છે એમાં રાજય ધોરી માર્ગોને ચાર માર્ગીય બનાવવા, બહુ માર્ગીય બનાવવા એ પણ એમાં યોજનામાં લેવામાં આવ્યું છે. સારી કવોલોટીના કામો થાય એની સાર સંભાળ રોડનું મેઈન્ટેનન્સ થાય એના માટેનું પણ આમાં પૅકૅજ આપવામાં આવ્યું છે એટલે ખરેખર રાજય સરકારે જે માર્ગ અને મકાનમાં જે પ્રગતિ કરી છે ૭૪,૧૧૧ કિલોમીટર લંબાઈના રાજય ધોરી માર્ગોનો આપણે વિકાસ કરવા જઈ રહ્યા છીએ. ગ્રામ સડક યોજનામાં આપણે ખૂબ સારી પ્રગતિ કરી છે અને ત્રણ હજાર કરોડના ખર્ચે ગ્રામ સડકોની સુધારણા કરી છે, ૧૫૦૦ કરોડના ખર્ચે (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એટલે આવી તો અનેક યોજનાઓ સરકારમાં છે હું આ પ્રસ્તાવને અનુમોદન આપું છું.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે રાજયનાં મહામહિમ રાજયપાલશ્રીનાં સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું સમર્થક આપું છું અને તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે ઔદ્યોગિક મૂડી રોકાણને આકર્ષવા માટે સને ૨૦૦૩ થી દર બે વર્ષે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિત આયોજીત કરવાની પરંપરા ઊભી કરી છે. સમગ્ર વિશ્વ જ્યારે અભૂતપૂર્વ મંદીમાં સપડાયું છે તે વખતે પણ ગુજરાત સરકારે જાન્યુઆરી ૨૦૦૯માં ચોથી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ સફળતાપૂર્વક આયોજીત કરી. જેમાં રાજય સરકારની ઔદ્યોગિક નીતિ અને પારદર્શક વહિવટી તંત્રને દેશ અને દુનિયામાં ઔદ્યોગિક રોકાણકારોએ સ્વીકાર્યુ છે. તે બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના આર્થિક સર્વેક્ષણમાં સૌથી વધુ મૂડી રોકાણ મેળવનાર રાજય તરીકે ગુજરાત રાજયે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે એજ બતાવે છે કે, પૉર્ટ અને S.E.Z. આધારિત ઔદ્યોગિક નીતિ અને S.I.R., સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝીયનની પહેલની આ સફળતા છે અને ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં વિશ્વભરમાં અનેક રાજનીતિજ્ઞો અને ઉદ્યોગ જગતનાં વૈશ્વિક સ્વીકૃતિ ધરાવતા માધાંતાઓએ મુક્ત કંઠે ગુજરાત સરકારની નીતિઓની અને નેતૃત્વની પ્રશંસા કરી છે જેના પરિણામે આ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ૪૬ દેશોમાંથી અને સમગ્ર ભારતમાંથી આવેલા ઔદ્યોગિક મૂડી રોકાણકારોએ ૧૨ લાખ કરોડ કરતાં વધુ રકમનાં મૂડી રોકાણના સમજૂતી કરારો કર્યા છે. આ રોકાણો થવાની સાથે ગુજરાતનાં લગભગ ૨૫ લાખ યુવાનોને રોજગારી મળી જવાની છે તે ખૂબ આનંદની વાત છે. આ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં જાપાને ગુજરાત રાજય સાથે ભાગીદાર દેશ તરીકે જોડાઈને આપણી સિદ્ધિઓને સ્વીકૃતિની મહોર મારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિનપરંપરાગત ઊર્જા, આરોગ્ય, માળખાકીય સુવિધાઓ અને ઉચ્ચ શિક્ષણ જેવા સમાજ ઉપયોગી ક્ષેત્રોમાં પણ સમજૂતી કરારો કરવા રોકાણકારો આગળ આવ્યા છે. ગુજરાત સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝીયન વટહુકમના માધ્યમથી ૬ S.I.R. વિસ્તારો સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રની વાત કરીએ તો સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનનાં ક્ષેત્રમાં ગુજરાત અગ્ર હરોળમાં છે. હાલ રાજયમાં દૈનિક દૂધ એકત્રિત કરવાની ૩૪ લાખ લિટરની ક્ષમતા સાથે ૧૩ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો કાર્યરત છે. રાજયમાં હાલ ૧૭ ખાંડ સહકારી મંડળીઓ ૬૫,૦૦૦ મૅટ્રિક ટન દૈનિક પિલાણ ક્ષમતા સાથે કાર્યરત છે. ગુજરાત રાજયની સરકાર સૌરાષ્ટ્રમાં પણ ડેરી પ્રોજૅકટને વધુ મજબૂત બનાવવા કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વસતા સમગ્ર માનવજાતને ધ્યાને લઈને રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રિડ ઊભી કરીને પાણીની અછત ધરાવતા અને પાણીની ગુણવત્તાનાં પ્રશ્નોવાળા કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં વિસ્તારોમાં શુદ્ધ પાણી પુરવઠો પહોંચાડી છેલ્લા એક વર્ષમાં ૧૨૯૬ ગામોને આવરી લીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ૧૦૩૦૦ ગામો અને ૧૧૨ શહેરોને પાણી પુરવઠા ગ્રીડ  હેઠળ જોડવામાં આવ્યા છે. પીવાના પાણીનાં ક્ષેત્રે વ્યાપક લોક ભાગીદારી ઉભી કરી પાણી સમિતિઓ દ્વારા રાજયમાં ગ્રામ્ય સ્તરે અને દરેક દ ાર સુધી પીવાના પાણીનું આયોજન, અમલીકરણ અને સંચાલન વાસ્મો દ્વારા કરવામાં આવે છે. આ પૈકી ૧૩૫૪૨ ગામોમાં પાણી સમિતિની રચના થઈ છે. કૃષિક્ષેત્રે પણ ગુજરાત સરકારે ૧૪ટકા જેટલો ઊંચો કૃષિ વિકાસ દર હાંસલ કરીને હરણફાળ ભરી છે. કૃષિ પેદાશોનું ઉત્પાદન વર્ષ ૨૦૦૦ અને ૨૦૦૧માં ૧૪૭૬૩ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૦૭-૦૮માં રૂ. ૪૮૦૭૦કરોડનું થયું છે.  છેલ્લા ચાર વર્ષથી ચાલતા કૃષિ મહોત્સવ અને સરકારે અખત્યાર કરેલ કૃષિનીતિનું આ પરિણામ છે. ૨૦૦૮-૦૯માં ખાદ્યપાકો ૬૨.૬૯લાખ મેટ્રીકટન તેલિબિયાં પાક ૩૯.૪૯લાખ મેટ્રિકટન અને કપાસ ૭૯.૬૨લાખ ગાંસડીનું ઉત્પાદન થવા સંભવ છે. રાજયમાં ૧૭.૩૭લાખ સોઈલ હેલ્થ કાર્ડની વહેંચણી કરેલ છે. રાજયની વિકસતી જાતિના વિકાસ માટે ૭૮૯૭ લાભાર્થીઓને રૂ.૪.૦૬કરોડની સહાય આપેલ છે તથા તેઓને શૈક્ષણિક લાભો પેટે રૂ. ૧૨૩.૧૯કરોડની સહાય આપેલી છે. એ સિવાય અનુસૂચિત જાતિના ૫૬૭૪૪૧ લાભાર્થીઓને કુલ રૂ. ૪૫.૩૬કરોડની સહાય આપવામાં આવેલ છે. જયારે વંચિતોના વિકાસ માટે કુલ ૫૯૦૨૪ લાભાર્થીઓને રૂ. ૧૦.૮૭કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાત સરકાર વિકસતી જાતિઓના શૈક્ષણિક અને આર્થિક વિકાસની સાથે સામાજિક પછાતપણાને દૂર કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે. જેમાં શૈક્ષણિક યોજનાઓ હેઠળ ૪૩૮૭૦૦ વિદ્યાર્થીઓને રૂ.૬૯.૨૫કરોડની શિષ્યવૃત્તિ શાળા પ્રવેશોત્સવ દરમ્યાન અગાઉથી જ ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત ગણવેશ તથા સાયકલ, ઉચ્ચ અભ્યાસ તથા વિદેશ અભ્યાસ તેમજ નાના ધંધા રોજગાર અને કુંવરબાઈનું મામેરું વગેરે યોજના હેઠળ ૩૫લાખથી વધુ લાભાર્થીઓને ૩૪કરોડની સહાય ચૂકવવામાં આવી છે. રાજયની સરકાર અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને વિકલાંગોના કલ્યાણ માટે પણ સંવેદનશીલ છે અને તેઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે કટિબદ્ધ છે અને સકારાત્મક પગલાંઓ લઈ રહી છે. અનસુચિત જાતિનાં વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓના ૪૬ સરકારી છાત્રાલયોમાં ૨૪૪૨ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ચલાવાતા ૫૪૩ છાત્રાલયોમાં ૧૭૪૨૮ વિદ્યાર્થીઓ ૮૮ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં ૯૨૮૮ વિદ્યાર્થીઓ, ૧૮ આદર્શ નિવાસી શાળાઓમાં ૨૧૪૫ વિદ્યાર્થીઓ અને ૭૨૩ બાલવાડીઓમાં ૧૪૪૬૦ બાળકો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ સરકારે અનુસૂચિત જાતિનાં ૪૫૭૬૩ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને ૧૪૧૮ જેટલા વિવિધ સરકારી છાત્રાલયો મારફતે આવાસનો લાભ આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત શૈક્ષણિક હેતુ માટેની વિવિધ યોજના હેઠળ ૫૬૭૪૪૧ લાભાર્થીઓને રૂ. ૪૫.૩૬કરોડ અને માનવ ગરિમા તથા મફત તબીબી સહાય પેટે ૮૫૫૦ લાભાર્થીઓને રૂ. ૨.૫૦કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. બંધારણે દેશના આદિજાતિનાં નાગરિકોને આપેલ વિકાસમાં એમના ભાગને પહેલીવાર સમગ્ર દેશમાં આપણી સરકારે સ્વીકાર્યા છે અને રાજય

સરકારે બજેટમાં વસ્તીના અનુપાતમાં આદિજાતિ કલ્યાણ માટે રકમની ફાળવણી કરી દેશભરમાં નવી શરૂઆત કરી છે. જેના માધ્યમથી આવનારા દિવસોમાં આદિજાતિ સમાજનાં નાગરિકો રાજયનાં અન્ય નાગરિકોની હરોળમાં રહે તેવા સરકારશ્રીનાં પ્રયત્નો છે. વર્ષોથી જુદી જુદી નાની યોજનાઓમાં વેરવિખેર (સમય સૂચક ઘંટડી) પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે પરંતુ હવે પછી સભાગૃહની અંદર આખું પ્રવચન લખીને વાંચવું તે યોગ્ય નથી. પહેલીવાર આપ વાંચો છો એટલે બરાબર છે. નવા સભ્ય તો ભાનુબહેન પણ છે એમણે પણ મુદ્દા જ રાખ્યા હતા એટલે આ વખતે આપણે કહીએ છીએ આવતી વખતે જયારે આપ પ્રવચન કરો અથવા કોઈપણ સભ્ય કરે ત્યારે આખું વાંચે નહીં. સભાગૃહનો સમય પૂરો થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી,૨૦૦૯ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા : ૨૫મી ફેબ્રુઆરી , ૨૦૦૯**
**ફાલ્ગુન ૬, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને.**

# તારાંકિત પ્રશ્નો

**રાજયની નર્સીંગ કોલેજોમાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ મંજૂર થયેલ વધારાની બેઠકો માટે એન.ઓ.સી.**

***૫૩૩૭ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:- રાજયની નર્સીંગ કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે તા:૧જાન્યુઆરી-૨૦૦૮થી તા:૩૧ જાન્યુઆરી-૨૦૦૯ દરમ્યાન કઈ કોલેજને અને કેટલી બેઠકો માટે " ના વાંધા પ્રમાણપત્ર " અપાયાં?

**આરોગ્ય મંત્રીશ્રી :**

તા:૧-૧-૨૦૦૮ થી તા:૩૧-૧-૨૦૦૯ દરમ્યાન નીચે દર્શાવેલ નર્સિંગ કોલેજને ના-વાંધા પ્રમાણપત્ર અપાયા છે. બેઠકોની સંખ્યા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા કોલેજનું ઈન્સ્પેકશન કર્યા બાદ નકકી કરવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | સ્નાતક | અનુસ્નાતક |
|---|---|---|---|
| ૧ | સરકારી નર્સિંગ કોલેજ, વડોદરા | ૫૦ | |
| ૨ | સરકારી નર્સિંગ કોલેજ, જામનગર | ૪૦ | |
| ૩ | સરકારી નર્સિંગ કોલેજ, જામનગર, (પોસ્ટ બેઝીક(બી.એસ.સી.) | ૩૦ | |
| ૪ | સરકારી કોલેજ, અમદાવાદ | ૬૦ | |
| ૫ | ભગવતહરિ પ્રેમ એજયુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | ૩૦ | |
| ૬ | અંબાજી એજયુકેશન ટ્રસ્ટ, વિસનગર | ૪૦ | |
| ૭ | કોલેજ ઓફ નર્સિંગ કડી કેળવણી મંડળ, ગાંધીનગર | ૫૦ | |
| ૮ | કોલેજ ઓફ નર્સિંગ બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી, જી. સુરત | ૩૦ | |
| ૯ | શ્રી જયોતિબા કોલેજ ઓફ નર્સિંગ, એલ.સી. ઈન્સ્ટીટયુટ કેમ્પસ, ભાન્ડુ,જી.મહેસાણા. | ૩૦ | |
| ૧૦ | કોલેજ ઓફ નર્સિંગ પાટણ | ૪૦* | |
| ૧૧ | સુમંગલમ એજયુકેશન ટ્રસ્ટ, રાજકોટ | ૬૦* | |
| ૧૨ | જ્ઞાનયોગ એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, મુ. પ્રાંતિજ, જી. સાબરકાંઠા | ૫૦* | |
| ૧૩ | શ્રી ચરોતર મોટી સત્યાવીસ પાટીદાર કેળવણી મંડળ, આણંદ | ૬૦* | |
| ૧૪ | અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન કબીલપોર, નવસારી | ૫૦* | |
| ૧૫ | શ્રી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ.ઓ.બેંક ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | ૫૦* | |
| ૧૬ | શ્રી બી. આર. આંબેડકર ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | ૪૦* | |
| ૧૭ | દિનબંધુ ચેરીટેબલ ટ્રસ્ટ, ખોલવડ, સુરત | ૪૦* | |
| ૧૮ | એપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લી.ભાટ, જી. ગાંધીનગર | ૫૦* | |
| ૧૯ | ઓલ ઈન્ડીયા ઈન્સ્ટિટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ (નૂપુર નર્સિંગ એકેડેમી, વડોદરા) | ૪૦* | |
| ૨૦ | સીગી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ રાજસ્થાન હોસ્પિટલ, અમદાવાદ | ૪૦* | |
| ૨૧ | કોલેજ ઓફ નર્સિંગ, અમદાવાદ | | ૨૫ |
| ૨૨ | કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી-ગાંધીનગર | | ૨૫* |
| | કુલ | ૮૭૦ | ૫૦ |

નોંધ:- * આ બેઠકો નર્સિંગ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ઈન્સ્પેકશનને આધિન રહે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ગુજરાતની અંદર મેડીકલ અને પેરા મેડીકલની ક્ષમતા રાજય સરકારે વધારી છે જે સિવિલ હોસ્પિટલમાં ૯૦૦ કરોડના ખર્ચે .. ..

**અધ્યક્ષશ્રી :** પ્રદિપસિંહજી, સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** હું એટલું કહું છું કે ૨૦૦૦ બેડની જગ્યાએ ૪૦૦૦ બેડની ક્ષમતા થવાની છે જેના કારણે આ રાજયની અંદર નર્સિંગ બહેનોની આવશ્યકતા ઉભી થવાની છે એટલા માટે કે પ્લાનીંગ કમીશને ગુજરાતની અંદર નર્સિંગની કેટલી આવશ્યકતા છે એવો કોઈ સરવે કર્યો છે કે કેમ, બીજું આ નર્સિંગના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશની લાયકાત અને પ્રવેશ પદ્ધતિ શું હોય છે. નર્સિંગના વિવિધ અભ્યાસક્રમની મંજૂર

થયેલી બેઠકો શું છે અને ડિપ્લોમા ઇન જનરલ નર્સિંગના પ્રવેશના ધોરણોમાં કોઈ સુધારા કરવામાં આવ્યા છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો એમાં પ્રથમ પ્રશ્ન નર્સિંગના જે કેળવાયેલ માનવબળ છે તેને સ્પર્શે છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્લાનીંગ કમિશને નહીં પણ વિશ્વ આરોગ્ય સંસ્થાએ તાજેતરમાં જે અહેવાલ તૈયાર કર્યો છે એ મુજબ ભારતમાં હજી વધારાની ૮૦હજાર હૉસ્પિટલ અને પથારીની જરૂરત છે. ભારતમાં દર ૨૨૫૦ વસ્તીએ એક નર્સ છે જ્યારે વિકસિત દેશોમાં ૧૫૦ થી ૨૦૦ની વસ્તીએ એક નર્સ છે. એ મુજબ ૨૦૧૨ના વર્ષ સુધીમાં કુલ ૧૦.૫ લાખ કાર્યરત નર્સોની જરૂર ઉભી થશે તે સામે અત્યારે ૩.૭ લાખ સેવામાં કાર્યરત છે એટલે લગભગ ૬.૫ લાખ વધુ નર્સીસની જરૂરત ઉભી થશે એને લક્ષ્યમાં રાખીને ગુજરાત સરકારે આરોગ્ય વિભાગ થકી નર્સીંગના વધારે અભ્યાસક્રમોને પ્રોત્સાહન આપવા માટેની નીતિ અખત્યાર કરી છે અને એ નીતિ મુજબ ગયા વર્ષ દરમિયાન ૮૭૦ ડિપ્લોમા અને સ્નાતક કક્ષાની અને ૫૦ એ અનુસ્નાતક કક્ષાની વધારાની બેઠકોને માટે ભલામણ કરવામાં આવી છે એટલે અત્યારે જે ૪૮૦ બેઠકો છે અત્યારે એમ.એસ.સી. નર્સીંગમાં ૨૫ બેઠકો છે અને બાકીની ૪૮૦ બેઠકો સ્નાતક કક્ષાએ છે. એ ૪૮૦ બેઠકોની સરખામણીમાં લગભગ બમણી ૮૭૦ અને ૫૦ એટલે ૯૨૦ બેઠકો વધારાની ઉભી કરવા માટેની ભલામણો કરવામાં આવી છે અને નર્સિંગ કાઉન્સિલની મંજૂરી અને એના ઈન્સપેકશનને આધીન આ વધારાની બેઠકો આ રાજયમાં આવનાર એકેડેમીક વર્ષથી ઉપલબ્ધ બનવાની શક્યતા છે. માનનીય સભ્યશ્રીએ ડિપ્લોમા ઇન જનરલ નર્સિંગ માટેના પ્રવેશ ધોરણો અંગેની વાત કરી. ડિપ્લોમા ઇન જનરલ નર્સિંગ માટેના પ્રવેશ ધોરણોમાં સરકારી નર્સીંગ સ્કૂલ ખાતે જિલ્લાવાઈઝ પ્રવેશ પહેલા આપવામાં આવતો હતો પરંતુ ગુજરાત વ્યવસાયીક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ અધિનિયમ ૨૦૦૭-૦૮ નો ગુજરાત અધિનિયમ-૩ અન્વયે સરકારી અને મ્યુનિસિપલ કૉર્પોરેશન તેમજ સ્વનિર્ભર નર્સિંગ સ્કૂલો ખાતે પ્રવેશ આપવા બાબતે કૉમન મેરીટ મુજબ સેન્ટ્રલાઈઝ એડમિશન કમિટી દ્વારા વર્ષ ૨૦૦૮થી પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ સેન્ટ્રલાઈઝ પ્રવેશ પદ્ધતિ થકી પ્રવેશ આપવાની પદ્ધતિ અખત્યાર કરી છે અને એ પદ્ધતિ મુજબ આપણે પ્રવેશ આપીએ છીએ.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે જે આ સ્નાતક અને અનુસ્નાતક નર્સિંગની કોલેજો જે ચાલુ કરવા માગો છો એમાં અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિને માટે અનામતનું ધોરણ રાખવામાં આવેલ છે કે કેમ?અને રાખવામાં આવે છે તો કેટલી રાખવામાં આવેલ છે.?

**શ્રી જયનારાયણ વ્યાસ** : જે સરકારી કૉલેજો છે અને સ્વનિર્ભર કૉલેજો કે જેમાં આ પ્રકારના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે એમાં નિયમ મુજબ જે રિઝર્વેશનના ધારાધોરણો લાગુ પડે છે તે મુજબ રિઝર્વેશન રાખવામાં આવશે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : મારે એ જાણવું છે કે એન.ઓ.સી. એ નર્સિંગ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ આપવાની હોય છે. તો આ કૉલેજો છે એમાંથી કેટલી કૉલેજોનું ઈન્સ્પેકશન થયેલ છે અને કેટલાને એન.ઓ.સી. મળેલ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : જેને એન.ઓ.સી. બાકી છે એમાં ભગવતી હરિ પ્રેમ એજ્યુકેશન ટ્રસ્ટ-૩૦, અંબાજી એજ્યુકેશન ટ્રસ્ટ, વિસનગર-૪૦, કૉલેજ ઑફ નર્સિંગ, પાટણ-૪૦, સુમંગલમ એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ-૬૦ એમ છેલ્લે ૧૦ થી માંડીને ૨૨ સુધીની છે એમાં ૧૧ને નર્સિંગ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાનું એન.ઓ.સી. આપવાનું લગભગ બાકી છે. એમાં એસેન્શિયલ સર્ટિફિકેટ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવે છે. ત્યાર પછી નર્સિંગ કાઉન્સિલના ઈન્સ્પેકશનનો પ્રશ્ન ઊભો થતો હોય છે. એટલે એ ડયુ કોર્સમાં ઈન્સ્પેકશન માટેની પ્રક્રિયા પણ પૂરી થાય એ પ્રકારના ધોરણો છે.

### માંડવી તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દી પાસેથી ઓપરેશનનો ચાર્જ વસૂલવા બાબત

*૬૫૮૭ **શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓ પાસે ઓપરેશનના પૈસા લેવામાં આવે છે એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી છે, અને

(૩) તે અંગે સરકારે શી કાર્યવાહી કરીને જવાબદાર સામે શાં પગલાં લીધા?

**આરોગ્ય મંત્રીશ્રી : જવાબ સુધાર્યા મુજબ.**

(૧) ના, જી.

(૨) રાજ્ય સરકારને માનનીય ધારાસભ્યશ્રી તરફથી આ બાબતે એક ફરિયાદ મળેલ છે.

(૩) આ ફરિયાદ સંબંધે પ્રાથમિક તપાસ કરવામાં આવી રહી છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજ્ય સરકારે મને જે જવાબ આપેલ છે તેમાં સ્પષ્ટ ના લખેલ છે. મારી પાસે ૫૧ આધાર પુરાવા છે.

મારો પ્રશ્ન એ છે કે તા. ૩૧-૧૨-૦૮ના રોજ ર્ડા. સાદડીવાળા રાજીનામું આપી છુટા થયા છે એ હકીકત સાચી છે કે કેમ? બીજું કે ર્ડા. સાદડીવાળા સાથે અન્ય કર્મચારીઓ પણ આ પૈસા લેવામાં સામેલ હતા કે કેમ? ત્રીજું કે જવાબદાર અધિકારીઓ સામે રાજ્ય સરકાર પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ સુધાર્યા મુજબ કહ્યું તેમાં માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેમાં સુધારો કર્યો છે. જે ફરિયાદ માનનીય ધારાસભ્ય તરફથી મળી હતી એ તા. ૨૪-૧૨-૦૮ના રોજ મળી હતી અને એ ફરિયાદ અન્વયે આ સમગ્ર પ્રકરણ માટે તપાસ કરવાનું કામ સક્ષમ અધિકારીશ્રીને સોંપવામાં આવ્યું છે. સંયુકત સચિવશ્રીની કક્ષાએ કામ કરેલ અધિકારી આ અંગેની તપાસ કરી રહ્યા છે અને એ માટે ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ તપાસ માટેના હુકમો કરવામાં આવ્યા છે. એ દરમિયાનમાં જે ર્ડાકટર અંગેની માનનીય ધારાસભ્યશ્રીની ફરિયાદ છે એ ર્ડાકટરની સેવા તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૯થી સમાપ્ત કરવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપણા સામાન્ય વહીવટ વિભાગની સૂચના અને પ્રથા પણ છે કે માનનીય ધારાસભ્યશ્રીની ફરિયાદ આવી હોય તો પહેલા એમને એક્નોલેજમેન્ટ આપવાનું હોય છે કે તમારી ફરિયાદ પ્રાપ્ત થઈ છે અને આખરી રિપ્લાય સમયમર્યાદામાં આપવાનો હોય છે. રાજ્ય સરકારે સ્વીકાર્યું છે કે માનનીય ધારાસભ્યશ્રીએ આ બાબતે ફરિયાદ કરેલ છે. એમને એક્નોલેજમેન્ટ ક્યારે મળ્યું અને ફાઈનલ રિપ્લાય ક્યારે આપ્યો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીનો જે પત્ર છે એ મને ઉદ્દેશીને લખેલ હતો અને મેં રૂબરૂ માનનીય ધારાસભ્યશ્રી સાથે ચર્ચા કરી છે. એટલે માનનીય વિપક્ષના નેતાશ્રીને ખાતરી આપવા માગું છું કે જે ફોર્મેટ પત્રનો છે તે તો રૂબરૂમાં વાત ન થઈ હોય ત્યારે આવે. હું સંપૂર્ણપણે માનનીય ધારાસભ્યશ્રીની સાથે જાતે સંપર્કમાં છું. અધિકારી થકી જ્યારે કોઈ વાત હેન્ડલ કરતા હોઈએ ત્યારે આ વાત ઉચિત ગણાય છે. કંકોતરીમાં પણ આપણે લખીએ છીએ કે રૂબરૂ મળ્યા તુલ્ય સમજવું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પરિપત્ર છે કે મંત્રીશ્રીએ લેખિતમાં એક્નોલેજમેન્ટ અને રિપ્લાય આપવાનો હોય છે. ના આપ્યો હોય તો ના પાડી દો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : રૂબરૂમાં માનનીય ધારાસભ્યશ્રીના સંપર્કમાં રહીને અને એમને બધી જ બાબતોથી વાકેફ કરવા એ પણ એનું એક્નોલેજમેન્ટ જ છે. એટલે માનનીય ધારાસભ્યશ્રી સાથે સંપર્કમાં રહી આ બાબતે ત્વરિત કાર્યવાહી પણ કરાવી છે. એમની માનનીય ધારાસભ્યશ્રીની ફરિયાદ મળ્યાના લગભગ બે જ અઠવાડિયામાં એ માટેની તપાસ માટેના અધિકારી પણ અમે નિયુકત કર્યા છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર માંડવીમાં એમ.એસ. ડૉકટર, એકસરે ટેકનિશ્યન, લેબ ટેકનિશ્યન અને સ્ત્રી રોગ નિષ્ણાંત તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર સોનગઢમાં એકસરે ટેકનિશ્યન, લેબ ટેકનિશ્યન અને સિનિયર કલાર્કની જગ્યા ઘણા લાંબા સમયથી ખાલી છે જે આપ ભરવા માગો છો કે કેમ? અને કયાં સુધીમાં ભરવામાં આવશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રભુભાઈ આ માંડવીનો પ્રશ્ન છે. આ પ્રશ્નમાં કુંવરજીભાઈની ફરિયાદ છે એમાંથી કાંઈ પૂરક પ્રશ્ન હો તો આપ કહો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી સાહેબે કહ્યું હું ધારાસભ્યશ્રી સાથે સંપર્કમાં છું. એ વાત સાચી. મને ગઈકાલે એમણે પૂછયું હતું ત્યારે મેં પુરાવા આપ્યા ત્યારે મારી સાથે એમ કહ્યું કે આ બાબતે હું તમને કહીશ અને જાણ કરીશ. બાકી મારી સાથે બીજી કોઈ ચર્ચા કરવામાં આવી નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીને મારે કહેવું કહેવું છે કે જે તપાસ થઈ રહી હતી એ બાબતમાં કાર્યવાહી થઈ છે કે નહિ એ બાબતમાં મેં પૃચ્છા કરી છે. એમાં માનનીય ધારાસભ્યશ્રીને મેં કાંઈ (અંતરાય) તપાસ ચાલુ છે શકિતસિંહભાઈ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : લેખિત જવાબમાં કહ્યું છે કે તપાસ ચાલુ છે. નેકસ્ટ.

### ગઢશીશા જૂથ પાણી પુરવઠા યોજનાનો લાભ

*** ૫૨૬૦** **શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રી શ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) કચ્છ જિલ્લાની માંડવી તાલુકાની ગઢશીશા જૂથ પાણી પુરવઠા યોજના થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનાથી કેટલા ગામોને લાભ થશે, અને

(૩) યોજના પૂર્ણ કરવામાં કેટલો ખર્ચ થશે?

**પાણી પુરવઠા મંત્રી શ્રી** :

(૧) હા, જી.

(૨) ૩૩ ગામોને.

(૩) આશરે રૂા.૧૪.૨૦ કરોડ.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે કચ્છ જિલ્લાના
માંડવી તાલુકામાં ગઢશીશા પાણી પુરવઠા યોજના થયેલ છે કે કેમ? અને જો હા તો આ યોજનાથી કેટલા ગામોને લાભ થશે અને યોજના પૂર્ણ કરવામાં કેટલો ખર્ચ થશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માંડવીએ કચ્છ જિલ્લાના દરિયા કિનારા નજીક આવેલો તાલુકો છે. ત્યાં આગળ પીવાના પાણીનો સોર્સ ખારાશવાળા હતા એટલા માટે રાજ્ય સરકારના પાણી પુરવઠા વિભાગે માંડવી તાલુકાના સમગ્ર ૯૦ ગામોને નર્મદાનું પાણી આપવા માટે ૩ જૂથ યોજનાઓ અમલમાં મૂકી છે. એમાં..(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ જવાબમાં આપેલું છે જ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :નહિ, નહિ, અર્જુનભાઈ પ્રશ્ન પૂછવાનો એમનો અધિકાર છે. કેવો પ્રશ્ન (અંતરાય) પ્રશ્નોત્તરી પછી આપણે ચર્ચા કરીશું અત્યારે નહિ. (અંતરાય) પ્રશ્ન પૂછવો એ સભ્યનો અધિકાર છે. નહિ, કેવો પ્રશ્ન પૂછવો એ હું નહિ કહુ. મારે જ્યારે કહેવું હશે. નહિ, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જવાબ આપેલો છે.

**અધ્યક્ષશ્રી** : આપ આ અંગેની ચર્ચા પછી કરી શકો છો. માનનીય મંત્રી શ્રી,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ મારે શું કહેવું એ તો હું નક્કી કરીશને. એટલે સાહેબ, આ ૯૦ ગામોને નર્મદાનું શુદ્ધ પીવાનું મીઠું પાણી મળી રહે એ માટે રાજ્ય સરકારના પાણી પુરવઠા વિભાગે ૩ જૂથ યોજનાઓ અમલમાં મૂકી છે. એ પૈકીની એક આ ગઢશીશા જૂથ યોજના છે જેનો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે અને એમાં ૧૪.૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે અને ગઢશીશા યોજનામાં ૩૩ ગામોને અમે પાણી આપીએ છીએ. માંડવી તાલુકાના ૩૦, નખત્રાણાના ૨ અને ભૂજ તાલુકાના ૧ ગામનો સમાવેશ થાય છે.

**શ્રી જયંતીલાલ ૫. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે કચ્છ જિલ્લાને નર્મદાનું કુલ કેટલું પાણી આપે છે અને કેટલા લિટર આપે છે?

**અધ્યક્ષશ્રી** : નહિ, માનનીય સભ્યશ્રી આ ગઢશીશા યોજનાનો સવાલ છે. નર્મદા યોજનાનો સવાલ નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : છતાં મારી પાસે વિગત છે તો સાહેબ એમને સંતોષ થાય.

**અધ્યક્ષશ્રી** : નહિ, એમણે જે પ્રશ્ન પૂછવાનો છે એ પૂરક પ્રશ્ન છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આપ દાખલ કરો તો જવાબ આપું. પરમિશન આપો તો મારી પાસે માહિતી છે.

**અધ્યક્ષશ્રી** : નહિ, હું દાખલ નથી કરતો. તમારી પાસે માહિતી છે પછી બાકી રાખો. આપ જયંતીભાઈ ગઢશીશા માંડવી ઉપરનો પ્રશ્ન છે એના પાણી પુરવઠા યોજના વિષે પૂછી શકાય.

**શ્રી જયંતીલાલ ૫. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, ગઢશીશા યોજનામાં કયા પ્રકારની પાઈપ લાઈન વાપરવામાં આવી છે અને તે કેટલી લંબાઈની છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન એટલા માટે અગત્યનો છે કે, પાણી મળી ગયું, લોકોને સંતોષ થાય એના માટે રાજય સરકાર જે આયોજન કરે છે, માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં અત્યારે રાજય સરકાર દરરોજ ૯ થી ૧૦ કરોડ લિટર પાણી આપે છે એ પાણી જુદા જુદા પ્રકારની બ્લક પાઈપ લાઈનથી શરૂ કરી નાના ગામ સુધીની ડિસ્ટ્રીબ્યુટરી પાઈપ લાઈનથી પહોંચાડી પાણી અમે આપીએ છીએ આ ગઢશીશા યોજનામાં કુલ ૧૬૩ કિલોમીટરની પાઈપ લાઈન નાખવામાં આવી છે બધું જ પાણી ગ્રેવીટીથી મળે છે, ૪૨ કિલોમીટર ડક્ટાઈન આર્યન પાઈપ છે અને ૧૨૧ કિલોમીટર P.V.C. પાઈપ છે, એ રીતે કુલ ૧૬૩ કિલોમીટરની પાઈપ લાઈન આ ૩૩ ગામોમાં પાણી આપવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ ગઢશીશાની પાણીની યોજના છે એ યોજના શરૂ થવાથી કુલ કેટલા ગામોને આ પાણીનો લાભ મળશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે તેત્રીસ ગામોને ગઢશીશાનું પાણી મળતું થઈ ગયું છે એમાં ત્રીસ ગામો માંડવી તાલુકાના, બે ગામો નખત્રાણાના અને એક ભુજ તાલુકાનું છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૪.૨૦ કરોડના ખર્ચે ૩૩ ગામોને પાણી આપવાની જે યોજના બનાવી છે, ગઢશીશાની એમાં શુદ્ધીકરણની શું વ્યવસ્થા છે અને દૈનિક કેટલું પાણી આપવામાં આવે છે અને આ યોજનામાં કયા કયા કામો ૧૪ કરોડના ખર્ચે થયાં છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પાણી નર્મદાનું રો પાણી લીધા પછી અમે એને ફિલ્ટર પ્લાનમાં ત્રણ જગ્યાએ એને શુદ્ધ કરીએ છીએ. માંડવી શહેરને અમે રો વોટર આપીએ છીએ અને માંડવી શહેર એની નગરપાલિકાના પોતાના પાણી ફિલ્ટર પ્લાન્ટમાં એ પાણી ફિલ્ટર કરે છે અને વડવાભોપા ગામનું પાસે દોઢ કરોડ લિટરનો શુદ્ધીકરણ ફિલ્ટર પ્લાન્ટ નાખવામાં આવ્યો છે અને એમાં પાણી શુદ્ધ કરી અને અહીંયા પહોંચાડવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**નર્મદા યોજનાની માળિયા શાખા નહેરથી રાજકોટ-જામનગર જતી પાઈપ લાઈન**

*** ૫૨૮૬ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નર્મદા યોજનાની માળિયા શાખા નહેરથી રાજકોટ-જામનગર જતી પાઈપ લાઈનની કામગીરી હાલ કયા તબક્કે છે, અને

(૨) આ પાઈપ લાઈન દ્વારા ઉપર્યુક્ત જિલ્લાના કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) એક પાઈપ લાઈન કાર્યરત છે અને બીજી પાઈપ લાઈન પૂર્ણ થવામાં છે.

(૨) રાજકોટ જિલ્લાના ૨૭૯ ગામો તથા ૨ શહેરોને, જામનગર જિલ્લાના ૬૯૪ ગામો તથા ૧૬ શહેરોને.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માળિયા બ્રાન્ચ કેનાલમાંથી જામનગર અને રાજકોટને જે પાણી પુરવઠો પાઈપ લાઈન દ્વારા પાણી આપવાનું છે એમાં એક પાઈપ લાઈનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને બીજી પાઈપ લાઈનનું કામ જે ચાલુ છે એ કેટલા સમયમાં પૂર્ણ થશે અને એ પાઈપ લાઈન દ્વારા પડધરી તાલુકાની જુથ યોજનામાં ક્યારથી પાણી પડધરી તાલુકાના ગામોને આપવામાં આવશે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું પીવાનું પાણી પહોંચાડવા માટે રાજકોટ અને જામનગર જિલ્લાના બધા જ ગામ અને શહેર એના માટે માળિયાની જે નર્મદાની મેઈન કેનાલ નીકળે છે એમાંથી પાણી ઢાંકી પાસે લિફ્ટ કરી, પચીસ માળનું મકાન હોય એટલી ઉંચાઈએથી લીફટ કરી અને છેક જામનગર જિલ્લાના છેવાડાના ભાગ સુધી પહોંચાડવાની પીવાના પાણીની પાઈપ લાઈનનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે અને એકાદ મહિનામાં એનું ટ્રાયલ ટેસ્ટીંગ ચાલુ કરવામાં આવશે, અગાઉ જે પાઈપ લાઈન નંખાઈ ગઈ છે એનાથી રાજકોટ શહેર અને જામનગર શહેર સહિતના બંને જિલ્લાઓના એ લાઈનની પેરીફેરીમાં આવતા ગ્રામ્ય વિસ્તારોને પીવાનું પાણી અત્યારે પહોંચાડવામાં છે. આ બંને પાઈપ લાઈનની કુલ લંબાઈ ૪૭૦ કિલોમીટરની છે અને ૧૦ ફૂટથી માંડી ૩ ફૂટ સુધીના વ્યાસવાળી M.S. પાઈપનો એમાં ઉપયોગ કરવામાં આવશે અને કુલ આ પાઈપ લાઈનમાં ૬૭૮ કરોડનો અત્યાર સુધી ખર્ચ થયો છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલ જામનગર જિલ્લામાં નર્મદા યોજના આધારિત પાઈપ લાઈન દ્વારા કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે અને બાકી રહેલા ગામડાંઓને ક્યારે પીવાનું પાણી કેટલા સમયમાં આપવામાં આવશે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના કુલ ૬૯૪ ગામો છે અને ૧૬ શહેરો છે એમાંથી અત્યારે ૧૯૬ ગામો અને ૬ શહેરોને પીવાનું પાણી આપણે આપીએ છીએ.ઓલરેડી એનો ઉપયોગ ચાલુ છે. ગઈકાલે માનનીય સભ્યશ્રીએ એમના પ્રવચનમાં ટકોર કરેલી કે જામનગર જિલ્લાના બાકીના ગામોને કયાં સુધીમાં પાણી આપવામાં આવશે તો અગાઉ પાઈપલાઈનની કિંમત અને લંબાઈની વિગતો આપી છે એટલે નહીં કહું પણ તા.૩૦-૯ સુધીમાં જામનગર જિલ્લો આખો અને રાજકોટ જિલ્લામાંથી આ કેનાલમાંથી પાણી મેળવતા સમગ્ર વિસ્તારને નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી પહોંચતું થઈ જશે અને બંને જે સૌથી વધુ અછતગ્રસ્ત પીવાના પાણીના જિલ્લા છે દ્વારકા, ઓખા જેવા વિસ્તારમાં નર્મદાનું પીવાનું શુદ્ધ પાણી કેવડીયાથી ઉપાડી ઓખા સુધી પહોંચાડીશું.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે બલ્ક પાઈપલાઈન એટલે શું? બીજું, હમણાં મંત્રીશ્રીએ કીધું કે ૧૦ ફુટની પાઈપલાઈન ભા.જ.પા. સરકાર જ મારૂતિ ગાડી જાય એવી પાઈપલાઈન નાખી શકે. બીજા કોઈ ન નાખી શકે. જયારે અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા ઉદઘાટન કરવા ત્યારે એક ટુચકો મોહનભાઈ માટે લોકો કહેતા હતા કે આમાં મોહનભાઈ જાય તો એનાથી પણ બે ફુટ ઉંચી પાઈપલાઈન છે.

**અધ્યક્ષશ્રી** : કાનજીભાઈ, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે બલ્ક પાઈપલાઈન અને પમ્પીંગ સ્ટેશનની વિગત આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું પાણી કેનાલોમાંથી લિફ્ટ કરી અને ગામો સુધી પહોંચાડવા માટે જુદા જુદા પ્રકારની પાઈપલાઈનો નાખવી જરૂરી હોય છે. મોટા જથ્થામાં પાણી ઉપાડી અને પાણી વહાવીને ગામડાં સુધી પહોંચાડવા માટે પ્રથમ તબકકામાં જે અમે બલ્ક પાઈપલાઈન નાખીએ છીએ. માનનીય સભ્યશ્રી એ જાણવા માગે છે કે બલ્ક પાઈપલાઈનની વ્યાખ્યા શું તો જયાં મોટા જથ્થામાં પાણી

ઉપાડીને લિફ્ટ કરીને અમે એમાં નાખતા હોઈએ અને જુદી જુદી નાની લાઈનોને એમાંથી ફાળવણી કરતા હોઈએ એને બલ્ક પાઈપલાઈન કહીએ છીએ. આ જે બલ્ક પાઈપલાઈન નંખાઈ છે એમાં પણ જે મેં કહયું એ પ્રમાણે ચાર જગ્યાએ પાણી લિફ્ટ કરવાનું છે. એક કરીએ છીએ હીરાપર ગામે, એક કરીએ છીએ ખંભાળા ગામે, એક કરીએ છીએ સનાળા ગામે અને પાંચ દેવડા ગામ આમ કુલ ચાર જગ્યાએ પમ્પીંગ કરી અને આ પાણી જામનગર જિલ્લા સુધી પહોંચશે અને આના માટેના પમ્પીંગ સ્ટેશનો, આના માટેની મશીનરી એ પણ અમલમાં આવી ગઈ છે અને મેં કહ્યું એ પ્રમાણે પાણી મળતું થઈ જશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ બીજા જવાબમાં રાજકોટ જિલ્લાના ૨૭૯ ગામો છે તો હું એ જાણવા માગું છું કે ૨૭૯ ગામોમાં કયા તાલુકાના ગામોનો સમાવેશ થયેલો છે? કયા કયા અને કેટલા તાલુકાઓનો સમાવેશ થયેલો છે. બીજો સવાલ એ છે કે ૨૭૯ ગામો છે એમાં હાલ પીવાનું પાણી અપાઈ રહયું છે કે ભવિષ્યમાં આ યોજના પૂર્ણ થયે આપવાનું આયોજન છે? ત્રીજો સવાલ એ છે કે રાજકોટ જિલ્લાના જે બે શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે એમાં કયા કયા શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પાણી રાજકોટ જિલ્લામાં આપવામાં આવે છે એમાં તો સૌથી મોટો જથ્થો રાજકોટ મહાનગરપાલિકાને આપવામાં આવે છે. દરરોજ અંદાજે ચાર કરોડ લિટર જેટલું નર્મદાનું પાણી રાજકોટ શહેરની પ્રજા માટે આપવામાં આવે છે. બીજું, મોરબી શહેરને આપણે આમાં જોડયું છે અને મોરબી શહેરને પણ પાણી આપણે આપીએ છીએ. મોરબી શહેરની કાયમી હયાત પાણી પૂરવઠા યોજના એ મચ્છુ ડેમ આધારિત છે. કોઈવાર મચ્છુ ડેમમાં પાણી ન હોય, ઓછું હોય, પરિસ્થિતિ વિકટ થાય તો મોરબી જેવા મોટા શહેરને પણ નર્મદાનો સોર્સ તરત જ મળી રહે એ માટે આપણે આયોજન કર્યું છે અને આપણે આ વર્ષે એવી સ્થિતિ ઉભી પણ થઈ હતી કે વરસાદ ખેંચાયો, મચ્છુ ડેમ આખો ખાલી થયેલો ત્યારે મોટા શહેરને પાણીની તકલીફ ન પડે એ માટે આપણે નર્મદાનું પણ પાણી આપેલું. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન જે કર્યો રાજકોટ સહિતના મોરબી અને એ પછીના નગરપાલિકાના જે શહેરો છે ગોંડલને અત્યારે બંને બાજુથી મહીપરીએજનું પણ પાણી આપવાનું આપણું આયોજન ચાલુ છે અને વાંકાનેર શહેર, જસદણ શહેર એને નર્મદાનું પાણી આપવાનું આયોજન છે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો હું સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને પાણી પુરવઠા મંત્રીશ્રીનો આભાર માનું છું, એટલા માટે કે અમારા જામનગર જિલ્લો કાયમી પીવાના પાણીની મુશ્કેલી ભોગવતો જિલ્લો છે. એના લગભગ ૪૯૮ ગામો બાકી હતા. એ ગામના ૧૧ જેટલાં શહેરોને ૩૦-૯ સુધીમાં આ યોજના પૂર્ણ કરી પાણી મળશે તેવું મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું. મારે આપના માધ્યમ દ્વારા એ જાણવું છે કે આ યોજના શરૂ ક્યારે કરવામાં આવી અને પૂરી કરવાની મુદત કઈ હતી અને જામનગર જિલ્લાના જામખંભાળિયા, કલ્યાણપુરા અને દ્વારકા તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી છે, એમાં હમણાથી એટલે કે તા. ૩૧-૩ પછી એપ્રિલમાં જરૂર પડશે, એના માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સૌથી પહેલા તો માનનીય ધારાસભ્યશ્રીએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો કે અત્યારે ખંભાળિયા શહેરને જામનગર જિલ્લામાં પીવાના પાણીની તાકીદે વ્યવસ્થા કરવી જરૂરી છે. કારણ કે સ્થાનિક સોર્સમાં આ વખતે પાણી નથી, એટલા માટે અમે તાકીદે વ્યવસ્થા કરી અને એમાં ખંભાળિયા શહેરને પાણી મળી જાય એ માટેનું આ અઠવાડિયાની અંદર આયોજન લગભગ પૂર્ણ થઈ ગયું છે અને એકાદ વીકમાં ખંભાળિયા શહેરને નર્મદાનું પાણી મળતું થઈ જશે. એનો લાભ બાકીના વિસ્તારો છે, એને આપણે આપીએ છીએ. બીજું જામનગર જિલ્લામાં અત્યારે જે બીજા ડેમ છે, એમાં પાણી સારા છે. દરેક નગરપાલિકા, ગ્રામ પંચાયતોની માગણી એવી હોય છે કે અમને જ્યાં સુધી સ્થાનિક સોર્સમાંથી પાણી મળી રહે ત્યાં સુધી સ્થાનિક સોર્સ પસંદ કરીએ છીએ, એટલે જરૂરિયાત પ્રમાણે પાણી આપવાની આપણી વ્યવસ્થા છે. આ યોજનાનું કામ ૨૦૦૨ થી શરૂ કરવામાં આવ્યું. આ વર્ષના નવમાં મહિના સુધીમાં આખી યોજનાનું કામ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું જાણવા માગું છું કે પાણી પૂરું પડે એટલા માટે કેન્દ્ર સરકારના પૈસા ખૂબ આવે છે. રાજ્ય સરકાર ચિંતિત હોય, પરંતુ આ ગામોમાં અને ગુજરાતના ગામોમાં જ્યાં નર્મદાનું મહી પરીએજનું પાણી આપીએ છીએ એ પાણી ભૂતકાળમાં પીવાનું પાણી પૂરું પાડવું એ રાજ્ય સરકાર સંપૂર્ણ ખર્ચ અને જવાબદારી લેતી હતી. આ ચાર્જીસ ગ્રામ પંચાયતોને ખૂબ મોટા લાગે છે, એમાં રાહત આપીને સસ્તા ભાવે પાણી મળે અને નાની ગ્રામ પંચાયતો પાણી લઈ શકે એ માટે સરકાર વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ પાણીના દર હું કહું કે શુદ્ધ ફિલ્ટર કરેલ ક્લોરિનેશન કરેલું પાણી ગ્રામ પંચાયતોને ૨ રૂપિયે ૧ હજાર લિટર, નગરપાલિકાને ૪ રૂપિયે ૧ હજાર લિટર અને કૉર્પોરેશનને ૮ રૂપિયે ૧ હજાર લિટર પાણી આપીએ છીએ. અમારી પડતર ગણીએ તો રાજ્ય સરકારની નર્મદાના પાણીની ચુકવણીથી ટ્રિટમૅન્ટ સુધીનો ઈન્વેસ્ટમૅન્ટ ખર્ચ સહિતનો તો ૨૫ રૂપિયે ૧ હજાર લિટર રાજ્ય સરકારને પાણી પડે છે. એની સામે ૨ રૂપિયે ૧ હજાર લિટર આપીએ છીએ. બજારમાં ૧૨ રૂપિયાની લિટર બિસ્લેરીની બૉટલનું પાણી મળે છે. એ રાજ્ય સરકાર ૨ રૂપિયે ૧ હજાર લિટર પાણી આપે છે. છતા આપનું સૂચન છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પહેલા તબક્કો અને બીજા તબક્કાની બલ્ક પાઈપલાઈનની કુલ લંબાઈ કેટલી અને કુલ ખર્ચ કેટલો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં અગાઉ કહ્યું બંને તબક્કાની પાઈપલાઈનની કુલ લંબાઈ ૪૭૦ કિ.મી. છે. આ યોજનાનો વ્યાપ બતાઉ તો આ યોજનામાં ૧,૬૫,૦૦૦ ટન સ્ટીલ, લોખંડનો વપરાશ થયો છે. ૧,૬૫,૦૦૦ ટન લોખંડનો જેમાં વપરાશ થયો હોય તે કેટલી મોટી બલ્ક પાઈપલાઈન અને કેટલા પ્રમાણમાં એન્જિનિયરિંગનું કામ હશે એ સભ્યશ્રી સમજી શકે છે. ૪૭૦ કિ.મી.ની લંબાઈ છે. એમાં પહેલા તબક્કામાં નખાઈ તે ૨૦૬ કિ.મી. લંબાઈ છે. બીજા તબકકામાં જે પૂર્ણ થવા ઉપર છે તે ૨૬૪ કિ.મી.ની લંબાઈની પાઈપલાઈન છે અને તેમાં ૬૭૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

**દાહોદ જિલ્લામાં ચાલુ પાણી પુરવઠા યોજનાઓ**

*** ૬૫૮૫શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ તાલુકાવાર હયાત પાણી પુરવઠા યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ ચાલુ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

તાલુકાવાર ચાલુ પાણી પુરવઠા યોજનાઓ નીચે મુજબ

| તાલુકા | ચાલુ યોજના |
|---|---|
| દાહોદ | ૭૧ |
| ગરબાડા | ૨૪ |
| ધાનપુર | ૯૦ |
| ઝાલોદ | ૧૩૯ |
| ફતેપુરા | ૫૪ |
| લીમખેડા | ૧૫૨ |
| દેવગઢબારીયા | ૮૬ |

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે ઝાલોદ તાલુકામાં બંધ યોજનાઓ કેટલી છે? આ યોજનાઓ કેટલા સમયથી બંધ છે અને કેટલા સમયમાં ચાલુ કરવા માગો છો? બીજું ઝાલોદ તાલુકામાં પ્રથમપુર ગામમાં પાણી પુરવઠા યોજના છે તેમાં હલકી કવોલિટીની પાઈપોને લીધે આજસુધી પાણી ચડાવી શકાયું નથી અને આજે પણ લોકો પાણીથી વંચિત છે તો આ યોજના તાત્કાલિક ચાલુ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ અને દાહોદ જિલ્લામાં બે પ્રકારે આપણે પાણીની વ્યવસ્થા આપીએ છીએ. એક તો દરેક ગામની અંદર હેન્ડપંપની વ્યવસ્થા છે. કોઈ ગામ એવું નથી કે જયાં આપણે હેન્ડપંપ ન આપ્યા હોય. ભારત સરકારનું ૨૫૦ વ્યકિતએ એક હેન્ડપંપ આપવાનું ધોરણ છે તેની સામે રાજય સરકારે ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં ૫૦ વ્યકિતએ એક હેન્ડપંપની આપણી જોગવાઈ છે અને તે પ્રમાણે અત્યારે હેન્ડપંપની સંખ્યા છે. છતાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે વધારાના પાણીની વ્યવસ્થા કરવા માટે તો અત્યારે દાહોદ જિલ્લામાં આપણે જયાં જરૂર હોય, કારણકે બધો પર્વતીય અને જંગલ વિસ્તાર છે એટલે જે મેદાની વિસ્તારમાં જે રીતે પાણી આપી શકીએ તેવું આપવાની શકયતા ઓછી હોય છે. છતાં પણ જુદી જુદી જૂથ યોજનાઓ અમલમાં મૂકી અને પાણી આપવાનું છ જૂથ યોજના દ્વારા કુલ ૧૨૭ કરોડનું કામ અત્યારે ચાલુ છે. માનનીય સભ્યશ્રીએ જે પાઈપ લાઈનની ગુણવત્તા અંગે ફરિયાદ કરી તેવી મારી પાસે કોઈ રજૂઆત નથી. આપની કોઈ ફરિયાદ હોય તો ચોકકસ કહેજો જરૂરી પગલાં લઈશું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ જ નથી આપતા. હેન્ડપંપની વાત કરી તો અત્યારે જે હેન્ડપંપો છે તેમાંથી ઘણા હેન્ડપંપો બંધ છે. તેનો જવાબ નથી આપ્યો. આ યોજનાઓ બંધ છે તે કઈ કઈ યોજના અને કેટલા સમયમાં ચાલુ કરવા માગો છો? પ્રથમપુરની પાણી પુરવઠા પૂર્ણ થયે વરસો થયા પણ આજની તારીખમાં એ યોજના ચાલુ કરતી વખતે પાઈપો તૂટી જવાથી ટાંકીમાં આજદિન સુધી પાણી આવ્યું અને લોકોને પાણી મળી શકયું નથી. એટલે આ હલકી પાઈપો બદલી બીજી પાઈપો નાંખી અને જવાબદારો છે તેની સામે પગલાં શું લેવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ પણ પર્ટીકયુલર છે. માનનીય સભ્યશ્રી રજૂઆત આપે તો ચોકકસ તપાસ કરાવીશું અને નબળી ગુણવત્તાવાળા જે કામ હશે તો ચોકકસ પગલાં લઈશું..

**અધ્યક્ષશ્રી** : ગૃહમાં જે રજૂઆત કરી તે રજૂઆત જ ગણાય અને આપ તેની તપાસ કરાવશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોકકસ તપાસ કરાવીશું.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને વિનંતી પણ કરું છું કે જેમ બચુભાઈએ વાત કરી કે આ યોજનાના જે પાણી પુરવઠા યોજનાઓ છે તેમાં તાલુકાવાઈઝ વિગત આપી છે તે જાણવા માગું છું કે કેવી યોજનાઓ છે. બીજું મીની પાણી પુરવઠા યોજનાઓ ગામડે ગામડે આપી છે તેનુ સિવિલ વર્ક પૂરું થયા પછી જી.ઈ.બી.નું કનેકશન એટલે એમ.જી.વી.સી.એલ.નું કનેકશન વર્ષો સુધી મળતું નથી. એટલે તેના લીધે આ યોજનાનો લાભ લોકોને મળવો જોઈએ તે મળતો નથી. વર્ષો સુધી એમ.જી.વી.સી.એલ.ના કનેકશન નહીં મળવાના કારણે મોટરો બગડી જાય છે. તેના માટે આપ શું કરવા માગો છો અને જયારે આ યોજના ચાલુ થાય તો એનું વીજળીનું બીલ કોને ભરવાનું થશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટતા એટલા માટે કરવા માગું છું કે પંચમહાલ જિલ્લાના, દાહોદ જિલ્લાના વિસ્તારોમાં ગામની અંદર એક કૂવો હોય તેમાં મોટર મૂકી ટાંકીમાં પાણી ચઢાવીએ તેને અમારા પાણી પુરવઠાની વ્યાખ્યા પ્રમાણે યોજના ગણવામાં આવે છે. એટલે ગામદીઠની યોજના હોઈ શકે. એવું જરૂરી નથી કે ૨૫-૫૦ ગામને પાણી આપણી જૂથ યોજના હોય તો જ એને યોજના ગણવામાં આવે. બીજો જે પ્રશ્ન કર્યો કે જે ગામોની અંદર ઈલેક્ટ્રીક કનેકશન નથી મળ્યા તો આવી કોઈ હકીકત ધ્યાન ઉપર મૂકવામાં આવશે તો જી.ઈ.બી.ના સંપર્કમાં રહીને તાત્કાલિક કનેકશન આપવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ફતેપુરા, સંતરામપુર અને ઝાલોદ તાલુકામાં કોઈ જૂથ યોજના આવેલી હોય તો કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલો છે અને કેટલો ખર્ચ થયેલ છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફતેપુરા તાલુકામાં માછલનાળા જૂથ યોજના અમલમાં છે, આ જૂથ યોજનામાં ૨૫ ગામોનો સમાવેશ કર્યો છે, અને ૧૫૪૮ લાખ રૂપિયાના ખર્ચે આ યોજના પૂર્ણ કરી છે.

**શ્રી વેજલસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, દાહોદ તાલુકામાં કુલ કેટલી પાણી પુરવઠાની યોજનાઓ છે, તે પૈકી કેટલી બંધ હાલતમાં છે અને બંધ પડેલ યોજનાઓને શરૂ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદમાં એક ભાણાસીમલ જૂથ પાણી પુરવઠા યોજના છે, એક માછલનાળા પાણી પુરવઠા જૂથ યોજના છે, એક ભાણાસીમલ પાણી પુરવઠા વિભાગ-રની જૂથ યોજના છે એક ઘોલાઉની પાણી પુરવઠા જૂથ યોજના છે, હડપની એક નવી પાણી પુરવઠા જૂથ યોજના અમે આયોજનમાં લીધી છે જેની કામગીરી પ્રાથમિક તબક્કાની ચાલી રહી છે, અને એક મંગોઈ પાણી પુરવઠા જૂથ યોજના છે.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, ફતેપુરા તાલુકામાં કેટલી યોજનાઓ બંધ છે અને કેટલી ચાલુ છે અને ઝાલોદની પૂર્વપટ્ટીમાં માનનીય મંત્રી ટેકરાળ વિસ્તાર કહેતા હતા એ વિસ્તારમાં આજે તળાવો પણ સુકાઈ ગયા છે, પાણીની ગંભીર મુશ્કેલી ઊભી થઈ છે, તો તેવા વિસ્તારમાં હેન્ડપંપ મૂકવા માગો છો કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદમાં કુલ ૧૫૦ ગામ છે, એમાં ૨૨ સ્વતંત્ર યોજના છે, ૧૨૮ ગામ હેન્ડપંપ આધારિત છે, ૧૫૦માંથી ૧૩૯માં અત્યારે પાણી પુરવઠો ચાલુ છે, બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ઝાલોદમાં નવા હેન્ડપંપ મૂકવા માટે કર્યો, તો ત્યાં આગળ અત્યારે આપણી ઈન્સ્પેકશન ટીમોની કામગીરી ચાલુ છે, બગડેલા હેન્ડ પંપ તાત્કાલિક અઠવાડિયામાં રિપેર થાય એ પ્રમાણેનું આયોજન છે, અને જે હેન્ડપપોએ પાણીના સોર્સ છોડી દીધા હોય, પાણી ન ઉપાડતા હોય તો બાજુમાં સરવે કરી બીજું પાણી મળતું હોય તો ત્યાં ચોક્કસ નવા હેન્ડપંપ જરૂરિયાત પ્રમાણે કરીશું.

## નસવાડી તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

*** ૪૮૧૬ શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પીવાનું પાણી પૂરું પાડવા માટે કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે, અને

(૨) આ તાલુકામાં જે ગામોને પીવાનું પાણી મળતું નથી તેવા ગામોને આ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવવા સરકારે શું આયોજન કરેલ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે મારો પ્રશ્ન એ હતો કે, વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પીવાનું પાણી પૂરું પાડવા માટે કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે, એના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, એક પણ નહીં. તો માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે વનબંધુ યોજનાનું ૧૫૦૦ કરોડ રૂપિયાનું પૅકેજ આદિવાસી માટે જાહેર કરેલ છે, અને આજે નસવાડી તાલુકો એ સો ટકા આદિવાસી વસતિવાળો છે, અને આદિવાસી વસતિમાં જ્યારે એક પણ પાણી પુરવઠાની યોજના નથી તો મારે એ જાણવું છે કે, આવા

આદિવાસી તાલુકાઓને અગ્રિમતા આપીને પાણી પુરવઠા યોજના જે જૂથ છે એ બનાવવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે, મારા નસવાડી તાલુકમાં નર્મદાના અસરગ્રસ્તોની ૨૭ જેટલી વસાહતો આવેલી છે, અને આખા ગુજરાતમાં જ્યારે પાણી મળતું હોય અને જેમણે નર્મદામાં જમીન આપી છે એવા અસરગ્રસ્તોને માટે પાણી પુરવઠાની જૂથ યોજનાઓ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે પ્રથમવાર આદિજાતિ વિસ્તારોમાં વિકાસના લાભો આપવા માટે ૧૫ હજાર કરોડ રૂપિયાની વનબંધુ વિકાસ યોજના અમલમાં મૂકી છે. (અંતરાય) શ્રી જોષિયારાજી તમે પણ મંત્રી રહી ચૂકયા છો, કરવું હતુંને કોણે ના પાડી હતી? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જવાબ જ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે દરેક વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિના આધારે પાણી પુરવઠા જૂથ યોજના અથવા વ્યકિતગત યોજના દ્વારા અથવા નાના નાના ફળિયા હોય ત્યાં હેન્ડ પંપથી આપણે પાણી આપીએ જ છીએ. માનનીય સભ્યશ્રીની લાગણી છે કે, અમારે ત્યાં જૂથ યોજના શા માટે નથી કરતા? તો નસવાડી તાલુકો એ એવા પ્રકારનો ભૌગોલિક તાલુકો છે વનરાજી છે, પર્વતો છે, ડુંગરાઓ છે અને પાણીના સોર્સ એ પ્રકારના છે કે, જૂથ યોજના આપણે કરવી હોય તો પણ કરી શકાય નહીં. મોટા ભાગની જરૂરિયાત નાના સ્થાનિક સોર્સથી સંતોષાય છે. નાના નાના ગામ, નાની નાની જે વસતિ હોય છે ત્યાં આપણે હેન્ડ પંપથી પાણી આપીએ છીએ. બીજી વાત આમાં બજૅટનો કે પૈસાના અભાવનો કોઈ પ્રશ્ન નથી અને જેટલી રકમ જોઈએ તેટલી આપણે આપવા તૈયાર છીએ પણ ટેકનિકલી રીતે પાણી પુરવઠાની મોટી કોઈ યોજના અમલમાં મૂકવી હોય તો એ ઘણું અઘરું કામ છે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નસવાડી તાલુકામાં એક પણ જૂથ યોજના પાણી પુરવઠા વિભાગની ચાલુ નથી અને નસવાડી તાલુકામાં ધારાસભ્યશ્રીની માગણી છે કે, આવી કોઈ જૂથ યોજના ચાલુ કરો. તો આવી કોઈ યોજના ચાલુ કરવા માગો છો કે કેમ? બીજું નસવાડી તાલુકામાં પાણીના બોર કેટલા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ એ વિસ્તારની જે ભૌગોલિક સ્થિતિ છે એ પ્રમાણે ત્યાં જૂથ યોજના થઈ શકે એવા સંજોગો હાલમાં ત્યાં નથી. બીજું ૧૯૫ ગામની અંદર ૧૯૫૪ હેન્ડ પંપ છે જેમાંથી ૧૯૩૯ હેન્ડ પંપ પ્રશ્નની તારીખે ચાલુ હતા. એટલે કે મોટા ભાગના હેન્ડ પંપો જે હયાત છે ૨ હજાર એ ૨ હજાર હેન્ડ પંપો હાલમાં ચાલુ છે એવી સારામાં સારી સ્થિતિ ત્યાં છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી તાલુકામાં ત્યાં પાણીના તળ નીચા જવાને કારણે ૫૦ ટકા ઉપરાંત હેન્ડ પંપ બંધ છે અને તે ઉપરાંત આજ તાલુકામાંથી નર્મદા કેનાલ પસાર થાય છે તો માનનીય મંત્રીશ્રી, પાણી પુરવઠા યોજના આપ મંજૂર કરો અથવા દુરસ્ત કરો ત્યાં સુધીમાં નર્મદા કેનાલમાંથી પાણી આપવાની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા આપ કરવા માગો છો કે નહીં?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે, નસવાડી તાલુકામાં ગુણવત્તા સમસ્યા હેઠળ કુલ કેટલા ગામો જાહેર થયા, અને મુખ્યત્વે ત્યાં કયા પ્રકારની સમસ્યા છે? બીજું કેટલી યોજના પૂર્ણ કરી, અને બાકી રહેલી યોજનાઓ પૂર્ણ કરવાનું સરકારશ્રીનું શું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની ટીમો દ્વારા પાણીની ગુણવત્તાની સતત ચકાસણી રાજય સરકાર કરતી રહે છે. એમાં આ તાલુકાની અંદર લગભગ ૩૮ ગામો એવાં હતાં કે જેમાં ફ્લૉરાઇડવાળા પાણીની સમસ્યા લાગતી હતી એટલે એ સોર્સ બદલી, એ સોર્સ ડ્રોપ કરી અને જ્યાં ફ્લૉરાઇડ મુક્ત પાણી મળે એવા ૨૪ ગામોમાં કામ પૂર્ણ કર્યા છે અને ૧૪ જગ્યાએ કામ બાકી છે એ પણ વહેલીતકે પૂર્ણ કરીશું.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જૂથ પાણી પુરવઠા યોજના નસવાડી તાલુકામાં એક પણ ન હોય ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નસવાડી તાલુકામાં કેટલા ગામો આવેલા છે, અને ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ વસતિ કેટલી આવેલી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, પીવાના પાણીની જૂથ યોજનાઓ ન હોય ત્યારે કયા કયા કાર્યક્રમ હેઠળ કેટલી યોજનાઓ કરવામાં આવી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧,૨૪૦૦૦ની વસતિ છે એમાં અનુસૂચિત જાતિની ૧૬૭૨ની વસતિ છે, અનુસૂચિત જનજાતિની ૧,૭૫૪૭ની વસતિ છે. અને મેં અગાઉ કહ્યું એ પ્રમાણે કૂવા અને મોટર વિગેરે વ્યવસ્થા છે એવી ૫૬ યોજનાઓ છે અને હેન્ડપંપ આધારિત ૧૩૬ છે અને ફક્ત સાદા કૂવા એવા ૫ છે અને આમ ૧૯૭ ગામોમાં વ્યવસ્થા છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે નર્મદાની મુખ્ય કેનાલ મારા વિસ્તારમાંથી પસાર થાય છે, આખા સમગ્ર ગુજરાતને જો પાણી મળતું હોય અને અમારા ૨૧૨ ગામો છે અને અમે જમીનોનો ભોગ આપ્યો છે, છતાંય એ પાણીના દર્શન જ અમારે કરવાના છે તો મારો સીધો પ્રશ્ન એ છે કે, આ પાણી પુરવઠા યોજના નર્મદાની મેઈન કેનાલમાંથી બનાવવા માગો છો કે કેમ અને જો ના બનાવવા માગતા હોય તો હાલ હેન્ડ પંપો જે છે એમાંથી ૨૫ ટકા જ ચાલે છે તો નવી કોઈ હેન્ડપંપની યોજના બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નર્મદાનું એમણે જે કહ્યું એ સૂચન છે અને હજી ફરીથી કહું છું કે, આપને એકલાને નહિ આ સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને કે આગામી ઉનાળામાં પ્રજાને પાણીની તકલીફ ના પડે એ માટે તમારી જે જે રજૂઆતો હોય, હેન્ડપંપો, ટ્યુબવેલો અથવા જૂથ યોજનાઓ જે અમારા સીધી ધ્યાન પર મૂકવામાં આવશે તો એમાં તાત્કાલિક કાર્યવાહી કરી આપણે બધા સાથે મળીને પ્રજાને પીવાના પાણીની સગવડ મળે એ માટે પ્રયત્ન કરીશું તમારે ત્યાં હેન્ડપંપ ચાલુ જ છે છતાં પણ હું વડોદરા જિલ્લાનો પ્રભારી છું આપ ધ્યાન પર મૂકશો એટલે ચોક્કસ કાર્યવાહી કરીશું.

**પીવાના પાણીની ગુણવત્તા અંગે લોક જાગૃતિ**

***૫૩૦૯ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ કેળવવા સરકાર દ્વારા કોઈ પ્રયાસો કરવામાં આવે છે કે કેમ, અને

(ર) આ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી**

(૧) હા, જી

(ર) હા, જી,

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલાં તો ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને અમારા પાણીવાળા પાણી પુરવઠા મંત્રીશ્રીને ધન્યવાદ એટલે આપીશ કે ગુણવત્તા અને લોકજાગૃતિનું જે કામ કરી રહ્યા છે તેને ધન્યવાદ સાથે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગુણવત્તા ચકાસણી કયા સમયે કરવામાં આવે છે અને તેમાં કેટલા વિસ્તારને આવરી લેવામાં આવેલ છે અને તેનાથી શું ફાયદો થયો છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પાણી પુરવઠા વિભાગે વાસમો દ્વારા એક કાર્યક્રમ આ વર્ષે અમે અમલમાં મૂક્યો છે ભૂતકાળમાં અનુભવે એવું જણાયું હતું કે પાણી પહોંચે પણ ક્યાંક ગામમાં પાણીની લાઈન લિકેજ હોય, ગંદા પાણીના વિસ્તારમાંથી પાઈપ લાઈન પસાર થતી હોય તો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા રહેતી હતી એટલે અમે એક યોજના અમલમાં મૂકી છે કે પાણી પુરવઠાની ટીમો અને એમાં જુદા જુદા સ્તરના કર્મચારીઓને અમે ટ્રેનિંગ આપી છે અને એમને ગામે ગામ પાણીની કીટ આપી છે અને એ પાણીની કીટનો ઉપયોગ કરી ગામના સોર્સમાં જ્યાં પાણી અમારું પહોંચતું હોય એનું ટેસ્ટીંગ થાય, અથવા મહોલ્લામાં, શેરીમાં પાણી પહોંચતું હોય, પેટા પરાંમાં પાણી પહોંચતું હોય એનું પણ ટેસ્ટીંગ થાય, પાણીની ગુણવત્તામાં કોઈ બગાડ થયો હોય, પ્રદૂષિત થયું હોય પાણી તો તાત્કાલિક એનું રીપેરીંગ કરવામાં આવે, તાત્કાલિક એના માટેની કાર્યવાહી કરવામાં આવે, એ વ્યવસ્થા આ વખતે અમે અમલમાં મૂકી છે અને ફેબ્રુઆરી આખર સુધીમાં એક વર્ષ એને પૂરું થશે અને આ એક વર્ષમાં આખા રાજયમાં અમે ૧૯ જિલ્લા આવરી લીધા છે અને બીજું એ પણ કર્યુ છે કે, વ્યકિતગત ટીમો તો જાય છે પણ દર ત્રણ તાલુકાદીઠ એક વાહન વ્યવસ્થા આપી છે એમાં કર્મચારીઓ જાય, ગામે ગામ ફરે, ગામમાં લોકોને ભેગા કરે અને લોકો કહે ત્યાં જઈ, એ સોર્સમાંથી પાણીનું સેમ્પલ લઈ એનું ટેસ્ટીંગ કરે અને ગામની વચ્ચે જ લોકોને કહેવામાં આવે કે આ ચોખ્ખું પીવા લાયક પાણી છે કે એમાં કોઈ તકલીફ છે, કોઈ તકલીફ હોય તો એનું નિવારણ કરવા માટે અમે પ્રયત્નો કરીએ છીએ અને ગુજરાતની પ્રજાનું સ્વાસ્થ્ય સારું રહે, તંદુરસ્તી જળવાય, કોઈ રોગચાળો ન ફેલાય એ માટે અમે આ આગોતરી વ્યવસ્થા કરી છે અને મને આનંદ થાય છે કે આ કાર્યવાહી કરવાના આધારે ક્યાંક ક્યાંક જે તકલીફો હતી, રોગચાળો ફાટી નીકળવાની શક્યતા હતી એ આપણે નિવારી શક્યા છીએ.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : રાજય સરકારનો અભિગમ છે કે ગુજરાતમાં દરેક નાગરિકને પીવાનું શુદ્ધ પાણી મળી રહે અને તેના માટે લોક જાગૃતિ યોજના બનાવવામાં આવી છે તો આપના મારફતે હું જાણવા માગું છું કે, આ લોક જાગૃતિ અભિયાનમાં કેટલું ખર્ચ કરવામાં આવી રહ્યું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી જે ખર્ચ કર્યુ છે તે ૧૦ કરોડ ૬ર લાખ બજેટ છે અને ૯ કરોડ ૩૬ લાખ રૂપિયા તેમાં ખર્ચ થયું છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પોગ્રામમાં રાજય સરકાર દ્વારા કોઈ રકમની ફાળવણી કરવામાં આવે છે કે નહીં ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આવી ગયો છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પહેલાં ઉત્તર ગુજરાતના પાણીમાં Flouride content and Nitrate content નું પ્રમાણ એટલું બધું હતું કે જેના કારણે લોકો અકાળે વૃધત્વ પામતા હતા. આજે તે પાણીની સમસ્યાનો આપણી સરકારે નિકાલ કરવાથી તે હલ થઈ છે. પણ કોઈ ગામમાં Flouride content અને Nitrate content આવતું હોય તો તેની ચકાસણી માટે થઈ લોકજાગૃતિમાં પગલાં લેવામાં આવે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે ઉત્તર ગુજરાત નહીં ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં અગાઉ ફલોરાઈડની તકલીફ હતી. લોકોને હાડકાંના દર્દો થતાં હતા, સાંધા

નબળાં પડી જતા હતા અને અમારી સરકારે પાણી પુરવઠાની મોટી મોટી જે નર્મદા આધારિત જૂથ યોજનાઓ અમલમાં મૂકી અને નીચેનું ભૂગર્ભનું પાણીનું ખેંચાણ બંધ થયું. નર્મદાનું અથવા અન્ય ડેમોનું surface water filtration and chlorination કરી પાણી આપવા માંડયા. એટલે ફલોરાઈડનો પ્રશ્ન હલ થયો છે. બાકીના પાણીની જે જીવાણુંકીય અશુદ્ધિઓ હોય તે આ કીટ દ્વારા પારખવામાં આવે છે અને તેના આનુષાંગિક પગલાં લેવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે જે શુદ્ધ પીવાના પાણી માટેની જાહેરાતો માટે ૯.૩૨ કરોડનો ખર્ચ થયો. તો ટોટલ બજેટ જે ૧૦.૬૨ કરોડ હતું તો ખરેખર ખર્ચ સ્થળ ઉપર કેટલું કરવામાં આવ્યું અને આ જાહેરાતો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને શેમાં શેમાં કરવામાં આવ્યો ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર જે ખર્ચનો આંકડો આપ્યો છે તેમાં બધી જ વ્યવસ્થા મેં કહી તે પ્રમાણે આવી ગઈ. આમાં કોઈ બધી રકમ જાહેરાતો પાછળ નથી ખર્ચી.

**રાજયમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા પાછળ થયેલ ખર્ચ**

***૪૮૪૫ શ્રી હરીલાલ મો. પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા ક્યારથી શરૂ કરવામાં આવી,
(૨) આ સેવાઓ શરૂ થઈ ત્યારથી તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી, અને રાજય સરકારે કેટલો ફાળો આપેલ છે, અને
(૩) આ સેવાઓ પાછળ તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**આરોગ્ય મંત્રીશ્રી**

(૧) રાજયમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ તારીખ ૨૯-૮-૨૦૦૭ના રોજથી શરૂ કરવામાં આવેલ છે.
(૨) આ સેવાઓ શરૂ થઈ ત્યારથી તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી, પરંતુ તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં એન.આર.એચ.એમ. ફંડમાંથી રૂા.૫,૯૦૭.૧૩ લાખ ફાળવવામાં આવેલ છે અને રાજય સરકારે પ્લાન હેઠળ રૂા.૧૨૦૦.૦૦ લાખની ફાળવણી કરેલ છે. કુલ ફંડ રૂા.૭૧૦૭.૧૩ લાખ.
(૩) આ સેવાઓ પાછળ તારીખ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રૂા.૭,૪૨૨.૮૭ લાખ ખર્ચ થયેલ છે, જેમાં સરકારી ફંડમાંથી રૂા.૭૧૦૭.૧૩ લાખ અને ૩૧૫.૭૪ લાખ ઈ.એમ.આર.આઈ. દ્વારા ખર્ચ થયેલ છે.

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની એમ્બ્યુલન્સની સેવા ક્યારથી શરૂ કરવામાં આવી અને આ સેવા શરૂ થઈ ત્યારથી ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી અને રાજય સરકારે કેટલો ફાળો આપેલ છે. અને આ સેવા પાછળ ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ વિગતો પૂછી છે તેમાં મારે વારંવાર આ પ્રશ્ન અંગે માનનીય સભ્યશ્રીઓના મગજમાં પણ પ્રશ્ન ઉઠતો હોય છે તેમાં મારે કેટલીક સ્પષ્ટતાઓ કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એન.આર.એચ.એમ. એક યોજના છે. અને આ યોજના નીચે જે કુલ ફાળવણી કરવામાં આવે છે તેમાં બે જાતના ફંડ હોય છે એક disease specific ફંડ હોય છે ૨૦૦૮-૦૯માં ૪૫૧.૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી તેમાંથી disease specific fund ૧૮૮.૮૧ કરોડની ફાળવણી હતી જે ટી.બી માટે ૧૧.૫૬ કરોડ, મેલેરિયા માટે ૮.૧૪ કરોડ, લેપ્રેસી માટે ૧.૮૯ કરોડ, RCH માટે ૧૪૦.૪૦ કરોડ, IDSP ૧.૨૩ કરોડ, blindness control programme માટે ૨૦.૯૮ કરોડ, આયોડીન માટે .૨૪ કરોડ અને immunisation માટે ૪.૩૭ કરોડ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક જોગવાઈ આની અંદર હોય છે તેને NRHM Additionalities કહેવાય છે NRHM additionalities હેઠળ ૨૬૨.૫૯ કરોડ ગઈ સાલ આ રાજયને મળ્યાં Hon'ble Speaker, Sir, let me be specific. This additionalities are available to each and every state. અને તેમાંથી રાજયે પોતે પોતાના discretion પ્રમાણે જોગવાઈ કરવાની હોય છે અને માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે નક્કી કર્યુ કે આ રાજયના કોઈ પણ ખૂણામાં રહેતો માણસ ક્યારે પણ કોઈ પણ પ્રકારની ઈમરજન્સી અથવા તો કોઈ પણ પ્રકારના અકસ્માત અથવા તો કોઈ પણ પ્રકારની ઈજાના કારણે તેને ક્યારે પણ સહન ના કરવું પડે અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, એન.આર.એચ.એમ.માંથી આપણે આ યોજના માટે ફંડ વાપરવાનું નક્કી કર્યુ અને તેના કારણે જે વિગતો પ્રશ્નના જવાબમાં આપવામાં આવી છે. તે પ્રમાણે એન.આર.એચ.એમ. અને રાજય સરકારનો ફાળો, એમ બન્ને થઈને આ યોજના માટે ખર્ચ કરવામાં આવે છે. અને તેમાં જે ખર્ચ થાય છે, એમાં ૫૯.૦૭ કરોડ એન.આર.એચ.એમ.માંથી એ કેપિટલ કોસ્ટ માટે વાપરવામાં આવ્યા છે અને ૧૨ કરોડ રૂપિયા આવર્તક ખર્ચ. પહેલા એક જ વખત કેન્દ્ર સરકારની એપ્રુવલ સાથેની આ ૧૦૮ માટેનો ખર્ચ કર્યો છે. અને આવર્તક ખર્ચ માટે

રાજય સરકારે ૧૨ કરોડની જોગવાઈ કરી છે અને એ રીતે ગુજરાતે ૧૦૮ની સેવા ગુજરાત રાજયમાં શરૂ કરી. અત્યારસુધીમાં ૪૦૦ એમ્બ્યુલન્સ, એટલે કે દર દોઢ લાખની વસતિ દીઠ અને એમાં પણ મારે એક નાની સ્પષ્ટતા કરવી છે. આ માત્ર એમ્બ્યુલન્સ નથી. આ સેવા ૪ કન્ટિજન્સીને આવરી લે છે. મેડિકલ, પોલીસ, ફાયર અને કુદરતી આપત્તિ. આ ૪ પ્રકારની પરિસ્થિતિ સામે રાજયના સામાન્ય નાગરિકને પછી એ આદિવાસી વિસ્તારમાં રહેતો હોય, કોઈ ખૂણામાં રહેતો હોય, કચ્છના રણની સરહદે રહેતો હોય કે બનાસકાંઠામાં ડોકટરો પહોંચી શકતા નથી ત્યાં રહેતો હોય. એને આ ૪ પ્રકારની પરિસ્થિતિ મેડિકલ, પોલીસ, ફાયર અને કુદરતી આપત્તિ માટે દોઢ લાખની વસતિ દીઠ એક એમ્બ્યુલન્સ, એક ૧૦૮ સેવા ફાળવવામાં આવે છે. આ માટે અત્યારસુધીમાં ૩,૪૨,૪૧૫ એટલી જાન્યુઆરી-૨૦૦૮ થી ડિસેમ્બર-૨૦૦૮ સુધીમાં મેડિકલ ઈમરજન્સી, ૬૬૯૬ પોલીસ ઈમરજન્સી, ૮૬૨ આગને લગતી (અંતરાય) સર, માનનીય સભ્યશ્રીએ વિગતો માગી છે. એમના જ સભ્યશ્રીએ માગી છે. (અંતરાય) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને આપના થકી કહેવા માગું છું કે ૩,૪૯,૯૭૩ ઈમરજન્સી હેન્ડલ કરી. એમાં લગભગ એક લાખ જેટલી એટલે કે ૯૯૦૮૨ જેટલી ઈમરજન્સી માત્ર પ્રસુતિને લગતી છે. મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે ૩૮૧૫ ડિલિવરી એમ્બ્યુલન્સની અંદર થયેલ છે. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૩૮૧૫ ડિલિવરી એમ્બ્યુલન્સમાં થઈ છે. એ માતાની અને બાળકની જીંદગી બચાવવા માટેની..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે નેશનલ રૂરલ હેલ્થ મિશન એ કેન્દ્ર સરકારની નીચે અને કેન્દ્ર સરકારના પૈસાથી ચાલતી યોજના જેમાં ૫૯ કરોડ રૂપિયા ગુજરાતને ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા માટે પ્રાપ્ત થયા છે. ગુજરાત સરકારે માત્ર ૧૨ કરોડની ફાળવણી કરી છે. મારે એટલું જાણવું છે કે આ સેવા પાછળ આપે (અંતરાય) મારે ૭૪ કરોડ ૨૨ લાખ રૂપિયાનો ટોટલ ખર્ચ થયો છે. નેશનલ રૂરલ હેલ્થ મિશન નીચે કેટલો ખર્ચ થયો અને રાજય સરકારનો કેટલો ખર્ચ. આટલી ટૂંકી જ વિગત જોઈએ છે મને.

**શ્રી જયનારાયણ વ્યાસ:** This canot be compartmentalised. The Hon'ble Leader of the Opposition is trying to compartmentalise this expenditure. સાહેબ, બે ખાનામાં મૂકી શકાય જ નહીં. ગુજરાત સરકારને પૂરો અધિકાર હતો. આ પૈસા કયાં વાપરવા એનો ગુજરાત સરકારને પૂરો અધિકાર હતો. અમે બીજી કોઈપણ જગ્યાએ વાપરી શકયા હોત. અમે નથી વાપર્યા. અને મારે બીજું એ કહેવું છે કે જો કેન્દ્ર સરકારે લેબલ લગાડીને મોકલ્યા હોત તો આ દેશનું કોમર્શિયલ કેપિટલ આપણી બાજુનું જ રાજય છે. આ દેશનું રાજકીય કેપિટલ દિલ્હી છે. ત્યાં કેમ નથી વપરાતા? Why are they not able to use it?

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર.

**શ્રી જયનારાયણ વ્યાસ:** તમે દિલ્હીમાં અને મુંબઈમાં કરો ને. સાહેબ દેશની ગુનાની નગરી દિલ્હી છે. સાહેબ દેશની (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) આ દેશની...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. પાંચમી, છઠ્ઠી અને સાતમી અતારાંકિત યાદી હું સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કેલીયા પાણી પુરવઠા યોજનાની પાઈપો બદલવા બાબત

૫૧૮૪ **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં કેલીયા પાણી પુરવઠા યોજનામાં વપરાયેલ હલકી ગુણવત્તાવાળી પાઈપોને કારણે મુખ્ય લાઈનની પાઈપો તૂટી જાય છે તો આ પાઈપો બદલી નવી પાઈપો નાખવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હલકી ગુણવત્તાની પાઈપોનો પ્રશ્ન ન હોઈ પાઈપો બદલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ યોજના પૂર્ણ કરવાની મુદત કેટલી હતી અને હાલ આ યોજના પૂર્ણ થઈ છે કે કેમ ? | (૨) ૩ વર્ષની આ યોજના પૂર્ણ થઈ છે. |

------------

### મેડીકલ કોલેજોમાં નવી બેઠકો માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" આપવા અંગે

૫૩૩૯ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની મેડિકલ કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ડિગ્રી/ડિપ્લોમાં/સર્ટિફીકેટ કોર્સમાં નવી બેઠકો મંજૂર કરવા માટે તા.૧લી જાન્યુઆરી-૨૦૦૮ થી તા.૩૧ જાન્યુઆરી-૨૦૦૯ દરમ્યાન કઈ કોલેજોને કેટલી | (૧) નીચે મુજબની નવી સ્નાતકકક્ષાની મેડીકલ કોલેજો શરૂ કરવા એસેન્સીયાલીટી સર્ટી. આપવામાં આવેલ છે. (૧) સરકારી મેડીકલ કોલેજ, પાટણ ખાતે |

બેઠકો માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયાં, અને

૧૦૦ સીટો માટે
(૨) ઈ.એસ.આઈ.સી.મેડીકલ કોલેજ, નરોડા, અમદાવાદને ૧૦૦ સીટો માટે
(૩) અમદાવાદ મ્યુનિ. કોર્પો. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટને ૧૫૦ સીટો માટે
(૪) ગુજરાત અદાણી ઈન્સ્ટી. ઓફ મેડીકલ સાયન્સીસ સોસા. મેડીકલ કોલેજ, ભૂજને ૧૫૦ સીટો
(૫) શ્રી કે. જે. મહેતા ટી. બી. હોસ્પિટલ ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમરગઢ, ભાવનગરને ૧૫૦ સીટો
(૬) સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ મેડીકલ કોલેજ, સુરત - (૧૦૦ સીટોમાં વધારો કરી ૧૫૦ સીટો) ૫૦ સીટો

**<u>અનુસ્નાતક કક્ષાએ :</u>**

(૧) પી.ડી.યુ.મેડીકલ કોલેજ, રાજકોટ ખાતે-૧ વિષયમાં-ડીગ્રી તથા ના ૧૧ વિષયોમાં ડીપ્લોમાના નવા -કોર્ષમાટે તથા હાલ ચાલુ ડીગ્રી પેથોલોજી વિષયમાં ૩ અને મેડીસીન વિષયમાં ૬ સીટો વધારવા,
(૨) પ્રમુખસ્વામિ મેડીકલ કોલેજ, કરમસદ ખાતે ૪ વિષયોમાં ડીગ્રી અને ૧ વિષયમાં ડીપ્લોમા- માં સીટો વધારવા,
(૩) શ્રીમતી બી. કે. શાહ મેડીકલ કોલેજ, વાઘોડિયા ખાતે ૧૯ વિષયોમાં ડીગ્રી તથા ૧૨ વિષયોમાં ડીપ્લોમા માં નવા કોર્ષ શરૂ કરવા,
(૪) કામદાર રાજ્ય વિમા નિગમ, બાપુનગર, અમદાવાદ ખાતે ૬ વિષયોમાં ડીગ્રી તથા ૪ વિષયોમાં ડીપ્લોમા માં નવા કોર્ષ શરૂ કરવા.
(૫) બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ૧ વિષયમાં ડીગ્રી નો નવો કોર્ષ શરૂ કરવા,
જે જે વિષયોમાં નવા અનુસ્નાતક કોર્સ શરૂ કરવા એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે તે વિષયોમાં ભારત સરકારશ્રી ધ્વારા નવા અનુસ્નાતક કોર્સ શરૂ કરવા સીટો સાથેની મંજુરી મળ્યા બાદ વધારાની સીટો ઉપલબ્ધ થઈ શકશે.

(૨) રાજ્યમાં તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ એમ. બી.બી.એસ. કક્ષાએ કેટલી પ્રવેશ ક્ષમતા છે ?

(૨) ૧૫૫૫ બેઠકોની.

------------

**વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમો**

૫૨૮૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમો બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ શું કામગીરી કરેલ છે ?

(૨) ૩ મોટા ચેકડેમોનું કામ પૂર્ણ કરેલ છે અને ૧૩ મોટા ચેકડેમો પ્રગતિ હેઠળ છે.

------------

**મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા આયોજન**

૫૩૦૫ **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના ફ્લોરાઈડગ્રસ્ત વિસ્તારવાળા મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા
-નર્મદા કેનાલ આધારિત કડી ઓફટેકની અંદાજીત રૂા. ૫૫૫૨.૧૬ લાખની એમ.૧ જૂથ પાણી પુરવઠા યોજના
-નર્મદા કેનાલ આધારિત મોઢેરા ઓફટેકની અંદાજીત રૂા. ૧૧૪૫૦.૦૦ લાખની એમ.૨ જૂથ પાણી પુરવઠા યોજના
-પીયેજ ધરોઈ પાઈપ લાઈનના ટેપીંગ આધારિત અંદાજીત રૂા. ૪૫૨૫.૩૩ લાખની વિજાપુર કાંઠા વિસ્તારની જૂથ પાણી પુરવઠા યોજના, તથા
-ધરોઈ ડેમ આધારિત અંદાજીત રૂા. ૨૦૬૦૦.૦૦ લાખની ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજના
આમ કુલ અંદાજીત રૂા. ૪૨૧૨૭.૪૯ લાખની ચાર યોજનાઓનું આયોજન કરેલ છે.

------------

**ભૂજની જી.કે. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ કે સોસાયટીને સોંપવા બાબત**

૬૩૧૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજની જી.કે. જનરલ હોસ્પિટલ કોઈ ટ્રસ્ટ કે સોસાયટીને સોંપવા નિર્ણય લેવાયેલ તે હકીક્ત સાચી છે, અને

(૨) આવો નિર્ણય ક્યારે લેવાયેલ અને તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભૂજની જી.કે. જનરલ હોસ્પિટલનાં નક્કી થયેલ મહેકમ/સ્ટાફ કોના હવાલે છે ?

**જવાબ**

(૧) હાલ ભુજની જી. કે. જનરલ હોસ્પિટલનો વહીવટ જી. કે. જનરલ હોસ્પિટલ સોસાયટી ભુજ પાસે છે દરમ્યાનમાં આ હોસ્પિટલ મેડીકલ કોલેજ સ્થાપવા તથા હોસ્પિટલના વહીવટ માટે અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન ભુજને સોંપવા માટે સૈધ્ધાંતિક નિર્ણય થયેલ છે.

(૨) આ અંગે સૈધ્ધાંતિક નિર્ણય તા. ૨૫-૮-૦૮ના રોજ લેવાયેલ છે. અને હાલમાં સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૯-૨-૨૦૦૫ના ઠરાવથી મહેકમ અને સ્ટાફ જી. કે. જનરલ હોસ્પિટલ સોસાયટી ભુજના હવાલે છે.

------------

**સ્કુલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત બાળકોની તપાસ**

૫૯૧૫ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત સ્કુલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ કેટલા બાળકોની તપાસ કરાઈ,

**જવાબ**

(૧) સ્કુલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નીચે જણાવેલ બાળકોની તપાસ કરવામાં આવી,

| વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૮૪૩૪૯૯૭ |
| ૨૦૦૭-૦૮ | ૧૦૫૮૭૨૯૨ |
| ૨૦૦૮-૦૯ (૩૧-૧૨-૦૮ની સ્થિતિએ) | ૬૪૨૧૫૧૬ |

(૨) આ તપાસને અંતે કેટલા બાળકોને ક્યા ક્યા પ્રકારની સારવાર અપાઈ, અને

(૨) આ તપાસને અંતે બાળકોને જુદા જુદા રોગોની નીચે જણાવ્યા મુજબ સારવાર આપવામાં આવી.

| રોગનું નામ | ૨૦૦૬-૦૭માં સારવાર આપેલ બાળકોની સંખ્યા | ૨૦૦૭-૦૮માં સારવાર આપેલ બાળકોની સંખ્યા | ૨૦૦૮-૦૯માં સારવાર આપેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| પાંડુરોગ | ૩૨૩૦૯૯ | ૪૩૧૫૬૫ | ૧૪૫૦૫૮ |
| આંત્રકૃમી | ૩૩૩૪૮૯ | ૩૯૯૭૫૪ | ૧૪૦૭૮૬ |
| દાંતની તકલીફ | ૯૪૩૯૦ | ૯૭૭૩૦ | ૩૪૭૬૯ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| આંખની તકલીફ | ૬૭૯૨૬ | ૯૦૫૮૫ | ૪૯૩૬૮ |
| કાન, નાક, ગળાની તકલીફ | ૫૪૮૮૦ | ૬૭૨૬૯ | ૨૩૮૧૯ |
| પેટની તકલીફ | ૧૧૨૨૪ | ૫૭૮૮૭ | ૧૯૪૧૬ |
| ચામડીના રોગ | ૮૪૧૧૫ | ૯૦૧૫૭ | ૨૯૯૧૯ |
| શ્વસનતંત્રના રોગ | ૧૩૮૮૬ | ૩૭૨૨૦ | ૧૩૭૪૭ |
| ચેતાતંત્રના રોગ | ૪૪૬ | ૧૩૧૨ | ૩૬૯ |
| અસ્થિતંત્રના રોગ | ૮૦ | ૧૧૪૨ | ૩૯૬ |
| વિક્લાંગતા | ૪૪૧ | ૩૯૫૪ | ૧૫૫૮ |
| હ્નદય | ૪૦૨૭ | ૩૫૮૪ | ૯૨૮ |
| કિડની | ૫૯૩ | ૧૦૭૧ | ૧૮૭ |
| કેન્સર | ૧૩૬ | ૬૪૧ | ૧૪૪ |

(૩) તે પૈકી ગંભીર સારવાર માટે રાજ્ય બહાર મોકલાયા હોય તેવા કિસ્સાઓ કેટલા છે અને તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ હ્નદય રોગની ગંભીર બિમારી હોય તેવા બાળકોને રાજ્ય બહાર સારવાર અર્થે મોકલવામાં આવેલ છે. જેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | બાળકોની સંખ્યા | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૯૪ | રૂા. ૧,૬૮,૦૬,૯૧૦/- |
| ૨૦૦૭-૦૮ | ૧૨૦ | રૂા. ૧,૦૮,૧૦,૨૫૦/- |
| ૨૦૦૮-૦૯ (૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ) | ૮૭ | રૂા. ૧,૦૬,૫૦,૦૦૦/- |

------------

**હાલોલ તાલુકામાં આવેલ દેવ સિંચાઈ યોજનાની કેનાલો બાબત**

૪૯૦૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ દેવ સિંચાઈ યોજનાની હાઈ લેવલ કેનાલો બનાવવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) આ હાઈ લેવલ કેનાલોથી કેટલા ક્ષેત્રફળને પીયતનો લાભ મળે છે તેના કમાન્ડ એરીયામાં કેટલું

(૨) ૧૩૦ હેક્ટર જમીનને પિયતનો લાભ મળે છે, ૭૫૫ હેક્ટર કમાન્ડ એરીયા છે.

ક્ષેત્રફળ આવરી લેવામાં આવેલ છે ?

------------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ અંતર્ગત શહેરો માટે થયેલ એમ.ઓ.યુ.**

૫૩૨૯ **શ્રી હર્ષદભાઈ વસાવા(રાજપીપળા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૯ અંતર્ગત રાજ્યના શહેરો માટે કેટલા એમ.ઓ.યુ. થયા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૯ અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તક શહેરો માટે ૨૬૧ એમ.ઓ.યુ. થયા. |
| (૨) તેનાથી રાજ્યના શહેરોને શું ફાયદો થશે ? | (૨) રાજ્યના શહેરોનો સુયોજીત અને ઝડપી વિકાસ થશે. જેમાં માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે. જેને પરિણામે સામાજિક અને આર્થિક વિકાસ થશે અને રોજગારીની તકો ઉભી થશે. |

------------

**જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન અંગેના નિયમો**

૫૯૨૨ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન અંગેના નિયમો ક્યા વર્ષથી અમલમાં આવ્યા, | (૧) જીડીસીઆર એ મંજૂર કરવામાં આવતી વિકાસ યોજનાઓનો અંતર્ગત ભાગ છે અને તે વિકાસ યોજનાની મંજૂરી બાદ અમલમાં આવે છે. |
| (૨) આ નિયમો અન્વયે બિલ્ડીંગ બાયલોઝ અને ટી.પી. સ્કીમ રેગ્યુલેશન ન બનાવવાના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર આ અંગેના નિયમો ક્યારે બનાવવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**બનાસકાંઠા જિલ્લાના પ્રવાસન/યાત્રાધામ સ્થળો**

૫૦૯૮ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા સ્થળોને પ્રવાસન અને યાત્રાધામ તરીકેના વિકાસ તળે આવરી લેવામાં આવેલ છે, | (૧) અંબાજી, જાસોર હિલ, બાલારામ, હાથીદરા, દાંતીવાડા ડેમ સાઈટ, ભાકોદર, પાલનપુર, મજાદાર, બાજોઠીયા ટોડા, લોટોલ અને ખુણિયાને પ્રવાસન અને યાત્રાધામ તરીકે વિકાસ તળે આવરી લેવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં ""જીલ્લા વહીવટી તંત્રને સહાય"" સદરે ફાળવેલ ગ્રાન્ટ પેકી કલેક્ટરશ્રી, બનાસકાંઠાને રૂા. ૪.૭૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત ""ઈકો ટુરીઝમ"" સદરે વન વિભાગને ફાળવેલ ગ્રાન્ટ પેકી વન વિભાગે રૂા. ૧૨૩.૫૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂા. ૧૦૨/- લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૩) હવે ક્યા સ્થળોનો પ્રવાસન અને યાત્રાધામ વિકાસ તળે વિકાસ કરવા માટેનું આયોજન છે ? | (૩) ચોટીલા (કપાસીયા)નો પ્રવાસન તળે વિકાસ કરવાનું આયોજન છે. જ્યારે પ્રવાસન નિગમ તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજી ખાતે સંકલિત વિકાસ કરવાનું આયોજન છે. |

------------

**લાછડી સિંચાઈ યોજનાનો ડેમ**

૬૫૬૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના લાછડી ગામે સિંચાઈ યોજના ડેમ આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) સને ૨૦૦૭ માં ભારે વરસાદના કારણે આ ડેમની હેઠળની છલતીનો પાળો ધોવાઈ ગયેલ છે કે કેમ? | (૨) ના, જી. |

------------

**જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાના પાણીની પાઈપલાઈન યોજના**

૬૫૪૫ **પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાના પાણીની પાઈપલાઈન યોજનાના બીજા તબક્કાની યોજનામાં કેટલા અને ક્યા ક્યા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૧) નીચેની વિગતે ૯ તાલુકાનો સમાવેશ કરેલ છે.

| ક્રમ | તાલુકો |
|---|---|
| ૧ | જામનગર |
| ૨ | ધ્રોળ |
| ૩ | લાલપુર |
| ૪ | કાલાવાડ |
| ૫ | ખંભાળીયા |
| ૬ | જામજોધપુર |
| ૭ | ભાણવડ |
| ૮ | કલ્યાણપુર |
| ૯ | દ્વારકા |

(૨) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે ?

(૨) યોજના પ્રગતિમાં છે.

------------

**ભરૂચ જિલ્લાના સ્વજલધારા યોજના અંતર્ગત લાભાન્વિત ગામો**

૫૨૬૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં કેટલા ગામોને આવરી લીધેલ છે, અને | (૧) ૧૦૧ ગામોને. |
| (૨) તે અંગેની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ૧૩ ગામની યોજનાના કામો પૂર્ણ થયેલ છે. ૮૮ ગામની યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. |

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે પાણીની મોટી ટાંકીઓ**

૪૭૫૮ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પાણીની મોટી ટાંકીઓની સંખ્યા કેટલી છે, અને

(૧) **બાલાસિનોર તાલુકો**
નમનાર જૂથ યોજના હેઠળ ૨
વનોડા જૂથ યોજના હેઠળ ૧
**વિરપુર તાલુકો**
ખેરોલી જૂથ યોજના હેઠળ ૬
પાણીની મોટી ટાંકીઓ આવેલી છે.

(૨) આ યોજના અન્વયે કેટલા ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે ?

(૨) **બાલાસિનોર તાલુકો**
નમનાર જૂથ યોજના હેઠળ ૭૬
વનોડા જૂથ યોજના હેઠળ ૧૬

**વિરપુર તાલુકો**
ખેરોલી જૂથ યોજના હેઠળ ૭૫
ગામ/પરાને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.

------------

**પાટણ જિલ્લાને ઉર્જા વિભાગ દ્વારા ડાર્કઝોનમાં મૂકવા બાબત**

૪૭૭૨ **શ્રી જોધાજી ઠાકોર (વાગદોડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાને ઉર્જા વિભાગ તરફથી ડાર્કઝોનમાં ક્યારથી મૂકવામાં આવેલ છે, અને | (૧) પાટણ જિલ્લો વર્ષ ૨૦૦૧થી અમલમાં આવ્યો ત્યારથી ભૂગર્ભ જળ ખેંચાણની દૃષ્ટિએ ડાર્ક (ઓવર એક્ષ્પલોઈટેડ) કેટેગરીમાં છે, અને |
| (૨) આ ડાર્કઝોન ઉઠાવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) આ વિસ્તારમાં ભૂગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ભૂગર્ભ જળ ખેંચાણ વધારે હોવાથી ભૂગર્ભ જળ રિચાર્જ માટે ચેકડેમ, તળાવો ઊંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો તેમજ સરફેસ વોટરનું ઈન્ટર રીવર બેઝીન ટ્રાન્સફર વગેરે કામોને પ્રાધ્યાનતા આપી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારની સૂચના અનુસાર રાજ્યના જુદા જુદા તાલુકાઓમાં સમયાંતરે ભૂગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ભૂગર્ભ જળ ખેંચાણનો અંદાજ કાઢી તે અન્વયે ઓવર એક્ષ્પલોઈટેડ ડાર્ક (ક્રીટીકલ), ગ્રે (સેમી ક્રીટીકલ) અને વ્હાઈટ (સેઈફ) કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવે છે. |

------------

**નર્મદા યોજનાની સોરાષ્ટ્ર કેનાલમાંથી ગારીયાધાર તાલુકાને પીયતનું પાણી**

૬૦૧૯ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર તાલુકામાં ખેડૂતોને પીયત માટે પાણી મળે તેવી નાની મોટી એક પણ સિંચાઈ યોજના નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ તાલુકામાં નર્મદા યોજનાની સોરાષ્ટ્ર કેનાલમાંથી ગારીયાધાર તાલુકાને પીયત માટે પાણી આપવાનું શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કેલીયા બંધની ઊંચાઈ વધારવાનું કામ**

૫૨૭૨ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં આવેલ કેલીયા બંધની ઉંચાઈ વધારવાનું કામ તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે, અને<br>(૨) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૧) અને (૨)<br>કામ પૂર્ણ થયેલ છે. |

------------

**નર્મદા કેનાલ આધારિત સાઉથ કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજના**

૫૨૬૭ **શ્રી પંકજભાઈ દેસાઈ(નડિયાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાની નર્મદા કેનાલ આધારિત સાઉથ કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજનામાં કુલ કેટલા ગામો/પરાનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) ૬૭ ગામ / ૧૩૫ પરાનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાથી કેટલી વસ્તીને લાભ થશે, | (૨) હાલની અંદાજે ૨ લાખની વસ્તીને લાભ થશે. |

અને

(૩) આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) એપ્રિલ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિના પ્રયાસો**

૫૨૫૨ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ કેળવવા પ્રયાસો કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**નર્મદા કેનાલ આધારિત સાઉથ કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજના**

૫૩૦૨ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાની નર્મદા કેનાલ આધારિત સાઉથ કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજનામાં કુલ કેટલા ગામ/પરાનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) ૬૭ ગામ / ૧૩૫ પરાનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાથી કેટલી વસ્તીને લાભ થશે, અને | (૨) હાલની અંદાજે ૨ લાખની વસ્તીને લાભ થશે. |
| (૩) આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) એપ્રિલ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**રાજકોટ જિલ્લામાં હેન્ડપંપ રીપેરીંગની ફરિયાદો**

૬૪૩૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ચાલુ સાલે ૨૦૦૮-૦૯ના વર્ષમાં હેન્ડપંપો રીપેર થતા નથી તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા.૩૧-૧-૦૯ સુધીમાં મળી, અને | (૧) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ હેન્ડપંપ બંધ હોવાની જાણ થયેથી કુલ ૩૫૨ ગામમા ૨૪૫૦ હેન્ડપંપ રીપેર કરવામાં આવેલ છે. |

------------

**પાણી પુરવઠા યોજના માટે ભાવનગર જિલ્લાને ફાળવેલ રકમ**

૬૧૨૬ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં રાજ્ય સરકારે ભાવનગર જિલ્લાને પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ ક્યા ક્યા કામ માટે ફાળવી છે, | (૧) નીચેની વિગતે રૂા. ૩૪૧૯.૦૦ લાખ. |

| ક્રમ | કાર્યક્રમ | રાજ્ય સરકાર |
|---|---|---|
| ૧ | ગ્રામીણ પાણી પુરવઠા | ૮૬૪.૦૦ |

| | | |
|---|---|---|
| | યોજના | |
| ૨ | સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓ | ૧૫૧૦.૦૦ |
| ૩ | જૂથ યોજના-હેન્ડપંપની મરામત અને નિભાવણી | ૫૨૦.૦૦ |
| ૪ | લોકભાગીદારી | ૫૨૫.૦૦ |
| | કુલ | ૩૪૧૯.૦૦ |

કામની યાદી સામેલ **પત્રક** મુજબ.

(૨) આ પાણી પુરવઠાના કામ પૈકી કેટલા પૂર્ણ થયાં અને કેટલા બાકી છે, અને

(૩) બાકી કામ ક્યારે પૂર્ણ થશે ?

(૨) ૨૦૫ યોજનાના કામો પૂર્ણ અને ૧૬૯ યોજનાના કામો બાકી

(૩) માર્ચ-૨૦૧૦ સુધીમાં ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

**પાણી પુરવઠા યોજના માટે ભાવનગર જિલ્લાને ફાળવેલ રકમ વર્ષ ૨૦૦૭-૦૮**

| ક્રમ | કામોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| | **ગ્રામીણ પાણી પુરવઠા યોજના** |
| ૧ | બાખલકા |
| ૨ | જુના પાદરા |
| ૩ | ખીજડીયા |
| ૪ | ભાણવડ |
| ૫ | રાણપરડા |
| ૬ | વેજોદરી |
| ૭ | મધુવન |
| ૮ | કુંઢડા |
| ૯ | કેરાળા |
| ૧૦ | ચુડી |
| ૧૧ | હબુકવડ |
| ૧૨ | સમઢિયાળા |
| ૧૩ | ટીમાણા |
| ૧૪ | તરેડી |
| ૧૫ | ઈંટીયા |
| ૧૬ | કોબાડીયા |
| ૧૭ | કરજાળા |
| ૧૮ | છાપરી |
| ૧૯ | ડંડાસ |
| ૨૦ | ગુજરડા |
| ૨૧ | હરીપર |
| ૨૨ | ખારી |
| ૨૩ | સેંદરડા |
| ૨૪ | મોટીવડાલ |
| ૨૫ | કણકોટ |
| ૨૬ | નાનીજાગધાર |
| ૨૭ | આંગણકા |
| ૨૮ | ગળથર |
| ૨૯ | કલમોદર |
| ૩૦ | કરમદિયા |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૩૧ | ક્રોટિયા |
| ૩૨ | સાલોલી |
| ૩૩ | તાતણીયા |
| ૩૪ | ટીટોડીયા |
| ૩૫ | વિસાવદર |
| ૩૬ | સલડી-ટોલ ચોટીલા |
| ૩૭ | ભગુડા |
| ૩૮ | ભાણવડીયા |
| ૩૯ | ભાટકડા |
| ૪૦ | ચારડીક્રા |
| ૪૧ | ધરાઈ |
| ૪૨ | દુદાણા |
| ૪૩ | ડુંગરપુર |
| ૪૪ | ક્રણક્રોટ |
| ૪૫ | મોટા  આસરાણા |
| ૪૬ | મોટા જાદરા |
| ૪૭ | સમઢિયાળા |
| ૪૮ | ક્રતપર |
| ૪૯ | ગારિયાધાર |
| ૫૦ | તળાજા |
| ૫૧ | સરંભડા |
| ૫૨ | સુરીવલાસ |
| ૫૩ | વીરડી |
| ૫૪ | બેલમપર |
| ૫૫ | છાપરી |
| ૫૬ | ચુના |
| ૫૭ | દયાળ |
| ૫૮ | ડંડાસ |
| ૫૯ | ગળથર |
| ૬૦ | ગુજરડા |
| ૬૧ | હરિપરા |
| ૬૨ | જાંબુડા |
| ૬૩ | ક્રરલા |
| ૬૪ | ક્રણક્રોટ |
| ૬૫ | ક્રભારિયા |
| ૬૬ | નાના આસરાણા |
| ૬૭ | ઓથા |
| ૬૮ | સેંદરડા |
| ૬૯ | તાતણીયા |
| ૭૦ | ઉગલવાણ |
| ૭૧ | તરેડી |
| ૭૨ | આક્રોલાળી |
| ૭૩ | જુના સરોડ |
| ૭૪ | કુંભણ |
| ૭૫ | લુવારવાવ |
| ૭૬ | માઈધાર |
| ૭૭ | નેસડી |

| ક્રમ | ક્રામોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૭૮ | શેવડીવદર |
| ૭૯ | ઠાડચ |
| ૮૦ | વડીયા |
| ૮૧ | વાળુકડ |
| ૮૨ | ટાણા |
| ૮૩ | આંબલા |
| ૮૪ | ભુંગર |
| ૮૫ | બોરડા |
| ૮૬ | દેવળીયા |
| ૮૭ | ઘાંટરવાળા |
| ૮૮ | જુના રાજપરા |
| ૮૯ | જુની ક્રામરોળ |
| ૯૦ | મધુવન |
| ૯૧ | મેથળા |
| ૯૨ | નવા સાંગણા |
| ૯૩ | રોજીયા |
| ૯૪ | તરસરા |
| ૯૫ | ઉંચડી |
| ૯૬ | વાલર |
| ૯૭ | થાપનાથ(ચોગઠ) |
| ૯૮ | ભંડારીયા |
| ૯૯ | શામપરા (સિ) |
| ૧૦૦ | સોડવદરા |
| ૧૦૧ | મેલકડી |
| ૧૦૨ | ગણેશગઢ |
| ૧૦૩ | રૂવા |
| ૧૦૪ | ક્મળેજ |
| ૧૦૫ | વરતેજ રેલ્વે સ્ટે. |
| ૧૦૬ | અધેલાઈ |
| ૧૦૭ | નર્મદ |
| ૧૦૮ | કોટડા |
| ૧૦૯ | ક્રાનાતળાવ |
| ૧૧૦ | સવાઈનગર |
| ૧૧૧ | ભીકડા |
| ૧૧૨ | ભંડાર |
| ૧૧૩ | ખાંટડી |
| ૧૧૪ | વાળુકડ |
| ૧૧૫ | ક્ણકોટ |
| ૧૧૬ | સમઢિયાળા |
| ૧૧૭ | પાણિયાળા |
| ૧૧૮ | લાકડીયા |
| ૧૧૯ | ભીકડા પરા |
| ૧૨૦ | ભારોલી |
| ૧૨૧ | નવા કોદીયા |
| ૧૨૨ | ઘાંટરવાળા |
| ૧૨૩ | ગઢડા |
| ૧૨૪ | શોભાવડ |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧૨૫ | નેસવડ |
| ૧૨૬ | ટીમણા |
| ૧૨૭ | દાત્રેડ |
| ૧૨૮ | માખણીયા |
| ૧૨૯ | નવા ક્રમરોળ |
| ૧૩૦ | જુના છાપરી |
| ૧૩૧ | સરતાનપર |
| ૧૩૨ | બોરડી |
| ૧૩૩ | પિથલપુર પ્લોટ |
| ૧૩૪ | પિથલપુર ગામ |
| ૧૩૫ | ગઢુલા |
| ૧૩૬ | રેલીયા પ્લોટ |
| ૧૩૭ | નવાજુના  રાજપરા |
| ૧૩૮ | ખંઢેરા |
| ૧૩૯ | ત્રાપજ |
| ૧૪૦ | મેથળા |
| ૧૪૧ | પસવી |
| ૧૪૨ | વાલર |
| ૧૪૩ | સાંકડાસર-૧ |
| ૧૪૪ | દિહોર |
| ૧૪૫ | મોટી માંડવાળી |
| ૧૪૬ | ભદ્રાવળ |
| ૧૪૭ | પીંગળી |
| ૧૪૮ | બોરલા |
| ૧૪૯ | નાની બાબરીયાત |
| ૧૫૦ | બીલા |
| ૧૫૧ | દુધાળા-૧ |
| ૧૫૨ | ગઢડા |
| ૧૫૩ | કંટાસર |
| ૧૫૪ | કૂભારિયા |
| ૧૫૫ | લોંગડી-૧ |
| ૧૫૬ | લુસડી |
| ૧૫૭ | મોદાળીયા |
| ૧૫૮ | વાલાવાવ |
| ૧૫૯ | અમૃતવેલ |
| ૧૬૦ | ભાટીકડા |
| ૧૬૧ | બોડા |
| ૧૬૨ | ચારડીક્ા |
| ૧૬૩ | ચુના |
| ૧૬૪ | દુદાણા |
| ૧૬૫ | ગુજરડા |
| ૧૬૬ | હરીપરા |
| ૧૬૭ | ક્ણકોટ |
| ૧૬૮ | ક્સાણ |
| ૧૬૯ | કોટીયા |
| ૧૭૦ | લોંગડી |
| ૧૭૧ | માળવાવ |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧૭૨ | મોટા આસરાણા |
| ૧૭૩ | મોટા પીપળવા |
| ૧૭૪ | નાના માલપરા |
| ૧૭૫ | મોટા માલપરા |
| ૧૭૬ | નાના પીપળવા |
| ૧૭૭ | સાલોલી |
| ૧૭૮ | ફુલવડી પા |
| ૧૭૯ | ખોડવદરી |
| ૧૮૦ | નાના ચારોડીયા |
| ૧૮૧ | માનવિલાસ |
| ૧૮૨ | વીરડી |
| ૧૮૩ | ટીંબા પરા |
| ૧૮૪ | ફાચરીયા |
| ૧૮૫ | રાણીગામ |
| ૧૮૬ | મોટી વાવડી |
| ૧૮૭ | પીપળવા |
| ૧૮૮ | માનપુર |
| ૧૮૯ | રાજપરા (ચોક) |
| ૧૯૦ | દેપલા પરા |
| ૧૯૧ | વડીયા |
| ૧૯૨ | જાળિયા |
| ૧૯૩ | રંડોળા |
| ૧૯૪ | જાળિયા (અ) |
| ૧૯૫ | નાની પાણિયાળી |
| ૧૯૬ | મોતીસરી |
| ૧૯૭ | બેકડી |
| ૧૯૮ | રબારીકા |
| ૧૯૯ | સર |
| ૨૦૦ | ટાણા |
| ૨૦૧ | અગીયાળી |
| ૨૦૨ | ધ્રુપકા |
| ૨૦૩ | ભડલી |
| ૨૦૪ | ઢાંકણકુડા |
| ૨૦૫ | મોટા સુરકા |
| ૨૦૬ | ચોરવડલા |
| ૨૦૭ | રામધરી |
| ૨૦૮ | અમરગઢ |
| ૨૦૯ | ટોડી |
| ૨૧૦ | ગઢુલા |
| ૨૧૧ | ખારી |
| ૨૧૨ | ઉંડવી |
| ૨૧૩ | એકલીયા મહાદેવ |
| ૨૧૪ | માળવાવ |
| ૨૧૫ | ભાણગઢ |
| ૨૧૬ | ઇગોરાળા |
| ૨૧૭ | લીંબડીયા |
| ૨૧૮ | હામાપર |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૨૧૯ | ગઢડા |
| ૨૨૦ | નિંગાળા |
| ૨૨૧ | ગાળા |
| ૨૨૨ | લીંબાળી |
| ૨૨૩ | નવાઅલમપર |
| ૨૨૪ | નવા સમઢિયાળા |
| ૨૨૫ | બજુડ |
| ૨૨૬ | લાખેણી |
| ૨૨૭ | પ્રાથમિક શાળા-૧૪ |
| ૨૨૮ | પચ્છેગામ |
| ૨૨૯ | રાજપરા(ભાલ) |
| ૨૩૦ | મીઠાના અગરિયા માટે પા.પુ. યોજના |
| ૨૩૧ | ટીંબા |
| ૨૩૨ | મોરબા |
| ૨૩૩ | ગુંદરણી |
| ૨૩૪ | નાન જાદરા |
| ૨૩૫ | પચ્છેગામ |
| ૨૩૬ | જુના લોઈચડા |
| ૨૩૭ | દેપલા |
| ૨૩૮ | જુના પાદર |
| ૨૩૯ | ઉંચડી |
| ૨૪૦ | ઝાઝમેર |
| ૨૪૧ | ટાટમ |
| ૨૪૨ | માંડવઘાર |
| ૨૪૩ | ઉગામેડી |
| ૨૪૪ | ટાણા |
| ૨૪૫ | મઢડા |
| ૨૪૬ | ખારી |
| ૨૪૭ | કાંટોડીયા |
| ૨૪૮ | પાલડી |
| ૨૪૯ | ઉખરલા |
| ૨૫૦ | વાવડી |
| ૨૫૧ | વળાવડ |
| ૨૫૨ | સમઢિયાળા જુના |
| ૨૫૩ | લંગાળા |
| ૨૫૪ | ઉજળવાવ |
| ૨૫૫ | સમઢિયાળા-૧ |
| | સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓ |
| ૨૫૬ | શિહોર |
| ૨૫૭ | બોટાદ |
| ૨૫૮ | ગઢડા |
| ૨૫૯ | વલભીપુર |
| ૨૬૦ | ઉમરાળા |
| ૨૬૧ | તણસા |
| ૨૬૨ | પસવી |
| ૨૬૩ | મહુવા |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૨૬૪ | ચોરવડલા |
| ૨૬૫ | પાંડેરિયા |
| | જુથ યોજનાની મરામત અને નિભાવણી |
| લોક ભાગીદારી | |
| ૨૬૬ | લાખાવડ |
| ૨૬૭ | ભાટકડા |
| ૨૬૮ | લાખણકા |
| ૨૬૯ | લવરડા |
| ૨૭૦ | વરલ |
| ૨૭૧ | ઝિંઝાવદર |
| ૨૭૨ | ચક્મપર |
| ૨૭૩ | નાગલપર |
| ૨૭૪ | બાબરકોટ |
| ૨૭૫ | યોગીનગર (હડદડ) |
| ૨૭૬ | ઝમરાળા |
| ૨૭૭ | રતનવાવ |
| ૨૭૮ | કેરીયા-૨ |
| ૨૭૯ | મોટી વીરવા |
| ૨૮૦ | ઢીંક્વાળી |
| ૨૮૧ | નાના મોટા છેડા |
| ૨૮૨ | જોટીંગડા |
| ૨૮૩ | લાખેણી |
| ૨૮૪ | હામાપર |
| ૨૮૫ | પીપળીયા |
| ૨૮૬ | ભંડારીયા |
| ૨૮૭ | ગોરડકા |
| ૨૮૮ | કેરાળા |
| ૨૮૯ | ચીરોડા |
| ૨૯૦ | પાંચટોબરા |
| ૨૯૧ | ભગુડા |
| ૨૯૨ | લોયંગા |
| ૨૯૩ | મોટા આસરાણા |
| ૨૯૪ | રાણપરડા |
| ૨૯૫ | બોડા |
| ૨૯૬ | નીકોલ |
| ૨૯૭ | ખરેડ |
| લોક ભાગીદારી | |
| ૨૯૮ | સમઢીયાળા |
| ૨૯૯ | વડીયા |
| ૩૦૦ | નોંધણવદર |
| ૩૦૧ | રતનપુર |
| ૩૦૨ | બાખલકા |
| ૩૦૩ | ઉમરલા |
| ૩૦૪ | રોજીયા |
| ૩૦૫ | પાદરગઢ |
| ૩૦૬ | મહાદેવપરા |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૩૦૭ | વાટલીયા |
| ૩૦૮ | મંગેળા |
| ૩૦૯ | કેરીયા |
| ૩૧૦ | કંથારીયા |
| ૩૧૧ | પીપરીયા |
| ૩૧૨ | રંગપુર |
| ૩૧૩ | મોટી ધરાઈ |
| ૩૧૪ | ઢુંઢસર |
| **લોક ભાગીદારી** | |
| ૩૧૫ | ઝરીયા |
| ૩૧૬ | બોરડી |
| ૩૧૭ | મગલાણા |
| ૩૧૮ | પાળીયાદ |
| ૩૧૯ | કરદેજ-નવાગામ |
| ૩૨૦ | તરસમીયા |
| ૩૨૧ | સવાઈનગર |
| ૩૨૨ | સાંગાવદર |
| ૩૨૩ | સાંકરડી |
| ૩૨૪ | કારીયાણી |
| ૩૨૫ | સરવા |
| ૩૨૬ | ભદ્રાવડી |
| ૩૨૭ | તુરખા |
| ૩૨૮ | રોહીશાળા |
| ૩૨૯ | રામપરા |
| ૩૩૦ | માંડવા |
| ૩૩૧ | ચોસલા |
| ૩૩૨ | ઝિંઝાવદર (નાના) |
| ૩૩૩ | સુરકા |
| ૩૩૪ | પીપળ |
| ૩૩૫ | મોટી કુંડળ |
| ૩૩૬ | જુનવદર |
| ૩૩૭ | રતનપર નાના |
| ૩૩૮ | તાતાણા |
| ૩૩૯ | જનડા |
| ૩૪૦ | અડતાળા |
| ૩૪૧ | વેળાવદર |
| ૩૪૨ | વાળુકડ |
| ૩૪૩ | દુધેરી |
| ૩૪૪ | બીલડી |
| ૩૪૫ | નેપ |
| ૩૪૬ | દુદ્ધાણા |
| ૩૪૭ | રાણીવાડા |
| ૩૪૮ | ઓથા |
| ૩૪૯ | રાણપરડા (ખારા) |
| ૩૫૦ | દેપલા |
| ૩૫૧ | સેંજળીયા |
| ૩૫૨ | ભુતીયા |

| ક્રમ | ક્રમોનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૩૫૩ | નવા સાંગાણા |
| ૩૫૪ | બોરલા |
| ૩૫૫ | જુના સાંગાણા |
| ૩૫૬ | નીચડી |
| ૩૫૭ | પાદરી (ભંમર) |
| ૩૫૮ | આંબલા |
| ૩૫૯ | વડોદ |
| ૩૬૦ | લીંબડા (હનુભાના) |
| ૩૬૧ | ઈટાળીયા |
| ૩૬૨ | ભોજપરા |
| ૩૬૩ | રાજપરા (ભાયાતી) |
| ૩૬૪ | રાજપરા (ભાલ) |
| ૩૬૫ | પાણવી |
| ૩૬૬ | રતનપર (ગા) |
| ૩૬૭ | પચ્છેગામ |
| ૩૬૮ | મોણપુર |
| ૩૬૯ | પીપળ |
| ૩૭૦ | શાહપુર |
| ૩૭૧ | ભોરણીયા |
| ૩૭૨ | ખાંભા |
| ૩૭૩ | મઢડા |
| ૩૭૪ | દેવગાણા |

------------

**૨૪૯/page>મૂળી ખાતે પીવાના પાણીના ફીલ્ટર પ્લાન્ટ અંગે**

૫૬૧૨ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી ગામ ખાતે પીવાના પાણીની યોજનાનો ફીલ્ટર પ્લાન્ટ ચાલુ છે કે કેમ, અને

(૨) જો ના, તો ઉક્ત ફીલ્ટર પ્લાન્ટ ક્યારે ચાલુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી ગામે ફીલ્ટર પ્લાન્ટ હયાત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં મેડિકલ કોલેજો સ્થાપવા માટેની દરખાસ્તો**

૫૯૧૨ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં મેડીકલ કોલેજો સ્થાપવા માટે કેટલી દરખાસ્તો રાજ્ય સરકાર પાસે તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ની સ્થિતિએ જિલ્લાવાર પડતર છે ?

**જવાબ**

રાજ્યમાં મેડીકલ કોલેજ સ્થાપવા માટેની અમદાવાદ જિલ્લાની ફક્ત એક જ દરખાસ્ત તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ની સ્થિતિએ પડતર છે.

------------

**સુરત અને તાપી જિલ્લામાં ચેકડેમોના કામો**

૫૮૯૭ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ | કુલ |
|---|---|---|---|
| સુરત | ૩૨ | ૬૫ | ૯૭ |
| તાપી | ૨૮ | ૧૨૦ | ૧૪૮ |

(૨) મંજૂર થયેલા ચેકડેમો કઈ એજન્સીઓને ફાળવવામાં આવ્યા, અને

(૩) તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા અને બાકીના ચેકડેમ ક્યા તબક્કામાં છે ?

(૨) મંજૂર થયેલ ચેકડેમો જે તે સ્વૈચ્છિક સંસ્થા/એજન્સીને ફાળવવામાં આવ્યા તેની વિગતો **પત્રક-૧**માં સામેલ છે.

(૩)

| જિલ્લો | પૂર્ણ ચેકડેમ | પ્રગતિ હેઠળ | |
|---|---|---|---|
| | | પાયાના તબક્કે | બોડીવોલના તબક્કે |
| સુરત | ૫૮ | ૦૬ | ૩૩ |
| તાપી | ૮૦ | ૨૯ | ૩૯ |

**પત્રક-૧**

| **ક્રમાંક** | **સ્વૈચ્છિક સંસ્થા/(એજન્સી)નું નામ** |
|---|---|
| રાજ્યમાં તબીબી સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે અભ્યાસ કરવા ર્ડા. કલસરીયાના અધ્યક્ષસ્થાને રચેલ કમિટીના અહેવાલની વિગતો શી છે? | અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ, સેન્ટ્રલ એડમીશન કમિટિની રચના, પી.જી. અને સુપર સ્પેશયાલીટી બેઠકો વધારવા માટે પ્રયત્ન, પી. જી. એડમીશન નિયમમાં સુધારો, તેમજ પી. જી. શિક્ષકોની સંખ્યા વધારવા તથા પીજી કક્ષાએ ઓલ ઈન્ડીયા ક્વોટાને સ્પર્શતી વિસ્તૃત ભલામણો આ અહેવાલમાં કરવામાં આવેલ છે. |

------------

**શેત્રુંજી નહેર સુધારણાના કામ**

૫૩૨૪ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શેત્રુંજી નહેર સુધારણાના કામ સરકાર હાથ ધરવા માગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની કાર્યવાહી તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ ક્યા તબકકે છે, અને | (૨) ટેન્ડર તબક્કે |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) રૂા. ૯૯૫.૦૦ લાખ |

------------

**ફિલીપ્સ કંપનીના એક્સ-રે મશીનો સંદર્ભે ગાંધીનગરમાં પોલીસ ફરિયાદ**

૬૧૬૭ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની તમામ સિવિલ હોસ્પિટલો માટે ફિલિપ્સ કંપનીના એક્સ-રે મશીનો તથા અન્ય સાધનોની ખરીદી થઈ હતી તે વાત સાચી છે, જો હા તો ઉક્ત મશીનો દર્દીઓ માટે હાનિકારક હોવા અંગે ગાંધીનગર ખાતે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ છે કે કેમ, અને, | (૧) ના, જી. |
| (૨) તેની તપાસ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કા સુધી પહોંચી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખંભાળીયા શહેરને નર્મદાનું પીવાનું પાણી**

૫૨૫૭ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (જામ ખંભાળીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ખંભાળીયા શહેરને નર્મદાનું પીવાનું પાણી ક્યારે મળશે? | માર્ચ-૨૦૦૯માં પાણી આપવાનું આયોજન છે. |

------------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નબળી ગુણવત્તાનું સૂચર**

૬૩૫૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં વપરાતું સૂચર મટિરિયલ નબળી ગુણવત્તાનું હોવા અંગે ડોકટરોએ અહેવાલ આપ્યો હતો. અને ફુડ અને ડ્રગ્સ લેબોરેટરીએ પણ તેના ટેસ્ટ રિપોર્ટમાં આ મટિરિયલ ધારાધોરણ મુજબનું નથી એવો રિપોર્ટ તા. ૪-૧૨-૨૦૦૮ના રોજ આપ્યો હતો અને તેના આધારે કમિશનર, ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલે પણ ડિસેમ્બર-૨૦૦૮માં આ મટિરિયલનો ઉપયોગ બંધ કરી કંપનીને પરત કરી દેવા આદેશ આપેલ છે તે વાત સાચી છે, | (૧) ડોકટરોએ કોઈ અહેવાલ આપેલ ન હતો. પરંતુ રજુઆત કરેલ હતી. |
| (૨) જો હા, તો દર્દીઓના જીવન સાથે સંકળાયેલી આ ગંભીર પ્રકારની ગેરરીતિઓ થયા બાબતે સરકારે કોઈ તપાસ કરી છે ખરી, અને | (૨) તપાસ કરવા માટે સીનીયર તબીબોની કમીટીની રચના કરેલ છે. |
| (૩) જો હા, તો આ ગેરરીતિઓ અંગે જવાબદાર હોય તેમની સામે સરકારે શાં પગલાં લીધાં છે? | (૩) તપાસ અહેવાલ મળ્યેથી કાર્યવાહી કરવાની રહે છે. |

------------

**૧૦૮ એમ્બ્યુલન્સ સેવા માટે કેન્દ્ર સરકારની સહાય**

૬૦૮૩ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) અમદાવાદ શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તા. ૨૯-૮-૨૦૦૭ થી શરૂ કરવામાં આવી, |
| (૨) આ એમ્બ્યુલન્સ સેવામાં રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે? | (૨) આ એમ્બ્યુલન્સ સેવામાં રાજ્ય સરકારે રૂા. ૧૪૦૪.૦૦ લાખ અનુદાન ફાળવેલ છે. અને એન.આર.એચ.એમ. ફંડમાંથી રૂા. ૬૧૩૮.૧૩ લાખ ફાળવવામાં આવેલ છે. |

------------

**કેલીયા બંધની ઊંચાઈ વધારવાનું કામ**

૫૨૫૯ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચિખલી તાલુકામાં આવેલ કેલીયા બંધની ઊંચાઈ વધારવાનું કામ તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે, અને | (૧) અને (૨) કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | |

------------

**ધારી અને બગસરા તાલુકામાં મહી પરિએજ યોજનાનો અમલ**

૪૮૯૦ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ધારી અને બગસરા તાલુકામાં મહી-પરિએજ યોજના ક્યા તબક્કે છે,

(૨) બંને તાલુકામાં આ યોજનાની કામગીરી કઈ તારીખે ચાલુ થઈ, અને

(૩) આ યોજના પાછળ ધારી અને બગસરા તાલુકામાં ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ધારી તાલુકાના મોટાભાગના કામો પૂર્ણ થયેલ છે.

બગસરા તાલુકાની ૭૫ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ધારી તાલુકાની કામગીરી તા.૨૬-૯-૨૦૦૨ અને બગસરા તાલુકાની તા. ૧૭-૭-૨૦03 ના રોજ શરૂ થઈ.

(૩) ધારી તાલુકા રૂા. ૩૦૩૫.૭૪ લાખ
બગસરા તાલુકા રૂા. ૧૫૪૪.૭૩ લાખ.

------------

**મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા આયોજન**

: ૫૨૭૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ફ્લોરાઈડગ્રસ્ત વિસ્તારવાળા મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨) મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા

-નર્મદા કેનાલ આધારિત કડી ઓફટેકની અંદાજીત રૂા. ૫૫૫૨.૧૬ લાખની એમ.૧ જૂથ પાણી પુરવઠા યોજના પૂર્ણ કરેલ છે.

-નર્મદા કેનાલ આધારિત મોઢેરા ઓફટેકની અંદાજીત રૂા. ૧૧૪૫૦.00 લાખની એમ.૨ જૂથ પાણી પુરવઠા યોજના પૂર્ણ કરેલ છે. તથા

-પીયેજ ધરોઈ પાઈપ લાઈનના ટેપીંગ આધારિત અંદાજીત રૂા. ૪૫૨૫.૩૩ લાખની વિજાપુર કાંઠા વિસ્તારની જૂથ પાણી પુરવઠા યોજનાના ટેન્ડર ચકાસણી હેઠળ છે.

આમ કુલ અંદાજીત રૂા. ૨૧૫૨૭.૪૯ લાખની ત્રણ યોજનાઓનું આયોજન કરેલ છે.

(૨) આ યોજનાઓ હાલ ક્યા તબક્કે છે?

**જનની સુરક્ષા યોજના હેઠળ જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ**

૪૯૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં જનની સુરક્ષા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાવાર કેટ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ""જનની સુરક્ષા"" માટે અલગથી જિલ્લાવાર રકમ ફાળવવામાં આવતી નથી પરંતુ આરસીએચ ફ્લેક્સીપુલ હેઠળ દરેક જિલ્લાને ઉચ્ચક રકમ ફાળવવામાં આવે છે. (વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ છે.)

**પત્રક--૧**

રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં) ના વર્ષમાં ""જનની સુરક્ષા યોજના"" માટે અલગથી જીલ્લાવાર રકમ ફાળવવામાં આવતી નથી પરંતુ આરસીએચ ફ્લેક્સી પુલ હેઠળ દરેક જીલ્લાને ઉચ્ચક રકમ ફાળવવામાં આવે છે. જે નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| અ.નં. | જીલ્લાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ ફાળવેલ રકમ (૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૮) | વર્ષ ૨૦૦૮-૦૯ ફાળવેલ રકમ (૧-૪-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ |
|---|---|---|---|

| | | | ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૬૫.૦૦ | ૨૦૨.૯૫ |
| ૨ | અમરેલી | ૭૫.૦૦ | ૧૪૩.૮૫ |
| ૩ | આણંદ | ૫૦.૦૦ | ૨૦૧.૮૫ |
| ૪ | બનાસકાંઠા | ૩૪૮.૮૬ | ૧૯૬.૮૮ |
| ૫ | ભરૂચ | ૫૦.૦૦ | ૧૭૪.૮૫ |
| ૬ | ભાવનગર | ૭૫.૦૦ | ૫૦.૯૫ |
| ૭ | દાહોદ | ૧૬૫.૦૦ | ૧૨૩.૮૮ |
| ૮ | ગાંધીનગર | ૭૫.૦૦ | ૧૪૨.૩૫ |
| ૯ | ગોધરા-પંચમહાલ | ૨૬૦.૦૦ | ૩૩.૮૮ |
| ૧૦ | જામનગર | ૫૦.૦૦ | ૧૦૫.૪૫ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૦.૦૦ | ૯૭.૮૫ |
| ૧૨ | ખેડા | ૨૬૦.૦૦ | ૮૬.૮૫ |
| ૧૩ | કચ્છ | ૭૫.૦૦ | ૨૦૧.૮૫ |
| ૧૪ | મહેસાણા | ૫૦.૦૦ | ૯૬.૮૫ |
| ૧૫ | નર્મદા | ૫૦.૦૦ | ૧૨૩.૮૮ |
| ૧૬ | નવસારી | ૭૫.૦૦ | ૧૦૦.૮૫ |
| ૧૭ | ડાંગ | ૪૧.૨૧ | ૬૩.૮૮ |
| ૧૮ | પાટણ | ૧૩૦.૦૦ | ૧૬૧.૮૫ |
| ૧૯ | પોરબંદર | ૫૨.૩૦ | ૫૬.૮૫ |
| ૨૦ | રાજકોટ | ૯૦.૦૦ | ૫૬.૯૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૭૦.૦૦ | ૧૬૫.૮૫ |
| ૨૨ | સુરત | ૧૦૦.૦૦ | ૬૬.૯૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૧૦.૦૦ | ૧૫૧.૯૫ |
| ૨૪ | વડોદરા | ૨૮૦.૦૦ | ૨૦૨.૮૮ |
| ૨૫ | વલસાડ | ૫૬.૨૫ | ૨૦૩.૮૮ |
| | **કુલ** | **૨૯૫૩.૨૩** | **૩૨૧૬.૦૫** |

(૨) તે પેકી વર્ષવાર કેટ કેટલો ખર્ચ થયો?

(૨) પત્રક-૨ મુજબ.

**પત્રક--૨**

રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં) ના વર્ષમાં ""જનની સુરક્ષા યોજના"" માટે અલગથી જીલ્લાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| અ.નં. | જીલ્લાનું | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૫.૪૨ | ૪૨.૫૮ |
| ૨ | અમરેલી | ૨૭.૦૪ | ૧૮.૫૩ |
| ૩ | આણંદ | ૩૮.૨૪ | ૨૧.૬૩ |
| ૪ | બનાસકાંઠા | ૭૬.૪૪ | ૫૫.૩૬ |
| ૫ | ભરૂચ | ૩૬.૫૯ | ૨૫.૦૧ |
| ૬ | ભાવનગર | ૨૩.૦૫ | ૨૧.૩૦ |
| ૭ | દાહોદ | ૫૯.૦૯ | ૩૦.૬૯ |
| ૮ | ગાંધીનગર | ૨૩.૦૩ | ૧૩.૯૭ |
| ૯ | ગોધરા- | ૪૩.૩૭ | ૨૯.૧૮ |
| ૧૦ | જામનગર | ૨૩.૧૮ | ૧૫.૧૮ |
| ૧૧ | જુનાગઢ | ૩૪.૭૧ | ૨૯.૨૯ |
| ૧૨ | ખેડા | ૫૦.૫૯ | ૩૯.૭૧ |
| ૧૩ | કચ્છ | ૨૩.૫૩ | ૧૭.૩૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | કચ્છ | ૨૩.૫૩ | ૧૭.૩૧ |
| ૧૪ | મહેસાણા | ૨૬.૫૯ | ૧૯.૦૫ |
| ૧૫ | નર્મદા | ૨૭.૬૩ | ૨૩.૪૨ |
| ૧૬ | નવસારી | ૩૮.૨૮ | ૨૪.૭૫ |
| ૧૭ | ડાંગ | ૧૯.૫૨ | ૧૧.૨૨ |
| ૧૮ | પાટણ | ૫૧.૦૨ | ૩૫.૨૭ |
| ૧૯ | પોરબંદર | ૧૧.૨૫ | ૯.૯૦ |
| ૨૦ | રાજકોટ | ૨૮.૯૮ | ૨૪.૦૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૫૩.૫૭ | ૪૩.૫૨ |
| ૨૨ | સુરત | ૭૨.૮૨ | ૭૦.૨૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૪.૨૫ | ૩૯.૦૮ |
| ૨૪ | વડોદરા | ૭૪.૫૯ | ૫૯.૬૯ |
| ૨૫ | વલસાડ | ૪૫.૨૩ | ૨૩.૨૮ |
| | **કુલ** | **૧૦૧૭.૯૯** | **૭૪૩.૨૨** |

------------

## સુખી યોજનાની નહેરોની સુધારણા

૫૫૯૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુખી યોજનાની નહેરોની સુધારણાના કામો માટે સરકારે ક્યારે મંજૂરી આપી, અને

(૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ઉક્ત કામની શી સ્થિતિ છે?

**જવાબ**

(૧) તા. ૨૦-૯-૦૬ અને તા. ૨૬-૧૨-૦૬ થી મંજુરી આપેલ છે.

(૨) પ્રગતિ હેઠળ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં ફ્લોરાઈડયુક્ત અને અન્ય ક્ષારયુક્ત પાણી

૬૩૩૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પીવાનું પામી ફ્લોરાઈડયુક્ત અને અન્ય ક્ષારયુક્ત માલુમ પડેલ છે, અને

(૨) પ્રજાને પીવાલાયક પાણી મળે તે માટે સરકારે શું વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, ધાનસુરા, માલપુર, બાયડ, મેઘરજ, મોડાસા.

(૨) સાબરકાંઠા જિલ્લાના ૯૬૧ ગામ અને ૬ શહેરો માટેની રૂા. ૩૪૪.૪૩ કરોડની યોજનાઓ મંજૂર કરેલ છે. જે પૈકી ૨૭૧ ગામો તથા ૩ શહેરોની યોજના પૂર્ણ કરી છે અને ક્રમશઃ પાણી પુરવઠો શરૂ કરેલ છે.

------------

## બાબરા અને વડિયા તાલુકાને મહીપરીએજ આધારિત પીવાનું પાણી

૬૦૯૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ બાબરા અને વડિયા તાલુકાના કેટલા તાલુકાના કેટલા ગામડાંઓને મહીપરીએજ આધારિત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે,

(૨) તે પૈકી જે ગામોમાં પાઈપલાઈન હોવા છતાં પાણી ન મળતું હોય તેવા ગામો કેટલા,

(૩) આ ગામોને ક્યારે પાણી આપવા માંગો છો, અને

**જવાબ**

(૧) બાબરા તાલુકાના ૫૭ ગામો અને વડિયા તાલુકાના ૪૪ ગામો

(૨) તે પૈકી બાબરા તાલુકાના ૨૩ ગામો અને વડિયા તાલુકાના ૪૩ ગામોમાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના ઉપલબ્ધ હોય તે યોજનામાંથી પાણી મેળવે છે.

(૩) જરૂરિયાત જણાયે પાણી આપવામાં આવશે.

(૪) સોરાષ્ટ્રનો સોથી ઉંચાણવાળો વિસ્તાર બાબરા-વડિયા હોઈ, અહીંથી નદીઓના મુખ શરૂ થતા હોઈ, પાણીની કાયમી મુશ્કેલી રહેતી હોઈ, બારમાસી પાણી આપવા માંગો છો કે નહીં?

(૪) જરૂરિયાત મુજબ પાણી આપવાનું આયોજન છે.

------------

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત રાજ્યકક્ષાએ મંજૂર થયેલ ગ્રાન્ટ**

૫૧૯૦ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ રાજ્ય કક્ષાએ કેટલાં કરોડની ગ્રાન્ટની મંજૂરી મળેલ છે, અને

(૨) આ મિશન હેઠળ મળેલ ગ્રાન્ટ પેકી રાજ્ય સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ક્યા ક્યા પ્રોજેક્ટ હેઠળ કેટલી રકમ ફાળવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ રાજ્ય કક્ષાએ કુલ રૂા. ૨૬૭૯.૯૭ કરોડની ગ્રાન્ટની મંજૂરી આપેલ છે.

(૨) આ મિશન હેઠળની ગ્રાન્ટ પેકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ગર્વનન્સ પ્રોગ્રામના ૧૮ પ્રોજેક્ટ માટે રૂા. ૨૦૩.૦૧ કરોડ તથા બેઝીક સર્વિસીસ ટુ અર્બન પુઅર પ્રોગ્રામના ૩ પ્રોજેક્ટ માટે રૂા. ૫૪.૬૫ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.

------------

**કઠલાલ તાલુકામાં નર્મદાના પાણી પીવાના ટાંકા**

૫૧૪૧ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કઠલાલ તાલુકામાં નર્મદાના પાણીના દરેક ગામોમાં પાણી પીવાના ટાંકા બનાવ્યા છે તે ટાંકાંમાંથી ગામોમાં કે પરા વિસ્તારમાં પાણી લઈ જવા પાઈપ લાઈનો નાખવામાં આવેલ છે કે કેમ,

(૨) જો ના, તો આ પાઈપ લાઈનો કેટલા સમયમાં નાખવાની ચાલુ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે, અને

(૩) કેટલા સમયમાં નર્મદાનું પાણી પીવા માટે આપવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મુળ ગામથી પરા સુધી પાઈપ લાઈન નાખવાની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) માહે મે-૨૦૦૯ સુધીમાં નર્મદાનું પાણી પીવા માટે આપવાનું આયોજન છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં મોટા ચેકડેમ**

૫૩૨૮ **શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં મોટા ચેકડેમ બાંધવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની કાર્યવાહી તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રગતિ હેઠળ : ૦૮
અંદાજ તબક્કે : ૫૫

------------

**જામજોધપુર તાલુકાની નાની સિંચાઈ યોજના**

૪૭૩૨ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જીણાવારી-આંબરડી, ભુપત અને જશાપર, શીંથારા નાની સિંચાઈ યોજના બજેટમાં ક્યારે મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) જીણાવારી નાની સિંચાઈ યોજના વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં અને આંબરડી નાની સિંચાઈ યોજના વર્ષ ૨૦૦૦-૦૧માં બજેટમાં મંજુર કરવામાં આવી.

જશાપર અને શીંથારા નાની સિંચાઈ યોજના

બજેટમાં મંજુર થયેલ નથી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તેની કાર્યવાહી ક્યા તબક્કે છે?

(૨) જીણાવારી અને આંબરડી ભુપત નાની સિંચાઈ યોજના પ્રાથમિક સર્વેક્ષણ તબક્કે છે.

------------

**કચ્છમાં મેડીક્લ કોલેજ સ્થાપવા બાબત**

૫૩૪૮ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં મેડીક્લ કોલેજ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કોલેજ કોના દ્વારા સ્થાપવામાં આવશે, અને

(૨) ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીક્લ સાયન્સીસ સોસાયટી, અમદાવાદ દ્વારા સ્થાપવામાં આવશે.

(૩) ક્યારથી કાર્યરત બનશે?

(૩) ભારત સરકાર દ્વારા મંજૂરી મળ્યેથી કાર્યરત બનશે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી કેન્દ્રો**

૬૫૫૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્રો-૧૦ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-૩૧ કાર્યરત છે,

(૨) તે પેકી ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

(૨) તે પેકી ચોટીલા અને સાયલા તાલુકામાં કાર્યરત આરોગ્ય કેન્દ્રો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કેન્દ્ર | પ્રા.આ.કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૨ | ૩ |
| ૨ | સાયલા | ૧ | ૨ |
| | કુલ | ૩ | ૫ |

(૩) આ આરોગ્ય કેન્દ્રોમાં કેટલા તબીબો કામગીરી કરે છે,

(૩) આ આરોગ્ય કેન્દ્રમાં કુલ-૧૩ તબીબો કામ કરે છે,

(૪) આ આરોગ્ય કેન્દ્રોમાં કેટલા તબીબોની જગ્યાઓ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખાલી છે,

(૪) આ આરોગ્ય કેન્દ્રોમાં કુલ-૫ તબીબોની જગ્યાઓ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખાલી છે.

(૫) આ જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને

(૫) હા, જી.

(૬) જો હા, તો કેટલા સમયમાં?

(૬) યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યાઓ ભરી શકાશે.

------------

**રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિના પ્રયાસો**

૫૨૬૮ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ કેળવવા સરકાર દ્વારા કોઈ પ્રયાસો કરવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) આ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ ?

(૨) હા, જી.

------------

**રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ કેળવવા પ્રયાસો**

૫૨૭૭ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ કેળવવા સરકાર દ્વારા કોઈ પ્રયાસો કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ**

૪૯૫૪ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) વર્ગ-૩ની ૫૬ અને વર્ગ-૪ની ૪૧. |
| (૨) આ વિભાગના કેટલા કર્મચારીઓ પ્રતિ નિયુક્તિના ધોરણે બીજા વિભાગોમાં ફરજ બજાવે છે, અને | (૨) અન્ય વિભાગમાં કોઈ નહિ. |
| (૩) જરૂરીયાત મુજબના ખુટતા કર્મચારીઓની નિમણૂંક કરવાની સરકારની શી યોજના છે? | (૩) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિમણૂંક આપવાની નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી. |

------------

**ધ્રોલ તાલુકાના મોરઘુના વોકળા પર સિંચાઈ યોજના**

૬૫૮૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધ્રોલ તાલુકાના સુધાઘુના ગામ પાસેના મોરઘુના વોકળા પર સિંચાઈ યોજના હાથ ધરવા અંગે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાને કેટલા સમયમાં મંજૂરી મળશે, અને | (૨) અને (૩) સર્વેક્ષણ તબક્કે છે. હાલ યોજના પૂરી કરવાના આયોજનનો પ્રશ્ન નથી. |
| (૩) તેનું કામ કેટલા સમયમાં પૂરૂં કરવાનું આયોજન છે? | |

-----------

**કચ્છ જિલ્લામાં નર્મદા આધારિત ડિસ્ટ્રીબ્યુટરી પાઈપ લાઈનનું કામ**

૬૮૪૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પીવાના પાણી માટે નર્મદા આધારિત કચ્છ જિલ્લામાં ડિસ્ટ્રીબ્યુટરી પાઈપ લાઈનનું કામ તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) ૪૫૭ ગામોમાં કામગીરી પૂર્ણ થયેલ છે. ૩૫૮ ગામોની કામગીરી પ્રગતિ હેઠળ છે. ૬૭ ગામોની યોજનાના સર્વેક્ષણની કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) આ પાઈપ લાઈન ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે? | (૨) પ્રગતિ હેઠળના ૩૫૮ ગામોએ ક્રમશઃ ૬/૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ૬૭ ગામોમાં માહે જૂન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**જામનગર જિલ્લાના શહેરોને નર્મદા આધારિત પીવાનું પાણી આપવા બાબત**

૬૩૧૭ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ક્યા શહેરોને નર્મદા આધારિત સોરાષ્ટ્ર કેનાલ દ્વારા પાણી આપવાનું આયોજન છે, અને

(૨) કેટલા સમયમાં પીવાનું પાણી આપવામાં આવશે?

**જવાબ**

(૧)

| ક્રમ | શહેરનું નામ | ક્રમ | શહેરનું નામ |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૯ | ભાણવડ |
| ૨ | નવાગામઘેડ | ૧૦ | ખંભાળીયા |
| ૩ | બેડી | ૧૧ | સલાયા |
| ૪ | સીક્કા | ૧૨ | દ્વારકા |
| ૫ | દિગવિજય | ૧૩ | ઓખા |
| ૬ | ધ્રોલ | ૧૪ | સુરજકરાડી |
| ૭ | કાલાવાડ | ૧૫ | આરભંડા |
| ૮ | જામજોધપુર | ૧૬ | મીઠાપુર |

(૨) ૬ શહેરોને પાણી પુરવઠો શરુ કરેલ છે. ૧૦ શહેરોને ક્રમશઃ ૫/૨૦૦૯ સુધીમાં પાણી પુરવઠો શરૂ કરવાનું આયોજન છે.

------------

**પીવાના પાણીના શુધ્ધિકરણમાં વપરાતા ક્લોરીન વાયુની ખરીદીમાં ગેરરીતિ**

૬૯૫૮ **શ્રી અમરસિંહભાઈ વસાવા (દેડીયાપાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પીવાના પાણીના શુધ્ધિકરણ માટે વપરાતા ક્લોરીન ગેસની ખરીદી માટે સરકારે તા. ૨૪-૧૧-૦૮ના પરિપત્ર બહાર પાડી ૧૦૦ કિ. કેપેસીટીની રીફીલ પેટે રૂા. ૩૨૯૫ અને ૯૦૦ કી. કેપેસીટીની રીફીલ પેટે રૂા. ૧૩૨૦૦-૦૦નો ભાવ નક્કી કરે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વડોદરાના મુખ્ય ઈજનેર દ્વારા ૧૦૦ કી. રીફીલના રૂા, ૩૨૯૫ના બદલે રૂા. ૭ થી ૮ હજાર અને ૯૦૦ કી. રીફીલના રૂા.૧૩૨૦૦-૦૦ને બદલે રૂા. ૨૫ થી ૩૫ હજારના ભાવે ખરીદી કરી મોટું કૌભાંડ કરેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો તે અન્વયે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) ના, જી.

(૨) બોર્ડના ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા બહોળી પ્રસિધ્ધિથી ટેન્ડરો માંગીને ખરીદી કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વાવ - થરાદ તાલુકાના ગામોને નર્મદા કેનાલ આધારિત પીવાનું પાણી**

૫૨૫૦ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ તાલુકાના ગામો માટેની નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના અંગેનો અંદાજિત ખર્ચ કેટલો છે?

**જવાબ**

(૧) વાવ-થરાદ તાલુકાના ગામોની ત્રણ યોજના મંજૂર થયેલ છે તેના ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૨) આ યોજનાની અંદાજીત રકમ કુલ રૂા. ૧૨૧૫૪.૫૦ લાખ છે.

------------

**વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમોનું આયોજન**

૫૨૯૬ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમો બનાવવાનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ શી કામગીરી કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩ મોટા ચેકડેમોનું કામ પૂર્ણ થયેલ છે અને ૧૩ મોટા ચેકડેમો પ્રગતિ હેઠળ છે.

**મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા આયોજન**

૫૨૭૩ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ફ્લોરાઈડગ્રસ્ત વિસ્તારવાળા મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે? | મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા<br>-નર્મદા કેનાલ આધારિત કડી ઓફટેકની અંદાજીત રૂા. ૫૫૫૨.૧૬ લાખની એમ.૧ જૂથ પાણી પુરવઠા યોજના<br>-નર્મદા કેનાલ આધારિત મોઢેરા ઓફટેકની અંદાજીત રૂા. ૧૧૪૫૦.૦૦ લાખની એમ.૨ જૂથ પાણી પુરવઠા યોજના તથા<br>-પીયેજ ધરોઈ પાઈપ લાઈનના ટેપીંગ આધારિત અંદાજીત રૂા. ૪૫૨૫.૩૩ લાખની વિજાપુર કાંઠા વિસ્તારની જૂથ પાણી પુરવઠા યોજના<br>આમ કુલ અંદાજીત રૂા. ૨૧૫૨૭.૪૯ લાખની ત્રણ યોજનાઓનું આયોજન કરેલ છે. |

------------

**રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ**

૫૨૯૪ **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોકજાગૃતિ કેળવવા સરકાર દ્વારા કોઈ પ્રયાસો કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**માંડવી અને બારડોલી નગરપાલિકાને વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ**

૬૫૮૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાની માંડવી અને બારડોલી નગરપાલિકાને રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે કેટલી અને ક્યા ક્યા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) સામેલ **પત્રક-૧**માં દર્શાવેલ વિગતોના કામો માટે કુલ રૂા. ૭૪૫.૭૩ લાખ ફાળવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામ પૂર્ણ થયા અને કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો, | (૨) સામેલ **પત્રક-૨**માં દર્શાવેલ કામો કોલમ નં. ૩માં દર્શાવેલ ગ્રાન્ટથી પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા કામ અધૂરા છે અને કેટલા કામ બાકી છે, અને | (૩) અને (૪) સામેલ **પત્રક-૩**માં દર્શાવેલ કામો તે સામે દર્શાવેલ કારણોસર બાકી અને અધૂરા છે. |
| (૪) જો પૂરેપૂરી ગ્રાન્ટ ન વપરાઈ હોય તો તેના શાં કારણો છે? | |

**પત્રક-૧**

માંડવી અને નગરપાલિકાને વિકાસના કામો માટે
છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું પત્રક

| અનુક્રમ નં. | નગરપાલિકાનું નામ | કામનું નામ/હેતુ | છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | યોજનાનું સદર |
|---|---|---|---|---|
| ૧ | માંડવી | પે એન્ડ યુઝ ટોયલેટ | ૪.૦૦ | પે એન્ડ યુઝ ટોયલેટ |
| ૨ | માંડવી | રસ્તા અને પાણી | ૧.૬૬ | વ્યવસાય વેરા ગ્રાન્ટ |
| ૩ | માંડવી | સી.સી. રોડ અને સ્ટ્રોમ વોટર લાઈન | ૭૩.૪૪ | બાજપયી નગર વિકાસ યોજના |
| ૪ | માંડવી | પાણી પુરવઠા | ૫૦.૦૦ | અમૃત ધારા યોજના |
| ૫ | માંડવી | રસ્તા અને પાણી | ૨.૧૫ | શહેરી ગરીબ યોજના |
| ૬ | માંડવી | રસ્તા | ૨૭.૦૮ | મનોરંજન કર ગ્રાન્ટ |
| ૭ | માંડવી | રસ્તા અને ગટર | ૦.૩૮ | મનોરંજન કર ખાસ અંગ ભુત યોજના |
| ૮ | માંડવી | રસ્તા અને ગટર | ૧.૫૭ | કેબલ ટીવી યોજના |
| ૯ | માંડવી | રસ્તા અને ગટર | ૨.૧૮ | જમીન મહેસુલ લેન રેવન્યુ ગ્રાન્ટ |
| ૧૦ | માંડવી | ગરીબો માટે આવાસ બનાવવા | ૩૭૦.૧૯ | આઈ.એચ.એસ.ડી.પી. |
| | **કુલ** | | **૫૩૨.૬૨** | |
| ૧ | બારડોલી | ગરનાળું પહોળું કરવાનું કામ, ડામર રોડ | ૧૯.૫૬ | વ્યવસાય વેરા ગ્રાન્ટ |
| | બારડોલી | | ૩.૦૦ | વ્યવસાય વેરા ગ્રાન્ટ |
| ૨ | બારડોલી | પાણીની પાઈપ લાઈન | ૧૦૦.૦૦ | અમૃત ધારા યોજના |
| ૩ | બારડોલી | રીટેઈનીંગ વોલનું કામ | ૧.૩૧<br>૧૫.૦૫ | કેબલ ટીવી ગ્રાન્ટ<br>મનોરંજન કર ગ્રાન્ટ |
| ૪ | બારડોલી | સી.સી.રોડ | ૧.૨૩<br>૦.૩૪ | કેબલ ટીવી ગ્રાન્ટ |
| ૫ | બારડોલી | રીટેઈનીંગ વોલ-૪ કામ, સી.સી. રોડ | ૧૨.૫૦ | ગંદા વિસ્તાર પર્યાવરણ સુધારણા યોજના (આદિજાતી) |
| ૬ | બારડોલી | રીટેઈનીંગ વોલનું કામ | ૫.૫૮<br>૯.૯૨<br>૧.૧૪ | મનોરંજન કર ગ્રાન્ટ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૭ | બારડોલી | રીટેઈનીંગ વોલનું કામ<br>રીટેઈનીંગ વોલનું કામ<br>સી.સી. રોડ<br>સી.સી. રોડ | ૨.૨૫<br>૨.૯૪<br><br>૧.૭૬ | શહેરી ગરીબ યોજના |
| ૮ | બારડોલી | પાણીના ત્રણ કામો<br>ગટરના બે કામો<br>રસ્તાના આઠ કામો<br>અન્ય એક કામ | ૧૬.૨૮ | બાજપયી નગર વિકાસ યોજના |
| ૯ | બારડોલી | પે એન્ડ યુઝ ટોયલેટ | ૧૪.૦૦ | પે એન્ડ યુઝ ટોયલેટ |
| ૧૦ | બારડોલી | | ૩.૩૩ | જમીન મહેસુલ ગ્રાન્ટ |
| ૧૧ | બારડોલી | | ૧.૫૮ | જમીન મહેસુલ પાણીના દરની ગ્રાન્ટ |
| | **કુલ** | | **૨૧૩.૦૯** | |
| | **ગ્રાન્ટ ટોટલ** | | **૭૪૫.૭૪** | |

**પત્રક-૨**

માંડવી અને નગરપાલિકાને વિકાસના કામો માટે
છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટની પેકી વપરાયેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું પત્રક

| અનુક્રમ નં. | નગરપાલિકાનું નામ | પૂર્ણ થયેલ કામનું નામ | વપરાયેલ ગ્રાન્ટ | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | માંડવી | પે એન્ડ યુઝ ટોયલેટ | ૪.૦૦ | કામ પૂર્ણ |
| ૨ | માંડવી | સી.સી. રોડ અને સ્ટ્રોમ વોટર લાઈન | ૬૭.૪૨ | કામ પ્રગતિમાં |
| | **કુલ** | | **૭૧.૪૨** | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ગરનાળું પહોળું કરવાનું કામ, ડામર રોડ | ૪૫.૬૯/૨ કામ | કામ પૂર્ણ<br>વ્યવસાય વેરા ગ્રાન્ટ |
| | | | | |
| ૩ | બારડોલી | રીટઈનીંગ વોલનું કામ | ૯.૮૦/૧ કામ પૂર્ણ | કેબલ ટીવી ગ્રાન્ટ<br>મનોરંજન કર ગ્રાન્ટ |
| ૪ | બારડોલી | સી.સી.રોડ | ૫.૧૮/૧ કામ | કેબલ ટીવી ગ્રાન્ટ |
| ૫ | બારડોલી | રીટઈનીંગ વોલ-૪<br>કામ, સી.સી. રોડ | ૪૬.૩૩/૫ કામ | ગંદા વિસ્તાર પર્યાવરણ સુધારણા યોજના (આદિજાતી) |
| ૭ | બારડોલી | રીટઈનીંગ વોલનું કામ<br>રીટઈનીંગ વોલનું કામ<br>સી.સી. રોડ<br>સી.સી. રોડ | ૩.૪૩/૨ કામ<br><br>૩.૫૮/૧ કામ | શહેરી ગરીબ યોજના |
| ૮ | બારડોલી | પાણીના ત્રણ કામો<br>ગટરના બે કામો<br>રસ્તાના આઠ કામો<br>અન્ય એક કામ | ૧૧૫.૭૯/૧૧ કામ | બાજપયી નગર વિકાસ યોજના |
| ૯ | બારડોલી | પે એન્ડ યુઝ ટોયલેટ | ૨૪.૩૯/૬ કામ | પે એન્ડ યુઝ ટોયલેટ |
| | **કુલ** | | **૨૫૪.૨૧** | |
| | **ગ્રાન્ટ ટોટલ** | | **૩૨૫.૬૩** | |

## પત્રક-૩

### માંડવી અને નગરપાલિકાને વિકાસના કામો માટે

### અધુરા તથા બાકી કામોની વિગત દર્શાવતું પત્રક

| અનુક્રમ નં. | નગરપાલિકાનું નામ | કામનુ નામ/હેતુ | કામ અધુરૂ/બાકી | ગ્રાન્ટ ન વપરાવાનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | માંડવી | રસ્તા અને પાણી | બાકી | વહીવટી મંજુરી લેવાની હોવાથી |
| ૨ | માંડવી | સી.સી. રોડ અને સ્ટ્રોમ વોટર લાઈન | અધુરુ | કામગીરી પ્રગતિમાં |
| ૩ | માંડવી | પાણી પુરવઠા | બાકી | યુ.આઈ.એસ.એસ.એમ.ટી. યોજનામાં સમાવી લીધેલ હોવાથી |
| ૪ | માંડવી | રસ્તા અને પાણી | બાકી | વહીવટી મંજુરી લેવાની હોવાથી |
| ૫ | માંડવી | રસ્તા | બાકી | વહીવટી મંજુરી લેવાની હોવાથી |
| ૬ | માંડવી | રસ્તા અને ગટર | બાકી | વહીવટી મંજુરી લેવાની હોવાથી |
| ૭ | માંડવી | રસ્તા અને ગટર | બાકી | વહીવટી મંજુરી લેવાની હોવાથી |
| ૮ | માંડવી | રસ્તા અને ગટર | બાકી | વહીવટી મંજુરી લેવાની હોવાથી |
| ૯ | માંડવી | ગરીબો માટે આવાસ બનાવવા | બાકી | જમીન સંપાદન ન થયેલ હોવાથી |
| ૧ | બારડોલી | ગરનાળું પહોળું કરવાનું કામ, ડામર રોડ | બાકી | દરખાસ્ત બાકી |
| ૨ | બારડોલી | પાણીની પાઈપ લાઈન | બાકી | યુ.આઈ.એસ.એસ.એમ.ટી. યોજનામાં સમાવી લીધેલ હોવાથી |
| ૩ | બારડોલી | રીટઈનીંગ વોલનું કામ | બાકી | દરખાસ્ત બાકી |
| ૪ | બારડોલી | રીટઈનીંગ વોલનું કામ | બાકી | દરખાસ્તની મંજુરી બાકી |
| ૫ | બારડોલી | રીટઈનીંગ વોલનું કામ | બાકી | દરખાસ્તની મંજુરી બાકી |
| ૬ | બારડોલી | પાણીના ત્રણ કામો<br>ગટરના બે કામો<br>રસ્તાના આઠ કામો<br>અન્ય એક કામ | ૧ અધુરુ અને ૨ બાકી | ૧ પ્રગતિમાં ૨ ની દરખાસ્ત બાકી |
| ૭ | બારડોલી | | બાકી | દરખાસ્તની મંજુરી બાકી |
| ૮ | બારડોલી | | બાકી | દરખાસ્તની મંજુરી બાકી |

------------

## મુળકા સિંચાઈ યોજનાનો સિંચાઈ વિસ્તાર

૬૫૮૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના મુળકા સિંચાઈ યોજનાનો સિંચાઈ વિસ્તાર કેટલો છે, અને | (૧) અને (૨) દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં મુળકા સિંચાઈ યોજના નામની કોઈ સિંચાઈ યોજના નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખરેખર કેટલા વિસ્તારમાં પિયત થયેલ છે? | |

------------

## કપરાડા તાલુકામાં સહભાગી જળસંચય યોજના હેઠળ બનેલ ચેકડેમ

૫૧૮૫ **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૮૦:૨૦ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કેટલા ચેકડેમ બન્યા, | (૧) ૪૪૧ ચેકડેમ બનેલ છે. |
| (૨) આ ચેકડેમોના નાણાં ચૂકવવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો ક્યારે ચૂકવવામાં આવશે, અને કુલ કેટલી રકમ ચૂકવવાની બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## વડોદરા જિલ્લામાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ બાંધેલ ચેકડેમો

૪૮૧૭ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તાલુકાદીઠ કેટલા ચેકડેમો બનાવવામા આવેલ છે,

**જવાબ**

(૧) તાલુકાદીઠ વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | નસવાડી | ૧૬૮ |
| ૨ | સંખેડા | ૫૫ |
| ૩ | પાદરા | ૫ |
| ૪ | કરજણ | ૧૬ |
| ૫ | વડોદરા | ૨૧ |
| ૬ | શિનોર | ૧૨ |
| ૭ | છોટા ઉદેપુર | ૩૪૯ |
| ૮ | વાઘોડીયા | ૬ |
| ૯ | સાવલી | ૨૨ |
| ૧૦ | પાવી જેતપુર | ૨૬૫ |
| ૧૧ | ક્વાંટ | ૨૩૧ |
| | **કુલ** | **૧૧૫૦ નંગ** |

(૨) આ ચેકડેમો બનાવવા કઈ કઈ એજન્સીઓને કામ સોંપવામાં આવેલ, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આ ચેકડેમોમાં કેટલું પાણી સંગ્રહ થયેલ છે?

(૨) પ્રાયોજકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓને કામગીરી સોંપેલ છે.

(૩) ૧૦૧.૭૧ મીલીયન ઘનફુટ.

------------

**મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ બેઠકોમાં વધારો થવા અંગે**

૫૩૫૧ **શ્રી રાજસિંહ જોટવા (સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૧લી જાન્યુઆરી, ૨૦૦૮ બાદ રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની બેઠકો ઉપલબ્ધ બને તે માટે જરૂરી કાર્યવાહી કરી કેટલી વધારાની બેઠકો ઉપલબ્ધ કરી શકાઈ છે?

**જવાબ**

(૧) પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ ખાતે-૧ વિષયમાં ડીગ્રી તથા ૧૧ વિષયોમાં ડીપ્લોમાના નવા કોર્ષ માટે તથા હાલ ચાલુ ડીગ્રી પેથોલોજી વિષયમાં ૩ અને મેડીસીન વિષયમાં ૬ સીટો વધારવા.

(૨) પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ ખાતે ૪ વિષયોમાં ડીગ્રી અને ૧ વિષયમાં ડીપ્લોમામાં સીટો વધારવા.

(૩) શ્રીમતી બી.કે.શાહ મેડીકલ કોલેજ, વાઘોડિયા ખાતે ૧૯ વિષયોમાં ડીગ્રી તથા ૧૨ વિષયોમાં ડીપ્લોમામાં નવા કોર્ષ શરૂ કરવા.

(૪) કામદાર રાજ્ય વિમા નિગમ, બાપુનગર, અમદાવાદ ખાતે ૬ વિષયોમાં ડીગ્રી તથા ૪ વિષયોમાં ડીપ્લોમામાં નવા કોર્ષ શરૂ કરવા.

(૫) બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ૧ વિષયમાં ડીગ્રીનો નવો કોર્ષ શરૂ કરવા

૩. જે જે વિષયોમાં નવા અનુસ્નાતક કોર્ષ શરૂ કરવા એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે તે વિષયોમાં ભારત સરકારશ્રી દ્વારા નવા અનુસ્નાતક કોર્ષ શરૂ કરવા સીટો સાથેની મંજુરી મળ્યા બાદ વધારાની સીટો ઉપલબ્ધ થઈ શકશે.

**જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૪૮૪૬ **શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન અન્વયે કેન્દ્ર સરકારે કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી,

(૨) ઉક્ત યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી રકમ વણવપરાયેલ છે?

**જવાબ**

(૧) રૂા. ૧૦૩૧૬૯.૨૨ લાખ

(૨) ઉક્ત યોજના અન્વયે નીચે મુજબ વર્ષવાઈઝ ખર્ચ કરવામાં આવેલ.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬ | ૨૮૨૨૯.૮૫ |
| ૨૦૦૭ | ૪૪૨૨૮.૭૪ |
| ૨૦૦૮ | ૬૪૯૧૩.૮૨ |

(૩) રૂા. ૧૦૦૮૪.૨૭ લાખ.

------------

**ફિઝીયોથેરાપી કોલેજોને નવી બેઠકો માટે એન.ઓ.સી.**

૫૩૩૮ **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આવેલ ફિઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક

**જવાબ**

રાજ્યમાં આવેલ ફિઝીયોથેરાપી કોલેજમાં સ્નાતક

તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૧મી જાન્યુઆરી ૨૦૦૯ દરમિયાન કઈ કોલેજને કેટલી બેઠકો માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયા, અને અભ્યાસક્રમો ક્યારથી શરુ થશે?

કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૧મી જાન્યુઆરી ૨૦૦૯ દરમિયાન નીચે મુજબની ફિઝીયોથેરાપી કોલેજોને ""ના વાંધા પ્રમાણપત્ર"" આપવામાં આવેલ છે.

(અ)બેઠકો વધારવા માટે

૧. આર.કે.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, રાજકોટ-૨૦ બેઠકો
૨. સી.યુ.શાહ ફીઝીયોથેરાપી કોલેજ, સુરેન્દ્રનગર-૨૦ બેઠકો
૩. સિગ્મા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા-૧૦ બેઠકો
૪. સ્વામીનારાયણ ફીઝીયોથેરાપી કોલેજ, જામનગર-૧૦ બેઠકો

(બ) નવી ફીઝીયોથેરાપી કોલેજો શરૂ કરવા માટે

૧. ઓમ ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત પાયોનિયર ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા-૨૫ બેઠકો
૨. એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, જે.જી. કોલેજ ઓફ ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ-૫૦ બેઠકો
૩. સેવન્થ ડે એડવેન્ટીસ્ટ મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ એસોસીએશન ફીઝીયોથેરાપી કોલેજ, સુરત-૫૦ બેઠકો
૪. સરદાર પટેલ ટ્રસ્ટ સંચાલિત અંબાજી ફીઝીયોથેરાપી કોલેજ, સતલાસણા, મહેસાણા-૩૦ બેઠકો
૫. સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, જી. જી. હોસ્પિટલ, જામનગર-૧૦૦ બેઠકો.

------------

## બહુચરાજી તીર્થધામમાં નર્મદાનું પીવાનું પાણી

૬૮૩૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બહુચરાજી તીર્થધામમાં નર્મદાનું પીવાનું પાણી પહોંચ્યું નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) બહુચરાજી શહેર અને તાલુકાના ગામોને પાણી પહોંચાડવાની યોજનાનું કામ ક્યારે શરુ થયું, અને | (૨) તા. ૨૫-૦૩-૨૦૦૪. |
| (૩) ઉક્ત કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા શી હતી ? | (૩) ત્રણ વર્ષ. |

------------

## સુખી સિંચાઈ કેનાલોના રિપેરીંગ માટે મંજૂર કરેલ રકમ

૪૯૦૪ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ તેમજ વડોદરા જિલ્લામાં સુખી સિંચાઈ યોજનાની કેનાલોના રીપેરીંગ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) રૂા. ૯૨૪.૪૫ લાખ. |
| (૨) આ કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ક્યાં સુધીની છે, અને | (૨) ૧૨/૨૦૦૯. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ૧૨/૨૦૦૯ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન |

છે.

------------

**રાજ્યની મેડીકલ કોલેજોમાં નવી બેઠકો માટે એન.ઓ.સી.**

**૫૬૦૬ શ્રી હર્ષદભાઈ વસાવા (રાજપીપળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની મેડીકલ કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ડિગ્રી/ડિપ્લોમા/સર્ટીફીકેટ કોર્સમાં નવી બેઠકો મંજૂર કરવા માટે તા. ૧ લી જાન્યુ-૦૮ થી તા. ૩૧ જાન્યુ.-૦૯, દરમ્યાન કઈ કોલેજોને કેટલી બેઠકો માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયાં, અને

(૨) રાજ્યમાં એમ.બી.બી.એસ. કક્ષાએ વધારાની કેટલી બેઠકો ઉપલબ્ધ બનશે ?

**જવાબ**

(૧) નીચે મુજબની નવી મેડીકલ કોલેજો શરૂ કરવા એસેન્સીયાલીટી સર્ટી. આપવામાં આવેલ છે.

(૧) સરકારી મેડીકલ કોલેજ, પાટણ ખાતે ૧૦૦ સીટો માટે

(૨) ઈ.એસ.આઈ.સી. મેડીકલ કોલેજ, નરોડા, અમદાવાદને ૧૦૦ સીટો માટે

(૩) અમદાવાદ મ્યુનિ. કોર્પો. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટને ૧૫૦ સીટો માટે

(૪) ગુજરાત અદાણી ઈન્સ્ટી. ઓફ મેડીકલ સાયન્સીસ સોસા. મેડીકલ કોલેજ, ભૂજને ૧૫૦ સીટો

(૫) શ્રી કે. જે. મહેતા, ટી.બી. હોસ્પિટલ ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમરગઢ, ભાવનગરને ૧૫૦ સીટો

(૬) સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ મેડીકલ કોલેજ, સુરત - (૧૦૦ સીટોમાં વધારો કરી ૧૫૦ સીટો) ૫૦ સીટો

**<u>અનુસ્નાતક કક્ષાએ :</u>**

(૧) પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ-૧-ડીગ્રી, ૧૧-ડીપ્લોમા નવા કોર્ષ તથા ડીગ્રી પેથોલોજી વિષયમાં ૩ અને મેડીસીન વિષયમાં ૬ સીટો વધારવા,

(૨) પ્રમુખ સ્વામિ મેડીકલ કોલેજ, કરમસદ ખાતે ડીગ્રી-૪ અને ડીપ્લોમા-૧ વિષયમાં સીટો વધારવા

(૩) શ્રીમતી બી. કે. શાહ મેડીકલ કોલેજ, વાઘોડિયા ૧૯ ડીગ્રી તથા ૧૨ વિષયો ડીપ્લોમા નવા કોર્ષ શરૂ કરવા,

(૪) કામદાર રાજ્ય વિમા નિગમ, બાપુનગર, અમદાવાદ ૬-ડીગ્રી તથા ૪ ડીપ્લોમા નવા કોર્ષ શરૂ કરવા

(૫) બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ-૧ ડીગ્રી નવો કોર્ષ શરૂ કરવા

(૨) ૭૦૦ બેઠકો.

------------

**નગરપાલીકાઓના કર્મચારીઓની કોમન કેડર રચવા બાબત**

૫૦૯૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની નગરપાલીકામાં કેશીયર-એકાઉન્ટન્ટ વોટર વર્ક્સ એન્જીનીયર, સેનેટરી ઈન્સ્પેક્ટર ઓવરશીયર-મે. સર્વેયર, ફાયર સુપરવાઈઝર જેવી મહત્વની જગ્યાઓની સરકારશ્રી કોમન કેડર કરવા માંગે

**જવાબ**

(૧) ના, જી.

છે કે કેમ, અને

(૨) જો હા, તો આ બાબત તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### જૂનાગઢ જિલ્લામાં હિરણ-૨ આધારિત પાણી પુરવઠા યોજનાની મુખ્ય લાઈન બદલવાની મંજૂરી

૬૯૭૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા)** : તા. ૧૭-૩-૦૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૩૫૮ (અગ્રતાક્રમ-૬) ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ અને સુત્રાપાડા તાલુકાને પીવાનું પાણી પૂરુ પાડતી હિરણ-ડેમ-૨ આધારીત ગ્રામીણ પાણી પુરવઠા યોજનાની મુખ્ય લાઈન બદલવાની મંજૂરીની કાર્યવાહી ક્યારથી હાથ પર છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં આ મુખ્ય લાઈનો બદલવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ડીસેમ્બર-૨૦૦૮થી.

(૨) યોજનાનાં નકશા-અંદાજો બનાવેલ છે. જેને મંજૂરી મળ્યેથી એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

### મેડીક્લ કોલેજ શરૂ કરવા રાજ્ય સરકાર ધ્વારા એન.ઓ.સી.

૫૩૪૦ **પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૮ ના વર્ષ દરમ્યાન રાજ્યમાં નવી મેડીક્લ કોલેજ શરૂ કરવા માટે રાજ્ય સરકાર ધ્વારા કેટલા ""ના-વાંધા પ્રમાણપત્ર"" અપાયા,

(૨) આ દરેક કોલેજની બેઠક ક્ષમતા કેટલી અને કઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે, અને

(૩) આમ થવાથી એમ.બી.બી.એસ. કક્ષાએ વધારાની કેટલી બેઠકો ઉપલબ્ધ બનશે ?

**જવાબ**

(૧) પાંચ એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

(૨) (૧) સરકારી મેડીક્લ કોલેજ, પાટણ ૧૦૦ સીટો-
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ
(૨) ઈ.એસ.આઈ.સી. મેડીક્લ કોલેજ, નરોડા, અમદાવાદને ૧૦૦ સીટો-
ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.
(૩) અમદાવાદ મ્યુનિ. કોર્પો. મેડીક્લ એજ્યુકેશન ટ્રસ્ટને ૧૫૦ સીટો-
ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ.
(૪) ગુજરાત અદાણી ઈન્સ્ટી. ઓફ મેડીક્લ સાયન્સીસ સોસા. મેડીક્લ કોલેજ, ભૂજને ૧૫૦ સીટો-
સામજી કૃષ્ણ વર્મા યુનિવર્સીટી, કચ્છ
(૫) શ્રી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલ ટ્રસ્ટ મેડીક્લ કોલેજ, અમરગઢ, ભાવનગરને ૧૫૦ સીટો-
-ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર

(૩) ૬૫૦ બેઠકો.

### બાલાસિનોર અને વીરપુર તાલુકામાં મંજૂર કરાયેલ બોર

૪૭૫૯ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પીવાના પાણીના બોર મંજૂર કરવામાં

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીવાના પાણી માટે ૧૮૯ બોર મંજૂર કરવામાં આવ્યા.

આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કાર્યરત છે ?

(૨) મંજૂર થયેલ બોર પૈકી ૭૯ બોર શારવામાં આવેલ છે જે બધા જ કાર્યરત છે.

------------

**પાટણ ખાતે મેડીકલ કોલેજ માટે દરખાસ્ત**

૪૮૧૩ **શ્રી જોધાજી ઠાકોર (વાગદોડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ ખાતે મેડીકલ કોલેજ માટે કેટલી જમીનની દરખાસ્ત ક્યારે મંજૂર કરવામાં આવી,

(૨) મેડીકલ કોલેજ સ્થાપવા સરકાર તરફથી ક્યારે દરખાસ્ત મોકલવામાં આવી, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આ દરખાસ્ત ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કલેક્ટરશ્રી, પાટણ દ્વારા તા. ૨૮-૮-૦૮ના રોજ ૨૪.૪૬ હેક્ટર જમીન ફાળવવામાં આવેલ છે.

(૨) તા. ૨૯-૮-૦૮ના રોજ

(૩) મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની વિચારણામાં છે.

------------

**ગારિયાધાર તાલુકામાં સિંચાઈ યોજના**

૬૦૨૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારિયાધાર તાલુકામાં એક પણ સિંચાઈ યોજના નથી તે સરકાર જાણે છે કે નહિ, અને

(૨) જો હા, તો આ તાલુકાના ખેડૂતોને સિંચાઈ યોજના ધ્વારા ખેતીવાડીમાં પિયત માટે પાણી મળે તેના માટે સરકાર શું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) એક નાની સિંચાઈ યોજના છે.

(૨) સિંચાઈ યોજનાને અનુકુળ સ્થળ ન હોઈ, યોજના બાંધી શકાય તેમ નથી. શક્ય હોય ત્યાં મોટા પ્રમાણમાં ચેકડેમો બાંધવાનું આયોજન છે.

------------

**મેડીકલ કોલેજો સ્થાપવા અંગેની પડતર દરખાસ્તો**

૫૩૧૯ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં મેડીકલ કોલેજો સ્થાપવા માટેની કેટલી દરખાસ્તો રાજ્ય સરકાર પાસે તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૯ની સ્થિતિએ પડતર છે ?

**જવાબ**

રાજ્યમાં મેડીકલ કોલેજ સ્થાપવા માટેની અમદાવાદ જિલ્લાની ફક્ત એક જ દરખાસ્ત તા. ૩૧-જાન્યુઆરી, ૨૦૦૯ની સ્થિતિએ પડતર છે.

------------

**આરોગ્ય વિભાગમાં નર્સીંગ તેમજ પેરા-મેડિકલ જ્ગ્યાઓ પર નિમણૂક**

૫૩૫૨ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગના તાબા હેઠળ નર્સીંગ તેમજ પેરા મેડિકલ કેટેગરીમાં ૨૦૦૮ના કેલેન્ડર વર્ષ દરમ્યાન કેટલી નિમણૂકો અપાઈ, અને

(૨) આ પ્રકારની નિમણૂક માટે ગૌણસેવા કમિશન પાસે આરોગ્ય વિભાગની કોઈ દરખાસ્ત પડતર છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગના તાબા હેઠળ નર્સિંગ તેમજ અન્ય મેડીકલ કેટેગરીમાં ૨૦૦૮ના કેલેન્ડર વર્ષ દરમિયાન નીચે મુજબ નિયમિત નિમણુંકો આપવામાં આવેલ છે.

| ક્રમ | સંવર્ગ | નિમણુંકની સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧૦૬૮ |
| ૨ | સહાયક લેબોરેટરી ટેક્નીશ્યન | ૨ |

(૨) હા, જી.

**શિહોર અને વલ્લભીપુર તાલુકામાં ચેકડેમો અને તળાવના સેઈફ સ્ટેજના કામોમાં ગેરરીતિ**

૬૪૩૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના શિહોર અને વલ્લભીપુર તાલુકામાં ૨૦૦૭-૦૮ના વર્ષમાં ચેકડેમો અને તળાવના સેઈફ સ્ટેજના કામોમાં ગેરરીતિ થયાની હકીક્ત રાજ્ય સરકારના ધ્યાને આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના માટે સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**મહુવા તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૬૧૨૭ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આવેલ મોટા ખુંટવાડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ૬ અને જેસર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ૧૦ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ? | (૨) યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરી શકાશે. |

------------

**૨૮૭/page>ઉકાઈ જમણા કાંઠા ગોળધા લીંક કેનાલનું કામ**

૫૮૯૮ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ ડેમમાંથી ઉકાઈ જમણા કાંઠા ગોળધા લીંક કેનાલ કરવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા. ૨૨-૯-૯૭ના રોજ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને | (૨) અને (૩) : નહેર માટે સંપાદન કરવાની થતી જંગલની જમીન માટે વન વિભાગને દરખાસ્ત મોકલવામાં આવેલ છે જંગલની જમીન છૂટી થયેથી બજેટની ઉપલબ્ધિ મુજબ તબક્કાવાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

------------

**વિજાપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની ઘટ**

૫૨૩૭ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા ડૉક્ટરોની ઘ ટટ છે, અને | (૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરની ઘટ નથી. |
| (૨) આ ઘટ ક્યારે પૂરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## લુણાવાડા અને ખાનપુર તાલુકાના ગામોમાં ક્ષારનું વધુ પ્રમાણ

૫૦૬૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના ક્યા ક્યા ગામોમાં પીવાનાં પાણીમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ અને ક્ષારનું પ્રમાણ વધુ છે, અને | (૧) લુણાવાડા તાલુકાના ૧૩ ગામો (૧) ગઢ, (૨) ગોહિલના મુવાડા, (૩) કાકાના ભેસાવાડા, (૪) કણજાવ, (૫) કેળ, (૬) કોલીયાની મુવાડી, (૭) કોઠંબા (વાંકોડા ફળિયા), (૮) પાતાપુર, (૯) શેરો, (૧૦) શીવરાજપુર, (૧૧) વાડી ઉડાફા, (૧૨) વાવીયાના મુવાડા, (૧૩) ઝારાઈ ખાનપુર તાલુકામાં એક પણ ગામ નહીં. |
| (૨) પીવાના પાણીમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ અને ક્ષારનું પ્રમાણ વધુ હોવાથી આરોગ્યને નુક્સાન કરે છે તેવો ઉક્ત ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજનાઓનું કામ સત્વરે પૂર્ણ કરી પીવા લાયક પાણી પુરું પાડવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સપ્ટેમ્બર-૨૦૦૯ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ગ્રાન્ટ જિલ્લા આર.સી. એચ. સોસાયટીને ફાળવવા બાબત

૫૧૮૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં પ્રાથમિક આરોગ્ય સમિતિની ગ્રાન્ટ ક્યા માસમાં જિલ્લા આર.સી.એચ. સોસાયટીને કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ ધ્વારા ફાળવવામાં આવી, | (૧) કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવા, ગાંધીનગર દ્વારા જિલ્લા આર.સી.એચ. સોસાયટીને સને ૨૦૦૭-૦૮ની સપ્ટેમ્બર ૨૦૦૭માં અને સને ૨૦૦૮-૦૯ ની ગ્રાન્ટ જુલાઈ ૦૮ અને ડીસેમ્બર ૦૮માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતી માટે ફાળવવામાં આવેલ છે. |
| (૨) જિલ્લા આર.સી.એચ. સોસાયટી ધ્વારા ક્યા માસમાં જે તે ગ્રાન્ટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતિને ફાળવવામાં આવી, અને | (૨) જિલ્લા આર.સી.એચ. સોસાયટી દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતીને જે માસમાં ગ્રાન્ટ ફાળવેલ છે તેની વિગત દર્શાવતું **પત્રક-૧** સામેલ છે. |
| (૩) જિલ્લા આર.સી.એચ. સોસાયટીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતિને ગ્રાન્ટ નિયમાનુસાર ક્યા માસમાં ફાળવવાની થાય છે ? | (૩) જિલ્લા આર.સી.એચ. સોસાયટીને જે માસમાં ગ્રાન્ટ મળે તેના બીજા માસમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતીને ગ્રાન્ટ ફાળવવાની થાય છે. |

**પત્રક-૧**

**જિલ્લા આર.સી.એચ. સોસાયટી દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતિને જે માસમાં ગ્રાન્ટ ફાળવેલ છે તેની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮માં જે માસમાં ગ્રાન્ટ ફાળવેલ છે તેની વિગત | વર્ષ ૨૦૦૮-૦૯માં જે માસમાં ગ્રાન્ટ ફાળવેલ છે તેની વિગત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | જાન્યુ.-૦૮ | સપ્ટે.-૦૮ |
| ૨ | અમરેલી | ડીસે.-૦૭ | સપ્ટે.-૦૮ |
| ૩ | આણંદ | - | જુલાઈ-૦૮ |
| ૪ | બનાસકાંઠા | જાન્યુ.-૦૮ | ડીસે.-૦૮ |
| ૫ | ભરૂચ | જુલાઈ-૨૦૦૭ | ડીસે.-૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ભાવનગર | - | ઓગષ્ટ-૦૮ |
| ૭ | દાહોદ | સપ્ટે.-૦૭ | ઓક્ટો.-૦૮ |
| ૮ | ગાંધીનગર | ઓગષ્ટ-૦૭ | જુલાઈ-૦૮ |
| ૯ | ગોધરા-પંચમહાલ | જુલાઈ-૦૭, ઓગષ્ટ-૦૭ | - |
| ૧૦ | જામનગર | માર્ચ-૦૮ | - |
| ૧૧ | જુનાગઢ | - | ઓગષ્ટ-૦૮ |
| ૧૨ | ખેડા | માર્ચ-૦૭ | સપ્ટે-૦૮, જાન્યુ-૦૯ |
| ૧૩ | કચ્છ | એપ્રિલ-૦૮ | ઓક્ટો-૦૮ |
| ૧૪ | મહેસાણા | ઓગષ્ટ-૦૭, ફેબ્રુ-૦૮ | જુન-૦૮ |
| ૧૫ | નર્મદા | સપ્ટે-૦૭ | એપ્રિલ-૦૮, નવે-૦૮ |
| ૧૬ | નવસારી | - | મે-૦૮ |
| ૧૭ | ડાંગ | જુલાઈ-૦૭ | ઓગષ્ટ-૦૮ |
| ૧૮ | પાટણ | મે-૦૭ | જુન-૦૮ |
| ૧૯ | પોરબંદર | મે-૦૭ | એપ્રિલ-૦૮ |
| ૨૦ | રાજકોટ | ડીસે-૦૭, ફેબ્રુ-૦૮ | જુલાઈ-૦૮, સપ્ટે-૦૮ |
| ૨૧ | સાબરકાંઠા | ઓગષ્ટ-૦૭ | સપ્ટે-૦૮ |
| ૨૨ | સુરત | - | ડીસે-૦૮ |
| ૨૩ | સુરેન્દ્રનગર | જુન-૦૭ | જુલાઈ-૦૮, સપ્ટે-૦૮ |
| ૨૪ | વડોદરા | ઓક્ટો-૦૭ | ઓક્ટો-૦૮ |
| ૨૫ | વલસાડ | - | સપ્ટે-૦૮ |

------------

## દાહોદ તાલુકાના ગામોમાં હેન્ડ પંપો

૬૫૭૮ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દાહોદ તાલુકાના (૧) બાવકા (૨) ખરોડ, (૩) મુંવાલીયા, (૪) રેટીયા અને (૫) બોરવાણી ગામે હયાત હેન્ડપંપ પૈકી કેટલા હેન્ડપંપ ચાલુ છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ હયાત અને ચાલુ હેન્ડપંપોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | ગામ | હયાત | ચાલુ |
|---|---|---|---|
| ૧ | બાવકા | ૫૪ | ૪૬ |
| ૨ | ખરોડ | ૪૬ | ૩૯ |
| ૩ | મુંવાલીયા | ૫૭ | ૪૭ |
| ૪ | રેટીયા | ૩૦ | ૨૫ |
| ૫ | બોરવાણી | ૫૦ | ૪૦ |

------------

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનરો અને આસી. કમિશનરોની ભરતી માટેની લાયકાત

૬૫૫૫ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ડેપ્યુટી કમિશનરો અને આસી. કમિશનરોની ભરતી માટેની લાયકાતમાં સુધારો કરવાની દરખાસ્ત તાજેતરમાં સરકારને મોકલી છે તે હકીકત સાચી છે, અને

(૨) ડેપ્યુટી કમિશનરો અને આસી. કમિશનરોની ખાલી પડેલી જ્ગ્યાને લીધે કોર્પોરેશનના વહીવટી અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકાર દ્વારા તા. ૨-૨-૨૦૦૯ના ઠરાવથી મંજુરી આપવામાં આવેલ છે.

સેવાકીય કામો ઉપર ગંભીર અસરો પડી છે તે ધ્યાને લઈ સરકારે ઉક્ત દરખાસ્તને મંજૂર કરવા શી કાર્યવાહી હાથ ધરી છે ?

------------

**નિરોગી બાળ વર્ષ અંતર્ગત કામગીરી**

૫૯૦૦ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ નીરોગી બાળ વર્ષ ૨૦૦૮ હેઠળ તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં સરકાર ધ્વારા શી કામગીરી થઈ છે ? | સરકાર દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગતનું પત્રક સામેલ છે. |

**પત્રક**

**નિરોગી બાળ વર્ષ અંતર્ગત કામગીરી**

ગુજરાત રાજ્યની આગવી પ્રણાલી મુજબ માનવ વિકાસના નિર્દેશકની પહોંચ માટે ૨૦૦૮નું વર્ષ ""**નિરોગી બાળ વર્ષ""** ઉજવી બાળકના સમગ્ર પરિપેક્ષ્યને ધ્યાને લઇ એક સંકલિત ભાવનાસભર અભિગમ અમલમાં મૂકવામાં આવેલ છે. નિરોગી બાળકની વિભાવનાને શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સ્વસ્થતાના સ્વરૂપમાં મૂર્તિમંત કરવા માતાની કોખથી માંડીને કુમારવસ્થાના જીવનચક્રને આવરી લેવામાં આવેલ છે. નિરોગી બાળ વર્ષ અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પોષણ અંગેની સમસ્યાનું નિવારણ.**

રાજ્યમાં કુલ ૪૩,૭૨૦ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. તેમાં ૪૨.૦૦ લાખ બાળકોની નોંધણી થયેલ છે. તે પૈકી ૩૨.૦૦ લાખ બાળકોનું નિયમીત વજન કરી તેની વૃધ્ધિ અંગે તકેદારી રાખવામાં આવે છે. ૨૪.૦૦ લાખ બાળકો પુરક પોષણ આહારની યોજનાનો લાભ લે છે.

વધુમાં દરેક જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ ન્યુટ્રીશન યુનિટની રચના કરવામાં આવી છે. તદ ઉપરાંત આદિજાતી વિસ્તારમાં ૧૪ સ્થળોએ બાળવિકાસ અને પોષણ કેન્દ્રો-ચાઇલ્ડ ડેવલપમેન્ટ એન્ડ ન્યુટ્રીશન સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. અને તેમાં ૨૭૨ થી વધારે કુપોષણ ગ્રેડ ૩ અને ૪ના બાળકોને સઘન સારવાર આપવામાં આવેલ છે. તબીબી કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં લેવલ III કક્ષાના ન્યુટ્રીશન સેન્ટરની રચના કરવામાં આવી છે.

રાજ્યની ૧૪.૯૦ લાખ સગર્ભા માતાઓ પૈકી પાત્રતા ધરાવનાર ૩.૫૨ લાખ માતાઓની આંગણવાડી કેન્દ્રોમાં નોંધણી થયેલ છે. અને તે પૈકી ૨.૨૨ લાખ માતાઓને પૂરક આહાર આપવામાં આવે છે. તેવી જ રીતે ૨.૨૦ લાખ ધાત્રી માતાઓને પણ પૂરક આહાર આપવામાં આવે છે. આંગણવાડી દ્વારા ૩.૨૬ લાખ કીશોરીઓને પૂરક આહાર તથા લોહતત્વ આપવામાં આવેલ છે.

- પાંડુરોગ નિયંત્રણ માટે ૯૮% સગર્ભા-ધાત્રી માતાઓને લોહતત્વની ગોળીઓ આપવામાં આવે છે. દરેક સગર્ભા-ધાત્રી માતાને કેલ્શીયમ ટેબલેટ અને ૧.૫ કીલો આયોડાઇઝડ મીઠું આપવામાં આવે છે. ધાત્રી માતાઓને વિટામીન-એ આપવામાં આવેલ છે.
- ૭૭૯૭ શાળાઓમાં અભ્યાસ કરતી ૧૦,૬૦,૦૦૦ કિશોરીઓને લોહતત્વની ગોળીઓ આપવામાં આવે છે.
- ૯ માસથી ૫ વર્ષના બાળકોને વર્ષમાં બે વાર વિટામીન-એ આપવામાં આવે છે. ૮૬.૪% બાળકોને આવરી લેવામાં આવેલ છે.
- ૮૨૨૦૭ મીઠાના નમુનાની ચકાસણી હાથ ધરવામાં આવેલ તે પૈકી ૫૩૧૮૯ (૬૫%) મીઠાંના નમુનામાં ૧૫ પી.પી.એમ. થી વધારે આયોડીન જોવા મળેલ છે.

આઇ.સી.ડી.એસ., શિક્ષણ, પંચાયત, ઉદ્યોગ, સહકાર, ગૃહ, પાણી પુરવઠા, માહીતી, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સમાજ કલ્યાણ અને નાગરીક પુરવઠા, આદિજાતી વિકાસ, વન વિભાગ, માર્ગ અને મકાન તમામ વિભાગો તેમજ રાજ્યની વિવિધ સ્વેચ્છીક સંસ્થાઓ સાથે સંકલન ગોઠવી નિરોગી બાળ વર્ષની નીચે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

| નં. | વિગત | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકા |
| --- | --- | --- | --- | --- |
| | પોષક આહાર આપેલ હોય તેવી સગર્ભા-ધાત્રી માતા | ૫૦૧૭૪૫ | ૪૪૧૧૫૭ | ૮૭.૯% |
| | વધારાના પોષક આહાર આપેલ બાળકો (૬ માસથી ૩ વર્ષ) | ૧૪૧૭૫૫૦ | ૧૩૭૫૨૪૧ | ૯૭% |
| | વધારાના પોષક આહાર આપેલ બાળકો (૩ થી ૬ વર્ષ) | ૧૨૭૧૨૩૫ | ૧૧૨૫૯૧૦ | ૮૮.૫% |
| | વધારાના પોષક આહાર આપેલ કિશોરીઓ (૧૧ થી ૧૮ વર્ષ) | ૪૦૯૪૭૦ | ૩૦૭૩૫૯ | ૭૫% |

| નં. | વિગત | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકા |
|---|---|---|---|---|
| | આયોડાઇઝડ મીઠું આપેલ સગર્ભાધાત્રી માતા | ૫૦૧૭૪૫ | ૧૯૯૬૫૫ | ૩૯.૭% |
| | નિરોગી કીટ (સાબુ, અરીસો, દાંતીયો, બ્રશ) આપેલ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | ૪૪૧૭૯ | ૩૫૪૬૦ | ૮૦% |
| | પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાયેલ આંગણવાડી કેન્દ્રો | ૪૪૧૭૯ | ૩૮૫૨૪ | ૮૭.૨% |
| | કીચન ગાર્ડનવાળા આંગણવાડી કેન્દ્રો | ૪૪૧૭૯ | ૧૫૨૦૪ | ૩૪.૪% |
| | નિરોગી બાળ વર્ષ અન્વયે તાલીમ આપેલ પ્રાથમિક શાળાના શિક્ષકો | ૬૫૦૬૦ | ૬૫૦૬૦ | ૧૦૦% |
| | બાળ તંદુરસ્ત હરીફાઇ દર માસે યોજાતી હોય તેવી શાળાઓની સંખ્યા | ૧૩૦૧૩૨ | ૧૩૦૧૩૨ | ૧૦૦% |
| | નિરોગી કીટ (સાબુ, અરીસો, દાંતીયો, બ્રશ) આપેલ શાળાના બાળકોની સંખ્યા | ૧૦૧૩૩૧૫ | ૧૦૧૩૩૧૫ | ૧૦૦% |
| | પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાયેલ શાળાઓ | ૩૨૫૩૦ | ૩૨૫૩૦ | ૧૦૦% |
| | સેનીટેશન સુવિધા યુક્ત શાળાઓ | ૩૨૫૩૦ | ૨૯૧૪૫ | ૮૯% |
| | તંદુરસ્ત વિષય ઉપર દર અઠવાડિયે વાર્તાલાપ યોજતી પ્રાથમિક શાળાઓ | ૩૨૫૩૦ | ૩૨૫૩૦ | ૧૦૦% |
| | મધ્યાન ભોજન લાભાર્થી બાળકોને ફોર્ટી ફાઇડ આટા આપવામાં આવ્યો. | -- | ૧૧૬૦૦૦૦૦ | -- |
| | સરગવાના રોપા વાવેલ ગામની સંખ્યા | ૬૦૬૯ | ૬૧૧૩ | ૧૦૦% |
| | માતૃ બાળ સેવાઓ સુદ્રઢીકરણ માટે ઓદ્યોગીક એકમો દ્વારા દત્તક લીધેલ ગામોની સંખ્યા | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦% |
| | ઓદ્યોગીક એકમો દ્વારા પૂરો પાડવામાં આવેલ પોષક આહારના લાભાર્થી સગર્ભા-બાળકો | ૫૦૦૦ | ૩૧૦૩ | ૬૨% |
| | અગરીયા વિસ્તારમાં યોજવામાં આવેલ તબીબી આરોગ્ય તપાસ/આંખના કેમ્પની સંખ્યા | ૭૫ | ૬૬ | ૮૮% |
| | મોબાઇલ હેલ્થ યુનિટ મારફતે અગરીયા વિસ્તારમાં મોતીયાના ઓપરેશન કર્યા | ૫૦૦૦૦ | ૧૨૫૧૭ | ૨૫% |
| | સહકારી સોસાયટી મારફતે જનજાગૃતિ કાર્યક્રમ | ૧૯૯૧૪ | ૫૭૧૬ | ૨૮.૭% |
| ૭ | બાલાસિનોર | ૩ | ૧ |
| ૮ | વીરપુર | ૨ | ૧ |
| ૯ | કપડવંજ | ૬ | ૧ |
| ૧૦ | કઠવાલ | ૫ | ૧ |
| | કુલ | ૫૦ | ૧૧ |

(૨) તેમાં મંજૂર થયેલ મહેકમ અન્વયે વર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, અને

(૨) ખેડા જિલ્લામાં તાલુકા દીઠ પી.એચ.સી. અને સી.એચ.સી.માં મંજૂર થયેલ મહેકમ અને વર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક-૧* આ સાથે સામેલ છે.

(૩) આ દવાખાનાઓમાં ડૉક્ટરો સમયસર ફરજ ઉપર આવતા નથી તેવી વ્યાપક ફરિયાદ સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

(૩) જો કોઇ ડૉક્ટરો વિરૂધ્ધ સમયસર ફરજ પર ન આવવાની કે ફરજ પર અનિયમિત રહેવા અંગેની ફરીયાદ/રજુઆત મળે તો તે અંગેની તપાસ સોંપી તપાસને અંતે ફરજમાં અનિયમિતતા કે ગેરહાજરીને સમર્થન કર્તા પુરાવાઓ મળે તો સંબંધિત ડૉક્ટરો વિરૂધ્ધ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને

ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ની જોગવાઇ મુજબ ખાતાકીય તપાસ હાથ ધરી શિક્ષાત્મક પગલાં લેવામાં આવે છે.

**પત્રક-૧**

**ખેડા જીલ્લાના સા.આ.કેન્દ્ર/પ્રા.આ.કે. માં મંજુર થયેલ મહેકમ અન્વયે વર્ગવાર કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે તેની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | | | | | | | | | | | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર થયેલ સી.એચ.સી | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | મંજુર થયેલ પી.એચ.સી | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
| | | | મં | ભ | ખા | મં | ભ | ખા | મં | ભ | ખા | મં | ભ | ખા | | મં | ભ | ખા | મં | ભ | ખા | મં | ભ | ખા |
| ૧ | ઠાસરા | ૨ | ૪ | ૦ | ૪ | ૫ | ૪ | ૧ | ૩૪ | ૨૭ | ૭ | ૩૩ | ૨૨ | ૧૧ | ૭ | ૭ | ૭ | ૦ | ૨૧ | ૧૪ | ૭ | ૨૮ | ૨૮ | ૦ |
| ૨ | માતર | ૧ | ૧ | ૦ | ૧ | ૩ | ૩ | ૦ | ૧૪ | ૧૦ | ૪ | ૧૦ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૦ | ૧૫ | ૧૧ | ૪ | ૨૦ | ૨૦ | ૦ |
| ૩ | ખેડા | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૩ | ૯ | ૪ | ૧૦ | ૭ | ૩ | ૩ | ૩ | ૩ | ૦ | ૯ | ૮ | ૧ | ૧૨ | ૧૨ | ૦ |
| ૪ | મહેમદાવાદ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૪ | ૧૨ | ૨ | ૧૦ | ૫ | ૫ | ૬ | ૬ | ૬ | ૦ | ૧૮ | ૧૫ | ૩ | ૨૪ | ૨૪ | ૦ |
| ૫ | નડીયાદ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૪ | ૧૩ | ૧ | ૧૦ | ૭ | ૩ | ૮ | ૮ | ૮ | ૦ | ૨૪ | ૨૨ | ૨ | ૩૨ | ૩૨ | ૦ |
| ૬ | મહુધા | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૧૪ | ૧૨ | ૨ | ૧૦ | ૮ | ૨ | ૫ | ૫ | ૪ | ૧ | ૧૫ | ૧૧ | ૪ | ૨૦ | ૨૦ | ૦ |
| ૭ | બાલાશિનોર | ૧ | ૪ | ૨ | ૨ | ૩ | ૨ | ૧ | ૧૬ | ૧૪ | ૨ | ૧૦ | ૭ | ૩ | ૩ | ૩ | ૩ | ૦ | ૯ | ૭ | ૨ | ૧૨ | ૧૨ | ૦ |
| ૮ | વિરપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૪ | ૧૦ | ૪ | ૧૦ | ૪ | ૬ | ૨ | ૨ | ૨ | ૦ | ૬ | ૪ | ૨ | ૮ | ૮ | ૦ |
| ૯ | કપડવંજ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૪ | ૭ | ૭ | ૧૦ | ૭ | ૩ | ૬ | ૬ | ૬ | ૦ | ૧૮ | ૧૬ | ૨ | ૨૪ | ૨૪ | ૦ |
| ૧૦ | કઠલાલ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૩ | ૧૨ | ૧ | ૧૦ | ૭ | ૩ | ૫ | ૫ | ૫ | ૦ | ૧૫ | ૧૩ | ૨ | ૨૦ | ૨૦ | ૦ |
| | **કુલ** | **૧૧** | **૧૩** | **૨** | **૧૧** | **૨૫** | **૨૨** | **૩** | **૧૬૦** | **૧૨૬** | **૩૪** | **૧૨૩** | **૭૯** | **૪૪** | **૫૦** | **૫૦** | **૪૯** | **૧** | **૧૫૦** | **૧૨૧** | **૨૯** | **૨૦૦** | **૨૦૦** | **૦** |

------------

## સિકલસેલ રોગનું વધારે પ્રમાણ ધરાવતા જિલ્લા

૫૮૯૫ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સિકલસેલ રોગના દર્દીઓ રાજ્યના ક્યા જિલ્લાઓમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે, અને

(૨) સિકલસેલ રોગના દર્દીને સારવાર આપવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં છે ?

**જવાબ**

(૧) રાજ્યના આદિજાતિ વસ્તી ધરાવતા સિકલસેલ એનિમીયા કન્ટ્રોલ પ્રોજેક્ટ અંતર્ગત આવરેલ જિલ્લાઓ વલસાડ, નવસારી, ડાંગ સુરત, તાપી, નર્મદા, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, સાબરકાંઠા, બનાસકાંઠામાં સિકલસેલ રોગના દર્દીઓ જોવા મળેલ છે.

(૨) નીચે દર્શાવ્યા મુજબના પગલાં લેવામાં આવેલ છે.

- આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લામાં કાર્યરત ૪૧૪ આરોગ્યની સંસ્થાઓની તથા સ્વૈચ્છિક સંસ્થાની મદદથી સિકલસેલ અનિમીયાના દર્દીઓનું સ્ક્રીનીંગ.
- સ્ક્રીનીંગ દરમ્યાન નિદાન થતાં રોગના દર્દીઓના લાઇન સીસ્ટીંગ તૈયાર કરી દર્દીઓની નિયમિત સારવાર અને ફોલોઅપ.
- સિક્લ ક્રાઇસીસના દર્દીઓને સારવાર દરમ્યાન રાખવાની થતી કાળજી અંગેની સમજણ પૂરી પાડવી તથા જરૂરીયાતવાળા દર્દીઓને બ્લડબેંક્ના સહયોગથી વિના મૂલ્યે બ્લડ ટ્રાન્સફ્યુઝન.
- આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે.
- તાલીમ આપવામાં આવે છે.

--------------

## મહુવા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર કામો

૬૧૪૦ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગામડાઓમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા સ્વજલધારા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તાલુકાના કેટલા ગામો યોજનાથી વંચિત છે,

**જવાબ**

(૧) ૧૯ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૬૦.

અને

(૩) આ યોજના હેઠળ કેટલી રકમ વાપરવામાં આવી ? | (૩) રૂા. ૧૭૪.૦૬ લાખ

--------------

**મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા બાબત**

૫૨૯૫ **શ્રી કાંતિલાલ ૨ા.પટેલ(વિજાપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના ફ્લોરાઈડગ્રસ્ત વિસ્તારવાળા મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પુરું પાડવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા

- નર્મદા કેનાલ આધારિત કડી ઓફટેકની અંદાજીત રૂા. ૫૫૫૨.૧૬ લાખની એમ.૧ જૂથ પાણી પુરવઠા યોજના
- નર્મદા કેનાલ આધારિત મોઢેરા ઓફટેકની અંદાજીત રૂા. ૧૧૪૫૦.૦૦૦ લાખની એમ.૨ જૂથ પાણી પુરવઠા યોજના તથા
- પીયેજ ધરોઇ પાઇપ લાઇનના ટેપીંગ આધારિત અંદાજીત રૂા. ૪૫૨૫.૩૩ લાખની વિજાપુર કાંઠા વિસ્તારની જૂથ પાણી પુરવઠા યોજના, તથા
- ધરોઇ ડેમ આધારિત અંદાજીત રૂા. ૨૦૬૦૦.૦૦ લાખની ધરોઇ જૂથ પાણી પુરવઠા યોજના

આમ કુલ અંદાજીત રૂા. ૪૨૧૨૭.૪૯ લાખની ચાર યોજનાઓનું આયોજન કરેલ છે.

--------------

**ભાદર સિંચાઈ યોજનાનો લાભ આપવા બાબત**

૫૦૬૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાની ભાદર સિંચાઈ યોજના ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) સને ૧૯૭૮ માં શરુ કરવામાં આવી. |
| (૨) આ યોજનાનો સિંચાઈ વિસ્તાર કેટલો છે, અને | (૨) ૮૦૦૦ હેક્ટર. |
| (૩) ૨૦૦૮-૦૯ના વર્ષે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા વિસ્તારને સિંચાઈ માટે પાણી પુરૂં પાડવામાં આવ્યું ? | (૩) ૧૦૫૧ હેક્ટર વિસ્તાર. |

**વેર-૨ કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખ હેઠળ બનેલ ચેકડેમો**

૬૩૭૮ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા જિલ્લાના સાગબારા અને દેડીયાપાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેર-૨ કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખ હેઠળ કુલ કેટલી રકમનો ખર્ચ કરી કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને | (૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં રૂા. ૬૭૯.૮૩ લાખના ખર્ચે ૪૨ ચેકડેમો બનાવવામાં આવ્યા. જ્યારે દેડીયાપાડા તાલુકામાં ચેકડેમની કામગીરી વેર-૨ યોજના વિભાગ હસ્તક નથી. |
| (૨) આ ચેકડેમોથી કેટલા ખેડૂતોને લાભ મળશે ? | (૨) ૨૯૪ ખેડૂતોને લાભ મળશે. |

--------------

**રાજ્યના શહેરો અને ગામોને નર્મદા આધારિત પીવાનું પાણી**

**૬૫૫૭ શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નર્મદા કેનાલો દ્વારા કેટલા મોટા શહેરો અને કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે, અને | (૧) ૫૨૩૪ ગામ અને ૮૯ શહેરો. |
| (૨) કેટલા શહેરો અને કેટલા ગામોને હજુ આ યોજનાનો લાભ મળેલ નથી ? | (૨) ૪૩૯૯ ગામો તથા ૪૨ શહેરો બાકી છે જે પૈકી ૩૧૦૪ ગામો અને ૩૪ શહેરોની યોજનાના કામો હાથ ધરેલ છે તથા ૧૨૯૫ ગામો અને ૮ શહેરોને આવરી લેતી યોજનાના કામો આયોજન હેઠળ છે. |

--------------

**સુજલામ સુફલામ યોજના માટે કડાણા ડેમમાંથી પાણી**

**૬૫૭૦ શ્રી મણિભાઈ પટેલ (કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજનાને કડાણા ડેમમાંથી દર વર્ષે કેટલું પાણી આપવાનું આયોજન છે, | (૧) કડાણા ડેમમાં મહી નદીમાં આવતા પૂરના પાણીના જથ્થાને તથા જળાશયના જથ્થાને અનુલક્ષીને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરમાં મહત્તમ ૨૬૧૫૩ મીલીયન ઘનફુટ પાણી અને કડાણા ડાબા કાંઠા હાઈલેવલ નહેરમાં ૧૫૦૦ મીલીયન ઘનફુટ પાણી આપવાનું આયોજન છે. |
| (૨) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં ક્યા મહિનામાં કેટલું પાણી આપવામાં આવ્યું, અને | (૨) **પત્રક-૧** મુજબ |
| (૩) ફેબ્રુઆરી-માર્ચ-૨૦૦૯માં કેટલું પાણી આપવાનું આયોજન છે? | (૩) આયોજન નથી. |

**પત્રક-૧***

તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં દર મહિનામાં આપવામાં આવેલ પાણીની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | મહિનો | આપવામાં આવેલ પાણીનો જથ્થો મીલીયન ઘનફુટ |
|---|---|---|
| ૧ | એપ્રિલ-૦૮ | ૦.૦૦ |
| ૨ | મે-૦૮ | ૦.૦૦ |
| ૩ | જુન-૦૮ | ૦.૦૦ |
| ૪ | જુલાઈ-૦૮ | ૦.૦૦ |
| ૫ | ઓગસ્ટ-૦૮ | ૧૨.૯૬ |
| ૬ | સપ્ટેમ્બર-૦૮ | ૨૩૯.૭૬ |
| ૭ | ઓક્ટોબર-૦૮ | ૩૮૧.૪૭ |
| ૮ | નવેમ્બર-૦૮ | ૩૯૨.૭૧ |
| ૯ | ડિસેમ્બર-૦૮ | ૪૬૮.૭૨ |
| ૧૦ | જાન્યુઆરી-૦૯ | ૨૬૭.૮૪ |
| ૧૧ | ફેબ્રુઆરી-૦૯ તા. ૧/૨/૦૯ થી ૩/૨/૦૯ | ૬.૪૮ |
| | કુલ | ૧૭૬૯.૯૪ |

------------

**ફિઝીયોથેરાપી કોલેજોમાં નવી બેઠકો મંજૂરી માટે એન.ઓ.સી.**

૫૬૦૫ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની ફિઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૧મી જાન્યુઆરી | (૧) રાજ્યની ફિઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૧મી જાન્યુઆરી |

૨૦૦૯ દરમિયાન કઈ કઈ કોલેજ અને કેટ કેટલી બેઠક માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયા, અને અભ્યાસક્રમો ક્યારથી શરુ થશે, અને

૨૦૦૯ દરમિયાન નીચે મુજબ ફીઝીયોથેરાપી કોલેજોમાં બેઠકો વધારવા તથા નવી ફીઝીયોથેરાપી કોલેજ શરૂ કરવા ""ના વાંધા પ્રમાણપત્ર"" આપવામાં આવેલ છે.

(અ) સીટો વધારવા માટે

| ક્રમ | સંસ્થાનું નામ | બેઠકો |
|---|---|---|
| ૧ | આર.કે કોલેજ ઓફ ફીઝીયોથેરાપી રાજકોટ (૮૦ થી ૧૦૦) | ૨૦ |
| ૨ | સી.યુ. શાહ ફીઝીયોથેરાપી કોલેજ, સુરેન્દ્રનગર (૪૫ થી ૬૫) | ૨૦ |
| ૩ | સિગ્મા ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા (૨૦ થી ૩૦) | ૧૦ |
| ૪ | સ્વામીનારાયણ ફીઝીયોથેરાપી કોલેજ, જામનગર (૨૫ થી ૩૫) | ૧૦ |

(બ) નવી ફીઝીયોથેરાપી કોલેજો શરૂ કરવા માટે,

| ક્રમ | સંસ્થાનું નામ | બેઠકો |
|---|---|---|
| ૧ | ૐ ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત પાયોનિયર ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા | ૨૫ |
| ૨ | એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, જે.જી. કોલેજ, ઓફ ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ | ૫૦ |
| ૩ | સેવન્થ ડે એડવેન્ટીસ્ટ મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ એસોસીએશન ફીઝીયોથેરીપી કોલેજ, સુરત | ૫૦ |
| ૪ | સરદાર પટેલ ટ્રસ્ટ સંચાલિત અંબાજી ફીઝીયોથેરાપી કોલેજ, સતલાસણા, મહેસાણા | ૩૦ |
| ૫ | સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, જી.જી. હોસ્પિટલ, જામનગર | ૧૦૦ |

(૨) ઉક્ત કોલેજોમાં તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ કેટલી પ્રવેશ ક્ષમતા છે?

(૨) ઉક્ત કોલેજોમાં તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ પ્રવેશ ક્ષમતા નીચે મુજબ છે :-

| ક્રમ | સંસ્થાનું નામ | બેઠકો |
|---|---|---|
| ૧ | આર.કે કોલેજ ફીઝીયોથેરાપી, રાજકોટ | ૧૦૦ |
| ૨ | સી.યુ. શાહ ફીઝીયોથેરાપી કોલેજ, સુરેન્દ્રનગર | ૬૫ |
| ૩ | સિગ્મા ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા | ૩૦ |
| ૪ | સ્વામીનારાયણ ફીઝીયોથેરાપી કોલેજ, જામનગર | ૩૫ |
| ૫ | ૐ ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત પાયોનિયર ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા | ૨૫ |
| ૬ | એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, જે.જી. કોલેજ, ઓફ ફીઝીયોથેરાપી કોલેજ, | ૫૦ |

| | | |
|---|---|---|
| ૭ | સેવન્થ ડે એડવેન્ટીસ્ટ મેડીક્લ એજ્યુકેશન ટ્રસ્ટ એસોસીએશન ફીઝીયોથેરાપી કોલેજ, સુરત | ૫૦ |

------------

**રાધનપુર-સાંતલપુર સી.એચ.સી.માં ખાલી જગ્યાઓ**

૫૬૧૮ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ રાધનપુર અને સાંતલપુર સી.એચ.સી.માં કુલ મહેકમની સામે કેટલી ખાલી જગ્યાઓ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ રાધનપુર અને સાંતલપુર સી.એચ.સી.માં મંજુર થયેલ મહેકમની સામે ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| વર્ગ | રાધનપુર | | સાંતલપુર | |
|---|---|---|---|---|
| | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| ૧ | ૬ | ૫ | ૧ | ૧ |
| ૨ | ૭ | ૧ | ૨ | ૦ |
| ૩ | ૨૮ | ૮ | ૧૩ | ૩ |
| ૪ | ૨૫ | ૨ | ૧૧ | ૪ |
| કુલ | ૬૬ | ૧૬ | ૨૭ | ૮ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યા ભરી શકાશે.

------------

**ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના**

૪૯૮૦ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત તથા બુટ બેઝીઝ આર.ઓ. પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ તાલુકાવાર ક્યા ક્યા ગામોની યોજનાઓ મંજૂર થઈ,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂર થયેલ આર.ઓ. પ્લાન્ટની યોજનાઓ (ગામોની યાદી **સામેલ પત્રક-૧ અને ૨** મુજબ)

| ક્રમ | તાલુકો | સ્વજલધારા કાર્યક્રમ હેઠળ | બુટ બેઝીઝ કાર્યક્રમ હેઠળ |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૪ | ૨ |
| ૨ | વાગરા | ૧ | - |
| ૩ | જંબુસર | ૧ | - |
| ૪ | આમોદ | ૧ | ૨ |
| ૫ | હાસોટ | ૫ | - |
| ૬ | અંક્લેશ્વર | ૫ | - |
| ૭ | ઝગડિયા | ૧ | - |
| ૮ | વાલિયા | - | ૧ |
| | કુલ | ૧૮ | ૫ |

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા,

(૨) ૯ કામો

(૩) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) ૮ કામો

(૪) મંજૂર થયેલ હોય છતાં કામ શરૂ ન થયા હોય તેવી સંખ્યા કેટલી છે?

(૪) ૬

**પત્રક-૧**

સ્વજલધારા યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.ઓ. પ્લાન્ટ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ કુલ યોજનાઓની તાલુકાવાર તથા ગામવાર માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ભરૂચ તાલુકાની યોજનાકીય માહિતી | | |

| | | |
|---|---|---|
| ૧ | ભરૂચ | સેગવા |
| ૨ | ભરૂચ | ઉમરાજ |
| ૩ | ભરૂચ | શુકલતિર્થ |
| ૪ | ભરૂચ | દેહગામ |
| વાગરા તાલુકાની યોજનાકીય માહિતી | | |
| ૧ | વાગરા | ચાંચવેલ |
| જંબુસર તાલુકાની યોજનાકીય માહિતી | | |
| ૧ | જંબુસર | કાવલી |
| આમોદ તાલુકાની યોજનાકીય માહિતી | | |
| ૧ | આમોદ | સરભાણ |
| હાંસોટ તાલુકાની યોજનાકીય માહિતી | | |
| ૧ | હાંસોટ | સાહોલ |
| ૨ | હાંસોટ | ઘોડાદરા |
| ૩ | હાંસોટ | વમલેશ્વર |
| ૪ | હાંસોટ | સુણેવંકલ્લા |
| ૫ | હાંસોટ | આમોદ |
| અંકલેશ્વર તાલુકાની યોજનાકીય માહિતી | | |
| ૧ | અંકલેશ્વર | દીવા(જુના) |
| ૨ | અંકલેશ્વર | નવગામા |
| ૩ | અંકલેશ્વર | ઉટીયાદરા |
| ૪ | અંકલેશ્વર | કરમાલી |
| ૫ | અંકલેશ્વર | સીસોદરા |
| ઝગડીયા તાલુકાની યોજનાકીય માહિતી | | |
| ૧ | ઝઘડીયા | ગોવાલી |

**પત્રક-૨**

સ્વજલધારા યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બુટ બેઝીઝ આર.ઓ. પ્લાન્ટ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ કુલ યોજનાઓની તાલુકાવાર તથા ગામવાર માહિતી

| ક્રમ નં. | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ભરૂચ | પીપલીયા |
| ૨ | ભરૂચ | ભોલાવ |
| ૩ | આમોદ | આછોદ |
| ૪ | આમોદ | કોલવણા |
| ૫ | વાલીયા | સોડગામ |

------------

**જામ-ખંભાળીયાને પીવાનું પાણી પૂરૂં પાડવા બાબત**

૬૫૯૦ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (જામ ખંભાળીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા આધારિત પાઈપ લાઈન યોજના દ્વારા જામનગર જિલ્લાના જામ ખંભાળીયા શહેરને પીવાનું પાણી આપવાની યોજના હાલ તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) પાઈપ લાઈન ટેસ્ટીંગનું કામ પ્રગતિમાં છે. |
| (૨) ક્યાં સુધીમાં જામ ખંભાળીયાને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવશે? ? | (૨) માર્ચ-૨૦૦૯માં પાણી આપવાનું આયોજન છે. |

------------

## આણંદ અને ખેડા જિલ્લામાં સિંચાઈ યોજના અન્વયે આપવામાં આવેલ પાણી

૪૯૩૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં રવિ પાક માટે સિંચાઈ દ્વારા પાણી આપવાની યોજના અન્વયે કેટલું પાણી આપવામાં આવ્યું?

**જવાબ**

| વર્ષ | આપવામાં આવેલ પાણી |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૬૧૨૦ એમ.સી.એફ.ટી |
| ૨૦૦૮-૦૯ | ૫૪૮૬ એમ.સી.એફ.ટી |

------------

## સાબરકાંઠાના ડેમોને પાણીથી ભરવા બાબત

૬૩૩૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડાણા ડેમ અને ઉપરવાસ કેનાલમાંથી સાબરકાંઠાના ક્યા ડેમોને પાણીથી ભરવા યોજના બનાવેલ છે,

(૨) આ યોજનાનો સૈધ્ધાંતિક સ્વિકાર સરકારે ક્યા વર્ષથી કરેલ છે,

(૩) આ યોજનામાં કેટલા રૂપિયાનો અંદાજિત ખર્ચ થનાર છે, અને

(૪) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) કોઈ યોજના બનાવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## બાબરા તાલુકામાં મોરવાડ ગામે પૂલ

૬૦૯૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાબરા તાલુકાના વડિયા સુરવો નદીના ડેમના પાણીના ભરાવા વિસ્તારમાંથી મોરવાડ ગામના રસ્તા માટે ખેડૂતોનો કાયદેસરનો રસ્તો બંધ થઈ જતો હોઈ, તે તંત્રના ધ્યાનમાં છે કે નહીં, અને

(૨) જો હા, તો આ રસ્તા ઉપર કેટલા સમયમાં પૂલ બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) જી, હા.

(૨) વૈકલ્પીક રસ્તો હોઈ, હાલમાં પૂલ બનાવવાનું આયોજન નથી.

------------

## અમદાવાદ શહેરના/યાત્રાધામ/પ્રવાસન સ્થળો

૫૧૯૧ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરના યાત્રાધામ તેમજ પ્રવાસન સ્થળ તરીકે ક્યા ક્યા સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ સ્થળોના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ઘોડાસર તળાવ, સાબરમતી આશ્રમ અને સરખેજ રોજાની પસંદગી કરવામાં આવેલ છે.

(૨) કોઈ ખર્ચ થયેલ નથી.

------------

## વેણુ ડેમની કેનાલનું રીપેરીંગ કામ ખેડૂત મંડળીને સોંપવા બાબત

૪૮૧૫ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વેણુ ડેમની કેનાલનું રીપેરીંગ કામ ખેડૂત મંડળીને સોપવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા નિયમોને આધારે આ કામ સોંપેલ છે અને કેટલી રકમનું આ કામ છે? | (૨) સરકારશ્રીના સહભાગી સિંચાઈ વ્યવસ્થા અને વિકાસના કાર્યક્રમને વેગ આપવા માટેના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક નં. પીઆઈએમ-૨૦૦૧-૧૭૪૩-૧-ક(૧) તા.૧-૫-૨૦૦૨ના આધારે ૯૦:૧૦ના ધોરણે વેણુ કિસાન સિંચાઈ મંડળી, જામજોધપુરને રૂા. ૬૩.૨૧ લાખનું આ કામ સોંપેલ છે. |

------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૬૫૫૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકામાં પાણી પુરવઠાની કેટલી યોજનાઓ મંજૂર થઈ, | (૧) એક જુથ યોજના |
| (૨) આ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ પૂરી થઈ, | (૨) એક પણ નહીં |
| (૩) કેટલી બાકી છે, અને | (૩) એક જૂથ યોજના |
| (૪) બાકી યોજનાઓ કેટલા સમયમાં પૂરી થશે? | (૪) ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

## આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને નગરપાલિકા બનવા માટેની યોગ્યતા

૬૫૭૫ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયત બરો નગરપાલિકા બનવા માટે યોગ્યતા ધરાવે છે, | (૧) એક પણ નહિ. |
| (૨) કેટલી ગ્રામ પંચાયત દ્વારા બરો નગરપાલિકા બનાવવા માટે અરજી કરવામાં આવેલ છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) ગ્રામ પંચાયતે અરજી કરી હોય, અને બરો નગરપાલિકા બનવા યોગ્યતા ધરાવતી હોય તેવી ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં બરો નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## જામનગર જિલ્લાની ક્ષતિગ્રસ્ત સિંચાઈ યોજનાઓ

૬૫૪૮ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૮ના વર્ષમાં થયેલ અતિવૃષ્ટિના કારણે જામનગર જિલ્લામાં કેટલી સિંચાઈ યોજનાઓ ક્ષતિગ્રસ્ત થયેલ છે, | (૧) કોઈ યોજનાઓ ક્ષતિગ્રસ્ત થયેલ નથી. |
| (૨) આ ક્ષતિગ્રસ્ત યોજનાઓને રીપેર કરવા માટેની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | |

------------

# અતારાંકિત પ્રશ્નો
# પાંચમી,છઠ્ઠી અને સાતમી અતારાંકિત યાદી
# પાંચમી અતારાંકિત યાદી

**નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષસ્થાને લોક પ્રહરી તંત્રની રચના**

અતારાંક્તિ : ૯૧૫ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા કક્ષાએ વહીવટીતંત્રની નિષ્ક્રિયતા દૂર કરવા નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષસ્થાને લોક પ્રહરી તંત્રની રચના કરવાનું ક્યારે નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) લોક પ્રહરી તંત્ર ક્યા ક્યા જિલ્લામાં અને ક્યારે ચાલુ કરવામાં આવ્યા હતા,

(૩) તે ક્યારે બંધ કરવામાં આવ્યું, અને

(૪) બંધ કરવાના કારણો શા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૮-૧૨-૦૮) :

(૧) જિલ્લા કક્ષાએ નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષસ્થાને લોકપ્રહરી તંત્રની રચના તા. ૦૭-૦૭-૦૧ ના ઠરાવથી કરવામાં આવેલ હતી. પરંતુ તા. ૩૧-૦૩-૦૬ ના ઠરાવથી લોક પ્રહરી તંત્રની ક્ચેરીઓ તા. ૩૧-૦૩-૦૬ થી બંધ કરવામાં આવેલ હોઇ તા. ૩૦-૦૬-૦૮ની સ્થિતિએ કોઇ પણ જિલ્લામાં લોક પ્રહરી તંત્રની ક્ચેરી કાર્યરત નથી.

(૨) અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જિલ્લાઓમાં લોક પ્રહરી તંત્રની ક્ચેરીઓ તા. ૦૧-૦૮-૦૧ થી શરૂ કરવામાં આવેલ હતી. ત્યારબાદ તા. ૨૬-૦૭-૦૪ ના ઠરાવથી આ મુળ જિલ્લાઓ સાથે નજીક્ના બે - બે જિલ્લાઓ અમદાવાદ સાથે ખેડા તથા ગાંધીનગર, વડોદરા સાથે આણંદ તથા રાજપીપળા, સુરત સાથે નવસારી તથા વલસાડ, અને રાજકોટ સાથે જામનગર તથા જુનાગઢ જોડવામાં આવેલ હતા.

(૩) લોક પ્રહરી તંત્ર તા. ૩૧-૦૩-૦૬ની અસરથી બંધ કરવામાં આવેલ છે.

(૪) લોક પ્રહરી તંત્રને મળેલ લોકોનો નબળો પ્રતિસાદ તેમ જ રાજ્યમાં ફરિયાદ નિવારણ માટે હયાત વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ હોવાના કારણે લોક પ્રહરી તંત્ર બંધ કરવામાં આવેલ છે.

--------------

**લોક પ્રહરીની રચના**

અતારાંક્તિ : ૧૦૨૭ (૨૦-૧૧-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા કક્ષાએ વહીવટીતંત્રની નિષ્ક્રિયતા દૂર કરવા નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષસ્થાને લોક પ્રહરી તંત્રની રચના કરવાનું ક્યારે નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) લોક પ્રહરી તંત્ર ક્યા ક્યા જિલ્લામાં અને ક્યારે ચાલુ કરવામાં આવ્યા હતા, અને

(૩) તે ક્યારે બંધ કરવામાં આવ્યા, આના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૮-૧૨-૦૮) :

(૧) જિલ્લા કક્ષાએ નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષસ્થાને લોકપ્રહરી તંત્રની રચના તા. ૦૭-૦૭-૦૧ ના ઠરાવથી કરવામાં આવેલ હતી. પરંતુ તા. ૩૧-૦૩-૦૬ ના ઠરાવથી લોક પ્રહરી તંત્રની ક્ચેરીઓ તા. ૩૧-૦૩-૦૬ થી બંધ કરવામાં આવેલ હોઇ તા. ૩૦-૦૬-૦૮ની સ્થિતિએ કોઇ પણ જિલ્લામાં લોક પ્રહરી તંત્રની ક્ચેરી કાર્યરત નથી.

(૨) અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જિલ્લાઓમાં લોક પ્રહરી તંત્રની ક્ચેરીઓ તા. ૦૧-૦૮-૦૧ થી શરૂ કરવામાં આવેલ હતી. ત્યારબાદ તા. ૨૬-૦૭-૦૪ ના ઠરાવથી આ મુળ જિલ્લાઓ સાથે નજીક્ના બે - બે જિલ્લાઓ અમદાવાદ સાથે ખેડા તથા ગાંધીનગર, વડોદરા સાથે આણંદ તથા રાજપીપળા, સુરત સાથે નવસારી તથા વલસાડ, અને રાજકોટ સાથે જામનગર તથા જુનાગઢ જોડવામાં આવેલ હતા.

(૩) લોક પ્રહરી તંત્રને મળેલ લોકોનો નબળો પ્રતિસાદ તેમ જ રાજ્યમાં ફરિયાદ નિવારણ માટે હયાત વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ હોવાના કારણે લોક પ્રહરી તંત્ર તા. ૩૧-૦૩-૦૬ની અસરથી બંધ કરવામાં આવેલ છે.

--------------

## અમદાવાદ જિલ્લામાં પશુ દવાખાનામાં કેડરવાર ખાલી જગ્યાઓ

અતારાંક્તિ : ૯૩૪ (૧-૯-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનામાં અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં કેડરવાર મંજૂર થયેલ મહેકમ સેન્ટરવાર કેટલું છે,

(૨) આ કેન્દ્રોમાં કઇ કઇ જગ્યા ભરાયેલ છે,

(૩) ખાલી જગ્યાઓ ક્યારથી છે,

(૪) આ જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે,

(૫) કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૩૧-૧૨-૦૮) :

(૧) અમદાવાદ જિલ્લામાં પશુ દવાખાનામાં અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે. તાલુકાવાર/સેન્ટરવાર માહિતી આ સાથે સામેલ પત્રક-એ અને બી મુજબ છે.

| અ. નં. | સંવર્ગ | મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | પશુચિક્તિસા અધિકારી | ૨૦ |
| ૨ | પશુધન નિરીક્ષક | ૧૯ |
| ૩ | ડ્રેસર | ૦૭ |
| ૪ | પટાવાળા | ૪૧ |

(૨) ભરાયેલ જગ્યાની વિગત નીચે મુજબ છે.

તાલુકાવાર/સેન્ટરવાર માહિતી આ સાથે સામેલ પત્રક-એ અને બી મુજબ છે.

| અ.નં. | સંવર્ગ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | પશુચિક્તિસા અધિકારી | ૨૦ | ૧૪ | ૬ |
| ૨ | પશુધન નિરીક્ષક | ૧૯ | ૧૫ | ૪ |
| ૩ | ડ્રેસર | ૦૭ | ૦૪ | ૦૩ |
| ૪ | પટાવાળા | ૪૧ | ૩૧ | ૧૦ |

(૩) ખાલી જગ્યાની વિગતો આ સાથે સામેલ પત્રક-સી મુજબ છે.

(૪) પશુ ચિક્તિસા અધિકારીની જગ્યા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી ભરવાની થતી હોઇ અને બેક્લોગના જગ્યાના ઉમેદવાર પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાથી આ જગ્યાઓ ભરવામાં આવેલ નથી. આ ઉપરાંત બદલી, બઢતી, રાજીનામા, નિવૃત્તિ વગેરે કારણોસર સમયાંતરે સતત જગ્યાઓ ખાલી થતી રહે છે.

(૫) જેમ બને તેમ જલદી.

### પત્રક - (એ)

### જિલ્લા પંચાયત, અમદાવાદના પશુ દવાખાના ખાતેના મહેકમની વિગત

| અ.નં. | તાલુકા | પશુ દવાખાના | પશુ ચિક્તિસા અધિકારી | | | ડ્રેસર | | | પટાવાળા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | સીટી | પ્રેમ દરવાજા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૨ | બાવળા | બાવળા | ૧ | - | ૧ | - | - | - | ૧ | ૧ | - |
| | | શિયાળ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૩ | ધોળકા | ધોળકા | ૧ | ૧ | - | - | - | - | ૨ | ૨ | - |
| | | કોઠ | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | દશક્રોઇ | લાંભા | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | કણભા | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | વહેલાલ | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | આંગણજ | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| ૫ | ધંધુકા | ધંધુકા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | ૨ | - |
| | | ધોલેરા | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| | | મો. ધંધુકા | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૬ | બરવાળા | બરવાળા | ૧ | - | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૭ | રાણપુર | રાણપુર | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | ૧ |
| ૮ | વિરમગામ | વિરમગામ | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| ૯ | માંડલ | માંડલ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૧૦ | દેત્રોજ | દેત્રોજ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | રામપુરા | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | ૧ |
| ૧૧ | સાણંદ | સાણંદ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | રેથલ | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | | **૨૦** | **૧૪** | **૬** | **૭** | **૪** | **૩** | **૨૨** | **૧૬** | **૬** |

## પત્રક - (બી)
## જિલ્લા પંચાયત, અમદાવાદના પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ખાતેના મહેકમની વિગત

| અ.નં. | તાલુકા | પશુ દવાખાના | પશુ ધન નિરીક્ષક | | | પટાવાળા | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | સીટી | ઓઢવ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | ચાંદલોડીયા | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૨ | બાવળા | કેરાળા | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | બગોદરા | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| ૩ | ધોળકા | વટામણ | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | લોલીયા | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| ૪ | દસક્રોઇ | ધુમા | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | જેતલપુર | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | મીરોલી | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૫ | ધંધુકા | પચ્છમ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | બાવળીયારી | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| ૬ | બરવાળા | સાળંગપુર | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| ૭ | રાણપુર | કુંડલી | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | સુંદરીયાણા | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૮ | વિરમગામ | કમીજલા | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૯ | માંડલ | વિઠલાપુર | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૧૦ | દેત્રોજ | કટોસણ રોડ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૧૧ | સાણંદ | ચાંગોદર | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | ઝોલાપુર | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | | **૧૯** | **૧૫** | **૪** | **૧૯** | **૧૫** | **૪** |

**પત્રક - સી**

**(૧) પશુ દવાખાના ખાતેની ખાલી જગ્યાની વિગત**

| જગ્યાનું નામ | તાલુકા | પશુ દવાખાનાનું સ્થળ | ક્યારથી જગ્યા ખાલી | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | બાવળા | બાવળા | નવી જગ્યા-ફીક્સ પગારે - ૨૦-૨-૦૬ | ૬ |
| | | શિયાળ | નવી જગ્યા - ૨-૬-૦૮ | |
| | ધંધુકા | ધોલેરા | નવી જગ્યા - ૨-૬-૦૮ | |
| | | મો. ધંધુકા | ૧૧-૧૦-૦૬ | |
| | બરવાળા | બરવાળા | ૮-૩-૦૭ | |
| | માંડલ | માંડલ | ૧૧-૧૦-૦૬ | |
| ડ્રેસર | દસક્રોઇ | લાંભા | ૩૧-૩-૦૭ | ૩ |
| | માંડલ | માંડલ | ૬-૫-૦૨ | |
| | દેત્રોજ | દેત્રોજ | ૧-૧૦-૦૩ | |
| પટાવાળા | ધંધુકા | મો. ધંધુકા | ૧૨-૮-૦૧ | ૬ |
| | | ધોલેરા | ૨-૬-૦૮ | |
| | રાણપુર | રાણપુર | ૧૩-૪-૦૪ | |
| | માંડલ | માંડલ | ૯-૩-૦૭ | |
| | બાવળા | શિયાળ | ૨-૬-૦૮ | |
| | દેત્રોજ | રામપુરા | ૩૦-૪-૦૪ | |

**(૨) પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ખાતેની ખાલી જગ્યાની વિગત.**

| જગ્યાનું નામ | તાલુકા | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રનું સ્થળ | ક્યારથી જગ્યા ખાલી | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| પટાવાળા | ધોળકા | વટામણ | ૪-૧૦-૦૭ | ૪ |
| | રાણપુર | કુંડલી | ૧૩-૮-૦૧ | |
| | | સુંદરીયાણા | ૧૪-૧૨-૦૪ | |
| | વિરમગામ | કમીજલા | ૪-૩-૦૮ | |
| પશુધન નિરિક્ષક | બાવળા | બગોદરા | ૨-૬-૦૮ | ૪ |
| | ધોળકા | લોલીયા | ૨૧-૧-૦૪ | |
| | ધંધુકા | બાવળીયારી | ૨-૬-૦૮ | |
| | બરવાળા | સારંગપુર | ૧૫-૬-૦૮ | |

-------------

## વડોદરા જિલ્લામાં જમીન સુધારણાની કામગીરી પાછળ થયેલ ખર્ચ

અતારાંક્તિ : ૧૨૧૫ (૨-૧૨-૦૮) **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વડોદરા જિલ્લામાં જમીન સુધારણાની કામગીરી તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર કેટલી કરવામાં આવી,

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) જમીન સુધારણાની કાર્યવાહી મજૂરોથી કે પછી યાંત્રિક સાધનોથી થાય છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૩-૧-૦૯) :

(૧) અને (૨) વડોદરા જિલ્લામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની જમીન સુધારણાની કામગીરી તાલુકાવાર અને વર્ષવાર તથા તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | ભૌતિક પ્રગતિ હેકટરમાં | થયેલ ખર્ચ રૂપિયા લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | જુલાઇ ૨૦૦૫ થી જુન ૨૦૦૬ | વાઘોડીયા | ૩૪૪૪ | ૧૨૪.૯૨ |
| | **કુલ** | | **૩૪૪૪** | **૧૨૪.૯૨** |
| ૨ | જુલાઇ ૨૦૦૬ થી જુન ૨૦૦૭ | વાઘોડીયા | ૩૪૪૬ | ૧૯૫.૮૮ |
| | | ડભોઇ | ૧૯૭૭ | ૮૮.૯૦ |
| | **કુલ** | | **૫૪૨૩** | **૨૮૪.૭૮** |
| ૩ | જુલાઇ ૨૦૦૭ થી જુન ૨૦૦૮ | વાઘોડીયા | ૯૭૯૨ | ૫૪૮.૫૫ |
| | **કુલ** | | **૯૭૯૨** | **૫૪૮.૫૫** |

(૩) જમીન સુધારણાની કાર્યવાહી મજૂરો અને યાંત્રિક સાધનોથી થાય છે.

---------------

## ભરૂચ જિલ્લામાં સરકારી શાળાઓમાં સુવિધાઓ

અતારાંક્તિ : ૭૦૦ (૨૬-૮-૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લાની કેટલી સરકારી શાળાઓમાં સુવિધાઓ તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ પીવાના પાણી શોચાલયો અને લાઇટ પંખાની વ્યવસ્થા નથી, અને

(૨) આ વ્યવસ્થા કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૮) :

(૧) તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ,

લાઇટ પંખા (વીજળીકરણ) વિનાની શાળાઓ - ૨૮૩

શોચાલયની સુવિધા વિનાની શાળાઓ-૬૯

જિલ્લાની તમામ શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

(૨) આ સુવિધાઓ જેમ બને તેમ જલદી પુરી પાડવામાં આવનાર છે.

## શાળાઓમાં યોગના શિક્ષણ અંગે

અતારાંક્તિ : ૭૮૪ (૨૯-૮-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય સરકારે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં યોગનું શિક્ષણ આપવા ક્યારે નિર્ણય કર્યો,

(૨) આ યોગનું શિક્ષણ સરકારી શાળાઓ પૂરતું મર્યાદિત છે કે ગ્રાન્ટેબલ અને ખાનગી શાળાઓ માટે પણ આયોજન કરવામાં આવેલ છે, અને

(૩) આ દરેક શાળાઓમાં યોગનું શિક્ષણ આપવા માટે અલગ શિક્ષકોની નિમણૂંક આપવામાં આવી છે કે કેમ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૨૦૦૮) :

(૧) પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર-૨૦૦૬થી યોગનું શિક્ષણ અમલી બનાવવામાં આવેલ છે.

(૨) યોગ શિક્ષણ સરકારી અને ગ્રાન્ટેબલ તમામ પ્રાથમિક શાળાઓમાં અમલી બનાવવામાં આવેલ છે.

(૩) ના, યોગ શિક્ષણ આપવા માટે પ્રાથમિક શાળાના શિક્ષકોને યોગની તાલીમ આપવામાં આવે છે.

---------------

**દાહોદ જિલ્લામાં સરકારી શાળાઓમાં સુવિધા**

અતારાંક્તિ : ૮૧૪ (૨૯-૮-૨૦૦૮) **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લાની કેટલી સરકારી શાળામાં તા. ૩૧/૭/૦૮ ની સ્થિતિએ પીવાના પાણીની, શોચાલયોની અને લાઈટની, પંખાની વ્યવસ્થા નથી, અને

(૨) આ વ્યવસ્થા કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૫-૧૨-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ,

| | | |
|---|---|---|
| શોચાલયોની સુવિધા વિનાની શાળાઓ | - | ૦૬૬ |
| લાઈટ પંખા (વીજળીકરણ) સુવિધા વિનાની શાળાઓ | - | ૫૨૫ |

જિલ્લાની તમામ શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ ના અંત સુધીમાં આ સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે.

-----------

**અમદાવાદ જિલ્લામાં વિદ્યાદિપ સહાય યોજના હેઠળ ચુકવાયેલ સહાય**

અતારાંક્તિ : ૯૪૧ (૨-૯-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કઈ કઈ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળાઓમાં આકસ્મિક મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓના નામો શું છે, તે કઈ કઈ શાળાના વિદ્યાર્થી છે,

(૨) વિદ્યાદિપ યોજના હેઠળ સહાય ચુકવાઈ તે ક્યા વિદ્યાર્થી છે, અને સહાય ચુકવાઈ નથી તે ક્યા વિદ્યાર્થી છે, અને

(૩) સહાય ન ચૂકવવાના કારણો શા છે અને કેટલા સમયમાં ચુકવવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૫-૧૨-૦૮) :

(૧) આ સાથે પત્રક સામેલ છે.

(૧) ૨૦૦૭-૦૮-પત્રક *(અ)

(૨) ૨૦૦૮-૦૯-પત્રક *(બ)

(૨) આ સાથે પત્રક સામેલ છે

(૧) ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯ પત્રક *(ક) (સહાય ચુકવાયેલ)

(૨) ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯ પત્રક *(ડ) (સહાય ન ચુકવાયેલ)

(૩) તમામ કેસો વિમા કંપનીમાં ચુકવણા અર્થે મોકલી આપવામાં આવેલ છે. આ વહીવટી કાર્યવાહી પૂર્ણ થયેથી વિમા કંપની તરફથી અરજદારોને સહાય ચુકવવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

-----------

## ખેડા જિલ્લામાં સાક્ષરતા દર ઉંચો લાવવાની કાર્યવાહી

અતારાંક્તિઃ ૯૯૫ (૧-૯-૦૮) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦/૬/૦૮ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ઓછી સાક્ષરતા દરવાળા ગામો ક્યા છે.

(૨) આ ગામોનો સાક્ષરતા દર ઉંચો લાવવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કેટલો ખર્ચ ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં કરવામાં આવ્યો ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૬-૧૨-૦૮) :

| (૧) | અ. નં. | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| | ૧ | બાલાસિનોર | ગઢના મુવાળા, ઢાથી, ખાંડીવાવ, ગુંદેલા |
| | ૨ | કપડવંજ | માલના મુવાડા, રામપુરા, દેરાડી પાવઠી, દાંડીયાપુર, કોઠવાડના મુવાડા, સીંગપુર, જાંબુડી, વ્યાસજીના મુવાડા |
| | ૩ | કઠલાલ | સંદુસર, વાટડા, પાટો, લાખેમીયાંની મુવાડી |
| | ૪ | ખેડા | વેકુંઠપુરા, છેતરા |
| | ૫ | મહુધા | નગવાલ |
| | ૬ | માતર | ચાનોર, ઈન્દ્રવણા, સીહોલડી |
| | ૭ | મહેમદાવાદ | ઉમેદપુરા, અજબપુરા, મોટી ટીંબલી, કોઠીપુરા, પહાડીયા, મોટી અડબોલી, પહાડ, ગોકળપુરા, રોહીસા, નાની ટીંબલી, ગાડવા |
| | ૮ | ઠાસરા | આજરોલી, સીમલજ |
| | ૯ | વીરપુર | ચીખલી જોજા, સારીયા, છરવાંગી, ઘાટડા, બહાધરપુરા, કસલાવટી |

(૨) (૧) નિરંતર શિક્ષણ કાર્યક્રમ દ્વારા સાક્ષર કરવા.

(૨) વર્ષ ૨૦૦૪થી સાક્ષરદીપ કાર્યક્રમ દ્વારા સાક્ષરતા અને ખાસ કરીને ઓછી મહિલા સાક્ષરતા દર ધરાવતા ગામોમાં સાક્ષરતામાં જાગૃતિ.

(૩) રૂા. ૬૯,૧૨,૫૨૬/-.

-----------

## રાજકોટ શહેરમાં વિમા યોજનાથી મળેલ સહાય

અતારાંક્તિ : ૧૦૬૮ (૧-૯-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજકોટ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર માર્ગ અકસ્માતમાં કેટલી ઉંમરના ક્યા ધોરણના કેટલા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના મૃત્યુ થયા,

(૨) તે પૈકી કેટલા મૃતક વિદ્યાર્થીઓના વારસદારોને વિદ્યાદિપ વિમા યોજના અંતર્ગત સહાય ચુકવવામાં આવી અને કેટલાને ચુકવવાની બાકી છે, અને

(૩) વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાયની રકમ ચુકવવા કોઈ દરખાસ્ત સરકારશ્રીમાં પડતર છે કે કેમ ? જો હા તો ક્યારથી ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩-૧૧-૦૮) :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અકસ્માતમાં કુલ : ૨૧ વિદ્યાર્થીઓના મૃત્યુ થયાં.

| વર્ષ | વિદ્યાર્થી | વિદ્યાર્થીની | કુલ |
|---|---|---|---|
| ૦૫-૦૬ | ૬ | ૨ | ૮ |
| ૦૬-૦૭ | ૪ | ૨ | ૬ |

| | | | |
|---|---|---|---|
| ૦૭-૦૮ | ૭ | - | ૭ |
| **કુલ :** | ૧૭ | ૪ | ૨૧ |

વર્ષવાઈઝ ધોરણ અને ઉંમરનું પત્રક સામેલ છે.

**પત્રક**
**માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ વિદ્યાર્થીઓની વિગત**

| વર્ષ | ધોરણ | | | | | કુલ | ઉંમર | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૨૦ | |
| ૨૦૦૫-૦૬ | ૧ | - | ૩ | ૩ | ૧ | ૮ | - | ૨ | ૧ | ૨ | ૩ | - | ૮ |
| ૨૦૦૬-૦૭ | ૧ | - | ૨ | ૨ | ૧ | ૬ | ૧ | - | ૨ | ૩ | - | - | ૬ |
| ૨૦૦૭-૦૮ | ૧ | ૪ | - | - | ૨ | ૭ | - | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૭ |
| **કુલ :** | ૩ | ૪ | ૫ | ૫ | ૪ | ૨૧ | ૧ | ૫ | ૪ | ૬ | ૪ | ૧ | ૨૧ |

(૨) સ્વર્ગસ્થ ૦૩ વિદ્યાર્થીઓના વારસદારોને વિદ્યાદિપ વિમા યોજના અંતર્ગત સહાય ચુકવવામાં આવેલ છે, અને ૧૮ સ્વર્ગસ્થ વિદ્યાર્થીઓના વારસદારોને સહાય ચુકવવાની બાકી છે.

(૩) સરકારશ્રીમાં કોઈ દરખાસ્ત પડતર નથી.

-----------

**દાહોદ જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

અતારાંક્તિ : ૮૦૭ (૨૬-૮-૨૦૦૮) **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કુલ કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમિયાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો ઉપર કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૮) :

(૧) ૪. (ચાર)

(૨) રૂા. ૧૨.૪૪ લાખ.

(૩) દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૪ દરોડાઓ પાડવામાં આવેલ. તે પેકી બે કેસોમાં હિસાબી સાહિત્ય જપ્તપ્તકરેલ છે. જેમાં વેરો રૂા. ૨.૧૯ લાખ તથા દંડ રૂા. ૩.૨૯ લાખ મળી કુલ રૂા. ૫.૪૮ લાખનું માંગણું ઉપસ્થિત કરેલ છે. જે પેકી રૂા. ૨.૧૯ લાખ વેરાની વસૂલાત પૂર્ણ થયેલ છે. તથા રૂા. ૩.૨૯ લાખ દંડની રકમનો સમાધાન યોજના-૨૦૦૭ અન્વયે માફીનો લાભ લીધેલ છે. બે બિન જપ્તપ્તકેસોમાં રૂા. ૨.૭૮ લાખ વેરો તથા રૂા. ૪.૧૮ લાખ દંડ મળી કુલ રૂા. ૬.૯૬ લાખનું માંગણું ઉપસ્થિત કરેલ છે. જેની વસૂલાત પૂર્ણ થયેલ છે.

---------

**સુરત જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

અતારાંક્તિ : ૮૫૮ (૨૬-૮-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કુલ કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમિયાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૮) :

(૧) ૩૪૬

(૨) રૂા. ૯૩૩.૩૭ લાખ.

(૩) ૨૭૨ વેપારીઓ સામે ગુજરાત વેચાણવેરા/મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ હાથ ધરી. સ્થળ પર વેરો રૂા. ૯૩૩.૩૭ લાખ+દંડ રૂા. ૬૧૩.૧૬ લાખ + વ્યાજ રૂા. ૫૦.૮૮ લાખ મળી કુલ રૂા. ૧૫૯૭.૪૧ લાખની વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જપ્ત/ઈમ્પાઉન્ડ કરેલ હિસાબી સાહિત્ય અન્વયે આકારણી પૂર્ણ કરેલ કેસોમાં ઉપસ્થિત માંગણાની વસૂલાત માટે જમીન મહેસૂલ રાહે કાર્યવાહી હાથ ધરી નમૂનો ૧૫૨ અને ૨૦૦ ની નોટીસ આપવામાં આવેલ છે તથા બેન્ક ખાતા ઉપર ટાંચ મુકવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

અતારાંક્તિ : ૯૬૯ (૨૯-૮-૨૦૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કુલ કેટલા દરોડા પાડયા,

(૨) દરોડા દરમિયાન કેટલા રૂપિયાની ગેરરિતીઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો ઉપર કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૮) :

(૧) ૨૯ (ઓગણત્રીસ)

(૨) રૂા. ૬૯.૫૩ લાખ.

(૩) ૨૭ વેપારીઓ સામે ગુજરાત વેચાણવેરા/મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈઓ અનુસાર તપાસ હાથ ધરી, સ્થળ પર વેરો રૂા. ૬૯.૫૩ લાખ+દંડ રૂા. ૫૭.૮૩ લાખ + વ્યાજ રૂા. ૧૦.૩૨ લાખ મળી કુલ રૂા. ૧૩૭.૬૮ લાખની વસુલાત પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ બાકી વસૂલાત માટે જમીન મહેસૂલ રાહે કાર્યવાહી હાથ ધરી નમૂનો ૧૫૨ અને ૨૦૦ ની નોટીસ આપવામાં આવેલ છે તથા બેન્ક ખાતા ઉપર ટાંચ મુકવામાં આવેલ છે.

-----------

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસોનો નિકાલ**

અતારાંક્તિ : ૯૩૧ (૧-૯-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા કેસોનો નિકાલ થયો,

(૨) કેટલા કેસોનો ભરાવો થયેલ છે.

(૩) તે પૈકી છેલ્લા એક વર્ષમાં માસવાર કેટલા નવા કેસો દાખલ થયા, અને

(૪) આ કેસોના ઝડપી નિકાલ માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૧૧-૦૮) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા. ૧-૭-૦૬થી તા. ૩૦-૬-૦૮ સુધીમાં કુલ : ૨૨૫૩૦ કેસોનો નિકાલ થયેલ છે.

(૨) કુલ - ૨૬૩૭૪ કેસોનો ભરાવો છે.

(૩) છેલ્લા એક વર્ષમાં માસવાર નીચે મુજબ નવા કેસો દાખલ થયા.

| માસ | નવા કેસો |
|---|---|
| જુલાઈ -૨૦૦૭ | ૧૯૪ |
| ઓગસ્ટ-૨૦૦૭ | ૨૨૬ |
| સપ્ટેમ્બર-૨૦૦૭ | ૧૮૬ |
| ઓક્ટોબર-૨૦૦૭ | ૨૨૫ |
| નવેમ્બર-૨૦૦૭ | ૧૯૫ |

| | |
|---|---|
| ડીસેમ્બર-૨૦૦૭ | ૨૭૧ |
| જાન્યુઆરી-૨૦૦૮ | ૨૨૭ |
| ફેબ્રુઆરી-૨૦૦૮ | ૧૯૩ |
| માર્ચ-૨૦૦૮ | ૨૮૪ |
| એપ્રિલ-૨૦૦૮ | ૧૭૪ |
| મે-૨૦૦૮ | ૨૭૨ |
| જુન-૨૦૦૮ | ૧૩૫ |

(૪) કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે દરેક જિલ્લા ફોરમમાં અઠવાડિયાના એક દિવસ ""લોક અદાલત"" રાખવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ આ ફરિયાદોના ઝડપી નિકાલ માટે અમદાવાદ, વડોદરા, સુરત, તથા રાજકોટ માટે ૪ એડીશનલ શહેર ફોરમો તેમજ નવા જિલ્લાઓ માટે પણ ફોરમની રચના કરવામાં આવેલ છે. તે જ રીતે સ્ટેટ કમીશનની એક મુખ્ય બેન્ચ ઉપરાંત ૩ એડીશનલ બેન્ચની રચના કરવામાં આવેલ છે.

-----------

**અમદાવાદ જિલ્લામાં થેલેસેમીયાના દર્દીઓ બાબત**

અતારાંક્તિ : ૯૫૧ (૨૬-૮-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં થેલેસેમીયાના મેજર અને થેલેસેમીયાના માઈનોરના કુલ કેટલા દર્દીઓ છે,

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂર પડે છે, અને

(૩) આ દર્દીઓને નિયમિત લોહી મળી રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૮) :

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં થેલેસેમીયાના મેજર ૮૨૭ અને ૨,૫૦,૦૦૦ થેલેસેમીયાના માઈનોર દર્દીઓ છે. (મેજર થેલેસેમીયાનું પત્રક સામેલ છે.)

(૨) દરેક થેલેસેમીયા મેજર બાળકને દર મહિને ૧ થી ૪ યુનિટ બ્લડની જરૂર પડે છે. અમદાવાદ જિલ્લામાં થેલેસેમીયા મેજર બાળકોને અંદાજીત લોહીની દર મહિને ૩ યુનિટની જરૂરીયાત છે.

(૩) થેલેસેમીયા મેજરના દર્દીઓને નિયમિત લોહી મળી રહે તે માટે સરકારશ્રી તરફથી અમદાવાદ જિલ્લામાં સીવીલ હોસ્પીટલ, વી.એસ. હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, જાગૃતિ ફાઉન્ડેશન (પ્રાઈવેટ એનજીઓ) અને સીક્લસેલ/ થેલેસેમીયા ફાઉન્ડેશન તરફથી તે માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**પ ત્ર ક**

**અમદાવાદની તમામ હોસ્પિટલો ખાતેના મેજર થેલેસેમીયાના દર્દીઓની સંખ્યા દર્શાવતું પત્રક**

| અ.નં. | હોસ્પિટલનું નામ અને સરનામું | થેલેસેમીયાના બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીવીલ હોસ્પીટલ, અમદાવાદ | ૧૦૭ |
| ૨ | થેલેસેમીયા જાગૃતિ ફાઉન્ડેશન સરદારનગર, અમદાવાદ | ૫૦ |
| ૩ | વી.એસ.ગૃપ ઓફ હોસ્પિટલ, અમદાવાદ | ૨૦ |
| ૪ | પ્રર્થમા બ્લડ બેંક, અમદાવાદ | ૨૦ |
| ૫ | ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ | ૫૯૮ |
| ૬ | મિલેટ્રી હોસ્પિટલ બ્લડ બેંક, અમદાવાદ | ૦૨ |
| ૭ | લલ્લુભાઈ ગોરધનદાસ હોસ્પિટલ, અમદાવાદ | ૨૮ |
| ૮ | કર્ણાવતી બ્લડ બેંક હોસ્પિટલ, અમદાવાદ | ૦૨ |
| | **કુલ :** | **૮૨૭** |

------------

## અમદાવાદ જિલ્લામાં હાઈવે પર અકસ્માતના બનાવો

અતારાંક્તિ : ૫૮૭ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાના નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર રોડ વાર માર્ગ અકસ્માતના કેટલા બનાવો બન્યા,

(૨) આ અકસ્માતોમાં કેટલા વ્યક્તિઓએ જાન ગુમાવ્યા અને ઘાયલ થયા,

(૩) આ અકસ્માતો થવાના કારણો શા છે, અને

(૪) સરકારે અકસ્માતો રોકવા શા પગલાં ભર્યાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૧૨-૦૮) :

(૧) નેશનલ હાઈવે - ૮૪૪ અકસ્માત.

સ્ટેટ હાઈવે - ૧૪૮૯ અકસ્માત.

(૨) કુલ મૃત્યુ - ૯૭૯

ઘાયલ - ૨૯૩૮

(૩) વાહન ચાલકો પુર ઝડપે વાહન ચલાવવાના કારણે સામેથી આવતા વાહનની ફુલ લાઈટથી અંજાઈ જવાથી, વધુ પડતા ઉજાગરા તેમજ થાકના કારણે.

(૪) અકસ્માત રોકવા રોડ વચ્ચે ડિવાઈડર બનાવવામાં આવેલ છે. રસ્તા પહોળા બનાવવામાં આવેલ છે. રસ્તા ઉપર સર્કલ બનાવી સ્પીડ લીમીટના બોર્ડ લગાડેલ છે. વળાંક ઉપર સાઈન બોર્ડ લગાવેલ છે. શાળા પાસે પણ બોર્ડ મુકવામાં આવેલ છે. માર્ગ સલામતી સપ્તાહ યોજી ડ્રાઈવરોને વાહનો રોડ વચ્ચે નહિ પાર્ક કરવા સાઈડમાં પાર્ક કરવા સૂચવવામાં આવેલ છે.

------------

## કચ્છ જિલ્લામાં દારુ જુગાર, વરલીમટકાના અડ્ડાઓ ઉપર દરોડા

અતારાંક્તિ : ૫૮૮ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર દારુ જુગાર અને વરલીમટકાના અડ્ડાઓ ઉપર કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૨) આ અન્વયે સ્થાનિક કક્ષાએ તથા બહારની પોલીસ દ્વારા દરોડા પાડી, કેટલી કિંમતનો મુદ્દામાલ જપ્તપ્તકરી, કેટલા ઈસમોની ધરપકડ કરી,

(૩) એકથી વધુવાર ક્યા ક્યા ઈસમો આ કાર્યવાહી દરમ્યાન પકડવામાં આવ્યા, અને

(૪) તેમની સામે સખતાઈ ભર્યા પગલાં લેવામાં આવ્યા છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૯-૧૨-૦૮) :

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર દારુ જુગાર અને વરલીમટકાના અડ્ડાઓ ઉપર નીચે મુજબ દરોડા પાડવામાં આવ્યા.

| તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | | |
|---|---|---|---|
| | દારૂ | જુગાર | વરલી |
| ભુજ | ૬૩૪ | ૪૮ | ૭ |
| માંડવી | ૧૬૪ | ૧૩ | ૦ |
| મુન્દ્રા | ૨૩૦ | ૭ | ૦ |
| ગાંધીધામ | ૧૦૦૪ | ૪૩ | ૧૩ |
| અંજાર | ૨૫૭ | ૧૨ | ૦ |
| ભચાઉ | ૩૧૩ | ૫ | ૧ |
| રાપર | ૧૬૯ | ૬ | ૦ |
| નખત્રાણા | ૧૮૭ | ૧૮ | ૦ |
| અબડાસા | ૩૦૬ | ૪ | ૦ |
| લખપત | ૯૩ | ૨ | ૦ |
| **કુલ :** | **૩૩૫૭** | **૧૫૮** | **૨૧** |

(૨) આ અન્વયે સ્થાનિક કક્ષાએ તથા બહારની પોલીસ દ્વારા દારુના દરોડાઓમાં ૧,૧૨,૪૭,૭૯૭ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્તપ્તકરી ૨૯૪૬ ઈસમોની ધરપકડ કરી. જુગારના દરોડાઓમાં ૧૨,૦૬,૪૬૫ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્તપ્તકરી ૯૪૬ ઈસમોની ધરપકડ કરી. વરલીમટકાના દરોડામાં ૪૬,૩૦૫ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્તપ્તકરી ૪૩ ઈસમોની ધરપકડ કરી.

(૩) આ અંગેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | એક થી વધુવાર પકડાયેલ ઈસમોની સંખ્યા | | |
|---|---|---|---|
| | દારુ | જુગાર | વરલીમટકા |
| ભુજ | ૧૦૨ | ૦ | ૦ |
| માંડવી | ૨૩ | ૦ | ૦ |
| મુન્દ્રા | ૨૬ | ૦ | ૦ |
| ગાંધીધામ | ૧૦૫ | ૦ | ૦ |
| અંજાર | ૪૩ | ૦ | ૦ |
| ભચાઉ | ૪૨ | ૦ | ૦ |
| રાપર | ૧૮ | ૦ | ૦ |
| નખત્રાણા | ૨૦ | ૦ | ૦ |
| અબડાસા | ૨ | ૦ | ૦ |
| લખપત | ૨ | ૦ | ૦ |
| **કુલ :** | **૩૮૩** | **૦** | **૦** |

(૪) હા, તેમની સામે પાસાના ૧૦, તડીપારના ૭ અને પ્રોહી.૯૩ ના ૩૮૩ કેસો કરવામાં આવ્યા છે.

------------

**અમદાવાદ જિલ્લામાં દારુ, જુગાર, વરલીમટકાના અડ્ડાઓ ઉપર દરોડા**

અતારાંક્તિ : ૫૮૯ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર દારુ જુગાર અને વરલીમટકાના અડ્ડાઓ ઉપર કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૨) આ અન્વયે સ્થાનિક કક્ષાએ તથા બહારની પોલીસ દ્વારા દરોડા પાડી, કેટલી કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી, કેટલા ઈસમોની ધરપકડ કરી,

(૩) એકથી વધુવાર ક્યા ક્યા ઈસમો આ કાર્યવાહી દરમ્યાન પકડવામાં આવ્યા, અને

(૪) તેમની સામે સખતાઈ ભર્યા પગલાં લેવામાં આવ્યા છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૯-૧૨-૦૮) :

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર દારુ જુગાર અને વરલીમટકાના અડ્ડાઓ ઉપર નીચે મુજબ દરોડા પાડવામાં આવ્યા.

| તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | | |
|---|---|---|---|
| | દારુ | જુગાર | વરલીમટકા |
| દસક્રોઈ | ૩૯૮૩ | ૨૪૨ | ૨૬૨ |
| સીટી | ૧૦૮૧ | ૧૮૨ | ૧૦૫ |
| સાણંદ | ૨૦૪૦ | ૭૦ | ૧૨૩ |
| ધોળકા | ૧૯૬૮ | ૧૬૫ | ૧૦૦ |
| બાવળા | ૧૦૧૭ | ૪૮ | ૧૬ |
| ધંધુકા | ૪૨૯ | ૮૦ | ૨૨ |

| | | | |
|---|---|---|---|
| બરવાળા | ૨૩૮ | ૫૯ | ૨૬ |
| રાણપુર | ૧૩૧ | ૪૧ | ૨૪ |
| વિરમગામ | ૧૪૮૭ | ૯૮ | ૧૮૨ |
| દેત્રોજ | ૪૨૩ | ૧૩ | ૧૩ |
| માંડલ | ૬૬૪ | ૨૬ | ૦૦ |
| **કુલ :** | **૧૩૪૬૧** | **૧૦૨૪** | **૮૭૩** |
| | | | |

(૨) આ અન્વયે સ્થાનિક કક્ષાએ તથા બહારની પોલીસ દ્વારા દરોડા પાડી ૨,૨૪,૭૬,૨૬૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કુલ ૧૫૮૫૩ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે.

(૩) એકથી વધુવાર દારૂના ૮૨૪, જુગારના ૭૧ અને વરલીમટકાના ૪૬, એમ કુલ ૯૪૧ ઈસમો પકડવામાં આવેલ છે.

(૪) હા, સી.આર.પી.સી.ની કલમ ૧૧૦ હેઠળ, પાસા હેઠળ, પ્રોહીની કલમ ૯૩ હેઠળ તેમજ તડીપાર કરવા જેવા અટકાયતી પગલાંઓ લેવામાં આવેલ છે.

## રાજ્યની સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં પડતર કેસો

અતારાંક્તિ : ૭૨૦ (૨૦-૧૧-૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યની સી.આઈ.ડી. ક્રાઈમની જિલ્લા/તાલુકાની કચેરીઓમાં કુલ કેટલા કેસો પડતર હતા,

(૨) તે પૈકી સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭, સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમિયાન કુલ કેટલા નવા કેસો સી.આઈ.ડી. ને જિલ્લા/તાલુકાવાર સોંપવામાં આવ્યા,

(૩) તે કેટલા કેસોનો છેલ્લા ચાર વર્ષમાં નિકાલ થયો અને કેટલા નિકાલ થવા બાકી છે, અને

(૪) બાકી હોય તો તેના કારણો શું છે અને ક્યાં સુધીમાં નિકાલ કરવાનું સરકારનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૯) :

(૧) કુલ ૭૬ કેસો પડતર હતા. યુનિટવાર **પત્રક-અ** સામેલ છે.

(૨) સને ૨૦૦૪ થી ૨૦૦૮ દરમિયાન નીચે મુજબના નવા કેસો સોંપવામાં આવેલ.

| **સને** | **નવા કેસોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૪૦ |
| ૨૦૦૫-૦૬ | ૧૨૦ |
| ૨૦૦૬-૦૭ | ૭૩ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૦ |
| **કુલ :** | ૪૬૩ **યુનિટવાર પત્રક-બ સામેલ છે.** |

(૩) છેલ્લા ચાર વર્ષ દરમિયાન ૩૨૮ કેસોનો નિકાલ થયો છે અને ૨૧૧ નિકાલ થવા ઉપર બાકી છે.

(૪) એફએસએલનો અભિપ્રાય લેવા ઉપર, લાઈ ડીટેક્શનની એફએસએલમાંથી તારીખો મેળવવા ઉપર નારકોટેસ્ટની મંજૂરી મેળવવા ઉપર, કેસને સાંકળતા ફીટ પુરાવા મેળવવા ઉપર, આરોપીઓને પુરાવા મેળવી પકડવા ઉપર બાકી હોવા વિગેરે કારણોસર કેસોનો નિકાલ બાકી છે. તમામ સ્તરે તપાસ પૂર્ણ કરી નિકાલની કાર્યવાહી પ્રગતિમાં છે.

**પ ત્ર ક - અ**

**રાજ્યની સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં પડતર કેસો બાબતે**

| અ.નં. | યુનિટ | ૩૧-૩-૦૪ની સ્થિતિએ | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | ૧-૪-૦૫ થી ૩૧-૩-૦૬ | ૧-૪-૦૬ થી ૩૧-૩-૦૭ | ૧-૪-૦૭ થી ૩૧-૩-૦૮ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૨૩ | ૧૦ | ૦૫ | ૦૬ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૩ | ખેડા | ૦ | ૩ | ૨ | ૧ | ૨ |
| ૪ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પંચમહાલ | ૦ | ૫ | ૪ | ૧ | ૧ |
| ૬ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | વડોદરા શહેર | ૧ | ૦ | ૨ | ૮ | ૩ |
| ૮ | વડોદરા ગ્રામ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૯ | ભરૂચ | ૦ | ૩ | ૪ | ૨ | ૦ |
| ૧૦ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૧ | સુરત શહેર | ૧ | ૨ | ૨ | ૧ | ૦ |
| ૧૨ | સુરત ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૧૩ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | વલસાડ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | આહવા ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ભાવનગર | ૫ | ૭ | ૧૧ | ૪ | ૩ |
| ૧૮ | ભુજ | ૦ | ૮ | ૮ | ૪ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૩ | ૧ | ૬ | ૪ | ૩ |
| ૨૦ | જૂનાગઢ | ૨ | ૨૧ | ૮ | ૧ | ૨ |
| ૨૧ | પાલનપુર | ૦ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૨૨ | ગાંધીનગર | ૫ | ૬ | ૪ | ૪ | ૩ |
| ૨૩ | અમરેલી | ૦ | ૨ | ૬ | ૪ | ૩ |
| ૨૪ | રાજકોટ રૂરલ | ૨ | ૨ | ૯ | ૧ | ૧ |
| ૨૫ | રાજકોટ શહેર | ૦ | ૧ | ૪ | ૩ | ૧ |
| ૨૬ | હિંમતનગર | ૦ | ૨ | ૫ | ૨ | ૩ |
| ૨૭ | પાટણ | ૦ | ૦ | ૪ | ૨ | ૨ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨ | ૦ | ૧ | ૪ | ૩ |
| ૨૯ | રાજકોટ ઝોન | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૩૦ | જામનગર | ૧ | ૦ | ૦ | ૨ | ૪ |
| ૩૧ | આર્થિક સેલ ગાંધીનગર ઝોન | ૫૧ | ૪૭ | ૨૮ | ૧૨ | ૪૪ |
| ૩૨ | અમદાવાદ ઝોન | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩૩ | આણંદ તાલુકા એકમ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૮ |
| ૩૪ | સુરત એકમ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ |
| | **કુલ :** | **૭૬** | **૧૪૦** | **૧૨૦** | **૭૩** | **૧૩૦** |

**પત્રક - બ**

**રાજ્યની સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં નિકાલ થયેલ કેસો બાબતે**

| અ.નં. | યુનિટ | ૩૧-૩-૦૪ની સ્થિતિએ | ૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ | ૧-૪-૦૫ થી ૩૧-૩-૦૬ | ૧-૪-૦૬ થી ૩૧-૩-૦૭ | ૧-૪-૦૭ થી ૩૧-૩-૦૮ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૨૨ | ૭ | ૧ | ૧ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ખેડા | ૦ | ૩ | ૨ | ૦ | ૨ |
| ૪ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પંચમહાલ | ૦ | ૫ | ૪ | ૧ | ૧ |
| ૬ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | વડોદરા શહેર | ૦ | ૦ | ૨ | ૫ | ૩ |
| ૮ | વડોદરા ગ્રામ્ય | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૯ | ભરૂચ | ૦ | ૩ | ૨ | ૧ | ૦ |
| ૧૦ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૧ | સુરત શહેર | ૦ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | સુરત ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૩ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | વલસાડ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | આહવા ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ભાવનગર | ૫ | ૫ | ૯ | ૧ | ૦ |
| ૧૮ | ભુજ | ૦ | ૮ | ૮ | ૦ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૩ | ૧ | ૬ | ૪ | ૧ |
| ૨૦ | જૂનાગઢ | ૨ | ૨૧ | ૭ | ૦ | ૧ |
| ૨૧ | પાલનપુર | ૦ | ૧ | ૦ | ૧ | ૫ |
| ૨૨ | ગાંધીનગર | ૫ | ૬ | ૩ | ૦ | ૧ |
| ૨૩ | અમરેલી | ૦ | ૧ | ૫ | ૪ | ૧ |
| ૨૪ | રાજકોટ રૂરલ | ૧ | ૨ | ૯ | ૦ | ૦ |
| ૨૫ | રાજકોટ શહેર | ૦ | ૧ | ૩ | ૧ | ૧ |
| ૨૬ | હિંમતનગર | ૦ | ૨ | ૪ | ૦ | ૨ |
| ૨૭ | પાટણ | ૦ | ૦ | ૪ | ૦ | ૨ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ | ૨ | ૧ |
| ૨૯ | રાજકોટ ઝોન | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩૦ | જામનગર | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩૧ | આર્થિક સેલ ગાંધીનગર ઝોન | ૩૯ | ૨૬ | ૧૮ | ૪ | ૪ |
| ૩૨ | અમદાવાદ ઝોન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | આણંદ તાલુકા એકમ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | સુરત એકમ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| | **કુલ :** | **૫૭** | **૧૧૨** | **૯૬** | **૩૦** | **૩૩** |

------------

## રાજ્યમાં સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં વાહન મોબાઈલ સુવિધા

અતારાંક્તિ : ૭૨૧ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧)તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવાર સી.આઈ.ડી. ક્રાઈમની કેટલી કચેરીઓ ક્યાં ક્યાં આવેલી છે,

(૨)તે પૈકી કેટલી કચેરીઓ પાસે વાહન અને સરકારી મોબાઈલ ફોનની સુવિધા નથી,

(૩)કેટલી કચેરી પાસે જર્જરીત વાહન છે,

(૪)સરકાર કેસના ઝડપી નિકાલ માટે નવા વાહનો-મોબાઈલ ફોન આપવા માંગે છે કે કેમ, અને

(૫)જો હા, તો ક્યારથી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૨-૧૨-૨૦૦૮):

(૧)

| | |
|---|---|
| ૧ | અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ રેલ્વેઝની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૨ | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર ઝોન, ગાંધીનગર |
| ૩ | ડી.પો.ઈ. ગાંધીનગર યુનિટ, ગાંધીનગર |
| ૪ | ડી.પો.ઈ. મહેસાણા યુનિટ, ગાંધીનગર |
| ૫ | ડી.પો.ઈ. પાટણ યુનિટ, પાટણ |
| ૬ | ડી.પો.ઈ. પાલનપુર યુનિટ, પાલનપુર |
| ૭ | ડી.પો.ઈ. હિંમતનગર યુનિટ, હિંમતનગર |
| ૮ | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ઝોન, અમદાવાદ |
| ૯ | ડી.પો.ઓ. અમદાવાદ શહેર યુનિટ-૧, અમદાવાદ |
| ૧૦ | ડી.પો.ઓ. અમદાવાદ શહેર યુનિટ-૨, અમદાવાદ |
| ૧૧ | ડી.પો.ઓ. અમદાવાદ શહેર યુનિટ-૩, અમદાવાદ |
| ૧૨ | ડી.પો.ઓ. અમદાવાદ શહેર યુનિટ-૪, અમદાવાદ |
| ૧૩ | ડી.પો.ઓ. અમદાવાદ શહેર યુનિટ-૫, અમદાવાદ |
| ૧૪ | ડી.પો.ઓ. અમદાવાદ શહેર યુનિટ-૬, અમદાવાદ |
| ૧૫ | ડી.પો.ઓ. અમદાવાદ રૂરલ યુનિટ, અમદાવાદ |
| ૧૬ | ડી.પો.ઓ. ખેડા યુનિટ-નડીયાદ |
| ૧૭ | ડી.પો.ઓ. આણંદ યુનિટ-આણંદ |
| ૧૮ | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ઝોન, વડોદરા |
| ૧૯ | ડી.પો.ઈ. વડોદરા રૂરલ યુનિટ, વડોદરા |
| ૨૦ | ડી.પો.ઈ. સુરત રૂરલ યુનિટ, સુરત |
| ૨૧ | ડી.પો.ઈ. સુરત શહેર યુનિટ, સુરત |
| ૨૨ | ડી.પો.ઈ. ભરૂચ યુનિટ, ભરૂચ |
| ૨૩ | ડી.પો.ઈ. વલસાડ યુનિટ, વલસાડ |
| ૨ | પેટા તિજોરી ક્ચેરી, વાઘોડીયા ખાતે ડુપ્લીકેટ બીલોની ચુકવણીનું પ્રકરણ | આઈ.સી.આર. નંબર : ૧૬૧-૦૬ વાઘોડીયા પોલીસ સ્ટેશન<br>તા. ૩૦-૧૧-૦૬ | (૧) શ્રી કે. આર. સોની, પેટા તિજોરી અધિકારી, વાઘોડીયા<br>(૨) શ્રી એન. એમ. પંડ્યા, , પેટા તિજોરી અધિકારી, વાઘોડીયા<br>(૩) શ્રી પી. સી. પટેલ, કેશીયર, વાઘોડીયા<br>(૪) શ્રી એમ. એમ. વસાવા, ક્લાર્ક, વાઘોડીયા<br>(૫) શ્રી કે. એન. વણકર, કેશીયર, વાઘોડીયા<br>(૬) શ્રી જે. એ. પટેલ વધારા શ્રોફ, વાઘોડીયા<br>(૭) ૭૫ પેન્શનરો (ઉચાપતની ૫૭૧ એન્ટ્રીઓમાં સંકળાયેલ) પે. તિ. ક. વાઘોડીયા |
| ૩ | પેટા તિજોરી ક્ચેરી, છોટાઉદેપુર ખાતે ડુપ્લીકેટ બીલોની ચુકવણીનું પ્રકરણ | આઈ.સી.આર. નંબર : ૧૩૬-૦૬ છોટા ઉદેપુર પોલીસ સ્ટેશન<br>તા. ૩૦-૧૧-૦૬ | (૧) શ્રી કે. આર. સોની, પેટા તિજોરી અધિકારી,છોટા ઉદેપુર<br>(૨) શ્રી આર. જે બારીયા પેટા તિજોરી અધિકારી, છોટા ઉદેપુર<br>(૩) શ્રી બી. જી. રાઠવા, ક્લાર્ક, છોટા ઉદેપુર<br>(૪) શ્રી એમ. એસ. રાઠવા, ક્લાર્ક, છોટા ઉદેપુર |

## પત્રક-૨

## હિસાબ અને તિજોરી ખાતામાં નોંધાયેલ ઉચાપતના કેસોમાં ઉચાપતનો પ્રકાર અને આ ઉચાપત કોને કરી હતી અને વસુલાત અંગેની માહિતી દર્શાવતું પત્રક

## (સંદર્ભ પ્રશ્ન-૩)

| અ.નં. | ઉચાપતનો પ્રકાર | આ ઉચાપત કરનારનું નામ અને તત્કાલિન હોદ્દો | રૂ લાખમાં | | |
|---|---|---|---|---|---|
| | | | કુલ રકમ | વસુલાતની રકમ | બાકી રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| **જિલ્લા તિજોરી ક્ચેરી, ગોધરા સ્ટેમ્પ પ્રકરણ** | | | | | |
| ૧ | સરકારી ચલનમાં સુધારા કરીને સરકારશ્રીમાં ઓછા નાણાં જમા કરાવી વધારે રકમના સ્ટેમ્પસ મેળવવાની ગેરરીતી | (૧) શ્રી એ. બી. પ્રજાપતિ, નાયબ હિસાબનીશ (સ્ટેમ્પસ)<br>(૨) શ્રી એસ. એચ. નિનામા, ઈ. ચા. નાયબ હિસાબનીસ (સ્ટેમ્પ)<br>(૩) શ્રી આઈ. એમ. કુરેશી, સ્ટેમ્પ વેન્ડર, | ૨૬.૬૦ | - | ૨૬.૬૦ |
| **પેટા તિજોરી ક્ચેરી, વાઘોડીયા ખાતે પેન્શનના ડુપ્લીકેટ બીલોની ચુકવણીનું પ્રકરણ** | | | | | |
| ૨ | પેન્શનના બોગસ તેમજ ડુપ્લીકેટ બીલો બનાવીને ચુકવવાની ગેરરીતી | (૧) શ્રી કે. આર. સોની, પેટા તિજોરી અધિકારી,<br>(૨) શ્રી એન. એમ. પંડ્યા, પેટા તિજોરી અધિકારી<br>(૩) શ્રી પી. સી. પટેલ, કેશીયર<br>(૪) શ્રી એમ. એમ. વસાવા, ક્લાર્ક<br>(૫) શ્રી કે. એન. વણકર, કેશીયર<br>(૬) શ્રી જે. એ. પટેલ વધારા શ્રોફ<br>(૭) ૭૫ પેન્શનરો (ઉચાપતની ૫૭૧ ઓન્ટ્રીઓમાં સંકળાયેલ) | ૫૨.૬૮ | - | ૫૨.૬૮ |
| **પેટા તિજોરી ક્ચેરી, છોટા ઉદેપુર ખાતે પેન્શનના ડુપ્લીકેટ બીલોની ચુકવણીનું પ્રકરણ** | | | | | |
| ૩ | પેન્શનના બોગસ તેમજ ડુપ્લીકેટ બીલો બનાવીને ચુકવવાની ગેરરીતી | (૧) શ્રી કે. આર. સોની, પેટા તિજોરી અધિકારી<br>(૨) શ્રી આર. જે બારીયા પેટા તિજોરી અધિકારી<br>(૩) શ્રી બી. જી. રાઠવા, ક્લાર્ક<br>(૪) શ્રી એમ. એસ. રાઠવા, ક્લાર્ક | ૯.૩૪ | - | ૯.૩૪ |
| | | **કુલ :** | **૮૮.૬૨** | - | **૮૮.૬૨** |

## પત્રક-૩

## હિસાબ અને તિજોરી ખાતામાં નોંધાયેલ ઉચાપતના કેસોમાં ખાતાએ લીધેલા પગલાં અંગેની માહિતી દર્શાવતું પત્રક

## (સંદર્ભ પ્રશ્ન-૪)

| ક્રમ | ઉચાપત કરનાર કર્મચારી /અધિકારીનું નામ તથા તત્કાલિન હોદ્દો | સરકારે ભરેલ પગલાંની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | **જિલ્લા તિજોરી ક્ચેરી, ગોધરા સ્ટેમ્પ પ્રકરણ** | |
| | (૧) શ્રી એ. બી. પ્રજાપતિ, નાયબ હિસાબનીશ (સ્ટેમ્પસ) | - તા. ૧૫-૫-૦૬ના આદેશથી ફરજ મોકુફી પર મુકેલ છે.<br>- તા. ૫-૮-૦૬ થી આરોપનામું પાઠવી ખાતાકીય તપાસ હાથ ધરેલ છે. જે અન્વયે તપાસ અધિકારીશ્રીએ તા. ૩૦-૯-૦૮ના પત્રથી આપેલ તપાસ અહેવાલમાં આક્ષેપો ""સાબિત"" જણાવેલ છે. તપાસ અહેવાલ પરત્વેનું આક્ષેપિતનું બચાવનામું મળેલ છે . ખાતાકીય |

| ક્રમ | ઉચાપત કરનાર કર્મચારી /અધિકારીનું નામ તથા તત્કાલિન હોદ્દો | સરકારે ભરેલ પગલાંની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | **જિલ્લા તિજોરી કચેરી, ગોધરા સ્ટેમ્પ પ્રકરણ** | |
| | | તપાસમાં આખરી નિર્ણય લેવામાં આવી રહેલ છે.<br>- ગોધરા પોલીસ સ્ટેશનમાં ફોજદારી ફરીયાદ થયેલ છે. તા. ૧૩-૫-૦૬થી અટક કરવામાં આવેલ અને તા. ૧-૭-૦૬થી જામીન મુક્ત કરાયેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૨૧-૧૧-૦૬ના રોજ આરોપનામું દાખલ થયેલ છે. જે કેસ ચાલુમાં છે. |
| | (૨) શ્રી એસ. એચ. નિનામા , નાયબ હિસાબનીશ | - તા. ૧૨-૭-૦૬ના આદેશથી તેઓ ફરજ મોકુફી પર છે.<br>- તા. ૨૨-૯-૦૬ થી આરોપનામું પાઠવી ખાતાકીય તપાસ હાથ ધરાયેલ છે. તપાસ અધિકારીશ્રીએ તા. ૩૦-૯-૦૮ના પત્રથી રજુ કરેલ અહેવાલની ચકાસણી બાદ તા. ૨૬-૧૨-૦૮ના રોજ વધુ તપાસ માટે કેસ પરત કરાયેલ છે<br>- ગોધરા પોલીસ સ્ટેશનમાં ફોજદારી ફરીયાદ થયેલ છે.<br>- પોલીસ દ્વારા તા. ૧-૭-૦૬થી અટક કરવામાં આવેલ અને નામદાર કોર્ટ દ્વારા તા. ૧૧-૭-૦૬થી જામીન મુક્ત કરાયેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૨૧-૧૧-૦૬ થી કેસ દાખલ થયેલ છે. જે કેસ ચાલુમાં છે. |
| | (૩) શ્રી આઈ. એમ. કુરેશી, સ્ટેમ્પ વેન્ડર | - સરકારી કર્મચારી ન હોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે. |
| | (૪) શ્રી જી. એચ. વસાવા, જિલ્લા તિજોરી અધિકારી | - નાણા વિભાગના તા. ૨૪-૧૧-૦૮ના હુકમ નં. તસમ/૩૬/૨૦૦૬/ઓ/૫૧૮/(૯૭)/૭ અન્વયે તેઓને તેઓના પગાર ધોરણના ન્યુનતમ તબક્કે પાંચ વર્ષ માટે ભવિષ્યની અસર સહિત નીચે ઉતારવાની અને શિક્ષાના અમલ દરમ્યાન તેઓને ઈજાફા મળવાપાત્ર થશે નહિ તે રીતની મોટી શિક્ષાના હુકમનો અમલ કરાયેલ છે. |
| ૨ | **પેટા તિજોરી કચેરી, વાઘોડીયા ખાતે પેન્શનના ડુપ્લીકેટ બીલોની ચુકવણીનું પ્રકરણ** | |
| | (૧) શ્રી કે. આર. સોની, પેટા તિજોરી અધિકારી | - બનાવના ૪ વર્ષ અગાઉ નિવૃત્ત થયેલ હોઈ, નિયમોનુસાર ખાતાકીય પગલાં લેવાના થતાં નથી.<br>- પોલીસ ફરિયાદ કરી છે.<br>- પોલીસ દ્વારા તા. ૧૭-૪-૦૭થી ધરપકડ થયેલ છે. નામદાર કોર્ટના હુકમ મુજબ તા. ૨૯-૯-૦૭થી જામીન મળેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૯-૭-૦૭થી આરોપનામું દાખલ થયેલ છે જે કેસ ચાલુમાં છે. |
| | (૨) શ્રી એન. એમ. પંડ્યા, પેટા તિજોરી અધિકારી | - બનાવના ૪ વર્ષ અગાઉ નિવૃત્ત થયેલ હોઈ, નિયમોનુસાર ખાતાકીય પગલાં લેવાના થતાં નથી<br>- પોલીસ ફરિયાદ કરી છે. પોલીસે તા. ૧૫-૩-૦૭ના રોજ અટક કરી, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે આગોતરા જામીન મંજૂર થયેલ હોય, જામીન ઉપર મુક્ત કરાયેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૯-૭-૦૭થી આરોપનામું દાખલ થયેલ છે જે કેસ ચાલુમાં છે. |
| | (૩) શ્રી પી. સી. પટેલ, કેશીયર | - તા. ૩૦-૧૨-૦૬ના આદેશથી ફરજ મોકુફી હેઠળ મુકેલ છે.<br>- તા. ૩૦-૧૨-૦૬ની ખાનગી યાદી બજવી હાથ ધરાયેલ ખાતાકીય તપાસમાં તપાસ અધિકારીશ્રીએ તા. ૬-૧-૦૮ના પત્રથી આપેલ અહેવાલમાં આક્ષેપો ""સાબિત"" જણાવેલ છે. તપાસ અહેવાલ ચકાસણી હેઠળ છે.<br>- પોલીસ ફરિયાદ કરી છે. પોલીસ દ્વારા તા. ૨૯-૫-૦૭ના રોજ ધરપકડ થયેલ છે. નામદાર હાઈકોર્ટના આગોતરા જામીન હુકમથી જમીન મુક્ત થયેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૯-૭-૦૭થી આરોપનામું દાખલ થયેલ છે જે કેસ ચાલુમાં છે. |
| | (૪) શ્રી એમ. એમ. વસાવા, ક્લાર્ક | - તા. ૯-૨-૦૭ના આદેશથી તેઓને ફરજ મોકુફી હેઠળ મુકેલ છે.<br>- તા. ૧૧-૧-૦૭ની યાદી અન્વયે ખાતાકીય તપાસ હાથ ધરેલ છે. કેસ તપાસ અધિકારીશ્રીને તા. ૧૭-૯-૦૮ના હુકમથી સુપ્રત કરેલ છે. જ્યાં તપાસ ચાલુમાં છે.<br>- પોલીસ ફરિયાદ કરી છે. પોલીસ દ્વારા તા. ૧૭-૪-૦૭ના રોજ ધરપકડ થયેલ છે. કોર્ટના હુકમ તા. ૨૪-૧૦-૦૭થી જામીન મુક્ત થયેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૯-૭-૦૭થી આરોપનામું દાખલ થયેલ છે જે કેસ ચાલુમાં છે. |
| | (૫) શ્રી કે. એન. વણકર, કેશીયર | - તા. ૩૦-૧૨-૦૬ થી ફરજ મોકુફી પર મુકેલ છે.<br>- તા. ૩૦-૧૨-૦૬ની યાદી અન્વયે ખાતાકીય તપાસ હાથ ધરેલ છે. તપાસ અધિકારીશ્રીએ તપાસ અહેવાલ આપેલ છે. જેમાં આક્ષેપો ""સાબિત"" જણાવેલ છે. તા. ૫-૧૨-૦૮ના તપાસ અહેવાલની ચકાસણી બાદ તે પરત્વેનું આક્ષેપિતનું બચાવનામું તા. ૨૬-૧૨-૦૮ની યાદીથી માંગવામાં આવેલ છે.<br>- પોલીસ ફરિયાદ કરી છે. પોલીસ દ્વારા તા. ૧૦-૬-૦૭થી ધરપકડ થયેલ છે. નામદાર કોર્ટના હુકમ મુજબ તા. ૧૮-૧-૦૮થી જામીન મુક્ત થયેલ છે.<br>- નામદાર અદાલતમાં તા. ૯-૭-૦૭થી આરોપનામું દાખલ થયેલ છે જે કેસ ચાલુમાં છે. |
| | (૬) શ્રી જે. એ. પટેલ, વધારા શ્રોફ | - જરૂરિયાત મુજબ સ્થાનિક ભરતીથી લેવાયેલ સરકારી કર્મચારી નથી.<br>- હાલ સેવા બજાવતા ન હોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.<br>- પોલીસ દ્વારા ધરપકડ તા. ૨૯-૫-૦૭ના રોજ થયેલ છે. ગુજરાત હાઈકોર્ટના આગોતરા હુકમ અન્વયે જામીન મુક્ત છે. |
| | (૭) ૭૫ પેન્શનરો (ઉચાપતની ૫૭૧ એન્ટ્રીઓમાં સંકળાયેલ) | - પોલીસ ફરિયાદ કરી છે. |

## હિસાબ અને તિજોરી ખાતામાં નોંધાયેલ ઉચાપતના કેસોમાં ખાતાએ લીધેલા પગલાં અંગેની માહિતી દર્શાવતું પત્રક-૩ (આગળનું ચાલું)

| ક્રમ | ઉચાપતનો પ્રકાર | ઉચાપત કરનાર કર્મચારી/અધિકારીનું નામ તથા તત્કાલિન હોદ્દો | સરકારે ભરેલ પગલાંની વિગત |
|---|---|---|---|
| ૩ | પેટા તિજોરી કચેરી, છોટા ઉદેપુર ખાતે પેન્શનના ડુપ્લીકેટ બીલોની ચુકવણીનું પ્રકરણ | | |
| | પેન્શનના બોગસ તેમજ ડુપ્લીકેટ બીલો બનાવીને ચુકવવાની ગેરરીતી | (૫) શ્રી કે. આર. સોની, પેટા તિજોરી અધિકારી | - બનાવના ૪ વર્ષ અગાઉ નિવૃત્ત થયેલ હોઈ, ખાતાકીય પગલાં લેવાના થતાં નથી<br>- પોલીસ ફરિયાદ કરી છે.<br>- તા. ૨૩-૪-૦૭ના રોજ પોલીસ દ્વારા ધરપકડ થયેલ છે. નામદાર કોર્ટના હુકમ મુજબ તા. ૨૯-૯-૦૭થી જામીન મુક્ત થયેલ છે.<br>- નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, છોટા ઉદેપુર ખાતે તા. ૯-૭-૦૭ના રોજ આરોપનામું દાખલ થયેલ છે. જેની સુનાવણી હાલ ચાલુ છે. |
| | | (૨) શ્રી આર. જે. બારીયા, પેટા તિજોરી અધિકારી | - તા. ૩૦-૧૨-૦૬થી ફરજ મોકુફી પર મુકેલ છે.<br>- તા. ૩૦-૧૨-૦૬ના આરોપનામા અન્વયે ખાતાકીય તપાસ હાથ ધરેલ છે. કેસ તપાસ અધિકારીને તા. ૧૯-૬-૦૮ના હુકમથી સુપ્રત કરેલ છે. કર્મચારી સબ જેલમાં હોઈ, ખાતાકીય તપાસ હાથ ધરી શકાયેલ નથી.<br>- પોલીસ ફરિયાદ છે. પોલીસ દ્વારા તા.૧૭-૬-૦૭ના રોજ ધરપકડ થયેલ છે. હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે.<br>- તા. ૩૦-૯-૦૭ના રોજ ગુ. રા. સેવા (પેન) નિયમો -૨૦૦૨ના નિયમ-૨૪ હેઠળ ખાતાકીય તપાસ/કોર્ટ કેસ ચાલુ રાખવાની શરતે વય નિવૃત્ત કરાયેલ છે.<br>- નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, કોર્ટ છોટા ઉદેપુર ખાતે તા. ૯-૭-૦૭ના રોજ આરોપનામું દાખલ થયેલ છે. જેની સુનાવણી હાલ ચાલુ છે. |
| | | (૩) શ્રી બી. જી. રાઠવા, ક્લાર્ક | - તા. ૧૦-૧-૦૭ના આદેશથી તેઓને ફરજ મોકુફી હેઠળ મુકેલ છે.<br>- તા. ૧૦-૧-૦૭ના આરોપનામામાં અન્વયે ખાતાકીય તપાસ હાથ ધરેલ છે. કેસ તપાસ અધિકારીને તા. ૧૭-૯-૦૮ના હુકમથી સુપ્રત કરેલ છે.<br>- પોલીસ ફરિયાદ કરી છે. તા. ૧૭-૬-૦૭ ના રોજ ધરપકડ થયેલ છે. તા. ૭-૯-૦૭થી જામીન મુક્ત થયેલ છે.<br>- નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, કોર્ટ છોટા ઉદેપુરમાં તા. ૯-૭-૦૭ના રોજ આરોપનામું દાખલ થયેલ છે. સુનાવણી હાલ ચાલુ છે. |
| | | (૪) શ્રી એમ. એસ. રાઠવા, ક્લાર્ક | - તા. ૨-૨-૦૭ના આદેશથી તેઓને ફરજ મોકુફી હેઠળ મુકેલ છે.<br>- તા. ૧૫-૧-૦૭ના આરોપનામાં અન્વયે ખાતાકીય તપાસ હાથ ધરેલ છે. કેસ તપાસ અધિકારીને તા. ૧૭-૯-૦૮ના હુકમથી સુપ્રત કરેલ છે. કર્મચારી સબ જેલમાં હોઈ, ખાતાકીય તપાસ હાથ ધરી શકાયેલ નથી.<br>- પોલીસ ફરિયાદ કરી છે. તા. ૧૭-૬-૦૭ના રોજ પોલીસ દ્વારા ધરપકડ થયેલ છે. હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે.<br>- નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, કોર્ટ છોટા ઉદેપુરમાં તા. ૯-૭-૦૭ના રોજ આરોપનામું દાખલ થયેલ છે. સુનાવણી હાલ ચાલુ છે. |

-------------

## તાપી જિલ્લામાં ઝેર વિરોધી દવાઓનો જથ્થો

અતારાંકિત : ૭૭૭ (૨૯-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં ઝેરી સાપ, વીંછી અને અન્ય ઝેરી જીવજંતુ કરડવાના બનાવો બને છે તે માટે જિલ્લામાં આગોતરા આયોજન રૂપે ઝેર વિરોધી દવાઓનો પૂરતો સ્ટોક સરકારે ફાળવ્યો છે કે કેમ, અને

(૨) કઈ કઈ હોસ્પિટલો, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનામાં કઈ કઈ દવાઓ ક્યા ક્યા સેન્ટરમાં કેટલા જથ્થામાં છેલ્લા બે વર્ષમાં પહોંચાડવામાં આવી છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૯-૧-૨૦૦૯):

(૧) હા, જી

(૨) તાપી જિલ્લામાં કોઈ હોસ્પિટલ નથી, પરંતુ તાપી જિલ્લા હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કે જે જિલ્લા પંચાયત હસ્તકના દવાખાના કહેવાય છે તેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સુરત જિલ્લા પંચાયત સુરત મારફત તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ૧૦૦ વાયલ્સ દવાનો પુરવઠો પૂરો પાડવામાં આવેલ છે.

નાણાંક્યિ વર્ષમાં ૨૦૦૭-૦૮માં નીચેના સામૂહિક આરોગ્ય કેન્દ્રોને એન્ટી સ્નેક વેન મ દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

| સામૂહિક આરોગ્ય કેન્દ્રો | વિતરણ કરેલ પુરવઠો |
|---|---|
| ઉચ્છલ | ૧૦ વાયલ્સ |
| વ્યારા | ૨૦ વાયલ્સ |

**અમદાવાદ જિલ્લામાં હોસ્પિટલોના સાધનો, મશીનરી અને વાહન ચાલુ કરવા અંગે**

અતારાંક્તિ : ૯૫૬ (૨૬-૮-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલો-દવાખાનાઓમાં કેન્દ્રવાર સાધનો, મશીનરી અને એમ્બ્યુલન્સ ક્યારથી બંધ છે,

(૨) તેમાં કેન્દ્રવાર કારણો શા છે, અને

(૩) આ સાધનો, એમ્બ્યુલન્સ ક્યા સુધીમાં ચાલુ કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૯/૧/૦૯):

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલો-દવાખાનાઓમાં બધા જ સાધનો-મશીનરી અને એમ્બ્યુલન્સ ચાલુ હાલતમાં છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પાટણ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો પર વાહનો**

અતારાંક્તિ : ૧૧૦૧ (૨૯-૮-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ કેન્દ્રોવાર કેટલા વાહનો ઉપલબ્ધ છે,

(૨) વાહનો, ગાડી, એમ્બ્યુલન્સ ધરાવતાં કેન્દ્રો ક્યા ક્યા તાલુકામાં કેટલા છે, અને

(૩) વાહનો/ડ્રાઈવરોની ઉપલબ્ધતા કરવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૩/૧/૨૦૦૯):

(૧) પાટણ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં-૧૨ (બાર) અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૨૮ (અઠાવીસ) વાહનો ઉપલબ્ધ છે.

(૨) વાહનો, ગાડી, એમ્બ્યુલન્સ ધરાવતાં તાલુકાવાર કેન્દ્રોની વિગત દર્શાવતા પત્રક-૧ અને ૨ સામેલ છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેના ડ્રાઈવરોનું મહેકમ જિલ્લા પંચાયત હસ્તક હોઈ તે જગ્યાઓ જિલ્લા પંચાયતે ભરવાની રહે છે. તેમ છતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ સા. આ. કેન્દ્ર ખાતે વાહનો/ડ્રાઈવરોની ઉપલબ્ધતા કરાવવા આરોગ્ય વિભાગ દ્વારા નજીકના આરોગ્ય કેન્દ્રોમાંથી વ્યવસ્થા કરવામાં આવે છે. તેમજ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ મારફતે ડ્રાઈવરોની જગ્યાઓ ભરવાનું આયોજન કરેલ છે

**પત્રક-૧**

**પાટણ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રનાં વાહનોની માહિતી દર્શાવતું પત્રક**

| તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | ફાળવેલ ગાડી/વાહન/એમ્બ્યુલન્સ |
|---|---|---|
| ચાણસ્મા | લણવા | ૧ |
| હારીજ | હારીજ | ૧ |

| | | |
|---|---|---|
| પાટણ | સંડેર | ૨ |
| રાધનપુર | રાધનપુર | ૩ |
| સાંતલપુર | સાંતલપુર | ૨ |
| સિધ્ધપુર | સિધ્ધપુર | ૨ |
| સમી | સમી | ૧ |
| | કુલ.. | ૧૨ |

**પત્રક-૨**
**પાટણ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં વાહનોની માહિતી દર્શાવતું પત્રક**

| તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | ફાળવેલ વાહન | |
|---|---|---|---|
| | | વાહન/ગાડી | એમ્બ્યુલન્સ |
| ચાણસ્મા | ચાણસ્મા | ૦ | ૦ |
| | પીંપળ | ૦ | ૧ |
| | ધીણોજ | ૦ | ૧ |
| | પલાસર | ૧ | ૦ |
| | બ્રાહ્મણવાડા | ૦ | ૧ |
| હારીજ | નાંણા | ૧ | ૦ |
| | દુનાવાડા | ૧ | ૦ |
| પાટણ | સરીયદ | ૧ | ૦ |
| | વાગડોદ | ૧ | ૦ |
| | જંગરાલ | ૧ | ૦ |
| | રણુંજ | ૦ | ૧ |
| | કુણઘેર | ૧ | ૦ |
| | ડેર | ૧ | ૦ |
| | કાંસા | ૦ | ૧ |
| રાધનપુર | ગોતરકા | ૦ | ૦ |
| | બંધવડ | ૧ | ૦ |
| | નાનપુરા | ૧ | ૦ |
| સાંતલપુર | વારાહી | ૧ | ૧ |
| | ઝઝામ | ૧ | ૦ |
| | અંબીયાણા | ૦ | ૨ |
| | મઢુત્રા | ૦ | ૦ |
| સિધ્ધપુર | કાકોશી | ૦ | ૧ |
| | કુંવારા | ૧ | ૦ |
| | ચંદ્રાવતી | ૧ | ૦ |
| સમી | શંખેશ્વર | ૦ | ૧ |
| | લોલાડા | ૧ | ૧ |
| | બાસ્પા | ૧ | ૦ |
| | મુજપુર | ૦ | ૦ |
| | રાફુ | ૧ | ૦ |
| | **કુલ...** | **૧૭** | **૧૧** |

------------

### નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ મળેલ ફરિયાદો

અતારાંક્તિ : ૧૦૬૩ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ સરકારને કેટલી ફરિયાદો કોના તરફથી અને ક્યારે મળી,

(૨) તે પૈકી સરકારે શું પગલાં ભર્યા, અને

(૩) હજુ કેટલી ફરિયાદોનો નિકાલ થવો બાકી છે અને ક્યાં સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૧-૨૦૦૯):

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ સરકારને માત્ર ૧ (એક) ફરિયાદ તા. ૩-૪-૨૦૦૭ના રોજ સુરત (ગ્રામ્ય) પોલીસને મળેલ છે.

(૨) બારડોલી પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરેલ છે, અને તે નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે.

(૩) એક કેસ, જે નામદાર કોર્ટ હસ્તક પેન્ડીંગ છે. જેથી તેના નિકાલ બાબતે સમય મર્યાદા કહી શકાય તેમ નથી.

--------------

### ૪૫૨/page>પોલીસ આધુનિકરણ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ

અતારાંક્તિ : ૧૨૨૨ (૨-૧૨-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) પોલીસ આધુનિકરણ માટે પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૨) તા. ૩૧-૧૦-૦૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ હેતુસર વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ કેટલી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩૦-૧-૨૦૦૯):

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૦-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષની ગ્રાન્ટ ફાળવણી આ મુજબ છે.

| **નાણાકીય વર્ષ** | **ગ્રાન્ટ ફાળવણી** |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧,૨૮,૩૭,૧૩,૦૦૦/- |
| ૨૦૦૫-૦૬ | ૧,૪૪,૧૪,૨૩,૦૦૦/- |
| ૨૦૦૬-૦૭ | ૫૧,૭૩,૦૮,૦૦૦/- |
| ૨૦૦૭-૦૮ | ૮૨,૮૩,૦૦,૦૦૦/- |
| ૨૦૦૮-૦૯ | ૫૯,૦૦,૦૦,૦૦૦/- |

--------------

### અમદાવાદ જિલ્લાના ઓદ્યોગિક રીતે પછાત તાલુકાઓ

અતારાંક્તિ : ૫૮૧ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કયા કયા તાલુકાઓ ઓદ્યોગિક રીતે પછાત છે, અને

(૨) આ પછાત તાલુકાઓમાં સંકલિત વિકાસ હાથ ધરવા સરકારનું શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૩૦/૧/૦૯):

(૧) સરકારશ્રી દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭-૭-૨૦૦૬ના ઠરાવ ક્ર.વક્સ-૧૦૦૬-૪૪૨-ય૧ થી ૩૦ પછાત તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવાનું નક્કી કરેલ છે. જેમાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકાનો સમાવેશ થાય છે.

(૨) લઘુ ઉદ્યોગોને મળવાપાત્ર વ્યાજ સહાય, ટેક્નોલોજી, અપગ્રેડેશન, માર્કેટિંગ પ્રમોશન વિગેરે તમામ યોજનાઓ ઉક્ત તાલુકા સહિત તમામ તાલુકાઓમાં મળવાપાત્ર છે.

-------------

**કચ્છ જિલ્લાનો ઓદ્યોગિક રીતે પછાત તાલુકાઓ**

અતારાંક્તિ : ૫૮૨ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓ ઓદ્યોગિક રીતે પછાત છે, અને

(૨) આ પછાત તાલુકાઓમાં સંકલિત વિકાસ હાથ ધરવા સરકારનું શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૩/૧/૦૯):

(૧) સરકારશ્રી દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭-૭-૨૦૦૬ના ઠરાવ ક્ર.વક્સ-૧૦૦૬-૪૪૨-ય૧ થી ૩૦ પછાત તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવાનું નક્કી કરેલ છે. જેમાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકાનો સમાવેશ થાય છે.

(૨) લઘુ ઉદ્યોગોને મળવાપાત્ર વ્યાજ સહાય, ટેક્નોલોજી અપગ્રેડેશન, માર્કેટિંગ પ્રમોશન વિગેરે તમામ યોજનાઓ ઉક્ત તાલુકા સહિત તમામ તાલુકાઓમાં મળવાપાત્ર છે.

-------------

**કચ્છ જિલ્લાના પ્રાન્ધ્રો ખાતે લિગાઈટનો જથ્થો**

અતારાંક્તિ : ૬૩૮ (૨૮-૧૧-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાની પ્રાન્ધ્રો લીગાઈટ ખાણમાંથી અમદાવાદના ઉદ્યોગોને લીગાઈટ આપવાનું બંધ કરાયાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો,

(૨) તેના કારણો શાં છે,

(૩) પ્રાન્ધ્રો લીગાઈટ ખાણમાં લીગાઈટનો જથ્થો કેટલો છે, રોજ કેટલા ટન લીગાઈટનો જથ્થો બહાર કાઢવામાં આવે છે, અને

(૪) આ લીગાઈટ ક્યાં ક્યાં મોકલવામાં આવે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૩૦/૧/૦૯):

(૧) તા. ૧૯-૫-૦૮થી.

(૨) પ્રાન્ધ્રો ખાણમાં લીગાઈટનો જથ્થો ઓછો થતાં સરકારશ્રીના કચ્છ સ્થિત બે વીજમથકોને વધુ સમય સુધી લીગાઈટનો જથ્થો પુરો મળી રહે તે માટે આ લીગાઈટ અનામત રાખવો જરૂરી હોઈ આ નિર્ણય લેવામાં આવેલ છે.

(૩) પ્રાન્ધ્રો લીગાઈટ ખાણમાંથી આશરે ૧૮૦ લાખ મેટ્રીક ટન લીગાઈટનો જથ્થો છે. રોજ ૮ થી ૧૦ હજાર મે. ટન લીગાઈટનું ઉત્પાદન થાય છે.

(૪) આ લીગાઈટ સરકારશ્રીના કચ્છ સ્થિત બે વીજમથકોમાં મોકલવામાં આવે છે.

-------------

## તાપી જિલ્લામાં ઓદ્યોગિક રીતે પછાત તાલુકા

અતારાંક્તિ : ૮૦૩ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં ક્યા ક્યા તાલુકા ઓદ્યોગિક રીતે પછાત છે, અને

(૨) આ પછાત તાલુકાઓમાં સંતુલિત ઓદ્યોગિક વિકાસ હાથ ધરવા સરકારનું શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૩/૧/૦૯):

(૧) સરકારશ્રી દ્વારા તા. ૨૭-૭-૨૦૦૬ના ઠરાવ ક્ર.વક્સ-૧૦૦૬-૪૪૨-ય૧ થી પછાત તાલુકાઓને વિકાસશીલ તાલુકાઓ તરીકે જાહેર કરેલ છે. જે યાદીમાં તાપી જિલ્લામાં કોઈ તાલુકાનો સમાવેશ થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ગોણ ખનીજમાંથી સરકારને મળતી રોયલ્ટીની રકમ

અતારાંક્તિ : ૮૯૭ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં સરકારી કામોમાં વપરાતી ગોણ ખનીજમાંથી સરકારને જિલ્લાવાર રોયલ્ટીની કેટલી રકમ મળી,

(૨) તે પૈકી ઠેકેદારોના બીલોમાંથી સીધેસીધી કપાત થયેલ રોયલ્ટીની રકમ કેટલી, અને

(૩) સરકાર ઠેકેદારોના બીલમાંથી વધુમાં વધુ રોયલ્ટી વસુલ કરવા કેવા અસરકારક પગલાંઓ ભરવા માંગે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ):

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) પ્રવર્તમાન નિયમોની જોગવાઈઓના યોગ્ય અમલીકરણ તથા જરૂર જણાયે જુદા જુદા પાસાઓની વિચારણા કરીને સુચારૂ પધ્ધતિ અમલમાં લાવવા દ્વારા

**પત્રક-૧**

(રકમ રૂા. લાખમાં)

| જીલ્લાનું નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૬૭.૯૦ | ૨૨૪.૦૩ | ૧૨૮.૨૧ | ૩૦.૧૨ |
| અમરેલી | ૪૪.૫૭ | ૧૧.૨૦ | ૧૭.૯૦ | ૩.૭૩ |
| કચ્છ | ૧૬.૫૩ | ૧૪૯.૩૫ | ૨૫૧.૨૫ | ૮૧૩.૮૪ |
| ખેડા | ૧૪.૪૦ | ૫૨.૩૦ | ૩૮.૪૦ | ૪૬.૭૨ |
| આણંદ | ૦.૦૦ | ૧.૨૦ | ૧૦.૮૭ | ૧.૫૧ |
| ગાંધીનગર | ૪.૪૦ | ૧૬૭.૩૮ | ૬૨.૪૦ | ૧.૫૯ |
| જામનગર | ૮૨.૨૪ | ૪૦.૮૪ | ૧.૯૮ | ૧૧.૩૮ |
| જુનાગઢ | ૩.૦૦ | ૪૭.૧૨ | ૧૬.૫૯ | ૧.૫૮ |
| પોરબંદર | ૧૦૫.૦૦ | ૧૧૫.૦૦ | ૮૦.૦૦ | ૨૫.૦૦ |
| પંચમહાલ | ૧૧.૯૬ | ૧૪.૩૮ | ૧૫.૯૬ | ૧૮.૫૩ |
| દાહોદ | ૦.૩૦ | ૩.૫૭ | ૩.૩૯ | ૩.૬૩ |
| બનાસકાંઠા | ૧૮.૨૬ | ૩.૦૮ | ૩૧.૧૫ | ૩.૯૮ |
| ભરૂચ | ૦.૦૦ | ૬૨.૩૮ | ૨૪૨.૭૩ | ૩૦.૮૭ |
| નર્મદા | ૫૭.૫૮ | ૧૪૫.૯૯ | ૬૧.૪૭ | ૪૬.૫૬ |
| ભાવનગર | ૧૦.૭૭ | ૨૯.૦૧ | ૪૨.૫૩ | ૩૬.૧૭ |
| મહેસાણા | ૮૧.૦૮ | ૮૨.૯૨ | ૧૩૮.૧૫ | ૯૫.૦૮ |
| પાટણ | ૦.૦૦ | ૮.૩૫ | ૩૪.૧૮ | ૨૫.૧૧ |

| જીલ્લાનું નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| રાજકોટ | ૪૭.૦૯ | ૭૫.૪૦ | ૩૫.૪૦ | ૫૧.૪૨ |
| વડોદરા | ૫.૩૩ | ૪૨૪.૦૫ | ૧૩૯.૩૬ | ૨૦.૭૮ |
| વલસાડ | ૦.૦૦ | ૦.૧૩ | ૨૧.૨૮ | ૩.૬૬ |
| નવસારી | ૦.૦૦ | ૦.૦૧ | ૨.૩૩ | ૦.૦૦ |
| સાબરકાંઠા | ૩૦.૪૬ | ૪૦.૪૭ | ૭૫.૩૬ | ૮૯.૭૫ |
| સુરત | ૪૯.૫૯ | ૫.૫૩ | ૫.૧૦ | ૩૧.૫૩ |
| તાપી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૩૪.૫૨ | ૬૯.૭૬ | ૩૬.૯૫ |
| **કુલ** | **૬૫૦.૪૬** | **૧૭૩૮.૨૧** | **૧૫૨૫.૭૫** | **૧૪૨૯.૪૯** |

**પત્રક-૨**

(રકમ રૂા. લાખમાં)

| જીલ્લાનું નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૬૭.૯૦ | ૨૨૪.૦૩ | ૧૨૮.૨૧ | ૦.૦૦ |
| અમરેલી | ૩૬.૫૧ | ૦.૧૭ | ૦.૫૦ | ૧.૪૫ |
| કચ્છ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ખેડા | ૬.૮૮ | ૪૨.૧૯ | ૧૬.૫૦ | ૫.૫૨ |
| આણંદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ગાંધીનગર | ૪.૪૦ | ૧૬૭.૩૮ | ૬૨.૪૦ | ૧.૫૯ |
| જામનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| જુનાગઢ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| પોરબંદર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| પંચમહાલ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૩.૦૨ |
| દાહોદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| બનાસકાંઠા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ભરૂચ | ૦.૦૦ | ૬૨.૩૮ | ૨૪૨.૭૩ | ૩૦.૮૭ |
| નર્મદા | ૦.૦૦ | ૯૭.૯૩ | ૨૩.૯૬ | ૦.૮૭ |
| ભાવનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| મહેસાણા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| પાટણ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| રાજકોટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| વડોદરા | ૫.૩૩ | ૪૨૪.૦૫ | ૧૩૯.૩૬ | ૨૦.૭૮ |
| વલસાડ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૯.૮૦ | ૨.૬૨ |
| નવસારી | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૨૦ | ૦.૦૦ |
| સાબરકાંઠા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| સુરત | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| તાપી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૨૮.૫૯ | ૪૮.૭૦ | ૦.૦૦ |
| **કુલ** | **૧૨૧.૦૨** | **૧૦૪૬.૭૨** | **૬૮૯.૩૬** | **૬૬.૭૨** |

-------------

## અમદાવાદ જીલ્લા પંચાયતને રોયલ્ટીની આવક

અતારાંક્તિ : ૯૦૯ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ સરકાર ધ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લા પંચાયતને વર્ષવાર ખનીજ અને ગોણ ખનીજની રોયલ્ટીની કેટલીક આવક ગ્રાન્ટ ઈન એઈડ તરીકે આપવામાં આવી,

(૨) ક્યા ક્યા ખનીજ અને ગોણ ખનીજની કેટ કેટલી આવક થઈ હતી,

(૩) તે પૈકી કેટલા ટકા રકમ આપવામાં આવી,

(૪) કેટલી રકમ આપવાની બાકી છે, અને તે ક્યારે આપવામાં આવશે, અને

(૫) આ રકમ આપવામાં વિલંબના કારણો શા હતા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (તા. ૧-૧-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ સરકાર ધ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જીલ્લા પંચાયતને વર્ષ ૨૦૦૫-૦૬ માં રૂા. ૭.૮૯ લાખ, વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા. ૧૨.૬૦ લાખ અને વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૨૧.૫૧ લાખ રેતી, ગ્રેવલ, કંકરની ગોણ ખનીજની આવકમાંથી ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવી છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ગોણ ખનિજની ખનિજવાર આવક નીચે મુજબ થયેલ છે.

વર્ષવાર આવક (રૂા. લાખમાં)

| ખનીજનું નામ | ૨૦૦૫-૦૬ (રૂા.) | ૨૦૦૬-૦૭ (રૂા.) | ૨૦૦૭-૦૮ (રૂા.) |
|---|---|---|---|
| રેતી | ૨૩.૦૮ | ૨૬.૫૯ | ૩૫.૬૬ |
| બ્લેકટ્રેપ | ૪૮.૭૭ | ૩૪.૮૫ | ૩૬.૨૦ |
| ઈંટમાટી | ૩૯.૯૭ | ૫૩.૩૦ | ૫૦.૭૧ |
| માટી | ૨૪૧.૬૯ | ૧૩૩.૭૨ | ૩૯૬.૪૬ |
| **કુલ આવક** | **૩૫૩.૫૧** | **૨૪૮.૪૬** | **૫૧૯.૦૩** |

(૩) અને (૪) રેતી, ગ્રેવલ, કંકરની રોયલ્ટીની પંચાયત વિસ્તારમાંથી મળેલ આવક સામે ૫ ટકા વહીવટી ખર્ચ કાપીને ૯૫ ટકા રકમની ચૂકવણી જીલ્લા પંચાયતને કરવામાં આવે છે. ૨૦૦૫-૦૬ના વર્ષની ચુકવવાપાત્ર રકમ રૂા. ૧૨.૬૦ લાખ, વર્ષ ૨૦૦૬-૦૭ માં અને ૨૦૦૬-૦૭ના વર્ષની ચુકવવાપાત્ર રકમ રૂા. ૨૧.૫૧ લાખની રકમ, વર્ષ ૨૦૦૭-૦૮માં ચુકવણી થઈ હતી. વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષની રકમ રૂા. ૨૪.૩૦ લાખની રકમની ચુકવણી કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીના તા. ૫-૧૨-૦૮ના હુકમથી થયેલ છે.

(૫) આ રકમની ચુકવણીમાં નીચે મુજબની વહીવટી કામગીરીના કારણે મુખ્યત્વે વિલંબ થાય છે.

(૧) જીલ્લા ભૂસ્તરશાસ્ત્રીની કચેરી ધ્વારા જે તે વર્ષની આવકનું જીલ્લા તિજોરી અધિકારી સાથે મેળવણું કરીને પ્રમાણપત્ર મેળવવામાં આવે છે.

(૨) જીલ્લા પંચાયત ધ્વારા આગળની વર્ષની ફાળવેલ રકમની ચુકવણી સંબંધિત ગ્રામ પંચાયતને થયા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે.

**અમદાવાદ જીલ્લામાં ખનીજ અને ગોણ ખનીજ લીઝોના હદ નિશાન**

અતારાંક્તિ : ૯૧૦ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં ખનીજ અને ગોણ ખનીજની લીઝો વાળી જમીનોમાં કેટલા હદ નિશાન કરવાના બાકી છે, અને

(૨) કઈ કઈ લીઝોનાં હદ નિશાન કરવાના બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (તા. ૩૦-૧-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં ખનીજ અને ગોણ ખનીજની લીઝો વાળી જમીનોમાં કોઈપણ હદ નિશાન કરવાના બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમદાવાદ જીલ્લામાં લીઝ ધારકો સામે ફરિયાદો અને ચકાસણી

અતારાંક્તિ : ૯૧૧ (૨૮-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં ટાવર્સમાં ખનીજ ગોણ ખનીજ લીઝ ચોક્કસ એકરની જ મંજુર થઈ હોવા છતાં અને ચોક્કસ જ્ગ્યાએ જ મંજુર થઈ હોવા છતાં વધુ જમીનમાં અને ચોક્કસ જગ્યા છોડીને ખાણકામ કરાતું હોવા અંગેની છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફરિયાદો ક્યા ક્યા લીઝ ધારક સામે મળી,

(૨) ફરિયાદવાર શા શા પગલાં ભરવામાં આવ્યા,

(૩) કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો,

(૪) ટાવર્સમાં મંજુર થયેલ જમીન અને મંજુર થયેલ ચોક્કસ વિસ્તારમાંજ ખાણકામ થાય તે માટે કોઈ ચકાસણી કરવામાં આવે છે કે કેમ, અને

(૫) આવી ચકાસણી ક્યારે ક્યારે થઈ કઈ કઈ ક્ષતિઓ જણાઈ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૨૭-૧-૦૯) :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં એક ફરિયાદ મે. મહાલક્ષ્મી ક્વોરી વર્કસ નામના લીઝ ધારક સામે મળી છે,

(૨) સ્થળ પર જઈ ચકાસણીમાં લીઝ ધારક તેઓના વિસ્તારમાંજ ખાણકામ કરતા હોવાનું જણાઈ આવેલ હોઈ પગલાં ભરવાનો પ્રશ્ન રહેતો નથી. આમ છતાં લીઝ ધારકને કરારખતની શરતો મુજબ કન્ટ્રોલ બ્લાસ્ટીંગ કરવાની સૂચના આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) હા, જી.

(૫) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨૭ લીઝોમાં આવી ચકાસણી કરવામાં આવી. તેની વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષવાર લીઝોની ચકાસણી | | |
|---|---|---|---|
| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
| સીટી | ૧૧ | ૫ | ૯ |
| દશક્રોઈ | ૨૩ | ૨૩ | ૨૯ |
| રાણપુર | ૯ | ૧૧ | ૦૭ |
| કુલ | ૪૩ | ૩૯ | ૪૫ |

મંજુર થયેલ જમીન અને મંજુર થયેલ ચોક્કસ વિસ્તારમાંની બહાર ખાણકામ થયેલ હોવાની ક્ષતિઓ જણાયેલ નથી.

## અમદાવાદ જીલ્લામાં સલામતિના ધોરણોનો ભંગ કરતી લીઝો

અતારાંક્તિ : ૯૧૩ (૨૦-૧૧-૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જીલ્લામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ખનીજ અને ગોણ ખનીજ લીઝ ધારકો ધ્વારા સલામતિના ધોરણો અપનાવવામાં આવતા નથી તેવી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા લીઝ ધારકો સામે મળી,

(૨) ફરિયાદવાર શા પગલાં ભરવામાં આવ્યા,

(૩) લીઝ મંજુર થયા બાદ અને જુની લીઝોમાં સલામતીના પગલાં ભરવામાં આવે છે કે નહિ તે અંગે ચકાસણી કરવામાં આવે છે કે કેમ, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી કેટલી ચકાસણી કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૨૮-૧-૦૯) :

(૧) છેલ્લા બે વર્ષમાં નીચેના લીઝ ધારકો સામે ફરિયાદ થયેલ છે.

(૧) મે. મહાલક્ષ્મી ક્વોરી વર્કસ

(૨) શ્રીમતી મીનાબેન દિલીપભાઈ ભરવાડ

(૩) શ્રી રજનીકાન્ત કાન્તીભાઈ ભરવાડ

(૨) ફરિયાદવાર લીધેલ પગલાની વિગતો પત્રક-૧ મુજબ રજુ કરેલ છે.

(૩) હા, જી.

(૪) છેલ્લા બે વર્ષમાં આવી ૮૪ લીઝોની ચકાસણી કરવામાં આવી અને તેની વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષવાર લીઝોની ચકાસણી | |
|---|---|---|
| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
| સીટી | ૫ | ૯ |
| દશક્રોઈ | ૨૩ | ૨૯ |
| રાણપુર | ૧૧ | ૦૭ |
| **કુલ** | **૩૯** | **૪૫** |

**પત્રક-૧**

| ફરિયાદીનું નામ તથા તારીખ | ફરિયાદની વિગત | જેની સામે ફરિયાદ કરેલ તે લીઝ ધારકનું નામ | લીઝની વિગત | લીધેલ પગલા |
|---|---|---|---|---|
| ઉમરાળા ગ્રામ પંચાયત તા. ૧૮-૩-૦૮ | લીઝ હોલ્ડર ધ્વારા મોટુ બ્લાસ્ટીંગ કરવામાં આવતું હોય તે બંધ કરવા બાબત | મે. મહાલક્ષ્મી ક્વોરી વર્કસ | મોજે ઉમરાળા તા. રાણપુર ખનિજ : બ્લેકટ્રેપ | લીઝ ધારકને ક્વોરીલીઝ કરારખતની શરતો મુજબ કન્ટ્રોલ બ્લાસ્ટીંગ કરવાની સુચના આપવામાં આવેલ. આ બાબતે સ્થળ પર જઈ ચકાસણી કરવામાં આવેલ જેથી હવે ફરિયાદી ને આ બાબતે કોઈ ફરિયાદ કે વાંધો ન હોવાનું જણાવેલ છે. |
| કાશીન્દ્રા ગામ તાલુકા દશક્રોઈ ગ્રામજનો તા. ૭-૬-૦૭ | લીઝ હોલ્ડરોની લીઝમાંથી રેતી ભરવા માટે વાહનો નદીમાં અવરજવર કરવા માટે કાશીન્દ્રા ગામના હરીજનવાસ રાવળવાસના જાહેર માર્ગનો ઉપયોગ કરી અકસ્માત સર્જે તેમ હોય તથા આરોગ્યનો પ્રશ્ન હોઈ આ માર્ગનો ઉપયોગ તાત્કાલિક બંધ કરાવવા બાબત. | (૧) શ્રીમતિ મીનાબેન દિલીપભાઈ ભરવાડ<br>(૨) શ્રી રજનીકાન્ત કાન્તીભાઈ ભરવાડ | મોજે વિસલપુર તા. દશક્રોઈ ખનિજ : રેતી | સદરહુ લીઝ હોલ્ડરો ધ્વારા આ રસ્તેથી વાહનોની અવરજવર બંધ કરાવવામાં આવેલ છે. |

------------

**પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવ પાછળ થયેલ ખર્ચ**

અતારાંક્તિ : ૧૦૨૫ (૨૮-૧૧-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવમાં વર્ષવાર અને મહોત્સવવાર કેટ કેટલો ખર્ચ કઈ કઈ બાબતો પાછળ કરવામાં આવ્યો,

(૨) તે પૈકી આ ખર્ચ ક્યા ક્યા ઉદ્યોગ ગૃહે કેટ કેટલો કર્યો અને સરકારે ક્યા ક્યા હેડ હેઠળ કેટ કેટલો ખર્ચ કર્યો, અને

(૩) આ કાર્યક્રમમાં કેટ કેટલું ફંડ ક્યા ઉદ્યોગ ગૃહો વેપારીઓએ આપ્યું ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૦-૧-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવ પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૧) આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૦૭ રૂા. ૩૪૦.૬૧ લાખ

(૨) આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૦૮ રૂા. ૩૫૨.૪૦ લાખ

(૧) વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૦૭ શૂન્ય

(૨) વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૦૮ શૂન્ય

ઉક્ત પતંગ મહોત્સવમાં કઈ કઈ બાબતોમાં કેટલો ખર્ચ થયેલ છે તેની વિગત પત્રક-અ અને બ માં દર્શાવવામાં આવેલ છે. જ્યારે નવરાત્રી મહોત્સવ-૦૭ અને ૦૮ ની કામગીરી ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ નવરાત્રી ફેસ્ટીવલ સોસાયટી દ્વારા યોજવામાં આવી હતી.

(૨) ઉક્ત મહોત્સવ પૈકી પતંગ મહોત્સવ-૦૭ અને ૦૮ માટે ઉદ્યોગ ગૃહે કોઈ ખર્ચ કરેલ ન હોઈ માહિતી શૂન્ય.

રાજ્ય સરકારે પ્રવાસન નિગમને ફાળવેલ મેળા-ઉત્સવો સદરેની ગ્રાન્ટમાંથી ખર્ચ કરેલ છે (માંગણી નં. ૫૧ - મુખ્ય સદર - ૩૪૫૨-૮૦૦-૦૧-ટીઆરએસ-૧૮-મેળા અને ઉત્સવો સદરે).

(૩) વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૭ અને વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૦૮ કાર્યક્રમમાં ઉદ્યોગ ગૃહે કોઈ ફંડ સરકારશ્રીને આપેલ નથી. ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ નવરાત્રી ફેસ્ટીવલ સોસાયટી દ્વારા આ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

**પત્રક-અ**

**આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ-૦૭નો હેડવાઈઝ ખર્ચ**

(રૂા. લાખમાં)

| અ. નં. | ખર્ચની વિગત | રકમ |
|---|---|---|
| ૧ | આંતર માળખાકીય સુવિધા, ઈવેન્ટ મેનેજમેન્ટ તથા સ્ટેજને લગતી બાબતો | ૧૪૨.૬૮ |
| ૨ | સાઉન્ડ સીસ્ટમ અને લાઈટીંગ વ્યવસ્થા | ૪૯.૦૦ |
| ૩ | થીમ પેવેલીયન | ૪૫.૯૦ |
| ૪ | સાંસ્કૃતિક કાર્યક્રમ | ૩૩.૬૩ |
| ૫ | પેટલાદ ખાતે પતંગ મહોત્સવ | ૫.૧૦ |
| ૬ | પતંગવીરો માટેનો ખર્ચ | ૪૧.૦૩ |
| ૭ | જાહેરખબર અને પ્રચાર | ૨૧.૩૬ |
| ૮ | પરચુરણ ખર્ચ | ૧.૨૬ |
| ૯ | કન્વેયન્સ ખર્ચ | ૦.૬૫ |
| | **કુલ** | **૩૪૦.૬૧** |

**પત્રક-બ**

**આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ-૦૮નો હેડવાઈઝ ખર્ચ**

(રૂા. લાખમાં)

| અ. નં. | ખર્ચની વિગત | રકમ |
|---|---|---|
| ૧ | આંતર માળખાકીય સુવિધા, સાઉન્ડ અને લાઈટ શો અને ઈવેન્ટ મેનેજમેન્ટ | ૨૧૫.૮૮ |
| ૨ | ઉદ્દઘાટન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમ | ૬૬.૪૩ |
| ૩ | થીમ પેવેલીયન | ૪.૫૯ |
| ૪ | જાહેર ખબર અને પ્રચાર | ૧.૭૨ |
| ૫ | સુરત અને રાજકોટ ખાતે પતંગ મહોત્સવ | ૬.૦૭ |
| ૬ | પતંગવીરો માટેનો ખર્ચ | ૫૪.૯૪ |
| ૭ | આવાસ અને કેટરીંગ અને હોસ્પિટાલીટી | ૦.૮૧ |
| ૮ | પરચુરણ ખર્ચ | ૧.૨૬ |
| ૯ | ફેમ ટુર | ૦.૭૦ |
| | **કુલ** | **૩૫૨.૪૦** |

## પાટણ જિલ્લાના મોટા તથા મધ્યમ કદના ઓદ્યોગિક એકમો

અતારાંક્તિ : ૧૧૪૧ (૨-૧૨-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ મોટા તથા મધ્યમ કદના કઈ કઈ વસ્તુના ઉત્પાદનવાળા ઓદ્યોગિક એકમો ચાલુ છે.

(૨) ક્યાં ક્યાં શરૂ થવાના બાકી છે, અને

(૩) ચાલુ અને શરૂ થનાર ઓદ્યોગિક એકમનું મૂડી રોકાણ કેટલું અને ક્યાં ક્યાં આવેલું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૩-૧-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | એકમનું નામ | ઉત્પાદિત વસ્તુ |
|---|---|---|
| સિધ્ધપુર | મે. ગુજરાત સ્ટેટ પ્રોસેસીંગ કો-ઓપ. ફેડરેશન લિ. | વનસ્પતિ ઘી |
| સિધ્ધપુર | મે. રાજેના એગ્રો પ્રોડક્ટસ પ્રા. લિ. | કેસ્ટર ઓઈલ |
| સિધ્ધપુર | મે. ગોકુલ રીફાઈન એન્ડ સોલ્વન્ટ લિ. | કેસ્ટર ઓઈલ એન્ડ સોલવન્ટ એક્સ્ટશનલ |

(૨) શુન્ય.

(૩)

| ચાલુ એકમોનું નામ | સ્થળ | મૂડી રોકાણ |
|---|---|---|
| મે. ગુજરાત સ્ટેટ પ્રોસેસીંગ કો-ઓપ. ફેડરેશન લિ. | સિધ્ધપુર | ૩૩૪.૩૬ |
| મે. રાજેના એગ્રો પ્રોડક્ટસ પ્રા. લિ. | સિધ્ધપુર | ૩૭૧.૧૦ |
| મે. ગોકુલ રીફાઈન એન્ડ સોલ્વન્ટ લિ. | સિધ્ધપુર | ૧૨૪૭.૮૨ |
| | કુલ | ૧૯૫૩.૨૮ |

------------

## પાટણ જિલ્લાના ઓદ્યોગિક રીતે પછાત તાલુકા

અતારાંક્તિ : ૧૧૪૨ (૯-૧-૦૯) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ક્યા ક્યા તાલુકા ઓદ્યોગિક રીતે પછાત છે, અને

(૨) આ પછાત તાલુકામાં સંતુલિત ઓદ્યોગિક વિકાસ હાથ ધરવા સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૩૦-૧-૦૯) :

(૧) સરકારશ્રી દ્વારા સામાન્ય વહિવટ વિભાગના તા. ૨૭-૭-૨૦૦૬ના ઠરાવ ક્ર. વકસ-૧૦૦૬-૪૪૨-ય૧ થી ૩૦ પછાત તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવાનું નક્કી કરેલ છે. જેમાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લાના સાંતલપુર અને સમી તાલુકાનો સમાવેશ થાય છે.

(૨) લઘુ ઉદ્યોગોને મળવાપાત્ર વ્યાજ સહાય, ટેક્નોલોજી અપગ્રેડેશન, માર્કેટીંગ પ્રમોશન વિગેરે તમામ યોજનાઓ ઉક્ત તાલુકા સહિત તમામ તાલુકાઓમાં મળવાપાત્ર છે.

------------

## ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મંજૂર થયેલ અરજીઓ

અતારાંક્તિ : ૧૨૫૩ (૧૬-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ (બાલા સિનોર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી ક્યા ક્યા તાલુકાના અરજદારોની કેટલી અરજીઓ મંજુર કરી,

(૩) આ અરજીઓ નામંજુર કરવાના શા કારણો છે, અને

(૪) મંજુર કરેલ અરજીઓના લાભાર્થીઓને કિટનું વિતરણ કોના મારફતે કરવામાં આવેલ છે ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૩-૨-૨૦૦૯) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૭-૨૦૦૮ | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નડીયાદ | ૧૧૯ | ૧૩૪ | ૨૫૩ |
| ૨ | મહુધા | ૧૫૮ | ૨૨૫ | ૩૮૩ |
| ૩ | ઠાસરા | ૩૪૭ | ૪૪૪ | ૭૯૧ |
| ૪ | મહેમદાવાદ | ૧૮૯ | ૧૨૯ | ૩૧૮ |
| ૫ | બાલાસિનોર | ૧૦૫ | ૨૧૫ | ૩૨૦ |
| ૬ | માતર | ૧૪૩ | ૫૯ | ૨૦૨ |
| ૭ | કપડવંજ | ૧૬૬ | ૧૮૬ | ૩૫૨ |
| ૮ | કઠલાલ | ૩૬ | ૧૧૭ | ૧૫૩ |
| ૯ | ખેડા | ૯૨ | ૧૩૫ | ૨૨૭ |
| ૧૦ | વિરપુર | ૬૩ | ૪૬ | ૧૦૯ |
| | **કુલ** | **૧૪૧૮** | **૧૬૯૦** | **૩૧૦૮** |

(૨) તે પેકી મંજુર કરેલ/ નામંજુર કરેલ અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૨૦૯ | ૫૧ |
| ૨ | મહુધા | ૩૦૩ | ૮૦ |
| ૩ | ઠાસરા | ૬૮૭ | ૧૦૪ |
| ૪ | મહેમદાવાદ | ૨૩૯ | ૭૯ |
| ૫ | બાલાસિનોર | ૨૭૦ | ૫૦ |
| ૬ | માતર | ૧૩૪ | ૬૮ |
| ૭ | કપડવંજ | ૨૯૨ | ૬૦ |
| ૮ | કઠલાલ | ૧૫૨ | ૧ |
| ૯ | ખેડા | ૨૨૦ | ૭ |
| ૧૦ | વિરપુર | ૧૦૭ | ૨ |
| | **કુલ** | **૨૬૦૬** | **૫૦૨** |

(૩) નામંજુર કરવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

(૧) બી.પી.એલ. નંબર ન હોવાથી.

(૨) યોજનાની શરત મુજબ ૧૮ થી ૫૦ ની વય મર્યાદામાં ન આવતા હોવાથી.

(૩) અરજદારે જે તે ટ્રેડમાં વ્યવસાયનો આધાર રજુ કરેલ ન હોવાથી.

(૪) મંજુર થયેલ કિટસનું વિતરણ ગ્રીમકો દ્વારા નિયુક્ત સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ છે.

------------

## પબ્લીક પ્રોસીક્યુટર અને આસીસટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જ્યાઓ

અતારાંક્તિ : ૧૦૫૬ (૨૦-૧૧-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવાર કોર્ટમાં પબ્લીક પ્રોસીક્યુટર અને આસી. પબ્લીક પ્રોસીક્યુટરની કેટલી જ્યાઓ ખાલી છે.

(૨) આ જ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી અને છેલ્લા બે વર્ષમાં કેટલી જ્યાઓ ભરવામાં આવી,

(૩) જ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે, અને

(૪) ખાલી જ્યાના કારણે કોર્ટ કેસો ચલાવવા ઉપર કોઈ ગંભીર અસરો જોવા મળી હતી કે કેમ ?

**કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૩-૨-૨૦૦૯) :

(૧) પત્રક-ક મુજબ

(૨) મ.સ.વ./એડી.પી.પી.ની ખાલી પડતી જ્યાઓ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા પેનલની દરખાસ્ત થતાં પેનલ મેળવી સરકાર કક્ષાએ નિમણૂંકો કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં ૧૪ જ્યાઓ ભરવામાં આવી છે. તેમજ આસી. પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨ની ખાલી જ્યાઓ તેના ભરતી નિયમો તથા સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો ઓગષ્ટ-૨૦૦૮માં આખરી થતાં હાલ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ખાલી પડેલ ૨૪૨ જ્યાઓ ભરવા ભરતી પ્રક્રિયા ચાલી રહેલ છે. છેલ્લા બે વર્ષમાં ઉપર્યુક્ત કારણસર એકપણ જ્યા નિયમિત ધોરણે ભરવામાં આવેલ નથી પરંતુ સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા સી.આર.પી.સી. ૨૫(૩) અન્વયે એડહોક ધોરણે જ્યાઓ ભરી કામગીરી થઈ રહેલ છે.

(૩) બનતી ત્વરાએ ભરવામાં આવશે.

(૪) ખાસ કોઈ અસરો જોવા મળેલ નથી.

<u>પત્રક--ક</u>

### તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવાર કોર્ટમાં પબ્લીક પ્રોસીક્યુટર અને આસી. પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જ્યા.

| ક્રમાંક | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જ્યાઓ. | આસી. પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨ની ખાલી જ્યાઓ. |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | અમદાવાદ | અમદાવાદ (ગ્રામ્ય) | ૦ | ૫ |
| | | ધંધુકા | | ૧ |
| | | સાણંદ | | ૧ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | પાલનપુર | ૦ | ૦ |
| ૫ | ભરૂચ | વાલીયા | ૦ | ૧ |
| ૬ | ભાવનગર | ૦ | ૦ | ૦ |
| ૭ | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ |
| ૯ | જામનગર | જામનગર | ૦ | ૩ |
| | | ભાણવડ | | ૧ |
| | | દ્વારકા | | ૧ |
| ૧૦ | જુનાગઢ | જુનાગઢ | ૦ | ૧ |
| | | તાલાલા | | ૧ |

| ક્રમાંક | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જગ્યાઓ. | આસી. પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨ની ખાલી જગ્યાઓ. |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧૧ | કચ્છ | ભુજ | ૦ | ૨ |
| | | ભચાઉ | | ૧ |
| | | અંજાર | | ૧ |
| | | રાપર | | ૧ |
| ૧૨ | ખેડા-નડીયાદ | | ૦ | ૦ |
| ૧૩ | મહેસાણા | મહેસાણા | ૧ | ૦ |
| | | વિજાપુર | | ૧ |
| ૧૪ | નર્મદા | રાજપીપળા | ૦ | ૧ |
| ૧૫ | નવસારી | | ૦ | ૦ |
| ૧૬ | પંચમહાલ | ઘોઘંબા | ૦ | ૦ |
| | | લુણાવાડા | | ૦ |
| | | ગોધરા | | ૩ |
| | | કાલોલ | | ૧ |
| | | શહેરા | | ૧ |
| ૧૭ | પાટણ | | ૦ | ૦ |
| ૧૮ | પોરબંદર | પોરબંદર | ૦ | ૧ |
| | | કુતિયાણા | | ૧ |
| ૧૯ | રાજકોટ | મોરબી | ૦ | ૦ |
| | | ગોંડલ | | ૦ |
| | | જેતપુર | | ૦ |
| ૨૦ | સાબરકાંઠા | તલોદ | | ૦ |
| | | હિંમતનગર | ૦ | ૧ |
| | | ઈડર | | ૧ |
| ૨૧ | સુરત | ૦ | ૦ | ૦ |
| ૨૨ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | ૦ | ૨ |
| | | ધ્રાંગધ્રા | | ૦ |
| | | લીંમડી | | ૦ |
| ૨૩ | વડોદરા | વડોદરા | ૧ | ૧ |
| | | સંખેડા | | ૧ |
| | | છોટાઉદેપુર | | ૧ |
| ૨૪ | વલસાડ | વલસાડ | ૦ | ૧ |
| | | ઉમરગામ | ૦ | ૧ |
| | | **કુલ :-** | **૨** | **૩૮** |

---------------

## સુરત જિલ્લામાં સિંચાઈની સુવિધા બાબત

અતારાંકિત : ૯૬૪ (૪-૧૧-૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર સિંચાઈ સુવિધા વધારવા સરકારે કઈ કઈ યોજનાઓ હાથ ધરી છે,

(૨) આના લીધે કેટલા હેકટરમાં સિંચાઈ થાય છે, અને

(૩) ક્યા ક્યા ગામોને તેનો લાભ મળે છે.

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૩૧-૧-૦૯) :

(૧) સુરત જિલ્લામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર સિંચાઈ સુવિધા વધારવા સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાઓનું **પત્રક-૧** આ સાથે સામેલ છે.

(૨) આના લીધે ૩૨૬૨ હેકટરમાં સિંચાઈનો લાભ થાય છે.

(૩) લાભિત ગામોનું **પત્રક-૨** આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

**છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર હાથ ધરેલ સિંચાઈ યોજનાની વિગત**

| અ.નં. | તાલુકો | ચેકડેમ | ઉદ્‌વહન સિં.યો. | સામુહિક કુવા |
|---|---|---|---|---|
| ૧ | માંગરોળ | ૩૫ | - | ૦૨ |
| ૨ | માંડવી | ૩૩ | - | ૦૧ |
| ૩ | ઉમરપાળા | ૨૬ | - | ૦૪ |
| ૪ | મહુવા | ૧૧ | ૦૬ | - |
| ૫ | બારડોલી | ૦૬ | ૦૩ | - |
| ૬ | પલસાણા | ૦૧ | - | - |
| ૭ | ઓલપાડ | - | ૦૧ | - |
| ૮ | કામરેજ | - | ૦૧ | - |
| | **કુલ :** | **૧૧૨** | **૧૧** | **૭** |

**પત્રક-૨**

**છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં સિંચાઈથી લાભ મેળવતા ગામોની યાદી**

| ક્રમ | ગામ | ક્રમ | ગામ | ક્રમ | ગામ | ક્રમ | ગામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાતાલ | ૨૨ | કોલવણ | ૪૩ | વેલણપુર | ૬૪ | ગીજરમ |
| ૨ | બેડધા | ૨૩ | ડોંગરીપાડા | ૪૪ | મહુવરીયા | ૬૫ | ભીલવાડા |
| ૩ | જેતપુર | ૨૪ | છીતરા | ૪૫ | કારેલી | ૬૬ | ખરેડા |
| ૪ | નાનીચેર | ૨૫ | બાલદા | ૪૬ | ટીમ્બા | ૬૭ | હરસાણી |
| ૫ | ખરોલી | ૨૬ | વાંસકુઈ | ૪૭ | ભાંડુત | ૬૮ | લવેટ |
| ૬ | કાટકુવા | ૨૭ | સેજવાડ | ૪૮ | ઉટેડવા | ૬૯ | કેવડી |
| ૭ | કંટવાવ | ૨૮ | ટીમ્બરવા | ૪૯ | આંબા | ૭૦ | ભડકુવા |
| ૮ | કેવડીકુંડ | ૨૯ | કરચકા | ૫૦ | બારીગાળા | ૭૧ | ચાંદણીયા |
| ૯ | વેરાકુઈ | ૩૦ | ગાંગડીયા | ૫૧ | રઘીપુરા | ૭૨ | વાંકલ |
| ૧૦ | વાંકલવેલાવી | ૩૧ | દેધ્વાસસણ | ૫૨ | અંતરોલી | ૭૩ | નાનપારડી |
| ૧૧ | નાંઘેલા | ૩૨ | બામણીયા | ૫૩ | અમલસાડી | ૭૪ | સેલારપુર |
| ૧૨ | નાનીફળી | ૩૩ | વહેવલ | ૫૪ | મરોલી | ૭૫ | વસરાવી |
| ૧૩ | વડ | ૩૪ | બારતાડ | ૫૫ | કોલસાણા | ૭૬ | શાહ |
| ૧૪ | ચીતલદા | ૩૫ | અલગઢ | ૫૬ | સેવલાણ | ૭૭ | આંબાવાડી |
| ૧૫ | ઉમરપાડા | ૩૬ | કઢેયા | ૫૭ | બરડીપાડા | ૭૮ | કેસાલી |
| ૧૬ | ઉમરદા | ૩૭ | શેખપુર | ૫૮ | ચીમપાતલ | ૭૯ | નાનીપારડી |
| ૧૭ | ચીમીપાતલ | ૩૮ | વાંસકુઈ | ૫૯ | ચકરા | ૮૦ | ચરેઠા |
| ૧૮ | ચવડા | ૩૯ | કોશ | ૬૦ | નાનાસુતખડકા | ૮૧ | ગઠકાછ |
| ૧૯ | ખોડંબા | ૪૦ | નલધરાકાછલ | ૬૧ | ઉમરબોટ | | |
| ૨૦ | નવા ચકરા | ૪૧ | માછીસાદડા | ૬૨ | વેલાવી | | |
| ૨૧ | વાડી | ૪૨ | આંગલધરા | ૬૩ | ઉમરદા | | |

--------------

## પાટણ જિલ્લાની નવી સિંચાઈ યોજનાનો સર્વે

અતારાંક્તિ : ૧૧૩૬ (૨-૧૨-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લાની કઈ કઈ મોટી મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓ તેમજ નવી યોજનાઓ માટે સર્વે કરવામાં આવ્યા બાદ પડતર છે,

(૨) યોજનામાં વાર્ષિક કેટલો અંદાજ હતો,

(૩) યોજનાવાર કઈ કઈ યોજનાઓ મંજુર કર્યા બાદ કામો હાથ ધરવામાં આવ્યા નથી, અને

(૪) તેના કારણો શા છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૦૯) :

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં મોટી, મધ્યમ, નાની તેમજ નવી યોજનાઓ સર્વે કર્યા બાદ એકપણ પડતર નથી.

(૨) થી (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## પાટણ જિલ્લામાં ચેકડેમો બનાવવાની માંગણી

અતારાંક્તિ : ૧૧૩૭ (૨૪-૧૧-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલા ચેકડેમો ક્યા ક્યા ગામની નદી પર વર્ષ ૨૦૦૮-૦૯માં બનાવવાનું આયોજન છે,

(૨) ચેકડેમવાર કેટલો અંદાજીત ખર્ચ થનાર છે,

(૩) ચેકડેમવાર કઈ કઈ સંસ્થા, ઉદ્યોગ ગૃહ દ્વારા આ ચેકડેમો બનાવવામાં આવશે,

(૪) કઈ કઈ સંસ્થા દ્વારા મોટા ચેકડેમો બનાવવાની માંગણી કરી હતી, અને

(૫) તે પૈકી કઈ કઈ સંસ્થાની માંગણી ના મંજૂર કરવામાં આવી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૦૯) :

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ નદીઓ ઉપર ચેકડેમ બનાવવાનું વર્ષ ૨૦૦૮-૦૯નું આયોજન નહોતું પરંતુ નાના વાંકળા પર ૮૨૧ ચેકડેમો બનાવવા માટેનું આયોજન હતું.

(૨) ૮૨૧ નાના ચેકડેમો માટે રૂા. ૨૪૬૦.૦૦ લાખનો ખર્ચ થનાર હતો.

(૩) આ નાના ચેકડેમો ખેડુત લોકજુથો દ્વારા બાંધવામાં આવનાર હતા, સંસ્થા કે ઉદ્યોગ ગૃહોને ફાળવણી થયેલ નથી.

(૪) કોઈ સંસ્થા દ્વારા મોટા ચેકડેમો બનાવવા માટે માંગણી આવેલ ન હતી.

(૫) મોટા ચેકડેમો માટે માંગણી આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## સ્વજલધારા યોજના હેઠળ મંજૂર થયેલ કામો

અતારાંક્તિ : ૧૧૬૨ (૨-૧૨-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સ્વજલધારા યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) આ યોજના તા. ૩૦/૦૬/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર ક્યા પ્રકારની કેટલી રકમના કામો તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યાં,

(૩) મંજૂર કરેલ કામો પૈકી કેટલા કામ શરૂ કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ થયા, કેટલાના કમ્પલીશન સર્ટી આપવા બાકી છે,

(૪) આ યોજના માટે કેન્દ્ર સરકારે કેટલી રકમનું ક્યારે ફાળવણું કર્યું અને

(૫) તા. ૩૦/૬/૨૦૦૮ની સ્થિતિએ કેટલી રકમ બચત છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૩૦-૧-૨૦૦૯) :

(૧) તા. ૨૫-૧૨-૨૦૦૨

(૨) સ્વજલધારા કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત ટ્યુબવેલ, પંપીંગ મશીનરી, સંમ્પ, રાઈઝીંગ મેઈન, વિતરણ પાઈપ લાઈન, પંપ હાઉસ, હવાડા, સ્ટેન્ડ પોસ્ટ, વોંશિંગ ઘાટ વિગેરે કામો હાથ ધરવામાં આવેલ છે. તાલુકાવાર મંજૂર કરેલ યોજનાની વિગત * પત્રક-૧ માં સામેલ છે.

(૩) ૬૩૯ યોજનાના કામો શરૂ કરવામાં આવેલ, ૮૨ યોજનાના કામો પૂર્ણ કરવામાં આવેલ, ૫૧ યોજનાના કમ્પ્લીશન સર્ટી આપવાના બાકી છે.

(૪) નીચેની વિગતે.

| વર્ષ માટે | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૬૨.૫૩ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૭૬૫.૫૬ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૨૦૦૦.૦૯ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૨૧૬૩.૨૫ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૮૩૮.૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૫૦૩૬.૦૦ |
| **કુલ :** | **૧૧૯૬૫.૪૩** |

(૫) કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૨-૦૩ થી વર્ષ ૨૦૦૬-૦૭ સુધીની મળેલ ગ્રાન્ટની તમામ રકમ વપરાયેલ છે અને વર્ષ ૨૦૦૭-૦૮ માટેની તા. ૩૧-૩-૦૮ ના હુકમથી ફાળવવામાં આવેલ રકમ પૈકી રૂા. ૧૫૫૯.૦૦ લાખની બચત છે. (તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ)

(* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

## રાજ્યના જિલ્લાઓમાં મધ્યમ સિંચાઈ યોજનાનો મરામત ખર્ચ

અતારાંક્તિ : ૧૧૬૫ (૨-૧૨-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ, જુનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર, પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લાઓમાં મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ કેટલી આવેલી છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલી યોજનાઓની મરામત કામગીરી કરવામાં આવી,

(૩) યોજનાવાર વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૪) હજુ કેટલી યોજનાઓ રીપેર કરવી બાકી છે, કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૫) આ યોજનાઓ ક્યાં સુધીમાં રીપેર કરવાનું સરકારનું આયોજન છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૦૯) :

(૧) મોટી-૬ અને મધ્યમ-૬૭ સિંચાઈ યોજનાઓ આવેલી છે.

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં મોટી-૨ અને મધ્યમ-૪૩ સિંચાઈ યોજનાઓની મરામત કામગીરી કરવામાં આવી.

(૩) સામેલ **પત્રક** મુજબ

(૪) ૨૮ યોજનાનું મરામત પ્રગતિ હેઠળ છે. અંદાજીત ખર્ચ રૂા. ૪૦૪.૩૮ લાખ છે.

(૫) જુન "૦૯ સુધીમાં રીપેર કરવાનું આયોજન છે.

**પત્રક**

**યોજનાવાર વર્ષવાર ખર્ચ**

| અ.નં. | યોજનાનું નામ | ૨૦૦૬-૦૭નો ખર્ચ રૂા. લાખમાં | ૨૦૦૭-૦૮નો ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ભાદર | ૪૪.૨૧ | ૭.૫૫ |
| ૨ | મચ્છુ-૧ | ૧૮.૬૮ | ૧૦.૮૯ |

| અ.નં. | યોજનાનું નામ | ૨૦૦૬-૦૭નો ખર્ચ રૂા. લાખમાં | ૨૦૦૭-૦૮નો ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૩ | મચ્છુ-૨ | ૧૦.૬૩ | ૮.૯૧ |
| ૪ | બ્રાહ્મણી | ૧૬.૬૭ | ૦.૫૧ |
| ૫ | ઉન્ડ-૧ | ૧૩.૫૧ | ૧.૨૫ |
| ૬ | મોજ | ૭.૧૩ | ૪.૮૭ |
| ૭ | વેણુ-૨ | ૪.૩૪ | ૦.૧૯ |
| ૮ | ફોફળ-૧ | ૪.૭૭ | ૦.૫૩ |
| ૯ | આજી-૧ | ૧.૦૭ | ૦.૦૪ |
| ૧૦ | આજી-૨ | ૬.૫૨ | ૧.૬૩ |
| ૧૧ | આજી-૩ | ૩.૩૪ | ૧.૪૬ |
| ૧૨ | ડેમી-૧ | ૫.૩૬ | ૦.૧૫ |
| ૧૩ | છાપરવડી-૨ | ૮.૯૦ | ૯.૪૨ |
| ૧૪ | ડેમી-૨ | ૪.૪૩ | ૪.૬૧ |
| ૧૫ | ગોંડલી | ૧.૮૯ | ૦.૭૯ |
| ૧૬ | લીંબડી ભોગાવો-૧ | ૧૦.૭૬ | ૫.૨૦ |
| ૧૭ | વઢવાણ-ભોગાવો | ૧.૫૭ | ૦.૪૦ |
| ૧૮ | સબુરી | ૦.૦૫ | ૦.૦૭ |
| ૧૯ | સસોઈ | ૦.૪૮ | ૧.૦૦ |
| ૨૦ | સાની | ૩.૩૧ | ૦.૬૬ |
| ૨૧ | વર્તુ-૧ | ૦.૬૧ | ૦.૦૪ |
| ૨૨ | ફુલઝર-૧ | ૦.૨૮ | ૦.૩૫ |
| ૨૩ | સોરઠી | ૦.૫૧ | ૦.૧૦ |
| ૨૪ | લીંબડી-ભોગાવો-૨ | ૦.૦૦ | ૫૦.૨૮ |
| ૨૫ | ઉંડ-૨ | ૩.૦૧ | ૬૦.૫૧ |
| ૨૬ | વર્તુ-૨ | ૧૨.૪૦ | ૩.૦૬ |
| ૨૭ | રૂદ્રમાતા | ૧૫.૧૦ | ૫.૫૦ |
| ૨૮ | કાયલા | ૪.૨૧ | ૩.૩૩ |
| ૨૯ | નિરોના | ૪.૫૫ | ૪.૮૯ |
| ૩૦ | કંકાવટી | ૩.૨૭ | ૩.૧૫ |
| ૩૧ | સાનન્ધ્રો | ૧.૦૦ | ૧.૧૨ |
| ૩૨ | ગોધાતાડ | ૨.૨૧ | ૧.૭૧ |
| ૩૩ | નર ગજાણસર | ૪.૫૧ | ૨.૦૪ |
| ૩૪ | કાસ્વતી | ૧.૬૭ | ૧.૦૮ |
| ૩૫ | ફતેહગઢ | ૪.૮૦ | ૧.૬૦ |
| ૩૬ | સુવી | ૧.૯૦ | ૦.૬૮ |
| ૩૭ | ગજોડ | ૨.૪૭ | ૨.૭૫ |
| ૩૮ | કાળાઘોઘા | ૨.૭૫ | ૧.૬૨ |
| ૩૯ | જંગડિયા | ૫.૩૮ | ૨.૪૮ |
| ૪૦ | મથાલ | ૫.૪૧ | ૩.૫૩ |
| ૪૧ | ભુખી | ૬.૮૩ | ૪.૩૮ |
| ૪૨ | દોણ | ૩.૧૩ | ૧.૯૪ |
| ૪૩ | બેરચિયા | ૭.૫૨ | ૪.૪૬ |
| ૪૪ | ટપ્પર | ૧.૫૧ | ૧.૮૯ |
| ૪૫ | મિટ્ટી | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૬ | શેત્રુંજી | ૧૮૫.૪૩ | ૧૨૬.૯૩ |

| અ.નં. | યોજનાનું નામ | ૨૦૦૬-૦૭નો ખર્ચ રૂા. લાખમાં | ૨૦૦૭-૦૮નો ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૪૭ | રજાવળ | ૧૦.૯૮ | ૦.૭૨ |
| ૪૮ | ગોમા | ૪.૭૩ | ૪.૩૫ |
| ૪૯ | કાળુભાર | ૧૩.૮૦ | ૬.૯૧ |
| ૫૦ | માલણ | ૧૭.૭૦ | ૪.૭૨ |
| ૫૧ | રંધોળા | ૨૧.૫૨ | ૧૯.૭૨ |
| ૫૨ | રોજકી | ૧૧.૫૩ | ૪.૯૫ |
| ૫૩ | સુખભાદર | ૧૨.૪૨ | ૯.૯૧ |
| ૫૪ | ઘેલો | ૭.૨૬ | ૫.૭૪ |
| ૫૫ | રાવલ | ૧૨.૦૫ | ૯.૯૧ |
| ૫૬ | મચ્છુન્દ્રી | ૨૪.૯૯ | ૧૮.૯૪ |
| ૫૭ | આંબાજળ | ૧૧.૭૫ | ૫.૯૫ |
| ૫૮ | જાંઝેશ્રી | ૫.૦૮ | ૪.૦૦ |
| ૫૯ | ધ્રાફડ | ૧૩.૪૪ | ૭.૦૭ |
| ૬૦ | મધુવંતી | ૧૨.૮૪ | ૬.૨૪ |
| ૬૧ | ઓઝત આડબંધ | ૩.૪૫ | ૧.૭૬ |
| ૬૨ | ઉબેણ | ૩૭.૮૭ | ૬.૬૪ |
| ૬૩ | હિરણ-૧ | ૧૦.૭૧ | ૫.૪૮ |
| ૬૪ | હિરણ-૨ | ૪૭.૩૦ | ૩૨.૧૨ |
| ૬૫ | શિંગોડા | ૧૨.૨૯ | ૧૧.૪૫ |
| ૬૬ | અમીપુર | ૧૪.૨૬ | ૪.૦૯ |
| ૬૭ | કાલીન્દ્રી | ૨.૫૯ | ૧.૯૪ |
| **બધા જિલ્લાઓનો બધી યોજનાઓનો સરવાળો** | | **૭૫૬.૬૪** | **૫૨૨.૧૬** |

--------------

**રાજ્યનાં જિલ્લાવાર ચેકડેમોનો ખર્ચ**

અતારાંક્તિ : ૧૧૬૬ (૨-૧૨-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ચેકડેમો બનાવવા માટેની કેટલી અરજીઓ છેલ્લા ત્રણ વર્ષમાં આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરી, અને

(૩) તે પૈકી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ચેકડેમો બનાવવા માટેની સામેલ **પત્રક** મુજબ કુલ ૧૭૧૪૩ અરજીઓ આવેલી છે.

(૨) તે પૈકી ૧૩૧૭૪ અરજીઓ મંજૂર અને ૨૦૩૭ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) તે પૈકી રૂ. ૪૧૪૧૭.૪૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી અને રૂ. ૩૯૬૪૩.૩૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**પત્રક**

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત તા. ૩૦-૦૬-૦૮ની સ્થિતિએ આવેલ અરજીની વિગત**

| અ. નં. | જિલ્લો | ૩૦-૦૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પંચમહાલ | ૪૫૭૪ |
| ૨ | ખેડા | ૮૩ |
| ૩ | આણંદ | ૧૪ |

| અ. નં. | જિલ્લો | ૩૦-૦૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૪ | વડોદરા | ૧૨૫૦ |
| ૫ | દાહોદ | ૨૨૦૩ |
| ૬ | વલસાડ | ૨૫૯ |
| ૭ | ડાંગ | ૧૪૪ |
| ૮ | સુરત | ૭૮ |
| ૯ | તાપી | ૫૦ |
| ૧૦ | નર્મદા | ૬૫ |
| ૧૧ | નવસારી | ૧૫ |
| ૧૨ | ભરૂચ | ૫૦ |
| ૧૩ | અમદાવાદ | ૧૬૫ |
| ૧૪ | બનાસકાંઠા | ૧૮૫૫ |
| ૧૫ | સાબરકાંઠા | ૨૭૪૨ |
| ૧૬ | મહેસાણા | ૩૨૦ |
| ૧૭ | ગાંધીનગર | ૧૧ |
| ૧૮ | પાટણ | ૧૪૬૭ |
| ૧૯ | અમરેલી | ૩૭ |
| ૨૦ | ભાવનગર | ૪૫૫ |
| ૨૧ | પોરબંદર | ૧૦૮ |
| ૨૨ | જામનગર | ૩૯ |
| ૨૩ | રાજકોટ | ૪૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૭ |
| ૨૫ | જુનાગઢ | ૧૮૩ |
| ૨૬ | કચ્છ | ૯૨૨ |
| | કુલ (ગુજરાત) | ૧૭૧૪૩ |

---------------

## પાટણ જિલ્લામાં સહભાગી જળસંચય યોજના હેઠળ ચેકડેમોને નુકસાન

અતારાંકિત : ૧૧૭૪ (૨-૧૨-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારે વરસાદના કારણે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અને અન્ય યોજનાવાળા ક્યા ક્યા ચેકડેમોને કેટલું નુકસાન થયું,

(૨) આ ચેકડેમોની મરામત કામગીરી ક્યારે કરવામાં આવી અને ચેકડેમવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ ચેકડેમોની મરામત માટે કઇ કઇ સ્વૈચ્છિક સંસ્થાઓએ માંગણી કરી હતી અને તે પૈકી કઇ કઇ સંસ્થાની માંગણી મંજૂર કરવામાં આવી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨-૨-૨૦૦૯) :

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ

(૩) પત્રક-૩ મુજબ. કુલ ૨૦ સંસ્થા દ્વારા માંગણી કરવામાં આવેલ તે તમામ સંસ્થાને મંજૂરી આપવામાં આવેલ છે.

**પત્રક-૧**

| અ. નં. | તાલુકો | ગામ | નુક્સાનની અંદાજીત રકમ |
|---|---|---|---|
| ૧ | સમી | વરાણા | ૦.૫૩ |
| ૨ | સમી | રાફુ | ૦.૬૫ |
| ૩ | સમી | જોરાવરપુરા | ૦.૩૧ |
| ૪ | સમી | મોટા જોરાવરપુરા | ૦.૬૭ |
| ૫ | સમી | પાલીપુર | ૦.૭૪ |
| ૬ | સમી | બિલીયા | ૦.૬૧ |
| ૭ | સમી | મુબારકપુરા | ૨.૩૦ |
| ૮ | સમી | વાગોસણ | ૦.૨૫ |
| ૯ | સમી | ભામાથલ | ૦.૬૭ |
| ૧૦ | સમી | તારોરા | ૦.૩૮ |
| ૧૧ | સમી | મુજપુર | ૦.૩૮ |
**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, આપણા નિયમો પણ સ્પષ્ટ છે કે આમાં વિસ્તૃત માહિતી માગી શકાય નહીં અને વિસ્તૃત માહિતી આપી શકાય નહીં. વખતો વખતના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો પણ સ્પષ્ટ છે અને છતાં આપ જુઓ કે નિરોગી બાળ વર્ષ અંતર્ગત કામગીરી અંગે * (xxxx) જવાબમાં લખાયોલો છે અને અમે સામાન્ય ટૂંકી માહિતી માંગતા હોઈએ તો ટૂકી માહિતીમાં એમ કહે છે કે જુદો પ્રશ્ન પછો અને એમ કહીને પ્રશ્નો કાઢી નંખાય છે. આ વખતે આવા ૨૨૦૦ જેટલા પ્રશ્નો આ કારણોસર નીકળી ગયા છે. તો જે રીતે જવાબ અપાય છે, જે આ પરંપરા છે એ આપ ચાલુ રાખવાના હો તો પણ મને વાંધો નથી અને જો જૂની પ્રણાલિકા આપણી જે છે કે પ્રશ્નો છે એના જવાબ મુદ્દાસર અને ટૂંકા હોવા જોઈએ, આખો (xxxx) લખાય એવા નહીં એવી પ્રણાલિકા છે એ ચાલુ રાખવાના હોય તો પણ વાંધો નથી. તો આ બાબતમાં આપ સ્પષ્ટતા કરીને માર્ગદર્શન ટ્રેઝરી બેંચને આપો એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : મેં આ બાબતમાં માર્ગદર્શન આપેલ જ છે. પહેલો પ્રશ્ન એ છે કે અમે જયારે પ્રશ્ન દાખલ કરીએ છીએ ત્યારે વિસ્તૃત માહિતી આ પ્રશ્નના જવાબમાં આવવાની છે કે નહીં એ નકકી થતું નથી. પછી ટ્રેઝરી બેંચ ઉપરથી વિસ્તૃત માહિતી આવવાની હોય તો એમની વિનંતી યોગ્ય હોય તો સ્વીકારીને એ પ્રશ્નને અતારાંકિત કરીએ છીએ. જે માહિતી અપાય છે એમાં પણ જોયું છે કે અત્યારસુધી જે કોઈ વિસ્તૃત માહિતી આપી છે તે ચાર પાના સુધીની હોય તો જ પ્રશ્નોનો જવાબ સ્વીકારીએ છીએ અને નહીં તો ફરીથી ટૂંકી માહિતી આપવાનું જણાવીએ છીએ. એટલે આ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ચાર પાના સુધી વાંધો નથી, પરંતુ સ્ટેટમેટ સ્વરૂપમાં હોય તો કાપી ના શકાય એ વાત બરાબર છે, પરંતુ અહીં તો * (xxxx) લખાયેલો છે અને પછી આ જ કારણોસર અમારા પ્રશ્નો આ વખતે ૨૨૦૦ જેટલા નીકળી ગયા છે. આ બાજુ કે પેલી બાજુ બધાના પ્રશ્નો આ રીતે નીકળી ગયા છે. આખું સ્ટેટમેન્ટ હોય અને એ ચાર ના બદલે પાંચ પાના હોય તો પણ વાંધો નથી, પરંતુ આ તો * (xxxx) લખાયેલો છે એ બાબતમાં અમારો વાંધો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપે જે પ્રશ્ન કર્યો એનો મેં જવાબ આપ્યો છે. કોઈપણ પ્રશ્નનો જવાબ મંત્રીશ્રીએ કેવી રીતે આપવો એ અંગે માર્ગદર્શન હોતું નથી. નિયમોની મર્યાદામાં તેમણે જવાબ આપવાનો હોય છે. પ્રશ્ન
દાખલ કરતી વખતે વિસ્તૃત માહિતી આવશે કે કેમ? તે નકકી હોતું નથી, પ્રશ્નનો જવાબ આવ્યા બાદ ચાર પાના સુધીની માહિતી હોય તો એ યાદીમાં છાપવાની પ્રણાલિકા છે. એટલે આ કોઈ (xxxx) શબ્દ આપ વાપરો તો એ સારો શબ્દ નથી. એટલા માટે હું ફરીથી કહું છું કે આપ આપના પ્રશ્ન અંગે મારી પાસે રજૂઆત કરવા આવ્યા હતા ત્યારે મેં આપને સાંભળ્યા છે.એટલે વિસ્તૃત માહિતી ચાર પાના સુધી આપણે સ્વીકારીએ છીએ, ચાર પાનાથી વધારે હોય તો સ્વીકારતા નથી એ આપની જાણકારી માટે કહું છું.

# શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### નવી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ જૂન ૨૦૦૯થી શરૂ કરવા અંગે

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષોમાં કન્યા કેળવણી પ્રવેશોત્સવના કારણે જનજાગૃતિથી ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ હવે પ્રાથમિક શાળામાં ભણવા બેસે છે અને ડ્રોપ આઉટ રેટ ઘટવાથી ૯૦ ટકા વિદ્યાર્થીઓ ધોરણ-૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે. કન્યા કેળવણીના સફળ અમલીકરણને કારણે પ્રાથમિક શિક્ષણને વેગ મળેલ છે, તેથી હવે માધ્યમિક શિક્ષણના વ્યાપની જરૂરિયાત ઉભી

---

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

થઈ છે. રાજયમાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉભી કરવાના પ્રવર્તમાન ધોરણોમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તેવી જ રીતે રાજયના એવા તાલુકા કે જયાં એક પણ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા ન હતી તેવા વિસ્તારોમાં નવી સરકારી શાળા ખોલવાની બાબત પણ સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

તાજેતરમાં રાજય સરકાર દ્વારા નવી શાળા શરૂ કરવા અંગેના અગાઉ નકકી કરવામાં આવેલા નોર્મ્સમાં સુધારો કરવાનો નિર્ણય લીધેલ છે. હવે નવા નોર્મ્સ મુજબ સમગ્ર રાજયમાં સામાન્ય વિસ્તાર અને આદિવાસી વિસ્તારમાં ૦૫ કિ.મી.ના અંતરે માધ્યમિક શાળા, આદિવાસી વિસ્તારમાં ૦૭ કિલો મિટરના અંતરે ઉચ્ચતર માધ્યમિક શાળા અને સામાન્ય વિસ્તારમાં ૧૦ કિલો મિટરના અંતરે ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાનો નિર્ણય કરેલ છે. શહેરી વિસ્તારોમાં નવી શાળા મંજૂર કરવા માટે ત્રિજયાલક્ષી નોર્મ્સ ઉપરાંત ખાસ કરીને નવા વિકસતા વિસ્તાર અને પછાત એરિયાને અગ્રીમતા આપવાનો પણ નિર્ણય લેવાયેલ છે. અંતરિયાળ આદિવાસી વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશોમાં ત્રિજયાલક્ષી અંતરના નોર્મ્સને આધારે નવી શાળાની મંજૂરીને વળગી રહેવાને સ્થાને જે તે વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિને અનુલક્ષી વધારે વ્યવહારિક દ્રષ્ટિબિંદુ અપનાવવાનો પણ રાજય સરકારે નિર્ણય કરેલ છે. શાળાઓની મંજૂરીમાં કન્યા કેળવણી અને ખાસ કરીને વિજ્ઞાન પ્રવાહ ઉપર વધારે ઝોક આપીને માધ્યમિક શિક્ષણનો વ્યાપ સાર્વત્રિક કરવાનો નિર્ણય કરેલ છે, જેની જાણ આ સભાગૃહને કરતાં મને આનંદ થાય છે.

ચાલુ વર્ષ ૨૦૦૮ના અંદાજપત્રમાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી શાળાઓ ખોલવા માટે મંજૂરી અપાયેલ છે. આ નવી શાળાઓ માટેનું સ્થળ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. આ નવી શાળાઓ કયા વિસ્તારમાં ખોલવી તે માટે સરકારે બાઈસેગ સંસ્થાની મદદ લઈ એવા વિસ્તારોની યાદી તૈયાર કરેલ. મને એ કહેતાં આનંદ થાય છે કે જયાં આપણા ધારા ધોરણો મુજબ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ન હતી તેવા ૨૪૦ સ્થળોને આવરી લઈ કુલ ૧૩૧ માધ્યમિક શાળા તેમજ ૬૯ સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા અને રાજયના એવા તાલુકા કે જયાં એક પણ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા ન હતી તેવા તાલુકાઓને અગ્રીમતા આપી ૪૦ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જુન-૨૦૦૯ થી શરૂ કરવા નિર્ણય લેવામાં આવેલ છે. જે પૈકી વિસ્તાર મુજબ શાળાઓની સંખ્યાની માહિતી આ પ્રમાણે છે.

| વિસ્તાર | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા | |
|---|---|---|---|
| | | **સામાન્ય પ્રવાહ** | **વિજ્ઞાન પ્રવાહ** |
| આદિજાતિ | ૫૬ | ૧૦ | એક પણ તાલુકો બાકી નથી. |
| બિન આદિજાતિ | ૧૦ | ૨૪ | ૨૭ |
| અતિ પછાત તાલુકા | ૫૩ | ૨૧ | ૦૪ |
| સાગર ખેડૂ વિસ્તાર | ૧૨ | ૧૪ | ૦૯ |

છેલ્લા ઘણા વર્ષોમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ થઈ રહી છે, જે શિક્ષણ અને કન્યા કેળવણીને વેગ આપવાના રાજયના હેતુ સાથે સુસંગત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. પહેલી બાબત એ છે કે અમુક એવા વિસ્તારો છે કે જ્યાં આપની ગ્રાન્ટ વગરની શાળાઓ શરૂ થઈ હતી હવે એને ગ્રાન્ટેબલમાં કન્વર્ડ કરીશું એવી જાહેરાત થઈ હતી પરંતુ એની જોગવાઈ થઈ નથી. એવા વિસ્તારો કે જે પછાત વિસ્તારો છે જ્યાં ગ્રાન્ટ વગર અથવા ૧૦ અને ૧૨ની ગ્રાન્ટ વગરની શરૂ થઈ હોય એ ચલાવવી મુશ્કેલ હોય એને ગ્રાન્ટેબલ કરવા માગો છો કે કેમ? આ નવી શાળાઓ શરૂ કરવાની જાહેરાત કરી એ કયા સત્રથી શરૂ કરવામાં આવશે અને એમાં એડમીશન કયા સત્રથી મળશે?

**શ્રી રમણલાલ વોરા** : આ બંને વિષયો સ્પષ્ટ છે અને એ અંગે મેં જાહેરાત કરી છે. સરકારી શાળાઓની છે. એમનો વિષય એ બાકીનો વિસ્તાર બાકી છે જ્યાં નૉન ગ્રાન્ટેબલ શાળા છે તો બજૅટમાં નૉન ગ્રાન્ટેબલ શાળાઓને ગ્રાન્ટેબલ કરવાનું પ્રોવિઝન રાજય સરકારે કરેલું છે એ પણ અમે આગામી દિવસોમાં કરવાના છીએ. પરંતુ જે ૨૪૦ શાળાઓની વાત કરી એ શાળાઓ આગામી નવા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવશે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (ગ્રામ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા, તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી દિલીપ સંઘાણી ( પશુપાલન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ

અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આ નિગમને જરા કહેજો કે ઘણાં વર્ષો પાછળ ચાલે છે. ૨૦૦૪-૨૦૦૫નું વર્ષ ચાલે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની લાગણી સાથે સંમત થાઉં છું.

**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**ડૉ. માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૦૮-૨૦૦૯નું અંદાજપત્ર**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૦૮-૨૦૦૯નું અંદાજપત્ર અને સન ૨૦૦૭-૨૦૦૮નું સુધારેલ અંદાજપત્ર અને સન ૨૦૦૯-૨૦૧૦નું અંદાજપત્ર તથા સન ૨૦૦૮-૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર તેમજ આ અંદાજપત્રોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્રો તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વિધુત નિયંત્રક આયોગનો વાર્ષિક હિસાબો**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની

સન ૨૦૦૫ના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧૭-૧૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીવીકે-એનઆરઈજીએ-૧૪૧૧- ૦૬-એસએફએસ-૧૭-(૪૪)-ખ.૨

(૨) તા. ૧૯-૧૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીવીકે-એનઆરઈજીએ- ૩૦૨૧- ૦૬-એસએફએસ-૪૯-(૪૫)-ખ.૨ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની

સન ૨૦૦૭ના ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ ) અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૮-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક- જીપી-૧૩-એમસીજી-૧૦૦૮- ૯૩૧-જે

(૨) તા.૨૮-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૪-એમસીજી-૧૦૦૮- ૧૪૬-જે

(૩) તા.૨૮-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૫-એમસીજી-૧૦૦૮- ૧૪૬-જે

(૪) તા. ૨-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-એમસીજી-૧૦૦૮-૯૩૧ -જે

(૫) તા.૧૭-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૬-એમસીજી-૧૦૦૮- ૫૮૭-જે

(૬) તા.૪-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૭-એમસીજી-૧૦૦૭- ૧૯૦૦-જે

(૭) તા.૨૨-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીપી-૨૩-એમસીજી-૧૦૦૮ - ૯૩૧-જે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજયુકેશન કોલેજીસ ઓર ઈન્સ્ટીટયુશન્સ અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧૮-૧૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એસએચ-૨૭- ૨૦૦૮ પીવીએસ-૧૦-૨૦૦૬-૩૧૮૫-એસ

(૨) તા.૨૭-૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એસએચ-૧-૨૦૦૯- પીવીએસ-૧૦૨૦૦૮-૧૩૧૭-એસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉધોગ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની -

(૧) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા.૧૧-૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૦૯ (૧૨) જીઆઈડી- ૧૦૨૦૦૬- ૩૧૧૭-જી

(૨) સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની તા.૧૨-૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૦૯(૧૩) જીઆઈડી - ૧૦૨૦૦૬ -૩૧૧૭ -જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**કાયદા વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના કાયદા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કાયદા વિભાગની-

(૧) સન ૧૯૯૫ ના વકફ અધિનિયમ અન્વયેની તા. ૬-૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીકે-૬-૨૦૦૮-વકફ-૨૦૦૭-એચ-૫૭-ઈ

(૨) સન ૧૯૫૦ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ અન્વયેની તા. ૧૮- ૧૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક- જીકે-૫૭-૨૦૦૮-બીપીટી- ૨૦૦૬ -૧- ૭૬૭-ઈ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ અન્વયેની તા. ૮-૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- પીટી-૨૦૦૯-૧-એમવીડી-૧૦૨૦૦૯-જીઓઆઈ-૨-ખ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

**શ્રી કાળુભાઈ વીરાણી(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(સમિતિના પ્રમુખશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન- સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી કાળુભાઈ વીરાણી(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી જીતેન્દ્રધભાઈ સુખડીયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે તા. ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૯ ના રોજ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ થયો છે અને માનનીય સભ્યશ્રી હર્ષદભાઈ વસાવાએ જેને અનુમોદન આપ્યું છે એ નીચે મુજબ છેઃ-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ." માનનીય સભ્યશ્રી અનિલભાઈ પટેલ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના બંધારણીય વડા મહામહીમ રાજયપાલશ્રી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જે સંબોધન કર્યુ એના માટેનો આભાર પ્રસ્તાવ લઈને આ સભાગૃહના સભ્ય માનનીયશ્રી પ્રફુલભાઈ પટેલ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદીની શરૂઆત એ ગુજરાત રાજય માટે એક મહાવિનાશક ધરતીકંપથી જે શરૂઆત થઈ અને એ સમયે જયારે એમ લાગ્યું કે ગુજરાતનું અર્થતંત્ર એ કયારેય બેઠું થશે એના માટેની ચિંતા જયારે સૌ કોઈને સતાવતી હતી ત્યારે જે પ્રકારનું આયોજન છેલ્લા ૮ વર્ષમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું શાસન આવ્યા પછી જે કામગીરી થઈ એનો અહેવાલ એ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાંથી નજરે પડે છે. રાજયની જે શકિતઓ છે એ જળશકિત, એ ઉર્જાશકિત, એ જ્ઞાનશકિત, એ રક્ષાશકિત અને જનશકિતને ઉજાગર કરીને આ રાજયના અર્થતંત્રને વિકસાવવા માટે રાજયની જનતાના કવોલીટી ઓફ લાઈફને સતત સુધારણા કરવા માટે જે આયોજનો કરવામાં આવ્યા એમાંનું જો સૌથી મહત્વનું આયોજન હોય તો એ વાઈબ્રંટ ગુજરાત ઈન્વેસ્ટમેંટ સમીટ. ૨૦૦૩માં

**સભાપતિશ્રી દોલતરાય ના દેસાઈ અધ્યક્ષસ્થાને**

જયારે સૌપ્રથમ આપણે વાઈબ્રંટ ગુજરાત ઈન્વેસ્ટમેંટ સમીટ કરવામાં આવી ત્યારે ૨૦૦૩માં જે ૬૬હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને એના કારણે સમગ્ર રાજય પ્રત્યેની રોકાણકારોની દ્રષ્ટિ બદલાઈ ત્યારે એમ કહી શકાય કે ગુજરાત એ તાત્કાલિક આર્થિક ક્ષેત્રની અંદર બેઠું થવાની એની પ્રક્રિયા શરૂ થઈ. ૨૦૦૫માં ફરીથી જયારે વાઈબ્રંટ ગુજરાત સમીટ થઈ ત્યારે એનાથી બમણા કરતાં પણ વધારે મૂડીરોકાણો માટેની જે ઓફરો આવી એના કારણે ગુજરાત રાજયે બેઠા થઈને ચાલવાની શરૂઆત એ ૨૦૦૫માં કરી એમ કહું તો અસ્થાને નહીં ગણાય. ૨૦૦૭માં જયારે મૂડીરોકાણો માટે ૬ લાખ કરોડ રુપિયા કરતાં પણ વધારે મૂડીરોકાણો માટેની ઓફરો આવી ત્યારે આ રાજય એ આર્થિક ક્ષેત્રે બેઠું થઈને માત્ર ચાલવાનું જ નહીં પણ એણે દોડવાનું શરૂ કર્યુ એમ કહી શકાય અને ૨૦૦૯ની જે વાઈબ્રંટ ગુજરાત ઈન્વેસ્ટમેંટ સમીટ થઈ એની અંદર ૪૦ કરતાં પણ વધારે દેશોના પ્રતિનિધિઓ અહીં આવ્યા, અનેક દેશોના બંધારણીય વડાઓ એમાં ઉપસ્થિત રહયા અને જે પ્રકારનું વાતાવરણ અને જાપાન જેવા પાર્ટનર દેશોને સાથે રાખીને જે કામગીરી થઈ એના કારણે ૧૨ લાખ કરોડ રુપિયાના મૂડીરોકાણો આ રાજયની અંદર આવવા માટેના એમ.ઓ.યુ. થયા એના કારણે આ દેશ, આ રાજયના અર્થતંત્રે જેને કહેવાય કે માત્ર બેઠું થઈને ચાલવાનું કે દોડવાનું નહીં,પણ ઊંચી ઉડાન ભરવા માટેની ક્ષમતા આ વાયબ્રન્ટ ગુજરાત સમિટ મારફતે આ રાજ્યે પ્રાપ્ત કરી છે અને ૨૫ લાખ જેટલી રોજગારીનું સર્જન કરવા માટેની નેમ ધરાવતું આ જે ઈન્વેસ્ટમેન્ટ સમિટ છે એના કારણે આ રાજ્યની આવતી પેઢીના દરેક યુવાનને સ્વરોજગારી મળે અને એના જીવનની ગુણવત્તામાં સુધારો થાય એ પ્રકારનું આયોજન આમાંથી ફલિત થાય છે. જ્યારે ૨૦ સદીના પાછલા ભાગમાં એશિયન કન્ટ્રીઝ તાઈવાન અને સાઉથ કોરિયા જેવા દેશો પ્રગતિ કરતા હતા ત્યારે એને એશિયન ટાઈગર્સ તરીકે ઓળખવામાં આવતા હતા. મને લાગે છે કે ૨૧મી સદીનું ગુજરાત રાજ્ય એ એશિયન લાયન તરીકે ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ કરવા તરફ જઈ રહ્યું છે. આ બધી કામગીરી કરવા માટે રાજ્ય સરકારે જે આયોજનો કર્યા છે, એ પછી ગેસ ગ્રીડ સિસ્ટમ હોય તો ૩૦૦૦ કિલોમિટરથી વધારે દક્ષિણ ગુજરાતથી લઈને છેક ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોરબી અને કચ્છ સુધી અને હિંમતનગર સુધી ગેસની પાઈપ લાઈન દ્વારા રાજ્યના ઉદ્યોગોને ગેસ આપવા માટેનું આયોજન કર્યું અને આખા દેશના બે એલ.એન.જી. ટર્મિનલ જે આપણા રાજ્યના બંદરોએ આવેલા છે એના મારફતે આયાતી ગેસને પણ આ ઉદ્યોગો માટે પહોંચાડવાનું કામ આ સરકારે કર્યું છે. એની સાથોસાથ ઉર્જા ક્ષેત્રે નવા ઉર્જાના સ્ત્રોતો ઊભા કરીને જે આપણી ડૅફિસિટ છે એને ઘટાડીને આવતા દિવસોમાં ગુજરાત વીજ ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ બને એ પ્રકારનું આયોજન પણ આ રાજ્ય સરકારે કર્યું છે. બંદર આધારિત વિકાસ, ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો ધરાવતા આપણા આ રાજ્યે એના બંદરો છે એની અંદર પી.પી.પી.ના અભિગમથી જે કામગીરી કરીને અત્યારે, કદાચ પહેલા બંદરોના વિકાસ માટે આપણે પ્રોત્સાહનો આપવા પડતા હતા એની સામે અત્યારે એના માટે નૅગેટિવ બીડ આવે એ પ્રકારની ફેસિલિટી અને એ પ્રકારની ગુજરાતની પ્રતિષ્ઠા અને બંદરોનો વિકાસ જોઈને બંદરોની વાયેબિલિટી વધી છે. જેના કારણે ખાનગી વિકાસકારો આ બંદરોના વિકાસ માટે અહીં આવી રહ્યા છે. માત્ર શીપ બ્રેકીંગ ઉદ્યોગ હતો એમાં શીપ બિલ્ડીંગ અને શીપ રિપેરના

ઉદ્યોગો પણ આ રાજ્યમાં શરૂ થાય એના માટેના અનેકવિધ પગલાં આ રાજ્ય સરકારે બંદરોના વિકાસ માટે કર્યા છે. એના કારણે આવતા દિવસોમાં સમુદ્ર તટે વસતા ભાઈઓ છે એને રોજગારીની અમાપ તકો ઊભી થવાની પૂરેપૂરી સંભાવના છે. સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન અને સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયન જોઈએ તો દેશમાં સૌથી પ્રથમ સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન માટેનો એક વિશિષ્ટ કાયદો બનાવવાની આ રાજ્ય સરકારે જે પહેલ કરી અને ૫૦ કરતા વધારે સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનનું આયોજન  આપણા રાજ્યમાં કરવામાં આવ્યું. જેના અંદર લેબર લેબર ઈન્ટેન્સીટી એપરલ પાર્ક, એ ડાયમન્ડ અને જ્વેલરી માટેના સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન શરૂ કરવા માટેની પહેલ રાજ્ય સરકારે કરી છે અને આખા દેશનો સૌથી મોટો સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન જે ૩૦૦૦ હેકટર કરતા પણ વિશેષ વિસ્તાર ધરાવતો ઝોન પણ આપણા રાજ્યમાં આવ્યો છે. બીજા અનેક રાજ્યોમાં જમીન અંગેના વિવાદો ઊભા થયા ત્યારે એક માત્ર ગુજરાતની જે ઔદ્યોગિક નીતિ હતી એના કારણે સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનનો વિકાસ આપણા રાજ્યમાં આ સરકારે એ રીતે કર્યો કે ભારત સરકારે પણ અન્ય રાજ્યોને એમ કહેવું પડ્યું કે સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન માટે ગુજરાતનું જે મોડેલ છે એને અનુસરવું એ વિશેષ હિતાવહ ગણાશે. આ રીતે જ્યારે સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન મારફતે લાખો રોજગારીનું સર્જન કરવાની દિશામાં પ્રયાણ કર્યું છે ત્યારે એનું પ્રતિબિંબ પાડતું પ્રવચન મહામહીમ રાજ્યપાલશ્રીએ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કર્યું છે. આવતા આયોજનો છે એમાં સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયનનો વટહુકમ અને સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયનનું વિધેયક ચાલું સત્રમાં આવી રહ્યું છે. એ પણ યુનિક, આખા દેશમાં ફક્ત પ્રથમ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયનનો એક્ટ ગુજરાત પસાર કરી રહ્યું છે. હજુ ભારત સરકારે પણ જે એસ.આઈ.આર. એકટ પસાર નથી કર્યો. ત્યારે આ ગુજરાત રાજ્ય દ્વારા શુભ શરૂઆત થઈ રહી છે અને એની અંદર લગભગ ૩૬૦ ચો.કિ.મી. જેટલા વિસ્તારના જુદા જુદા ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગ સહિત લગભગ ૬ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન કરવા માટેનું આયોજન એ આ રાજ્ય સરકારે કર્યુ છે અને આ આયોજન જ્યારે સંપૂર્ણપણે કાર્યરત થશે ત્યારે  જેમ ચાઈનાની અંદર ચેંન્જેન કે બીજા દુબઈ વગેરેના એ ઔદ્યોગિક વિસ્તારો છે એ પ્રકારનો વિસ્તાર આપણા ગુજરાતની અંદર એક નહિ પણ ૬ - ૬ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ઊભા થશે જેમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ સહિતની વૈશ્વિક કક્ષાની સુવિધાઓથી આ સ્પેશ્યેલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન સજ્જ હશે અને આ જ્યારે થશે ત્યારે હું જે કહું છું કે આ ગુજરાત રાજ્ય એ એશિયન ટાયગર કરતા પણ એક ડગલું આગળ વધીને સમગ્ર વિશ્વના, સમગ્ર એશિયાના એશિયન લાયન તરીકે ઔદ્યોગિક ક્ષેત્રે પોતાનું સ્થાન એ પ્રાપ્ત કરવાનું છે. આ રીતે GIFTR CITY, ECPR અને આ વખતે જે વિશેષ કામગીરી કરવામાં આવી એ Small and medium scale entrepreneurs ક્ષેત્ર જે ૨૦૦૯નું જે વાયબ્રન્ટ ગુજરાત સમિટ હતી એમાં જે એમ.ઓ.યુ. થયા. એમાં ૫૦૦૦ કરતા પણ વધારે લઘુ અને મધ્યમ ક્ષેત્રના ઉદ્યોગો માટેના થયા છે અને એના કારણે એ ઉદ્યોગો પાસે વધારે રોજગારી સર્જન કરવાની જે ક્ષમતા છે એને લઈને small and medium scale enterprises ક્ષેત્રને પણ રાજ્ય સરકારે વિશેષ મહત્ત્વ આપી અને વાયબ્રન્ટ ગુજરાત સમિટની અંદર આપણે એની પણ કામગીરી અને એગ્રી બિઝનેસની કામગીરી પણ એની અંદર આપણે લઈ શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર ટીકાત્મક સ્વરૂપે એમ કહેવામાં આવે છે કે આ રાજ્યના મુખ્યમંત્રી ફેશનેબલ કપડાં પહેરે છે, ઈમ્પોર્ટેડ પેન વાપરે છે એને ગરીબો માટેની સંવેદનશીલતા નથી. મારે એ કહેવું છે કે ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત સમિટ પછી જ્યારે કરોડપતિઓ કે અબજોપતિઓ સાથે એ કરોડપતિઓ કે અબજોપતિઓ માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે હાથ મિલાવવા માટે આતુર હતા ત્યારે ૧૨-૧૩ જાન્યુઆરી પછી ૧૪મી જાન્યુઆરીએ આ ગાંધીનગરના ગરીબ અને નિરાધાર બાળકોને પતંગ અને દોરી આપતી વખતે એમણે જે પ્રવચન કર્યુ હતું  કે આપણે આ વાયબ્રન્ટ ગુજરાતમાં કરોડપતિઓને એટલા માટે બોલાવીએ છીએ કે એના દ્વારા રાજ્યની તિજોરીને જે આવક થાય એ આવકમાંથી આપણે આ રાજ્યના ગરીબ અને નિરાધાર માણસો માટે આયોજનો કરવા માગીએ છીએ અને એના માટે થઈને આ કામગીરી કરીએ છીએ. એટલા માટે એ જે સંવેદનશીલતા છે એ નીરોગી બાળ યોજનાની અંદર આપણને દેખાઈ આવે છે. એ સંવેદનશીલતા ચિરંજીવ યોજના મારફતે જે રાજ્યના બાળકોને જન્મવા માટેનો જે મૃત્યુ દર છે એને ઘટાડવા માટેની જે યોજના છે એની અંદર દેખાઈ આવે છે. એ સંવેદનશીલતા માતૃવંદના યોજનામાંથી દેખાઈ આવે છે. એ સંવેદનશીલતા કન્યા કેળવણી અને માતૃશકિતનું સશકિતકરણ કરવાના આયોજનો આ રાજ્યની અંદર સન્માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યા છે એના મારફતે એ દેખાઈ આવે છે જેમને આ સંવેદનશીલતા ના દેખાતી હોય એમના માટે મારી પાસે કોઈ શબ્દો નથી કે આ રાજ્ય સરકારે આ રાજ્યના ગરીબ અને નિરાધાર લોકો માટેના આયોજનની અંદર રાજ્યના અર્થતંત્રના વિકાસની જે આપણી શકતિ છે એને એક તરફ વાળવાનું જે કામ કર્યુ છે એ માટેનો હેવાલ લઈને મહામહીમશ્રી જ્યારે આ સભાગૃહ સમક્ષ એ પ્રવચનની અંદર એ વાતનો ઉલ્લેખ છે ત્યારે એમના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવને માટે હું પ્રફુલભાઈના પ્રસ્તાવને મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સભ્ય ભાઈશ્રી પ્રફુલભાઈ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઇતિહાસમાં એવા કેટલાક દુ:ખદ બનાવોની નોંધ આપણે ઇચ્છતા ન હોય તો પણ લેવી પડે છે. આ ગુજરાતના મહામહિમ રાજયપાલશ્રી જ્યારે આ ગૃહને સંબોધન કરી રહ્યા હતા ત્યારે જે પ્રકારની પરિસ્થિતિ ગૃહમાં સર્જવામાં આવી એ કયારેય ગુજરાતની સંસ્કૃતિ સાથે સુશોભિત નહતી.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વાત એટલા માટે કરવી પડે છે કે, વારે ઘડીએ સંસદીય પ્રણાલિની વાત કરનારાઓ, સંસદીય પ્રણાલિ માટે શબ્દોના સાથિયા પૂરનારાઓને આ ગૃહમાં મેં જોયા છે. માનનીય અધ્યક્ષશ્રી મારે આગળ જવું નથી, ભૂતકાળમાં હું જઈશ તો આ માઈક તોડનારા કોણ હતા એના પણ દાખલા અહીંયા નોંધાયેલા છે, પણ મારે આ વાત અહીંયા પૂર્ણ કરીને મારે જે વાત કરવી છે કે, ગુજરાતમાં અત્યારે એવી વ્યકિતનું શાસન છે, ગુજરાતમાં અત્યારે એવી વ્યકિતના શાસન હેઠળ ગુજરાતના વિકાસની પ્રક્રિયાની શરૂઆત થઈ છે કે નાનામાં નાના માણસની મુશ્કેલી, ગામડામાં બેઠેલા માણસની મુશ્કેલી, ગામડાઓમાં બેઠેલા માણસોની સમસ્યાઓ, એ સમસ્યાઓને જાણીને એના નિકાલ કરવાની વાત આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી કરી રહ્યા છે ત્યારે હું એટલું કહીશ કે પુરાતન કાળમાં આપણે વીર વિક્રમાદિત્યની વાતો સાંભળી હતી, અકબર અને બિરબલની વાતો પણ સાંભળી હતી , સયાજીરાવ ગાયકવાડની વાતો પણ આપણે સાંભળી હતી અને એ સંજોગોમાં ગામડાના ખેડૂતોની મુશ્કેલી, ગામડાના લોકોની સમસ્યાઓના નિકાલ કરવાનું કામ આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી કરી રહ્યા છે ત્યારે એને હું પરદુ:ખ ભંજન કહેવામાં પણ મને કયાંય ખચકાટ થતો નથી. મને એટલા માટે આનંદ થાય છે કે, આજે ગુજરાતના લોકોની સમસ્યાઓ જાણીને એના નિકાલ કરવાના પ્રયત્નો આજે અહીંયા થઈ રહ્યા છે. ગ્લોબલ સમિત એનાથી થનારું ઔદ્યોગિક મૂડીરોકાણ, એનાથી થનારી રોજગારીની તકો આ બધું આગામી દિવસોમાં ગુજરાતના વિકાસને માટે, ગુજરાતના લોકોની મુશ્કેલીઓના નિરાકરણ માટેના પ્રયત્નો થઈ રહયા છે ત્યારે હું તો ત્યાં સુધી કહીશ કે, વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે. સામાન્ય માણસની પીડાનો નિકાલ કરવાના પ્રયત્નો આ સરકાર દ્વારા જ્યારે થઈ રહ્યા છે ત્યારે ખાસ કરીને જ્યારે અહીંયા ઉલ્લેખ થયો હમણાં શ્રી જયનારાયણભાઈએ એમના પ્રશ્નમાં ૧૦૮ની ગાડીનો ઉલ્લેખ થતો હતો, મારા વિસ્તારમાં, મારે મોટાભાગે લાંબી જર્ની મારી રહી છે અને એવા સંજોગોમાં જ્યારે એક ગામડામાંથી હું પસાર થઈ રહ્યો હતો ત્યારે સામાન્ય નાના ગામડાઓમાં કયા પ્રકારની માનસિકતા છે લોકોની? એક અકસ્માત થાય છે પછી અમે જ્યારે જઈએ છીએ ત્યારે અમને કહેવામાં આવે છે કે, આત્મારામભાઈ સરસ મજાની સુવિધા હતી. એટલે અમે કહીએ ભાઈ ૧૦૮ આવી હતી? તો કહે કે, ભાઈ ૧૦૮માં અમને સમજ ન પડે, અમને એટલો ખ્યાલ આવે કે અમે ફોન કર્યો અને મોદી ગાડી આવી હતી . આ વાત ગુજરાતના ગામડાઓમાં પકડાઈ ગઈ છે, એટલે આ ૧૦૮ની જે વાત છે, એમણે વાત કરી કેન્દ્ર સરકારની ભાઈ તમે તમારે જ્યાં કરવી હોય ત્યાં કરો પણ અહીંયા તો કશું થતું નથી તમારાથી . કારણ કે, ગુજરાતની પ્રજાએ તો તમને તમારું સ્થાન બતાવી દીધું છે. તમારી કેટલી તાકાત છે કેટલી કેપેસીટી છે એ તો એક વર્ષ પહેલાં બતાવ્યું અને હમણાં તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પણ થોડું ઘણું હતું એ પણ વાળીને સાફ કરી નાખ્યું છે. અને આ પ્રકારની પરિસ્થિતિ અત્યારે માનનીય અધ્યક્ષશ્રી આગામી દિવસોમાં ગુજરાતના વિકાસ માટેના જે પ્રયત્નો થઈ રહ્યા છે. આ સરકાર દ્વારા એને અમારા ગામડાના લોકોને, ગામડાના જે લોકો છે એની સમસ્યાઓ અગાઉથી વિચારીને, માનનીય અધ્યક્ષશ્રી, જે ચેક ડૅમોના બાંધકામો થયાં, ઈરીગેશનની જે સુવિધાઓ ગામડાના લોકોને મળી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચેક ડૅમોની જ્યારે વાત આવે છે ત્યારે મારે એક વાત એટલા માટે કહેવી પડે છે કે, આ ગુજરાતમાં સૌ પહેલા, સૌથી વધારે અછતવાળો વિસ્તાર પાણીનો કોઈ હોય તો મારો વિસ્તાર હતો. પીવાના પાણીની સુવિધા ન મળે અને એટલા માટે આખા ગામડાઓ આ ગામડાઓમાં જે વસ્તી હોય એની ૨૫ થી ૩૦ ટકા વસ્તી માઈગ્રેટ થઈને કયાં સુરત, ભાવનગર અને અમદાવાદ એવા વિસ્તારોમાં જઈને વસતી હતી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગૌરવ સાથે કહી શકું એમ છું કે સૌરાષ્ટ્રની તરસી જનતાની તરસ છિપાવવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો એ ભારતીય જનતા પક્ષના શાસનમાં થયું છે.

મહીપરીએજ અને ત્યારબાદ નર્મદાની યોજનામાંથી પાણી લઈ જઈને સૌરાષ્ટ્રની તરસી જનતાને પાણી પાવાનું પુણ્યશાળી કામ આ ભારતીય જનતા પક્ષના શાસનમાં થયું છે એમના શાસનમાં તો ચાલતું હતું ટેન્કરોનું રાજ. ટેન્કર સિસ્ટમ હતી અને એમાં ઉપરથી નીચે સુધી બધાનું સહિયારું હતું કેમકે ત્યારે અમારી સરકાર નહોતી અને ગુજરાતમાં અમારી સરકાર આવ્યા પછી ટેન્કરલેસ ગામડાંઓ બનાવવાનું સૌભાગ્ય જો કોઈને સાંપડયું હોય તો ગુજરાત આજે ગામડાંઓમાં સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડી શકયા છીએ. ગામડાંની તરસી જનતાને પાણી પહોંચાડયા પછી અમે જોયું કે ગામડાંઓની સમસ્યાઓનો જો નિકાલ કરવો હશે તો ગામડાંના ખેડૂતને ટકાવવા પડશે. ગામડાંના ખેડૂતને ટકાવવો હશે તો એની ખેતીમાં પાક મળે એ માટેની વ્યવસ્થા કરવી પડશે. ગામડાંમાં ખેતીના પાક માટેની વ્યવસ્થા કરવી હશે તો એમને પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડશે. આજે અમે કહી શકીએ તેમ છીએ કે સૌરાષ્ટ્રની જે ભુમિ, સૌરાષ્ટ્રની જે તાસીર છે એ ઊંધી રકાબી જેવી છે. પાણી પડે છે અને દરિયામાં વહી જાય છે. દરિયામાં વહી જતું પાણી રોકવાનું કામ સૌ પ્રથમ જો કોઈએ કર્યું હોય તો એ ભારતીય જનતા પક્ષના શાસનમાં થયું છે અને એક લાખ કરતાં વધારે ચેકડેમો અમે બનાવી શકયા છીએ. આટલી વાત કર્યા પછી જયારે બીજી વાત આવે છે કાયદો અને વ્યવસ્થાની. માનનીય અધ્યક્ષશ્રી, હું એક મિનિટ વધારે લઈશ એટલા

માટે કે આ દેશના સાર્વભૌમત્વ ઉપર હુમલો થાય, આ દેશનું મુખ્યમથક, પાટનગર મુંબઈ ઉપર હુમલો થાય, આખી દુનિયા જયારે એમ કહે કે આ ભારતના સાર્વભૌમત્વ ઉપર થયેલો હુમલો છે. ભારત ઉપર થયેલો સીધો હુમલો છે અને ભારત એના ડાયરેકટ એકશન લઈ શકે ત્યારે ગુજરાતીઓ અને આ દેશની કમનસીબી છે કે ડાયરેકટ એકશન લેવાને બદલે સીધા કે આડકતરા પણ કોઈ એકશન લેવાયા હોય એવું જણાયું નથી ત્યારે હું એક વાત કહીશ કે આ દેશનું શાસન એવા લોકોના હાથમાં હોવું જોઈએ કે જે ઈંટનો જવાબ પથ્થરથી આપે. જો કદાચ આવી પરિસ્થિતિ અમારા વખતે થઈ હોત તો અમે એટલું કહીએ છીએ કે આ એવા લોકોના હાથમાં શાસન છે એક દાખલો આપીને હું મારું પ્રવચન પૂરું કરીશ.(અંતરાય) ભાઈ, સાંભળો અને સાંભળવાની માનસિકતા રાખો. મારે એક દાખલો એટલા માટે આપવો છે કે સિંહોની વચ્ચે એક શિયાળનું બચ્ચું એની સાથે રહેતું હતું. સિંહોના ટોળામાં રહીને મોટું થતું હતું. એકવાર એક હાથી આવે છે. તે દિવસે સિંહની માતા નહોતી એમની સાથે. એ વખતે આ સિંહોના બચ્ચાએ એમ કહ્યું કે આની ઉપર હુમલો કરો. સિંહોના નાના બચ્ચાએ પણ એની સાથે શિયાળનું બચ્ચું હતું એણે એમ કહ્યું કે હાથીને વળી મરાય, એ તો બહુ મોટો. હાથી જબરો, એની સુંઢ કેટલી લાંબી ત્યારે છેલ્લે હુમલો કરવા માટે એને કહેવું પડયું સિંહોના બચ્ચાઓએ કે" યત્કુલં ત્વં ઉત્પન્ન તત્રઃ ગજઃ ન હન્યતે" જયાં તમારો જન્મ થયો છે તે, જે કુળમાં તમારી પરવરિશ થઈ છે એ રાજકીય કુળ ઉપર કોઈની પણ તમારા ઉપર હુમલો કરવાની કોઈ તાકાત નથી અને એટલા માટે અમે કહીએ છીએ કે આગામી દિવસોમાં આ ગુજરાતને અને દેશની શાંતિ અને સલામતી માટે એવા લોકોના હાથમાં શાસન અને મજબુત શાસન આ ગુજરાતમાં જયારે ઉભરી રહ્યું છે ત્યારે એટલું કહીને રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે એને મારું સંપૂર્ણ સમર્થન આપીને મારા વિચારને વિરામ આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઘણા બધા મિત્રો રાજયપાલના આભાર પ્રસ્તાવ ઉપર બોલ્યા છે.માનનીય આત્મારામભાઈ બોલતા હતા કે ટેન્કરોનું રાજ ગયું. છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતની અંદર એમ કહે છે કે પાણી પાણી થઈ ગયું છે. હું તો માત્ર રાજય સરકારે આજે ૧૩૪ નંબરના પ્રશ્નનો જવાબ આપ્યો છે એના તરફ સરકારનું આપના મારફત ધ્યાન દોરવા માગું છું એમાં માત્ર પોરબંદર તાલુકામાં ૨૦૦૬માં બાવન ગામોને ટેન્કર દ્વારા પાણી અપાતું હતું. ૨૦૦૭માં સાત ગામોને અને ૨૦૦૮માં ત્રણ ગામોને અને આજ દિવસ સુધી આ સરકારમાં જયારથી આ લોકો બેઠા છે ત્યારથી આજ દિવસ સુધી એક પણ વર્ષમાં ટેન્કર બંધ નથી થયું. એ મારો તાલુકો છે પણ એનાથી આગળ જઈને હું વાત કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે થોડી વાર રાહ જોઈ હોત તો સારું હતું. ગઈ કાલે માનનીય મુખ્યમંત્રીશ્રી ક્લાઈમેટ ચેઈન્જ માટેનો પ્રસ્તાવ લઈને આવ્યા. ખૂબ આવકાર-દાયક પ્રસ્તાવ હતો, કારણ કે કુદરતી રીતે તો ક્લાઈમેટ ચેઈન્જ થાય એના કારણે આપણું વેધર ચેઈન્જ થતું હોય છે, પણ આ અકુદરતી રીતે થાય છે, જ્યારે કુદરતી રીતે જ્યારે વેધર ચેઈન્જ થતું હોય તેની સાથે સાથે પ્રકૃતિ એવી વ્યવસ્થા ગોઠવી છે કે એની મેળે કોઈક જગ્યાએ ક્યાંક ને ક્યાંક કલર ચેઈન્જ થાય, કોઈક જગ્યાએ સૂકું હોય ત્યાં લીલું અને લીલું હોય ત્યાં બીજું થાય. એમ ઘણું બધું થતું હોય છે. કુદરત ક્લાઈમેટ ચેઈન્જ કરે, એટલે જ્યાં એકદમ રણ જેવો વિસ્તાર થઈ ગયો હોય, ત્યાં લીલોતરી આવી જાય. અમુક સહસ્ત્રાંગ પ્રાણીઓ પોતાનો કલર પણ બદલે. આ કલર બદલાય એની પાછળનાં પણ કારણો હોય છે. આ પ્રકૃતિ સાથે સંમલિત થતા હોય છે. આપણે કાચિંડાને કલર બદલતો જોયો છે, પણ મારે એક કુદરતી ચેઈન્જ થાય એમાં નથી જવું. ગઈ કાલે મારા મિત્ર પ્રદીપસિંહ ભાઈ અત્યારે હાજર નથી. ગઈકાલે ભાષણ કરતા હતા. હું છેલ્લા ૬ વર્ષથી તેમને ખૂબ સારા વક્તા તરીકે સાંભળતો આવ્યો છું. ગઈ વખતે એ નરેન્દ્રભાઈનો 'ન' બોલતા નહોતા. આ રાજકીય ક્લાઈમેટ ચેઈન્જ થયું, એટલે નેન્દ્રભાઈનો 'ન' નહિ, પણ નરેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ થઈ ગયા. અમારા પ્રદીપસિંહભાઈ બધા જ. પણ કુદરતી રીતે વેધર ચેઈન્જ થાય, ત્યારે પ્રકૃતિની સાથે સાથે થાય. મારા મિત્રો એવા છે કે રાજકીય પરિવર્તન થાય, પછી એમ થાય કે હું તો રહી ગયો એટલે કલર બદલે. કલર ગઈ વખતે બદલવાની જરૂર હતી. એના બદલે આ વખતે બદલ્યો. આ વખતે એમને ખબર નથી કે જે રાજકીય ક્લાઈમેટ ચેઈન્જ છેલ્લા ૫-૬ દિવસમાં થયું, એમાં રાજકીય સુનામી ગુજરાતમાં આવી. રાજકીય સુનામી એવી આવી કે આ રાજકીય સમુદ્રમાં માછલીઓ તડફડવા માંડી. અસલામતીથી એનો અવાજ જેટલો ખેંચીખેંચીને કાઢવો હોય એટલો ભલે કાઢી લે. હમણા મે મહિનો આવવાનો છે. રાજકીય ક્લાઈમેટ ચેઈન્જ થાય છે. એમાં પ્રદીપસિંહભાઈ જેમ કુદરતી સમતુલા સાધવી જોઈએ, તેમ રાજકારણમાં પાછળને પાછળ રહી જાય છે. હું એનાથી આગળ જઈને કહું છું કે એમણે એમ કહ્યું કે રાજકીય ઈચ્છાશક્તિ મુખ્યમંત્રીશ્રીની બહુ સારી છે. મુખ્યમંત્રીશ્રીએ ગઈકાલનો નિર્ણય સારો લઈ આવ્યા. મારે આજે રાજ્યના એક વિભાગના વખાણ પણ કરવા છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી વારંવાર એમ કહે છે કે આપણો સેન્ટ્રલ આઈ.બી.નો અહેવાલ એવો છે કે જે હવામાનના વર્તારા જેવા છે. ગઈ વખતે હવામાનનો વર્તારો આપેલ હતો. એ હતો ૨૭-૩-૨૦૦૮ નો. સફદર નાગોરી અને અમેર પરવેઝ નામના સીમીના બે કાર્યકર્તાઓ ઈન્દોરમાં પકડાયા. એમણે નિવેદન કર્યુ નવેમ્બર-૨૦૦૭ માં અમદાવાદમાં સીમીની મીટિંગ મળી હતી, તેમાં ભરૂચનો સાજીદ મન્સુરી હાજર હતો. વડોદરાનો ઈમરાન શેખ હાજર હતો. ઉપરાંતમાં જુહાપુરાનો એક જાહીદ

નામનો શખ્સ મળ્યો હતો. એમણે બે વ્યક્તિના નંબરો આપ્યા હતા. કમરુદ્દીન નાગોરી એ અમદાવાદ બ્લાસ્ટનો આરોપી છે. બીજો સફદર નાગોરી. આ કમરુદ્દીન નાગોરીનો મોબાઈલ નંબર ૯૯૦૭૭૮૮૫૬૫ આપ્યો હતો. સફદર નાગોરીનો મોબાઈલ નંબર ૯૯૦૭૭૮૮૫૮૩ આપેલ હતો. આ ર૭-૩ ના રોજ રાજ્ય સરકાર પાસે આવ્યો હતો. આની પ્રિન્ટ આઉટ જો કઢાવી હોત તો મુંબઈ, જયપુરના બ્લાસ્ટ અટકાવી શકાયો હોત. એ તો જવા દઈએ. મુખ્યમંત્રીશ્રીને વર્તારા લાગતા હતા. બીજો એક અહેવાલ ૧૮-૫-૨૦૦૮ ના રોજ સ્ટેટ આઈ.બી.ના ઈન્ટેલીજન્સ ઑફિસર સુઈ ગામ સૅન્ટર બી.એ. કુમ્પાવતે આઈ.બી.ના એ.ડી.જી પી.પી. પાંડે સાહેબને આપ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આઈ.બી.ના એ.ડી.જી.એ એ અહેવાલ સંબંધિતોને તાત્કાલિક જાણ કરો તેવી સૂચના સાથે, એલર્ટ સાથે પોલીસ કમિશ્નર અમદાવાદને મોકલાયો, એ.ટી.એસ.ને મોકલાયો, સરકારને મોકલાયો તેના ઉપર કોઈ પગલાં ન લેવાયાં અને તેમાં એમ કહ્યું હતું કે આઈ.બી. એટલે ઈન્ડિયન મુઝાહીદ્દીન નામનું ગૃપ ગુજરાત અને દેશમાં બૉમ્બ ધડાકા કરવાનું છે અને ગુજરાતના ૧૬ છોકરાઓ પાકિસ્તાનમાં જઈ અને તેના માટેની તાલીમ લઈ આવ્યા છે. આ માહિતી ઈન્દોરની પોલીસે આપી, ગુજરાતની પોલીસે આપી. ૨૬-૮-૨૦૦૮માં અમદાવાદમાં બૉમ્બ બ્લાસ્ટ થયો તા. ૧-૮-૨૦૦૮ થી તા. ૮-૮-૨૦૦૮ સુધીમાં જે તપાસ થઈ તેની વાત કરું છું. સૌથી પહેલાં કોણ પકડાયો? તો કહે ભરૂચની અંદરથી સાજીદ મનસુરી પકડાયો. જે અગાઉના બે અહેવાલોમાં તેના નામ હતા એના પછી લખનૌથી અબુ બશરને પકડી આવ્યા. ડી.જી.પી.એ. ઑગસ્ટના પહેલા વીકમાં પ્રેસ કૉન્ફરન્સ કરી એમાં એમ કહ્યું કે અમે દેશવ્યાપી કાવતરૂ પકડી પાડયું છે અને આ કાવતરાની અંદર ઈન્ડિયન મુઝાહીદ્દીન નામની સંસ્થા છે. આ અગાઉ અહેવાલો અપાયા તેમાં એમ પણ કહ્યું હતું કે સાબરમતી જેલમાં કાવતરૂ ઘડાઈ રહ્યું છે. સાબરમતી જેલમાંથી ટેલિફોન પાકિસ્તાન થાય છે. એના પછી ક્રાઈમ બ્રાન્ચે સાબરમતી જેલમાં દરોડો પાડયો અને એમાં શાહનવાઝ ભટ્ટી નામની વ્યકિતને પાકિસ્તાન કોલ કેટલા કરેલા છે તેની માહિતી સાથે પકડી. મારે કહેવાનું એ છે કે સેન્ટ્રલ ગવર્નમૅન્ટની આઈ.બી.ને તમે હવામાનનો વરતારો ગણ્યો પણ તમારી આઈ.બી.એ અને એમણે માહિતી આપને આપી અને છતાંય તમે એના ઉપર ત્રણ મહિના સુધી એકશન શું કરવા ન લીધા? માત્ર તમારે બૉમ્બ ધડાકા થાય તેની રાહ જોવી હતી અને બૉમ્બ ધડાકા થયા પછી લાશો ઉપર રાજનીતિ કરવી હતી? ક્યાંક તમારો કોઈ જગ્યાએ તેમની સાથેનો સંબંધ હતો અને ક્યાંક તમે સંપૂર્ણપણે નિષ્ફળ ગયા હતા. મુંબઈનો બૉમ્બ ધડાકો થયો. વડાપ્રધાને કહ્યું આ દેશ ઉપરનો હુમલો છે અને રાજનીતિક કક્ષાએ જવાબદારી લેવાઈ. દેશના ગૃહમંત્રીએ રાજીનામું આપ્યું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ રાજીનામું આપ્યું, મહારાષ્ટ્રના ગૃહમંત્રીએ રાજીનામું આપ્યું. અમદાવાદની અંદર બૉમ્બ ધડાકો થયો. કોની જવાબદારી હતી? ત્યારે બીજા આખા દેશને સલાહ આપવા નીકળો છો કે મેં વડાપ્રધાનને કહ્યું હતું કે દિલ્હીમાં બૉમ્બ ધડાકો થવાનો છે? તો અમદાવાદમાં તમને ત્રણ મહિના પહેલાં ખબર હતી તમે કયાં ગયા હતા? એ ઉપરાંત એના પછી આગળની સૌથી ઈન્ટરેસ્ટીંગ વાત છે. ૧૦-૧૧-૨૦૦૮ના રોજ આ સ્ટેટ આઈ.બી.ના જે અધિકારી છે તેણે આઈ.બી.ના હેડને પત્ર લખ્યો. અમારી માહિતીને આધારે આ બોમ્બ ધડાકો થયો છે તેની આગોતરા, એડવાન્સ માહિતી અમે આપી અને તેને આધારે આ ગુનાનું ડિટૅક્શન થયું છે એટલે અમને ઈનામ આપો. એટલે એને ૨૫૦ રૂપિયાનું ઈનામ ૧૮-૧૧-૨૦૦૮ના રોજ અપાયું. તેનાથી આગળ કહું છું કે ૧૫-૧૧-૨૦૦૮ના રોજ સ્ટેટ આઈ.બી.ના ડી.આઈ.જી.એ સરકારમાં રજૂઆત કરી કે સ્ટેટ આઈ.બી.ની માહિતીને આધારે અમદાવાદ બ્લાસ્ટના આરોપીઓ પકડાયા છે અમને એની આગોતરી માહિતી હતી અને એટલા માટે જે ૫૦ લાખનું ઈનામ છે તે પણ અમને મળવું જોઈએ. હું માગણી કરું છું કે ૫૦ લાખનું ઈનામ સ્ટેટ આઈ.બી.ને મળવું જોઈએ. પણ મને ખબર છે કે નહીં મળે. એટલા માટે નહીં મળે. અત્યાર સુધી કોઈને નથી અપાયું. એટલા માટે કે જો આપે તો રાજય સરકારની પોલ ખુલી જાય તેમ છે કે તેને ત્રણ મહિના પહેલાં માહિતી હતી અને બૉમ્બ ધડાકો ઈરાદાપૂર્વક થવા દીધો છે. ગઈકાલે હેમંત કરકરેની વાત થતી હતી. હેમંત કરકરે શહીદ થયા. તેની શહીદી ઉપર શંકા ઉઠાવાય. પણ શહીદોની વાતમાં કયારેય રાજનીતિ ન હોવી જોઈએ. તે દેશના માટે શહીદ થયા છે. પરંતુ હેમંત કરકરે જ્યારે શહીદ નહોતા થયા ત્યારે આ જ લોકો હતા અમને માટે એમ કહ્યું હતું કે એનું દુબઈ કનૅક્શન છે, દાઉદની સાથે મળેલા છે, જેની જિંદગી ઉપર એક આરોપ નહોતો આવ્યો એવા અધિકારીઓ ઉપર આરોપ મુકાયા હતા અને શહીદ થયા પછી, માનનીય અધ્યક્ષશ્રી, હું બીજા શબ્દોનો ઉપયોગ નહીં કરું, પણ રાજનીતિ કરવા એના ઘરે પહોંચી ગયા, હું તો એની ધર્મપત્નીને સલામ કરું છું કે, આવા જે લોકો રાજનીતિ કરવા માગતા હતા એને કહ્યું કે હું તમારું મોઢું જોવા નથી માગતી. માનનીય અધ્યક્ષશ્રી, આવા લોકો જે છે એમને મારે પ્રશ્ન પૂછવો છે કે અત્યાર સુધી ખૂબ રાજનીતિ આના ઉપર થઈ છે. * (xxxx)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ગઈ કાલે મુદ્દો આવ્યો હતો, મેં વાંધો લીધો હતો.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જૂનભાઇ, કોઈપણ પ્રકારનો આક્ષેપ કરતાં પહેલાં જેની સામેનો આક્ષેપ હોય એને જાણ કરવી જોઈએ. (અંતરાય) નહીં, નહીં, તમે નંબર વન બોલ્યા છો, તમે નંબર વન બોલ્યા છો એટલા માટે હું કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નંબર વન એટલે મુખ્ય મંત્રીશ્રી માની લેવું?

**અધ્યક્ષશ્રી** : એવું નહીં, આ પ્રકારની ચર્ચા, તમે બાકીના ઘણા આક્ષેપો કર્યા એમાં મેં મર્યાદા રાખી છે, એ શબ્દો હું કાઢી નાખું છું. પાછા ખેંચો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચું છું. મારે વાત એટલી કરવાની હતી કે કસાબના નામે રાજનીતિ ગુજરાતમાંથી કોણે કરી અને અહીંયાથી ગુજરાતમાંથી અમુક લોકો એવા છે કે પાકિસ્તાનના ગીલાનીને મુદ્દા આપે અને ગીલાની ત્યાં બેઠાં બેઠાં ગુજરાતવાળાને મુદ્દા આપે. આ તત્ત્વો એવા છે કે સામે મોઢું છે એ કડકાઈનું બતાવે, અને પાછળથી હાથ મીલાવતા હોય એવું વારંવાર મીયાં મુશર્રફ હોય કે કસાબ હોય એના નામે થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે અફઝલ ગુરુની વાત કરી, હું એની વાત સાંભળતો હતો, આ અફજલ ગુરુને ફાંસી થવાની છે કોઈ એને બચાવી શકવાનો નથી પણ સાહેબ, મારે પૂછવું છે કે આ અફજલગુરુના ગુરુ, અફઝલ ગુરુ કોનો માનસપુત્ર છે? એ અઝહરમસુદનો માનસપુત્ર છે અને આ અઝહરમસૂદને કંદહાર કોણ મૂકવા ગયું હતું? એ મૂકવા જનારને ફાંસી થવાની છે કે નહીં? એનો જવાબ તો કોઈક દિવસ આપજો. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર આના નામે રાજનીતિ થાય છે એટલે મારે કહેવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીયાં મારે વિશેષ વાત નથી કરવી, પણ ગઈ કાલે અહીં આતંકવાદની વાત થઈ કે આતંકવાદની નાભિ ઉપર પ્રહાર થવો જોઈએ. પાર્લામેન્ટ ઉપર હુમલો થયો ત્યારે નાભિ ઉપર પ્રહાર થયો હતો? જ્યારે કારગીલની ઘૂસણખોરી થઈ ત્યારે નાભિ ઉપર પ્રહાર થયો હતો? કંદહાર ગયા ત્યારે નાભિ ઉપર પ્રહાર થયો હતો? નાભિ ઉપર પ્રહાર તો ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીજીએ કર્યો હતો. પાકિસ્તાનના ટુકડા કરી નાખ્યા હતા. એટલે મારે આ બાબતમાં મારા મિત્રો છેને એમને કહેવું છે કે, રાજકીય કલર બદલતાં પહેલાં વિચાર કરજો (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હું બે મિનિટમાં મારી વાત પૂરી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસના ધારાસભ્યશ્રીઓ, એમાં દશ ધારાસભ્યો ભાજપના હતા, પાંચ ધારાસભ્યો અમારા હતા. એ સહીતના લોકોએ એમ કહયું છે કે, સુજલામ સુફલામમાં ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે અને માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ડીપેન્ડન્ટ સંસ્થા છે. આપણા હાઉસના ધારાસભ્યશ્રીઓ ઉપર ભલે ભરોસો ન મુકાયો હોય, પણ કેગે એમ કહ્યું કે ૧૧૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાતો નથી અને ખાવા દેતો નથી. ખાવા દેતો નથી એ આ રાજયની વાત સાચી, પણ કેટલું ખાઓ છો એ તો આ ડોકયુમેન્ટ બોલે છે હું નથી કહેતો.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય ૨૦૦૩માં જાહેરાત થઈ હતી કે બે વર્ષમાં પુરુ કરીશું. ૬૨૦૦ કરોડ રૂપિયાની યોજના છે, આજે કયું વર્ષ છે? મારા મિત્રોને યાદ ન હોય તો કહું કે ૨૦૦૯નું વર્ષ છે, છ વર્ષ થઈ ગયા, ૬૫૦૦ કરોડ રૂપિયાની રકમ, અને આજ સુધી પાણી આવી શક્યું નથી અને એનાથી આગળ જઈને આ રિપૉર્ટ આવેલો છે એના આધારે હું કહું છું, અહીંયા ઘણી બધી વાતો જુદી જુદી આવે, અને એમ કહેવાય કે અમારા મુખ્ય મંત્રીશ્રીમાં તો બહુ મજબૂતાઈથી પાણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીએ તો વહીવટમાં પાણી બતાવવાનું હોય, ભાષામાં નહીં. એક તરફ આપણા વીર જવાનો તાજ હોટેલમાં જીવ સટોસટની બાજી ખેલતા હતા ત્યારે બહાર ઇલૅક્ટ્રોનિક્સ મિડિયાને જોઈ ત્યારે ભેંસ પાણી જુએને પાણીમાં પડે એમ ગાંડુ ન થવાય ! એ આપણને શોભા ન દે. પણ એમને શરમ નથી, શરમ છોડી દીધી છે. માત્રને માત્ર • (xxxx) કરવી છે એવા લોકોએ આવા ગંભીર પ્રશ્નની અંદર પણ કયાંય રાજનીતિથી બહાર જઈને વિચાર્યું નથી. (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર
## શબ્દો દૂર કરવા અંગે

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઑફ ઑર્ડર છે. આ નવટંકી શબ્દ અસંસદીય છે એને કાં તો પાછો ખેંચવો જોઈએ અથવા સભાગૃહની કાર્યવાહીમાંથી એ શબ્દ દૂર કરવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ નવટંકી શબ્દ હું પાછો ખેંચું છું અને એ જગ્યાએ હું નાટક કરે એ શબ્દ વાપરું છું.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા શબ્દ પ્રયોગ ગમે તેવા કરી લેવાના અને પછી વાંધો લઈએ એટલે શબ્દો પાછા ખેંચી લેવાના. આટલી હળવાશથી આ વાતને લેવાય એ વાજબી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ (xxxx) શબ્દ હું સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરું છું.. અર્જુનભાઈ, આપનો સમય પૂરો થાય છે.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ અને દુનિયા જે પ્રકારે વહીવટ અને વ્યવહાર ચલાવે છે એની પાછળ કોઈને કોઈ વિચારસરણી કામ કરતી હોય છે. કોઈ દેશમાં મૂડીવાદ છે, કોઈ દેશમાં સામ્યવાદ છે, કોઈ દેશમાં સમાજવાદ છે તો કોઈ દેશમાં સરમુખત્યારશાહી છે કે પછી કોઈ દેશમાં રાજાશાહી છે. આપણા દેશમાં લોકશાહીની સ્થાપના કર્યા પછી આ દેશમાં મહાત્મા ગાંધી, રામ મનોહર લોહિયા, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જેવા મહાપુરુષોએ આ દેશની એક નાડ પારખીને આ દેશના વિકાસ માટેનું ચિંતન કર્યું. એનું ચિંતન એ હતું કે આ દેશને વિકાસના પંથે લઈ જવો હોય તો છેવાડાના માનવીની ચિંતા કરવી જોઈએ, ગ્રામ્ય અર્થતંત્રને ધબકતું કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પૂર્વે વિપક્ષના માનનીય અગ્રણી નેતાશ્રી જે પ્રકારે જોર અને જુસ્સાથી પોતાની વાત કરી રહ્યા હતા, ત્યારે મારે એમને કહેવું છે કે, અડતાલીસ-અડતાલીસ વર્ષ સુધી આ પાટલીએ બેઠા પછી ગ્રામ્ય વિસ્તારના અર્થતંત્રને ધબકતું કરવા માટે આવશ્યક ચીજો એવી શિક્ષણ, ગામડામાં પહોંચવા માટેના રસ્તાઓ, પીવા માટેનું ચોખ્ખું પાણી અને વીજળી અને આરોગ્ય જેવી સુવિધાઓ અડતાલીસ-અડતાલીસ વર્ષ સુધી નિષ્ફળ ગયેલાઓ આજે પાણીની વાત કરે છે? અમને પાણી મળ્યું નથી અને આ ત્રણ ગામોમાં આજે પણ ટૅન્કરોથી પાણી આપવામાં આવે છે. અરે મિત્રો હજારો ગામડામાં પહેલા ટેન્કરો ચાલતા હતા એ આ સરકાર આવ્યા પછી બંધ થયા છે એનો શ્રેય આપવાના બદલે આજે ત્રણ ગામમાં ટેન્કરોથી પાણી અપાય છે એની વાત કરે છે. અડતાલીસ વર્ષ સુધી રાજ કર્યું ત્યારે તમને કોણે ના પાડી હતી? પીવાના પાણી જેવી સામાન્ય બાબત જે માણસને જીવવા માટે આવશ્યક છે એ આપવામાં જે નિષ્ફળ ગયેલા લોકો છે એ લોકો આજે અહીંયા મોટેથી બોલીને એમ કહે છે કે, અમે વિકાસ કર્યો છે એવો તમે વિકાસ કરી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક બાબતો તરફ એમણે જે અંગુલીનિર્દેષ કર્યો છે ત્યારે મારે એમને કહેવું છે કે, આપ જ્યારે આ દેશની સલામતી અને આતંકવાદની વાત કરો છો ત્યારે અફઝલ ગુરુને સુપ્રીમ કોર્ટે ફાંસી આપી છે તો આજ દિવસ સુધી એને ફાંસી આપતા હવે કોણે રોક્યા છે? કોણે તમને સોગંદ આપ્યા છે કે ફાંસી ન આપો, કોના સગા છે, કોણ બચાવે છે? આજ દિન સુધી ફાંસી કેમ નથી આપી એનો કોઈની પાસે જવાબ નથી પણ અફઝલ ગુરુને ફાંસી અપાતી નથી એ વાસ્તવિકતા છે. (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અફઝલ ગુરુને ફાંસી આપવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, એપેક્ષ કોર્ટના જજમૅન્ટ પછી પીટીશન ફાઈલ થઈ છે પ્રૅસિડન્ટ ઑફ ઇન્ડિયા પાસે, A matter which is pending with the President of India as per her Constitutional right એ વસ્તુનો ગૃહમાં ઉલ્લેખ નહિ કરવા માટે આપ જોઈ લેજો કે રાષ્ટ્રપતિશ્રીના અધિકાર નીચેની, રાષ્ટ્રપતિશ્રીના વિચારણાધીન બાબતને અહીંયા કોણ નથી થવા દેતું એમ કરીને એ વાતનો ઉલ્લેખ કરવો એ મને લાગે છે કે આપણી પ્રણાલિકાઓથી સુસંગત નથી.

**અધ્યક્ષશ્રી** : આપે જોઈ લેવાનું કહ્યું છે એટલે હું ચોક્કસ જોઈ લઈશ. પરંતુ એમણે જે વાત કરી છે અને વાતની શરૂઆત અફઝલગુરૂને આ ગૃહની અંદર જેમણે જેમણે લાવવાના પ્રયત્નો કર્યા એ લાવવાની જરૂર નહોતી. અફઝલગુરૂ આવે એટલે અફઝલગુરૂ અહીંયા આવે પછી અફઝલગુરૂ ત્યાં આવે એની કંઈ જરૂર નથી આપણે આપણા જ રાજયની વાત કરીએ, (અંતરાય) ગઈકાલે તમે માલેગાંવની વાત કરી, ગઈકાલે આ ગૃહની અંદર માલેગાંવની વાત કરવામાં આવી એ હું આખી જોઈ ગયો છું આજે ફરીથી હું જોઈ જઈશ, નિયમોની મર્યાદામાં રહીને જ આપણે આપણા પ્રવચનો કરીએ અને એમાંથી સહેજ બહાર જઈએ તો બીજાને પણ બોલવાનું મન થાય, એવું ન થાય એટલા માટે સૌએ આ સભાગૃહની અંદર રાજયપાલશ્રીના પ્રવચનની જે મર્યાદાઓ છે એ મર્યાદાઓમાં રહીને વાત કરીશું તો મને લાગે છે કે ચર્ચા વધારે સારી થશે અને કોણે કોણે મર્યાદાઓ ઓળંગી છે એની ચર્ચા કર્યા વિના આપણે મર્યાદાઓમાં જ રહીએ તો વધારે સારું રહેશે. માનનીય ગોવિંદભાઈ,

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત હું કરતો હતો કે ગુજરાત રાજય જે દિશામાં આગળ વધી રહયું છે, એ જોતાં કોઈપણ રાજયનો એક ગોલ હોય છે કે મારે આ દિશામાં જવું છે. એ ચોક્કસ દિશામાં આ શાસન જઈ રહ્યું છે અને એના મીઠાં પરિણામો પણ આવી રહ્યાં છે. અહીં કોઈ મુખ્યમંત્રીશ્રીનો ચહેરો જોઈને કે એમના ચશ્મા જોઈને ગુજરાતમાં કોઈ ઉદ્યોગપતિ આવતા નથી, ગુજરાતમાં ઉદ્યોગપતિ એટલા માટે આવે છે કે, ગુજરાતમાં શાંતિ છે અને સલામતી છે અને આ શાંતિ અને સલામતીનું શ્રેય, છેલ્લાં આઠ વર્ષમાં ગુજરાતમાં એકપણ આતંકવાદી દંગો નથી થયો, એના કારણે ગુજરાતને આ ક્રેડિટ મળી છે અને એનું શ્રેય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને જાય છે. જે પ્રકારે માનનીય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા વાત કરતા હતા એમણે એ

વાત ન કરી હોત તો મારે એ કહેવાની જરૂર નહોતી પરંતુ દુષ્કાળના સમયે ઢોરવાડાના ઢોર ખોટાં ગણાવીને કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કરનારા લોકોને બાકીના કોઈ ભ્રષ્ટાચારની વાત કરવાનો અધિકાર નથી. જે પ્રકારે તે સમયે જે તપાસો થઈ હતી અને તપાસના અંતે એ વખતના તત્કાલીન, ગુજરાત કોંગ્રેસના એ વખતના ખજાનચી પદેથી તેમનું રાજીનામું આપવું પડ્યું હતું એ આ લોકો ભૂલી ગયા છે. ગુજરાતની જનતા ભૂલતી નથી અને એના કારણે જ આ બેય બૅન્ચ વચ્ચેનું અંતર માત્ર પંદર ફૂટનું છે આ પંદર ફૂટનું અંતર પંદર વર્ષે પણ કાપી શક્યા નથી એ ગુજરાતની શાણી જનતા એ જાણી ગઈ છે, પિછાણી ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગવર્નરશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ગુજરાતના રાજયપાલશ્રીનું જે પ્રવચન થયું છે એના ઉપર આ સભાગૃહના સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે પ્રસ્તાવ લાવ્યા છે એમાં મારા વિચારો અને મંતવ્યો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

મે રાજયપાલશ્રીનું પ્રવચન જોયું છે, એમાં ચાલીશ મુદ્દાઓનું વિવરણ છે અને એમાં સરકારે શું કર્યુ છે અને સરકારે કયા કામની જોગવાઈ કરી છે એ બધી જ વાત એ રાજયપાલશ્રીના પ્રવચનમાં છે. એમાં ખાસ કરીને ગુજરાતની ધરતી ઉપર ગુજરાતના વિકાસ માટે ખાસ કરીને ગુજરાતની જે પૂર્વ પટ્ટીઓ છે એમાં જે સિંચાઇની સગવડો ઉપલબ્ધ કરી છે એમાં એક ઉકાઈ જળાશય યોજના છે અને બીજી સરદાર સરોવર પ્રોજૅકટ યોજના એ ગુજરાતમાં મોટી યોજના છે. આ જે યોજનાઓ મોટી છે તેને લીધે ગુજરાત હરિયાળું ક્રાંતિમય બન્યું છે પણ તેને લીધે ઘણા બધા ગુજરાતની જે પૂર્વપટ્ટી છે તેને અન્યાય પણ થયો છે. ખાસ કરીને ગુજરાતની જે સરદાર સરોવર યોજના છે તે સરદાર સરોવર યોજનામાં જે આદિવાસી લોકોની જે જમીનો ગઈ છે, તેને જે મોટો અન્યાય થયો છે તેને આ સરકારે કોઈ પણ લાભ આપે એવું આ પ્રવચનમાં કયાંય વાંચ્યુ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સરકારને કહેવા માગું છું કે જે આ સરદાર સરોવર યોજના છે અને ઉકાઈ જળાશય યોજના છે આ યોજનાના કારણે મારા જે મત-વિસ્તારો છે સાગબારા, તાપી જિલ્લાના નિઝર, ઉચ્છલ અને ડેડીયાપાડા, રાજપીપળા આ બધા એરિયામાં જેમની જમીનો ગઈ છે તે લોકો જમીન ગુમાવનારાને પણ તેને પૂરતું વળતર મળ્યું નથી અને નોકરીઓમાં પણ સરકારે પ્રાધાન્ય આપ્યું નથી. ખાસ કરીને જ્યારે સાગબારાની જે જમીનો આદિવાસીઓની જે ગઈ છે હવે આ જમીનો તો આદિવાસીઓએ ગુમાવી પણ ખરેખર જેની થોડી ઘણી જમીન બાકી છે તે જમીન સિંચાઈયુકત બને અને તેમની આવક બમણી થાય તેના માટે સરકારે કહ્યું કે અમારે આદિવાસીઓની આવક બમણી કરવી છે અને તેને લાભ આપવો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં સાગબારા જે બોર્ડરનો તાલુકો છે તેની આ સરકારે પાછલી જે સરકારો હતી ત્યાં ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરી તાલુકા મથકો ઉપર હતી તે આ સરકારે જે સાગબારાની જે દક્ષિણ વિદ્યુત કચેરી છે તે છેલ્લાં સાત વર્ષથી બંધ કરી દીધી અને લોકોને અન્યાય કર્યો. સરકારે નવા તાલુકાઓ ખોલ્યાં ત્યાં નવી કચેરીઓ ચાલુ કરી પણ સાગબારાની જે વિદ્યુત કચેરી છે તેની મેં પણ રજૂઆત કરી, લોકોએ પણ તેની રજૂઆત કરી તેમ છતાં આ સરકાર આની ઉપર ધ્યાન આપતી નથી. લોકો નાણાં ભરવા માટે બીજી જગ્યાએ જાય છે તેની સુવિધા આ સરકાર ઉપલબ્ધ કરી શકતી નથી એટલે મને એવું લાગ્યું કે આ પ્રવચનમાં કંઈ સરકાર પછાત વિસ્તારો માટે કંઈ નવી જોગવાઈઓ લાવશે પણ ખરેખર તે લાભ આ સરકાર આપી શકી નહીં એટલે મારે આપના માધ્યમ મારફતે સરકારને વિનંતી કરવી છે કે, સરકાર પછાત વિસ્તારના લોકો માટે ત્યાં આ દક્ષિણ વિદ્યુત કચેરી સાગબારા ખોલવા માટે તેની તાત્કાલિક જોગવાઈ કરવા માગે છે કે નહીં તે વાત હું આપના માધ્યમ થકી કરવા માગુ છું.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ દુઃખની સાથે કહેવું જોઈએ કે, આ ગુજરાતમાં ખેડે તેની જમીન, ટોચમર્યાદાના કાયદાઓ હેઠળ આદિવાસીઓની જમીનો હતી આ સરકારે આ નિયમોનો સદંતર ભંગ કરીને ગુજરાતમાં જે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે તે સરકાર તમામ લોકો ઉપર તરાપ મારી રહી છે અને તેમણે આઠ કિલોમીટરની જે મર્યાદા છે તેને તોડીને પછી આદિવાસીઓની જમીનો પણ કેવી રીતે ઉદ્યોગપતિઓને આપી દેવી, ગોચરની જમીન તો સરકારે લેવા માંડી છે પણ આદિવાસીઓની જે પોતાની માલિકીની છે એટલે ખેડૂતો આઠ કિલોમીટર ગમે ત્યાં જમીન રાખી શકશે તેનો પણ નિયમ ભંગ કરીને અને આદિવાસીઓ ઉપર એક મોટી તરાપ આ સરકાર મારી રહી છે તો મારે આપના માધ્યમ થકી કહેવું છે કે આવા જે નિયમો થાય છે તો જે પછાત વર્ગના લોકો છે તેને ન્યાય આપવા માટે સરકાર કોઈ જોગવાઈ કરવા માગે છે કે કેમ? મારે બીજું આ સરકારને કહેવું છે કે, કેન્દ્રની સરકાર લાખો કરોડો રૂપિયાની જોગવાઈ કરીને રસ્તાના કામો આપે છે અમારા વિસ્તારની રસ્તાઓની જે ગ્રાન્ટો મળી છે પણ આ ભારતીય જનતા પાર્ટીના વહીવટકર્તાના જે ઈજારદારો છે તે કામો કરતા નથી અને હોટમીકસના રસ્તાઓ પણ થતા નથી તો માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારને કહેવું છે કે, આ જે રસ્તાઓ છે તે તાત્કાલિક સરકાર કરવા માંગે છે કે નહીં તે મારે આપના થકી કહેવું છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્ય શ્રી પ્રફુલ્લભાઈ રાજયપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેને અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે દેશ અને દુનિયાનું જ્ઞાન અને ધ્યાન છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત ઉપર ગયેલું છે. એ કંઈ એમને એમ ખોટા કારણોસર ગયું નથી. ગુજરાતના અનેક વિભાગોની અંદર છેલ્લા કેટલાયે

સમયથી ઉત્કૃષ્ટ કામગીરી થઈ રહી છે. એના આધાર ઉપર બીજા રાજયો પણ આ રાજયનો ધડો લઈને એવી યોજનાઓ સ્વીકારતા થયા છે. બીજા રાજયો તો શું કેન્દ્ર સરકારની અંદર પણ આજે રાજકીય પરિવર્તન જોઈએ તો રાજકીય યોજનાઓની વાત દેખાય છે, એમાં ગુજરાતની યોજનાઓની છાંટ દેખાય છે.

ભારત નિર્માણ યાત્રા. મારા મોટા ભાઈઓએ લગભગ ૪૦ થી ૪૫ વર્ષ સુધી રાજ કર્યુ. ભારત નિર્માણ કરવાની તકો જબરજસ્ત હતી. પરંતુ એના બદલે જ્ઞાતિવાદ, અલગતાવાદ ઉભા કર્યા. શેખ અબદુલ્લાને પ્રોત્સાહન આપ્યું. હવે એમને યાદ આવ્યું કે ભારત નિર્માણ નહીં કરીએ તો આપણે ખોવાઈ જઈશું. એટલે આ નિર્માણ કરવા નીકળી પડયા છે.

ગુજરાત સરકારે બેટી બચાવો આંદોલન શરૂ કર્યુ એટલે એના આધાર ઉપર ટી.વી. ઉપર જાહેરાત આવતી થઈ ગઈ અને સંસદસભ્યો એમાં પૈસા આપીને જાહેર કરે છે કે આ અમારી યોજના છે. આવી અનેક વિધ યોજનાઓ છે. અહીંયા કહેવામાં આવે છે કે કેન્દ્ર સરકારના પૈસા છે. કેન્દ્ર સરકારની આ યોજના છે. આટલા બધા રૂપિયા ગુજરાતમાંથી લઈ જાઓ છો, આટલો બધો ટેકસ લઈ જાઓ છો, તો આ તો સમવાય તંત્ર છે. આ તો તારું મારું સહિયારું, મારું મારું આઘું. આ યોજના પ્રમાણે પૈસા આવે છે. રાજમાં તો આજે અમે છીએ, કાલે તમે પણ હોઈ શકો. જે તે રાજયની યોજના છે, જે તે રાજયે બનાવેલી યોજના હોય.

આ ગુજરાતની સમ્મિટ ૨૦૦૯ પૂરી થઈ ત્યારે આ ગુજરાતના મુખ્યમંત્રીની આભા વિશ્વવ્યાપી થઈ ગઈ. આપણે કહીએ કે ના કહીએ, પણ દેશના બીજા ભાગોમાં જઈએ તો આપણા ગુજરાતના મુખ્યમંત્રીની કાયમ ચર્ચા હોય છે અને એ પણ પોઝિટિવ ચર્ચા જ હોય છે. કે એમનું ભેજું કઈ રીતનું છે કે આ રીતની યોજનાઓ લાવે છે?

શિક્ષણ ક્ષેત્રે ૧૮ ટકા ડ્રોપ આઉટ રેસિયો હતો, તે છેલ્લા દસ વર્ષમાં ઘટાડીને ૨ ટકા ડ્રોપ આઉટ રેસિયો થઈ ગયો. આપણે નામાંકનની ઝૂંબેશ શરૂ કરી તેનું આ પરિણામ છે. એના પરથી ચલો સ્કૂલ જઈએ, તેવી જાહેરાત આવે છે, તે પણ આ યોજનાની નકલ કરી છે. આપણે નામાંકન વધાર્યુ તે રીતે દેશમાં પણ વધવું જ જોઈએ. એ જ રીતે ભ્રૂણ હત્યા માટે સામાજિક આંદોલન થયું, એને પણ કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો છે. એ પણ ગૌરવની વાત છે. એટલા માટે અમે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનને અને ગુજરાત સરકારને બિરદાવીએ છીએ.

પાયાના ક્ષેત્રોમાં, પાણીના વિવિધ કામોમાં ગુજરાતની અંદર જે વિકાસ થયો છે, તે કોઈ જગ્યાએ થયો નથી. ગુજરાતની અંદર સરફેસ વોટર દરેક લોકોને આપવાનો પ્રયત્ન અભિનંદનીય છે. કારણ કે સમુદ્ર કિનારાના વિસ્તારોમાં ફલોરાઈડવાળું પાણી અને અન્ય જગ્યાએ ઉંચા ટી.ડી.એસ.ના પ્રમાણને લીધે ખૂબ તકલીફ હતી. એ વિસ્તારોને ચોખ્ખું પાણી મળે. સરફેસ વોટર આર.ઓ.પ્લાન્ટથી ગામડામાં શુદ્ધ પીવાનું પાણી આપવાનો પ્રયત્ન થયો, એવા પ્રયત્નોથી ગામડાના લોકોનું આરોગ્ય સુધરશે. લોકોને સારું આરોગ્ય અને સારો ખોરાક મળે એ માટે નવી યોજનાઓ કરી. (સમય સૂચક ઘંટડી)

વાતો તો ઘણી કહેવાની છે, પરંતુ વિશેષ કંઈ નહીં કહેતા રાજયપાલશ્રીના પ્રવચન પરના આ આભાર પ્રસ્તાવને મારું અનુમોદન આપીને વિરમુ છું.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં વિદ્યા સહાયકો ૨૫૦૦ રૂપિયાના પગારથી લેવામાં આવે છે તેમાં ૨૦૦ જગ્યાઓ ભરવાની હોયતો લાખોની અરજીઓ આવે છે એ બતાવે છે કે ગુજરાતમાં કેટલા બધા યુવાનો બેકાર છે એ આપશ્રી દ્વારા હું ધ્યાન દોરવા માગું છું. ૨૫૦૦ ના પગારવાળા કલાર્કની જગ્યાઓ ભરવાની હોય તો પણ લાખોની સંખ્યામાં અરજીઓ આવે છે, એ જ રીતે ૨૫૦૦ ના પગારવાળા લોકરક્ષકની ૨ થી ૩ હજાર જગ્યાઓ ભરવાની હોય તો પણ ૪ લાખની સંખ્યામાં બેરોજગાર યુવાનોની આ લોકરક્ષકની ભરતી માટેની અરજીઓ આવે છે, એન્જિનિયરિંગ કે બીજા ભ્વિાગમાં ૭૫૦૦ ના ફીકસ પગારવાળી જગ્યાથી સરકારી અધિકારી કે કર્મચારી લેવાના હોય તો પણ લાખોની સંખ્યામાં અરજીઓ આવે છે. રાજયનું આરોગ્ય સાચવવાની જેમની જવાબદારી છે એવા ડોકટરોની પણ ફીકસ પગારથી જગ્યાઓ ભરવાની યોજનાને કારણે કોઈપણ ઉમેદવાર ઈન્ટરવ્યુમાં આવતા નથી એકપણ ઉમેદવાર ડોકટર તરીકે નોકરીમાં જોડાતા નથી. ગ્રામ મિત્રો ૧૦૦૦ રૂપિયા પગરવાળા દરેક ગામમાં લેવામાં આવ્યા તો એનો સમયસર પગાર કરવાની ત્રેવડ પણ આ સરકારમાં છે ખરી? ૧૦ હજારથી ૪૦ હજાર રૂપિયાના પગારદાર કર્મચારી કે અધિકારી નિવૃત્ત થાય ત્યારે એમની જગ્યા ઉપર બીન તાલીમી આ જે વ્યકિતઓને લેવામાં આવે છે.એનાથી ગુજરાતનું શું ભલું થાય છે એ તો જયારે મામલતદાર કક્ષાએ, તાલુકા વિકાસ અધિકારી કક્ષાએ કે કલેકટર કક્ષાએ જયારે ધારાસભ્યશ્રી જાય છે એને ખબર પડે છે. આ બૂમો કેમ પડે છે, એ કક્ષાએથી ધારાસભ્યશ્રીઓને માન અને સન્માન એમના પ્રોટોકોલ મુજબ લોકશાહી પ્રણાલિકામાં મળવું જોઈએ એ મળતું નથી. આ પ્રોટોકોલ મુજબનું સન્માન છેલ્લા ૧૦ વર્ષથી મળવું સદંતર બંધ થઈ ગયું છે એ મારે કહેવું પડુ છે એ એટલા માટે કે કોઈપણ ઈમરજન્સીનો કોલ હોય અને કલેકટરશ્રીને કે ડી.એસ.પી.ને ફોન કરીએ અને હાજર ના હોય તો પછી એમનો વળતો ટેલીફોન પણ ના આવતો હોય એવી અસંખ્ય ફરિયાદો આ ધારાસભ્યશ્રીઓ મારફતે આ રાજયની સામે થઈ છે. કોઈ સરકારી કર્મચારી કામ કરતાં

કરતાં આકસ્મિક મૃત્યુ પામે તો એ આકસ્મિક મૃત્યુ સમયે સરકારમાંથી રહેમરાહે નોકરી આપવામાં આવતી હતી એ પ્રથા સદંતર બંધ કરી નાંખી છે અને એવા સરકારી કર્મચારીના વારસદારને કહી દીધું કે તમારા વડીલ ગુજરી ગયા છે અને તમારી રોજીરોટી બંધ થાય છે. છઠ્ઠા પગારપંચની વાત સરકારે કરી અને યુનિયનોનું ડિવિઝન કરાવ્યું, યુનિયનોમાં ભાગલા પડાવ્યા અને ધમકીઓ આપી એના નેતાઓને કે સહેજ પણ આડાઅવળી કરી છે તો તમારી નોકરીની સલામતી નથી. તો આ રાજયની આ લોકશાહી છે, પ્રણાલિકા છે?

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગ્રામસભાઓ ભરાઈ, તો એમાં દિવસે દિવસે સંખ્યા ઓછી થતી જતી હતી. મારા દહેગામ તાલુકામાં ૫-૭ ગામમાં ગ્રામ સભા ભરાઈ અને એમાં ૫૦૦ ની સંખ્યા થઈ તો મેં લોકોને પૂછયું કે આ ૫૦૦ થી ૭૦૦ ની સંખ્યા એકદમ કેમ વધી ગઈ? તો લોકોએ મને કહ્યું કે અધિકારીઓએ અમને એવું કહ્યું છે કે જેની પાસે બી.પી.એલ.નાં કાર્ડ નથી એમને નવા બી.પી.એલ. કાર્ડ કાઢી આપવાનાં છે એટલે તમારે ગ્રામ સભામાં આવવાનું છે. તો આ રીતે એમને ખોટી લાલચ આપીને આ ભીડ એકઠી કરવામાં આવી છે. મેં અધિકારીઓને પૂછયું કે તમે આવું કેમ કરો છો? તો કહે કે સાહેબ, ગ્રામ સભામાં સંખ્યા થતી નથી તો અમારી નોકરીનો ખતરો છે. તો આપણે આ રીતે કયાં ઢોલ પીટાવવા માગીએ છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર ગેરન્ટી યોજના આખું વિશ્વ જોઈ રહ્યું છે આ યોજના તરફ, વિશ્વની સૌથી મોટી લોકશાહીવાળા દેશની આ યોજનાને આખું વિશ્વ ઓબઝર્વ કરી રહ્યું છે. ૨૦-૨૫ કામોની યોજનાઓ આ યોજના હેઠળ થઈ શકે. જિલ્લા કક્ષાએ ગ્રામ વિકાસ એજન્સીમાં જળસચયનાં કામો કેમ કરવાં, એનું ભથ્થું અને પગાર કેમ અપાય એની સ્પષ્ટતા નથી, ખોદાણ થાય તો એક બ્રાસ ઉપર કેટલું વેતન આપવું એની માહિતી જિલ્લા કક્ષાએ અધિકારીઓ પાસે નથી. એક વખત અધિકારીઓ એમ કહે છે કે પોસ્ટમાં ખાતાં ખોલાવો અને એ ખાતાં પોસ્ટમાં ખોલાવ્યા પછી ૬ મહિના પછી એમ કહે કે હવે પોસ્ટમાં નહીં પણ બેંકમાં ખાતાં ખોલાવો. કોઈએ બેંકમાં ખાતાં ખોલાવ્યાં હોય તો એ ખાતાં પોસ્ટમાં ખોલાવવામાં ૬ મહિના થાય અને કોઈએ પોસ્ટમાં ખોલાવ્યાં હોય તો બેંકમાં ખોલાવવામાં ૬ મહિના જાય છે. તો આમ કરીને ગરીબોની સામે અન્યાય કરી રહ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ, વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન પૂરું થાય છે, હવે સભાગૃહ ૩-૧૫ કલાકે મળશે. કોમન વેલ્થ પાર્લામેન્ટ એસોસિએશનની બેઠક ઉપર સમિતિ ખંડમાં રાખવામાં આવી છે ત્યાં મળીશું અને પછી ૩-૧૫ વાગ્યે ફરીથી અહીં મળીશું.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** : આદરણીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ મારા મિત્ર અને સન્માનનીય ગૃહના સભ્યશ્રી માનનીય પ્રફુલભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું. ગુજરાતમાં આપણા સૌના દીર્ઘ દ્રષ્ટા સમગ્ર દેશ વાસીઓના હૃદય સમ્રાટ અને ગુજરાતના વિકાસની સતત ચિંતા કરતા એવા મુખ્ય મંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે જયારથી આ રાજયનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી સમગ્ર દેશે નહીં પણ સમગ્ર વિશ્વએ ગુજરાતના વિકાસની નોંધ લીધી છે. આપણા દેશમાં વસતા સૌ દેશવાસીઓને પ્રાથમિક સુવિધાઓ આપવી એ આપણા સૌની ફરજ છે. આપણી સરકારની પણ ફરજ છે. એ જ રીતે શિક્ષણની સુવિધા આપવાની પણ રાજય સરકારની જવાબદારી છે. શિક્ષણ એ રાજયના ઘડતર અને વિકાસનો પાયો છે. શિક્ષણ ગ્રામ્ય કક્ષાએ મજબૂત હશે તો આપણુ રાજય અને સમગ્ર દેશ મજબૂત થશે. અને પ્રગતિના પંથે આગળ વધશે. ભૂતકાળમાં પ્રાથમિક શિક્ષણનો જે ડ્રોપ આઉટ રેશીયો હતો તે ખૂબ મોટો હતો. તેનું કારણ એ હતું કે અમારા જે મિત્રોએ જે લોકોએ ગુજરાત ઉપર સતત ૪૦ વર્ષ કરતાં વધારે સમય સુધી સત્તા ભોગવી હતી તેમણે કયારેય શિક્ષણની ચિંતા કરી નહોતી. જો ગુજરાતમાં ગ્રામ્ય કક્ષાએ સારું શિક્ષણ આપવામાં આવે તો મારા આ મિત્રોને એમ હતું કે ગામડાંના લોકો શિક્ષિત થશે તો અમારી પાસે વિકાસનો હિસાબ માગશે, અને અમે હિસાબ નહીં આપી શકીએ તો સત્તા જતી રહેશે. આ બીકે ભૂતકાળમાં શાસનકર્તાઓએ કયારેય શિક્ષણ માટે ચિંતા નહોતી કરી. મને ખ્યાલ છે કે ૧૯૮૮-૮૯માં હું મારા ગામનો સરપંચ હતો તે વખતે અમારા ગામમાં અને અમારા તાલુકામાં તેમજ સમગ્ર જિલ્લામાં અને રાજયમાં શિક્ષણ માટે પ્રાથમિક શાળાના ઓરડાઓ નહોતા, ઘણી પ્રાથમિક શાળાઓ એવી હતી કે જયાં ઝાડની છાયાંમાં અથવા એક મકાનની ઓસરીમાં પ્રાથમિક શાળાના વર્ગોને બેસાડવા પડતા હતા. અને એક ઓસરીમાં ૧ થી ૩ ધોરણ સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય અને એક જ શિક્ષક તેમને ભણાવતો હોય એવી પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિ ભૂતકાળમાં આપણે સૌએ જોઈ છે. જે રીતે ભૂતકાળમાં પ્રાથમિક શાળાના રૂમો નહોતા અને વિદ્યાર્થીઓને ખુલ્લામાં કોઈ ઝાડ નીચે બેસાડવા પડતા હતા. એ જ રીતે શિક્ષકોની પણ ઘટ હતી. અને પીવાના પાણીની સુવિધા પણ બાળકો માટે નહોતી. આવા દિવસો પણ આપણે જોયા છે. અને પ્રાથમિક શાળાઓના શિક્ષકોની બદલીમાં મોટા ભ્રષ્ટાચાર થતા હોય પ્રાથમિક શાળાના શિક્ષકોની ભરતીમાં મોટો ભ્રષ્ટાચાર થતો હોય તેવા અનેક વર્ષો પણ આપણે જોયા છે.` રીતે સતત શિક્ષકો ભયના ઓથાર નીચે નોકરી કરતા હતા, ભયના ઓથાર નીચે જીવતા હતા અને ભૂતકાળની સરકારોએ શિક્ષણને રાજકીય અખાડો બનાવી દીધો હતો. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળની સરકાર અને એમાં આપણા શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેન પટેલ અને અત્યારના શિક્ષણ

મંત્રીશ્રી રમણભાઈ વોરા આ બંનેએ સતત શિક્ષણ પાછળ ધ્યાન આપ્યું છે. અમારી સરકારે ૧૯૯૮-૯૯ થી ૨૦૦૭-૨૦૦૮ સુધીમાં ૫૮૪૬૩ જેટલા પ્રાથમિક શાળાના ઓરડાઓ બનાવ્યા છે. અમારી સરકારે એક લાખ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરી છે. એ જ રીતે પ્રાથમિક શાળામાં શૌચાલય, પીવાના પાણીની સુવિધા વગેરે જેવી અનેક સુવિધાઓ અમારી સરકારે કરી છે. જે રીતે શિક્ષણનો વિકાસ કર્યો છે. (સમય સૂચક ઘંટડી) માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારો હાર્દિક ટેકો આપું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** :માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે જેને માનનીય સભ્યશ્રી હર્ષદભાઈએ અનુમોદન આપ્યું છે એમાં હું મારો સૂર પુરાવું છું.

આપણે સૌ જાણીએ છીએ કે મહામહીમ રાજયપાલશ્રી રાજયના વિકાસની વાત લઈને આ ગૃહ સમક્ષ આવતા હોય છે. રાજયની પ્રગતિનું સોપાન છે એ રાજયપાલશ્રી દ્વારા આ ગૃહમાં મૂકવામાં આવતું હોય છે. હું કહીશ કે રાજય સરકારનું શ્રમ અને રોજગાર વિભાગ જે છેલ્લા ઘણા વર્ષથી કાર્યરત છે, ખાસ કરીને શ્રમ વિભાગ દ્વારા શ્રમિકોની સલામતીનું નિરીક્ષણ થતું હોય છે. નિરીક્ષણ થયા પછી એમાંથી જે કંઈ ગુનેગાર હોય એની સામે ફોજદારી કેસ અને દંડ થતો હોય છે. હું કહીશ કે શ્રમ વિભાગની કામગીરીને કારણે માનવદિન મેન્ડેડ લોસમાં ઘટાડો થયો છે. ૨૦૦૭-૨૦૦૮માં ૮૪૮૩૮ દિવસનો ઘટાડો થયો હતો. જ્યારે ૨૦૦૮-૨૦૦૯માં ૪૧૬૩૬નો ઘટાડો થયો છે. આખા રાજયમાં ૩૩ હજાર જેટલા ઉદ્યોગો આવેલા છે. શ્રમ વિભાગ આ ઉદ્યોગોનું નિરીક્ષણ કરતું હોય છે. એમાં ચાઈલ્ડ લેબર મળે તો એને શોધીને સ્કૂલમાં મોકલવાની કામગીરી શ્રમ અને રોજગાર વિભાગ કરે છે. શ્રમ અને રોજગાર વિભાગે ૧૨૩ શાળાઓમાં ૬૨૧૪ છોકરાઓને એડમિશન અપાવ્યા છે.

એ જ રીતે રાજયમાં લેબર વિભાગની અદાલતો ચાલે છે એ અદાલતોમાં પણ શ્રમિકોના કેસો ચલાવવામાં આવે છે. ખાસ કરીને ૧૭૬ લોક અદાલતો રાજયમાં શરૂ થઈ ગઈ છે. શ્રમિકોને પૂરતું વેતન મળે એની કાળજી રાખવામાં આવે છે. ૧૦૦ રૂપિયા જેટલું વેતન શ્રમિકોને મળવું જોઈએ એમાં પણ શેરડીમાં કામ કરતાં હોય તો પ્રતિ ટને ૧૭૦ રૂપિયા જેટલું વેતન મળે એ માટે શ્રમ વિભાગ પ્રયત્નશીલ છે.

રાજયનું શહેરી વિકાસ વિભાગની વાત કરું, રાજયમાં સાત જેટલા મહાનગરો અને ૧૫૯ જેટલી નગરપાલિકાઓ આવેલી છે. આ નગરપાલિકાઓને રાજય સરકાર આર્થિક રીતે સહયોગ આપે છે એના કારણે નગરપાલિકાઓનો વિકાસ થયો છે. આપણે સૌ જાણીએ છીએ કે મહાનગરોની શું જરૂરિયાત હોય છે, પાણી ડ્રેનેજ, અને લાઈટ એ એની પ્રાથમિક સુવિધા છે એમાં આરોગ્યનો પણ સમાવેશ થાય છે. જે રીતે રાજયનું શહેરીકરણ થઈ રહ્યું છે. રાજયની વસતિનો ૪૦ ટકા હિસ્સો શહેર તરફ પ્રગતિ કરી રહ્યો છે તેના કારણે રાજયમાં સ્લમ્સ વધુમાં વધુ ડેવલપ થયા છે. રાજય સરકારે રાજયના શહેરી વિસ્તારમાં નવતર વિકાસના કામો શરુ કર્યા છે. તેમાં નિર્મળ ગુજરાત શૌચાલય હોય, મોડેલ નગરપાલિકાઓ હોય, નિર્મળ ગુજરાત ટેકનોસેવા હોય એ રાજય સરકારે શરૂ કરી છે. તળાવો ઉંડા કરવા અને તેને સુશોભિત કરવાની પણ રાજય સરકારે શરૂઆત કરાવી છે. ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ એ રાજયનો અને ખાસ કરીને મહાનગરપાલિકા અને નગરપાલિકામાં તેની શરૂઆત થઈ છે. તેના કારણે પારદર્શક વહીવટ આપણે જોઈ શકીએ છીએ. વેબસાઈટ પણ ઓપન કરવામાં આવી છે. જેના કારણે એકાઉન્ટીંગ સિસ્ટમ આપણે જોઈ શકીએ છીએ. માનનીય પ્રફુલ્લભાઈ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમના પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો કે ધારાસભ્યો જ્યારે પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈને આવતા હોય ત્યારે તમામ સરકારી કક્ષાએ તેનું માન-સન્માન જળવાય તે માટે આપના દ્વારા હું સરકારને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રમોગેશન કાર્યક્રમ હેઠળ ૭/૧૨ના ઉતારામાં માલિકની જગ્યાએ બીજાં કોઈનું નામ લખાઈ ગયું હોય, ૭/૧૨ના ઉતારામાં સરવે નંબરની ભૂલ હોય, ૭/૧૨ના ઉતારામાં કોઈ એક-બીજાના નંબર બીજામાં લખાઈ ગયા હોય એવી રાજય સરકારમાં લાખોની સંખ્યામાં ફરિયાદો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કેવી વ્યવસ્થા? એક માલિકના નામે જમીન બોલે, તેનો રૅકૉર્ડ સરકાર પાસે છે અને સરકાર તેને કોમ્પ્યુટરાઈઝ કરે ત્યારે તેની જમીન બીજાના નામે થઈ જાય. તેની જમીન જૂની શરતની હોય અને એ જમીન નવી શરતની થઈ જાય. તેના લીધે ગુજરાતમાં લૅન્ડ માફિયાઓ બેફામ બન્યા છે. જે જમીનોના લીટીગેશનો વધ્યા છે તેના તરફ પણ તાત્કાલિક આ સરકાર આવી ભૂલો સુધારે તેવી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, દસ્તાવેજ, ગાંધીનગર તાલુકાના અને દહેગામ અને દસક્રોઈ તાલુકાના કેટલાક દાખલાઓ આપને આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, દસ્તાવેજ કરાવવા જાય છે ત્યારે દસ્તાવેજ કરનારને પૂછવામાં આવે છે કે તમારી મિલકત તમે ફલાણી વ્યકિતને સોંપો છો. દસ્તાવેજ કરાવનારને પૂછવામાં આવે છે કે ફલાણા વ્યકિતની જમીન તમે વેચાતી લો છો, તો માનનીય અધ્યક્ષશ્રી, આ પાટનગર ગાંધીનગરમાં ગરીબ

ખેડૂતોની જમીનનું બાનાખત વંચાવવામાં આવે,.. એક જ મિનિટ લઈશ સાહેબ. મને કહ્યું એટલે જ હું ઉભો થયો છું. ચાર મિનિટ બાકી હતી અને આપે એમ કહ્યું હતું, પૂરું થયું છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય આપે આપી દીધો છે. પૂરો કર્યો હતો. તમે મને એમ કહ્યું હતું જગદીશભાઈ, કે મારો સમય અર્જુનભાઈને આપજો. એટલે અર્જુનભાઈને આપે ૧૦ મિનિટ આપી. તેના બદલે મેં ૧૪ મિનિટ આપી. આપે કહ્યું હતું.

**શ્રી જગદીશ ઠાકોર** : ઓ.કે. સર.

**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજયપાલશ્રીના સંબોધન પર આ ગૃહના માનનીય સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા અને અનુમોદન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આપણાં રાજયના માર્ગો વિશે અને આદિવાસી વિસ્તારમાં રાજયના પ્રયાસથી જે સ્થિતિમાં સુધારો થયો છે તે બાબત વાતો કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈજીએ માર્ગોને હથેળી પરથી રેખાઓ તરીકે વર્ણવ્યા છે. હથેળી ઉપરની રેખાઓ વ્યકિતની અને ભવિષ્યની દિશા નક્કી કરે છે. એ જ રીતે આ રાજયના માર્ગો હું ચોક્કસ માનું છું કે, એ રાજયનો આદિવાસી વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય એના વિકાસનો મુખ્ય આધાર માર્ગો પર રહેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક આદિવાસી વિસ્તાર અને ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવું છું. મારું મુળ ગામ મોગરાવાડી છે. ૧૯૯૫ની સ્થિતિની વાત કરું છું. ૧૯૯૫માં મારા ગામની સ્થિતિ ખૂબ જ ગંભીર હતી. કેટલીકવાર સામેના મિત્રો વાત કરે છે ત્યારે મારે આ વાત કરવી છે. ૧૯૯૫ના રિઝલ્ટની પણ હું થોડીક વાત કરું છું. મારા મોગરાવાડી અને ચીખલીની ૧૯૯૫ સુધીના રિઝલ્ટની વાત કરું છું. ત્યારે ૧૦૦-૧૨૫ વોટ ભારતીય જનતા પાર્ટીને મળતા હતા અને કૉન્ગ્રેસ પૂરી બહુમતીથી જીતતી હતી. ૧૯૯૫ સુધી મારા મત વિસ્તારમાં એકપણ મેટલવાળો રસ્તો ન હતો. હું ચોક્કસ કહીશ કે ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર બની અને ત્યાર પછી છેલ્લા છ-સાત વર્ષથી જ્યારે નરેન્દ્રભાઈ મોદીના હાથમાં ધૂરા સંભાળવાનું આવ્યું છે ત્યારથી અમારા વિસ્તારનો વિકાસ થઈ રહ્યો છે. હું ચોક્કસ ગર્વ અને આનંદ સાથે કહી શકીશ કે મારા મોગરાવાડી અને ચીખલી તથા આદિવાસી પટ્ટામાં વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. ત્યાંના ખેડૂતો એમની ખેતીના ઉત્પાદન લેતા હતા એ અનેક પાકો લેતા હતા એ માળખાકીય સુવિધાના કારણે માર્કેટ યાર્ડ સુધી પહોંચાડવા સક્ષમ બન્યા છે. મારા વિસ્તારમાં આજે ખેડૂતો કારેલાથી માંડીને કેળ, પપૈયા જેવા અનેક પ્રકારના ખેતીના ઉત્પાદનો મેળવે છે. ભૂતકાળ તરફ જોઈએ તો ૧૯૯૫ સુધી આ પાકોને માર્કેટ યાર્ડ સુધી પહોંચાડવા હોય તો ચારથી સાડા ચાર કલાક થતા હતા. આજે મારે ત્યાંના ખેડૂતો માર્કેટ યાર્ડ સિવાય સુરત કે બૉમ્બે સુધી પહોંચાડે છે એમાં એમને ચારથી સાડા ચાર કલાક થાય છે. આજે એ માલ સપ્લાય થવાના કારણે એમને એના પૂરતા ભાવ મળે છે અને ભાવ મળવાના કારણે મારા વિસ્તારના ખેડૂતોના ઘરમાં બદલાવ આવ્યો છે, એમની સ્થિતિમાં બદલાવ આવ્યો છે. એમના ઘરોમાં મોટર સાઈકલ, ટ્રૅક્ટર, ફૉર વ્હિલર જોઈ રહ્યા છીએ. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી બન્યા પછી આદિવાસી વિસ્તારમાં બદલાવ કેવી રીતે આવે? એમનું જીવન ધોરણ કેવી રીતે ઊંચું આવે? શહેરો અને ગામની વચ્ચે ખાઈ છે એ કેવી રીતે પૂરાય? એની એમણે ચિંતા સેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાર માટે રૂ.૧૫,૦૦૦/- કરોડ રૂપિયાના પૅકૅજની જોગવાઈ થતી હોય, આદિવાસી વિસ્તારના બદલાવ માટે ખૂબ ચિંતા કરીને દસેક મુદ્દાને આવરી લઈને એની યોજનાઓ બની હોય તો હું ચોક્કસ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આ ગૃહના સભ્યવતી અભિનંદન આપું છું. આજે આ વન બંધુ પૅકૅજના કારણે જે રીતે અમારા ત્યાંની સ્થિતિમાં બદલાવ આવ્યો છે એ જોતાં હું ચોક્કસ માનું છું કે આવનાર દિવસોમાં આદિવાસી વિસ્તાર, શહેરી વિસ્તાર અને ગામડાઓ ગામડાઓ વચ્ચે જે ખાઈ છે એ ચોક્કસ પુરાશે. આ નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગર્વ અને આનંદ સાથે કહી શકું છું. માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

**શ્રી હરીલાલ મો. પટેલ(ધ્રાંગધ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. કોઈપણ રાજયની એ નૈતિક ફરજ હોય છે કે રાજયમાં વસતા તમામ લોકોને પ્રાથમિક જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પૂરી પાડવી. એમાં પણ ખાસ કરીને આટલા વર્ષો પછી પણ જે લોકો પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત છે એવા લોકોને અગ્રતાક્રમના ધોરણે આવી જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ. અને એ કામમાં શુદ્ધ પીવાનું પાણી શિક્ષણ, આરોગ્ય વિષયક સુવિધાઓ, રસ્તાઓની સુવિધાઓ આગળ વધીને કહીએ તો રહેઠાણ, રોજગારી આ બધી જરૂરિયાતો પૂરી પાડવા માટેનું આયોજન રાજયે કરવાનું હોય છે. અને એ આયોજનમાં સમતુલિત પ્રાદેશિક વિકાસ થાય એનું પણ ધ્યાન રાખવાનું હોય છે અને અત્યાર સુધીમાં જે લોકો ઉપેક્ષિત છે, જે સેવાઓથી વંચિત છે એવા લોકોની ઉપર પૂરતું ધ્યાન આપવું જોઈએ ત્યારે મારે કહેવું જોઈએ કે અહીંયા ખેતીના વિકાસની ઘણી વાતો થઈ, પણ હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું એ વિસ્તારમાં ખેતી માટે

જે વીજળીની સુવિધા હોવી જોઈએ એ ૯૫ પછી ખેતીને વીજળી આપવાનું કામ પૂરું કરવામાં આવ્યું નથી. આજે પણ ૧૯૯૫ સુધી જ ખેતીને થ્રીફેઝ લાઈન આપવામાં આવી છે એ સાથે ખેતી માટે જે પૂરતા પ્રમાણમાં સિંચાઇની વ્યવસ્થા હોવી જોઈએ, સિંચાઇની વ્યવસ્થા માટે મારા વિસ્તારની અંદર પાનમ, કડાણા, અને ભાદર ત્રણ યોજનાઓ છે, આ ભાદર યોજના ૧૯૭૮માં શરુ થઈ એ શરુ થયા પછી આજે આ વર્ષે સિંચાઈની વ્યવસ્થા જે એનો કમાન્ડ એરીયા છે ૮હજાર હેકટરનો એમાંથી માત્ર ૧૦૫૧ હેકટરને પાણી ઉપલબ્ધ કરવામાં આવ્યું છે બાકીની જમીનને પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી અને એની પાછળનું કોઈ એક માત્ર કારણ હોય તો સિંચાઈ માટેની જે કેનાલ છે અને એની જે માઈનોર, પેટામાઈનોર છે એનું કામ જર્જરીત થઈ ગયું છે એને સુધારાનું કામ કરી અને પૂરતા પ્રમાણમાં સિંચાઈની વ્યવસ્થા આપી શકાય તો આ જે વિસ્તાર એ માત્ર લોકોના જીવનધોરણનો આધાર ખેતી છે એમને પગભર બનાવી શકાય. આજ વિસ્તારની અંદર સુજલામ સુફલામની પણ કેનાલ નીકળે છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીયશ્રી પ્રફુલભાઈએ આભારદર્શન વ્યક્ત કર્યો છે એમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. મહામહીમ રાજયપાલશ્રીએ પ્રવચનમાં સરકારની અનેક યોજનાઓ અને અનેક બાબતોમાં ઉલ્લેખ કર્યો છે પરંતુ મારે શહેરી વિકાસનું જે કામ અમારી સરકારમાં થયું છે એના માટે હું મારી વાત રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શહેરોને દુનિયાના વિકસિત મહાનગરો બનાવવા માટે રાજયના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીએ જે નેમ લીધી છે એને બિરદાવું છું અને અભિનંદન પણ આપું છું.

વિશ્વના વિકાસના નકશામાં જે નવા આયામો ઉમેરાતા જાય છે તેમાં સૌથી વધુ નેત્રદીપક કોઈ બાબત હોય તો એ નવીનીશહેરીકરણ છે. ગુજરાતની ૩૭ટકા વસ્તી શહેરોમાં વસે છે. આ શહેરો, શહેરો ન રહેતા જો તેની માળખાકીય સવલતોમાં ધ્યાન નહીં આપીએ તો એ બૃહદ ગામડાનું સ્વરૂપ ધારણ કરશે તેવી ચિંતા માનનીય મુખ્યમંત્રીશ્રીના હૃદયમાં આવી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ મોટા ગામડા ન બને તેની ચિંતાને દૂર કરવા માટે ૨૦૦૫ની અંદર શહેરોને બચાવવા માટે શહેરી વિકાસ વર્ષ ઉજવવાનું નક્કી કર્યુ.અને એ સંદર્ભે આજે અમદાવાદને મેગા સિટીનો દરજ્જો મળી ગયો છે. આવી જ રીતે સુરત, વડોદરા અને રાજકોટ જેવા નગરો આજે મેગા સિટી બનવા હરણફાળ ભરી રહ્યાં છે. શહેરોના વિકાસ માટે બાજપાઈ નગર યોજના દ્વારા નગરપાલિકાઓના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૦૯-૧૦માં પણ ૩૦૦૦ કરોડ જેટલી અંદાજિત રકમ આ શહેરોની નગરપાલિકાઓ માટે ફાળવવામાં આવેલ છે. મને કહેતાં ખૂબ જ આનંદ થાય છે કે રાજ્યમાં ૧૫૯ નગરપાલિકાઓમાં મૉડલ નગરપાલિકા બનાવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું અને તેમાં જિલ્લાની કોઈપણ એક નગરપાલિકાની પસંદગી કરીને ખાસ માળખાકીય સવલતો સુધારવા માટે રૂપિયા ૩ કરોડ ફાળવવામાં આવ્યા. શહેરોનું નવિનીકરણ થતાં શહેરમાં વસતા પ્રજાજનોની દુવા માનનીય મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીને મળવાની છે. એના પરિણામો આવતા દિવસોમાં ચોક્કસ મળવાના છે એમાં બેમત નથી. રાજ્ય સરકારની શહેરી વિકાસની નીતિને જન ભાગીદારી સાંપડી રહી છે. દરેક શહેરની અંદર સુંદર બાગ-બગીચા હોય, સુશોભિત સર્કલો હોય અને સારું વીજળીકરણ હોય. શહેરોમાં જે મોટા તળાવો હતા એ તળાવોમાં મોટાભાગે શહેરના ગંદા પાણી ઠલવાતા હતા. પરંતુ આજે તળાવોની સુધારણા કરવા પાછળ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂપિયા ૨૫ લાખ જેવી રકમ ફાળવીને આ તળાવોનું બ્યુટિફિકેશન કરાવીને ૫૨ જેટલા તળાવોનું કામ પૂર્ણ કર્યું છે. ચાલું વર્ષે પણ અનેકવિધ તળાવો માટે પૈસાની ફાળવણી કરવામાં આવી છે. શહેરોને નિર્મળ અને સ્વચ્છ બનાવવાની સાથે સાથે બી.પી.એલ. લાભાર્થીઓ માટે શૌચાલયની સુવિધા પૂરી પાડવા માટે ૪ હજારની સબસિડી આપવામાં આવી હતી. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે ચાલું વર્ષે બી.પી.એલ.ની સાથે એ.પી.એલ. લાભાર્થીઓને પણ જોડવામાં આવ્યા અને એમાં રૂપિયા ૫૦૦નો વધારો કરીને એક લાખ પરિવારોને આ યોજનામાં લાભાન્વિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૪૫ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ નગરપાલિકાઓના સુવહીવટ માટે અને નગરપાલિકામા અનેક નવા પ્રોજેકટો હોય છે પરંતુ ઈજનેરોની ખામીના લીધે પ્રોજેકટોની ખામીઓ દૂર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘદ્રષ્ટિ વાપરી અને ટેકનોસાથીની નિમણૂંક કરી છે. આવા ૩૭૦ ટેકનો સાથીઓને પુસ્તકમાંથી ધરતી ઉપર લાવીને પ્રેક્ટિકલ નૉલેજ એમને આપ્યું ત્યારે ખૂબ સારું પરિણામ આવ્યું અને આવતા દિવસોમાં મહાનગરોની અંદર પણ આવા ટેકનો સાથીઓની નિમણૂંક કરવામાં આવશે એવી મને આશા છે. માનનીય પ્રફુલ્લભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં મારું વક્તવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ એમનું લેખાનુદાન રજૂ કર્યું ત્યારે એમણે કહ્યું કે કેન્દ્ર સરકારે પણ લેખાનુદાન રજૂ કર્યું હોવાથી એમણે લેખાનુદાન રજૂ કર્યું છે. એનો અર્થ એવો થયો કે કેન્દ્રના નાણા આવ્યા વગર બધી યોજનાઓ ચાલતી નથી. આંગણવાડી વર્કરો મારફતે ખૂબ રેલીઓ કાઢવામાં આવે છે અને ૧૧ કરોડનો ખર્ચ કરીને જ્યાં ને ત્યાં દુહાઈ દેવામાં આવે છે. આ નાણા ક્યાંથી આવે છે? શિક્ષણમાં જુઓ તો ૩૪ હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકારના આવ્યા છે અને એની અંદર સર્વ શિક્ષા અભિયાનમાં ૧૩ હજાર કરોડ રૂપિયા

આવ્યા છે. (અંતરાય) આ બધા આંકડા કેન્દ્ર સરકારના છે અને તેના ઉપર આપણે દુહાઈઓ દઈએ છીએ. આકરું લાગે એવું છે. એટલા માટે કે પાણી પુરવઠાની લાઈન એક જ ઉદ્‌ઘાટન કર્યા પછી ફાટી જાય છે એટલે આકરું તો લાગશે. એની તપાસ ચાલું છે અને કેગનો અહેવાલ છે એમાં ૧૧ હજાર કરોડનો ભ્રષ્ટાચાર છે એમાં કયો નંબર આપવો એ આપણે નક્કી કરવાનું છે. ભ્રષ્ટાચારે માજા મુકી દીધી. એનાથી આગળ ચાલીએ તો ગ્રામીણ વિકાસ, વીજળી, પાણી પુરવઠો, ગ્રામ ટેલિફોન એ બધું કેન્દ્ર સરકારથી મોટાભાગના નાણા અહીંયા આવી રહ્યાં છે અને એની ઉપર દુહાઈ દેવા માટે રેલીઓ ઉપર રેલી કાઢીને બસો બંધ કરી દેવામાં આવે છે ત્યારે પ્રજાની હાલાકી સામાન્ય નથી માપ કરતા વધારે છે અને એની અંદર ૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે એનો સામાન્ય પ્રજા ઉપર બોજો છે અને એકબાજુ એમ કહે છે કે મેં જકાતનાકા બંધ કરી દીધા. ફટાકડા ફોડીને વધાવી દીધા પણ તેની અંદર એજે ટેકસ છે એ પ્રજાને વેચી નાખી. ખેડૂતને પણ ડિઝલ ઉપર બે રૂપિયા ટેકસ નાંખી દીધો એ ઓછું નથી. ખેડૂત જ્યારે પોતાની લાગણી રજૂ કરવા માટે જાય છે ત્યારે તેની ઉપર ડંડા મારવામાં આવે છે અને તેની લાગણીને વાચા આપવા નથી દેતા. એવી જ રીતે જ્યારે બહેનો પોતાની લાગણી રજૂ કરવા માટે અહીંયા આવે છે ત્યારે ગુજરાતની અંદર તેના ઉપર પણ દંડા મારવામાં આવે છે. લોકશાહી ખતમ થઈ ગઈ. ભલે દુહાઈ દીધા કરો.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહિ એમણે સરકારી બોર્ડ અને નિગમોની અંદર ૨૮૭૦ કરોડની ખોટ કરી છે. શરમ લાગવી જોઈએ. આ જે બોર્ડ ઊભા કરેલા છે એ આ ગુજરાતના વિકાસ માટે બોર્ડ ઊભા કર્યા હતા. એની અંદર એસ.ટી. નિગમે ૧૪૪૦ કરોડની ખોટ કરી અને આટલો બધો દુર્વ્યય કર્યો છે એ આ પ્રજાના પૈસાનો દુરુપયોગ કર્યો છે અને એટલું ઓછું ના હોય તેમ આપણા નફાના જે યુનિટો હતા એમાં ગુજરાત વિદ્યુત બોર્ડ નફો કરતું હતું એને વેચી માર્યુ. એટલું જ ના હોય તેમ ગુજરાત એગ્રો જે ટ્રેકટર બનાવતું હતું, નફો કરતું હતું એને પણ વેચી માર્યુ. એટલે જે નફો કરતા હતા એને વેચી મારવું અને બાકીનાની અંદર પૈસા કેવી રીતે હડપ કરવા તેની આ એક રીત છે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર હું મારું વકતવ્ય આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય સભાગૃહમાં પ્રથમ વખત વકતવ્ય આપતો હોઉં આપની રજા લઉં છું કે હું થોડા મારા મુદ્દાઓ છે એ વાંચીને આપીશ. મારે કહેવું છે કે આજે સભાગૃહની અંદર લોકો ક્યારથી વાતો કરે છે કે ટેંકર પ્રથા બંધ થઈ ગઈ છે. ટેંકરએ ભૂતકાળ થઈ ગયો છે. સાહેબ, હું દુઃખ સાથે વાત કરું છું કે હું ગામડાની વાત નથી કરતો, અમદાવાદ શહેર અને મેગાસીટી મારા મતવિસ્તારની વાત કરું છું. મારા મત વિસ્તારની અંદર છેલ્લા દોઢ વર્ષથી ટેંકરથી પાણી પૂરું પડાય છે. (અંતરાય) સાચું. આ જે મારી વાત છે એમાં તપાસ કરી શકો છો. વિસ્તારનું નામ આપું છું. ખાનપુર (અંતરાય) નાડિયાવાડની વાત કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર** : કોઈપણ સભ્ય જ્યારે પહેલીવાર બોલતા હોય છે ત્યારે તેને ડિસ્ટર્બ કરવામાં આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ ગ્યાસુદ્દીનભાઈ. એક વાત સાચી છે કે પહેલીવાર બોલે છે. તમને એમ લાગતું હોય કે આ ખોટું છે તો મંત્રીશ્રી જવાબ આપવાના છે. સભ્યની ટીકા કરવાની જરૂર નથી ગીતાબેન.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સમગ્ર ગુજરાતની અંદર કમળાનો જે રોગચાળો ફેલાતો જાય છે એવા સમયની અંદર આપણે વિશેષ તકેદારી રાખવાની જરૂર છે ત્યારે હું કહેવા માગું છું કે શહેરની મધ્ય વિસ્તારની અંદર ઘણી મેઈન ડ્રેનેજ લાઈનો એની વચ્ચેથી પીવાના પાણીની પાઈપ લાઈનો જતી હોય છે એના હિસાબે વારે ઘડીએ પોલ્યુશનના પ્રોબ્લેમ આ અમદાવાદ શહેર અને મેગાસીટીમાં ઉત્પન્ન થતાં રહે છે. વારંવાર રજૂઆત કરવા છતાં એ વસ્તુનું નિરાકરણ આવતું નથી. મોટા ઉદ્યોગોને આકર્ષવા કરોડો રૂપિયાની લ્હાણી કરાય છે. વેચાણવેરામાં રાહતો અપાય છે. કોના ભોગે? આમજનતાના ભોગે. ભરેલા ટેકસમાંથી આ લાભ અપાય. મોટા ઉદ્યોગો, સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની કરોડો રૂપિયા આવક વસૂલવાની બાકી છે એ વર્ષોથી વસૂલ થતી નથી. સામાન્ય માનવી પાસે ધમકી આપીને વેરાની વસૂલાત થાય છે. વીજળીના ભાવો વધતા ગયા. મધ્યવર્ગ મરતો ગયો. વીજળી કંપનીઓ સામે પ્રજાને લાભ મળે એ માટે સરકાર કે વીજ નિયમન પંચ કોઈ અસરકારક પગલાં લેતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે ડિઝલ અને કોલસાના ભાવો ઘટતા જાય છે એવા સમયમાં જો આપણે વીજળીમાં જો આપણે ભાવો ઓછા કરીએ તો એનાથી મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને બહુ મોટી રાહત થાય. સાહેબ ભૂતકાળમાં શ્રી કેશુભાઈની સરકારમાં મધ્યમવર્ગના લોકો માટે ૨૦૦ યુનિટ સુધી વાપરતા હતા એમને ૨૫ ટકા રાહત મળતી હતી એ પણ રાહત આ સરકારે બંધ કરી છે. હું કહેવા માગું છું કે, ગરીબ લોકોને આમાંથી રાહત મળે એ માટે પ્રયાસો કરવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી એક વાત કહેવા માગું છું કે, જ્યારે આરોગ્યની દ્રષ્ટિએ કૅન્સર, કીડની અને હાર્ડના જે દર્દીઓ હોય છે એમને રાજય સરકાર તરફથી મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૩૩ ટકા જેટલી રાહત મુખ્ય મંત્રીશ્રી આપે છે હું એ વિનંતી કરવા માગું છું કે, આમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આ સહાય પણ ઘણી ઓછી પડે છે. આપણે માનવતાની દ્રષ્ટિ રાખી જ્યારે આપણે પ્રજાના

મા-બાપ હોઈએ અને લોકો આપણને વિશ્વાસ સાથે ચૂંટીને અહીંયા મોકલતા હોય ત્યારે હું આપણી સમક્ષ એક સૂચન કરવા માગું છું કે આપણે એ વધારીને ૭૫ ટકા સુધી મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી ગરીબ દર્દીઓને સહાય આપે એવું મારું સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી હું કહેવા માગું છું કે, કેન્દ્ર સરકારમાંથી ઘણી બધી યોજનાઓ અને ઘણા બધા નાણાં જે આપણા વિકાસ નિગમો છે એના માટે આપવામાં આવે છે. લઘુમતી બોર્ડ છે તે વર્ષોથી મૃતઃપાય હાલતમાં છે, એવા લઘુમતી બોર્ડ કે બીજા કોઈ આપણા બોર્ડો હોય માટી કામ બોર્ડ, ઠાકોર વિકાસ બોર્ડ અને બીજા જે કોઈ બોર્ડો હોય જેને કેન્દ્રની ગ્રાન્ટ મળતી હોય એ ગ્રાન્ટ આપણે પૂરતી વાપરીએ અને સમાજના તમામ વર્ગનો એક સાથે વિકાસ થાય એ માટેની તક આપીએ.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર)** :માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર ગૃહના સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર એ દરિયા કાંઠાની પાસે આવેલ છે. ૧૯૭૬ની સાલમાં ઉકાઈ જમણા કાંઠાની આ કેનાલ બનાવવામાં આવેલી, એની લંબાઈ ૪૦ કિલોમીટરની હતી પરંતુ આ વિસ્તારમાં છેલ્લા પાછળના ૧૫ થી ૧૬ કિલોમીટરના વિસ્તારને પાણી નહતું મળતું પરંતુ આદરણીય મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિના કારણે અમારા દરિયા કાંઠાના છેક છેવાડાના ગામ સુધી સિંચાઈ માટેનું પણ પાણી મળતું થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારો દરિયા કાંઠાનો વિસ્તાર હોવાના કારણે જે ભૂર્ગભ જળ છે એ ભૂગર્ભ જળની ટી.ડી.એસ.ની માત્રા હતી એ ૫૮૦૦ ટી.ડી.એસ.નું પાણી આટલું બધું ખારું પાણી હતું પરંતુ મારા બે તાલુકા પૈકી હાંસોટ તાલુકાના ૪૬ ગામો છે, આ ૪૬ ગામોમાં લોક ભાગીદારી દ્વારા સરકારની વિવિધ યોજનાઓમાંથી મારા સોએ સો ટકા ગામોમાં પીવાના પાણી માટેના મીનરલ વોટરના પ્લાન્ટો નાખવામાં આવ્યા છે જે બદલ રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અને પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વૈશ્વિક મંદીનો માહોલ હોવા છતાં પણ ૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ. આ ગુજરાતની ધરતી ઉપર થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૪૬ દેશોની હાજરી, ૬૦૦ ઉપરાંતના વિદેશના પ્રતિનિધિઓ, ૨૦ હજાર જેટલા ડેલીગેટ આશા અને ઉમંગ સાથે વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિત -૨૦૦૯ના સાક્ષી બન્યા છે. ૮૦૬૫ સમજૂતી કરારો થયા છે અને આની સાથે ૨૫ લાખ ઉપરાંત લોકોને રોજગારી પણ મળવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશની અંદર સૌથી તંદુરસ્ત સહકારી પ્રવૃત્તિ જો ચાલતી હોય તો એ આ ગુજરાતમાં ચાલી રહી છે. ગુજરાતની અંદર જે સુગર ફૅકટરીઓ આવેલી છે એ સોએ સો ટકા સહકારી ધોરાણે સુગર ફૅકટરીઓ ચાલી રહી છે. કુલ નોંધાયેલી ૨૬ મંડળીઓ પૈકી હાલમાં ૧૭ મંડળીઓ કાર્યરત છે, એ પૈકીની ૧૩ દક્ષિણ ગુજરાતની મંડળીઓ આવેલી છે, બે સૌરાષ્ટ્રની છે. બે મધ્ય ગુજરાતની મંડળીઓ પૈકીની ૧૭ મંડળીઓ દ્વારા ૫૨ દિવસ ૬૫૦૦૦ મૅટ્રિક ટન શેરડીનું પીલાણ કરે છે આની સાથે પાંચ લાખ જેટલા સભાસદો આવેલા છે. પાંચ લાખ લોકોને આડકતરી રીતે રોજગારી પૂરી પડે છે. આ તમામ સુગર ફેકટરીઓ દ્વારા હોસ્પિટલ, શાળા, કોલેજ, ટેકનિકલ શાળાઓ દ્વારા એ પોતે પણ પોતાની જવાબદારી નિભાવી આજુબાજુના લોકોને શિક્ષણ પૂરું પાડે છે. આ સુગર ફેકટરીઓ દ્વારા ગુજરાત સરકારને ૬૦કરોડ રૂપિયા જેટલો વેરો તેમજ કેન્દ્ર સરકારને પણ વર્ષે ૬૦કરોડ જેટલો વેરો આપે છે. પ્રફુલભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપું છું.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. ગુજરાતની સાડા ચાર કરોડ જનતા બજેટમાં કંઈક લાભ થાય એના વિશે વિચાર કરે છે. આ બજેટમાં એસ.સી., એસ.ટી., બક્ષી કે ખેડૂતોના વિકાસમાં કંઈ ખાસ પ્રકાશ આપવામાં આવ્યો નથી. આમાં તો રાજય સરકારની જે સિદ્ધિઓ છે એના જ વખાણ કરવામાં આવે છે. મારા સામે બેઠેલા સાથીઓ પણ ઊભા થાય છે તો એ પણ કહે છે કે અમારી સરકારે પાણીની વ્યવસ્થા કરી, નર્મદાનું લંબાવ્યું આ બધું અમારી સરકારે કર્યું પણ હું આપને એ કહેવા માગું છું કે અમારા વિસ્તારમાં કે ગામડાંઓમાં હાલમાં ખેડૂતોમાં જે તકલીફ છે એમને વીજળી મળતી નથી, એમને પાણીની સગવડ નથી. જયોતિ ગ્રામ યોજના કરી તો એ યોજના ફકત નામ પુરતી જ છે. સીમના વિસ્તારમાં કે પરા વિસ્તારમાં એ વીજળી પહોંચતી નથી અને ફકત આઠ જ કલાક મળે છે. બીજી વાત એ છે કે ૧૯૯૧ થી જે લીગલ કનેકશનો છે એ વીજળીના આપવામાં આવતા નથી. ખેડૂતોએ બેંકોમાંથી લોન લીધી, ઘરેણા ગીરવે મુકયા, શરાફો પાસેથી પૈસા વ્યાજે લાવ્યા અને બોર બનાવ્યા છે એ બોર ૧૯૯૧ થી કનેકશન મળ્યા વગર પડી રહ્યા છે અને બેંકોના અને શરાફોના વ્યાજે લીધેલા પૈસા એ ડબલ થઈ ગયા છે અને ખેડૂતો નિરાધાર થઈ ગયા છે એમને માટે કોઈ બીજો ઉપાય નથી. બિયારણો, સલ્ફેટ ખાતરનો પાંચસો રૂપિયા ભાવ હતો. ઘઉંના બિયારણની થેલીનો ૭૦૦ રૂપિયા ભાવ હતો. આ રીતે ખેડૂતોને કોઈ રાહત આપી નથી. કોઈપણ ખેડૂત જો જુની મોટર હોય અને ચલાવતા હોય અને જી.ઈ.બી.ના ઓછા વોલ્ટેજને લીધે મોટરોમાં વધારે લોડ બતાવે તો ચાર પાંચ ગાડીઓ લઈને ત્રાસવાદી હોય એમ ખેડૂતોને પકડી લાવે છે અને એમને મોટા બીલો નવેસરથી આપે છે. પી.ડી.સી. કનેકશનોમાં પણ એ જ પોઝીશન છે. આ રીતે આ સરકારમાં ખેડૂતો ઘણા ત્રાસી ગયા છે. એમને પાકોનું પુરતું વળતર મળતું નથી. પૂરતા ભાવ મળતા નથી. આ તો કેન્દ્ર

સરકારે હમણાં કપાસના ટેકાના ભાવ બાંધ્યા એટલે ભાવ મળે છે તો ખેડૂતો માટે પણ સરકાર વિચારણા કરે. મારા વિસ્તારમાં નર્મદા યોજનાનું કામ ચાલે છે. બે વર્ષથી કામ ખોરંભે પડયું છે. સબમાઈનોર અને માઈનોર નહેરોનું કોઈ ખોદકામ થયું નથી. બે વર્ષ પહેલા જે ઢાળીયાના કામ થયા હતા સબમાઈનોરથી ખેડૂતોને ખેતર સુધી એ ઢાળીયા પણ તુટી ગયા છે અને ખેતરમાં પાણી જઈ શકે તેમ નથી તો એને માટે પણ સરકાર નવેસરથી કોઈ યોજનાનો વિચાર કરી અને ઢાળીયાનું સમારકામ યા તો ખેડૂતોના ખેતરમાં કોઈપણ પ્રકારે પાણી આપવા માટે વિચાર કરે તો ઘણી સારી વાત છે. અહીંયા તો સરકારની સિદ્ધિઓ, વાહવાહ કરવામાં સામેના માણસો જે ઊભા થાય છે એ એક જ * • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : શ્રી ગૌતમભાઈ, એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : ખેંચી લઉ છું. સાહેબ, આ તો રોજ સાંભળીએ છીએ એટલે.

**અધ્યક્ષશ્રી** : તમે સિનિયર મેમ્બર છો. ખૂબ સારી તમારી શૈલી છે પછી આવા શબ્દોનો આશરો લો અને અમે જયારે કહીએ પાછા ખેંચી લો. મને લાગે છે કે પાછા ખેંચી લો શબ્દ વાપરતા પણ આપણને દુ:ખ થવું જોઈએ. આવા શબ્દ ન વાપરતા હું એને કાઢી નાખું છું.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : સારુ સાહેબ. બીજું, એસ.ટી.ના રૂટો વિશે વાત કરું સાહેબ તો પહેલા જે રૂટો ચાલતા હતા એમાંના મોટાભાગના ૮૦ટકા રૂટો સરકારે બંધ કરી દીધા છે. ગામડામાં બાળકોને, આમ જનતાને એક ગામમાંથી બીજે ગામ જવા ખરીદી કરવાની તકલીફ પડે છે. એના માટે ઘણી માગણીઓ કરી છે. સરવાળે કોઈ જવાબ મળતો નથી.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરું છું. રાજ્ય સરકાર સુખાકારીની વાતો કરે છે એ વાત સાથે મારા પણ વિચારો રજૂ કરું છું.

રાજયનો વિકાસ થાય એમાં પણ અમે રાજી છીએ, પરંતુ શહેર અને ગામડાઓને જોડવાની જ્યારે વાતો કરીએ છીએ. મારા મિત્રો હર્ષદભાઈ અને ગણપતભાઈએ જેઓ સામી પાટલી ઉપર બેઠેલા છે તેમણે એવું કહ્યું આદિવાસી વિસ્તારમાં, જંગલ વિસ્તારમાં શહેરને જોડતા રસ્તા છે એ રસ્તા તો પૂર્ણ થઈ ગયા છે, પરંતુ આ રાજ્યના છેવાડાના, ગામડાના લોકોની આપણે વાતો કરવા માગીએ છીએ. રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષથી એક રસ્તો અમારો છે એ પુલ છે, એને જોબ નંબર આપવામાં આવ્યો છે. અત્યારે પણ બજેટ બુકમાં પુલનો જોબનંબર આપેલ છે. દામણડેરી પૂર્ણા નદી ઉપર જોબનંબર આપવામાં આવેલ છે. ૫ કરોડ જેટલો ખર્ચ થાય તેવું છે. તેમ છતાં પણ ૧૦ વર્ષથી એના ઉપર જે રકમનું પ્રયોજન કરવામાં આવે એ રકમ હજુ પણ કરી શક્યા નથી. તો કેવી રીતે ગામડામાં વસતા લોકોને સુખાકારીની સુવિધા આપી શકશો? તમારી સાથે સંમત છું, પરંતુ ગઈ વખતે સત્ર ચાલુ થયું ત્યારે આ ખાતાના મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે આવો કોઈ જોબનંબર આપવામાં આવ્યો નથી. પ્રશ્નોત્તરીની બુકલેટ સાચવી રાખી છે, પરંતુ એ રસ્તો પૂર્ણ થશે, રસ્તો થશે તેવી આશાથી વિવેકપૂર્ણ રીતે વર્તી રહ્યો છું. મંત્રીશ્રી મારી વાત સાંભળે અને જે જોબનંબર આપ્યો છે, તેમાં બજેટમાં પૈસા પૂરા મૂકી આપે. બજેટમાં એક લાખ રૂપિયા આપ્યા છે. ૫ કરોડની સામે એક લાખ રૂપિયા આપ્યા છે. કેવી સુખાકારીની વાતો આપણે કરીએ છીએ? ૧૮ કિ.મી.નો રસ્તો છે. એ રસ્તાને જોબનંબર આજે આપી દીધો છે, પરંતુ એની સામે પૈસાની જોગવાઈ કોઈ છે નહિ. આપણે બધા આ રાજ્યમાં રહેતા હોય ત્યારે છેવાડાના, ગામડાની વાતો કરીએ છીએ. એમની સાથે સંમત છું, પરંતુ આવી રીતે નીતિ હશે, અન્યાય હશે તો કાલે કદાચ આ પાટલી ઉપર પણ તમારે આવવું પડશે, એટલે આવો ભેદભાવ ન રાખો.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫ થી અહીંયાં આવી છે. ૪૦ વર્ષ આ લોકોએ રાજ કર્યુ. અમારા મિત્રો બોલતા હતા. બધા આદિવાસી સભ્યો વિકાસની વાતોની અંદર આદિવાસીઓની સેવા કરી હોત તો આજે સામી પાટલીએ બેસવું ન પડત. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓની ચિંતા કરી છે. ૧૫ હજાર કરોડ રૂપિયાનું પેકેજ અમારા વખતમાં લાવ્યા છે. આદિવાસીઓ શિક્ષણમાં આગળ આવે, કોલેજોમાં જાય, ગ્રેજયુએટ થાય, આઈ.એ.એસ., આઈ.પી.એસ. થાય, તમારા વખતમાં કોઈ થયું છે ખરું. મને કોઈ દાખલો આપો? ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગામડાઓની અંદર મિટીંગોમાં બોલે છે કે હું સામાન્ય કક્ષાનો માણસ છું. મારે છેવાડાના માણસ સુધી તેને રસ્તો આપવો છે. મારા વિસ્તારની રસ્તાની વાત કરું તો ૧૮ કરોડના ખર્ચે ૩૭ ગામડાઓને આ વર્ષે રસ્તાથી જોડવામાં આવ્યા છે. જેમાં આદિવાસી બહેનો જે ગામડાઓમાં જવાય નહીં, ૪૦

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આ શબ્દો આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વર્ષથી જવાય નહીં તેવા ગામડાઓમાં ડીલીવરી થાય તો બહેનનું અકાળે મૃત્યુ થાય. તમારા જો લાગણી હતી તો તમે આ રસ્તા કેમ ન બનાવી શકયા? અમારા મુખ્યમંત્રીશ્રી શિક્ષણની બાબતમાં આગળ આવ્યા છે, આરોગ્યની ચિંતા કરી છે, ૧૦૮ની જે સેવા આપી છે. અમે ગામડામાં પૂછીએ છીએ તો કહે કે આ તો મોદી સાહેબની ગાડી છે. આ લોકોએ અત્યાર સુધી અમારા કેટલાના જીવો ગુમાવ્યા છે. આ વિસ્તારની અંદર જો સેવા કરવી હોય તો સામી પાટલીથી ન થાય અને સેવા કરવી હોય તો અહીં બેસવું પડે. સેવા ન કરવી હોય તો સામી પાટલીએ બેસવું પડે. મુખ્યમંત્રી અમારા માટે વનબંધુનું જે પેકેજ લઈને આવ્યા છે તેમાં સિંચાઈની વાત કરી છે. નર્મદાનો બંધ મારા તાલુકામાંથી પસાર થાય છે અને ૨૧૨ ગામો પૈકી ૧૭૦ ગામોને પાણી આ વિસ્તારમાં મળી શકયું છે. આ વર્ષે એક બીજી વાત કરું કે ગુજરાતના અમારા તાલુકાએ ગુજરાતને મુખ્યમંત્રી આપ્યા છે ત્યારે આ ગુજરાતના મુખ્યમંત્રી અમારા હતા તેમનાથી પંકચર નહોતું પડયું. ચિખોદરાના વતની હતા. પંકચર નહોતું પાડી શકયા. ૪૫૦૦ હેકટરને અને ૩૭ ગામડાને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીએ પંકચર આપ્યું અને આજે લોકો પાણી પીતા થયા છે. બીજી વાત કરું. આ વિસ્તારમાં ચૂંટાયા પછી અને મીયાંગામ માઈનોરમાંથી જયારે મેં રજૂઆત કરી અમારા સિંચાઈ મંત્રી નીતિનભાઈ પટેલ સાહેબને અને ગામના આગેવાનો પાંચ ગામના લોકો ચાલુ સત્ર દરમ્યાન મળવા આવ્યા હતા અને તે પંકચર ૧૦૦૦ હેકટરને અને સાત ગામના લોકોને તેની મંજૂરી માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ આપી છે. ખરેખર આ ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતની કામ કરતી સરકારને અભિનંદન આપું છું અને આ પ્રસ્તાવ લઈને જે સભ્યશ્રી આવ્યા છે તેને મારું અનુમોદન કરું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ ગૃહની અંદર સામી પાટલીએ બેઠેલા કે આ પાટલીએ બેઠેલા તે સરકારનો એક ભાગ છે બરાબર .સામી પાટલીએ બેઠેલા સરકારનો એક ભાગ છે પણ પ્રોટોકોલ જળવાતો નથી. નથી. સરકારનો ભાગ છે. અમૂક જિલ્લામાં અને તાલુકાઓમાં અધિકારીઓ હોય છે અમારે તો જાળવે છે પણ સામી પાટલીવાળા નથી જાળવતા. જાળવવો જોઈએ. અમે તો ગમે તેમ નાક દબાવીને કામ કરાવીશું તે પણ આવડે છે અમને બરાબર. મંત્રી હોય કે અધિકારી હોય પણ લોકોના કામ માટે આપણે આવીએ છીએ. નહીં કે પોતાના અંગત કામ માટે એટલે લોકોના કામ થવા જોઈએ. પણ નથી થતાં. તાલુકામાં બિચારા લોકો સર્ટિફીકેટ લેવા આવે તો ચાર ચાર ધકકા ખવડાવે છે. શું કામ ખવડાવો છો? ભગવાને આવડું મોટું પદ આપ્યું છે તેનો સદુપયોગ કરો. આટલો મોટો પગાર આપે છે પણ નહીં. પાછું ખનખન, અલ્યા ભાઈ, ખનખન શું કરવા? એ બંધ કરો, અમે તો ખનખન નથી કરતા, બરોબર, જુઓ તમે, રાજ આવું ચલાવવું હોયને તો મજબૂત માણસ જોઈએ. આ તો પોલમપોલ, વાતનો અમલ થવો જોઈએ પણ આ તો વાતનું વતેસર થાય છે, અલ્યા ભાઈ, આવું ના થાય, વાતનો અમલ થવો જોઈએ, વાત જે કરો તેનો અમલ કરો. વાતનું વતેસર ના કરો.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ તો, સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો આપી દીધી તો ગરીબ માણસ કેવી રીતે ફી ભરી શકે. ગરીબ માણસની દીકરી-દીકરાઓ કેવી રીતે ભણી શકશે? લાખ લાખ રૂપિયા ભરવાના હોય, બહુ હોશિયાર વિદ્યાર્થી હોય પણ ફી કેવી રીતે ભરી શકે? માનનીય માધવસિંહની સરકાર વખતે મહિલા શિક્ષણ મફત હતું. મહિલાઓને જયાં સુધી ભણવું હોય ત્યાં સુધી ભણી શકે. અત્યારે આપણે જોઈએ તો અત્યારની મહિલાઓ કેવી રીતે ભણી શકશે. કેટલા બધા રૂપિયા ફી લેવામાં આવે છે. કોઈએ એની ગણતરી કરી ખરી? કહેવામાં આવે કે, ગુજરાતનો વિકાસ કરી દઈશું પણ કેવી રીતે? ભણતર વગર ગુજરાતનો વિકાસ કેવી રીતે થવાનો છે? જુઓ તમે, આ સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો કેટલી બધી ફી લે છે, લાખ લાખ રૂપિયા અને ડોનેશનથી તો પાછું એડમિશન મળે, તો અલ્યા ભાઈ, આ રીતે શિક્ષણ કઈ રીતે વધવાનું છે?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલને મેં કહ્યું કે ભાઈ, નાના અને સીમાન્ત ખેડૂતોને બે એચપીની મોટર આપો તો એ લોકો જીવી શકે, નોકરી તો નથી આપી શકવાના. ગામડામાં બધાને એક વીઘો બે વીઘા જમીન હોય છે, તો એમાં પશુપાલન કરીને એ લોકો જીવી શકે પણ એ નથી માનતા, ભાઈ, બરોબર. પેલા ઉદ્યોગવાળાઓને બે એચપીની મોટર આપી દીધી, પણ નાના અને સીમાન્ત ખેડૂતોને નથી આપતા. એમને આપવી જોઈએ, એ માટે કંઈક કરો. બીજા પાવર સ્ટેશનો ઊભા કરો. તમે મોટી મોટી વાતો કરો છો પણ મોટા મોટા પાવર સ્ટેશન ઊભા કરો. એમ કહેવામાં આવે છે કે ગુજરાતમાં સારાં કામ કર્યા છે તો પાવર સ્ટેશન તો ઊભા કરો. આપણને વીજળીની ખાસ જરૂર છે, બીજા બધા હોડિંગ્સમાં પૈસા વાપરો છો, મોટાં મોટાં હોડિંગ્સ લાવી દીધાં, એની પાછળ ખર્ચ કરો છો એના કરતાં લોકોના ઉપયોગમાં ખર્ચ કરોને. ગરીબ લોકોને સારા રસ્તા મળે, રોજીરોટી મળે એવું કંઈક કરો, આ તો વાતો કરવાની કે આમ કરી દઈશુ, તેમ કરી દઈશું, પણ તમે કશું નથી કરતા. હજુ અમારું કોંગ્રેસનું રાજ સારું હતું, અને ભાઈ, આ ટૅક્નૉલૉજી કોણ લાવ્યું? રાજીવ ગાંધી અને સામપિત્રોડા લાવ્યા, નહીં કે આ સરકાર લાવી, રાજીવ ગાંધી અને સામપિત્રોડા ટૅક્નૉલૉજી લાવ્યા અને એના લીધે તો દેશનો અને રાજયનો વિકાસ થયો. તમે બધા એવી વાતો કરો છો કે અમે આ બધું કરી દીધું. નહેરો લાવ્યા, અમારા ભાઈ, નીતિનભાઈ પટેલ, અમારા ખેડા અને આણંદ જિલ્લામાં પાણી ના આપ્યું, બધુ બળીને સાફ થઈ ગયું પછી પાણી છોડ્યું, એ શું કરવાનું? આવી તમારી નીતિ? એટલે જરા સુધરવાનું રાખો. માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો બોલે છે કંઈ અને કરે છે કંઈ, જો જે કહે છે એ કરતા હોય તો સારુ, પણ એનો અમલ નહીં કરવાનો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ કરેલા પ્રવચન પણ આ વિધાનસભા ગૃહના સન્માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ તેમના પ્રવચનના સાતમા નંબરના પાના ઉપર વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના વિષય ઉપર એમણે વાત કરી છે. સાયન્સ અને ટૅક્નૉલૉજીનો જો કોઈ ઉપયોગ થતો હોય તો મોટા ભાગે એ પ્રમાણેની વાત થતી કે આ કોઈ એક અપર ક્લાસ માટે ખાસ કરીને ઉપયોગ થતો હશે કે સુખી સંપન્ન માટે આ ટૅક્નૉલૉજીનો ઉપયોગ થતો હશે .માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજય સરકારને અભિનંદન એ માટે આપવા છે કે, વિજ્ઞાનનો ઉપયોગ છેલ્લે બેઠેલો માણસ છે એને માટે થાય અને એ માટે કરીને રાજય સરકારે ટેકનોલોજીને તાલુકા કક્ષા સુધી લઈ જઈને હવે છેક ગ્રામ્ય કક્ષા સુધી લઈ જવા માટેનો પ્રયત્ન કર્યો છે. રાજયના તમામ પોલીસ સ્ટેશનોનું મૉનિટરિંગ કરવું હોય તો અહીંયા ગાંધીનગરથી થઈ શકે, બોર્ડર પરની ચેકપોસ્ટ હોય ત્યાં કેટલી ટ્રક આવી એ ત્યાં ગોઠવેલા વેબ કેમેરાના આધારે એનું મોનિટરિંગ અહીંયા બેઠા ગાંધીનગરથી થઈ શકે. તમામ સરકારી કચેરીઓને પણ ઓન લાઈન કરવાનો અભિગમ રાજય સરકારે લીધો છે આના કારણે કામની સરળતા વધી છે. કોઈ વ્યકિત પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધાવવા જાય અને એ પોલીસે નોંધી છે કે નહીં એનું અહીં બેઠા મોનિટરિંગ કરી શકાય, કેટલા ગુનાઓ ડિટેકટ થયા છે એ પણ અહીં બેસીને મોનિટરિંગ થઈ શકે. સૌથી આનંદનો એ વિષય છે કે, જી-સ્વાન નેટવર્કના આધારે રાજય સરકારે ૨૫૫ જેટલી વેબસાઈટ, ૧૯ હજાર જેટલી ઈ-મેલ ઉપભોગતા અધિકારીઓ જેના આધારે બધું કામ છેલ્લે પ્રજામાં બેઠેલ માણસ એનો ઉપયોગ કરી શકે એના માટે આ રાજય સરકારે પ્રજા કલ્યાણ માટે આ બધી ટેકનોલોજી ગ્રામ્ય કક્ષા સુધી મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાનનો ઉપયોગ માણસનું જીવન બચાવવા માટે કર્યો છે. ૧૦૮ની ગાડીની વાત કરીએ તો કોઈ પણ માણસ કોઈ પણ જગ્યાએથી ફોન કરે કે અહીંયા રસ્તામાં અકસ્માત થયો છે તો ટેકનોલોજીના માધ્યમથી તાત્કાલીક ગણતરીની મિનિટોમાં ત્યાં એમ્બ્યુલન્સ પહોંચી જાય છે. વિજ્ઞાનનો ઉપયોગ અલગ રીતે થાય એની જગ્યાએ વિજ્ઞાનનો ઉપયોગ માણસનું જીવન બચાવવા માટે થઈ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાઈસેકના માધ્યમથી આખા ગુજરાતના તમામ ગ્રામ્ય કક્ષાએ શું સુવિધાઓ છે અથવા તો શું શું હવે તૃટીઓ છે એનો સર્વે કરાવીને એક એવો રેકોર્ડ ડેટાબેઝ બનાવ્યો એના આધારે આપણે અહીં બેઠા પણ નક્કી કરી શકીએ કે કયા ગામમાં શું ખૂંટે છે? પહેલા તો એવું થતું કે પૂરતા પ્રમાણમાં ડેટાબેઝ ન હોવાના કારણે અહીંયા સરકાર પાસે નાણા હોય ત્યાં સુવિધાનો અભાવ હોય પરંતુ કનેકિટવિટી ન હોવાના કારણે અને જાણકારી ન હોવાના કારણે અહીંયા પૈસા હોવા છતાં છેલ્લા માણસ સુધી એને સુવિધા પહોંચાડી શકાતી ન હતી. બાઈસેકના માધ્યમથી રાજય સરકારે છેલ્લા માણસ સુધી આ સુવિધા પહોંચાડવા માટે ખૂબ સારો પ્રયત્ન કર્યો છે. રાજયમાં આઈ.ટી. પાર્ક, બાયોટેક પાર્ક અને નોલેજ કોરીડોરના માધ્યમથી યુવાનોને રોજગારી મળે અને પ્રજાને સુવિધા મળે એના માટેનો રાજય સરકારે પ્રયત્ન કર્યો છે અને એના કરતાં પણ વધુ આનંદનો વિષય એ છે કે, રાજયના મુખ્યમંત્રીશ્રીએ સ્વાગત કાર્યક્રમના માધ્યમથી તાલુકા કક્ષાએ બેઠેલો કોઈ માણસ તેના પ્રશ્નને અહીંયા વાચા આપી શકે આ પ્રમાણેનું જે કામ ઉપાડયું છે અને વિજ્ઞાનનો ઉપયોગ રાજય સરકારે જે પ્રજા ઉપયોગ માટે કર્યો છે એ માટે રાજય સરકારનો આભાર માનુ છું અને માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલના પ્રસ્તાવ ઉપર આ સન્માનીય ગૃહમાં લગભગ ૫૮ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ લંબાણપૂર્વક ચર્ચા કરી છે, ચર્ચા એકંદરે ગરિમાપૂર્ણ પણ રહી છે અને કયાંક રાજકીય અવલોકનના તણખા પણ ઝર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સવંત ૨૦૬૫ અને મહા માસની અમાવાસ્યનો પવિત્ર દિવસ છે. તારીખની દ્રષ્ટિએ ૨૫મી, ફેબ્રુઆરી છે. આ ૨૫મી, ફેબ્રુઆરી એ ત્રણ મહાનુભાવોને યાદ કરવાનો દિવસ છે. પહેલા ગાંધીજી જેવા યુગપુરુષને પણ જેની સાથે ખોળિયું અદલ-બદલ કરવાનું મન થયું હતું એવા સાદગી, ત્યાગ અને સેવાના ત્રિવેણી સંગમ સમા ગુજરાતના મૂક સેવક રવીશંકર મહારાજનો આજે જન્મ દિવસ છે. બીજા ગુજરાતના ગૌરવ સમા સારસ્વત સાક્ષર સ્વર્ગસ્થ આનંદશંકર ધ્રુવનો પણ આજે જન્મ દિવસ છે અને ત્રીજું, 'સહુ ચલો જીતવા જંગ બ્યુગલ વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે.' જેવા જોશીલા કાવ્ય દ્વારા અર્વાચીન સાહિત્યમાં અનેરી પ્રતિભા ઉપસાવનાર સમાજ સુધારક, નીડર યોદ્ધા અને ગુજરાતી ગદ્ય સાહિત્યના જનક વીર નર્મદની આજે પુણ્યતિથિ છે. જગતનો ઇતિહાસ તપાસીએ તો આપણને જણાશે કે જ્યારે પણ કોઈ પ્રજાનો ઉદ્ધાર કરનાર પ્રતાપી વીર પુરુષ પેદા થાય ત્યારે જનતા જનાર્દન તેના ઓવારણાં લે છે, પરંતુ તેની આજુબાજુ ગોઠવાયેલા આગેવાનો તેની ઈર્ષા કરે છે અને આવા પ્રતાપી પુરુષને આવા પ્રજાવત્સલ રાજવીને પતાવી દેવા માટે તમામ પણ ષડ્યંત્રો રચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોમના ઇતિહાસમાં આવી એક ઘટના બની, જુલિયસ સિઝર નામના પ્રતાપી વીર પુરુષે ઇજિપ્ત સહિત ચારેય બાજુ વિજયો કરીને રોમન સામ્રાજ્યનો વિશ્વમાં ડંકો વગાડ્યો, રોમની પ્રજા સિઝરને

દેવની જેમ પૂજવા લાગી, નગરો, ગામો, ગલીઓમાં તેનો જય જય કારનો નાદ ગુંજતો થયો, ત્યારે જ રોમની સંસદમાં અને રાજય દરબારમાં તેની સામે ખૂની ખટપટો શરૂ થઈ હતી, માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના ઇતિહાસમાં નોંધાયેલી યાદગાર ઘટના છે કે, જુલિયસ સિઝરની લોકપ્રિયતાથી અને જનતામાં થતાં જય જયકારથી દાઝેલા અને હૈયાફૂટેલા પક્ષના અને વિપક્ષના સાથીદારો જેવા કે, બ્રુટ્સ, કાસ્કા, કેશીયસ વિગેરેએ વિશ્વ વિજેતા સિઝરને રોમન સામ્રાજ્યની ચાલુ સંસદમાં પંદરમી માર્ચે ક્રૂર હત્યા કરીને રોમન સામ્રાજ્ય સહિત આખા વિશ્વની પ્રજામાં હાહાકાર ફેલાવી દીધો, જો કે પ્રજાએ સિઝરના હત્યારાઓને અડતાળીસ કલાકમાં જ વીણી વીણીને રોમની ગલીઓમાં * (કૂતરા બિલાડાંના મોતે મારી નાંખ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાએ પણ બીજી રીતે ચૂંટણીઓમાં જે એમનો વિરોધ કરતા હતા એવા કોંગ્રેસીઓનું કંઈક આવું કર્યું છે.)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દો દૂર કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : આપના પાસે અસંસદીય શબ્દોની બુક પણ છે અને જે સંદર્ભમાં આ પ્રયોગ થયો છે આપ કહેતા હો તો હું ટાંકુ, નહિ તો આપ રદ કરો એટલે આ ગૃહની કાર્યવાહી આગળ ચાલે. જે સંદર્ભમાં આ શબ્દો વપરાયા છે કે* (કૂતરા બિલાડાના મોતે મારી નાંખ્યા હતા એ હાલ કોંગ્રેસના અહીંયા કર્યા છે) એમ કહ્યું એમણે, આ શબ્દો ચાલે નહિ ત્યાં પણ રોમ ભડકે બળતું હતું ત્યારે સિઝર ત્યાં.. એની જે વાતો કરતા હતા (અંતરાય) આપ સાંભળતા જ હતા રેફરન્સનો સવાલ નથી, આખું ગૃહ સાંભળે છે,

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ મોદીએ (અંતરાય) હજી ઘણું આવે છે, ગુજરાતને અને ભારતને જે રીતે વિશ્વના નકશામાં મૂકવાનું બીડું ઝડપ્યું છે, આ ગૃહને અને ગુજરાત સહિત ભારતની જનતાને ખાતરી આપું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જુલિયસ સિઝર કરતાં જુદી માટીના છે, તેઓ ગુજરાતની આગેવાની નીચે ભારતને વિશ્વગુરૂના સ્થાને મૂકવા માટે જે ઐતિહાસિક કાર્ય કરવા માટે નિર્માયા છે તે કાર્ય પૂર્ણ થશે. ગુજરાતની વિશ્વ વ્યાપકતાનો પડઘો આપણા મહાન કવિ ઉમાશંકર જોશીના શબ્દોમાં પડે છે.

*" એ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી,*
*હિંદભૂમિના નામે જેની ઊછળે ના છાતી,*
*મહારાષ્ટ્ર, દ્રવિડ, બંગાળ, બિહાર બધે અનુકૂળ*
*જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાય દૃઢમૂળ,*
*ભારત ભક્તિ દેશ-વિદેશ ન જેની ઊભરાતી,*
*એ તે કેવો ગુજરાતી.*

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજ્યપાલશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં રાજયના વ્યાપક પ્રશ્નો જેવા કે શિક્ષણ, સહકાર, સિંચાઇ, ઉદ્યોગ, કૃષિ, સલામતી, વંચિતોનો વિકાસ, આતંકવાદ વિગેરે રાજયમાં પ્રવર્તતા ચિત્રનો આસાર, સરકારે કરેલી કાર્યવાહી, સાચી રીતે દર્શાવી બંધારણની ફરજના ભાગરૂપે આદરણીય મહામહીમ્ રાજ્યપાલ મહોદયે..આપણને કરેલ સંબોધન બદલ આપણે તેનો આભાર ના માનીએ તો નગુણા કહેવાઈએ અને જેથી માનનીય ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ જે પ્રસ્તાવ લાવ્યા છે તેને આપણે સર્વાનુમતે પસાર કરવાની ભાવના રાખવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણો દેશ, આકાશ, દરિયાઈ અને જમીન માર્ગોથી આતંકવાદથી ઘેરાયેલો છે. બીજા વિશ્વયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રો પક્ષે લડતાં ચર્ચિલે બ્રિટનની પ્રજાને આહ્‌વાહન કરતાં કહ્યું હતું કે, આપણે આકાશમાં, જમીન ઉપર અને દરિયામાં સર્વત્ર યુદ્ધ કરવાનું છે. ભારતમાં આજે ચર્ચિલ, બિસ્માર્ક અને સરદાર પટેલની જરૂર છે. જેની ગરજ ગુજરાતના પનોતા પુત્ર અને આ ગૃહના નેતા માનનીય નરેન્દ્રભાઈ મોદી પૂરી પાડી રહ્યા છે. જેહાદીઓ અને આતંકવાદીઓનું મુખ્ય લક્ષ્ય યુરોપ, અમૅરિકા નથી, પરંતુ ભારત છે. પાકિસ્તાનથી માંડી સાઉદી અરેબિયા સુધી ફેલાયેલું આ જેહાદી નૅટવર્ક વાયા ભારત થઈ અમૅરિકાના વ્હાઇટ હાઉસ થઈને લંડનના રાજાના સત્તાવાર નિવાસસ્થાન બકીંગહામ પૅલેસ ઉપર કબજો જમાવવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનની સ્વાત વેલી કે જ્યાં એક સમયે હિંદુ અને બૌદ્ધ મંદિરો સાથે દૂધની નદીઓ વહેતી હતી ત્યાં આજે લોહીની નદીઓ વહે છે. ત્યાં અમૅરિકન સૈનિકની ગોળીથી વીંધાયેલા એક જેહાદીના

* (         ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય મંત્રીશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

ખિસ્સામાંથી મળે એક ચબરખી, આ ચબરખીમાં જે કવિતા લખી હતી તે તેમના ઈરાદા દર્શાવે છે. તેમાં લખ્યું હતું કે,

*" કલ રૂસ કો ટૂટતે દેખા થા*
*અબ ઈન્ડિયા કો ટૂટતે દેખેંગે,*
*હમ બર્ક- એ જિહાદકે શોલો મેં*
*કલ અમેરિકા કો જલતા દેખેંગે "*

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશ સમક્ષ આજે સૌથી મોટો કોઈ વિકરાળ પ્રશ્ન હોય તો એ આતંકવાદનો છે. અને છેલ્લે પાકિસ્તાનમાં તાલીબાનો અને સરકાર વચ્ચે જે સમજૂતી થઈ તે ભયંકર દિવસોના એંધાણ દર્શાવે છે.માનનીય અધ્યક્ષશ્રી, તાલીબાનો અને જેહાદીઓએ ભારત, અમેરિકા અને જેરૂસાલેમની સામે યુદ્ધ છેડ્યું છે. અને બીજા શબ્દોમાં કહું તો તેમણે હિન્દુ, ખ્રિસ્તી અને યહૂદીઓને નેસ્ત નાબૂદ કરવાનો અથવા તેમને ગુલામ બનાવવાનો નાપાક ઈરાદો લઈને તે મેદાનમાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં જ ૫૦ જેટલાં આતંકવાદી સંગઠનો સક્રિય છે. અને તેમનો ઈરાદો સૌ પ્રથમ ભારતનું ઈસ્લામીકરણ કરવાનો છે અને તે માટે તેઓ કોંગ્રેસને એક રાજકીય હથિયાર Political tool તરીકે વાપરી રહ્યાં છે. વોટ બેંકની રાજનીતિએ કોંગ્રેસને એટલી લાચાર, દીનહીન અને એટલી સ્વાર્થી બનાવી દીધી છે કે તે અફઝલ ગુરુને ફાંસી પણ આપી શકતી નથી. (અંતરાય) અને તેનાથી ઉલટું ઇસ્લામી આતંકવાદને વાજબી ઠેરવવા માટે હિન્દુ આતંકવાદની રેકર્ડ વગાડ્યા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન પ્રેરિત ભારતમાં પાંચમાં કતારિયા સમર્થિત આતંકવાદી લડાઈમાં અત્યાર સુધીમાં ...અંતરાય...

**શ્રી વજુભાઈ વાળા** : તે જે બોલ્યા તે, તેનો જવાબ સાંભળવાની ધીરજ રાખજો. (અંતરાય)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધીમાં આશરે ૫૫,૦૦૦ જેટલા નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા છે. ૮,૦૦૦ જવાનો શહીદ થયા છે, દેશના બે બે વડાપ્રધાન એક મુખ્યમંત્રી આપણે ગુમાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં આતંકવાદને નાબૂદ કરવાની ફક્ત વાતો થાય છે. જ્યારે ગુજરાતના ઝાંબાજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચે ગુજરાત પોલીસે અમદાવાદના સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો ભોગ બનેલા ૫૬ નાગરિકોના હત્યારાના માસ્ટર માઈન્ડ મુફ્તી અબુ શહીરને આઝમગઢમાંથી આતંકવાદીઓની અભેદ્ય કિલ્લેબંધીમાંથી ઉંદરડાને ખેંચી લાવે તેમ ખેંચી લાવીને સ્પેશ્યલ પ્લેન દ્વારા અમદાવાદ લાવી સમગ્ર દેશની અંદર જયપુર, અજમેર, દિલ્હી, વારાણસી, મુંબઈ, બેંગ્લોર હૈદ્રાબાદ વગેરે સ્થળોએ થયેલા આતંકવાદી હુમલાના રહસ્યો શોધવામાં બીજા રાજયોની પોલીસને માર્ગદર્શન પૂરું પાડયું છે અને ૪૫ જેટલા આતંકવાદીઓ વિરુદ્ધ જડબેસલાક ચાર્જશીટ કરીને ભવિષ્યમાં આવા આતંકવાદીઓ દ્વારા હજારો નિર્દોષોની હત્યાના ઘડાયેલા કાવતરાંને ખુલ્લું પાડયું છે.

એ.કે.૪૭ અને એ.કે.૫૬ બંદૂકો લઈને ગુજરાત બહાર આતંકવાદીઓ ફરે છે, પણ ગુજરાતમાં ફરકતા નથી. કારણ કે ગુજરાતમાં ૪૭ની કમર અને ૫૬ની છાતી ધરાવતા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતની પોલીસે અન્ય રાજયો અને કેન્દ્ર સરકારને માટે આતંકવાદીઓ સાથે કેમ લડવું એનો ઉત્કૃષ્ટ નમૂનો પૂરો પાડયો છે. આ તબકકે હું ગુજરાતની પોલીસને આપના દ્વારા અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી સિદ્ધાર્થભાઈ પટેલે કંદહાર અપહરણ કાંડની યાદ અપાવીને એન.ડી.એ. સરકારની ટીકા કરી છે. મારે તેમને યાદ અપાવવું પડશે કે કોંગ્રેસના કેન્દ્રીય મંત્રી • (xxxxx) (સતત અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## ગૃહમાં અનુપસ્થિત વ્યકિતઓના નામોલ્લેખ અંગે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : આ પ્રણાલિકા ચાલુ રાખવાની હોય તો અમે પણ આ જ પ્રણાલિકા અપનાવીએ. જે વ્યકિત આ ગૃહની સભ્ય નથી. અન્ય ગૃહના સભ્ય કે અન્ય રાજયના મુખ્યમંત્રીના સંદર્ભમાં આપણા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલા નિર્ણયો બહુ સ્પષ્ટ છે. એ પરંપરાઓ તોડીને નીચે ઉતરવાનું હોય. આપને અધિકાર છે નવી પ્રણાલિકા અપનાવવાનો. અધ્યક્ષ તરીકે આપને અધિકાર છે. એટલે હું આપનું માર્ગદર્શન માગું છું. ભૂતકાળના એક નહીં, અનેક નિર્ણયો છે. આપ પણ જાણો છો. એટલે આ બાબતમાં આપનું માર્ગદર્શન આવકાર્ય રહેશે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : બહુ સ્પષ્ટ માર્ગદર્શન છે કે કંદહારની ઘટના બની અને એના જે ઉલ્લેખો થયા, એનો જવાબ અહીંથી માનનીય મંત્રીશ્રી આપે છે. માનનીય મંત્રીશ્રી, જે નામો આપ બોલ્યા છો, એ નામો બાદ કરીને આપની વાત કરો.(સતત અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** એક નામ બતાવો અમારા પ્રવચનમાં. એક નામ તો બતાવો.

**અધ્યક્ષશ્રી** : હું મારું રૂલિંગ બાકી રાખું છું. કાલે જોઈને આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** એ વખતે એમને ઉભા થવાનો અધિકાર હતો. જે નથી થઈ શકતું, એ નથી જ થઈ શકતું. જે વસ્તુ નથી થઈ શકતી, સાહેબ...

**અધ્યક્ષશ્રી** : તમે કહો છો એમાં * (xxxxx) આ નામોને બાદ કરીને આપ વાત કરો.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એ વખતના કાશ્મીરના મુખ્યમંત્રીના સાળાને છોડાવવા માટે આ લોકોએ આતંકવાદીને છોડયા હતા. એના સિવાય એ વખતના તત્કાલિન ગૃહમંત્રી હતા, એની પુત્રીને છોડાવવા માટે કાશ્મીર લિબરેશનના કમાન્ડર યાસીન મલિક સાથે સાંઠગાંઠ કરીને ૫ ખતરનાક આતંકવાદીને એમણે છોડયા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે જે આતંકવાદીને છોડયા, તેના કારણોમાં કોંગ્રેસના આગેવાનોના સગા હતા. જયારે કંદહારમાં જે વિમાનનું અપહરણ થયું હતું, તેમાં અટલજી કે જશવંતસિંહના એકેય સગાં નહોતાં. નિર્દોષ નાગરિકો જ હતા. ૨૫૦ થી ૨૬૦ સુધીની સંખ્યામાં હતા. એમને છોડાવવા માટે આ કર્યુ હતું. અને એને છોડાવવા માટે આ લોકોને છોડયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા શકિતસિંહજીએ નર્મદા ડેમની ઉંચાઈની વાત કરી, ૧૨૧ મીટર ઉંચાઈની બાબત એમને બહુ વખાણવા જેવી ન લાગી. પણ એમણે કેનાલ સિસ્ટમને પૂર્ણ કરવા માટે અમારું ધ્યાન દોર્યુ. નર્મદા એ આપણા સૌના માટે જીવાદોરી છે. આપણે માટે ઈજીપ્તની નાઈલ, વોશિંગ્ટનની હડસન, લંડનની થેમ્સ અને બ્રેબેલોનની યુક્રીટેસ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે તમામ મોરચે લડીને ૧૨૧ મીટર સુધી ઉંચાઈ પહોંચાડી છે. મારે કહેવું છે કે ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ મુખ્ય નહેરનું ૪૫૭ કિલો મિટર, શાખા નહેરનું ૧૭૮૪ કિલો મિટર, વિશાખા નહેરનું ૧૫૧૦ કિલો મિટર, પ્ર શાખા નહેરનું ૪૯૪૭ કિલો મિટર, પ્રપ્રશાખા કેનાલનું ૧૦૩૪ કિલો મિટર એમ કુલ મળીને ૧૮૭૩૨ કિલો મિટર જેટલી લંબાઈનું નહેરનું જાળું ગુજરાતની નસે નસમાં ફેલાવવામાં આવ્યું છે. ગુજરાતને નંદનવન બનાવવા તરફ જઈ રહયા છીએ. માનનીય સભ્યશ્રી માનસિંહ ચૌહાણે નર્મદા યોજનાના ભાગીદાર રાજયો પાસેથી એમના હિસ્સાની રકમ વસૂલાતી નથી, તેવો ઉભો કરેલ મુદ્દા પ્રત્યે હું આપના દ્વારા જણાવવાની રજા લઉં છું કે નવેમ્બર ૨૦૦૮ સુધી નર્મદા યોજના પાછળ ૨૬૯૮૫.૫૦ કરોડનો ખર્ચ અને ભાગીદાર રાજયોને ફાળે આવતા ૬૭૪૭ કરોડ પૈકી ૩૫૭૦ કરોડની રકમ વસૂલ થઈ છે.બાકીની જે રકમ છે એમાં પણ ૨૮૬ કરોડ મળવાના બાકી છે તે પૈકી ૨૦૫ કરોડ તો કોંગ્રેસ શાષિત રાજય મહારાષ્ટ્ર સરકાર પાસે લેવાના નીકળે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિદ્ધાર્થભાઈ અને માનનીય શકિતસિંહ પોતાની થોડી વગ વાપરીને ગુજરાતને આ બાબતમાં કંઈક મદદ કરે તેવી પણ આપના દ્વારા વિનંતી કરું છું. જો રામ હોય તો.

લાડીલા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે જયોતિ ગ્રામ યોજના થકી ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંને ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપી અને સાડા પાંચ કરોડની જનતાના જીવનમાંથી અંધારા ઉલેચ્યાં છે. તેના કારણે ગામડાંના નાના કામદાર વર્ગો, ઘેર બેસીને ગૃહ ઉદ્યોગમાં જોડાયેલા વર્ગના લોકો લુહાર, સુથાર કે કુંભાર હોય, તેમની આવક પણ વધી છે. અને સૌથી વધારે ફાયદો ગામડાંની દીકરોઓને થયો છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ગયા વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ ના જે પરિણામો આવ્યા અને એમાં ટોપ ટેન એક થી દસ માં ૬૨ ટકા ગામડાંના વિદ્યાર્થીઓ આવ્યા હતા. અને એમાં મારી બહેનોનું પ્રમાણ વિશેષ હતું. દેશની સરેરાશ માથાદીઠ વપરાશ ૬૯૦ યુનિટ છે. જેની સામે ગુજરાત માથાદીઠ સરેરાશ ૧૪૨૪ યુનિટ વપરાશ કરે છે. જયાં સુધી શિક્ષણનો સવાલ છે ડોકટર બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વમાં જે ભારતીય સુવિધાન અમલમાં આવ્યું તે વખતે ઉમર ૬ થી ૧૪ વર્ષની વય જૂથના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની બાબત માર્ગદર્શક સિધ્ધાંતમાં હતી. પરંતુ ૮૬મો બંધારણીય સુધારો આવ્યો અને આવા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની બાબત માર્ગદર્શક સિધ્ધાંતમાંથી મુળભૂત અધિકારમાં દાખલ કરવામાં આવી. જો આજે ભારતના તમામ ૨૮ રાજયની સરકારો પાસે સુપ્રિમ કોર્ટ કે હાઈકોર્ટ આર્ટિકલ ૩૨ કે ૨૨૬ નીચે આ અધિકારના અમલ અંગે કોઈ જવાબ માગે તો ફકત ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ફૂલ પાસ થાય, બાકી એકેય રાજય કંઈ બતાવી શકે એમ નથી. માનનીય અધ્યક્ષશ્રી,

***''હમ આહ ભી ભરતે હૈ તો કર દેતે હૈ બદનામ્,***

*વહ કતલ ભી કરતે હૈ તો ભી ચર્ચા નહીં હોતી."*

માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ સામેની લડાઈમાં જેની જવાબદારી છે એવી કોંગ્રેસ પોતાની વોટ બેંક સાચવવા આતંકવાદ માટે ભારત સ્વર્ગ બને તે દિશામાં આગળ વધી રહી છે. આતંકવાદ સામે લડનાર ઝાંબાજ પોલીસ અધિકારીઓ, અર્ધ લશ્કરી દળો અને લશ્કરનો નૈતિક જુસ્સો તૂટે એ માટે કોંગ્રેસ એકપણ તક જવા દેતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક ગંભીર બાબત તરફ આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે તાજેતરમાં સી.આર.પી.સી.ની કલમ ૪૧ માં સુધારો થયો અને એ સુધારો આતંકવાદ માટે વરદાનરૂપ થવાનો છે, પરંતુ ભારતમાં પણ ગલી ગલીમાં ગુંડારાજ ઉભું થવાનું છે. પોલીસ દ્વારા થતો સત્તાનો દૂરુપયોગ જરૂર ચિંતાની બાબત છે, પરંતુ પોલીસ એ તો ડિસીપ્લીનરી ફોર્સ છે એનાથી એને અંકુશમાં રાખી શકાશે, પરંતુ આ ઢીલા કાયદાથી બેફામ બનેલા ગુંડાઓ, અસામાજિક તત્વો અને આતંકવાદને અંકુશમાં રાખવાની મુશ્કેલી પડશે. સી.આર.પી.સી.ની કલમમાં સુધારાથી એવી પરિસ્થિતિ નિર્માણ થયેલ છે કે આ સુધારાથી ભારતના વડાપ્રધાનને ખુલ્લે આમ મારવા નીકળેલા એ.કે.૪૭ કે એ.કે.૫૬ ધારીને પોલીસ રોકી શકશે નહીં કે પકડી શકશે નહીં, કોઈ નિરાધાર અબળા મહિલાને અસામાજીક તત્વો નગ્ન કરીને ગામની ગલીઓ કે શહેરના બજારમાં ફેરવતા હશે તો પોલીસ પકડી શકશે નહીં, સોમનાથના મંદિર,વારાણસીના મંદિર, અમૃતસરના મંદિર,શૈત્રુજયના જૈન મંદિરો કે બોધગયાના બૌધ્ધ મંદિરો, મથુરાના શ્રીકૃષ્ણના મંદિર ઉપર કે દિલ્હીના અક્ષરધામ, મદુરાઈના મંદિર, રામેશ્વરના મંદિર અને તિરૂપતિ બાલાજીના મંદિર ઉપર એ.કે.૪૭ અને એ.કે.૫૬ ધારી આતંકવાદીઓ ખુલ્લેઆમ હુમલો કરવા જતા હશે તો એને અટકાવવાનો કે ધરપકડ કરવાનો પોલીસનો અધિકાર કોંગ્રેસે છીનવી લીધો છે. એના કરતાં આગળ સી.આર.પી.સી.ના સુધારાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરના અત્યાચાર નિવારણ ધારાની તમામ જોગવાઈઓ છે એ બુઠ્ઠી થઈ છે અને હવે સમગ્ર દેશની અંદર અત્યાચારનો પુન: ભોગ મારા દલિતો બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના આ પગલાને હું સખતમાં સખત શબ્દોમાં વખોડી કાઢું છું અને આપના દ્વારા વિનંતી કરું છું કે આ સુધારો પાછો ખેંચી લે અને દેશને અરાજકતાની ખાઈમાં ધકેલાતું રોકવામાં આવે. દેશ અંદરથી, બહારથી, આગળથી, પાછળથી, ઉપરથી, અને નીચેથી ઘેરાયો છે, દેશ જમીન, જળ અને હવાઈ માર્ગે હુમલાઓનો ભોગ બની રહયો છે ત્યારે બીજા વિશ્વ યુધ્ધમાં મિત્ર રાષ્ટ્રો પક્ષે બ્રિટનના વડાપ્રધાનશ્રી ચર્ચીલે જેમ આકાશ, જમીન અને દરિયામાં સર્વત્ર યુધ્ધનું આહ્‌વાન કર્યુ હતું એમ આપણે પણ સર્વત્ર યુધ્ધની દ ાોષણા કરવી પડશે અને આ સંજોગોમાં આપણે બધાને કંઈક કરવા પડકારતા હોય એમ પૂર્વ પ્રધાનમંત્રી આદરણીયશ્રી અટલજીએ એમની પંકિતઓ દ્વારા કહ્યું છે કે:-

***" યમુના કહતી કૃષ્ણ કહાંહૈ, સરયુ કહતી રામ કહાં હૈ?***
***વ્યથિત ગંડકી પૂછ રહી હૈ, ચંદ્રગુપ્ત બલધામ કહાં હૈ?***
***અર્જુનકા ગાંડીવ કિધર હૈ, કહાં ભીમકી ગદા ખો ગઈ?***
***કિસ કોનેમેં પાંચજન્ય હૈ, કહાં ભીમકી શકિત સો ગઈ?***
***અગણિત સીતાયેં અપહૃત હૈ, મહાવીર નીજકો પહચાનો,***
***અપમાનિત દ્રુપદાયેં કિતની, સમરધીર શરકો સંધાનો,***
***કોટિ કોટિ પુત્રોંકી ભારત માતા અબ ભી પીડિત અપમાનિત હૈ,***
***જો જનનીકા દુ:ખ ન મિટાએં ઉન પુત્રોં પર ભી લાલત હૈ."***

માનનીય અધ્યક્ષશ્રી, આ અટલજીની પંકિતઓ છે અને તેમણે કહ્યું છે કે મિત્રો, માતૃભૂમિ ઉપર જયારે પણ સંકટ આવતું હોય ત્યારે પણ આપણું લોહી ગરમ ના થાય તો એના ઉપર લાલત છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા શકિતસિંહજીએ નર્મદા ડેમની ઉંચાઈની વાત કરી, ૧૨૧ મીટર ઉંચાઈની બાબત એમને બહુ વખાણવા જેવી ન લાગી. પણ એમણે કેનાલ સિસ્ટમને પૂર્ણ કરવા માટે અમારું ધ્યાન દોર્યુ. નર્મદા એ આપણા સૌના માટે જીવાદોરી છે. આપણે માટે ઈજીપ્તની નાઈલ, વોશિંગ્ટનની હડસન, લંડનની થેમ્સ અને બ્રેબેલોનની યુક્રીટેસ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે તમામ મોરચે લડીને ૧૨૧ મીટર સુધી ઉંચાઈ પહોંચાડી છે. મારે કહેવું છે કે ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ મુખ્ય નહેરનું ૪૫૭ કિલો મિટર, શાખા નહેરનું ૧૭૮૪ કિલો મિટર, વિશાખા નહેરનું ૧૫૧૦ કિલો મિટર, પ્ર શાખા નહેરનું ૪૯૪૭ કિલો મિટર, પ્રપ્રશાખા કેનાલનું ૧૦૩૪ કિલો મિટર એમ કુલ મળીને ૧૮૭૩૨ કિલો મિટર જેટલી લંબાઈનું નહેરનું જાળું ગુજરાતની નસે નસમાં ફેલાવવામાં આવ્યું છે. અને ગુજરાતને નંદનવન બનાવવા તરફ જઈ રહયા છીએ. માનનીય સભ્યશ્રી માનસિંહ ચૌહાણે નર્મદા યોજનાના ભાગીદાર રાજયો પાસેથી એમના હિસ્સાની રકમ વસૂલાતી નથી, તેવો ઉભો કરેલ મુદ્દા પ્રત્યે હું આપના દ્વારા જણાવવાની રજા લઉં છું કે નવેમ્બર ૨૦૦૮ સુધી નર્મદા યોજના પાછળ ૨૬૯૮૫.૫૦ કરોડનો ખર્ચ અને ભાગીદાર રાજયોને ફાળે આવતા ૬૭૪૭ કરોડ પૈકી

૩૫૭૦ કરોડની રકમ વસૂલ થઈ છે.બાકીની જે રકમ છે એમાં પણ ૨૮૬ કરોડ મળવાના બાકી છે તે પૈકી ૨૦૫ કરોડ તો કોંગ્રેસ શાષિત રાજય મહારાષ્ટ્ર સરકાર પાસે લેવાના નીકળે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિદ્ધાર્થભાઈ અને માનનીય શકિતસિંહ પોતાની થોડી વગ વાપરીને ગુજરાતને આ બાબતમાં કંઈક મદદ કરે તેવી પણ આપના દ્વારા વિનંતી કરું છું. જો રામ હોય તો. લાડીલા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે જયોતિ ગ્રામ યોજના થકી ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંને ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપી અને સાડા પાંચ કરોડની જનતાના જીવનમાંથી અંધારાં ઉલેચ્યાં છે. અને તેના કારણે ગામડાંના નાના કામદાર વર્ગો, ઘેર બેસીને ગૃહ ઉદ્યોગમાં જોડાયેલા વર્ગના લોકો લુહાર, સુથાર કે કુંભાર હોય, તેમની આવક પણ વધી છે. સૌથી વધારે ફાયદો ગામડાંની દીકરોઓને થયો છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ગયા વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ ના જે પરિણામો આવ્યા અને એમાં ટોપ ટેન એક થી દસ માં ૬૨ ટકા ગામડાંના વિદ્યાર્થીઓ આવ્યા હતા. અને એમાં મારી બહેનોનું પ્રમાણ વિશેષ હતું. દેશની સરેરાશ માથાદીઠ વપરાશ ૬૯૦ યુનિટ છે. જેની સામે ગુજરાત માથાદીઠ સરેરાશ ૧૪૨૪ યુનિટ વપરાશ કરે છે. જયાં સુધી શિક્ષણનો સવાલ છે ડોકટર બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વમાં જે ભારતીય સુવિધાન અમલમાં આવ્યું તે વખતે ઉમર ૬ થી ૧૪ વર્ષની વય જૂથના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની બાબત માર્ગદર્શક સિધ્ધાંતમાં હતી. પરંતુ ૮૬મો બંધારણીય સુધારો આવ્યો અને આવા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની બાબત માર્ગદર્શક સિધ્ધાંતમાંથી મુળભૂત અધિકારમાં દાખલ કરવામાં આવી. જો આજે ભારતના તમામ ૨૮ રાજયની સરકારો પાસે સુપ્રિમ કોર્ટ કે હાઈકોર્ટ આર્ટિકલ ૩૨ કે ૨૨૬ નીચે આ અધિકારના અમલ અંગે કોઈ જવાબ માગે તો ફકત ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ફૂલ પાસ થાય, બાકી એકેય રાજય કંઈ બતાવી શકે એમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સો ટકા શિક્ષણના પ્રસાર માટે વિશ્વના ઇતિહાસમાં અજોડ કહી શકાય તેવો પ્રવેશોત્સવનો પ્રયોગ હાથ ધર્યો. પ્રાથમિક શિક્ષણને જન આંદોલન બનાવ્યું અને એના કારણે ધોરણ એક થી પાંચમાં ડ્રોપ આઉટ રેશિયો ૨૧ ટકાથી ઘટીને ૨.૫ ટકા સુધી લઈ ગયા છે.

ગુજરાત રાજયમાં ટૅક્નૉલૉજી યુનિવર્સિટીની સ્થાપના કરીને ૪૯ ડીગ્રી ઇજનેરી, ૫૫ ડિપ્લોમા ઇજનેરી તથા અન્ય ફાર્મસી સંસ્થાઓ જોડવામાં આવી છે. ટેકનિકલ ક્ષેત્રે ૧૯૯૮માં ૧૩૩૧૫ બેઠકો ઉપલબ્ધ હતી જે ૨૦૦૯માં વધીને ૭૧ હજાર થવા જાય છે.

માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલે દલિતો પરના અત્યાચારો વધી રહ્યા છે તેવી વાત કરી. તેથી જે હકીકત છે એ આપના દ્વારા એમના ધ્યાન ઉપર મૂકીશ. ૧૯૯૭માં દલિતો ઉપર અત્યાચાર ૧૮૪૪ હતા જ્યારે ૨૦૦૮માં ૧૧૬૮ થયા. ૧૮૪૪ માંથી ૧૧૬૮ થયા છે. ૧૯૯૯માં ખૂનના બનાવો ૨૯ હતા જે ૨૦૦૮માં ૧૪ થયા. આ અત્યાચાર વધ્યા કે ઘટ્યા એ તો એમણે જોઈ લેવું પડે. એ સિવાય એમનો ૧૯૯૭ થી કરીને ૨૦૦૧નો ગાળો છે એ ગાળા દરમિયાન કુલ અત્યાચારોની ઘટના ૭૬૩૧ હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું શાસન ૨૦૦૨ થી ૨૦૦૭ના પાંચ વર્ષના ગાળામાં ૪૨૭૫ થયા છે. એટલે સંખ્યા લગભગ અડધી થવા આવે છે. માનનીય સભ્યશ્રીએ પાટણ, દહેગામ વગેરેની વાત કરી, એ ઘટના કમનસીબ અને દુ:ખદ છે, ન ઘ ટવી જોઈએ હું એને હકારાત્મક ભાવથી જોઉં છું પરંતુ એમના યાદ રાખવું પડશે કે એમના શાસનમાં કેવા કેવા અત્યાચારો થયા હતા..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ સુધીની વાત કરી એમાં ભારતીય જનતા પક્ષનું શાસન હતું, માનનીય કેશુભાઈ પટેલનું શાસન હતું. કોંગ્રેસનું શાસન નહોતું. ૧૯૯૫ પહેલાની વાત આપ નથી કરતાં, ૧૯૯૦ પહેલાની વાત નથી કરતાં. એ કરો તો બરાબર કહેવાય.

શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા : મેં એમ કહ્યું, મેં પાંચ પાંચ વર્ષનો ગેપ બતાવ્યો છે. અને જે બતાવ્યો છે એ વખતે કોનું શાસન હતું એ કહ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી,

શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા :માનનીય અધ્યક્ષશ્રી, તો મારે ૧૯૬૦થી જવાબ એમને આપવો પડશે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મારી એક સભ્ય તરીકે ફરજ છે કે વિધાનસભાના રૅકૉર્ડ પર ખોટી માહિતી જતી હોય ત્યારે આપ રૅકૉર્ડ મંગાવીને જોઈ લેજો. માનનીય મંત્રીશ્રીએ આંકડા ૧૯૯૭ થી ૨૦૦૧ના એની કમ્પેરીઝન પાંચ વર્ષ સાથે કરી છે અને પછી માનનીય સિદ્ધાર્થભાઈને ઉલ્લેખીને કહે છે કે તમારા શાસનમાં, પરંતુ અમારુ શાસન નહોતું. એ સમય ગાળા દરમિયાન માનનીય કેશુભાઈનું શાસન હતું એને તમે જુદા ગણતા હોય તો મારે આપને બીજું કંઈ કહેવું નથી.

શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા :માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭માં એમનું શાસન હતું, રાજપાની સરકાર હતી ત્યારે કોંગ્રેસે એને ટેકો આપ્યો હતો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : સાહેબ અમે સત્તા ઉપર નહોતા. ૧૯૯૭ થી ૨૦૦૧ ગણ્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૮થી ૨૦૦૧નું ગણાવ્યું હોય, આપ રેકર્ડ મંગાવી લેજો. જો ખોટું હોય તો હું ગૃહની

માફી માગીશ નહિતર માનનીય મંત્રીશ્રી માફી માગે. માનનીય મંત્રીશ્રીએ ૧૯૯૭ થી ૨૦૦૧ની વાત કરી છે. ૧૯૯૮માં અમારી સરકાર તો હતી જ નહિ.

**શ્રી વજુભાઈ વાળા :** ૧૯૯૭ની વાત કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** ૧૯૯૭થી ૨૦૦૧ના એમ પાંચ વર્ષ કહ્યા છે. આપ આંકડા મંગાવીને જોઈ લો. ૧૯૯૭ થી ૨૦૦૧ના પાંચ વર્ષના આંકડા કહ્યા છે.

શ્રી વજુભાઈ વાળા : કોંગ્રેસ ટેકો આપતી હતી.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :૧૯૯૭ થી ૨૦૦૧ના આંકડાની વાત કરે છે. આપ રેકર્ડ મંગાવીને જોઈ લેજો. આપ ઓડિયો વિડિયો બંને જોઈ લેજો.

શ્રી ફકીરભાઈ ર. વાઘેલા : હું ફરીથી રીપીટ કરુ છું. હું ફરીથી એજ બોલુ છું. મેં જે સરખામણી કરી એ ૧૯૯૭-૨૦૦૮ની કરી છે. ૧૯૯૭માં જે આંકડા હતા ૧,૮૪૪, પછી મેં આંકડા આપ્યા ૨૦૦૮ના ૧,૧૬૮. ૧૮૪૪ અને ૧૧૬૮. પછી મેં પાંચ-પાંચ વર્ષનો ગેપ આપ્યો કે આ સરકારના પાંચ વર્ષ અને અગાઉની સરકારના પાંચ વર્ષ એ રીતે કહ્યું છે અને બીજું, ૧૯૯૭માં તમે લોકો જ હતા. શંકરસિંહને ટેકો આપનારા તમે જ લોકો હતા. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીત બરાબર નથી. I have raised the issue to make the records straight.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહજી, વિરોધપક્ષના નેતાશ્રી, હું આપને કહું કે આ બાજુની પાટલીના બધા જ નેતા બોલ્યા ત્યારે કોઈએ આટલું ડીસ્ટર્બન્સ નથી કર્યું. એ આપણે ખ્યાલ રાખવો જોઈએ. પોઈન્ટ ઑફ ઈન્ફર્મેશન તમારો અધિકાર છે અને તેનો તેમણે ખુલાસો કર્યો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ જોઈ લેજો એમ હું કહું છું.

**અધ્યક્ષશ્રી** : એમણે ખુલાસો કર્યો કે હું ૧૯૯૭ અને ૨૦૦૮ની વાતની સરખામણી કરતો હતો. એ ખુલાસો પતી ગયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પાંચ-પાંચ વર્ષ ગણે છે. એ પાંચ વર્ષમાં અમે સત્તામાં જ નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ૧૯૯૭માં કોનું રાજ હતું તે તમે જાણો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, ૧૯૯૭થી ૨૦૦૧નો પાંચ વર્ષનો ગાળો એ ગણે છે.

**અધ્યક્ષશ્રી** : ૧૯૯૭ એકલું વર્ષ કહે છે. એમણે ચોખવટ કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : In ૧૯૯૭ also we were not in power. We were supporting from outside. We were not ruling the State.

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ, આપ આગળ ચાલો. (અંતરાય)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે પાટણ, દહેગામ એ બધી વાતો કરી પણ મારે તેમને કહેવું છે કે જ્યારે ગોલાણા કાંડ થયો હતો ત્યારે કોની સરકાર હતી? બિલિયામાં દલિતોને મારી નાખ્યા હતા ત્યારે કોની સરકાર હતી? ભીમજી અણિયારીમાં દલિતો ઉપર અત્યાચાર થયો હતો ત્યારે કોની સરકાર હતી? પાણખરમાં થયું ત્યારે કોની સરકાર હતી? બનાસકાંઠાના સાંબરડામાં થયું ત્યારે કોની સરકાર હતી? એમને હું કહેવા માગું છું અને આ બધા તેમની સરકારમાં જે જે બનાવો બન્યા, હિજરતના જે જે બનાવો બન્યા, ભારતીય જનતા પાર્ટીની સરકારે બધા બનાવના જે પણ અસરગ્રસ્તો હતા, કરોડો રૂપિયાના ખર્ચે તેમના માટેના વસવાટો ઉભા કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહે ટીકા કરી કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીએ એક વર્ષમાં હવાઈ મુસાફરી પાછળ ૭૬ લાખનો ખર્ચ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના બજૅટ પેટે ૫૦ હજાર કરોડનો ખર્ચ કરવાનો હોય, ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના દ્વારે સુખ, સમૃદ્ધિ અને સલામતી પહોંચાડવાની હોય ત્યારે કોઈ પ્રજા વત્સલ મુખ્યમંત્રી પ્રવાસ ખર્ચની ચિંતા ન કરે. આના કરતાં પણ વધારે પ્રવાસ કરીને ગરીબોની ઝૂંપડી સુધી પહોંચવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં યોજાતી ગ્રામ્ય સભાઓની પણ ટીકા થઈ. મારે કહેવું છે, બંધારણ સભામાં ડો. બાબાસાહેબ આંબેડકરે ૨૫મી નવૅમ્બર-૧૯૪૯ના રોજ ભારતની પ્રાચીન ગ્રામ્ય કક્ષા સુધીની લોકશાહી અને જન ભાગીદારીની પ્રસંશા કરતાં કહ્યું હતું કે ભારતને અંગ્રેજો દ્વારા જ લોકશાહી મળી છે તેવું નથી. પરંતુ તે પહેલાં પ્રાચીન ભારતમાં છેવાડાના ગામડાં સુધી લોકશાહી હતી. મહાત્મા ગાંધીએ પણ દરેક ગામ સ્વયં સંચાલિત, સ્મોલ રીપબ્લીક એટલે કે નાનું રાજય બને તેનું સ્વપ્ન જોયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ અને પૂજ્ય બાપુનું આ સહિયારું સ્વપ્ન લોકલાડીલા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ગુજરાત સરકાર પૂરું કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૮,૦૦૦ ગામડાઓને પ્રભાવિત કરતી ૧૧ તબક્કામાં ૧,૮૫,૩૭૪ ગ્રામ્ય સભા. ગામડાંના છેવાડાના માનવીને લોકશાહીના ધબકારા ઝીલતા કરી, એમાં રજૂ થતા ૯,૯૫,૯૨૯ પ્રશ્નો પૈકી ૭,૪૫,૧૭૬ પ્રશ્નોનો નિકાલ કરીને વિશ્વમાં અજોડ કહી શકાય એવો પ્રયોગ કર્યો છે. કન્યા કેળવણી પ્રવેશ હોય,

વન બંધુ કલ્યાણ યોજના હોય, સાગરખેડૂ કલ્યાણ યોજના હોય, કૃષિ મહોત્સવ હોય, સુવર્ણ જ્યોત રથ યાત્રા હોય, એવા અનેક કાર્યક્રમોમાં કર્મચારીઓનો દુરુપયોગ થાય છે. એવો આક્ષેપ મારા વિપક્ષના સાથી મિત્રોએ કર્યો છે. જનતાના સર્વાંગી વિકાસ માટે સરકારી કાર્યક્રમોનો અમલ એ ગુજરાતના ૫ લાખ કર્મચારીઓની બંધારણીય અને નૈતિક ફરજ છે. અમારે મન સરકારી કર્મચારીઓ એ પગારદાર નોકર નથી પણ રાજય અને રૈયતના સર્વાંગી વિકાસ માટે ભગવાન શ્રીકૃષ્ણે પ્રબોધેલા કર્મયોગી છે. રાજયના આશરે ૫૦૦૦૦ કરોડના બજૅટને જન જન સુધી પહોંચાડનાર સમર્થ સારથી છે અને તેથી જ રાજયના ૫ લાખ કર્મચારીઓને, કર્મયોગીઓને પ્રોત્સાહિત કરવા માટે આ વર્ષે સરકારી તિજોરી ઉપર ૨૯૦૦ કરોડના બોજ સાથે છઠ્ઠા પગાર પંચનો લાભ આપી એમની સેવાની કદર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુવર્ણ જયંતી પ્રસંગે સંકલ્પ જ્યોત રથ યાત્રા રાજ્યભરમાં ફરે છે એમાં તંત્રનો ઉપયોગ થાય છે એવી પણ ટીકા ઘણા સભ્યશ્રીઓએ કરી. સંકલ્પ જ્યોત રથ યાત્રાનો ખૂબ જ શુભ અને ઉમદા હેતુ સાથે પ્રારંભ કરવામાં આવ્યો છે. સુવર્ણ જયંતીની ઉજવણી ફક્ત રાજય સરકારનો કાર્યક્રમ ન રહેતાં સુવર્ણ જયંતી કાર્યક્રમમાં ગુજરાતની દરેકે દરેક વ્યકિત ઉત્સાહપૂર્વક અને ગૌરવ સાથે જોડાય અને રાજયની પ્રગતિમાં પોતે પણ સહભાગી છે એ પ્રમાણેનું ગૌરવ લઈ શકે તે માટેનો પ્રયાસ છે. માનવ જીવન વધુ શ્રેષ્ઠ બને, શ્રેષ્ઠ સમાજ જીવનનું નિર્માણ થાય એ માટેનો ભગીરથ પ્રયત્ન છે. આ સંકલ્પ જ્યોત રથ યાત્રા મારફતે જે જે શહેરોમાં રથયાત્રાનું ભ્રમણ કરવામાં આવે છે તે નાગરિકોને શ્રેષ્ઠ માનવ જીવન માટેનો ઓછામાં ઓછો એક સંકલ્પ લેવાનું કહેવાય છે અને તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ૧૬મી ફેબ્રુઆરી સુધીમાં ૧૬૧ શહેરોની મુલાકાત દરમિયાન ૪૪,૫૬,૮૫૨ નાગરિકોએ આ સંકલ્પ લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસમાં એવા ઘણા દાખલાઓ નોંધાયેલા છે. એક નાનકડા સંકલ્પથી મહાપુરુષમાં તબદીલ કર્યા છે. એ પછી મહાત્મા ગાંધીનો સંકલ્પ હોય કે " આઝાદી લીધા વગર સાબરમતી આશ્રમમાં પાછો નહીં ફરું." સરદાર વલ્લભભાઈ પટેલનો " દેશી રજવાડાઓનું વિલિનીકરણ કરીને અખંડ ભારતની સંરચના કરવાનો" સંકલ્પ હોય. આવા સંકલ્પથી ગુજરાતના દરેકે દરેક વ્યકિત પોતાના અંતરઆત્માના બળે પોતાનામાં રહેલી અસામાન્ય ક્ષમતાને ઉજાગર કરીને શ્રેષ્ઠતાનો મુકામ સર કરે. એ આ સંકલ્પ જ્યોત રથ યાત્રાનો ઉદ્દેશ છે. આ યાત્રાના કારણે ૧૦,૨૮,૩૯૧ વૃક્ષોનું વાવેતર થયું છે, ૧૦૧ નગરપાલિકાઓમાં સુવર્ણ જયંતિ ઉજવણીના ભાગરૂપે લોકાભિમુખ વહીવટના નમૂનારૂપ સ્વર્ણિમ ચાર્ટર નક્કી કર્યા છે. ફકત સંકલ્પ જયોત રથ યાત્રાની પૂર્વ તૈયારી રૂપે સમૂહ સફાઈ, નીરોગી બાળ હરીફાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાનુભાવોના પૂતળાની સફાઈ, શાળા કૉલેજોના વિદ્યાર્થીઓ વચ્ચે જીવન ચરિત્રને સાંકળતી નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા એવી અનેક જાતની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. ૫મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ શિક્ષક દિને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શાળા કૉલેજોના વિદ્યાર્થીઓના સીધા સંવાદના કાર્યક્રમના જીવંત પ્રસારણમાં સમગ્ર ગુજરાતમાંથી ૯૩,૨૦,૫૮૮ જેટલા વિદ્યાર્થીઓ સાથે જોડાઈને સ્વર્ણિમ સંકલ્પ લીધા છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં ભાગીદાર થવા માટે ૨૫ લાખ માતાઓ અને બહેનો સખીમંડળો રચીને મેદાનમાં આવી છે. કેટલાક સાથીપક્ષના સભ્યશ્રીઓ જ્યારે વહિવટી દુરુપયોગની વાત કરે છે, મારે એમને કહેવું છે કે આ દુરુપયોગની વાત કરનારાઓ જનતાની કુસેવા કરી રહ્યા છે. ઈટીવી દ્વારા પ્રિય ગુજરાતીની પસંદગી માટે એક સર્વેક્ષણ હાથ ધરાયો અને તેમાં ગુજરાતની પ્રજાએ ૮૨ ટકા મત સાથે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ચૂંટી કાઢ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરવે એ ભા.જ.પ.નો નથી એ જેને મીડીયાની ચેનલ કહીએ એનો છે. અસંખ્ય મેદની વચ્ચે આ પ્રસંગે ઈટીવી, ઈ નાયડુ ગૃપના ચેરમેન રામુજી રાવે, સત્તા અને સંપન્નતા વચ્ચે પણ જળકમળવત રહીને બેદાગ એવા નરેન્દ્રભાઈ મોદીની પ્રિય ગુજરાતી તરીકે ૮૨ ટકા ગુજરાતીઓએ કરેલી પસંદગીને યથાર્થ પ્રમાણિત કર્યા હતા. એમણે એમ કહ્યું હતું કે અનુચીત ટીકા અને અપપ્રચારની પરવા ક્ર્યા વગર ગુજરાતના પ્રસાશન અને વિકાસ માટેના અવિચલ સ્વપ્નદૃષ્ટા તરીકે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દેશના રાજકારણમાં અનોખું પ્રતિભાસંપન્ન વ્યકિતત્વ ધરાવે છે. ભ્રષ્ટાચારને લેશમાત્ર ચલાવી લીધા વીના જનહીત માટેના કઠોરતમ નિર્ણયો અમલમાં મૂકી ભારતની આવતી કાલ માટેનું નેતૃત્વ તેમની રાહ જોઈ રહ્યું છે એમ રામુજી રાવે માનનીય મુખ્યમંત્રીશ્રીના સન્માન અર્પણ કરતા કહ્યું હતું. ઈટીવી અનમોલ પ્રિય ગુજરાતી એવોર્ડ અર્પણ કરતા કથાકાર વંદનીય પરમપૂજય મોરારીબાપુએ રામચરીત્ર માનસમાં વ્યકિત પ્રત્યેની પ્રિયત્વની વ્યાખ્યાનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે કોઈ વ્યકિતને જાણીએ નહીં ત્યાં સુધી ભરોસો થાય નહીં પણ નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતીઓએ જાણ્યા પછી જ ભરોસો મૂકયો છે. અને સર્વાધિક પ્રિય બનાવ્યા છે. મોદી અનુષ્ઠાનપૂર્વક સત્ય વિચારે છે, સત્ય ઉચારે છે અને સત્ય આચરે છે. આ મોરારીબાપુ કહે છે. અને જેટલો પ્રેમ નરેન્દ્રભાઈ ગુજરાતને કરે છે એટલો જ પ્રેમ ગુજરાતીઓ અને ગુજરાત તેમને કરે છે. મારા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજી,

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તમારી પાસે ૭ મિનિટ છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : થઈ જશે. માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજી સાથે અનેક મારા સાથી પક્ષના સદસ્યશ્રીઓએ વાઈબ્રંટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેંટની સિદ્ધિને નજર અંદાજ કરી અને એના પહેલાની જે વાઈબ્રંટ સમીટ થઈ હતી એનો હિસાબ માંગ્યો, હું એમને હિસાબ આપું છું. મારે આપના મારફતે આ ગૃહ અને

ગુજરાતની જનતા જનાર્દનને કહેવું છે કે ૨૦૦૩ની સમીટમાં થયેલા કરારમાંથી ૫૯ ટકા સન ૨૦૦૫માં થયેલા કરારમાંથી ૬૬ ટકા, સન ૨૦૦૭માં થયેલા કરારમાંથી ૬૬ ટકા એમ મળીને કુલ ૭૬૦ પ્રોજૅક્ટ માટે થયેલા કરારો પૈકી ૪૯૭ પ્રોજૅક્ટ એક યા બીજા રૂપે કાર્યાન્વિત થતાં ત્રણેય વર્ષની સરેરાશ ૬૫ ટકા થાય છે. સામાન્યત: આ બધા જે પ્રોજેક્ટો હોય છે એ ભારતનો જે સરેરાશ દર છે એ ૨૫ થી ૩૦ ટકાનો છે. અને ૨૫ થી ૩૦ ટકા જે સરેરાશ ભારત વર્ષનો રેટ છે એની સામે ૬૫ ટકા સિદ્ધિ એ ગુજરાતે કરી છે.અગાઉના ૨૦૦૩ના વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ દરમિયાન કમિશન્ડ થયેલ પ્રોજૅક્ટની વાત કરું તો ૧,૨૩,૨૪૫ કરોડનું મૂડીરોકાણ પૂર્ણતાના આરે છે અને તેમાંથી ૨,૧૮,૨૭૦ને રોજગારી પૂર્ણ થયેલ છે. હવે મારે જાન્યુઆરી ૨૦૦૯ કે જેને મારી સામેના મિત્રો કોઈ નૌટંકી કહેતું હતું તો કોઈ નાટક કહેતું હતું. મારે એમને કહેવું છે કે જાન્યુઆરી ૨૦૦૯ની જે ચોથી સમિટ થઈ એમાં ૧૯૩૦ની મહામંદીની યાદ અપાવતી વર્તમાન મંદીએ વિશ્વ અર્થતંત્રને ભરડો લીધો છે. યુરોપ અને અમેરિકાના અર્થતંત્ર કકડભૂસ થઈને તુટી પડ્યા છે. અબજો ડોલરના પૅકેજ છતાં અમેરિકાના આશરે એક કરોડ લોકોએ નોકરી ગુમાવી છે. ભારત ફફડી રહ્યું છે અને એ વખતે વાયબ્રન્ટ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની વિરાટ નેતાગીરીમાં ફક્ત ભારતના નહિ પરંતુ વિશ્વને રાહ ચીંધ્યો છે. વાયબ્રન્ટ ગુજરાતે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટના કાર્યક્રમો કરીને વિશ્વને આશ્ચર્યમાં નાખી છે. જાપાન જેવા પ્રગતિશીલ દેશ એના પાર્ટનર બને, જાપાન, યુ.કે, ચીન, રશિયા, કેનેડા, ઈઝરાયલ, મોરેશિયસ, ઈટાલી, સિંગાપુર, યુગાન્ડા, કેન્યા, શ્રીલંકા અને આરબ જગત સહિત ૪૫ દેશોના ઉચ્ચ અધિકારીઓ અને નેતાઓ ગુજરાતમાં આવ્યા અને ૮૫૫૮ એમ.ઓ.યુ. થયા. ૧૨ લાખ કરોડના મૂડીરોકાણો માટે તખ્તો ગોઠવાયો અને એના કારણે ૨૬ લાખ નવી રોજગારી ઊભી કરવાનું આયોજન થયું. ભારતના અન્ય રાજ્યો સહિત વિશ્વના દેશો મહામંદીથી બચવા માટે ગુજરાતને ગુરુ બનાવવા આગળ આવી રહ્યા છે અને આ બાબતની નોંધ બ્રિટનની સંસદમાં લેવાઈ. દાયકાઓ પહેલા ચાલેલી સ્વાતંત્ર્યની લડતમાં જો કોઈ ભારતવાસી વંદે માતરમ્‌નો નારો બોલાવે તો એને અંગ્રેજોની ગોળીઓ ખાવી પડતી હતી. સમયની બલિહારી છે કે બ્રિટનની પાર્લામેન્ટ ગુજરાતના વખાણ કરે અને વંદે માતરમ્‌નો નારો વારંવાર બોલે ત્યારે એ પૂર્વજોની ભૂલ સુધારતા હોય એવો આપણને અહેસાસ કરાવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઈ બાવળિયાએ પ્રાઈવેટ સૅક્ટર અને બેકલોગ માટેની વાત કરી છે. અનામતને કુઠારાઘાત જો કોઈએ કર્યો છે તો એ વખતના પાંચ અધ્યાદેશો થયા હતા અને માનનીય અટલજીની સરકારમાં એને આપણે રિવર્ટ કર્યા હતા. બેકલોગની વાતો કરે છે તો મારે કહેવું છે કે આ બેકલોગ નહીં પણ કોંગી લોગ છે. એટલા માટે કે એમના વખતે ૧૯૯૮માં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.નો બેકલોગ ૧૩,૪૯૩ હતો જે પૈકી તા. ૧૫-૨-૨૦૦૯ સુધી ભારતીય જનતા પક્ષની સરકારો દ્વારા ૯૯૮૦ જગ્યાઓ ભરવામાં આવી અને ત્યારબાદ ૩૫૧૩ જે બેકલોગ બાકી રહ્યો એમાંથી ૧૮૨૯ના ભરતી માટેના માગણી પત્રકો જુદી જુદી ભરતી એજન્સીઓને મોકલી આપ્યા છે અને આજે ભરતીની પ્રક્રિયા કરવાની બાકી છે એ ફક્ત ૧૬૮૪ રહે છે એ હું આપને કહેવા માગું છું. માનનીય સિદ્ધાર્થભાઈએ કવિ કલાપીની કવિતા ટાંકી, 'રસહીન થઈ ધરા, દયાહીન થયો ભૂત' આ એમને લાગું પડે છે. અમને લાગું પડતું નથી. નરેન્દ્રભાઈએ જ્યારે સાત વર્ષ પહેલાં સત્તાના સૂત્રો સંભાળ્યા એ પહેલા કોંગ્રેસની સરકાર હતી. એ વખતે કોંગ્રેસના શાસકો દયા વગરના હતા. એટલે ધરતી રસહીન થઈ હતી. દુકાળો પડતા હતા. અસંખ્ય અબોલ પશુઓના મૃત્યું થયા હતા. હવે દયાળુ મુખ્યમંત્રી આવ્યા હોવાથી મેઘરાજાની મહેર થઈ છે. દુષ્કાળ એ ભૂતકાળ બન્યો છે. અને એટલા માટે માનનીય સિદ્ધાર્થભાઈને હું કહીશ કે એમણે ભૂલથી પણ સાચી વાત અહીંયા મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, જો બે મિનિટ આપો તો એક છેલ્લી વાત કરી દઉં.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે ૫-૧૫ વાગ્યે પૂરું કરવાનું છે તમે માગી હતી તેના કરતાં વધારે મિનિટો આપી છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : બે મિનિટ જો વધારે આપી શકતા હો તો.

**અધ્યક્ષશ્રી** : તમે ૪૫ મિનિટ માગી હતી મેં ૫૫ મિનિટ આપી છે. પૂરું થવા દો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પૂરું થઈ ગયું છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : પૂરું નહિ આ તો ઘણું છે આ તો તમે ડિસ્ટર્બ કર્યા. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આવેલા સુધારાનો યથાયોગ્ય પ્રત્યુત્તર આપ્યો છે. સંવિધાનના અનુચ્છેદ ૧૭૫માં વ્યકત થયેલી બંધારણીય જવાબદારી માટે માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીએ સંબોધન કર્યુ છે. બંન્ને પક્ષોએ ગરીમાપૂર્ણ રીતે ચર્ચામાં ભાગ લીધો ત્યારે આપણે બધા પ્રફુલભાઈ પટેલના આભાર પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરીએ અને માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યાં છે ત્યારે વિરોધપક્ષના મિત્રોને આહવાન કરવા મારી વાતનું સમાપન ભારતીય રાજનીતિના ભીષ્મ પિતા પૂર્વ વડાપ્રધાન આદરણીય અટલજીની પંકિતઓથી કરીશ.

***"એક હાથમે સૂજન દૂસરે મેં હમ પ્રલય લીયે ચલતે હે***
***સભી કીર્તિ જવાલામે જલતે હે હમ અંધારીયન મેં જલતે હે***
***આંખોમે વૈભવ કે સપને, પગમે તુફાનકી ગતિ હો***
***રાષ્ટ્રભકિતકા જ્વર ન રૂકતા આઓ જીસમે હિંમત હો."***

**શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીએ આ રાજ્યના કર્મચારીઓ કર્મયોગીઓ માટેની જે વાત કરી તેમાં હું જાણવા માગું છું કે આપ ફિકસ પગારના કર્મચારીઓ જે છે, છઠ્ઠા પગારપંચનો અમલ આવ્યો છે તો આ ફિકસ પગારના કર્મચારીઓને કાંઈ વધારો આપવા આ સરકાર માગે છો કે કેમ? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આમાં ગવર્નરશ્રીના પ્રવચનની અંદર આ કઈ રીતે આવે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નહિ, નહિ, સાહેબ આજ સુધીનો ઈતિહાસ જોઈ લો. મેં જોઈ લીધું છે. આઈ હવે ગોન થ્રુ ઈટ.

**શ્રી વજુભાઈ વાળા** : સાહેબ, પ્રવચનમાંથી જે વસ્તુ ઊભી થાતી હોય એના રિપ્લાય આપી શકાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમના પ્રવચનમાંથી જ ઊભું થાય છે.

**શ્રી વજુભાઈ વાળા** : એમના પ્રવચનમાંથી નહિ. અહીં ગવર્નરશ્રીના પ્રવચનની ચર્ચા થઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ધીસ ઈઝ ધી ડિસીસન ઓફ ધી સ્પીકર.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, પ્રશ્નનો જવાબ આપવો હોય તો આપી શકે હું એમને ફરજ નહિ પાડી શકું. (અંતરાય) પ્લીઝ, માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તે માનનીય સભ્યશ્રી હર્ષદભાઈ વસાવાએ જેને અનુમોદન આપ્યું છે તે નીચે મુજબ છે.

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો -

અમો આ સત્રમાં એકત્રિત થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ." પ્રફુલભાઈને કાંઈ કહેવું હોય તો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર છેલ્લા ત્રણ દિવસ દરમિયાન લગભગ ૫૫ કરતાં વધુ સાથી સદસ્યશ્રીઓએ પોતાના મૌલિક વિચારો અને મંતવ્યો રજૂ કર્યા છે એ સર્વે સદસ્યશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું, સાથે સાથે આ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર થાય અને આ ગૃહની ગરિમા અને ગૌરવ વધે એવું આપ સર્વે સદસ્યશ્રીઓ આ પ્રસ્તાવનો સ્વીકાર કરે એવી આપ સર્વેને હું વિનંતી કરું છું.

સુધારા ક્રમાંક ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૦ મત માટે મૂકવામાં આવ્યા અને ના મંજૂર કરવામાં આવ્યા.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહમાનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અનિલ જોષીયારા** | | |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નબળી ગુણવત્તાનું સૂચર | ૨૭૦ |
| | ભિલોડા તાલુકામાં ટ્રાયબલ એરિયા માટે લીફ્ટ ઇરીગેશન કે અન્ય સિંચાઇ યોજના | ૨૯૭ |
| | ભિલોડા તાલુકામાં સોઈલ હેલ્થ કાર્ડની સુવિધા | ૧૧૯ |
| | રાજયપાલશ્રીના સંબોઘન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૮૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં એક શિક્ષકથી ચાલતી પ્રાથમિક શાળાઓ | ૧૬૦ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | | |
| | પાટણ ખાતે મેડિક્લ કોલેજ | ૩૦૯ |
| | ફિઝીયોથેરાપી કોલેજોને નવી બેઠકો માટે એન.ઓ.સી. | ૨૮૨ |
| | મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા આયોજન | ૨૩૫ |
| | મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો | ૩૮ |
| | રાજયપાલશ્રીના સંબોઘન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૪૯૯ |
| **અનિલભાઈ માળી** | | |
| | સિક્લસેલ રોગનું વધારે પ્રમાણ ધરાવતા જિલ્લા | ૨૫૯ |
| **અભેસિંહ મો. તડવી** | | |
| | ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત | ૨૫ |
| | રાજયપાલશ્રીના સંબોઘન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૫૧૪ |
| | રાજ્યમાં સિંહોની વસ્તી | ૬૭ |
| | વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો | ૫૪ |
| **અમરસિંહ ૨ા. વસાવા** | | |
| | આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને માનદવેતન | ૧૫૭ |
| | આદિવાસી લોકોની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે જોગવાઈ | ૪૪ |
| | જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કો. ઓપરેશને વન વિભાગને આપેલ લોન | ૬૫ |
| | પીવાના પાણીના શુધ્ધિકરણમાં વપરાતા ક્લોરીન વાયુની ખરીદીમાં ગેરરીતિ | ૨૭૭ |
| | રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગાંધીનગરની કચેરીમાં એક જ જગાએ કાર્યરત કર્મચારીઓ | ૧૭૭ |
| | રાજયપાલશ્રીના સંબોઘન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૫૦૬ |
| **અમિત શાહ** | | |
| | કાયદા વિભાગની અધિસૂચનાઓ | ૪૯૮ |
| | ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ | ૪૯૭ |
| | બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચનાઓ | ૪૯૮ |
| | વિરોધપક્ષના સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે | ૧ |
| **અમિતકુમાર અ. ચાવડા** | | |
| | આણંદ જિલ્લામાં ૧૨મા નાણાપંચની રકમનું આયોજન | ૧૩ |
| | આણંદ જિલ્લામાં આયુર્વેદ દવાખાના | ૨૯૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ જિલ્લામાં ગ્રામ્યકક્ષાએ કોમ્પ્યુટરાઈઝડ ૭-૧૨-ની નક્લો માટે આયોજન | ૧૧૫ |
| આણંદ જિલ્લામાં શહેરી ગરીબો માટે આવાસ યોજના મંજૂર કરવાની દરખાસ્ત | ૨૬૧ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| ટોટલ સેનીટેશન પ્રોગ્રામ નીચે આંગણવાડી, બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓને મળેલ લાભ | ૪૩ |
| પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગ | ૧૨૮ |
| પાનમ હાઈ લેવલ કેનાલની ટનલનું બાંધકામ | ૨૬૭ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| ગ્રાન્ટ ઈન એઈડ એન્જિનિયરીંગ કોલેજોમાં મંજૂર જગ્યાઓ | ૧૪૩ |
| તારાંકિત પ્રશ્નોના લેખિત જવાબોમાં પત્રકો લાંબા આપવા બાબત | ૪૯૩ |
| દાંડીયાત્રા હેરીટેજ આયોજન અંગે | ૨૬૦ |
| પોરબંદર તાલુકાને પીવાનું પાણી કાયમી ધોરણે મળી રહે તે માટે યોજના | ૨૯૪ |
| પ્રશ્નોત્તરીમાં ઓછા પ્રશ્નો ચર્ચાવવા અંગે | ૧૮૯ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૫૦૨ |
| **અશ્વિન કોટવાલ** | |
| ગાંધીનગર સેકટર-૭ માં આદર્શ નિવાસી શાળામાં રહેઠાણની વ્યવસ્થા | ૬૬ |
| ગાંધીનગર સેકટર-૭માં ચાલતી આદર્શ નિવાસી શાળા બાબત | ૨૧ |
| દાંતા તાલુકામાં આદિવાસીઓની મુક્ત કરેલી જમીનો | ૧૨૪ |
| રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર | ૧૮૦ |
| વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં હેન્ડપંપો | ૨૯૯ |
| સાબરકાંઠા જિલ્લામાં એક શિક્ષકથી ચાલતી પ્રાથમિક શાળાઓ | ૧૬૨ |
| સાબરકાંઠા જિલ્લામાં ફ્લોરાઈડયુક્ત અને અન્ય ક્ષારયુક્ત પાણી | ૨૭૩ |
| સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ગ્રાન્ટની ફાળવણી | ૫૧ |
| સાબરકાંઠાના ડેમોને પાણીથી ભરવા બાબત | ૩૧૭ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ભાવનગર જિલ્લામાં તીર્થ ગ્રામ જાહેર કરવા બાબત | ૨૭ |
| ભાવનગર જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા | ૧૨૪ |
| ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારોને ફેરપ્રાઈઝ શોપ્સ જાહેર કરવા બાબત | ૫૫ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૫૦૧ |
| વન વિભાગ દ્વારા બનાવેલ હરિહર વન | ૬૯ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| ગુજરાત હાઉસિંગ બોર્ડના રહીશોને સ્ટેમ્પડયૂટીમાંથી મૂકિત આપવા અંગે | ૭૪ |
| સન ૨૦૦૬- ૨૦૦૭નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૪૯૫ |
| **આર.સી. પટેલ** | |
| કેલીયા બંધની ઊંચાઈ વધારવાનું કામ | ૨૭૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **આર.સી. પટેલ** | | |
| | નવસારી જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૧૩૦ |
| **ઈકબાલ પટેલ** | | |
| | ભરૂચ ખાતે મીઠા ઉદ્યોગની જમીનને લીઝ ઉપર આપવાની મુદ્દતમાં વધારો | ૧૭૭ |
| | ભરૂચ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રોજગારી | ૬૯ |
| | ભરૂચ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓનું મહેકમ | ૩૦ |
| | ભરૂચ જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા અંગે | ૧૧૩ |
| | ભરૂચ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન નીચે ફાળવવામાં આવેલ રકમ | ૫૬ |
| | ભરૂચ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. નું મંજૂર મહેકમ | ૨૬૪ |
| | ભરૂચ જિલ્લામાં બિન ખેતીની પરવાનગીઓ માંગતી અરજીઓ | ૧૫૮ |
| | ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના | ૩૧૫ |
| | મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાની જર્જરીત પાઇપલાઇનો બાબત | ૨૯૬ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | | |
| | તાપી જિલ્લાની વાલોડ વિજ્ઞાન કોલેજમાં વ્યાખ્યાતાની ખાલી જગ્યા | ૧૬૮ |
| | રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૫૧૨ |
| | સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ | ૧૩૭ |
| | સુરત જિલ્લાના વાલોડ તાલુકાને પાકા રસ્તાથી જોડવા બાબત | ૪૨૨ |
| | સુરત જિલ્લામાં કુટિર જ્યોત અને રાજીવગાંધી વીજળીકરણ યોજના હેઠળ અપાયેલ જોડાણો | ૩૬૪ |
| | સુરત જિલ્લામાં ખેતતલાવડીઓ | ૩૪૭ |
| | સુરત જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ માટે મળેલ અરજીઓ | ૩૬૪ |
| | સુરત જિલ્લામાં ઓદ્યોગિક અને વન વિકાસ માટેની અરજીઓ | ૩૪૮ |
| | સુરત જિલ્લામાં ઝુંપડપટ્ટીમાં વીજળીકરણ | ૩૬૩ |
| | સુરત જિલ્લામાં માનવકલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૧૧ |
| | સુરત જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકનાં કામો | ૪૭૫ |
| | સુરત જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય અન્વયે ચૂકવેલ સહાય | ૩૫૯ |
| | સુરત જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા | ૩૨૬ |
| | સુરત જિલ્લામાં સિંચાઇની સુવિધા | ૩૪૪ |
| | સુરત જિલ્લામાં સિંચાઈ યોજનાની કાચી કેનાલો | ૩૪૩ |
| | સુરત જિલ્લામાં સિંચાઈની સુવિધા બાબત | ૪૬૪ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | ભરુચ જિલ્લાના સ્વજલધારા યોજના અંતર્ગત લાભાન્વિત ગામો | ૨૩૮ |
| | ભરૂચ જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનામાં સર્વિસ સેન્ટરો | ૩૬ |
| | ભરૂચ જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૧૫૬ |
| | રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૫૧૩ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | | |
| | નર્મદા કેનાલ આધારિત તલોદ-પ્રાંતિજ અને હિંમતનગર તાલુકાની જૂથ પાણી- પુરવઠા યોજના | ૨૬૦ |
| | ફિઝીયોથેરાપી કોલેજોમાં નવી બેઠકો મંજૂરી માટે એન.ઓ.સી. | ૩૧૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| સાબરકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળના રસ્તાઓ | ૧૫૯ |
| સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૧૧૫ |
| સાબરકાંઠા જિલ્લામાં નહેરો આધારિત સુક્ષ્મ સિંચાઇ યોજના | ૨૯૪ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| જળસંગ્રહના ફંડના ઉપયોગ અંગે | ૧૪૮ |
| વડોદરા જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા | ૧૭૧ |
| વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમો | ૨૩૪ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળના રસ્તાઓ | ૧૫૭ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૧૪૨ |
| જૂનાગઢ જિલ્લામાં મોટા ચેકડેમ | ૨૭૪ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| પાણી પુરવઠા યોજના માટે ભાવનગર જિલ્લાને ફાળવેલ રકમ | ૨૪૦ |
| ભાવનગર જિલ્લામાં કોમ્પ્યુટર સુવિધા | ૧૫ |
| ભાવનગર જિલ્લામાં તાંત્રિક કર્મચારીઓનું મહેકમ | ૧૧૩ |
| ભાવનગર જિલ્લામાં પંચાયત ક્ચેરી ક્મ તલાટી મંત્રી આવાસ ઘર મંજૂર કરવા બાબત | ૬૫ |
| ભાવનગર જિલ્લામાં મહેસૂલી રેકર્ડમાં ભૂલો | ૧૫૮ |
| ભાવનગર જિલ્લામાં વોટરશેડ યોજનાના કામ | ૪૯ |
| મહુવા તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જ્ગ્યાઓ | ૨૮૭ |
| મહુવા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડા | ૧૭૮ |
| મહુવા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર કામો | ૩૧૧ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૮૪ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અતિગરીબ ખેડૂતોને સાધન સહાય | ૧૪૨ |
| નિરોગી બાળ વર્ષ અંતર્ગત કામગીરી | ૩૦૧ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૨૦૮ |
| રાજ્યમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે લોક્જાગૃતિના પ્રયાસો | ૨૭૫ |
| રાજ્યમાં સમરસ ગ્રામ પંચાયતો | ૩૦ |
| **કાંતિભાઈ રા. પટેલ** | |
| મહેસાણા જિલ્લાને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા બાબત | ૩૧૨ |
| રાજ્યમાં સમરસ ગ્રામ પંચાયતો | ૧૮ |
| વિજાપુર તાલુકા પંચાયતનું મહેકમ | ૫૦ |
| વિજાપુર તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૨૫૧ |
| વિજાપુર તાલુકામાં શાળામાં ઓરડાની ઘટ | ૧૩૬ |
| વિજાપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની ઘટ | ૨૮૭ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **કાંતિલાલ શી. અમૃતિયા** | | |
| | ટોટલ સેનીટેશન પ્રોગ્રામમાં આંગણવાડીઓ, એ.પી.એલ. અને બી.પી.એલ. લાભાર્થીઓને મળેલ લાભ | ૨૫ |
| | રાજકોટ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૧૧૪ |
| | રાજકોટ જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા | ૧૭૯ |
| | વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ- ૦૯માં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એમ.ઓ.યુ. | ૧૫૯ |
| **કાનજીભાઈ ૨ા. તળપદા** | | |
| | અંજાર તાલુકામાં જમીનોને બીન ખેતી કરવાની અરજીઓ | ૧૫૯ |
| | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનરો અને આસી. કમિશનરોની ભરતી માટેની લાયકાત | ૨૮૯ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નબળી ગુણવત્તાનું સૂચર મટિરિયલ | ૨૫૮ |
| | રાજ્યના શહેરો અને ગામોને નર્મદા આધારિત પીવાનું પાણી | ૩૧૩ |
| | રાજ્યમાં ધોરણ-૮ ના વર્ગો પ્રાથમિક શિક્ષણમાં ભેળવવા અંગે | ૧૧૫ |
| **કાન્તિલાલ ૨ા. લકુમ** | | |
| | અમદાવાદ જિલ્લાના કિસાન પથ યોજના હેઠળના રસ્તાઓ | ૧૬૭ |
| | કૃષિ ક્ષેત્રેના શ્રેષ્ઠ પરિણામોને રાષ્ટ્રીય એવોર્ડ | ૧૩૩ |
| | વન વિભાગ દ્વારા કેલાસવન બનાવવા બાબત | ૨૩ |
| **કાળુભાઈ ચ. રાઠોડ** | | |
| | મત્સ્ય પેદાશોની નિકાસ | ૧૨૮ |
| | વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવા આયોજન | ૧૬૪ |
| **કાળુભાઈ વીરાણી** | | |
| | અમરેલી જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાને જોબ નંબર | ૧૩૮ |
| | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત | ૪૯૮ |
| | બિન- સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ | ૪૯૮ |
| | રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૨૦૫ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | | |
| | આમોદ અને જંબુસર તાલુકામાં હરિયાળી ક્રાંતિ યોજનામાં સમાવેશ કરેલ ગામો | ૩૪૫ |
| | જંબુસર અને આમોદ તાલુકામાં પેવર કામ વગરના રસ્તા | ૪૮૬ |
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ગ્રાન્ટ જિલ્લા આર.સી. એચ. સોસાયટીને ફાળવવા બાબત | ૨૮૮ |
| | ભરૂચ આર.સી.એચ. સોસાયટીને ફાળવેલ ગ્રાન્ટ | ૨૫૬ |
| | ભરૂચ જિલ્લાના રાજ્ય/પંચાયત હસ્તકના રસ્તાઓ ડામર કરવા બાબત | ૪૭૬ |
| | ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓને જોબ નંબર આપવા બાબત | ૪૭૭ |
| | ભરૂચ જિલ્લામાં વારસાઈની એન્ટ્રીની અરજીઓ | ૩૫૯ |
| | ભરૂચ જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા | ૩૨૭ |
| | ભરૂચ જિલ્લામાં સરકારી શાળાઓમાં સુવિધાઓ | ૩૨૩ |
| | ભરૂચ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ખર્ચ | ૧૦૫ |
| | ભરૂચ જિલ્લામાં સિંચાઈ યોજનાની કાચી કેનાલો | ૩૪૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **કિરણકુમાર એલ. મકવાણા** | | |
| | વેર-૨ કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખ હેઠળ બનેલ ચેકડેમો | ૩૧૨ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | | |
| | કેન્દ્ર સરકાર તરફથી મળતા ઘઉં અને ચોખા | ૨૦ |
| | ખેડા જિલ્લામાં ગ્રામ વિકાસ હેઠળ ચાલતી યોજનાઓમાં બહારની એન. જી. ઓ. સંસ્થાઓ | ૫૧ |
| | વન વિભાગ દ્વારા બનાવેલ તીર્થન્કર વન | ૬૬ |
| | સુરત જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૧૩૮ |
| **કિશોર વાંકાવાલા** | | |
| | સુરત જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળના રસ્તાઓ | ૧૪૩ |
| | સુરત શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત | ૩૧ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | | |
| | આણંદ જિલ્લામાં ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં આપેલ માનવદિનની રોજગારી | ૪૧ |
| | તાપી જિલ્લામાં સરકારી જનરલ હોસ્પિટલ | ૩૦૮ |
| | માંડવી અને બારડોલી નગરપાલિકાને વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ | ૨૭૮ |
| | માંડવી તાલુકાના સામૂહિકઆરોગ્ય કેન્દ્રમાં દર્દી પાસેથી ઓપરેશનનો ચાર્જ વસૂલવા બાબત | ૨૨૩ |
